શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી સૂયગડાંગ સૂત્ર - ૨

## ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

## સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

वेराइं कुव्वइ वेरी तओ वेरेहि रज्जई
पावोवगा य आरंभा दुक्खफासा य अन्तसो ॥

सूयगडांग-श्रु-१ अ-८ गा-७

વૈરી વેર કરે છે અને પાછો બીજાઓ સાથે વેરનો લાગી રહે છે એ રીતે વૈરથી વેર આગળ વધતું જાય છે - પાપ ઉત્પન્ન કરનાર આરંભ અંતમાં દુઃખકારક થાય છે -

संबुज्झह किं न बुज्झह संबोही खलु पेच्च दुल्लहा
नो हूवणमन्ति राइओ नो सुलभं पुणरावि जीवियं ॥

सूय-श्रु-१ अ-२ गा-१

સમજો ! (પ્રતિબોધ પામો-!) તમે કેમ સમજતા નથી ? મનુષ્યભવ વીતી ગયા પછી સદ્બોધ (સમ્યગ્જ્ઞાન પામવું) નિશ્ચય દુર્લભ છે. વીતી ગયેલી રાત (રાત્રી-દિન) ફરીને આવતી નથી અને મનુષ્યજીવન પણ વારંવાર સુલભ થતું નથી -



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ


## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ


ગણધર રચિત બીજું અંગ

# શ્રી સૂયગડાંગ સૂત્ર – ૨

**દ્વિતીય શ્રુતસ્કંધ**

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી ઉર્મિલાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.


: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન
PARASDHAM
પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ -

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

## સમર્પણ

ગોંડલગચ્છના ગગનમંડલમાં
ગુરુપ્રાણ સદાય ભાષિત છે.
જન્મશતાબ્દીના શુભાવસરમાં,
શાસ્ત્રાનુવાદ પ્રકાશિત છે... ॥૧॥

ગુરુદેવ ! આપના ચરણકમલમાં,
મમ જીવન સદા સમર્પિત છે.
શ્રદ્ધાસુમન, વંદનઅર્ઘ્ય અને,
આગમ–ઉપહાર પ્રસ્તુત છે... ॥૨॥

જિનકથિતને ગણધરગ્રથિતનો,
ભાવાનુવાદ સુસજ્જિત છે.
સૂત્રકૃતાંગ ગુરુ સ્મૃતિ સરોજમાં
સબહુમાન સમર્પિત છે... ॥૩॥

- પૂ. મુક્ત - લીલમ સુશિષ્યા
સાધ્વી ઉર્મિલા

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ સ્વીકરોતિ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય -
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
તત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ-
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે -
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે -
આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...

આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯

અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

# સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




## શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી જશવંતીબેન શાંતિલાલ તુરખીયા
## શ્રીમતી ભાવનાબેન દિલીપભાઈ તુરખીયા

સત્સંગ સત્ – ત્રિકાલ શાશ્વત આત્મતત્ત્વના સંગની પ્રેરણા આપે છે, સત્સંગ પાપીને પવિત્ર બનાવે છે. સત્સંગથી જીવનની દિશા બદલાઈ જાય છે, દષ્ટિકોણમાં આમૂલ પરિવર્તન થાય છે.

રાણપુર નિવાસી માતુશ્રી જશવંતીબેન તથા પિતાશ્રી શાંતિલાલ કેશવલાલ તુરખીયાના સુપુત્ર શ્રી દિલીપભાઈના જીવનમાં પણ સત્સંગની ઊંડી છાપ ઉપસી આવી છે. શાસન અરુણોદય ગુરુદેવ **પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.** નાં સમાગમમાં આવ્યા. તેઓશ્રીની જીવન પરિવર્તન કરાવે તેવી વાણી સાંભળી અને શ્રી દિલીપભાઈ પ્રભાવિત થયા એટલું જ નહીં પરંતુ આ મનુષ્ય જીવનની સફળતા માટે ધર્મ ને કર્મની સમજણને આચરણમાં ઉતારવા માટે સાવધાન બની ગયા.

તેઓના જીવનમાં અકલ્પનીય પરિવર્તનનો પ્રારંભ થઈ ગયો. સહધર્મચારિણી ભાવનાબેનની વિદાયનો ગમ સમજણમાં પરિવર્તિત થયો. તેઓના સુપુત્ર – પારસ તથા પુત્રવધુ સૌ. રિદ્ધિ અને સુપુત્રી સૌ. શ્વેતા આનંદ શાહ પણ ગુરુભક્તિના રંગે રંગાયેલા છે.

પૂ. ગુરુદેવના જન્મદિન નિમિત્તે કલકત્તા દર્શનાર્થે આવ્યા. સર્વથા નિષ્પરિગ્રહી પૂ. ગુરુદેવને જન્મદિનની શું ભેટ આપવી, તે મથામણ દિલીપભાઈના મનમાં ચાલતી હતી. ત્યાં જ પૂ. ગુરુદેવના શ્રીમુખેથી ગુરુ પ્રાણ આગમ બત્રીસીના પ્રકાશનનું આયોજન જાણ્યું અને શ્રી દિલીપભાઈએ તક ઝડપી લાધી.

ગુરુભક્તિથી પ્રેરિત થઈ તેઓ શ્રુતાધાર તરીકે લાભ લઈ રહ્યા છે. તેઓની ભક્તિની અમો વારંવાર અનુમોદના કરીએ છીએ તથા તેઓ હંમેશાં ગુરુકૃપાના માધ્યમથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પ્રગટ કરીએ છીએ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

## વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 11 | ૪. અકસ્માત્ દંડ પ્રત્યયિક ક્રિયા | ૫૦ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 13 | ૫. દષ્ટિ વિપર્યાસદંડ પ્રત્યયિક ક્રિયા | ૫૨ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | ૬. મૃષાવાદ પ્રત્યયિક ક્રિયા | ૫૩ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 17 | ૭. અદત્તાદાન પ્રત્યયિક ક્રિયા | ૫૩ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 19 | ૮. અધ્યાત્મ પ્રત્યયિક ક્રિયા | ૫૪ |
| અભિગમ | 21 | ૯. માન પ્રત્યયિક ક્રિયા | ૫૫ |
| સંપાદકીય | 27 | ૧૦. મિત્રદોષ પ્રત્યયિક ક્રિયા | ૫૬ |
| સંપાદન અનુભવો | 48 | ૧૧. માયા પ્રત્યયિક ક્રિયા | ૫૭ |
| અનુવાદિકાની કલમે | 50 | ૧૨. લોભ પ્રત્યયિક ક્રિયા | ૫૮ |
| ૩૨ અસ્વાધ્યાય | 56 | ૧૩. ઐર્યાપથિક ક્રિયા | ૬૦ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | પ્રથમસ્થાન – અધર્મ પક્ષ | ૬૨ |
| **અધ્યયન–૧ : પુડંરીક** | | બીજું સ્થાન – ધર્મ પક્ષ | ૭૪ |
| પરિચય | ૧ | ત્રીજું સ્થાન – મિશ્રપક્ષ | ૭૫ |
| પુષ્કરિણી અને શ્રેષ્ઠ પુડંરીક | ૩ | અર્ધમપક્ષ–વૃત્તિ, પ્રવૃત્તિ, પરિણામ | ૭૬ |
| પુડંરીકની પ્રાપ્તિમાં નિષ્ફળ–સફળ પુરુષો | ૪ | ધર્મ પક્ષ – વૃત્તિ, પ્રવૃત્તિ, પરિણામ | ૮૨ |
| સંસારીજીવોની વિવિધ વિચાર ધારા | ૧૧ | મિશ્રપક્ષ– વૃત્તિ, પ્રવૃત્તિ, પરિણામ | ૮૭ |
| પ્રથમ પુરુષ– તજ્જીવ તત્શરીર વાદી | ૧૪ | દાર્શનિકોના ૩૬૩ વિભાગ અને અહિંસા પ્રધાન સ્વસિદ્ધાંત | ૯૧ |
| બીજો પુરુષ– પાંચ મહાભૂતવાદી | ૨૦ | **અધ્યયન–૩ : આહાર પરિજ્ઞા** | |
| ત્રીજો પુરુષ– ઈશ્વરકારણવાદી | ૨૩ | પરિચય | ૯૭ |
| ચોથો પુરુષ– નિયતિવાદી | ૨૭ | વનસ્પતિમાં ચાર પ્રકારના બીજ | ૯૯ |
| પદાર્થો અને સંબંધોની અશરણતા | ૩૦ | પૃથ્વીયોનિક વૃક્ષોનો આહાર | ૯૯ |
| શ્રમણ, બ્રાહ્મણ, નિર્ગંથ અને ભિક્ષુનું સ્વરૂપ | ૩૪ | વૃક્ષયોનિક અધ્યારૂહોનો આહાર | ૧૦૩ |
| નિર્ગ્રંથ મુનિ ચર્યા | ૩૬ | પૃથ્વીયોનિક તૃણાદિનો આહાર | ૧૦૫ |
| **અધ્યયન–૨ : ક્રિયાસ્થાન** | | પૃથ્વીયોનિક કુહુણાદિનો આહાર | ૧૦૭ |
| પરિચય | ૪૪ | ઉદકયોનિક વૃક્ષનો આહાર | ૧૦૭ |
| તેર ક્રિયા સ્થાનનો નામોલ્લેખ | ૪૫ | ઉદકયોનિક સેવાળાદિનો આહાર | ૧૦૮ |
| ૧. અર્થદંડ પ્રત્યયિક ક્રિયા | ૪૭ | વૃક્ષયોનિકાદિ ત્રસ જીવોનો આહાર | ૧૦૯ |
| ૨. અનર્થદંડ પ્રત્યયિક ક્રિયા | ૪૮ | મનુષ્યોની ઉત્પત્તિ અને આહાર | ૧૧૧ |
| ૩. હિંસાદંડ પ્રત્યયિક ક્રિયા | ૫૦ | તિર્યંચની પંચેન્દ્રિયની ઉત્પતિ અને આહાર | ૧૧૨ |
| | | વિકલેન્દ્રિય જીવોની ઉત્પતિ અને આહાર | ૧૧૬ |

| વિષય | પૃષ્ટ |
| --- | --- |
| અપ્કાયની ઉત્પતિ અને આહાર | ૧૧૭ |
| અગ્નિકાય જીવોની ઉત્પતિ અને આહાર | ૧૧૯ |
| વાયુકાયિક જીવોની ઉત્પતિ અને આહાર | ૧૨૦ |
| પૃથ્વીકાયિક જીવોની ઉત્પતિ અને આહાર | ૧૨૦ |
| **અધ્યયન–૪ : પ્રત્યાખ્યાનક્રિયા** | |
| પરિચય | ૧૨૩ |
| અપ્રત્યાખ્યાનની આત્માનું સ્વરૂપ | ૧૨૪ |
| પ્રત્યાખ્યાનની મહત્તા અને દષ્ટાંત | ૧૨૬ |
| પ્રત્યાખ્યાની જીવનું સ્વરૂપ | ૧૩૩ |
| **અધ્યયન–૫ : આચારશ્રુત** | |
| પરિચય | ૧૩૬ |
| એકાંતવાદ અનાચાર | ૧૩૭ |
| લોક અલોક સંબંધી આસ્તિકતા | ૧૪૨ |
| જીવ અજીવ વગેરે તત્ત્વ સંબંધી આસ્તિકતા | ૧૪૩ |
| વેદનાદિ, ક્રિયાદિ, કષાયાદિ સંબંધી આસ્તિકતા | ૧૪૬ |
| ચાતુર્ગતિક સંસાર સંબંધી આસ્તિકતા | ૧૪૮ |
| દેવ–દેવી સંબંધી આસ્તિકતા | ૧૪૮ |
| સિદ્ધિ–અસિદ્ધિ સંબંધી આસ્તિકતા | ૧૪૯ |
| સાધુ–અસાધુ સંબંધી આસ્તિકતા | ૧૫૦ |
| કલ્યાણ–પાપ સંબંધી આસ્તિકતા | ૧૫૦ |
| વચનસંયમ–આચાર સંબંધી આસ્તિકતા | ૧૫૧ |
| **અધ્યયન–૬ : આર્દ્રકીય** | |
| પરિચય | ૧૫૪ |
| આર્દ્રકમુનિ અને ગોશાલક | ૧૫૭ |
| આર્દ્રકમુનિ અને બૌદ્ધ ભિક્ષુકો | ૧૬૬ |
| આર્દ્રકમુનિ અને વેદાંત પાઠી બ્રાહ્મણો | ૧૭૧ |
| આર્દ્રકમુનિ અને સાંખ્યમતવાદી | ૧૭૩ |
| આર્દ્રકમુનિ અને હસ્તિતાપસો | ૧૭૬ |
| **અધ્યયન– ૭ : નાલંદીય** | |
| પરિચય | ૧૭૯ |
| લેપ શ્રમણોપાસકો | ૧૮૦ |
| પ્રત્યાખ્યાન વિષયક જિજ્ઞાસા–સમાધાન | ૧૮૧ |
| પ્રત્યાખ્યાન નિર્વિષયતા વિષયક શંકા સમાધાન | ૧૮૭ |
| પ્રત્યાખ્યાન નિર્વિષયતાનું નિરાકરણ | ૧૯૪ |
| ઉદકનિર્ગ્રંથનું જીવન પરિવર્તન | ૨૦૪ |
| **પરિશિષ્ટ** | |
| ૧. વિવેચિત વિષયઓની અકારાદિ અનુક્રમણિકા | ૨૦૮ |
| ૨.પાસંડીના ૩૬૩ ભેદ | ૨૧૦ |
| ૩. પાંચ સમવાય : અનેકાંત દષ્ટિ | ૨૧૩ |


❖❖❖

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર.<br>તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદૃષ્ટિ અને કૃપાદૃષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ

શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

## સૂયગડાંગ સૂત્રનો લક્ષ્યાર્થ :-

જૈન આગમોની ઐતિહાસિકતા વિશે બહુ ઊંડાઈથી વિચારવાની આવશ્યકતા સદાય રહે જ છે. આમ તો શ્વેતામ્બરીય જૈન આગમો અર્ધમાગધી ભાષામાં લખાયેલા છે, પરંતુ ઊંડાઈથી અભ્યાસ કરવામાં આવે તો શ્રી સૂયગડાંગ શાસ્ત્રની ભાષા બીજા શાસ્ત્રો કરતાં વધારે ગહનતમ હોય એવું લાગે છે. તેમાં ઘણા- ઘણા જુના અને મહત્ત્વના શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ખાસ કરીને અત્યારે આપણે બીજા શ્રુત સ્કંધ ઉપર વિચાર કરી રહ્યા છીએ, તો તેના ભાવ અને ભાષા બંને ઉપર પ્રકાશ નાંખવાનો પ્રયત્ન કરીશું.

શ્રી સૂયગડાંગ સૂત્રમાં બીજા શ્રુતસ્કંધના પ્રથમ **પુંડરીક** અધ્યયનમાં ભગવાન મહાવીરે સ્વયં તમામ સાધુ-સાધ્વીઓને આમંત્રિત કરીને, નિર્ગ્રંથ પ્રવચનના દૃઢ નિર્ણયાત્મક સિદ્ધાંતનો ઉદ્‌ઘોષ કર્યો છે અને તે સમયમાં પ્રવાહિત વિવિધ સંપ્રદાય અને માન્યતાના પ્રવાહોને સ્પર્શ કરી તેમની અપૂર્ણતા અને અગ્રાહ્યતા ઉપર વિલક્ષણ દૃષ્ટાંત આપી જે પ્રકાશ પાડ્યો છે; તે વસ્તુતઃ ધાર્મિક તો છે જ, પરંતુ એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સામાજિક સ્થિતિનું પણ ઉદ્‌ઘાટન કરે છે.

દ્વિતીય શ્રુતસ્કંધ વિવિધ દૃષ્ટિએ ભિક્ષુ-ભિક્ષુણીઓ(સાધુ-સાધ્વીઓ)ના કડક આચારની સમીક્ષા કરે છે. તદનુસાર જૈન મુનિ સર્વથા નિર્લિપ્ત બની એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે અહિંસાનું મિશન લઈ કડક અહિંસાનું પાલન કરી, અહિંસાનો ઉપદેશ આપે છે. સમગ્ર જૈન સિદ્ધાંતનો સાર છે– બધા પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોની જરા પણ અશાતના ન થાય અને તેની હિંસા પણ ન થાય, તે રીતે જૈન દર્શનનું લક્ષ આ અધ્યયનમાં સ્પષ્ટ કર્યું છે અને એક નિશ્ચિત ઉત્સર્ગ માર્ગની સ્થાપના કરી છે. તેમજ અપવાદ માર્ગનું નાનું મોટું સમાધાન આપેલું છે. પ્રથમ શ્રમણોપાસક બની ત્રસ જીવોની હિંસાથી વ્યાવૃત્ત બની તથા સ્થાવર જીવોની હિંસા પણ બહુ ઓછી થાય તે રીતે ગૃહસ્થ જીવન વ્યતીત કરવાનું તથા શ્રમણોપાસક પણ સર્વથા ત્યાગી બને તેવું લક્ષ રાખવાની પ્રેરણા આપે છે.

અપવાદ માર્ગમાં નાના મોટા તર્ક દ્વારા કેટલીક કટોકટીની સ્થિતિમાં અથવા શારીરિક પીડાનું નિવારણ કરવા માટે હિંસાનું અવલંબન લેવું પડે તો પણ તે આવકાર્ય નથી. તેમાં પણ દોષ લાગે છે અને પ્રાયશ્ચિત્ત દ્વારા નિવારણ થાય તે રીતે પગલું ભરવું

ઘટે છે, પરંતુ આ બધા અપવાદ માર્ગોને જૈનદર્શનમાં નગણ્ય સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે ઉત્સર્ગ માર્ગની પુરજોશ ઘોષણા કરી રાજમાર્ગ પ્રદર્શિત કર્યો છે. સૂયગડાંગ સૂત્રના આ બીજા શ્રુતસ્કંધમાં સ્પષ્ટ આભાસ જોઈ શકાય છે.

સાતમા ''નાલંદીય'' અધ્યયનમાં ભગવાન મહાવીર સ્વામીના શિષ્યરૂપે **કુમારપુત્રીય શ્રમણનો** ઉલ્લેખ છે. ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં કુમારપુત્રીય શ્રમણનું શ્રી પાર્શ્વપ્રભુના શ્રમણ ઉદક પેઢાલપુત્ર સાથે મિલન થયું. બંને સંતોની જ્ઞાન ચર્ચા વિચારણામાં શ્રમણ શ્રી ઉદક પેઢાલપુત્ર કંઈક ગૂંચવણમાં આવી ગયા. પોતાના અંતરના સમાધાન માટે તેઓ સાક્ષાત્ ગૌતમ સ્વામીના ચરણે જઈ ઊંડાઈથી પોતાના મંતવ્યની વિવેચના કરે છે. ત્યારે ગૌતમ સ્વામીએ તેમના મંતવ્યની અનાવશ્યકતા સમજાવીને સાચી રીતે શ્રમણોપાસકના વ્રતસ્વરૂપની વિવેચના કરી છે. એટલું જ નહીં, પરંતુ ઉદક શ્રમણને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સેવામાં લઈ જાય છે.

આ અધ્યયનથી સ્પષ્ટ જોઈ શકાય છે કે એક નિશ્ચિત્ત માર્ગ પર ભગવાન મહાવીરના શ્રમણો અને શ્રમણીઓ ચાલતા હતા. તેઓ આડી-અવળી કોઈ પણ તાર્કિક દલીલને સ્થાન આપતા ન હતા. તેઓ પ્રબળ ત્યાગમાર્ગને અવલંબીને જ ચાલવાનો ઉદ્‌ઘોષ કરતા હતા.

તે વખતના આ શાસ્ત્રીય અધ્યયનથી એ સ્પષ્ટ થાય છે કે સંતો કોઈ પ્રકારના રાજનૈતિક, સામાજિક કે પારિવારિક પ્રશ્નોનો બિલકુલ સ્પર્શ કરતા નહીં અને જીવો પ્રત્યેનો સંયમ, કષાયનો ત્યાગ તથા આત્મતત્ત્વની અડગ શ્રદ્ધાને મહત્ત્વ આપતા હતા અને તેને જ અવલંબીને ચાલતા હતા તથા તે જ મોક્ષ માર્ગ છે, તેવું ચરિતાર્થ કરતા હતા.

સમગ્ર શ્રુતસ્કંધમાં અન્ય ધાર્મિક અજ્ઞાન ભરેલા પરિબળોની કે જેમાં જીવહિંસા હોય તેવી માન્યતાઓનું સ્પષ્ટ ખંડન જોવા મળે છે અને પોતાનો નિશ્ચિત ધર્મ હજાર માણસોની વચ્ચે નિડર ભાવે કહેવા માટે પાંચમા અધ્યયન જેવા પદોમાં સ્પષ્ટ આજ્ઞા આપી છે, પરંતુ ભાષાનો વિવેક જરા પણ ભૂલવાનો નથી અને અન્યની અશાતના ન થાય તેવી દોષ રહિત, ગુણ ભરેલી ભાષા વાપરવાનો આદેશ આપ્યો છે.

આ શ્રુતસ્કંધના કોઈ પણ અધ્યયનની કોઈ પણ પંક્તિ વાંચો તો તેમાં અધૂરા સંયમ રહિત મતોનું નિરાકરણ કરી, જીવદયા અને છકાય જીવોની રક્ષા માટેની ડગલે પગલે ભલામણ કરી છે અને એક શાશ્વત માર્ગની સ્થાપના કરી છે. ભગવાનના નામે, આચાર્યોના મતે, પૂર્વના અરિહંતોના આધારે, સ્પષ્ટ થયેલા એક નિર્મળ નિર્ગ્રંથ માર્ગનો ઉલ્લેખ જોવા મળે છે. તીર્થંકર પ્રભુએ સ્વયં પોતે જ આ બધું કથન કર્યું છે, એમ ન કહેતાં ભૂતકાળમાં જે અરિહંતો કહી ગયા છે, ભવિષ્યમાં જે અરિહંતો કહેશે, તે શાશ્વત માર્ગનો હું ઉલ્લેખ કરું છું, તેની જ પ્રરૂપણા કરું છું. આમ મહાવીર પ્રભુએ વ્યક્તિની

મહત્તા ઓછી કરી, સિદ્ધાંતના મહત્ત્વની સ્થાપના કરી છે.

જ્યારે આજે સાધારણ બુદ્ધિવાળા આચાર્યો, સંતો કે મુનિ મહારાજો પોતાને જ કેન્દ્ર બિંદુમાં રાખી અહંત્વનું પ્રદર્શન કરી, જૈન માર્ગ ખંડ-ખંડ થાય, તેની જરા પણ ચિંતા કર્યા વિના બેધડક વ્યક્તિ મહત્ત્વની છાપ ઉપજાવે છે. જેથી અહીં કહેવાનું મન થાય છે કે– આપણા શાસ્ત્રોનું જેટલું અનુશીલન થાય તે અને તેના માટે ગુણિયલ સાધ્વીઓ અને ત્રિલોકમુનિ જેવા પથ પ્રદર્શક સંતોના સાંનિધ્યમાં જે આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે તે, ઘણું જ મહત્ત્વપૂર્ણ છે. તેમાં યે ખાસ કરીને સૂયગડાંગ સૂત્રનો આ બીજો શ્રુતસ્કંધ જૈન આગમ રૂપી સમુદ્રની એક દીવાદાંડી જેવો છે. આમાં વજ્ર અને દઢ ભાષાના શબ્દોના કવચ સાથે જૈન શ્રમણોના આચાર વિચારનો જે ઉલ્લેખ કર્યો છે, તે મણીરત્ન જેવો છે. આજે સંતો મૂલ્યવાન મણિરત્નને કે હીરાને મૂકી કાચ-કાંકરા જેવા ભાવોનો સંગ્રહ કરે છે. એમ લાગે છે કે તેઓ જૈન શાસનની મજબૂત પાયાની ઈમારતને હલાવી રહ્યા છે.

આજે સૂયગડાંગ સૂત્ર પ્રગટ થશે અને આ સાતે અધ્યયનનું સંપૂર્ણ વિવેચન સંતોની સામે આવશે તો આંખ ઉઘાડવાનો એક સુઅવસર અવશ્ય ઉદ્‌ભવશે. અહીં આપણે પહેલા-છેલ્લા અધ્યયન વિષે થોડું કહ્યા પછી વચલા અધ્યયનો માટે યથાસંભવ, યથામતિ ઉલ્લેખ કરી આ 'આમુખ' પૂર્ણ કરીશું.

જો કે બધાં અધ્યયનોના શબ્દ સહ અનુવાદ તથા ભાવાર્થ પ્રકાશિત થશે જ, તેથી તે ઉદાહરણો અમે અહીં ટાંક્યા નથી, પરંતુ અધ્યયનો વિષે દષ્ટિપાત કરી મુખ્ય વિષયનો સ્પર્શ કર્યો છે. જૈનદર્શન, શાશ્વત દ્રવ્યો કે શાશ્વત ભાવોને જેટલો સ્પર્શ કરે છે, તેટલો જ અર્થાત્ તેથી પણ વધારે વર્તમાન ક્રિયાયોગ, વર્તમાન પ્રવૃત્તિ અને જીવોના પ્રત્યેક શુભાશુભ માનસિક ભાવો તેમજ સાક્ષાત્ વચનયોગ અને કાયયોગની ક્રિયાઓ, એ બધા ઉપર ઊંડાઈથી વિચાર કરી કર્મબંધ થવાના કે પાપ આશ્રવ થવાના કારણો ઉપર પૂરો પ્રકાશ નાંખે છે અને નાનામાં નાના જીવોની અવહેલના ન થાય, આશાતના ન થાય કે હિંસા ન થાય, તેની સચોટ પ્રેરણા આપી સાધકની ચેતનાને જાગૃત કરે છે. સાથે-સાથે તે સમયના પ્રવર્તતા, ધર્મના મત-મતાંતરો, સાંપ્રદાયિક પરંપરાઓ શ્રમણોની કે બ્રાહ્મણ સંસ્કૃતિની જે કાંઈ આરંભ સમારંભ યુક્ત સાધનાઓ હતી તેનો સ્પષ્ટ વિરોધ કરે છે અને તેમના વાદોનો મિથ્યાવાદ તરીકે ઉલ્લેખ કરે છે. તેમ છતાં કોઈ વ્યક્તિ વિશેષ કે કોઈ ગ્રંથો કે સંપ્રદાયનું નામ લઈને નિંદાત્મક ઉલ્લેખ કર્યો નથી. ફક્ત હિંસામૂલક, પરિગ્રહમૂલક, કે મિથ્યાત્વયુક્ત ભાવોનું સભ્ય ભાષામાં ખંડન કરી તીર્થંકરોનો, અરિહંતોનો કે આચાર્યોનો શું સ્પષ્ટ મત છે ? તેનું નિદર્શન કર્યું છે.

જૈન દર્શનનો શાશ્વત લેખ અને જે કાંઈ સ્પષ્ટ મત છે તે નીચેના શબ્દોમાં

આપણે જોઈએ. જે આજ્ઞા કે અભિપ્રાય હીરા મોતીની જેમ ચમકી રહ્યા છે તે સ્પષ્ટ છે– **एवं णच्चा सव्वे पाणा** *जाव* **सव्वे सत्ता ण हंतव्वा** *जाव* **ण उद्दवेयव्वा । एस धम्मे धुवे णिइए सासए समिच्च लोगं खेयण्णेहिं पवेइए । एवं से भिक्खू विरए पाणाइवायाओ** *जाव* **मिच्छादंसणसल्लाओ ।**

આ રીતે બીજા અધ્યયનમાં પણ ક્રિયાસ્થાનોની વિવેચના કરી, પાપસ્થાનોથી બચવા માટે નિર્દેશ કર્યો છે. પછી તે શ્રમણ હોય કે શ્રમણોપાસક હોય, સાધુ હોય કે ગૃહસ્થ હોય, યથાયોગ્ય સૌને લાગુ પડે છે. સામાન્ય ગૃહસ્થને ધર્મના નીતિ માર્ગમાં પણ આ પાપસ્થાનક ત્યાગ યોગ્ય છે. વ્યવહાર દષ્ટિએ અને નિશ્ચય દષ્ટિએ પણ આ બધા પાપસ્થાન વર્જ્ય છે; એ દષ્ટિએ બીજું અધ્યયન ઘણું જ મહત્ત્વપૂર્ણ છે.

બાકીના બીજા અધ્યયનોમાં પણ બે સ્થાનોનો ઉલ્લેખ કરી, એક સ્થાન આદરણીય છે અને એક સ્થાન અનાદરણીય છે, તેમ કહ્યું છે; તો કોઈ અધ્યયનમાં બંને સ્થાનો અનાદરણીય છે. સામાન્ય રૂપે આર્ય અને અનાર્ય શબ્દનો પ્રયોગ વિપુલ રૂપે કરેલો છે અને અનાર્ય તરીકે કોઈ જાતિના ભાવોને ન લેતા જેના ભાવો અનર્થમૂલક છે, અધાર્મિક છે, ન્યાયોચિત નથી; તે લોકોને અનાર્ય ગણવામાં આવ્યા છે. જ્યારે કોમળ હૃદયના, સમ્યક વિચારવાળા, દયાવૃત્તિવાળા, ન્યાયોચિત વહેવારનું આચરણ કરે તેને આર્ય તરીકે ગણવામાં આવ્યા છે. આ વિવેચન ઘણું જ મહત્વપૂર્ણ છે. જૈન પરંપરા જન્મ, જાતિ કે વર્ણને મહત્ત્વ ન આપતા કર્મને મહત્ત્વ આપે છે. આ બીજો શ્રુતસ્કંધ ડગલે-પગલે આ વાતની સાક્ષી પૂરે છે.

આ શાસ્ત્રમાં ફક્ત અન્ય મતવાદીઓની જ વિપરીત, પ્રવૃત્તિનું વિવેચન કર્યું નથી, પણ જૈન શ્રમણ કેવા હોય ? નિર્ગ્રંથમુનિ કેવા હોય ? તેનું વિવેચન કરી સ્વલિંગી નિર્ગ્રંથમુનિઓના વિપરીત આચાર-વિચારને પણ વખોડી કાઢવામાં આવ્યા છે. ખરું પૂછો તો સ્વમતના કોઈ પણ અનુરાગ વિના કે લાગ લપટ વિના એકાંત શુદ્ધ ત્યાગ માર્ગની અને અહિંસા માર્ગની સ્થાપના કરી છે. સાચું પૂછો તો આ બીજો શ્રુતસ્કંધ ઘણો જ મહત્ત્વપૂર્ણ છે. અત્યારે વર્તમાન કાળે પણ જો જૈન સાધુ-સાધ્વીઓના ઊંચા, આદરણીય, આચાર-વિચારો જળવાઈ રહ્યા છે અને સાધુ સંતો ચીવટથી, ત્યાગ સંસ્કૃતિને વળગી રહ્યા છે; તેમાં આ શ્રુતસ્કંધે ઘણો મોટો ભાગ ભજવ્યો છે.

હવે એક મહત્વપૂર્ણ વાત કરી આપણે આ આમુખ પૂરો કરીશું. જૈન શબ્દ ઘણો જ અર્વાચીન છે. શાયદ પાછલા વરસોમાં જૈન શબ્દનો ઉદ્‌ભવ થયો છે અને આજે આપણે જૈન ધર્મ, જૈન સાધુ, જૈન શાસ્ત્ર, જૈન સંસ્કૃતિ, જૈન દર્શન, ઈત્યાદિ શબ્દો વાપરીએ છીએ. તે શબ્દનું મૂળ શાસ્ત્રમાં હોય તેવું લાગતું નથી. પ્રાચીન ભાષામાં

લખાયેલા આ મૂળ જૈન આગમોમાં કે આ શ્રુતસ્કંધમાં જ્યાં ત્યાગની સ્થાપના કરે છે ત્યાં નિર્ગ્રંથમત, નિર્ગ્રંથમુનિ, નિર્ગ્રંથોના આચાર વિચાર એ શબ્દોનો પ્રયોગ જોવા મળે છે. ક્યાંય પણ જૈન શબ્દ નથી. જૈનમુનિઓ નિર્ગ્રંથો તરીકે ઓળખાતા હતા અને સ્વયં મુનિઓ પણ પોતાને નિર્ગ્રંથ કહેતા હતા પરિગ્રહ વગરના આ મુનિઓ ખરેખર નિર્ગ્રંથ હતા અને કોઈ પણ ભૌતિક પદાર્થોના પ્રભાવમાં આવ્યા વિના પોતાના ત્યાગમાં રમણ કરતા, ત્યાગ માર્ગનો અને દયા ધર્મનો ઉપદેશ આપતા હતા. આમજનતા શ્રમણોને જૈન તરીકે ઓળખતી નહીં, પરંતુ નિર્ગ્રંથો તરીકે ઓળખતી હતી.

તે જમાનામાં સંતો જ્યારે શહેરમાં પધારતા ત્યારે તે શહેરની બહારના ભાગમાં કોઈ બગીચા કે ઉદ્યાનમાં કે યક્ષવાટિકામાં ઉપાશ્રય(નિવાસ) કરતા હતા. તે સમયે ઉપાશ્રય શબ્દ પણ કોઈ વિશેષ સ્થાન કે આજના 'સ્થાનક' માટે વપરાતો ન હતો. ખરેખર કાયમી નિવાસને આશ્રમ કહેવામાં આવે છે અને થોડા સમય માટે માંગેલા આશ્રયને ઉપાશ્રય કહેવામાં આવે છે. આ કારણે જ શાસ્ત્રોમાં સાધુ-સાધ્વીના અલ્પકાલીન આશ્રય સ્થાન **ઉપાશ્રય** કહેવામાં આવ્યા છે, ભલે ને તે ગૃહસ્થોના ઘર હોય કે દુકાન અથવા ધર્મશાળા હોય કે ઉદ્યાનશાળા હોય, તે સર્વેય સ્થાનો માટે 'ઉપાશ્રય' શબ્દનો પ્રયોગ જોવા મળે છે.

વિહાર કરતા સંતોના નગરમાં આવવાં પર તે નગરની ધર્મિષ્ટ અને ભાવુક જનતા ત્યાગી મહાત્માઓ તરીકે તેઓના દર્શન કરવા જતી, ત્યારે સંતો-નિર્ગ્રંથો પણ શુદ્ધ ત્યાગ માર્ગ અને દયા ધર્મનો ઉપદેશ આપતા, ખુલ્લે આમ અંધશ્રદ્ધાનો કે નાસ્તિકવાદનો વિરોધ કરી, નિશ્ચિત આત્મવાદની સ્થાપના કરતા હતા, તેમજ લોક-પરલોક વિષે તથા સમસ્ત જીવરાશિ વિષે એક વ્યવસ્થિત વૈજ્ઞાનિક રીતથી સમજાવતા હતા. તે સાંભળી, વિચારીને ઘણા સરલ જીવો નિર્ગ્રંથ મુનિઓની શ્રદ્ધા કરી વિશેષ પ્રકારના વ્રતો લેતા હતા, જેને શ્રમણોપાસક તરીકે ઓળખવામાં આવતા હતા.

આ શ્રુતસ્કંધના બધા અધ્યયનોમાં અજ્ઞાનવાદ, અક્રિયાવાદ, હિંસાવાદનો સ્પષ્ટ નિરોધ કરી શુદ્ધ આસ્તિક માર્ગની સ્થાપના કરી છે અને એ પણ સ્પષ્ટ કર્યું છે કે નિર્ગ્રંથો કોઈ પદાર્થ લેવા માટે કે સુખ મેળવવા માટે કે પરલોકમાં ઊંચીગતિ મળે એવા આશયથી ઉપદેશ ન આપે, ધર્મનું આખ્યાન ન કરે, પરંતુ ફક્ત કર્મની નિર્જરાના હેતુથી અને ખાસ કરીને પાપાશ્રવને રોકવા માટે, તેમજ શ્રોતાઓ પણ પાપાશ્રવથી મુક્ત થાય એ લક્ષ સામે રાખીને ઉપદેશ દેતા હતા. આવા નિર્ગ્રંથોની આ શાસ્ત્રમાં ભૂરિ-ભૂરિ પ્રશંસા કરવામાં આવી છે. ખરેખર ! આ આગમની એક-એક પંક્તિમાં વીતરાગ માર્ગની ભવ્યતા ઝળકે છે અને જેમ રેતીના ઢગલામાં મોતી પડ્યા હોય તો નિરાળા ચમકે છે, તે જ રીતે આ ભાવો નિરાળા અધ્યાત્મ ત્યાગ અને વૈરાગથી ભરેલા ઝળકે છે અર્થાત્ મનને સ્પર્શ કરી જાય છે. બધા આગમોમાં અનંત તીર્થંકરોની વાણીનો અને શાશ્વત

પરંપરાનો એક વિશાળ રત્નરાશિ પડ્યો છે. આચરણ તો દૂર રહ્યું, પરંતુ વાંચન માત્રથી પણ જીવાત્મા ધન્ય બની જાય છે. ધન્ય છે આ વીતરાગ વાણીને.

**સૌ સતીમંડળ !** આપ સહુ અહર્નિશ આ આગમ ઉપાસનામાં જોડાયા છો અને ઘણા ગૂઢ ભાવોને પણ ઉકેલવા માટે પૂરો પ્રયાસ કરી સરલ ગુજરાતીમાં ભાવાર્થ પ્રકાશિત કરી રહ્યા છો; તે આપ સૌનો તપોમય પ્રયત્ન પુનઃ પુનઃ અભિનંદનીય છે. મહામના મહાત્મા ત્રિલોકમુનિજી મ. જેઓનું આગમ જ્ઞાન સમુદ્ર જેવું વિશાળ છે, તેમનું સાંનિધ્ય અને કૃપાદષ્ટિ ખરેખર ! લાંબા કાળ સુધી જૈન જગત પર અમૃત વર્ષા કરતી રહેશે.

**ગોંડલ સંપ્રદાયના વિદુષી સતીવૃંદ !** આગમના સ્વાધ્યાયમય ભાવો અને સહુનો ઐક્ય રૂપે સમભાવ તથા સમન્વય ભાવે શાસ્ત્ર પ્રકાશનનું જે ઝરણું આપ સૌના હૃદયમાં વહી રહ્યું છે; તેને જોઈને, જાણીને તેમજ અનુભવીને અમારું હૃદય ગદ્ગદ્ થઈ જાય છે ! છાતી ગજગજ ઉછળે છે ! !

ઘણા વરસોથી અટકી પડેલું ગુજરાતી ભાષામાં આગમ સંપાદનનું કામ કડી બદ્ધ થાય એવી વરસોથી અમે જે તીવ્ર અભિલાષા સેવી હતી તે આજે તમારી કલમથી સાકાર થઈ રહી છે અને એક એક આગમ તૈયાર થઈને જ્યારે અમારા હાથમાં આવે છે ત્યારે અમારો હર્ષ શબ્દાતીત બની જાય છે. ધન્ય છે આપની આ બોધ શક્તિને ! ! !

**વિશેષમાં લક્ષ-કોટિ ધન્ય છે–** આપ સૌનું નેતૃત્વ કરી રહેલા સૌરાષ્ટ્રના ખમીર ભરેલા પરિવારમાં જન્મ પામી, ભર્યા સંસારને ઠોકરે મારી વીતરાગ વાણીને વર્યા, તેવા ગુરુણીદેવા એવા **લીલમબાઈ મહાસતીજીને;** જેમણે સ્વયં આખી કમાન સંભાળી સ્વયંના પ્રભાવે તથા તેમના શિષ્યા પરિવારે પણ શ્રમ કરી લાખોનું દાન કરાવી આ ઐતિહાસિક, જુગ-જુગ બોલે તેવું, આગમ કામ સંપાદન કર્યું છે અને ગોંડલ સંપ્રદાયના તમામ મહર્ષિ મહાત્માઓ પૂ. ડુંગર સિંહજી મહારાજથી લઈ પૂ. પ્રાણલાલજી સ્વામી અને પૂ. રતિલાલજી મહારાજ સુધીના બધા સંતોનું નામ ઉજ્જવળ કર્યું છે.

આ આગમ કાર્યની સાચી ગણના અને પરીક્ષા તો આવતી શતાબ્દીના વરસોમાં વધારે ને વધારે સારી રીતે થતી રહેશે, આજનું આ કામ સો વર્ષ પછી કેટલું મહત્ત્વપૂર્ણ બનશે તે વખતના વિદ્વાન, સમભાવી સંતો અને ઈતિહાસકારો ઉલ્લેખ કરશે ત્યારે સૌના મનમાં અહોભાવનો ઉદય થાશે.

આપ સૌ સ્વસ્થ રહી આ વિશાળ કાર્યને પરિપૂર્ણ કરવા સમર્થ બનો, એવા હાર્દિક આશીર્વાદ સાથે... **આનંદ મંગલમ્.**

**જયંત મુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

**"અનાદિનો અવળો કર્યો આતમરામે આયાસ......
પરમ પ્રાણ પામવાનો હવે કરીએ પ્રયાસ....! ! !**

**ઈન્દ્ર સમ ઐશ્વર્યવાન, અગ્નિ સમ ઉજ્જવળ, વાયુ સમ અપ્રતિબદ્ધ, ભૂતિપ્રજ્ઞ વ્યક્ત હું આત્મા છું,
સુધર્મથી મંડિત, મૌર્ય સમ શૌર્યવાન, અકંપિત અચલભ્રાતા સમ નિષ્કંપ જ્ઞાની હું મહાત્મા છું,
મેતાર્ય, પ્રભાસ, ગણધરાદિકૃત દ્વાદશાંગીમાં વર્ણવ્યો તેવો શુદ્ધ ચૈતન્યઘન હું અંતરાત્મા છું,
પ્રાણધારા નિજભાવમાં વહાવી જ્ઞાતા દૃષ્ટા બની જાઉં તો પરમપદ પામનાર હું પરમાત્મા છું,"**

પ્રિય પાઠક, સાધકગણ !

આપની સમક્ષ વિચાર પ્રધાન આચારના આયાસમાં અને અનેકાંત માર્ગના સાપેક્ષવાદને રજૂ કરનાર, આપ્તપુરુષોએ સ્વીકારેલો, અનુભવેલો, માન્ય કરેલો, વીતરાગદર્શનને પ્રદર્શિત કરતો, સાત અધ્યયનથી યુક્ત સૂત્રકૃતાંગ સૂત્રનો બીજો ભાગ, પ્રાણ આગમ બત્રીસીના અણમોલું નજરાણું બનીને પ્રસ્ફુટિત થઈ રહ્યો છે, તેનું અમે ગૌરવ અનુભવી રહ્યા છીએ.

પ્રથમ શ્રુતસ્કંધમાં દર્શનકારોની માન્યતાવાળા ત્રણસો ત્રેસઠ ભેદવાળા દાર્શનિકોનું વર્ણન સંક્ષેપમાં કરવામાં આવ્યું છે. તેનું વર્ણન યુક્તિપૂર્વક અહીં વિસ્તારથી કરવામાં આવ્યું છે. બીજા શ્રુતસ્કંધનું સંપાદન કરતાં આ સંપાદિકાને સાંદ્રોલ્લસિત ભાવ પ્રગટ થયો છે. આનંદઘનજીની ચોવીસીમાં લખ્યું છે કે –

**મત મત ભેદે જો જઈ પૂછીએ, સૌ સ્થાપે અહમેવ
અભિનંદન જિન દરિસણ તરસીએ.................
અહંકાર કેવું કાર્ય કરાવે છે તેનું દ્રશ્ય નિહાળીએ.**

આ યુક્તિ આ આગમમાં ચરિતાર્થ થઈ રહી છે. અનાદિકાળથી ગાઢ મિથ્યાત્વમાં રહેલા દિગ્મૂઢ જીવોનું દર્શન પરમાત્માએ પુષ્કરિણી–વાવથી કરાવ્યું છે. પુંડરીક કમળ સમા બની સંસારથી ઉપર ઊઠવાનો માર્ગ ધર્મ દ્વારા ઉપદેશી આપણને ઉગાર્યા છે. મહાન ઉપકાર છે અનંત તીર્થંકર પરમાત્માના તીર્થનો.

પ્રિય આત્મ બંધુઓ ! મેં પણ મારી મતિની નિર્મળતા પ્રમાણે તમારી સામે સંપાદકીયનો વિષય રાખ્યો છે– "પરમ પ્રાણ પામવાનો પ્રયાસ." તે કરવા માટે મેં મારા મતિજ્ઞાનના ઉપયોગને સજાગ કર્યો, ચાલો મારી સાથે દર્શનકારોના દર્શન કરી, તેના મત જાણી સત્યપથના પથિક બનીએ અને પરમ પ્રાણ પામવાનો પ્રયાસ કરીએ.

પાંચે ય ઈન્દ્રિય અને છઠ્ઠું મન તૈયાર થઈ ગયું. ભાવેન્દ્રિય સહિત અમારા સહયોગી

મિત્રો અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, અમે બધા સાથે મળી શ્રુતજ્ઞાનની પાંખે ઊડી સૂયગડાંગ સૂત્ર બીજા શ્રુતસ્કંધની સુચારુ ગદ્યાવલી, પદ્યાવલી રૂપી પૃથ્વી ઉપર, સૂત્રોના સુમનો ઉપર બિરાજીત થઈને જિનવાણીના અમૃતરસની મહેફીલ માણવા પહોંચી ગયા પહેલા પુંડરીક કમળવાળી પુષ્કરિણી– વાવમાં; તે વાવ અરિહંત પરમાત્માના શબ્દો દ્વારા દષ્ટાંત રૂપે રચાયેલી હતી. તે વાવ ચોતરફ કિનારાવાળી, કાદવથી લથપથ જલવાળી, અનેક રંગબેરંગી કમળોની શોભાવાળી અને મધ્યમાં શતપાંખડીથી સુશોભિત શ્વેતવર્ણી સુગંધી પુંડરીક કમળવાળી આકર્ષક હતી. તે કમળનો ઉચ્છેદ કરી પોતાના કબ્જામાં લેવા માટે આતુર બનેલા, ચારેય દિશામાંથી પોતાની જાતને વિદ્વાન, કુશળ, હોંશિયાર માનનારા, કમળ મેળવવા લાલાયિત બનેલા એક-એક પુરુષ, કિનારો છોડીને ચાલતાં પુંડરીક કમળથી દૂર રહી જતાં કાદવમાં ખૂંચી ગયેલા હતા. આજુબાજુમાં ઘણા-ઘણા કમળો હતા. તેની વચ્ચે તેઓ મોજમાણી રહ્યા હતા. એક પુરુષ યોગી મહાત્મા વાવના કિનારા ઉપર ઊભા રહીને શબ્દોચ્ચાર માત્રથી પેલા પુંડરીક કમળને આહ્વાહન આપી રહ્યા હતા. આવું દશ્ય તે વાવડીનું હતું. તેના અર્થ ગ્રહણ કરવાનું કામ મારા અવગ્રહ મિત્રે સંભાળ્યું અને ઈહાકુમારીને આ પુષ્કરિણીનું ઉદાહરણ રૂપક શું સૂચવે છે તેનો વિચાર વિનિમય કરવાનું કામ સોંપ્યું તેમજ નિશ્ચય કરવાનું કાર્ય કે હોંકારો ભણવાનું કાર્ય અવાય કુમારને સોંપ્યું, ધારણા દેવીને સ્મૃતિના કેમેરામાં ઉતારી લેવાનું સોંપ્યું, બધાએ મંજૂર કર્યું. પાંચ ઈન્દ્રિય છઠ્ઠું મન એવા અમારા બધાનું કાર્ય અમે ચાર જણાએ ચાર-ચાર રૂપ બનાવી સંભાળી લીધું. દશ્ય જોવાનું ચક્ષુઈન્દ્રિયે સંભાળ્યું, શબ્દને ઝીલવાનું શ્રોતેન્દ્રિયે, સુગંધ માણવાનું ઘ્રાણેન્દ્રિયે, તેમ રસ માણવાનું તથા પ્રશ્ન પૂછવાનું રસેન્દ્રિયે અને સ્પર્શ કરવાનું સ્પર્શેન્દ્રિયે અને વિચારવાનું કાર્ય મનોજ કુમારે સંભાળ્યું. ઈહાદેવીએ રસેન્દ્રિય(વાચા) દ્વારા વિચાર પ્રસ્તુત કર્યો.

**પરમ પ્રાણ પામવાનો પ્રયાસ પહેલો(પ્રથમ અધ્યયન) :–** શ્રોતાઓ સાંભળો ! આ અધ્યયનનું નામ **પુંડરીક** છે.

પુંડરીક = સ્વચ્છ, શુદ્ધ, કમળ, રાજા, શ્રેષ્ઠ વગેરે અર્થ થાય છે. આ રીતે સચિત્ત-અચિત્ત દરેક ચીજમાં જેટલી સુંદર વસ્તુ હોય, તેને પુંડરીક રૂપકથી સંબોધન કરાય છે અને જેટલી ચીજો ખરાબ હોય તેને કંડરીકના નામથી ઓળખાવાય છે.

પ્રસ્તુત અધ્યયનમાં પુષ્કરિણી–વાવમાં વનસ્પતિકાયમાંથી કાદવ કીચડના સંપર્કથી ઉત્પન્ન થયેલા શ્વેતવર્ણી વનસ્પતિકાયિક ઔદયિક ભાવવર્તી એકેન્દ્રિય પુંડરીક કમળને મુખ્ય કરીને દષ્ટાંત રજુ કર્યું છે. તેમાં અધ્યાત્મ ભાવમાં વર્તી રહેલ સુસાધુ શ્રમણ રૂપ ભાવ પુંડરીકનું વિસ્તારથી વર્ણન છે.

અવાય કુમારે માથું ધુણાવીને ઈહાકુમારીને કહ્યું– બરાબર, સત્ય પ્રમાણ, સાચું છે. ધારણાદેવી એ કેમેરા દ્વારા ચિત્ર ખેંચી સ્મૃતિના ખજાનામાં ગોઠવી દીધું. ઉપયોગે કહ્યું– આગળ ચલાવો, અવગ્રહે કહ્યું– આ વાવના દરેક પદાર્થનું વર્ણન રૂપક સહિત દર્શાવો. ઈહાકુમારીએ જે વિચાર કર્યા હતા તે રસનાદેવી દ્વારા વાક્યાવલીમાં ગોઠવાતા હતા.

શ્રોતાઓ સજાગ થઈ સાંભળવા લાગ્યા. ઈહાકુમારી કહે છે– વીતરાગ પરમાત્માએ ચૌદ રાજલોકના આ સંસારને પુષ્કરિણી–વાવ તરીકે દર્શાવી છે. તેના કિનારાને ધર્મ તીર્થ કહેલ છે. તે વાવમાં કર્મરૂપી પાણી અને વિષયભોગ રૂપી કીચડ ભરેલો છે. તેમાં અનેક જીવોના જન્મ મરણ થયા કરે છે. અનેક જનપદને રંગબેરંગી કમળો કહ્યા છે અર્થાત્ મનુષ્ય માત્રને કમળ કહ્યા છે અને તે બધા ઉપર શાસન ચલાવનાર પુંડરીક કમળને રાજા તરીકે ઓળખાવ્યા છે. મનુષ્યો પોતાના કર્માનુસાર જીવન ચલાવે છે. તેમાં કોઈ આર્ય-અનાર્યાદિ વૃત્તિવાળા જીવો હોય છે. આ સંસારમાં રાગ-દ્વેષ સિવાય બીજું દષ્ટિગોચર થતું નથી, તેથી જીવ ક્લેશ પામે છે. ત્યારે શાંતિ પામવા શ્રદ્ધાળુ જીવો સંસારના ત્યાગી મહાત્મા પાસે જાય છે. તેઓને તે મહાત્મા ઉપદેશ આપે છે. ઉપદેશ આપનાર વ્યક્તિ ક્યાં સુધી પહોંચેલી છે, તેની વિશુદ્ધિ અને ચારિત્ર પ્રમાણે શ્રોતા ઉપર છાપ પડે છે. વક્તા અને શ્રોતા સરખા વિચારના થઈ જાય છે, તે બન્ને પોતાના માર્ગની અનુકૂળતા શોધતા ફરે છે અને જીવન જરૂરિયાત પૂરી પાડે છે. આ સંસારરૂપી વાવમાં ચારેય દિશામાં આ રીતે જનપદ, રાજા, ઉગ્રકુળવંશાદિ પુત્રો, યુવાનો, વૃદ્ધો હોય છે. એમનું જીવન ઓઘસંજ્ઞાએ અને લોકસંજ્ઞાએ વ્યતીત થયા કરે છે.

**પૂર્વ દિશાનો પ્રથમ પુરુષ :–** આ નેતા પુરુષ તત્જીવ તત્શરીરવાદી છે. તેમની પાસે શ્રદ્ધાળુ લોકો આવે છે. પોતે પોતાને ન ઓળખતો હોવાથી, શરીર અને જીવ બંનેને એક સ્વરૂપે સમજનારો હોવાથી તેઓને તે નેતા તત્જીવ તત્શરીરવાદનો ઉપદેશ આપે છે– આ અમારો મત સાચો છે, કારણ કે આત્મા જુદો દેખાતો નથી. મ્યાન-તલવાર, તેલ-ખોળ, શેરડીના કૂચા અને રસ, મુંજ અને ઈષિકા, અરણી અને અગ્નિની જેમ શરીરથી જુદા આત્માને કોઈ દેખાડી શકતા નથી. મનુષ્યો મૃત્યુ પામે ત્યારે તે આત્મા ગોળ, લાંબો, ટૂંકો વગેરે કેવો છે ? તે પણ કોઈ જોઈ શકતું નથી, માટે શરીર તે જ જીવ અને જીવ તે જ શરીર છે. બંનેનો સાથે નાશ થઈ જાય છે, તેથી પરલોક નથી, માટે ખાઓ, પીઓ, સુઓ, આનંદ કરો. આવો છે તે પુરુષનો ચાર્વાક નાસ્તિક માર્ગ. શ્રદ્ધાળુ લોકો વિષયાંધ હોવાથી મન પસંદ વાત મળતાં, તે સ્વીકારે છે અને દુર્ગતિના કાદવમાં જન્મ મરણ કરે છે. આ પુરુષ નથી કિનારો પામનારો કે નથી શુદ્ધિ પામનારો. આ મતવાદી બિચારો દ્રવ્ય પ્રાણવાળા શરીરને જ ઓળખે છે, અવળો આયાસ કરે છે, માટે પરમ પ્રાણ પામવાનો પ્રયાસ કરી શકતો નથી.

**દક્ષિણ દિશાનો બીજો પુરુષ :–** આ નેતા પણ પાંચ મહાભૂતવાદી છે. તેમની પાસે શ્રદ્ધાળુ આત્માઓ આવે છે. તેને ઉપદેશ આપે છે કે– આ જગતમાં ક્રિયા-અક્રિયા, સુખ-દુઃખ, શાતા-અશાતા વગેરે વગેરે પાંચ મહાભૂતોને લીધે થાય છે. તે પાંચ મહાભૂત– પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ છે, આના સિવાય જગતમાં કાંઈ જ નથી. તેમાંય પણ બીજા આત્મષષ્ઠવાદી કહે છે કે પાંચભૂતમાંથી છટ્ઠો આત્મા ઉત્પન્ન થાય છે. પાંચ મહાભૂતોના વિનાશથી આત્માનો પણ વિનાશ થઈ જાય છે. માટે હે માનવ ! પાંચ મહાભૂતને સ્વીકારી સાચા એવા અમારે માર્ગે ચાલો, તે શાશ્વત ધર્મ છે. શ્રદ્ધાળુ લોકો તેને સ્વીકારીને વસ્ત્ર-પાત્રાદિ

આપે છે અને સાવદ્યક્રિયા કરી જીવો સંસારમાં રઝળે છે. તેઓ નથી કિનારે પહોંચી શકતા કે નથી પુંડરીક કમળને પામી શકતા; વચ્ચે રહી દુઃખી થઈ જાય છે... અવાય કુમારે હોંકારો ભર્યો– બરાબર છે.

**પશ્ચિમ દિશાનો ત્રીજો પુરુષ :–** તે પ્રવાદુક ઈશ્વરવાદી છે. આ જગત આખું દેખાય છે, તેનું કારણ એક ઈશ્વર છે. તેમની પાસે રાજા આદિ શ્રદ્ધાળુ થઈને આવે છે. તેને તે ઉપદેશ આપે છે– આ જગતમાં જીવોની જે વિવિધતા દેખાય છે, સુખી-દુઃખી, ગરીબ-તવંગર વગેરે દેખાય છે તે સર્વનું કારણ એક ઈશ્વર છે. જેમ કે– શરીરમાં ગૂમડા નીકળે છે, તે તેમાં જ ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે અને તેમાં જ સ્થિત રહે છે. જેવી રીતે ભૂમિ પર રાફડો, વૃક્ષ; જળમાં ભરતી, પરપોટો વગેરે જે જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં જ વૃદ્ધિ પામે અને સ્થિત પણ ત્યાં જ થાય છે. એવી જ રીતે ઈશ્વર બધું ઉત્પન્ન કરે, વૃદ્ધિ કરે અને સ્થિત કરે છે. એમ કહીને પોતે પોતાને નહીં જાણતો હોવાથી ઈશ્વરવાદી ધર્મની પ્રરૂપણા કરે છે. જેમ પીંજરામાં પૂરાયેલું પક્ષી ઉડી શકતું નથી તેમ ઈશ્વરવાદી લોકો પણ સત્કર્મ દ્વારા કર્મક્ષય કરી આ પાર કે પેલે પાર જઈ શકતા નથી.

**ઉત્તર દિશાનો ચોથો પુરુષ :–** આ નેતા પુરુષ નિયતિવાદી છે. જે થવાનું હોય તે જ થાય છે. તેમાં કાંઈ ફેરફાર કરી શકાતો નથી. તે વાત સજ્જડ ભાવે પોતાને મનમાં ઠસી ગઈ છે અને અનેક શ્રદ્ધાળુને તે ભાવો જડબેસલાક ઠસાવી; બધાના કર્મો, પુરુષાર્થ, બળ, પરાક્રમ ઢીલા પાડીને વિચરે છે. કાણા-કુબડા, સુરૂપ-કુરૂપ વગેરે જે થવાનું હોય તે જ થાય છે. તેમાં ઈશ્વર પણ કાંઈ જ કરી શકતા નથી, પાંચ મહાભૂત પણ કાંઈ કરી શકતા નથી. જે કાળે જે થવાનું હોય તે થયે જ છુટકો છે. આવી પ્રરૂપણા કરનાર, નથી પહોંચતા આ પાર કે નથી પહોંચતા પેલે પાર.

આ ચારે ય વિષય-કામભોગ રૂપ પંકમાં નિમગ્ન થઈને પુંડરીકને પ્રાપ્ત કરવામાં સફળ બની શકતા નથી. અવાયકુમારે હોંકારો ભણ્યો– બરાબર છે અને ધારણાદેવીએ ચારેય પુરુષનો ઈતિહાસ પોતાના કેમેરામાં ગોઠવી દીધો.

**પાંચમો પુરુષ : ભિક્ષુ :–** જ્ઞાની, મેધાવી, સંસારના સ્વરૂપને સમજી સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રને ધારણ કરનાર એવા યોગી અણગાર છે. તેઓ ધર્મના કિનારે ઊભા રહીને પેલા પુંડરીક કમળ સામે પોતાની ઊર્જાનું અનુસંધાન કરીને કહે છે– હે પુંડરીક કમળ પદ્મવર ! તમે કેવા મહાન છો. પ્રયાસ કરતાં-કરતાં ઉપર આવી ગયા છો. તમે ખુદ પુંડરીક છો. સ્પર્શ-સ્પર્શને પકડે છે તો તે સ્પર્શને છોડી તેનો જ સાથ સહયોગ માંગી વિશિષ્ટ પ્રકારનો પ્રયાસ કરો. એ... કર્યો અને પદ્મવર પુંડરીક કમળે બહાર નીકળી કિનારે આવી સંતના ચરણ પકડી લીધા. તેઓ સર્વવિરતિ ધર બની વિષયરૂપી કામભોગથી મુક્ત બની ગયા. આ ઉદાહરણ મતિજ્ઞાનના ઉપયોગમાં અવગ્રહકુમારે ગ્રહણ કર્યું. ઈહાએ સર્વની સમક્ષ ઉદાહરણનો મર્મ સમજાવ્યો. અવાયકુમારે હોંકારો ભણી તેનો નિશ્ચય કર્યો અને ધારણાદેવીએ તેનો પોતાના સ્મૃતિરૂપ કેમેરામાં સંગ્રહ કરી લીધો.

આ કમળરૂપ રાજાએ સંતના ચરણે જઈ પુંડરીક બનવા પ્રયાસ કર્યો. પહેલાં તેમણે તત્જીવ તત્શરીરવાદીની માન્યતાથી વિપરીત, આત્મા શરીરથી જુદો છે, તેમ અનુભવ્યું. પાંચભૂતને અજીવના રૂપમાં ગ્રહી, જીવ જુદો છે તેમ અનુભવી; ઈશ્વર પોતે જ આત્મા છે.

દરેકના દરેક આત્મા અલગ છે. કર્મના કારણે જીવ જન્મ ધારણ કરે છે; સ્વભાવ, કાળ, કર્મ, પુરુષાર્થ અને નિયતિ પાંચે સમવાયના સંયોગે કાર્ય થાય છે; નિયતિ માત્રથી જ કંઈ થતું નથી. આ રીતે સંપૂર્ણ પ્રયાસ સફળ થયો. જે એકાંતવાદ છોડી અનેકાંતમાં રમણ કરે છે તે પુંડરીક સમાન થઈ પરમ પ્રાણને પોતાના જ પ્રયાસથી પામી જાય છે.

આ રીતે પુષ્કરિણી–વાવનું દષ્ટાંત આપી ભગવાન મહાવીર સ્વામીએ શ્રમણ-શ્રમણીઓને ઉપદેશ આપ્યો. તે અધ્યયનનું સંપાદન કરી મારો મતિજ્ઞાનનો ઉપયોગ પરિવાર સહિત સંસાર અને સિદ્ધનું તુલનાત્મક જ્ઞાન કરી, મર્મ પામી આગળ વધ્યો.

આ રીતે પરમ પ્રાણ પામવાનો પ્રયાસ સિદ્ધ કરી, પેલા વિષયરૂપ કામભોગમાં મગ્ન બનેલા જીવોની દુર્દશા કેવી **ક્રિયાથી** થાય છે અને દંડ કેમ પામે છે તે જાણવા શ્રુતજ્ઞાનની પાંખે ઊડ્યો અને પહોંચી ગયો ક્રિયાનગરમાં..... ચાલો આપણે હવે ત્યાંનો મર્મ જાણીએ......

**પરમપ્રાણ પામવાનો પ્રયાસ બીજો(અધ્યયન બીજું) :–** મારો મતિજ્ઞાનોપયોગ શ્રુતની પાંખે ઊડીને ક્રિયાના અધ્યયનની આરામ ખુરશી ઉપર બિરાજમાન થયો. તેમણે અવગ્રહકુમારને કહ્યું– જુઓ આ છે– **ક્રિયા અધ્યયન,** તેનો અર્થ કહો. અર્થાવગ્રહ બોલ્યા– ક્રિયાના અનેક અર્થ થાય છે– હલન, ચલન, સ્પંદન, ધડકન, કંપન, વ્યાપારાદિ. વિશેષ અર્થ આપણા બહેન ઈહાકુમારી દર્શાવશે. ઈહાકુમારી બોલ્યા સાંભળો– આમ તો ક્રિયાના બે ભેદ થાય છે– દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા.

આ ક્રિયા જે સ્થાનેથી પ્રારંભ થાય તેને સ્થાન કહેવાય છે. અર્થદંડથી લઈને લોભ પ્રત્યયિક દંડ સુધી બાર પ્રકારના ક્રિયા કરવાના સ્થાન જે છે તે કર્મના બંધન કારક થાય છે, જ્યારે ઈર્યાપથિક સ્થાન તેરમું એક જ સ્થાન એવું છે કે જે કર્મબંધનને છોડવાનું સ્થાન બને છે અને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. માટે મુમુક્ષુઓએ કર્મબંધનનનાં **બાર સ્થાનોને** વિશિષ્ટ પ્રકારે જ્ઞ પરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડવા જોઈએ.

ઘટ-પટ વગેરેની ક્રિયાથી લઈને શરીરના અંત સુધીની સમસ્ત ક્રિયા **દ્રવ્યક્રિયા** કહેવાય છે અને ઉપયોગ સહિત કરવામાં આવતી ક્રિયાને **ભાવક્રિયા** કહેવાય છે.

તેર ક્રિયાસ્થાન પછી ધર્મપક્ષ અને અધર્મપક્ષનું વર્ણન આવે છે. પ્રાયઃ સર્વ લોકસમૂહ **અધર્મમાં** પ્રવૃત્ત હોય છે, છતાં કેટલાક જીવો ધર્મદેશના સાંભળી અધર્મમાંથી નીકળી ધર્મદેશના–ઉપદેશ પામી **ધર્મમાં** પ્રવૃત્ત થાય છે.

હે અવાયકુમાર ! ક્રિયાનો ક્ષય કરી જીવ મોક્ષમાં બિરાજમાન થાય છે, અક્રિય બની જાય છે. પોતાના સ્વભાવના અનંત ગુણોમાં રમણતા કરે છે. પરમ પ્રાણ પામવાનો આ પ્રયાસ છે. આ તેરમા સ્થાનની ક્રિયા કેવી હોય ? તેનો ધર્મપક્ષ કેમ બને ? તેનો તમારે નિર્ણય કરી, બાર સ્થાનનો ત્યાગ કરીને તેરમા સ્થાનમાં પ્રવેશ કરવાનો છે. અવાયકુમાર કહે– બરાબર. ધારણાદેવી તો સ્થિત જ થઈ ગયા અને પોતાના સંસ્કારમાં તેરમું સ્થાન સ્થિત કરી લીધું.

**પરમપ્રાણ પામવાનો પ્રયાસ ત્રીજો(અધ્યયન ત્રીજું) :–** મારો મતિજ્ઞાનોપયોગ પોતાના રસાલા સહિત શ્રુતજ્ઞાનની પાંખે ઊડીને **આહારપરિજ્ઞા**ના પલંગ ઉપર બિરાજમાન થયો. દસ

પ્રાણયુક્ત પાંચે ઇન્દ્રિય અને છઠ્ઠા મન સાથે જોડાયેલા મતિજ્ઞાનોપયોગે અવગ્રહને કહ્યું ભાઈ! આ છે આહાર પરિજ્ઞા. તેને તું ગ્રહણ કરીને તેના અર્થ દર્શાવ. અવગ્રહ કુમાર હસતાં–હસતાં આવ્યા, પ્રણામ કરીને બોલ્યા– આ અધ્યયનના અર્થ અદ્‌ભુત છે. ચરાચર જગતના સર્વ જીવો જેને જેટલા પ્રાણ મળ્યા હોય, તેની તે શક્તિ દ્વારા આ પુદ્‌ગલનું બાવલું બનાવવા-ટકાવવા પોત-પોતાની યોનિમાં ઉત્પન્ન થાય, વૃદ્ધિ પામે, સ્થિત થાય છે. તેઓ **પરિજ્ઞા** અર્થાત્ **પરિ** = ચારેય બાજુઓમાંથી, **જ્ઞા** = જાણીને, પોતાના યોગ્ય આહાર ગ્રહણ કરે, ખેંચે અને શરીર બનાવે. કાળધર્મ પામેલો જીવ કર્માનુસાર ઔદારિક, વૈક્રિય શરીર છોડીને એકલા તૈજસ્ કાર્મણ શરીરને લઈને એક સમયથી લઈને ચાર સમયમાં ફટાફટ ઉત્પત્તિ સ્થાનમાં પહોંચી જઈને જલદી-જલદી નવું શરીર બનાવવા યોનિસ્થિત પુદ્‌ગલોની વર્ગણાઓને ગ્રહણ કરે છે, તેને ઓજ આહાર કહેવાય છે. ત્યાર પછી જેવું શરીર બન્યું કે તુર્તજ તેની ત્વચા દ્વારા રોમ આહાર કરે છે અને પછી કવલ આહાર ગ્રહણ કરવા લાગી જાય છે, તેથી આ અધ્યયનનું નામ **આહાર પરિજ્ઞા** છે.

પુષ્કરિણીના દષ્ટાંતમાંથી જ્ઞાનોપયોગે આસ્તિક નાસ્તિકના ભેદ સમજીને આસ્તિક ભાવને સ્વીકારી જડ ચેતનના ભેદ પાડી ગંભીર રહસ્ય જાણી લીધું. જડની ક્રિયા જડમાં જ થાય અને ચેતનની ક્રિયા ચેતનમાં જ થાય છે. તેના બે ભેદથી લઈને અનેક ભેદની ક્રિયા જાણી લીધી. આ ક્રિયાથી જીવ કેવી ક્રૂર હિંસા કરીને સંસારમાં પરિભ્રમણ કરે છે તથા તે પરિભ્રમણમાંથી છૂટી ઈર્યા ક્રિયા દ્વારા પરમદર્શી પરમાત્મા કેમ બને છે, તે જાણ્યું. અહીંયા હિંસા કરનાર જીવો જુદાં જુદાં અનેક જાતનાં શરીરો મેળવે છે. તે શરીરનાં પોષણ માટે આહાર જોઈએ છે, તે આહાર, ઓજ, રોમ અને કવલરૂપ છે. આ આહાર કરીને જ્ઞ-પરિજ્ઞા વડે આહાર જાણીને કેમ આગળ વધે છે, તેનું બીયારણ કેવું છે? તે સઘળી વાત વિચાર વિમર્શ કરી ઈહાકુમારી સમજાવશે. સજાગ બનેલા ઈહાકુમારી પટ્ટાંગણમાં આવી ગયા અને વ્યાસ પીઠ શોભાવતાં બોલ્યા– આ બીયારણ ચાર પ્રકારનું છે– અગ્રબીજ, મૂલબીજ, સ્કંધબીજ અને પર્વબીજ.

**(૧) અગ્રબીજ–** વૃક્ષના ઉપરના ભાગમાં મોખરે બીજ હોય તે. જેમ કે તાડ વગેરે **(૨) મૂલબીજ–** મૂળ જ જેનું બીજ હોય તે. જેમ કે કમળકંદનું મૂળ વગેરે. **(૩) પર્વબીજ–** કાંતળીમાં જે બીજ રહે તે, શેરડી, નેતર વગેરે. **(૪) સ્કંધબીજ–** સ્કંધમાં જેનું બીજ હોય છે તે. જેમ કે શલ્લકી, વડ, પીપળો વગેરે. અવાયકુમાર બોલ્યા– બરાબર, તહેત વચન. ધારણાદેવી બોલ્યા– બીજના જ્ઞાનને બરાબર આ કેમેરાની ફિલ્મમાં મેં ઉતારી લીધું છે, હવે આગળ વર્ણન કરો.

ઈહાકુમારી બોલ્યા– આ લોકમાં પૂર્વાદિ દિશાઓ તથા વિદિશાઓમાં ચારે બાજુમાં ચાર પ્રકારના બીજ કાય હોય છે. તે બીજ કાયમાં તે તે પ્રકારના જીવ છે. જે-જે બીજ જે પ્રદેશમાં ઉત્પન્ન થવાની યોગ્યતા રાખે છે, તે બીજ તે ક્ષેત્રમાં પૃથ્વી ઉપર ઉત્પન્ન થાય છે અને તેના ઉપર સ્થિત રહે છે. તે જ પૃથ્વી ઉપર વૃદ્ધિ પામે છે. પૃથ્વી ઉપર ઉત્પન્ન થનાર તેના ઉપર સ્થિત રહેનાર તથા વૃદ્ધિ પામનાર તે જીવ કર્મને વશીભૂત બનીને, કર્મથી આકર્ષિત થઈને, વિવિધ પ્રકારની યોનિવાળી પૃથ્વીમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. પૃથ્વી ઉપર વૃક્ષ રૂપે ઉત્પન્ન થઈને તે

જીવ અનેક જાતિવાળી પૃથ્વીની ચીકાશનો આહાર કરે છે. ઉપરાંત તે જીવ અનેક ત્રસ-સ્થાવર જીવના શરીર અચિત્ત બનાવી દે છે. તે જીવો પ્રથમ આહાર કરેલા અને ઉત્પત્તિ પછી ત્વચા દ્વારા આહાર કરેલા પૃથ્વીકાયાદિ શરીરને પોતાના શરીર રૂપે પરિણત કરી દે છે. તે પૃથ્વીયોનિક વૃક્ષના બીજા શરીરો પણ વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને અવયવ રચનાથી યુક્ત તથા અનેકવિધ પુદ્‌ગલોથી બનેલા હોય છે. એમ તીર્થંકરોએ કહ્યું છે. આ પૃથ્વીની યોનિમાં વનસ્પતિનું બીયારણ ઉત્પન્ન થયું, એમ પ્રથમ ભેદ પૃથ્વીયોનિક વૃક્ષનો થયો. અવાયકુમારે કહ્યું– બરાબર... બરાબર.

ત્યાર પછી ઈહાકુમારી કહે કે– હવે અજબની બીજી વાત વિચારીને તમને કહેવા માંગું છું. કોઈ વનસ્પતિનો જીવ વૃક્ષયોનિક હોય છે, તેથી તે વનસ્પતિનું બીયારણ પેલું પૃથ્વીયોનિક જે વૃક્ષ ઊગ્યું હતું, તેમાં પોતાના કર્માનુસાર તે વૃક્ષમાં ઉત્પન્ન થાય છે, વૃક્ષમાં સ્થિત થાય છે અને તેમાં જ વૃદ્ધિ પામે છે. પૂર્વોક્ત પ્રમાણે વૃક્ષોમાં ઉત્પન્ન, ત્યાં જ સ્થિતિ અને વૃદ્ધિ પામનાર કર્માધીન તે વનસ્પતિ જીવો પોતાના કર્મથી આકર્ષિત થઈને પૃથ્વીયોનિક વૃક્ષોમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તેની ઉત્પત્તિમાં ઈશ્વર કે કાળ કારણ નથી, પરંતુ વૃક્ષનું શરીર ધારણ કરવામાં તેઓ દ્વારા કરેલા કર્મો જ કારણ હોય છે. એમ તીર્થંકર પરમાત્માએ ફરમાવ્યું છે.

વૃક્ષોની ઉપર ઉત્પન્ન થતાં તે વૃક્ષ યોનિક વૃક્ષ પૃથ્વી યોનિક વૃક્ષોના સ્નેહનો આહાર કરે છે. તેઓ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિના શરીરનો પણ આહાર કરે છે. તેઓ અનેક પ્રકારના ત્રસ-સ્થાવર જીવોના શરીરને પોતાના શરીરથી આશ્રિત કરીને અચિત્ત કરી દે છે અર્થાત્ તેઓના સચિત્ત શરીરનો રસ ખેંચીને તેઓને અચિત્ત કરી દે છે. અચિત્ત કરેલા તથા પહેલાં આહાર કરેલા અને છાલ દ્વારા આહાર કરેલા પૃથ્વી વગેરેના શરીરોને પચાવીને પોતાના રૂપમાં પરિણમાવી દે છે. તે વૃક્ષ યોનિવાળા વૃક્ષકાય જીવોના અન્ય શરીરો પણ હોય છે. તે અનેક પ્રકારનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા અનેક પ્રકારના આકારવાળા, અનેક પ્રકારના શરીર, પુદ્‌ગલોથી ઉત્પન્ન થાય છે. આ રીતે પૃથ્વી યોનિક જીવ વૃક્ષ રૂપે, પછી વૃક્ષયોનિક જીવ વૃક્ષરૂપે એમ બીજો ભેદ થયો.

આ પૃથ્વી યોનિક વૃક્ષ, પૃથ્વીનો આહાર કરે છે. વૃક્ષયોનિક વૃક્ષ, વૃક્ષના રસનો આહાર કરે છે. જે જેની ઉત્પન્ન થવાની જગ્યા હોય તે તેનો આહાર કરે છે. તે બધા જીવો કર્મના નિમિત્તે વૃક્ષોમાં ઉત્પન્ન થાય છે, સ્થિત રહે છે અને વધે છે. તે વૃક્ષયોનિવાળા જીવો વૃક્ષમાં મૂળરૂપે, કંદરૂપે, સ્કંધરૂપે, છાલરૂપે, કૂંપળરૂપે, પત્રરૂપે, પુષ્પરૂપે, ફળરૂપે અને બીજ રૂપથી ઉત્પન્ન થાય છે.

આ રીતે વૃક્ષના અવયવોના રૂપથી ઉત્પન્ન થયેલા તે જીવો, તે વૃક્ષ યોનિવાળા વૃક્ષોના સ્નેહનો આહાર કરે છે. મૂળથી આરંભીને બીજ સુધી જે જીવો હોય છે, તે પ્રત્યેક જીવો જુદા-જુદા હોવા છતાં એ જ રૂપે ત્યાં ઉત્પન્ન થાય છે. વૃક્ષનો સર્વાંગી વ્યાપક જીવ આ દસ પ્રકારના જીવોથી જુદા તરીકે વૃક્ષમાં ઉત્પન્ન થાય છે. પ્રારંભમાં વૃક્ષ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ સ્નેહથી તે દસ અવયવોના જીવો પોષણ મેળવે છે. પછી તેઓ પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ અને વનસ્પતિના

શરીરોનો આહાર કરે છે અને અનેક પ્રકારના ત્રસ-સ્થાવર જીવોના શરીરોને અચિત્ત બનાવે છે.

આ જ રીતે વૃક્ષથી ઉત્પન્ન થયેલા વૃક્ષ અથવા તેના આશ્રયે અધ્યારુહ રૂપે ઊગેલ વેલા-લતા વગેરે વનસ્પતિના શરીર અનેક વર્ણાદિવાળા હોય છે. તે જીવો પોતાના કરેલા કર્માનુસાર સુખ દુઃખ ભોગવે છે, પરંતુ તેમને ઈશ્વર કૃત સુખ કે દુઃખ હોતું નથી. અવાયકુમારે કહ્યું– બરાબર છે, તહેત વચન પ્રમાણ. નિષ્કર્ષ એ જ નીકળે છે કે વનસ્પતિના અગ્રબીજાદિ ચાર પ્રકારના બીજોથી ઉત્પન્ન થયેલ જીવો પૃથ્વીયોનિથી, વૃક્ષયોનિથી અને વૃક્ષ અધ્યારુહ યોનિથી ઉત્પન્ન થતાં ઓજ આહાર ગ્રહણ કરે, તેને વર્ણાદિરૂપ પરિણત કરે, વગેરે ક્રિયા કરીને ઉત્પન્ન થાય છે, સ્થિત રહે છે અને વૃદ્ધિ પામે છે. તેના માટે સ્થાવરાદિ જીવોનો નાશ કરતા જીવોનું પરસ્પર પોષણ થાય છે. આ રીતે જીવ જન્મ-મરણ કરે છે.

તીર્થંકરોએ કહેલ ઉપદેશનો વિચાર ઈહાદેવીએ યથાતથ્ય વર્ણવ્યો છે. તેનું વિશ્લેષણ નિર્ણયાત્મકરૂપે આપણે અધ્યયનથી વિચારશું. અહીં તો સંકેત માત્ર આપી, એટલું જ જાણશું કે જે રીતે પૃથ્વીયોનિક વનસ્પતિ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે જલયોનિક વનસ્પતિ પણ ઉત્પન્ન થાય છે. સર્વ જીવોનો ખોરાક દીર્ઘલોક વનસ્પતિ હોવાથી આ અધ્યયન અગ્રબીજાદિ વનસ્પતિથી આરંભીને તિર્યંચ પંચેન્દ્રિય સુધીમાં વર્ણવ્યું છે. આ રીતે કયો જીવ, કોના આશ્રયે ઉત્પન્ન થાય છે, તેનું વિસ્તૃત વર્ણન કરીને જીવને ચેતવણી આપી છે કે કોઈ ઈશ્વર અથવા પાંચ મહાભૂતાદિ આપણને ઉત્પન્ન કરતા નથી, પરંતુ સ્વયં આત્માએ કરેલા કર્મથી જ ઉત્પત્તિ અને વિનાશ થાય છે, તેથી તે સઘળી ક્રિયાનો કર્તા જીવ પોતે જ છે, માટે અનાદિનો કરેલો અવળો આયાસ છોડીને સવળો બની, પરમ પ્રાણ પામવાનો પ્રયાસ કરી લેવો જોઈએ.

તીર્થંકર ભગવાને એ જ ઉપદેશ આપ્યો છે. સંસારના સઘળા પ્રાણીઓ, સઘળા ભૂતો, સઘળા જીવો અને સઘળા સત્ત્વો અનેક પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાય છે. અનેક પ્રકારની યોનિઓમાં સ્થિત રહે છે અને અનેક પ્રકારની યોનિઓમાં વધે છે. તેમાં લીખ, જૂ વગેરે મનુષ્ય શરીર સંબંધી યોનિવાળા કહેવાય છે. તે જીવો મનુષ્યના શરીરનો આહાર કરે છે. આ સઘળા જીવોનું આદિ કારણ કર્મ જ છે. તેઓ સાવદ્ય આહાર કરવાથી નવાકર્મ બાંધે છે ને જન્મ-મરણનું ફળ ભોગવે છે, અસ્તુ...

હે નિર્ગ્રંથો...નિર્ગ્રંથીઓ ! તમે લીધેલા સંયમ માર્ગમાં નિર્દોષ આહાર પ્રાપ્ત કરી, સમિતિઓથી સમિત બની સંયમમાં યત્નવાન બનો, તો જ જીવન નિર્વાહ કરતાં આ મળેલા માનવ દેહથી સાધના દ્વારા સંયમની સાર્થકતા સર્જાશે અને પરમપ્રાણયુક્ત સ્વરૂપાનંદનો અનુભવ પ્રાપ્ત થશે. આ જ આ અધ્યયનનું શાસન, અનુશાસન છે, એમ અવાયકુમારે નિર્ણય આપ્યો અને ધારણાદેવીએ પોતાના સ્મૃતિરૂપી કેમેરામાં ફિલ્મ ઉતારી સ્થિત કરી લીધો.

**પરમપ્રાણ પામવાનો પ્રયાસ ચોથો (અધ્યયન ચોથું) :**– પ્રિય સાધક ગણ ! મારા મતિજ્ઞાનનો ઉપયોગ પોતાના સ્વજનોને લઈને શ્રુતજ્ઞાનની પાંખે ઊડીને આહારની ક્રિયા વિધિ જાણી લીધા પછી જન્મ-મરણના ફેરામાં ફરનાર જીવો પોતાના કરેલા કર્મો દ્વારા યોનિમાં ઉત્પન્ન થઈ શરીરનું

પોષણ કરતાં-કરતાં કર્મોની પરંપરા વધાર્યે જાય છે, તો પછી તેનો અંત ક્યારે થાય, તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા **પ્રત્યાખ્યાન ક્રિયા**ના ક્રીડાંગણમાં પ્રયાસ કરવા પહોંચી ગયો. અવગ્રહ કુમાર સાબદા થઈને પ્રત્યાખ્યાન ક્રિયાના નામને ગ્રહણ કરી અર્થ કરવા લાગ્યા. જુઓ...પ્રત્યાખ્યાન શબ્દનો સામાન્ય અર્થ કોઈ વસ્તુનો પ્રતિષેધ અથવા ત્યાગ કરવો, તેવો થાય છે. તેનો રહસ્ય ભર્યો અર્થ આ પ્રમાણે છે. જેમ કે– (૧) પાપાદિ કાર્યોનો ત્યાગ કરવાનો નિયમ, સંકલ્પ, નિશ્ચય કરવો. (૨) પરિત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરવી. (૩) નિંદા યોગ્ય કાર્યોથી નિવૃત્તિ લેવી. (૪) અહિંસાદિ મૂળગુણોમાં એવં સામાયિકાદિ ઉત્તર ગુણોમાં બાધક પ્રવૃત્તિઓનો યથાશક્તિ ત્યાગ કરવો. આ રીતે વિવિધ અર્થ થાય છે. હવે વિશેષ વિચાર-વિનિમય ઈહાકુમારી દર્શાવશે.

ઈહાકુમારી ઉપસ્થિત થયા અને બોલ્યા– સાંભળો... આ અધ્યયનમાં પ્રત્યાખ્યાન કરનારની ક્રિયા જ સાર્થક દર્શાવી છે. પ્રત્યાખ્યાન કરનાર વ્યક્તિને સંયત, વિરત, પાપકર્મને પ્રતિહત કરનાર કહેલ છે. તેના સિવાય સર્વ જીવો અપ્રત્યાખ્યાની છે. સંજ્ઞી કે અસંજ્ઞી જીવો મનથી, વચનથી કે કાયાથી પ્રત્યાખ્યાન ન કરનાર; કોરી ધાકોર વાતો કરનાર પોતાને પંડિત માનનારાઓને ગુરુકૃપા કે કોઈ ધર્મતીર્થનો સ્વીકાર કરવા માત્રથી, દેવ-ભગવાનના નામ લેવાથી, અધ્યાત્મની વાતો જોરશોર પૂર્વક કરવાથી, અનેકને ઉપદેશ દેવાથી, પાંચેય ઈન્દ્રિય વિષયના દરવાજા ખુલ્લા મુકવાથી, પંચમાં પૂછાવાથી, સારા એવા વક્તા બનવાથી કંઈ કર્મથી મુક્ત થવાતું નથી. બંધનોથી મુક્ત થવું હોય તો પ્રત્યાખ્યાન કરવાની જરૂરત હોય જ છે. તે પ્રત્યાખ્યાન, પ્રતિજ્ઞા, સંકલ્પબળ વધાર્યા વિના જીવ અનાદિની આદત છોડી શકતો નથી, જેથી પ્રત્યાખ્યાન લેવા અત્યંત જરૂરી છે. અવાયકુમાર બોલ્યા તહેત, સત્ય છે. **સેવં ભંતે... સેવં ભંતે.** હવે પ્રત્યાખ્યાનની વિશેષ વાતો અમને કહો. ઈહાકુમારી વિચારની મુદ્રામાં એક પછી એક વાત વિચારીને કહેવા લાગ્યા. સાંભળો...

ત્રીજા અધ્યયનના અંતમાં આહાર શુદ્ધિનો ઉપદેશ આપેલ છે. આહાર શુદ્ધિથી કલ્યાણની પ્રાપ્તિ થાય છે. કલ્યાણની ઈચ્છા રાખનારાઓએ આહાર વિશુદ્ધિ–પિંડેષણાનું સેવન કરવું જોઈએ. આહારની વિશુદ્ધિ પ્રત્યાખ્યાન વિના થઈ શકતી નથી, માટે જ તો આહાર શુદ્ધિના કારણભૂત પ્રત્યાખ્યાન ક્રિયાનો ઉપદેશ આપવા માટે આ ચોથા અધ્યયનનું નામ **પ્રત્યાખ્યાન ક્રિયા** છે. પ્રત્યાખ્યાનના મુખ્ય બે ભેદ છે– દ્રવ્ય પ્રત્યાખ્યાન અને ભાવ પ્રત્યાખ્યાન.

કોઈ દ્રવ્યના, અવિધિ પૂર્વક, કોઈ લક્ષ બાંધ્યા વિના, કોઈના નિમિત્તે પ્રત્યાખ્યાન કરવા, તે **દ્રવ્ય પ્રત્યાખ્યાન** છે.

આત્મશુદ્ધિના લક્ષે, મૂળ ગુણ કે ઉત્તર ગુણમાં બાધક હિંસાદિનો મન, વચન અને કાયાથી યથાશક્તિ ત્યાગ કરવો તે **ભાવ પ્રત્યાખ્યાન** છે. શુદ્ધ અંતઃકરણથી મૂળગુણ પ્રત્યાખ્યાન, ઉત્તરગુણ પ્રત્યાખ્યાન સાધુ-શ્રાવકને હોય છે.

**પ્રત્યાખ્યાન** સાથે **ક્રિયા** જોડાયેલી છે તેથી તેનો વિશિષ્ટ અર્થ આ પ્રકારે થાય છે– (૧) ગુરુ અથવા ગુરુ સમાન વડીલજન પાસે કે તીર્થંકર પરમાત્માની સાક્ષીએ વિધિપૂર્વક

ત્યાગ-નિયમ સ્વીકારવો. (૨) વ્રત-નિયમ તપનો સંકલ્પ કરવા સમયે તેની ધારણા કરવી, વચનથી વોસિરામિ બોલવું અને કાયાથી જેવું વ્રત સ્વીકાર્યું હોય તેવું પાળવું. આ રીતે આ અધ્યયનમાં ભાવ પ્રત્યાખ્યાન ક્રિયાનું નિરૂપણ છે.

પ્રસ્તુત અધ્યયનમાં સર્વ પ્રથમ અપ્રત્યાખ્યાનીનું કથન છે. તેના આત્માના પાપ દ્વાર સદૈવ ખુલ્લા રહે છે અને સતત પાપકર્મના બંધ પડતા જ રહે છે, તેથી તેને એકાંત અસંયત, અવિરત, પાપકર્મના પ્રતિઘાત કે પ્રત્યાખ્યાન ન કરનાર, એકાંત બાલ, હિંસકાદિ દર્શાવ્યા છે. તેના માટે બે દષ્ટાંત આપ્યા છે– સંજ્ઞીનું અને અસંજ્ઞીનું.

**સંજ્ઞીનું દષ્ટાંત આ પ્રમાણે છે–** મન, વચન અને કાયાને ધારણ કરનારને સંજ્ઞી કહેવાય છે. તે સંજ્ઞી પુરુષ હિંસક સ્વભાવવાળો છે. તેને એકદા રાજા સાથે વેર બંધાયું, તેથી તે રાજાને મારી નાંખવાનો મનથી આ પ્રમાણે વિચાર કરે છે– હું એવો અવસર શોધીશ, આ સમયે રાજમહેલમાં પ્રવેશ કરીશ અને આ રીતે રાજાને મારી નાંખીશ. આવા અવસરની રાહ જોતાં રાત-દિવસ હિંસાના વિચારમાં તત્પર રહે છે. રાજાની ઘાત કરી શક્યો નથી, તોપણ તે હિંસક જ છે, શત્રુ જ કહેવાય છે. તેમ જીવે અજ્ઞાનના કારણે બીજા જીવોની ઘાત કરી નથી, છતાં વિના પ્રત્યાખ્યાને તે હિંસક જ કહેવાય છે.

**અસંજ્ઞીનું દષ્ટાંત આ પ્રમાણે છે–** અસંજ્ઞી ત્રસ-સ્થાવર જીવો માટે પણ એક દષ્ટાંત આપ્યું છે. જેમ કે કોઈ પુરુષને કોઈ ગામનો નાશ કરવાનો ભાવ ઉત્પન્ન થયો. તે વખતે તેણે એમ ન વિચાર્યુ કે ગામમાં મારા ઘણા મિત્રો સ્વજન-સંબંધીઓ હશે તે પણ મરી જશે. તેણે તેના અજ્ઞાનના કારણે એટલું જ વિચાર્યું કે મારે ગામનો નાશ કરવો છે. તેણે ગામનો નાશ કર્યો ત્યારે ગામનો નાશ કરવાની ધૂનમાં ગામનો નાશ કરતાં, ગામવાસીઓનો નાશ કરી નાંખ્યો. ગામની સાથે ત્યાંના લોકો મૃત્યુ પામ્યા. તે પુરુષ ગામનો ઘાતક સહિત અનેક મનુષ્યોનો પણ ઘાતક કહેવાશે.

આધુનિક જમાનામાં કચરાપેટીમાં કચરો બાળવાની ઈચ્છાથી કોઈ વ્યક્તિ આગ મૂકે ને વિચારે કે કચરો બાળું છું. તેવા અજ્ઞાની સંકલ્પની સાથે કચરામાં રહેલા અનેક એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય જીવોનો નાશ કરે છે. આ રીતે જે લોકો પ્રત્યાખ્યાન કરતા નથી, તેઓને છકાય જીવોની હિંસાદિ ૧૮ પાપસ્થાનકના કર્મ બંધાય જાય છે, પછી તે ભલે સંજ્ઞી કે અસંજ્ઞી હોય.

પરમાત્માએ સર્વ જીવો પ્રતિ હિંસાદિ, કષાયાદિ, મિથ્યાદર્શનશલ્ય આદિ પાપથી વિરામ પામવાનો ઉલ્લેખ કર્યો છે. વર્તમાન કાળ સંબંધી પાપમય કૃત્યથી રહિત થાય તે **સંયત** કહેવાય છે. ભૂત અને ભવિષ્યકાળ સંબંધી પાપથી નિવૃત્ત થાય તે **વિરત** કહેવાય છે. વર્તમાનકાળ માં સ્થિતિ, અનુભાગ બંધનો નાશ કરે તે **પ્રતિહત** કહેવાય છે અને પ્રત્યાખ્યાન વડે પહેલાં કરેલા પાપોની નિંદા કરીને તથા ભવિષ્યમાં તે પાપ ન કરવાનો સંકલ્પ કરે તે **પ્રત્યાખ્યાત પાપકર્મ** કહેવાય છે. આવા પ્રત્યાખ્યાન કરનાર પ્રત્યાખ્યાની આત્મા જ સંયત-વિરત થઈને કર્મનો નાશ કરનાર થાય છે. તે ત્યાગી કેવા હોય તેનું વિશદ વર્ણન આ અધ્યયનમાં વાંચીને હે અવાયકુમાર! તમારે નિર્ણય કરવાનો છે. ખૂબ જ ઊંડાણથી આ અધ્યયનનો અભ્યાસ કરી,

નિર્ણય કરી, હે ધારણા દેવી ! તારે એને સ્મૃતિમાં ભરી, કલ્યાણના માર્ગમાં આગે કદમ ભરવાના છે. એમ ઈહાકુમારીએ વિચાર દર્શાવ્યો, અવાયકુમારે નિર્ણય કર્યો અને ધારણાએ સ્મૃતિમાં લીધું. પ્રત્યાખ્યાન ક્રિયાનો મહિમા ગાતાં ગાતાં અનાદિનો અવળો આયાસ છોડી પરમ પ્રાણ પામવાનો પ્રયાસ કરતાં બીજા ક્ષેત્રની સફર કરવા નીસરી પડ્યા.

**પરમપ્રાણ પામવાનો પ્રયાસ પાંચમો (અધ્યયન પાંચમું) :–** મારો મતિજ્ઞાનનો ઉપયોગ શ્રુત જ્ઞાનની પાંખે ઊડીને **આચારશ્રુત**ના સોફા ઉપર બિરાજમાન થયો.

ઉપયોગ બોલ્યો...લો...ભાઈ અવગ્રહકુમાર ! આચારશ્રુતના અર્થ દર્શાવો. અવગ્રહકુમારે આચાર શ્રુતના અધ્યયનને પકડી લીધું અને અર્થ દર્શાવવા લાગ્યો–

આચાર– આ + ચાર = ચાર વસ્તુની મર્યાદા. તે આ પ્રમાણે છે– (૧) જિનેશ્વરની આજ્ઞા (૨) જિનેશ્વર પ્રેરિત આરાધના (૩) જિનેશ્વરનું જ આલંબન (૪) જિનેશ્વરે બતાવેલ ચારિત્ર માર્ગનું આચરણ. પ્રભુની **આજ્ઞા** એવી છે કે સંયત-વિરત આત્માએ પાંચ મહાવ્રતને પાંચ સમિતિપૂર્વક પાળવા, ત્રણ ગુપ્તિપૂર્વક શ્રદ્ધા સહિત, વિધિ સહિત, ત્રણયોગની એકતા સાથે **આરાધના** કરવી. ચાર શરણાનું **આલંબન** લેવું. સતત તેનું **આચરણ** કરી અનુભૂતિ કરવી. દેહ અને આત્મા ભિન્ન કરીને આનંદ અનુભવી, પ્રસન્નતા કેળવવી. તેનું વિવેચન, તે ભાવના કેળવવાની પદ્ધતિ વિચારપૂર્વક ઈહાકુમારી સમજાવશે.

ઈહાકુમારી આવ્યા. નમસ્તે કહી વિચાર પ્રસ્તુત કરવા લાગ્યા.અવગ્રહકુમારે જે અર્થ કર્યો તે યથાતથ્ય કર્યો છે. પણ તેવો આચાર આવે ક્યારે ? બાધક તત્ત્વનો નાશ થાય ત્યારે. અનાદિકાળથી અનાચાર આચરવાની કુટેવ પડી છે, તેનો નાશ કરવા માટેના ઉપાયનો ઉપયોગ જ્યાં સુધી ન કરાય, ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રના આરાધક ન બની શકાય. માટે ઉપયોગ કરવાની રીતોને આ અધ્યયનમાં દર્શાવેલ છે.

આચાર શુદ્ધિ માટે અનાચાર છોડવા જોઈએ. તેના માટે નિર્મળ દૃષ્ટિ, શ્રદ્ધા, પ્રરૂપણા, માન્યતા ધરાવવી જોઈએ અને વાણી પ્રયોગ, વિચારીને સમજપૂર્વક, અનાચાર રહિત કરવો જોઈએ.

(૧) વીતરાગ પ્રરૂપિત રત્નત્રય રૂપ ધર્મમાં પ્રવ્રજિત સાધક સત્યાસત્યને સમજવામાં કુશાગ્ર બુદ્ધિમાન થાય. (૨) પ્રસ્તુત આચાર શ્રુત અધ્યયનના વાક્યોને હૃદયંગમ કરે. (૩) બ્રહ્મચર્ય સાથે સંબંધિત આચાર-વિચારને જીવનમાં ધારણ કરે. (૪) જ્ઞાન, દર્શન, ચારિત્રાચાર સંબંધી અનાચરણ કદાપિ ન કરે.

આ અધ્યયનની પદ્યાવલીમાં દર્શાવેલ લોક, અલોક, જીવની કર્મ વિચ્છેદતા, કર્મબદ્ધતા, વિસદશતા, આધાકર્મદોષ યુક્ત આહારાદિથી લિપ્તતા, પાંચ શરીરોની સદશતા આદિના સંબંધમાં એકાંત માન્યતા અથવા તેની પ્રરૂપણાને અનાચાર કહ્યા છે. માટે મતાગ્રહી, કદાગ્રહી, એકાંતપક્ષીય ન થવું જોઈએ. અંતમાં સાધુને એક જ વાત ખ્યાલમાં રાખવાની કહી છે કે એકાંતવાદનો પ્રયોગ છોડી, મિથ્યા ધારણા આદિ અનાચાર દોષ છોડીને દરેક કાર્યમાં સજાગ થઈ, સુજાણ બની, આચાર-અનાચારના સમ્યગ્જ્ઞાતા થઈને અનાચારનો ત્યાગ કરી, આચારના પાલનમાં નિપુણ

થવું તથા અભીષ્ટ લક્ષ્યને પ્રાપ્ત કરવું.

ઈહાકુમારીની વિવેચના સાંભળી અવાયકુમારે નિર્ણય પ્રસ્તુત કર્યો– વાહ...પ્રભુ...વાહ! વીતરાગનો માર્ગ અનેકાંત છે, સાપેક્ષ છે, વીતરાગવાણી અનંત-અનંત ભાવ ભેદથી ભરેલી છે, અનંત-અનંત નય-નિક્ષેપે વ્યાખ્યાની છે, જાણી તેણે જ જાણી છે. માટે મન-વાચા-વર્તન દ્વારા વિવેક પૂર્વક આચારમાં મૂકી સાદ્યંત જીવન શુદ્ધ કરી આત્મદષ્ટિને ધારણ કરવી જોઈએ. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી સંયમશીલ બની રહેવું જોઈએ. આ નિર્ણયને ધારણા દેવીએ સ્મૃતિપટ્ટમાં સંગ્રહિત કરી લીધો અને અનાદિના અવળા આયાસને કાઢી મારો ઉપયોગ પરમ પ્રાણ પામવાનો પ્રયાસ કરવા તત્પર બની ગયો અને પોતાના રસાલાને લઈને આર્દ્રકીયના નિવાસ તરફ ઊડ્યો.

**પરમપ્રાણ પામવાનો પ્રયાસ છઠ્ઠો(અધ્યયન છઠ્ઠું) :–** મારો મતિજ્ઞાનનો ઉપયોગ આવી પહોંચ્યો મગધ દેશના વસંતપુર નગરમાં, ત્યાં તેમણે એક કૌતુક જોયું. એક બાળક પોતાના પિતાને સૂતરના તાંતણાથી બાંધી રહ્યો હતો. પિતાજી મુક્ત થવા ઈચ્છતા હતા. પત્ની આ નિહાળી રહી હતી. અવગ્રહ કુમારે તેનો અર્થગ્રહણ કર્યો, તે બોલ્યો–

આ સંત દયાળું છે, જીવ રક્ષા કરનારા છે, છતાં એ ઉપાસના સિદ્ધ કરી શકતા નથી. એકલી આર્દ્રકતા કામ આવતી નથી, પણ સાથે ચારિત્રશીલતા જરૂરી છે. કેમ થયું હશે ? તેનો વિચાર તો ઈહાકુમારી દર્શાવશે. ઈહાકુમારી બોલ્યા– હા...હા...અવગ્રહ કુમાર ! તમારો અર્થ બરાબર છે, પરંતુ ઊંડાણથી વિચારતાં પ્રભુ વીતરાગના કર્મ સિદ્ધાંતની ગહનત સમજાય છે. વાત એમ છે કે આ જ વસંતપુરમાં એક સામાયિક નામના શ્રાવક, પત્ની બંધુમતી અને કુટુંબ પરિવાર સહિત જીવન વ્યતીત કરી રહ્યા હતા. તેઓ જૈન ધર્મને વરેલા હતા. પરિવાર સામાયિક કરવામાં પ્રેમાળ હતો. સામાયિક કરતાં વિશુદ્ધ પરિણામ થયા. રોજ ત્રણ મનોરથ ચિંતવતા આરંભ-પરિગ્રહનો ત્યાગ કરી સામાયિક શ્રાવકે સમંતભદ્રાચાર્ય પાસે દીક્ષા લીધી. તેમની પત્ની પણ આર્યા બની ગઈ. દીક્ષા લઈને તેઓ સંયમ તપથી આતમ ભાવના ભાવતાં વિચરવા લાગ્યાં.

એકદા પત્ની સાધ્વીને ગોચરી લેવા જતી જોઈને સામાયિક મુનિવરની ઉપાસના સ્ખલિત થઈ ગઈ. તેના અંતઃકરણમાં દબાયેલી વાસના ઉછળી, છતાંએ પ્રતિજ્ઞા જાળવી રાખી. અહીં સાધ્વી ગોચરી લઈને ગુરુકુળમાં આવી, ગુરુકુળ વાસી ગુરુબહેનોએ આહાર-પાણી કરી લીધા પછી પ્રવર્તિની સાધ્વી પાસે ઉપરોક્ત વાત કરી. પ્રવર્તિનીએ તેની વાત સાંભળી આ નિર્દોષ સાધ્વીને પોતાની પાસે બોલાવી. બહુ વાત્સલ્યભાવથી વાત કરી. પ્રતિજ્ઞા બદ્ધ થયેલી જ્ઞાની સાધ્વી મર્મ પામી ગઈ. તેણીએ વિચાર કર્યો કે મેં આવું સુંદર ચારિત્ર ગ્રહણ કર્યું છે, તેનો ભંગ થવા નહીં દઉં. તેનો ઉપાય એક જ છે કે સંલેખના કરવી. તે સાધ્વીએ સંથારો કરી, ચારિત્ર પ્રતિજ્ઞા પાળી, અતિચારોની આલોચના કરી, કાલધર્મ પામીને આરાધક ભાવે દસમા દેવલોકમાં ઉત્પન્ન થઈ.

અહીં આ સામાયિક મુનિવરને પણ ઉપરોક્ત હકીકતની ખબર પડી ગઈ. તેને દુઃખ થયું. તેમણે પણ પ્રાયશ્ચિત્ત કરી, દષ્ટિ દોષ નિવાર્યો અને આચાર્ય પાસે સંલેખના કરી, કાળના

અવસરે કાળ કરી, દસમા દેવલોકમાં ગયા. ત્યાં બંને મિત્ર દેવ તરીકે રહ્યા. નહીં જેવી કરેલી વાસનાની વૃત્તિથી ચારિત્રમાં સ્ખલના ઉત્પન્ન કરી, તેના પરિણામમાં તે જ ભવમાં મોક્ષ ન થયો પણ દેવલોક મળ્યો. ત્યાંથી ચ્યવીને સમાયિક મુનિના જીવે આર્દ્રક નગરમાં રિપુમર્દન નામના રાજાની આર્દ્રકવતી રાણીની કુક્ષીમાં પુત્ર રૂપે જન્મ ધારણ કર્યો અને બંધુમતીના જીવે વસંતપુરમાં ધનપતિ શેઠની સુકન્યા કામમંજરી રૂપે જન્મ ધારણ કર્યો. આર્દ્રકકુમાર મોટા થવા લાગ્યા.

એકદા રિપુમર્દન રાજાએ પોતાના મિત્ર શ્રેણિક મહારાજાને કેટલીક ભેટ સોગાદ મોકલી તે વખતે આર્દ્રકકુમારે પૂછ્યું– શ્રેણિક મહારાજને પુત્ર છે કે નહીં ? રાજાએ જવાબ આપ્યો કે તેમને ત્યાં અનેક કળામાં નિપુણ, બુદ્ધિમાન અભયકુમાર નામનો રાજકુમાર છે. તે જાણીને આર્દ્રકકુમારે પણ ભેટ મોકલી. આ ભેટ શ્રેણિક મહારાજાએ સ્વીકારી, અભયકુમારે પણ સ્વીકારી. રિપુમર્દન રાજાના સેવકનું સન્માન શ્રેણિક રાજાએ કર્યું. આર્દ્રકકુમારની મોકલેલી ભેટથી અભયકુમારે વિચાર કર્યો કે આર્દ્રક ભવ્ય અને શીઘ્ર મોક્ષગામી હોવો જોઈએ, જે મારી સાથે સ્નેહ રાખવાની ઈચ્છા ધરાવે છે. તેમણે પણ સામાયિકનું સવિધિપૂર્વકનું પુસ્તક, દોરાસહિત મુહપતિ, આસન વગેરે ધર્મનાં ઉપકરણો મોકલી આપ્યાં. આ ભેટ જોઈ આર્દ્રકને જાતિસ્મરણ જ્ઞાન થયું, દીક્ષા દેખાણી, દસમો દેવલોક દેખાયો. તેઓ પ્રતિબુદ્ધ થયા. રિપુમર્દન રાજાને ખ્યાલમાં આવી ગયો. આર્દ્રકકુમાર ક્યાંક ભાગી જશે, સાધુ બની જશે, તેથી પાંચસો યોદ્ધાઓની તેના મહેલમાં દેખરેખ માટે નિમણૂક કરી. આર્દ્રકકુમારે વિચાર કર્યો, હવે શું કરવું ? તેમણે એક તરકીબ અજમાવી.

એકદા રાત્રે અશ્વશાળામાં જઈ, એક અશ્વ ઉપર આરુઢ થઈ, યોદ્ધાઓનું ધ્યાન ચૂકવી આર્દ્રકુમાર નાસી ગયા. તેઓ એક નિર્જન સ્થાનમાં જઈ દીક્ષા ધારણ કરવા લાગ્યા. ત્યારે દેવોએ તેઓને સંકેત કર્યો કે તમારું ભોગાવલી કર્મ બાકી છે, પરંતુ ઉત્કૃષ્ટ વૈરાગ્યના યોગે તેમણે દીક્ષા લઈ લીધી. ગ્રામાનુગ્રામ વિચરતાં-વિચરતાં તેઓ વસંતપુર નગરમાં આવી ગયા. ત્યાંના ઉદ્યાનમાં પ્રતિમા ધારણ કરી તેઓ સ્થિત થયા.

તે ઉદ્યાનમાં પેલી કામમંજરી સહેલીઓ સાથે પતિ-પત્નીની રમત રમી રહી હતી. પેલા ઊભા રહેલા આર્દ્રક મુનિવરને જોઈ કામમંજરી બોલી ઊઠી– આ મારા પતિ થજો. એવું બોલી કે તુર્ત જ સોનામહોરની વૃષ્ટિ થઈ. રાજા મહોરો લેવા ગયા ત્યારે "આ કામમંજરીની મહોરો છે" તેવી દિવ્યવાણી સંભળાઈ. રાજાએ તેને અર્પણ કરી.

અનુકૂળ ઉપસર્ગ માનીને પેલા આર્દ્રક મુનિવર ત્યાંથી ચાલ્યા ગયા. આ બાજુ કન્યાને માટે અનેક માંગા આવ્યા. કામમંજરી બોલી કે હું તો તે મુનિરાજને વરી ચૂકી છું, હવે મને બીજા પતિ ન ખપે.

તેમણે દાનશાળા ખોલી. લોકો દાન લેવા આવવા લાગ્યા. એકદા આર્દ્રક મુનિવર પણ ભિક્ષા લેવા આવ્યા. પેલી કામમંજરી ઓળખી ગઈ, તેણી તેની પાછળ-પાછળ ગઈ. અંતે દેવના વચનો સાર્થક થયા, આર્દ્રક મુનિવરે સંયમ ભંગ કર્યો; ૧૨ વર્ષ ભોગાવલી કર્મ ભોગવ્યું. એક પુત્ર થયો. તેને યોગ્ય જાણી તેઓ દીક્ષા લેવા પાછા તત્પર થયા. કામમંજરીએ તેને રોકવા,

દીકરાને સંકેત કર્યો. પૂણી કાંતી જે સુતર બનાવ્યું હતું, તે હાથમાં લઈને પુત્રે તેને બાર આંટા વીંટી દીધા. આ અનુસંધાનનું કૌતુક તમે જોઈ લીધું. નહીં જેવી કરેલી વાસનાએ બાર વર્ષ સંસારના ખેલ ખેલાવ્યા અને પાછા બાર વર્ષ રહ્યા, એમ ચોવીસ વર્ષનો સંસાર ભોગવી પાછા આર્દ્રક, મુનિવર બન્યા. વિહાર કરી રાજગૃહી તરફ વિચરવા લાગ્યા. પેલા પાંચસો રક્ષક યોદ્ધાઓ તપાસ કરવા નીકળ્યા હતા. તેઓને આર્દ્રકકુમાર નહીં મળવાથી રાજાના ડરથી, તેઓ જીવન ગુજરાન ચલાવવા ચોર લૂંટારા બની ગયા હતા. આર્દ્રક મુનિવર ધ્યાન ધરી રહ્યા હતા. ત્યાં આ રક્ષકોએ તેમને જોઈ લીધા અને તેમને ઓળખી ગયા. તેમની સમક્ષ બધા આવ્યા. મુનિવરે તેઓને બોધ આપ્યો. તેઓએ દીક્ષા લીધી અને શિષ્યત્વ સ્વીકાર્યું. પાંચસો મુનિવરો આત્મભાવના ભાવતાં સંયમ-તપથી ભાવિત થતાં વિચરણ કરવા લાગ્યા. રસ્તામાં કોની-કોની સાથે વાર્તાલાપ થાય છે. તેનું વર્ણન આપણે જોશું.

અવાયકુમારે માથું ધુણાવ્યું– બરાબર છે. કરેલા કર્મ ભોગવવા જ પડે છે. હવે આગળ વાર્તાલાપ ચલાવો, બહુ રસ પડ્યો છે અમને. ઈહાકુમારી બોલ્યા– સાંભળો ત્યારે. આર્દક મુનિવર પૂર્વ ભવે સામાયિક અણગાર હતાં ત્યારે અભ્યાસ સારો એવો હતો, તેથી તેના જ્ઞાનની ધારણા બહુ સરસ શાંત અને પ્રવાદુકોને જવાબ આપી શકે તેવી સમ્યક હતી. તેઓને પ્રભુ પાસે પહોંચવાની જિજ્ઞાસા હતી, પરંતુ શનિની પનોતી નડે તેમ, ગુરુનો વિરોધી ગોશાલક તેમને મળ્યો. ગોશાલકને પોતાના મતવાળા ટોળા ઊભા કરવા હતા, તેથી આર્દ્રક પાસે આવીને કહ્યું– હે આર્દક ! તમે કઈ બાજુ જઈ રહ્યા છો ? આર્દ્રક મુનિવર બોલ્યા– ત્રિલોકીનાથ ભગવાન મહાવીર પાસે જઈ રહ્યો છું.

ગોશાલક– મેં મહાવીરને જોયા છે. તેઓ તો દંભી છે. જુઓ સાંભળો....તે મહાવીર પહેલાં ભિક્ષુના રૂપમાં એકાંત વાસમાં વસતા હતા, એકાકી વિહાર કરતા હતા, જ્યાં જાય ત્યાં એકલા જ ફરતા હતા. તેઓને એકલું રહેવું ન ગમ્યું તેથી માનવોના, શ્રમણોના ટોળા ઊભા કર્યા. પહેલાં તો તેઓ જે તે લુખ્ખો-સુકો આહાર કરતા હતા. હવે તો કેવો આહાર કરતા હશે ? કોણ જાણે ? આ બંનેમાં કેટલો વિરોધાભાસ લાગે છે. લોકો તો અજ્ઞાની છે તેથી તેની પાસે જાય પણ તમે સમજદાર વ્યક્તિ છો એટલે કહું છું– ત્યાં દંભી પાસે જવા જેવું કંઈ જ નથી.

જ્ઞાની આર્દ્રકમુનિએ કહ્યું– હે ગોશાલક ! આપ માનો છો તે બિલકુલ જૂઠું છે, કારણ કે ભગવાન પહેલા જેમ એકલા હતા, તેમ હવે સમૂહમાં પણ એકલા જ છે. તેઓ તો ફક્ત પોતાના અઘાતીકર્મ ક્ષય કરવા પુણ્યના ઉદયને ખપાવી રહ્યા છે. તેઓ નિસંગી, નિસ્પૃહી, વીતરાગ પરમાત્મા છે. આ રીતે પ્રત્યુત્તર આપી ગોશાલકને મૌન કરી દીધો. ગોશાલકે હજુ પણ પ્રશ્નોતરી ચાલુ રાખી. તે પ્રશ્નોત્તરી જાણવા જેવી છે. અદ્ભુત રહસ્ય આર્દ્રકના જવાબમાં ભર્યાં છે, તે તમે આગળ વાંચી નિર્ણય કરી લેશો. આર્દ્રક મુનિવર ગોશાલક મતનું પૂર્ણ ખંડન કરી, જૈનદર્શનનું મંડન કરી જૈનશાસનનો જયજયકાર કરી અવિચળ ભક્તિથી જલદી પ્રભુના ચરણમાં જવા ઈચ્છી રહ્યા હતા, તેથી આગળ વધ્યા.

અવાયકુમાર અને ધારણાદેવી વાત સાંભળી ચકિત થઈ ગયા. આર્દ્રક મુનિવર આગળ ચાલ્યા. ત્યાં રસ્તામાં તેમને શાક્ય ભિક્ષુઓ મળ્યા. તેઓએ પ્રશ્ન મૂક્યા અને સાથે કહ્યું કે પેલા ગોશાલકને તમે હરાવ્યો તે સઘળું કથન અમે સાંભળેલ છે. એ...ગોશાલો....એવો જ છે. તમે તેને સારું અને સાચું કહ્યું. બાહ્ય ક્રિયાકાંડથી કંઈજ થતું નથી. ખરેખર આંતરિક ક્રિયા જ કર્મબંધનનું કારણ છે અને અમારો સિદ્ધાંત પણ આ પ્રમાણે જ છે– કોઈ પુરુષ મ્લેચ્છ દેશમાં ગયા અને ત્યાં મ્લેચ્છો મારી નાંખશે તેમ જાણીને તેનાથી બચવા પોતાની પાસે એક ખોળનો પિંડ છે, તેને પોતાના વસ્ત્રથી ઢાંકી ત્યાં ઊભો રાખી પોતે જાન બચાવવા દોડીને ચાલ્યા ગયા. પેલા મ્લેચ્છો ત્યાં પહોંચ્યા અને અચેતન એવા ખોળ પિંડને જોતાં જ સમજ્યાં કે આ જ પુરુષ છે. તેમ માનીને તેને શૂળી દ્વારા વીંધી અગ્નિમાં રાંધી નાંખ્યો.

અથવા કોઈ પુરુષ તુંબાને નાનકડો કુમાર માની તેને પણ શૂળીમાં પરોવી વીંધીને પકાવે તો તે પુરુષ અજીવને જીવ સમજીને પચન પાચન કરતાં પ્રાણાતિપાતના પાપથી લિપ્ત થાય છે. આ અમારો મત છે. કેમ કે દ્રવ્ય પ્રાણાતિપાત ન હોવા છતાં પણ ભાવ પ્રાણાતિપાત થાય છે. માટે હે આર્દ્રક ! હિંસા કરનારાની મલિન મનોવૃત્તિ જ પાપનું કારણ છે. કહ્યું પણ છે કે **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो ।** ઈત્યાદિ. મન એ જ મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ બને છે.

માની લો કે કોઈ મ્લેચ્છ, ખોળપિંડ સમજીને જીવતા પુરુષને વીંધી નાંખે છે. તુંબડુ છે તેમ માનીને બાળકને વીંધી નાંખે, પકાવી દે તો પણ જીવ કર્મથી લેપાતો નથી. આ અમારો સિદ્ધાંત છે. તાત્પર્ય એ જ કે જીવતા જીવને અચેતન માની મારી નાંખે તો કર્મના લેપથી લેપાતો નથી, પાપ લાગતું નથી. આવું નિર્દોષ ભોજન બુદ્ધ ભગવાનના પારણા માટે યોગ્ય છે. જે પુરુષ આવું ભોજન બે હજાર શાક્ય ભિક્ષુઓને રોજ કરાવે તે મહાપુણ્ય સ્કંધ પ્રાપ્ત કરીને અત્યંત પરાક્રમી આરોપ્ય નામનો દેવ બને છે.

**આર્દ્રક મુનિવર :–** શાક્ય ભિક્ષુઓને કહે છે કે આપનો મત-સિદ્ધાંત સંયમવાન પુરુષોને અનુચિત જણાય છે, કારણ કે બળાત્કાર કરીને પ્રાણીઓની હિંસા કરવી તે પાપ જ છે. તે હિંસા પોતે કરી હોય કે કરાવી હોય કે કરતાં હોય તેને અનુમોદન આપ્યું હોય, તે ક્રિયા ધર્મ યુક્ત થઈ શકતી નથી. આપના આ અયોગ્ય મતનું જે કોઈ કથન કરે છે અને જે કોઈ સાંભળે છે તે બન્ને માટે અજ્ઞાન વધારનારું તથા દુઃખનું કારણ થાય છે.

ઊંચી, નીચી, તિરછી દિશાઓમાં રહેલા ત્રસ સ્થાવર જીવો માત્ર કે જેના લક્ષણમાં ચાલવું, હરવું, ફરવું અંકુર ફૂટવા વગેરે નજર સમક્ષ દેખાય છે. અનુમાન પ્રમાણથી, પ્રત્યક્ષ પ્રમાણથી જેનામાં જીવ દેહથી ભિન્ન રહેલો છે, એવું જાણીને જીવોની હિંસાના ભયથી શંકિત રહનારા અર્થાત્ હિંસાની ઘૃણા કરનારા, નિરવદ્યભાષા બોલનારા, કોઈ પણ જીવોની વિરાધના ન થાય તેવા વિચાર કરનારા, નિર્વદ્ય કાર્યના ચાહક એવા ઉત્તમ વિચારશીલ પુરુષોને જ કોઈપણ હિંસાનો દોષ લાગતો નથી.

હે ભિક્ષુઓ ! શાક્ય દર્શન આવું નિસ્સારપણું દર્શાવે છે, કારણ કે ખોળમાં પુરુષની કલ્પના, તુંબડામાં બાળકની કલ્પના, મૂરખ માનવ પણ ન કરી શકે અને પામર પ્રાણીને પણ તેવી કલ્પના થઈ શકતી નથી. માટે એવી કલ્પના જે કરે છે તે અનાર્ય છે.

મશ્કરીપૂર્વક આર્દ્રક મુનિવરે પેલાં શાક્ય ભિક્ષુઓને કહ્યું– આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવો તમારો સિદ્ધાંત છે. તમે તો જીવોના કર્મફળનો અત્યંત સુંદર વિચાર કર્યો છે. આપનો આ યશ પૂર્વ પશ્ચિમના સમુદ્રપર્યંત ફેલાઈ રહે છે. ઓ હો હો... તમે તો પુણ્ય-પાપની વિપરીત પ્રરૂપણા કરી રહ્યા છો !

આ રીતે આર્દ્રક મુનિવરે જડબેસલાક પ્રશ્નોત્તરી કરીને, શાક્ય ભિક્ષુઓની અનેક દલીલો સહિતની માન્યતાનું ખંડન કરીને આગળ બોલ્યા– પ્રતિદિન બે હજાર શાક્ય ભિક્ષુઓના ભોજન કાજે જાણતાં કે અજાણતાં અનેક ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરાય અને તે હિંસાથી યુક્ત ભોજન જમાડનારને સદ્‌ગતિ પ્રાપ્ત થાય, તેવું અંશમાત્ર માની શકાય નહીં, પણ તે દાતાની અધોગતિ થાય છે. તેવા દાતા તથા હિંસાકારી ઉપદેશ દેનારા વક્તા પરલોકમાં નરકગતિ પામે છે અને આ લોકમાં નિંદાને પાત્ર બને છે.

ભગવાન મહાવીરના સંતો તો પ્રાણીઓની વિરાધના ન થઈ જાય તેની કાળજીપૂર્વક સાવધાની રાખે છે; એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય પર્યંત દરેક જીવોની દયા પાળે છે; હિંસાનો ત્યાગ કરે છે; સાધુ નિમિત્તે બનેલા ઔદેશિક કે આધાકર્મી દોષોથી દૂષિત થયેલા આહારનો પણ ઉપભોગ કરતા નથી.

જૈન શાસનમાં સાધુઓનો અનુપમ ધર્મ આ જ છે અને મોક્ષ પ્રાપ્ત કરાવનારો આ જ ધર્મ છે. કોઈ તીર્થંકરોએ ક્યારેય માંસાહારને પ્રશંસ્યો નથી. તેવો આહાર ક્યારેય સમાધિ આપનાર નથી. જે સંતોને સમાધિ પ્રાપ્ત કરવી હોય તેઓ નિર્ગ્રંથ ધર્મમાં રહી આધાકર્માદિ રહિત, વિશુદ્ધ આહારની ગવેષણા કરી, સંયમના અનુષ્ઠાનોને પાળી સમાધિ પ્રાપ્ત કરી શકે છે, તેવો ઉપદેશ આપ્યો છે.

ત્યાર પછી આર્દ્રક મુનિવરે આગળ વિહાર કર્યો. ત્યાં વેદાંતી બ્રાહ્મણો મળ્યા. તેઓએ આર્દ્રક મુનિવરને રોકીને કહ્યું– વેદબાહ્ય એવા જૈનધર્મનો સ્વીકાર ન કરો. તમે ક્ષત્રિય પુત્ર છો તો અમારા જેવા વિદ્વાન બ્રાહ્મણોનું રક્ષણ કરો. વેદ કહે છે કે યજ્ઞ કરી, વિદ્વાન બ્રાહ્મણોને જે ભોજન કરાવે છે, તે સ્વર્ગ પ્રાપ્ત કરે છે. તેનો ઉત્તર આર્દ્રક અણગારે આપ્યો– હે વેદાંતીઓ ! આવો હિંસક આહાર કરનારનો કદાપિ મોક્ષ થતો નથી. અરે...સદ્‌ગતિ પણ મળતી નથી. ત્યાંથી આગળ વધ્યા તો સાંખ્યદર્શનવાળા મળ્યા. તેમણે ૨૪ સંખ્યામાં ધર્મ માન્યો, આત્માને કૂટસ્થ નિત્ય દર્શાવ્યો. પ્રકૃતિ જ પાપ-પુણ્ય બાંધે છે. આત્મા કંઈજ કરતો નથી. તેનો જવાબ આર્દ્રક મુનિવરે આપ્યો– આત્મા કર્મ કરે છે અને શુભાશુભ કર્મ પ્રમાણે ફળ પામે છે. આત્મા દ્રવ્યથી નિત્ય છે, પર્યાયે અનિત્ય છે. આ રીતે તે સાપેક્ષવાદને સ્થાપી આગળ વધ્યા.

ત્યાં રસ્તામાં હસ્તી તાપસો મળ્યા. બધાના ધર્મનું ખંડન કરી તમે પધાર્યા છો, તો

અમારો મત અપનાવો. અમે ક્યારેય નાની હિંસા કરતા નથી. ફક્ત એક વરસે એક હાથીને મારીએ છીએ. તેનું માંસ એક વરસ પર્યંત ચલાવીએ છીએ, તેથી અમે હિંસા કરનારા નથી. તેનો ઉત્તર આર્દ્રક મુનિવરે આપ્યો– તમારું આ પંચેન્દ્રિય હત્યાનું કૃત્ય પણ મહાપાપ કહેવાય છે. સંસારના ત્યાગી ભિક્ષુઓ ક્યારેય આવી હિંસા કરતા નથી, તે તો સર્વ જીવોને અભયદાન આપે છે અને ત્યારે જ તે સ્વયં અભય સ્વરૂપ બને છે.

આ રીતે બધા મતવાદીઓના મતનું ખંડન કરી આગળ વધીને આર્દ્રકમુનિ પ્રભુ ચરણોમાં પહોંચી પાંચ સમિતિપૂર્વક, ત્રણ ગુપ્તિ સહિત, છકાયના રક્ષક બની, જીવ દયા પ્રતિપાલક બની, સંયમ ધર્મનું પાલન કરવા લાગ્યા અને તપ કરી પૂર્વ કર્મ ક્ષય કરવા લાગ્યા.

જૈન અણગારનું સાધક જીવન કેવું હોવું જોઈએ તેનું પદે-પદે પરમાત્માએ જ્ઞાન કરાવ્યું છે. સંયમ-તપનું વિશુદ્ધ પાલન કરનાર સાધકને આ રોચક સંવાદ દર્શાવી કલ્યાણકારી માર્ગ દર્શાવ્યો છે.

આ રીતે ઈહાકુમારીએ તીર્થંકર માર્ગના ગુણગ્રામ કરી પ્રભુના માર્ગને બિરદાવ્યો, અવાયકુમારે આર્હત ધર્મ જ શ્રેષ્ઠ છે તેમ નિર્ણય દર્શાવ્યો. ધારણાદેવી તો તાજુબ થઈ ગયા. તેણીએ અણગાર ધર્મના સુસંસ્કારને સ્મૃતિના કેમેરામાં ગ્રહણ કરી લીધા. અન્ય ધર્મોના એકાંતવાદના આગ્રહનો આયાસ છોડી, સાપેક્ષવાદથી પરમ પ્રાણ પામવાનો પ્રયાસ કરી, મારો મતિજ્ઞાનનો ઉપયોગ ઉપશમભાવે શ્રુતજ્ઞાનની પાંખ ફફડાવી, આ ક્ષેત્રમાંથી વિદાય થઈ આગળ વધ્યો.

**પરમપ્રાણ પામવાનો પ્રયાસ સાતમો(અધ્યયન સાતમું) :–** મારા મતિજ્ઞાનના ઉપયોગે આર્દ્રકીય સંવાદ સાંભળી, વિચારી, વીતરાગ માર્ગને નમન કરી, જયનાદના નારા સાથે શ્રુતજ્ઞાનની પાંખે ઉડ્ડયન કરી, રાજગૃહ નગરના હસ્તિયામ વનખંડમાં, શેષદ્રવ્યા નામની જલશાળાની મધ્યમાં રસાલા સહિત ઉતારો કર્યો. બધા સ્વસ્થ હતા. છ છ અધ્યયનની ધારણા દ્વારા છએ ઈન્દ્રિયોને જ્ઞાનથી તૃપ્ત કરી કંઈક નવીન જાણવા ઉત્સુક બની રહ્યા હતા.

અવગ્રહકુમાર ચક્ષુઈન્દ્રિયને ઈશારો કરી કહી રહ્યા હતા કે જરા આ બાજુ જુઓ....કેવું રમણીય સ્થળ છે ? જલશાળાનો બાંધનારો લેપ નામનો ગાથાપતિ શ્રાવક, પંચમાં પૂછાય તેવો ન્યાય નીતિયુક્ત વ્યવહારકુશળ, સદાચારી, પરસ્ત્રીત્યાગી, બારવ્રતધારી **નાલંદીય** ગામમાં વસતો હતો. તેમણે ધનની મર્યાદા કરી અને શેષ દ્રવ્ય રહ્યું તેને ખર્ચ કરી તાપથી પીડાતા લોકોની તૃષા શાંત કરવા માટે, એક સુંદર પરબ બાંધ્યું, તેથી તેનું નામ **શેષ દ્રવ્યા ઉદકશાળા** રાખવામાં આવ્યું.

વળી અવગ્રહે કહ્યું– ચક્ષુસા બહેન હવે આ બાજુ જુઓ....કેવું સુંદર વનખંડ અને તેના મનહર ઉદ્યાનમાં ભગવાન મહાવીર વિરાજે છે અને ત્યાં એક ગૃહમાં બે સંત બિરાજે છે. તે સંત પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર, સુવર્ણ કાયાવાળા તપસ્વી ભગવાન ઈન્દ્રભૂતિ છે અને તેમની સામે વિનય પૂર્વક બેઠેલા, ત્રેવીસમા તીર્થંકર પારસનાથની પરંપરાના મેતાર્ય ગોત્રના ઉદક પેઢાલપુત્ર અણગાર નિર્ગ્રંથ છે. ચક્ષુઈન્દ્રિયે જોયું અને અર્થાવગ્રહ કુમારે અર્થ કર્યો, ત્યાર પછી બોલ્યો– તેઓ બંને વાર્તાલાપ કરી રહ્યા છે. આપણને જોવાથી દૃશ્યની ખબર પડી હવે વાર્તાલાપ

શું થઈ રહ્યો છે, તે આપની સખી શ્રોતેન્દ્રિયને બોલાવીએ. એમ કહીને તે બોલાવવા ચાલ્યો ગયો. શ્રોતેન્દ્રિયને કહ્યું સાંભળો– આ બંને સંત શું જ્ઞાન ગોષ્ટી કરી રહ્યા છે ?

શ્રોતેન્દ્રિય બોલી– તેઓ તત્ત્વ ચર્ચા કરી રહ્યા છે. મનોજ ભાઈને બોલાવીએ અને રસેન્દ્રિય બહેન સાથે જોડાય તો ખબર પડશે કે આ લોકો શું ચર્ચા કરી રહ્યા છે. બધા હાજર થઈ ગયા. સર્વ કાર્ય કર્તા મતિજ્ઞાનના ઉપયોગ પાસે આવી કરજોડી, પેલા બે સંતોની જ્ઞાનગોષ્ટિ સાંભળીને, વાચા દ્વારા અર્થ કરવા લાગ્યા. કોઈ શ્રોતા તો કોઈ વક્તા. જ્ઞાનગોષ્ટીની ગમ્મત જામી. ઈહાકુમારી વિચારોની વ્યાસપીઠ ઉપર બેસી વ્યાખ્યાન કરવા લાગ્યા.

સાંભળો....ગૌતમસ્વામીની સામે ઉદક પેઢાલપુત્ર પ્રશ્ન રાખે છે– વાત એમ છે કે હે આયુષ્યમન્ ગૌતમ ! કુમારપુત્ર નામના અણગાર આપના પ્રવચનનો ઉપદેશ આપી અનેક આત્માઓને વ્રત-પ્રત્યાખ્યાન આપી, શ્રમણોપાસક કે શ્રમણોપાસિકા બનાવે છે. પ્રત્યાખ્યાન આ પ્રકારના આપે છે કે ત્રસ જીવોની હિંસા કરવી નહીં. તો તે પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ કહેવાય ? મારા મતે તો તે પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ કહેવાય નહીં. ત્રસમાં રહેલા જીવો ત્રસકાય છોડી મરી જાય અને સ્થાવરમાં ઉત્પન્ન થાય, તો પછી તેને કેમ મારી શકાય ? આ વાત તો વિરોધ જનક થઈ જાય. પચ્ચખાણ જૂઠા પડે. તેથી મારા તર્ક પ્રમાણે કોઈને પચ્ચક્ખાણ કરાવીએ ત્યારે ત્રસભૂત જીવોને મારવાના પચ્ચક્ખાણ કરાવીએ, તો આ પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ બની જશે.

પેઢાલપુત્રે કહ્યું કે આયુષ્યમન્ ગૌતમ ! આ પ્રશ્નના ઉત્તર માટે આપનું કથન શું છે ? પ્રસન્ન- વદનવાળા શ્રી ગણધર ગૌતમ બોલ્યા– હે આયુષ્યમન્ ઉદક ! કુમારપુત્ર શ્રમણ કહે છે તે બરાબર છે, યથાતથ્ય છે, આર્ય વચન છે, અભય વચન છે, શાંત વચન છે. આપની માન્યતા બીજા જીવો માટે પરિતાપજનક દોષવાળી છે. જુઓ.... ભૂત શબ્દ લગાડવામાં આવે તો તેનો અર્થ એક સરખો જ થાય છે. તેમાં કંઈ ફરક પડતો નથી. ભૂત શબ્દ લગાડતાં અર્થ ભેદ થતાં હાનિજનક પણ બની જાય. જેમ કે કોઈ કહે આ નગરી **देवलोगभूया** તો અર્થ થશે દેવલોક જેવી નગરી છે. નગરી ખુદ દેવલોક નહીં બને. ત્રસભૂત કહીએ તો તેનો અર્થ નીકળશે કે ત્રસ જીવો જેવા અન્ય જીવોને મારવા નહીં, ત્રસને મારવા નહીં તેવો અર્થ નહીં રહે, તેથી આ તમારું મંતવ્ય અયથાર્થ છે. ગૃહસ્થ શ્રાવક ચોર વિમોક્ષણના ન્યાયે શક્ય તેટલા જીવોની દયા પાળી શકે છે પરંતુ સર્વ જીવોની દયા પાળી શકતા નથી.

ઉદક પેઢાલપુત્ર– તેનો અર્થ શું થાય ? ઈન્દ્રભૂતિ કહે છે– એક નગરમાં એકદા ત્યાંના રાજાએ શરદપૂર્ણિમાના દિવસે રાત્રે નગરજનોને નગર છોડી ઉદ્યાનમાં કૌમુદી મહોત્સવમાં આવવાનો આદેશ કર્યો. જો કોઈ નગરમાં રહી જશે તો તેને ફાંસીએ ચઢાવવામાં આવશે, તેવી ઉદ્ઘોષણા કરાવી. બન્યું એવું કે એક શેઠના છ દીકરા કામમાં વ્યસ્ત હોવાથી રાજાનો આદેશ ભૂલી ગયા. રાત પડી ગઈ. દરવાજા બંધ થઈ ગયા અને આ છ દીકરા નગરમાં રહી ગયા. રાજપુરુષોએ તેમને પકડી લીધા. રાજાએ આજ્ઞા ફરમાવી કે છએયને ફાંસીએ ચઢાવી દો. લોકો બિચારા જોતા રહ્યા. તે દીકરાના પિતાએ રાજા પાસે ખૂબ-ખૂબ અનુનય કર્યો. મારા દીકરાની

ભૂલ માફ કરો. રાજા નિર્ણય પર અફર(દઢ) રહ્યા. શેઠે કહ્યું– પાંચને છોડો, ચારને છોડો, રાજા કહે–ના, ત્રણને છોડો–ના, બેને છોડો–ના. આખરે શેઠે કહ્યું– એક વંશ વારસને બચાવો, નાથ! બચાવો. રાજા પીગળી ગયા, એક મોટાને છોડ્યો. પિતાના પાંચ પુત્ર ગયા તેનું દુઃખ ઘણું જ થયું પરંતુ એકને બચાવ્યાનું સુખ થયું. તેમ હે ઉદક પેઢાલપુત્ર ! સંસારી જીવો સંપૂર્ણ દયા પાળી શકતા નથી, તે અલ્પતમ દયા પાળી શકે છે, માટે ત્રસ જીવને મારવાનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા સંતો કરાવે છે, તે સુપચ્ચખાણ છે. તેમાં ભૂત શબ્દ લગાડવાની બિલકુલ જરૂરત રહેતી નથી.

ઉદકે કહ્યું– પ્રભો માનો કે સઘળા ત્રસ જીવો મરીને સ્થાવર થઈ જાય તો તે કોની દયા પાળે ? જે ત્રસના જીવ હતા તે જ સ્થાવર થયા છે. તો તેને આ દોષ નહીં લાગે ?

ગૌતમે કહ્યું– ઉદક ! તેવું ક્યારેય બનતું નથી. સઘળા ત્રસ જીવો સ્થાવર બની જાય અને સ્થાવરમાંથી સઘળા ત્રસ બની જાય તેવું કદાપિ ન જ બની શકે. જીવો તો અજર અમર છે. તેની ગતિ-નામ વગેરેની પર્યાય પલટાય છે તેથી તે ત્રસ કે સ્થાવરમાં જાય છે. ચારગતિ શાશ્વતી છે. બધા જ સ્થાવર થતા નથી, પરંતુ પ્રત્યાખ્યાન કરનારા સર્વવિરતિ અણગાર સંપૂર્ણ પ્રત્યાખ્યાન કરે છે. તેઓ જાવજીવનું ચારિત્ર ગ્રહણ કરે છે. કદાચિત્ તેઓ ચારિત્રમાં ઢીલા પડી ગયા અને પાછા હે ઉદક ! તે ચારિત્રવાન સાધુ સંસારમાં આવે ખરા ? હા પ્રભુ ! આવે ખરા. તો હે ઉદક ! તે સંસારમાં આવ્યા પછી ગૃહવાસ ચલાવે ખરા ? ત્યારે તેના નિયમો ક્યાં ચાલ્યા જાય ? તેઓ પહેલા ગૃહસ્થી હતા, પછી સંત બન્યા, પછી ગૃહસ્થી બન્યા ત્યારે સંસાર ચાલુ થઈ જાય છે. તેમ ત્રસકાયને મારવાના પચ્ચક્ખાણવાળા ત્રસકાય પૂરતા જ નિયમ પાળે છે. તે જ જીવો સ્થાવર થઈ જાય પછી તેના પચ્ચક્ખાણ તૂટતા નથી. શ્રમણોપાસકના નિયમ માત્ર અવધિ-વાળા(સીમાવાળા-મર્યાદાવાળા) હોય છે. તેમાં ક્ષેત્ર, કાળ અને ભાવથી તેમજ દ્રવ્યથી, જે કાય-વાળા જીવોને, મારવાના જે રીતે પચ્ચક્ખાણ કર્યા હોય, તે રીતે પદાર્થ કે જીવ જે પર્યાયમાં હોય, ત્યાં સુધીના નિયમ હોય છે, માટે ગૃહસ્થને જે રીતે પ્રત્યાખ્યાન કરાવવામાં જે શબ્દો છે, તે યથાવત્ યોગ્ય છે. તેમાં જરાય અધિક મેળવવાની જરૂરત નથી. આ પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ છે. એવા અનેક દષ્ટાંત આપીને ઈન્દ્રભૂતિ ગણધરે ઉદક પેઢાલપુત્રની જિજ્ઞાસાપૂર્વકની દલીલને યુક્તિ–પ્રયુક્તિપૂર્વકના પ્રશ્નોના જવાબ આપીને પ્રત્યાખ્યાનનો મહિમા દર્શાવીને યોગ્ય સમાધાન કર્યું. તે સમાધાન પેઢાલ પુત્રના અંતરમાં વસી ગયું અને ચાતુર્યામ ધર્મ બદલાવી પ્રભુ મહાવીરના શાસનમાં આવી પંચમહાવ્રત–સપ્રતિક્રમણ ધર્મયુક્ત નિર્ગ્રંથપણું સ્વીકાર્યું. આવો કદાગ્રહ રહિત સમર્પણ ભાવનું સૂચન કરાવતો સંવાદ, ભાવપૂર્વક વાંચો તો કલ્યાણનો માર્ગ સુશોભિત બની જાય. આ છે– જિજ્ઞાસાપૂર્વક કરેલા સવાલો અને પ્રેમ પૂર્વક આપેલા સમાધાન આપતા જવાબો.

આસન્ન મોક્ષગામી, તદ્ભવ મોક્ષગામી જીવો ભદ્રિક પરિણામી હોય છે. સમાધાન થતાં સાચા રાહ પર આવી, જીવન શુદ્ધિ કરી મોક્ષે ચાલ્યા જાય છે. આવા સુંદર સંવાદનું દશ્ય અમારા મતિજ્ઞાનના પરિવારે જોયું, સંવાદ સાંભળ્યો, તેઓ શીતલીભૂત થઈ ગયા, આનંદથી મહેકી ઊઠ્યા. અવગ્રહકુમારે અર્થ જાણ્યા, ઈહાકુમારીએ ગૌતમ અને ઉદક પેઢાલપુત્રનો સંવાદ

વિચારીને રજૂ કર્યો. અવાયકુમારે નિર્ણય આપ્યો અને ધારણાદેવીએ તો સંપૂર્ણ વૃત્તાંત સ્મૃતિના કેમેરામાં સ્થિત કરી દીધો. તેના સ્મૃતિ ભંડારમાં બીજા શ્રુત સ્કંધના સાતેય અધ્યયન આ રીતે સાકાર થયા. પહેલા પુષ્કરિણી વાવમાં રહેલ **પુંડરીક** કમળ સમાન ધર્મયુક્ત સંત પુરુષ બનવા દેહાધ્યાસમાંથી નીકળી, પાંચભૂતના બાવલાને છોડી, કોઈ ઈશ્વરને આરોપિત નહીં કરતાં, આત્મા પોતે જ પોતાનો ઈશ્વર છે તેમ સ્વીકારી, એકાંત નિયતિના ભાવોને ત્યાગી, દેહાતીત દશા કેળવતાં, ૧૨ ક્રિયાના સાવદ્ય યોગના અધર્મ પક્ષના ભાવોના ભવો છોડી, ઈરિયાવહિ ક્રિયાને શુદ્ધ આરાધી, નિર્દોષ **આહારનું પરિજ્ઞાન** કરી, નિર્દોષ આહારથી સંયમ નિભાવી; કર્મક્ષય કરાવનાર **પ્રત્યાખ્યાનક્રિયા** પાળી; અનાચાર ત્યાગી, **આચારવાન** બની; **આર્દ્ર** ભાવે ભીંજાઈ મૃદુતા કેળવી; **નાલંદીય** નહીં બનતાં આનંદનું આલંદીય બની અર્થાત્ સર્વ કર્મોનો ક્ષય કરવાની પ્રતિજ્ઞાને ધારણ કરી, આત્મભાવની શુદ્ધ ક્રિયા અજમાવી, શુક્લધ્યાનમાં જવાની સમાધિ પ્રાપ્ત કરવા માટે અનાદિનો અવળો આયાસ છોડી, પરમ પ્રાણ પામવાનો પ્રયાસ આદરી, પ્રતિજ્ઞા લઈને મારો મતિજ્ઞાનનો ઉપયોગ શ્રુતજ્ઞાનની પાંખે ઊડીને, ઘણું સંપાદન કરી, પાછો ફર્યો અને મારામાં સમાઈ ગયો...અસ્તુ...

**આભાર–ધન્યવાદ–સાધુવાદ :–**

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતો અણમોલ દિવ્ય અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતિલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત–નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવ ભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને મારી શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી સંસ્કરણના ઉદ્ભવિકા, ઉત્સાહધરા, નિપુણા, કાર્યનિષ્ઠા, ઉગ્ર તપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** સ્મરણ સાથે ધન્યવાદ અર્પું છું.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી બાઈ મ., હસુમતી બાઈ મ., વીરમતી બાઈ મ. સહિત સેવારત રેણુકાબાઈ મ. આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

આ સૂત્રના અનુવાદિકા છે પ્રવચન પ્રવરા વિદુષી અમારી સુશિષ્યા ઉર્મિલાશ્રી. પરમ ઉપકારી તપોધની તપસ્વીરાજની કૃપાથી શ્રમણી વિદ્યાપીઠના હોંશિયાર વિદ્યાર્થિની થઈ, પ્રિય પાત્રી

બની રહ્યા હતા. તેઓએ આ સૂત્રનો ગુજરાતી અનુવાદ કરવાનો પ્રશંસનીય પુરુષાર્થ કર્યો છે, તેનું અમને ગૌરવ છે. અમે મુક્ત–લીલમ ગુરુણી ભાવનાશીલ ભાવે શુભેચ્છા પાઠવીએ છીએ કે આગમ અનુસાર આપ યથાર્થ સાધકદશા કેળવી સ્વ સ્વરૂપમાં સમાય જવાનો પુરુષાર્થ કરો. પામેલા પમાડી શકે તો સ્વ-પરને સ્વરૂપ પમાડવાનું નિમિત્ત બનો; તેવી અંતઃકરણની મંગલ ભાવના.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહસંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વી રત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** અને સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં કુમારી ભાનુબહેન પારેખને તથા સુંદર અક્ષરોમાં સંપાદકીય લેખ લખી આપનાર કુમારી યોગનાબહેન મહેતાને ધન્યવાદ.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજયાબહેન તથા ભક્તિસભરહૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રુતસેવાસંનિષ્ઠ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી મહેન્દ્રભાઈ આદિ સર્વ સભ્યગણ; વિનુભાઈ, ધીરુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી કાર્યકરો, આગમના શ્રુતાધાર બનનારને અને અન્ય દાનદાતા મહાનુભાવોને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો કે પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય, તેનો ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. नमामि सव्व जिणाणं–खमामि सव्वजीवाणं ।

**બોધિબીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત–લીલમ" તણા તારક થયા,**
**એવા ગુરુણી "ઉજમ–ફૂલ–અંબામાત"ને વંદન કરું છું ભાવ ભર્યા;**
**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય, તો માંગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના.**

**પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના**
**સુશિષ્યા –આર્યા લીલમ**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

અન્ય દાર્શનિકોના અભિપ્રાયનું વિશદ્પણે દર્શન કરાવીને સાધકને આત્મદર્શનમાં સ્થિર કરતું શ્રી સૂયગડાંગ સૂત્ર દ્વાદશાંગીમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

પ્રકાશને જાણતા પહેલા અંધકારની જાણકારી જરૂરી છે. પુણ્યનો સ્વીકાર કરતા પહેલા પાપસ્થાનનું જ્ઞાન અનિવાર્ય છે. સંવર કે નિર્જરાની આરાધના પહેલા આશ્રવનો ત્યાગ જરૂરી છે તે જ રીતે સર્વ વૈભાવિક ભાવોથી દૂર થઈને સ્વભાવમાં સ્થિર થવા માટે કટિબદ્ધ થયેલા સાધકોને અન્ય દાર્શનિકોના અભિપ્રાયો, તેની ખૂટતી કડીઓ અને વીતરાગ દર્શનની વિશિષ્ટતા જાણવી અનિવાર્ય છે. જ્યારે પ્રકાશની અનુભૂતિ થાય ત્યારે અંધકાર સહેજે છૂટી જાય તેમ વીતરાગદર્શનની પૂર્ણતાની અનુભતિ થાય ત્યારે સાધકનો ઝૂકાવ સહજ પણે તેમાં થઈ જાય છે, પરંતુ તેમાં આવશ્યકતા છે– સ્વદર્શન અને પરદર્શનના યથાર્થ જ્ઞાનની.....

સાધકોની શ્રદ્ધાની દઢતામાં અને ચારિત્રની સ્થિરતામાં સહાયક બની શકે તેવા શ્રી સૂયગડાંગ સૂત્ર ભાગ–રના સંપાદનમાં સ્વ-પર દર્શનની માન્યતાને યથાર્થ રૂપે વાચકો સમક્ષ પ્રગટ કરવાનું લક્ષ નજર સમક્ષ રાખ્યું છે. બીજો શ્રુતસ્કંધ કદમાં નાનો છે, પરંતુ દાર્શનિક દષ્ટિએ અત્યંત મહત્ત્વનો છે. તેમાં પ્રાયઃ ષટ્દર્શનના ભાવો સમાયેલા છે.

આગમના સૂત્રો તથા ગાથા અત્યંત સંક્ષિપ્ત હોવાથી કેવળ શબ્દાર્થ કે ભાવાર્થથી વાચકો સૂત્રકારના આશયને સજી શકતા નથી. અમે શ્રી અભયદેવસૂરિ કૃત વૃત્તિનું અવલોકન કરીને અને પૂર્વ પ્રકાશિત આચાર્યોના પ્રકાશનોના આધારે પ્રાયઃ દરેક સૂત્રોને ષટ્દર્શનના અભ્યાસ પૂર્વક સંદર્ભ સહિત સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. જેથી જૈન ધર્મની અને અન્ય દર્શાનિકોની વાસ્તવિકતા યથાર્થ રૂપે પ્રગટ થઈ જાય છે.

છટ્ઠા 'આર્દ્રકીય' અધ્યયનમાં આર્દ્રકુમારના પૂર્વભવ સહિતનું કથાનક વ્યાખ્યા ગ્રંથના આધારે આપ્યું છે.

મૂળપાઠનું સંશોધન કરતાં ભિન્ન–ભિન્ન પ્રતોમાં ક્યાંક પાઠ ભેદ જણાય છે. જેમ કે પ્રથમ 'પુંડરીક' અધ્યયનમાં અધર્મપક્ષનું અનુસરણ કરનારા જીવોની ભવપરંપરાનું કથન છે. તેમાં ઘણી પ્રતોમાં **एलमूयत्ताए तमूयत्ताए, जाइमूयत्ताए...**આ પ્રકારનો પાઠ ઉપલબ્ધ છે, પરંતુ એક જ ભાવના સૂચક ત્રણ શબ્દોને જોતાં **एलमूयत्ताए** ની સાથે પછીના બે શબ્દો જોડાઈ ગયા હોય, તેમ લાગે છે, કારણ કે દશવૈકાલિક સૂત્રમાં પણ કિલ્વીષી દેવ ભવાંતરમાં મૂક બકરાપણે જન્મ ધારણ કરે છે. તે પ્રમાણે કથન છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશિત સૂયગડાંગ સૂત્રના પ્રસ્તુત

પાઠની ટિપ્પણમાં **एलमूयत्ताए...**પાઠ છે. તેથી પ્રસ્તુત સંસ્કરણમાં **तमूयत्ताए, जाइमूयत्ताए** બે શબ્દોને કૌંસમાં રાખ્યા છે.(અધ્યયનન–૧ સૂ. ૧૭)

અધ્યયન–૧ સૂ. ૫૫માં અણગારોની ઉપમાનું વર્ણન છે. વ્યાખ્યા અને ચૂર્ણિગ્રંથોમાં ઔપપાતિક સૂત્રના અતિદેશપૂર્વકનું સંક્ષિપ્ત કથન છે. મૂળપાઠમાં સંપૂર્ણ પાઠ ઔપપાતિક સૂત્રાનુસાર છે. તેમ છતાં તેના ક્રમમાં ભેદ છે અને **आदरिसफलगा इव पागडभावा...** આ એક ઉપમા લિપિદોષ વગેરે કોઈ પણ કારણથી છૂટી ગઈ હોય તેવી સંભાવના છે.

આ રીતે ગુરુકૃપાએ ક્ષયોપશમ પ્રમાણે સંશોધન પૂર્વક મૂલપાઠ, સૂત્રના શબ્દાર્થ, ભાવાર્થ અને અવશ્યકતાનુસાર વિવેચનનું સંપાદન કાર્ય કરીને આગમના ભાવોને સરળ, સુગમ અને સ્પષ્ટ કરીને વાચકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે.

અમારા અનંત ઉપકારી તપોધની ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા.ની અનન્ય કૃપા તથા પરોક્ષ પ્રેરણાથી જ એક-એક આગમનું સંપાદન કાર્ય અમારાથી થઈ રહ્યું છે.

આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા.ના વિશાળ આગમ જ્ઞાન પ્રકાશે, સંયમ શિરોમણિ મુખ્ય સંપાદિકા ભાવયોગિની ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ.ની નિત્ય નૂતન પ્રેરણાથી, નિશદિન તન-મનથી અમારા સંપૂર્ણ સહયોગી ગુરુણીમૈયા પૂ. વીરમતિબાઈ મ.ના શ્રુતસેવા સદ્‌ભાવથી તથા પૂ. બિંદુબાઈ મ. આદિ ગુરુકુલવાસી સર્વ રત્નાધિક તથા અનુજ સતીવૃંદની પ્રસન્નતાથી અમે અમારા કાર્યને સફળ કરી રહ્યા છીએ. ઓ અનંત ઉપકારી ગુરુવર્યો ! અમારી શક્તિ અત્યંત સીમિત છે આપની કૃપા અપરંપાર છે. આપની કૃપાએ, આપના મંગલ ભાવે જ અમે શ્રુતસેવાનો–સ્વાધ્યાયનો આ મહત્તમ લાભ લઈ રહ્યા છીએ. શાસ્ત્ર સ્વાધ્યાયના માધ્યમથી અમે ક્રમશઃ આત્માની વૈભાવિક દશાનું અધ્યયન કરીને આપની કૃપાને સફળ બનાવીએ એ જ ભાવના.......

અંતે આગમ સંપાદનમાં જિનવાણીથી ઓછી, અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો પંચ પરમેષ્ઠિ ભગવંતોની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.........

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી ઉર્મિલાબાઈ મ.

સમગ્ર વિશ્વના પ્રાંગણમાં સર્વદર્શનોમાં જૈનદર્શન વિશિષ્ટ અને આગવું સ્થાન ધરાવે છે. તેનું મુખ્ય કારણ એ છે કે તેમાં વિચાર સાથે આચારનો સુચારુરૂપે સમન્વય સાધવામાં આવ્યો છે.

દર્શનનો અર્થ છે– અભિપ્રાય, માન્યતા, અભિગમ અથવા વિચારસરણી. ભિન્ન-ભિન્ન અભિપ્રાયો ધરાવતા દર્શનશાસ્ત્રોમાં પ્રાયઃ ભિન્ન-ભિન્ન વિચારો અથવા માન્યતાઓ જોવા-જાણવા મળે છે. દર્શનશાસ્ત્રમાં પ્રત્યેક દર્શનના પ્રણેતાઓ પોતપોતાની માન્યતાઓને દઢ અને પુષ્ટ બનાવવા માટે અનેક યુક્તિ-પ્રયુક્તિઓ તથા દષ્ટાંતો આપતા હોય છે. સામાન્ય કક્ષાનો માનવ તો સમગ્ર દર્શનશાસ્ત્રના અભિપ્રાયોને જાણીને અવઢવમાં જ મૂકાઈ જાય છે. તે નિર્ણય ન કરી શકે કે કોના અભિપ્રાય, કોના મત અથવા કોના દર્શન સાચા અને કોના ખોટાં ?

જૈનદર્શન પ્રત્યેક બાબતને અનેકાંત દષ્ટિએ અનેક એંગલ(દષ્ટિકોણો)થી જોઈ, જાણી, સમજીને પછી જ તેની રજૂઆત કરે છે. જૈનદર્શનમાં ઠેક ઠેકાણે એકાંતને બદલે અનેકાંત(સ્યાદ્વાદ)ની વિચારધારા દષ્ટિગોચર થાય છે.

પ્રસ્તુત દ્વિતીય અંગસૂત્ર શ્રી સૂયગડાંગ સૂત્રમાં આવી કેટલીક વિચારસરણીઓ પ્રગટ થાય છે. પ્રાયઃ જગતના સર્વ દાર્શનિકોની માન્યતાઓને સત્ય તથા તથ્યની ચમક સાથે આ સૂત્રમાં પ્રસ્તુત કરવામાં આવી છે.

ટૂંકમાં કહીએ તો સૂયગડાંગ સૂત્રમાં મુખ્યતાએ પ્રાયઃ દર્શન તથા સિદ્ધાંતના વિચાર અને આચારનો સુભગ સમન્વય સાધવામાં આવ્યો છે. આ સૂત્રના ગહનતમ ભાવોને યથાર્થરૂપમાં પામવા માટે કે સમજવા માટે અદ્ભૂત મેધાશક્તિ, જ્ઞાનાવરણીય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ તથા મનની એકાગ્રતા બહુ જ જરૂરી છે.

પ્રસ્તુત પ્રકાશન, શ્રી સૂયગડાંગ સૂત્રના આ બીજા શ્રુતસ્કંધમાં દર્શન શાસ્ત્રની પ્રધાનતા છે. પ્રથમ શ્રુતસ્કંધમાં દાર્શનિક વિષયનું સંક્ષિપ્તમાં નિરૂપણ છે, જ્યારે દ્વિતીય શ્રુતસ્કંધમાં તે જ વિષયને વિસ્તારથી તેમજ યુક્તિપૂર્વક અને દષ્ટાંત સાથે સરળતાથી સમજાવ્યો છે, છતાં પ્રથમ અને દ્વિતીય શ્રુતસ્કંધનો વાચ્યાર્થ–પ્રતિપાદ્ય વિષય સમાન

જ છે. વિશેષમાં પહેલાં કરતાં, બીજા શ્રુતસ્કંધના અધ્યયનો મોટા હોવાથી તે "મહા અધ્યયન" કહેવાય છે. પ્રસ્તુત બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયનો છે, જેમાં દાર્શનિકતા અને સૈદ્ધાંતિકતાનો સુમેળ જોવા મળે છે.

## દ્વિતીય શ્રુતસ્કંધનો વિષય :–

**અધ્યયન પહેલું : પુંડરીક :–** પુંડરીક એટલે શ્વેતકમળ. આ અધ્યયન દ્વારા 'એક વિશાળ પુષ્કરિણીની' દષ્ટાંત રૂપે કલ્પના કરવામાં આવી છે. તે પુષ્કરિણીમાં ઘણા સુંદર કમળો ખીલેલા હતા. સર્વ કમળો મનોહર તથા દર્શનીય હતા. તે બધા કમળોની મધ્યમાં એક શ્રેષ્ઠતમ, અનેક પાંખડીઓવાળું સફેદ કમળ હતું, તે તેની મનોહરતા, દર્શનીયતા અને કમનીયતાના કારણે બધા કમળોથી કંઈક વિશિષ્ટ અને અલગ જણાતું હતું.

પૂર્વાદિ ચારેય દિશાઓમાંથી એક એક પુરુષ આ કમળથી આકર્ષાઈને, તેને મેળવવાની લાલચથી પુષ્કરિણીમાં ગયા અને કીચડમાં ફસાઈ ગયા. અંતે એક પાંચમો પુરુષ આવ્યો, તે વિવેકી ભિક્ષુ હતો, તે લલચાયો નહીં, અલિપ્ત રહ્યો, તે અલિપ્ત પુરુષને આ અધ્યયનમાં નિર્ગ્રંથ શ્રમણ રૂપે નવાજ્યો છે.

જેમ કમળ કાદવમાં ઉત્પન્ન થવા છતાં કાદવથી અલિપ્ત રહે છે, તેમ મુનિરાજ સંસારથી નિર્લેપ રહી, સ્વયં નિરપેક્ષભાવમાં રહી ધર્મમાં રૂચિ રાખનાર રાજા-મહારાજા આદિ અન્ય જીવોને ધર્મોપદેશ દ્વારા વિષય ભોગથી નિવૃત્ત કરીને મોક્ષમાર્ગના પથિક બનાવે છે અને સંસારથી પાર કરે છે. પ્રથમ અધ્યયનમાં આવા શુદ્ધ ચારિત્રવાન્ સાધુઓનું કથન કરવામાં આવ્યું છે.

**અધ્યયન બીજું : ક્રિયાસ્થાન :–** જગતમાં બે સ્થાન છે– (૧) ધર્મસ્થાન અને (૨) અધર્મસ્થાન. તેમાંથી ધર્મસ્થાન ઉપશાંત અર્થાત્ શાંતિવાળું છે અને અધર્મસ્થાન અનુપશાંત છે. જેઓને પૂર્વકૃત શુભકર્મોનો ઉદય વર્તતો હોય તે શક્તિશાળી પુરુષો ઉપશાંત સ્વરૂપવાળા ધર્મસ્થાનમાં રહે છે અને સામાન્ય પુરુષો અનુપશાંત સ્વરૂપવાળા અધર્મસ્થાનમાં રહે છે. કોઈપણ ક્રિયાવાન્ જીવ આ બેમાંથી કોઈ એક સ્થાનમાં હોય છે. સુખ-દુઃખને અનુભવતા જીવોના ૧૩ પ્રકારના **ક્રિયાસ્થાનો**નું વર્ણન આ અધ્યયનમાં છે. જેમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થઈ જાય છે.

એકથી બાર ક્રિયાસ્થાન દ્વારા સાંપરાયિક કર્મબંધ થતો હોવાથી તે સંસાર પરિભ્રમણનું કારણ છે અને તેરમું ક્રિયાસ્થાન વીતરાગી પુરુષોમાં વિદ્યમાન હોવાથી તે કલ્યાણનું કારણ છે. જે પુરુષ બાર ક્રિયાસ્થાનને છોડી તેરમા ક્રિયાસ્થાનને પામે છે, તે

સર્વ દુઃખોનો નાશ કરી મોક્ષ સુખને પામે છે.

**અધ્યયન ત્રીજું : આહારપરિજ્ઞા :–** શરીરધારી સંસારના કોઈ પણ પ્રાણી આહાર વિના જીવી શકતા નથી. આહારના ત્રણ-ત્રણ ભેદ છે– સચેત, અચેત અને મિશ્ર આહાર **અથવા** ઓજ, રોમ અને પ્રક્ષેપ(કવલ) આહાર. અપર્યાપ્ત જીવોનો ઓજ આહાર, દેવ-નારકીનો રોમ આહાર અને પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોનો પ્રક્ષેપ આહાર છે.

આ અધ્યયનમાં બીજકાયથી પ્રારંભ કરીને પૃથ્વી, પાણી, તેઉ, વાઉ અને ત્રસમાં પંચેન્દ્રિય જીવોમાં મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયના આહાર વિષયક ચર્ચા છે.

**અધ્યયન ચોથું : પ્રત્યાખ્યાનક્રિયા :–** પાપકર્મોથી મુક્ત થવા માટે ત્યાગ જરૂરી છે. કોરી આધ્યાત્મિક વાતોથી પરિપૂર્ણ લાભ થતો નથી. પાપકર્મોથી મુક્ત થવાનો એકમાત્ર ઉપાય છે પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાનનો અર્થ છે– પાપકર્મોનો ત્યાગ કરવો. તે બે પ્રકારે થાય છે– દ્રવ્યથી અને ભાવથી.

**(૧) દ્રવ્ય પ્રત્યાખ્યાન :–** વિધિ કે ઉદ્દેશ્ય વિના કોઈ દ્રવ્ય(વસ્તુ)ના પ્રત્યાખ્યાન લેવા, તે દ્રવ્યપ્રત્યાખ્યાન છે અથવા કોઈ દ્રવ્ય(વસ્તુ)ને મેળવવા માટે અન્ય વસ્તુ છોડવી, દા.ત. ધન મેળવવા(ધંધાના કામ માટે) ખાવા-પીવાની કોઈ વસ્તુનો ત્યાગ કરવો, તે દ્રવ્ય પ્રત્યાખ્યાન છે.

**(૨) ભાવ પ્રત્યાખ્યાન :–** આત્માની શુદ્ધિ થાય તે આશયથી વિધિપૂર્વક આહારાદિનો તેમજ પ્રાણાતિપાત આદિ ૧૮ પાપસ્થાનોનો દેશતઃ કે સર્વતઃ ત્યાગ કરવો, તે ભાવ પ્રત્યાખ્યાન છે.

ક્રિયા એટલે પાપસ્થાનનો ત્યાગ કરવાની વિધિ. તીર્થંકર કે ગુરુજનોની સાક્ષીએ વિધિપૂર્વક ત્યાગ કરવો, નિયમ સ્વીકારવો, મનથી સંકલ્પ કરવો, વચનથી "વોસિરામિ" બોલવું, કાયાથી તદનુકૂલ પ્રવર્તન કરવું. આ રીતે પ્રત્યાખ્યાન સાથે ક્રિયાનું જોડાણ થાય, ત્યારે જ તે સફળ બને છે.

**અધ્યયન પાંચમું : આચાર શ્રુત :–** જે સાધક અનાચારને છોડી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું પાલન કરે છે, તે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગને પામી શકે છે.

મોક્ષ માટે આચાર પાલન અનિવાર્ય હોવાથી આ અધ્યયનનું 'આચારશ્રુત' નામ સાર્થક છે, પરંતુ અનાચારનું નિષેધાત્મકરૂપે વર્ણન હોવાથી આ અધ્યયનને 'અનાચાર શ્રુત' પણ કહી શકાય અને આ આચાર-અનાચારની વાતો મુનિઓ સાથે

સંબંધિત હોવાથી આ અધ્યયનનું 'અણગાર શ્રુત' નામ પણ સાર્થક છે. આ કારણે આ અધ્યયનના વિવિધ રીતે નામાંકન પ્રાપ્ત થાય છે.

**અધ્યયન છઠ્ઠું : આર્દ્રકીય :–** આ અધ્યયન આર્દ્રકમુનિથી સંબંધિત હોવાથી તેનું નામ 'આર્દ્રકીય' છે. ભગવાન મહાવીર સ્વામી સમીપે જઈ રહેલા સ્વયં દીક્ષિત આર્દ્રકમુનિને પાંચ મતવાદીઓ સાથે વાદ થયો હતો, તે આ અધ્યયનમાં જોવા-જાણવા મળે છે.

(૧) ગોશાલક, (૨) બૌદ્ધભિક્ષુ, (૩) વેદવાદી બ્રાહ્મણ, (૪) સાંખ્યમતવાદી એક દંડી અને (૫) હસ્તીતાપસ. આર્દ્રકમુનિએ તે બધાને યુક્તિ, પ્રમાણ તેમજ નિર્ગ્રંથ સિદ્ધાંત અનુસાર ઉત્તરો આપ્યા હતા, તેનું વિસ્તૃત વર્ણન આ અધ્યયનમાં છે.

**અધ્યયન સાતમું : નાલંદીય :–** પૂર્વના અધ્યયનોમાં શ્રમણોના આચારની ચર્ચા છે, જ્યારે અંતે આ સાતમા અધ્યયનમાં શ્રાવકના વ્રત પ્રત્યાખ્યાન સંબંધી તર્ક-વિતર્ક પૂર્વક સુવિસ્તૃત ચર્ચા છે. આ ચર્ચા રાજગૃહી નગરીની બહાર 'નાલંદા' નામના ઉપનગરમાં થઈ હતી. તેનું વર્ણન આ અધ્યયનમાં હોવાથી આ અધ્યયનનું નામ સ્થળની પ્રમુખતાએ 'નાલંદીય' રાખવામાં આવ્યું છે.

પુરુષાદાનીય ભગવાન પાર્શ્વનાથની પરંપરાના નિર્ગ્રંથ ઉદક પેઢાલપુત્ર અને ગૌતમ સ્વામીવચ્ચે ધર્મચર્ચા થઈ. તેમાં પેઢાલપુત્ર શ્રમણ દ્વારા શ્રમણોપાસકના પ્રત્યાખ્યાન વિષયક અનેક પ્રશ્નો પૂછવા પર ગૌતમસ્વામીએ અનેક યુક્તિઓ અને દષ્ટાંતો દ્વારા વિસ્તારપૂર્વક ઉત્તરો આપ્યા છે. તે ઉત્તરોથી પ્રભાવિત થઈને નિર્ગ્રંથ ઉદક પેઢાલપુત્રે ભગવાન મહાવીર સ્વામીના શાસનનો સ્વીકાર કર્યો એટલે કે ચાતુર્યામ ધર્મથી સપ્રતિક્રમણ પંચમહાવ્રત ધર્મમાં પ્રવેશ કર્યો. આ રીતે ઉપરોક્ત સાત અધ્યયનોમાં દર્શન અને આચારનો સુભગ સમન્વય થયેલો છે.

દર્શન અને ધર્મનો સમન્વય કરનાર એવા શ્રી સૂયગડાંગ સૂત્રનું અનુવાદ કાર્ય મને મારા ઉપકારી ગુરુભગવંતો તથા ગુરુણીમૈયાઓએ સોંપ્યુ, તે બદલ હું મારી જાતને ધન્ય માનું છું.

જયવંતા જિનશાસનની ઉજ્જવળ યશોગાથા સુત્તાગમે, અત્થાગમે અને તદુભયાગમ રૂપે પરંપરાથી ગવાતી રહી છે, જળવાઈ રહી છે. તેમાં ગોંડલ સંપ્રદાયના પ્રાણ પરિવારે મહત્ત્વનો સૂર પૂરાવ્યો છે. આગમ–અનુવાદ પ્રકાશનનું એક ભગીરથ કાર્ય થઈ રહ્યું છે.

અનુવાદ એટલે કે ભાષાંતર પરંતુ ભાષાંતર એટલે માત્ર એક શબ્દની અવેજીમાં

બીજી ભાષાનો શબ્દ આપી દેવો એમ નહિ પણ આગમના મૂળ શબ્દનો ભાવ જળવાઈ રહે તે મુજબ અર્થ કરવો તે ભાષાંતર છે. ખાસ કરીને ભાવાંતર કર્યા વિના જ ભાષાંતર થાય તે જરૂરી છે.

મમ અનંત અનંત ઉપકારી, બાંધવબેલડી પૂજ્યપાદ 'જય–માણેક' ગુરુદેવના કૃપા પ્રસાદે, ગુરુપ્રાણની અમીમય દષ્ટિએ, તપસમ્રાટ પૂજ્યપાદ તપસ્વી ગુરુદેવના મંગલ આર્શીવાદથી આરંભાયેલું આગમ પ્રકાશનનું આ કાર્ય શીઘ્રગતિએ, નિર્વિઘ્ને ચાલી રહ્યું છે– જે ખૂબ-ખૂબ પ્રશંસનીય, અનુમોદનીય, અવિસ્મરણીય, ચિરસ્મરણીય છે અને બની રહેશે.

આગમો ક્રમે-ક્રમે પ્રકાશિત થઈ રહ્યા છે, જાણે આગમ પ્રકાશનની ગંગા વહી રહી છે, તે ગંગાના ઉદ્‌ભવસ્થાન રૂપ ગંગોત્રી સમા મમ જીવનના સુકાની પૂજ્યવરા **મુક્ત-લીલમ** ગુરુણીમૈયાની અંતઃકરણની પ્રેરણાને ઝીલી લઈ મારા વડિલ ગુરુભગિનીઓ તથા મુક્ત-લીલમ પરિવારના બધા સાધ્વીરત્નોના સહિયારા પુરુષાર્થથી સામુદાયિક સાથ સહકારથી કાર્યમાં વેગ આવ્યો, સંવેગ જાગ્યો.

શ્રી સૂયગડાંગ સૂત્ર–બીજા શ્રુતસ્કંધના પ્રકાશનની આ ધન્ય પળે મારા ઉપકારી ગુરુવર્યો સ્હેજે સ્મરણપટમાં આવી જાય છે. નિશદિન અવિરતપણે જેઓની કૃપા વરસી રહી છે, તેવા પૂજ્યપાદ તપસ્વીજી માણેકચંદ્રજી મ.સા., સૌરાષ્ટ્ર કેશરી પૂજ્ય દાદાગુરુદેવ પ્રાણલાલજી મ. સા. તથા તપસમ્રાટ પૂજ્ય તપસ્વી ગુરુદેવના ઉપકારોનું કથન શબ્દાતીત છે. તેમજ વર્તમાને ગચ્છશિરોમણિ, પરમદાર્શનિક પૂજ્ય જયંતિલાલજી મ.સા., ગુજરાત કેશરી પૂજ્ય ગિરીશમુનિ મ.સા., આગમદિવાકર પૂ. જનકમુનિ મ.સા., નીડર સ્પષ્ટ વક્તા પૂ. જગદીશમુનિ મ.સા., ધ્યાનયોગી પૂજ્ય હસમુખમુનિ મ.સા. તથા આગમ સંપાદનનું અવિરતણપણે કાર્ય કરતાં આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા. આદિ ગુરુદેવોની મારા પર અમીમય દષ્ટિ છે તથા પૂજ્યવરા ગુરુણીમૈયા પૂ. મુક્તાબાઈ મ. તથા સતત આગમ સંપાદનના કાર્યમાં રત ગુરુણીમૈયા પૂ. સાહેબજી (પૂ. લીલમબાઈ મ.)ના ઉપકારો વર્ણનાતીત છે.

ગુરુણીમૈયાની સાથે સહ સંપાદિકા બની જેઓ અવિરત ભાવે આગમ ભક્તિમાં સદા સર્વદા રત રહી, લેખન કાર્યને સુંદર સુઘડ બનાવવામાં પુરુષાર્થશીલ છે, તેવા ડો. સાધ્વી આરતીશ્રી તથા સાધ્વી સુબોધિકાશ્રીનો આ પ્રશસ્ય પ્રયાસ આદર્શરૂપ બની રહેશે.

મારી પૂર્વાવસ્થામાં વૈરાગ્યકાળમાં મહાસંઘ સંચાલિત શ્રમણી વિદ્યાપીઠ–ઘાટકોપરના અનુભવી, જ્ઞાનગરિમાવંત પંડિત શ્રી શોભાચંદ્રજી ભારિલ્લ, પંડિત શ્રી

રોશનલાલજી જૈન, પંડિત શ્રી નરેન્દ્ર ઝા, પંડિત શ્રી કન્હૈયાલાલજી દક, માતૃવત્સલા શ્રી યશોદાબેન પટેલ વગેરેએ મને જે અભ્યાસ કરાવ્યો છે, તેની તો હું સદાકાળ ઋણી રહીશ. તેઓએ મારા જેવા અણઘડ પત્થરને ઘાટ આપવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. મારા શાળા જીવનના સર્વ શિક્ષકો, હિન્દી સાહિત્યરત્ન તથા સંસ્કૃત ઉત્તમા-મધ્યમા સુધીનો અભ્યાસ કરાવનાર પ્રોફેસરો, પંડિતો આદિ સર્વને સ્મૃતિ પટમાં લાવી સૌનો ઉપકાર માનું છું.

આગમ પ્રકાશન કાર્યમાં તન-મનથી સેવા આપતા મારા સર્વ વડિલ ગુરુભગિનીઓ, નાના ગુરુબહેનો, મને લખાણ કાર્યમાં સુગમતા કરી આપનારા મારા સાથી સહકારીઓ સર્વનો ખૂબ ખૂબ આભાર માનું છું.

વાચક વર્ગના હાથમાં શ્રી સૂયગડાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધનો આ ગ્રંથ મૂકતા હું અત્યંત ભાવવિભોર બનું છું. આજ સુધીમાં શ્રી પ્રાણગુરુ ફાઉન્ડેશન, શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ તરફથી પ્રકાશિત ઘણાં આગમો આપના હાથમાં આવી ચૂક્યા છે. આપે એમનું સુચારુરૂપે વાંચન, મનન, ચિંતન કર્યું જ હશે ! આગમ માળાના એક-એક મણકા આપના હાથમાં ક્રમે ક્રમે આવી રહ્યા છે. બધા મણકાને આત્માની તિજોરીમાં સાચવજો. આત્મભાવ રૂપ દોરામાં પરોવીને તૈયાર થયેલ એ આગમમાળા આપના કંઠમાં મોક્ષમાળાનું આરોપણ કરે તેવી અંતઃ કરણની ભાવના.

પ્રાંતે શ્રી સૂયગડાંગ સૂત્રના અનુવાદ કાર્યમાં છદ્મસ્થતાના કારણે જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય, ભાષાંતર કરતાં ક્યાંય ભાવાંતર થઈ ગયું હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી ભગવંતો તથા ગુરુભગવંતોની સાક્ષીએ ત્રિકરણ ત્રિયોગે મિચ્છામી દુક્કડમ્.

**પ. પૂ. મુક્ત લીલમ ગુરુણીના સુશિષ્યા**

**– સાધ્વી ઉર્મિલા**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી સૂયગડાંગ સૂત્ર

ગણધર રચિત બીજું અંગ

## ભાગ - ૨

## દ્વિતીય શ્રુતસ્કંધ

મૂળપાઠ, ભાવાર્થ,
વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. શ્રી ઉર્મિલાબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પ્રથમ અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **પુંડરીક** છે.

પ્રસ્તુત અધ્યયનમાં પુંડરીક શબ્દ શતપત્ર–સો પાંખડીવાળા શ્વેત ઉત્તમ કમળ માટે તથા પુંડરીક નામના એક ઉત્તમ સંયમનિષ્ઠ રાજા માટે પ્રયુક્ત થયો છે.

નિર્યુક્તિકારે પુંડરીક શબ્દને નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ગણના, સંસ્થાન અને ભાવ, આ આઠ નિક્ષેપ દ્વારા સ્પષ્ટ કર્યો છે. નામ પુંડરીક અને સ્થાપના પુંડરીક સુગમ છે. દ્રવ્યપુંડરીક સચિત્ત, અચિત્ત, મિશ્ર ત્રણ પ્રકારના હોય છે.

**દ્રવ્ય પુંડરીક**– વસ્તુની ભૂત અથવા ભવિષ્યકાલીન પર્યાય દ્રવ્ય નિક્ષેપ છે. જે જીવ ભવિષ્યમાં પુંડરીક–શ્રેષ્ઠ કમળ રૂપે જન્મ ધારણ કરવાના હોય અથવા પૂર્વજન્મમાં શ્રેષ્ઠ કમળ રૂપે હોય તેવા જીવોને વર્તમાનમાં દ્રવ્ય પુંડરીક કહે છે અથવા દ્રવ્યપુંડરીકના સચિત્ત, અચિત્ત અને મિશ્ર આ ત્રણ પ્રકાર છે. સચિત્તાદિ દ્રવ્યોમાં જે શ્રેષ્ઠ, ઉત્તમ, પ્રધાન અને ઋદ્ધિમાન હોય, તે દ્રવ્ય પુંડરીક કહેવાય છે.

દેવકુરુ આદિ શુભ પ્રભાવ અને ભાવવાળાં ક્ષેત્ર, તે **ક્ષેત્રપુંડરીક** છે.

ભવસ્થિતિની અપેક્ષાએ અનુત્તરોપપાતિક દેવ તથા કાયસ્થિતિની દષ્ટિથી એક, બે, ત્રણ કે સાત આઠ ભવ પછી મોક્ષ પામનારા શુભ અને શુદ્ધાચારથી યુક્ત મનુષ્ય, તે **કાલપુંડરીક** છે.

પરિકર્મ, રજ્જુથી લઈ વર્ગ સુધીના દસ પ્રકારના ગણિતમાં રજ્જુગણિત મુખ્ય હોવાથી તે **ગણનાપુંડરીક** છે.

છ સંસ્થાનોમાંથી સમચતુરસ્ર સંસ્થાન શ્રેષ્ઠ હોવાથી તે **સંસ્થાનપુંડરીક** છે.

ઔદયિકથી લઈને સાન્નિપાતિક સુધીના છ ભાવોમાંથી જે જે ભાવમાં જે પ્રધાન અથવા મુખ્ય હોય, તે **ભાવપુંડરીક** છે, જેમ કે– ઔદયિક ભાવમાં તીર્થંકર, અનુત્તરોપપાતિક દેવ તથા સફેદ શતપત્રવાળું કમળ ભાવપુંડરીક છે. સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રમાં, વિનયમાં તથા આત્મ સાધનામાં શ્રેષ્ઠ મુનિ તે ભાવપુંડરીક છે.

આ અધ્યયનમાં પુંડરીક નામના શ્વેતકમળની ઉપમા આપીને અનાસક્ત નિર્લેપ સાધકનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આ રીતે સંપૂર્ણ વિષય વર્ણનમાં પુંડરીક કેન્દ્રસ્થાને હોવાથી આ અધ્યયનનું નામ **પુંડરીક** રાખવામાં આવ્યું છે.

એક વિશાળ પુષ્કરિણીની મધ્યમાં એક પુંડરીક–કમળ ખીલ્યું છે, તેને પ્રાપ્ત કરવા પૂર્વ, પશ્ચિમ,

ઉત્તર અને દક્ષિણ દિશામાંથી ક્રમશઃ ચાર પુરુષો આવ્યા. તે ચારેય પુષ્કરિણીના ગાઢ કીચડમાં ફસાઈ ગયા અને પુંડરીકને મેળવવામાં નિષ્ફળ ગયા. અંતે એક નિઃસ્પૃહ પાંચમો પુરુષ–ભિક્ષુ આવ્યો, તેણે પુષ્કરિણીના કાંઠા પર જ ઊભા રહીને પુંડરીકને બોલાવ્યું અને તે કમળ તેના હાથમાં આવી ગયું.

પ્રસ્તુત રૂપકનો સાર એ છે કે– આ સંસાર પુષ્કરિણી સમાન છે, તેમાં કર્મરૂપી પાણી અને વિષયભોગ રૂપી કીચડ ભરેલા છે, અનેક જનપદ ચારે બાજુ ખીલેલા કમળોની સમાન છે, મધ્યમાં ખીલેલ શ્વેત પુંડરીક કમળ રાજાની સમાન છે. પુષ્કરિણીમાં પ્રવેશ કરનારા ચાર પુરુષની સમાન ક્રમશઃ તજ્જીવ તત્શરીરવાદી, પંચભૂતવાદી, ઈશ્વરકારણવાદી અને નિયતિવાદી છે. પાંચમો પુરુષ પુષ્કરિણીમાં પ્રવેશ કર્યા વિના કિનારા પર ઊભા રહીને જ શબ્દોચ્ચારણ માત્રથી પુંડરીક કમળને મેળવવામાં સફળ થયો. તે પુરુષની સમાન શ્રમણ નિર્ગ્રંથ છે અને શબ્દો સમાન વીતરાગ વચન છે, પુષ્કરિણીના તટ સમાન ધર્મ તીર્થંકર છે. પંચમ પુરુષે કહેલા શબ્દો ધર્મકથા સમાન છે અને પુંડરીકનું મેળવવું, તે નિર્વાણ સમાન છે.

આ લોકની મધ્યમાં રહેલા અનેક મનુષ્યો નિર્વાણરૂપી શ્રેષ્ઠ કમળથી આકર્ષિત થઈને શ્રેષ્ઠ કમળ મેળવવા પુરુષાર્થ કરે છે પરંતુ જે વિષયોમાં આસક્ત છે, તે આસક્તિના કીચડમાં ફસાઈ જાય છે, તે શ્રેષ્ઠ કમળ સુધી પહોંચી શકતા નથી.અનાસક્ત, નિઃસ્પૃહ અને અહિંસાદિ મહાવ્રતોનું નિષ્ઠાપૂર્વક પાલન કરનારા ભિક્ષુ પુંડરીક સમાન નિર્વાણને પ્રાપ્ત કરે છે. સાવદ્ય આચારવિચારવાળા પુરુષો નિર્વાણને પ્રાપ્ત કરી શકતા નથી.

સંક્ષેપમાં જે સાધક વિષયભોગ રૂપ કાદવમાં ફસાઈ જાય છે તે સ્વયં સંસાર સાગરને પાર પામી શકતા નથી અને બીજાને પણ પાર કરાવી શકતા નથી.

❖ ❖ ❖ ❖ ❖

# પ્રથમ અધ્યયન : પુંડરીક

**પુષ્કરિણી અને શ્રેષ્ઠ પુંડરીક :–**

**१** **सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं– इह खलु पोंडरीए णामं अज्झयणे, तस्स णं अयमट्ठे पण्णत्ते– से जहाणामए पुक्खरणी सिया बहुउदगा बहुसेया बहु- पुक्खला लद्धट्ठा पुंडरीगिणी पासाईया दरिसणीया अभिरूवा पडिरूवा ।**

**तीसे णं पुक्खरणीए तत्थ-तत्थ देसे तहिं-तहिं बहवे पउमवरपोंडरीया बुइया अणुपुव्वुट्ठिया उसिया रुइला वण्णमंता गंधमंता रसमंता फासमंता पासाईया दरिसणीया अभिरूवा पडिरूवा ।**

**तीसे णं पुक्खरणीए बहुमज्झदेसभाए एगे महं पउमवरपोंडरीए बुइए अणुपुव्वुट्ठिए ऊसिए रुइले वण्णमंते गंधमंते रसमंते फासमंते पासाईए दरिसणिए अभिरूवे पडिरूवे ।**

**सव्वावंतिं च णं तीसे पुक्खरणीए तत्थ-तत्थ, देसे-देसे, तहिं-तहिं बहवे पउमवर- पोंडरीया बुइया अणुपुव्वुट्ठिया** *जाव* **पडिरूवा । सव्वावंतिं च णं तीसे पुक्खरणीए बहुमज्झदेसभाए एगे महं पउमवरपोंडरीए बुइए अणुपुव्वुट्ठिए** *जाव* **पडिरूवे ।**

**શબ્દાર્થ :–** **आउसं** = હે આયુષ્યમાન ! **पोंडरीए** = પુંડરીક **णामं** = નામનું **अज्झयणे** = અધ્યયન **अयमट्ठे** = આ અર્થ **पुक्खरणी** = પુષ્કરિણી, તળાવ **बहुउदगा** = ઘણાં પાણીવાળી **बहुसेया**= ઘણાં કાદવવાળી **बहुपुक्खला** = ઘણાં કમળોથી યુક્ત **पउमवर पोंडरीया** = ઉત્તમોત્તમ શ્રેષ્ઠ સફેદ કમળ **अणुपुव्वट्ठिया** = અનુક્રમથી રહેલા વૃદ્ધિ પામેલા અનુક્રમથી વિકસિત **ऊसिया** = ઉપર ઊઠેલા **रुइला** = દીપ્તિવાન **पुंडरीगिणी** = પુંડરીકિણી નામને **लद्धट्ठा** = પ્રાપ્ત, સાર્થક કરનારી **पासाईया** = ચિત્તને પ્રસન્ન કરનારા **दरिसणीया**= દર્શનીય, નેત્રને તૃપ્ત કરનારા **अभिरूवा** = અભિરૂપ, કમનીય **पडिरूवा** = અત્યંત મનોહર **बहुमज्झ- देसभाए** = બરાબર મધ્યદેશ ભાગમાં.

**ભાવાર્થ :–** (શ્રી સુધર્માસ્વામી શ્રી જંબૂસ્વામીને કહે છે) હે આયુષ્યમાન ! મેં સાંભળ્યું છે કે તે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું છે– આ અર્હત પ્રવચનમાં પુંડરીક નામનું એક અધ્યયન છે, તેનો અર્થ-ભાવ આ પ્રમાણે છે– જેમ કે અગાધ જલથી ભરપૂર, ઘણા કીચડવાળી, અનેક પ્રકારના કમળોથી યુક્ત હોવાથી પુંડરીકિણી નામને સાર્થક કરતી અર્થાત્ જગતમાં પ્રતિષ્ઠાને પ્રાપ્ત, ચિત્તને પ્રસન્ન કરનારી, નેત્રને તૃપ્ત કરનારી, પ્રશસ્ત રૂપસંપન્ન અને અત્યંત મનોહર એક પુષ્કરિણી છે.

તે પુષ્કરિણીમાં ઠેકઠેકાણે ઘણા ઉત્તમોત્તમ શ્વેત(કમળો સો પાંખડીવાળા, હજારો પાંખડીવાળા વગેરે)

અનેક પ્રકારના કમળો કહ્યા છે. તે અનુક્રમથી જલ અને કીચડથી ઉપર ઊઠેલા, અત્યંત દીપ્તિવાન, શ્રેષ્ઠ વર્ણવાળા, સુગંધી, રસથી સભર, કોમળ સ્પર્શવાળા, ચિત્તને પ્રસન્ન કરનારા, દર્શનીય, પ્રશસ્ત રૂપસંપન્ન તથા મનોહર છે.

તે પુષ્કરિણીની બરાબર મધ્યમાં એક બહુ મોટું તથા બીજા કમળથી શ્રેષ્ઠ શ્વેત કમળ કહ્યું છે. તે કમળ ક્રમશઃ ઉપર ઊઠેલું, પાણી અને કીચડથી નિર્લેપ અથવા સર્વ કમળોથી ઊંચુ, અત્યંત દીપ્તિવાન, રંગ-રૂપમાં અતિ સુંદર, સુગંધિત, રસથી ભરપૂર, કોમળ સ્પર્શવાળું, ચિત્તને પ્રસન્ન કરનારું, દર્શનીય, અદ્વિતીય રૂપસંપન્ન, મનોહર–આકર્ષક છે.

આ રીતે તે પુષ્કરિણીમાં ઠેકઠેકાણે ઘણા ઉત્તમોત્તમ શ્વેત કમળો કહ્યા છે. તે ક્રમશઃ ઉપર ઊઠેલા ***યાવત્*** અદ્વિતીય રૂપસંપન્ન તથા મનોહર છે.

તે પુષ્કરિણીની બરાબર મધ્યમાં એક મહાન ઉત્તમ પુંડરીક શ્વેતકમળ કહ્યું છે, તે ક્રમશઃ પૂર્વોક્ત સર્વ ગુણોથી સંપન્ન અને બહુ મનોહર છે.

**શ્રેષ્ઠ પુંડરીકની પ્રાપ્તિમાં નિષ્ફળ–સફળ પાંચ પુરુષો :–**

**૨ अह पुरिसे पुरत्थिमाओ दिसाओ आगम्म तं पुक्खरणिं, तीसे पुक्खरणीए तीरे ठिच्चा पासइ तं महं एगं पउमवरपोंडरीयं अणुपुव्वुट्ठियं ऊसियं रुइलं वण्णमंतं** *जाव* **पडिरूवं ।**

**तए णं से पुरिसे एवं वयासी– अहमंसि पुरिसे देस कालण्णे खेयण्णे कुसले पंडिए वियत्ते मेहावी अबाले मग्गण्णे मग्गविऊ मग्गस्स गइपरक्कमण्णू, अहमेयं पउमवरपोंडरीय उण्णिक्खिस्सामि त्ति वच्चा से पुरिसे अभिक्कमे तं पुक्खरणिं, जावं जावं च णं अभिक्कमेइ तावं तावं च णं महंते उदए, महंते सेए, पहीणे तीरं, अप्पत्ते पउमवरपोंडरीयं, णो हव्वाए णो पाराए, अंतरा पुक्खरणीए सेयंसि विसण्णे । पढमे पुरिसज्जाए ।**

**શબ્દાર્થ :–** **आगम्म** = આવીને **पुरित्थिमाओ** = પૂર્વ **दिसाओ** = દિશામાંથી, દિશા તરફથી **तीरे** = કિનારા પર **ठिच्चा** = ઊભા રહીને **वियत्ते** = વ્યક્ત, પરિપકવ બુદ્ધિવાળા **मग्गण्णे** = માર્ગસ્થ, માર્ગમાં રહેલા **मग्गविऊ** = માર્ગના જાણકાર **गइपरक्कमण्णू** = ગતિપરાક્રમજ્ઞ, ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવનાર માર્ગના જ્ઞાતા **उण्णिक्खिस्सामि** = ઉખેડીશ, કાઢીશ **अभिक्कमेइ** = પ્રવેશ કરે છે **पहीणे** = છૂટી ગયો **अपत्ते** = અપ્રાપ્ત, ન મળ્યો **हव्वाए** = આ પાર(આ કિનારે) **पाराए** = તે પાર(તે કિનારે) **सेयंसि** = કીચડમાં **णिसण्णे** = ફસાઈ ગયો.

**ભાવાર્થ :–** કોઈ પુરુષે, પૂર્વ દિશામાંથી તે પુષ્કરિણી પાસે આવીને, તેના કિનારે ઊભા રહીને, તે મહાન, ઉત્તમ, ક્રમશઃ ઉપર ઊઠેલા ***યાવત્*** મનોહર એક પુંડરીક કમળને જોયું, તે શ્વેત કમળને જોઈને તે પુરુષે વિચાર્યું કે, હું દેશ-કાલનો જ્ઞાતા છું, ક્ષેત્રજ્ઞ અથવા ખેદજ્ઞ-માર્ગના પરિશ્રમનો જ્ઞાતા, હિતની પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ કરવામાં કુશળ, વિવેકવાન, પરિપકવ બુદ્ધિવાળો, બુદ્ધિમાન, બાલ્યાવસ્થાથી નિવૃત્ત થયેલો અને યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો, સજજનો દ્વારા આચરિત માર્ગ પર સ્થિત, માર્ગનો જ્ઞાતા, માર્ગની ગતિ-વિધિ

અને પરાક્રમનો જ્ઞાતા અર્થાત્ જે માર્ગ ઉપર ચાલીને ઈષ્ટ સ્થાનમાં પહોંચી શકાય, તેવા માર્ગનો જ્ઞાતા છું.

હું આ શ્રેષ્ઠ કમળને ચૂંટીને બહાર લઈ આવીશ. આ પ્રમાણે નિશ્ચય કરીને તે પુરુષે પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો. જેમ-જેમ તે પુષ્કરિણીમાં આગળ વધતો ગયો તેમ-તેમ તે પુરુષ કિનારાથી દૂર થતો ગયો અને આગળ અધિકાધિક ઊંડુ પાણી તથા કીચડ આવતા તે પુરુષ શ્રેષ્ઠ કમળ સુધી પહોંચી શક્યો નહીં. તે પુરુષ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના જ પુષ્કરિણીની મધ્યમાં ઊંડા કીચડમાં ફસાઈને દુઃખી થયો. આ **પ્રથમ પુરુષનું** વૃત્તાંત છે.

**૩ अहावरे दोच्चे पुरिसज्जाए– अह पुरिसे दक्खिणाओ दिसाओ आगम्म तं पुक्खरणिं, तीसे पुक्खरिणीए तीरे ठिच्चा पासइ तं महं एगं पउमवरपोंडरीयं अणुपुव्वुट्ठियं** *जाव* **पडिरूवं, तं च एत्थ एगं पुरिसजायं पासइ पहीणे तीरं, अपत्ते पउमवरपोंडरीयं, णो हव्वाए णो पाराए, अंतरा पुक्खरणीए सेयंसि विसण्णं ।**

**तए णं से पुरिसे तं पुरिसं एवं वयासी– अहो णं इमे पुरिसे अदेसकालण्णे अखेयण्णे अकुसले अपंडिए अवियत्ते अमेहावी बाले णो मग्गण्णे णो मग्गविऊ णो मग्गस्स गइ परक्कमण्णू । जं णं एस पुरिसे अहं देसकालण्णे अहं खेयण्णे कुसले** *जाव* **पउमवरपोंडरीयं उण्णिक्खिस्सामि, णो य खलु एयं पउमवरपोंडरीयं एवं उण्णिक्खेयव्वं जहा णं एस पुरिसे मण्णे ।**

**अहमंसि पुरिसे देसकालण्णे खेयण्णे कुसले पंडिए वियत्ते मेहावी अबाले मग्गण्णे मग्गविऊ मग्गस्स गइ परक्कमण्णू, अहमेयं पउमवरपोंडरीयं उण्णिक्खिस्सामि त्ति वच्चा से पुरिसे अभिक्कमे तं पुक्खरणिं । जावं जावं च णं अभिक्कमेइ तावं तावं च णं महंते उदए महंते सेए, पहीणे तीरं, अप्पत्ते पउमवरपोंडरीयं, णो हव्वाए णो पाराए, अंतरा पुक्खरणीए सेयंसि विसण्णे । दोच्चे पुरिसजाए ।**

**શબ્દાર્થ :– मण्णे** = માન્યું, **उण्णिक्खेयव्वं** = ઉખેડી શકાય, ચૂંટી શકાય.

**ભાવાર્થ :–** હવે બીજા પુરુષનું વૃત્તાંત આ પ્રમાણે છે– પહેલો પુરુષ કીચડમાં ફસાઈ ગયો, ત્યાર પછી બીજા પુરુષે, દક્ષિણ દિશામાંથી તે પુષ્કરિણી પાસે આવીને તેના દક્ષિણ કિનારા પર ઊભા રહીને તે શ્રેષ્ઠ, ક્રમશઃ ઉપર ઊઠેલા ***યાવત્*** મનોહર પુંડરીક કમળને જોયું અને કિનારાથી દૂર તથા શ્રેષ્ઠ કમળ સુધી ન પહોંચી શકેલા, આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના પુષ્કરિણીની મધ્યમાં કીચડમાં ફસાયેલા તે પુરુષને પણ જોયો.

ત્યાર પછી દક્ષિણ દિશાથી આવેલા બીજા પુરુષે વિચાર્યું કે– અહો ! આ પુરુષ દેશકાલનો જ્ઞાતા નથી, ક્ષેત્રજ્ઞ કે ખેદજ્ઞ નથી, કુશલ નથી, પંડિત નથી, પરિપકવ બુદ્ધિવાળો કે મેધાવી નથી, બાલભાવથી મુક્ત નથી, સત્પુરુષોના માર્ગમાં સ્થિત નથી, માર્ગવેત્તા નથી, માર્ગની ગતિ-વિધિ કે પરાક્રમને જાણતો નથી, આ પુરુષને એમ હતું કે હું દેશકાલનો જ્ઞાતા, ખેદજ્ઞ, કુશલ છું ***યાવત્*** શ્રેષ્ઠ શ્વેત કમળને હું ચૂંટી લઈશ. જે રીતે કાદવમાં ફસાયેલો આ પુરુષ સમજે છે, તે રીતે આ શ્રેષ્ઠ કમળને ચૂંટીને લાવી શકાતું નથી.

હું દેશ-કાલનો જ્ઞાતા, ક્ષેત્રજ્ઞ-ખેદજ્ઞ, પંડિત, પરિપકવ બુદ્ધિવાળો, મેધાવી, બાલ ભાવથી મુક્ત, યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો, સજ્જનો દ્વારા આચરિત માર્ગ પર સ્થિત, માર્ગનો જ્ઞાતા, માર્ગની ગતિ-વિધિ અને પરાક્રમને જાણનાર છું.

હું આ શ્રેષ્ઠ કમળને ચૂંટીને બહાર લઈ આવીશ. આ પ્રમાણે નિશ્ચય કરીને તે પુરુષે પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો. જેમ-જેમ તે પુષ્કરિણીમાં આગળ વધતો ગયો, તેમ-તેમ અધિકાધિક ઊંડું પાણી અને કીચડ આવ્યા. તે પુરુષ કિનારાથી દૂર નીકળી ગયો હતો અને શ્રેષ્ઠ કમળ સુધી પહોંચી શક્યો નહીં. તે પુરુષ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના જ પુષ્કરિણીની મધ્યમાં ઊંડા કીચડમાં ફસાઈને દુઃખી થયો. આ **બીજા પુરુષનું** વૃત્તાંત છે.

**૪ अहावरे तच्चे पुरिसजाए– अह पुरिसे पच्चत्थिमाओ दिसाओ आगम्म तं पुक्खरणिं, तीसे पुक्खरिणीए तीरे ठिच्चा पासइ तं महं एगं पउमवरपोंडरीयं अणुपुव्वुट्ठियं** *जाव* **पडिरूवं, ते तत्थ दोण्णि पुरिसजाए पासइ, पहीणे तीरं, अप्पत्ते पउमवरपोंडरीयं, णो हव्वाए णो पाराए** *जाव* **सेयंसि विसण्णे ।**

**तए णं से पुरिसे एवं वयासी– अहो णं इमे पुरिसा अदेसकालण्णा अखेयण्णा अकुसला अपंडिया अवियत्ता अमेहावी बाला णो मग्गण्णा णो मग्गविऊ णो मग्गस्स गइ परक्कमण्णू, जं णं एते पुरिसा एवं मण्णे अम्हे तं पउमवरपोंडरीयं उण्णिक्खिस्सामो, णो य खलु एयं पउमवरपोंडरीयं एवं उण्णिक्खेयव्वं जहा णं एए पुरिसा मण्णे ।**

**अहमंसि पुरिसे देसकालण्णे खेयण्णे कुसले पंडिए वियत्ते मेहावी अबाले मग्गण्णे मग्गविऊ मग्गस्स गइपरक्कमण्णू, अहमेयं पउमवरपोंडरीय उण्णिक्खिस्सामि त्ति वच्चा से पुरिसे अभिक्कमेइ तं पुक्खरणिं, जावं जावं च णं अभिक्कमेइ तावं तावं च णं महंते उदए, महंते सेए** *जाव* **सेयंसि विसण्णे । तच्चे पुरिसजाए ।**

**ભાવાર્થ :–** હવે ત્રીજા પુરુષનું વૃત્તાંત આ પ્રમાણે છે– બીજો પુરુષ કીચડમાં ફસાઈ ગયો ત્યાર પછી ત્રીજા પુરુષે, પશ્ચિમ દિશામાંથી તે પુષ્કરિણી પાસે આવીને તેના પશ્ચિમ કિનારા પર ઊભા રહીને તે શ્રેષ્ઠ, ક્રમશઃ ઊંચા ***યાવત્*** મનોહર પુંડરીકને જોયું અને કિનારાથી દૂર તથા શ્રેષ્ઠ કમળ સુધી ન પહોંચી શકેલા, આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના પુષ્કરિણીની મધ્યમાં કીચડમાં ફસાયેલા તે બંને પુરુષોને પણ જોયા.

ત્યારે પશ્ચિમ દિશામાંથી આવેલા તે પુરુષે વિચાર્યું કે અહો ! આ બંને પુરુષો દેશ કાલના જ્ઞાતા નથી, ક્ષેત્રજ્ઞ કે ખેદજ્ઞ નથી, કુશલ નથી, પંડિત નથી, પરિપકવ બુદ્ધિવાળા કે મેધાવી નથી, બાલ ભાવથી મુક્ત થયા નથી, સત્પુરુષોના માર્ગમાં સ્થિત નથી, માર્ગ વેત્તા નથી, માર્ગની ગતિ-વિધિ કે પરાક્રમને જાણતા નથી. આ બંને પુરુષોને એમ હતું કે અમે શ્રેષ્ઠ શ્વેત કમળને ચૂંટીને બહાર લઈ આવશું પરંતુ જે રીતે કાદવમાં ફસાયેલા આ બંને પુરુષો સમજે છે, તે રીતે આ શ્રેષ્ઠ કમળને ચૂંટીને લાવી શકાતું નથી.

હું દેશકાલનો જ્ઞાતા, ક્ષેત્રજ્ઞ-ખેદજ્ઞ, કુશળ, પંડિત, પરિપકવ બુદ્ધિવાળો, મેધાવી, યુવાન, સજ્જનો

દ્વારા આચરિત માર્ગ પર સ્થિત, માર્ગનો જ્ઞાતા, માર્ગની ગતિ-વિધિ અને પરાક્રમને જાણનાર છું. હું આ શ્રેષ્ઠ કમળને ચૂંટીને બહાર લાવીશ. આ પ્રમાણે નિશ્ચય કરીને તે ત્રીજા પુરુષે પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો. જેમ-જેમ તે પુષ્કરિણીમાં આગળ વધતો ગયો, તેમ-તેમ અધિકાધિક ઊંડું પાણી અને કીચડ આવ્યા. તે પુરુષ કિનારાથી દૂર નીકળી ગયો અને શ્રેષ્ઠ કમળ સુધી પહોંચી શક્યો નહીં. તે પુરુષ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના જ પુષ્કરિણીની મધ્યમાં ઊંડા કીચડમાં ફસાઈને દુઃખી થયો. આ **ત્રીજા પુરુષનું** વૃત્તાંત છે.

**૫ अहावरे चउत्थे पुरिसजाए– अह पुरिसे उत्तराओ दिसाओ आगम्म तं पुक्खरणिं, तीसे पुक्खरणीए तीरे ठिच्चा पासइ तं महं एगं पउमवरपोंडरीयं अणुपुव्वुट्ठियं** *जाव* **पडिरूवं । ते तत्थ तिण्णि पुरिसजाए पासइ पहीणे तीरं अप्पत्ते** *जाव* **सेयंसि विसण्णे।**

**तए णं से पुरिसे एवं वयासी– अहो णं इमे पुरिसा अदेसकालण्णा अखेयण्णा** *जाव* **णो मग्गस्स गइ परक्कमण्णू, जण्णं एते पुरिसा एवं मण्णे– अम्हे एयं पउमवर-पोंडरीयं उण्णिक्खिस्सामो, णो खलु एयं पउमवरपोंडरीयं एवं उण्णिक्खेयव्वं जहा णं एते पुरिसा मण्णे ।**

**अहमंसि पुरिसे देसकालण्णे खेयण्णे** *जाव* **मग्गस्स गइ परक्कमण्णू, अहमेयं पउमवरपोंडरीयं उण्णिक्खिस्सामि त्ति वच्चा से पुरिसे अभिक्कमे तं पुक्खरणिं, जावं जावं च णं अभिक्कमेइ तावं-तावं च णं महंते उदए, महंते सेए** *जाव* **विसण्णे। चउत्थे पुरिसजाए ।**

**ભાવાર્થ :–** હવે ચોથા પુરુષનું વૃત્તાંત આ પ્રમાણે છે– ત્રીજો પુરુષ કીચડમાં ફસાઈ ગયો ત્યાર પછી ચોથા પુરુષે, ઉત્તર દિશામાંથી તે પુષ્કરિણી પાસે આવીને, કિનારે ઊભા રહીને, તે શ્રેષ્ઠ, ક્રમશઃ ઉપર ઊઠેલા ***યાવત્*** મનોહર શ્વેત કમળને જોયું અને કિનારાથી દૂર તથા શ્રેષ્ઠ કમળ સુધી ન પહોંચી શકેલા, આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના પુષ્કરિણીની મધ્યમાં કીચડમાં ફસાયેલા, તે ત્રણે પુરુષોને પણ જોયા.

ત્યારે ઉત્તર દિશામાંથી આવેલા તે પુરુષે વિચાર્યું કે અહો ! આ ત્રણે પુરુષો દેશકાલના જ્ઞાતા નથી ***યાવત્*** માર્ગની ગતિ-વિધિ, પરાક્રમને જાણનાર નથી. આ ત્રણે પુરુષોને એમ હતું કે અમે શ્રેષ્ઠ શ્વેત કમળને ચૂંટીને બહાર લઈ આવશું પરંતુ જે રીતે કાદવમાં ફસાયેલા આ ત્રણે પુરુષો સમજે છે, તે રીતે આ શ્રેષ્ઠ કમળને ચૂંટીને લાવી શકાતું નથી.

હું દેશકાલનો જ્ઞાતા ***યાવત્*** માર્ગની ગતિ-વિધિ, પરાક્રમને જાણું છું. હું આ શ્રેષ્ઠ કમળને ચૂંટીને બહાર લઈ આવીશ. આ પ્રમાણે નિશ્ચય કરીને તે ચોથા પુરુષે પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો. જેમ-જેમ તે પુષ્કરિણીમાં આગળ વધતો ગયો, તેમ-તેમ અધિકાધિક ઊંડું પાણી અને કીચડ આવ્યા. તે પુરુષ કિનારાથી દૂર નીકળી ગયો અને શ્રેષ્ઠ કમળ સુધી પહોંચી શક્યો નહીં. તે પુરુષ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના જ પુષ્કરિણીની મધ્યમાં ઊંડા કીચડમાં ફસાઈને દુઃખી થયો. આ **ચોથા પુરુષનું** વૃત્તાંત છે.

**૬ अह भिक्खू लूहे तीरट्ठी देसकालण्णे खेयण्णे कुसले पंडिए वियत्ते मेहावी अबाले मग्गण्णे मग्गविऊ मग्गस्स गइ परक्कमण्णू अण्णयरीओ दिसाओ अणुदिसाओ वा आगम्म तं पुक्खरणिं; तीसे पोक्खरणीए तीरे ठिच्चा पासइ तं महं**

**पउमवरपोंडरीयं** *जाव* **पडिरूवं, ते तत्थ चत्तारि पुरिसजाए पासइ पहीणे तीरं, अप्पत्ते** *जाव* **सेयंसि विसण्णे ।**

**तए णं से भिक्खू एवं वयासी– अहो णं इमे पुरिसा अदेसकालण्णा अखेयण्णा** *जाव* **णो मग्गस्स गइ परक्कमण्णू । जं णं एते पुरिसा एवं मण्णे– अम्हे एयं पउमवर पोंडरीयं उण्णिक्खिस्सामो, णो य खलु एयं पउमवरपोंडरीयं एवं उण्णिक्खेयव्वं जहा णं एते पुरिसा मण्णे, अहमंसि भिक्खू लूहे तीरट्ठी देसकालण्णे खेयण्णे** *जाव* **मग्गस्स गइ परक्कमण्णू, अहमेयं पउमवर-पोंडरीयं उण्णिक्खिस्सामि त्ति वच्चा से भिक्खू णो अभिक्कमे तं पुक्खरणिं, तीसे पुक्खरणीए तीरं ठिच्चा सद्दं कुज्जा– उप्पयाहि खलु भो पउमवरपोंडरीया ! उप्पयाहि । अह से उप्पइए पउमवरपोंडरीए ।**

**શબ્દાર્થ :–** **लूहे** = રુક્ષ = રાગદ્વેષ રહિત **तीरट्ठी** = તીરાર્થી–સંસાર સાગરના કિનારે જવાની ઈચ્છા કરનારા **अणुदिसाओ** = વિદિશાથી **उप्पयाहि** = બહાર નીકળો(ઉપર આવો.)

**ભાવાર્થ :–** ત્યાર પછી એક ભિક્ષુ, અનાસક્ત, તીરાર્થી, દેશ-કાલના જ્ઞાતા, ખેદજ્ઞ-ક્ષેત્રજ્ઞ(અથવા ષડ્જીવનિકાયના ખેદને જાણનાર), કુશળ, પંડિત પરિપક્વ બુદ્ધિવાળા, મેધાવી, બાલ ભાવથી મુક્ત, માર્ગમાં સ્થિત, માર્ગના જ્ઞાતા, માર્ગની ગતિ-વિધિ અને પરાક્રમને જાણનાર(તે ભિક્ષુ) કોઈ દિશા અથવા વિદિશામાંથી પુષ્કરિણી પાસે આવ્યો, આવીને કિનારે ઊભા રહીને શ્રેષ્ઠ, ક્રમશઃ ઉપર ઊઠેલા ***યાવત્*** મનોહર કમળને જોયું અને કિનારાથી દૂર તથા શ્રેષ્ઠ કમળ સુધી ન પહોંચી શકેલા, આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના પુષ્કરિણીની મધ્યમાં કીચડમાં ફસાયેલા તે ચારે પુરુષોને પણ જોયા.

ત્યારે તે ભિક્ષુએ આ પ્રમાણે કહ્યું, અહો ! આ ચારે પુરુષો દેશ કાલના જ્ઞાતા નથી, ખેદજ્ઞ નથી ***યાવત્*** માર્ગની ગતિ-વિધિ, પરાક્રમને જાણનાર નથી, આ ચારે પુરુષોને એમ હતું કે અમે શ્રેષ્ઠ કમળને ચૂંટીને બહાર લઈ આવશું પરંતુ જે રીતે કાદવમાં ફસાયેલા આ ચારે પુરુષો સમજે છે, તે રીતે આ શ્રેષ્ઠ કમળને ચૂંટીને બહાર લાવી શકાતું નથી.

હું ભિક્ષુ છું, હું રાગ-દ્વેષ રહિત, સંસાર સાગરને પાર પામવાની ઈચ્છાવાળો, દેશકાલનો જ્ઞાતા, ક્ષેત્રજ્ઞ(ખેદજ્ઞ) ***યાવત્*** માર્ગની ગતિ વિધિના પરાક્રમનો જ્ઞાતા છું. હું આ ઉત્તમ શ્વેતકમળને પુષ્કરિણીમાંથી બહાર લઈ આવીશ, આ અભિપ્રાયથી તે સાધુએ તે પુષ્કરિણીમાં પ્રવેશ કર્યા વિના જ તે પુષ્કરિણીના તટ પર ઊભા રહીને જ અવાજ કર્યો કે હે ઉત્તમ શ્વેતકમળ ! 'ઉપર આવી જા' સાધુના આ શબ્દોથી તે શ્રેષ્ઠ કમળ તે પુષ્કરિણીમાંથી બહાર નીકળીને ભિક્ષુ પાસે કિનારા પર આવી ગયું.

**૭ किट्टिए णाए समणाउसो ! अट्ठे पुण से जाणियव्वे भवइ ।**

**भंते ! त्ति णिग्गंथा य णिग्गंथीओ य समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता नमंसित्ता एवं वयासी– किट्टिए णाए समणाउसो ! अट्ठं पुण से ण जाणामो।**

**समणाउसो ! त्ति समणे भगवं महावीरे ते य बहवे णिग्गंथा य णिग्गंथीओ**

**य आमंतेत्ता एवं वयासी– हंता समणाउसो ! आइक्खामि विभावेमि किट्टेमि पवेदेमि सअट्ठं सहेउं सणिमित्तं भुज्जो-भुज्जो उवदंसेमि ।**

**શબ્દાર્થ :–** **किट्टिए** = કહ્યું છે **समणाउसो** = હે આયુષ્યમાન્ શ્રમણો ! **आइक्खामि** = આખ્યાન કરું છું, કહું છું **विभावेमि** = પ્રગટ કરું છું **किट्टेमि** = સમજાવું છું **पवेदेमि** = નિવેદન કરું છું **सअट्ठं** = અર્થ સહિત **सहेउं** = હેતુસહિત **सणिमित्तं** = નિમિત્ત સહિત **भुज्जो-भुज्जो** = વારંવાર **उवदंसेमि** = બતાવું છું.

**ભાવાર્થ :–** (શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કહે છે–) હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં તમોને આ દષ્ટાંત કહ્યું છે, તેનો અર્થ-ભાવ તમારે જાણવો જોઈએ.

હે ભગવન્ ! સાધુઓ અને સાધ્વીઓએ શ્રમણ ભગવાન મહાવીરને વંદના અને નમસ્કાર કરીને આ પ્રમાણે સંબોધન કરીને કહ્યું કે હે આયુષ્યમાન શ્રમણ ભગવાન ! આપે જે દષ્ટાંત કહ્યું તેનો અર્થ અમે જાણતા નથી.

હે આયુષ્યમાન્ શ્રમણો અને શ્રમણીઓ ! આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે સર્વ સાધુ-સાધ્વીઓને બોલાવીને કહ્યું– હે આયુષ્યમાન્ શ્રમણ-શ્રમણીઓ ! હું આ દષ્ટાંતનો અર્થ કહું છું, તેના રહસ્યને પ્રગટ કરું છું, પર્યાયવાચી શબ્દો દ્વારા સમજાવું છું, નિવેદન કરું છું, તેનું પ્રયોજન, હેતુ અને નિમિત્ત સહિત તે દષ્ટાંતને વારંવાર(સ્પષ્ટ રીતે) સમજાવું છું.

**૮ से बेमि– लोयं च खलु मए अप्पाहट्टु समणाउसो ! सा पुक्खरणी बुइया, कम्मं च खलु मए अप्पाहट्टु समणाउसो ! से उदए बुइए । कामभोगे य खलु मए अप्पाहट्टु समणाउसो ! से सेए बुइए । जण-जाणवयं च खलु मए अप्पाहट्टु समणाउसो ! ते बहवे पउमवरपोंडरीया बुइया । रायाणं च खलु मए अप्पाहट्टु समणाउसो ! से एगे महं पउमवरपोंडरीयं बुइए । अण्णउत्थिया य खलु मए अप्पाहट्टु समणाउसो ! ते चत्तारि पुरिसजाया बुइया । धम्मं च खलु मए अप्पाहट्टु समणाउसो! से भिक्खू बुइए । धम्मतित्थं च खलु मए अप्पाहट्टु समणाउसो ! से तीरे बुइए । धम्मकहं च खलु मए अप्पाहट्टु समणाउसो ! से सद्दे बुइए । णिव्वाणं च खलु मए अप्पाहट्टु समणाउसो ! से उप्पाए बुइए, एवमेयं च खलु मए अप्पाहट्टु समणाउसो! से एवमेयं बुइयं ।**

**શબ્દાર્થ :–** **अप्पाहट्टु** = લક્ષ્ય કરીને, ગ્રહણ કરીને, ઉદ્દેશ કરીને **मए** = મેં **उदए** = ઉદક-પાણી **सेए** = કીચડ **जण** = ગ્રામીણ લોકો, સામાન્ય લોકો **जाणवयं** = દેશવાસીઓને, શહેરી લોકોને, નાગરિકોને **अण्णउत्थिया** = અન્યતીર્થિક **णिव्वाणं** = નિર્વાણ-મોક્ષને **उप्पाए** = ઉત્પતન, બહાર આવવું.

**ભાવાર્થ :–** તે દષ્ટાંતનો અર્થ આ પ્રમાણે છે– હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં આ લોકને પુષ્કરિણી કહી છે, કર્મોને પુષ્કરિણીનું જલ કહ્યું છે, કામભોગોને કીચડ કહ્યો છે, સામાન્ય મનુષ્યોને અને નાગરિકોને વિવિધ પુંડરીક કહ્યા છે અને રાજાને તે પુષ્કરિણીના શ્રેષ્ઠ કમળ કહ્યા છે, અન્યતીર્થિકોને ચાર પુરુષ કહ્યા છે, શ્રેષ્ઠ ધર્મને ભિક્ષુ કહ્યો છે, ધર્મતીર્થને પુષ્કરિણીનો કિનારો કહ્યો છે, ધર્મકથાને કમળને બહાર લાવનાર ભિક્ષુના

શબ્દ રૂપે કહ્યા છે અને મોક્ષને કમળના બહાર આવવાનું કહ્યું છે. હે આયુષ્યમાન શ્રમણો ! આ રીતે મેં આ સર્વ અપેક્ષાઓને લઈને આ સંપૂર્ણ દષ્ટાંત કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂત્રકારે શ્રેષ્ઠ કમળની પ્રાપ્તિમાં નિષ્ફળ અને સફળ થયેલા પુરુષોના રૂપક દ્વારા સંસારના સ્વરૂપને સમજાવીને તેને પાર કરવાનો ઉપાય પ્રદર્શિત કર્યો છે.

ચૌદ રજ્જુ પ્રમાણ આ સમસ્ત લોક પુષ્કરિણી સમાન છે. સંસારના અનંત જીવો વિવિધ કમળો સમાન છે. જેમ પુષ્કરિણીમાં અનેક કમળો ઉત્પન્ન થાય અને નષ્ટ થાય છે તેમ લોકમાં પણ અનંત જીવો પોતાના કર્મો પ્રમાણે ચાર ગતિમાં જન્મ-મરણ કરી રહ્યા છે. પુષ્કરિણી અનેક કમળોનો આધાર છે તેમ જીવોનો આધાર આ લોક છે.

સંસારી જીવોના કર્મો પુષ્કરિણીના જળ સમાન છે. કમળોની ઉત્પત્તિમાં જળ નિમિત્ત બને છે તેમ જીવોના જન્મ-મરણનું કારણ કર્મો છે.

પાંચે ઇન્દ્રિયોના વિષયોની આસક્તિરૂપ કામભોગ પુષ્કરિણીના કીચડ સમાન છે. કીચડમાં ફસાયેલા મનુષ્યોની જેમ કામભોગમાં ફસાયેલા જીવો પણ સંસારમાંથી બહાર નીકળી શકતા નથી.

લોકમાં રહેલા વિવિધ મનુષ્યો પુષ્કરિણીના વિવિધ સુંદર કમળોની જેમ શોભી રહ્યા છે. આર્ય મનુષ્યોમાં મોક્ષમાં જવાની યોગ્યતા આદિ અનેક સદ્‌ગુણો કમળના શ્રેષ્ઠ વર્ણ, સુગંધ આદિની જેમ મહેકી રહ્યા છે. સર્વ મનુષ્યો પર અનુશાસન કરનાર રાજા પુષ્કરિણીના શ્રેષ્ઠ પુંડરીક સમાન છે. તજ્જીવ તત્શરીરવાદી આદિ મિથ્યા માન્યતા ધરાવનારાઓ, શ્રેષ્ઠ કમળને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયેલા ચાર પુરુષોની સમાન છે. ધર્મ શ્રેષ્ઠ વસ્તુની પ્રાપ્તિ કરાવનાર પુરુષાર્થ સમાન છે. પાંચમો પુરુષ ભિક્ષુ સમાન છે. ધર્મતીર્થ–સંસારનો કિનારો પુષ્કરિણીના કિનારા સમાન છે. ધર્મકથા કમળને બહાર લાવનાર ભિક્ષુના શબ્દો સમાન છે અને નિર્વાણ કમળના ઉપર ઊઠીને પુષ્કરિણીથી બહાર આવવા સમાન છે.

શ્રેષ્ઠ વસ્તુની પ્રાપ્તિનું આકર્ષણ થવું, તે જીવ માત્ર માટે સહજ છે– પરંતુ દરેક જીવ શ્રેષ્ઠ વસ્તુને પ્રાપ્ત કરી શકતા નથી. જે સમ્યગ્‌દષ્ટિ છે, તે જ તેની પ્રાપ્તિ માટેનો સમ્યક્ પુરુષાર્થ કરીને સફળ થાય છે. તેથી જ મિથ્યા માન્યતા ધરાવનારા ચારે પુરુષોને શ્રેષ્ઠ પુંડરીકનું આકર્ષણ હોવા છતાં અને તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવા છતાં તેઓ પુંડરીકને પ્રાપ્ત કરી શકતા નથી અને વિપરીત દષ્ટિના પરિણામે કીચડમાં ફસાઈ જાય છે.

જે પુરુષ સંસાર અને મોક્ષના સ્વરૂપને જાણે છે, મોક્ષ પ્રાપ્તિના સાધનો તથા ધર્મરૂપ સમ્યક પુરુષાર્થને સમજે છે, તે પુરુષ જ નિર્વાણપ્રાપ્તિના દઢ સંકલ્પપૂર્વક ધર્મકથાના માધ્યમથી પુરુષાર્થનો પ્રારંભ કરે છે અને અંતે અનાદિકાલથી કર્મના પ્રભાવે પરિભ્રમણ કરતો, કામભોગ રૂપ કીચડમાં ફસાયેલો જીવ પણ જલ અને કીચડથી સર્વથા ઉપર ઊઠેલા શ્રેષ્ઠ પુંડરીકની જેમ કર્મ અને કામભોગ રૂપ કીચડથી સર્વથા ઉપર ઊઠી જાય છે અર્થાત્ કર્મોથી સર્વથા મુક્ત થઈને નિર્વાણને પ્રાપ્ત કરે છે.

સંક્ષેપમાં કામભોગમાં આસક્ત પુરુષ સ્વયં જન્મ-મરણના ચક્રમાં દુઃખી થાય છે અને બીજાને દુઃખી બનાવે છે. અનાસક્ત પુરુષ સ્વયં મુક્ત થાય છે અને બીજાને મુક્તિનો માર્ગ બતાવે છે. આસક્તિ બંધન છે અને અનાસક્તિ મુક્તિ છે.

**પુષ્કરિણી આદિમાં ઉપમા-ઉપમેય :–**

| ઉપમેય | ઉપમા |
|---|---|
| લોક | પુષ્કરિણી |
| અનંત જીવ | વિવિધ કમળ |
| જીવોના કર્મ | પુષ્કરિણીનું જલ |
| વિષયોની આસક્તિ | કીચડ |
| આર્ય મનુષ્યોના સદ્‌ગુણો | કમળોના શ્રેષ્ઠ વર્ણાદિ |
| રાજા | શ્રેષ્ઠ પુંડરીક |
| તજ્જીવ તત્શરીરવાદી આદિ મિથ્યાત્વી | કમળને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયેલા ચાર પુરુષ |
| અનાસક્ત શ્રમણ | કમળની પ્રાપ્તિમાં સફળ થયેલો ભિક્ષુ |
| ધર્મ | શ્રેષ્ઠ વસ્તુ પ્રાપ્તિનો પુરુષાર્થ |
| ધર્મ તીર્થ-સંસાર કિનારો | પુષ્કરિણીનો કિનારો |
| ધર્મકથા | કમળને બહાર લાવનાર શબ્દો |
| નિર્વાણ | કમળનું પુષ્કરિણીથી બહાર આવવું. |

**સંસારી જીવોની વિવિધ વિચારધારા :–**

**९** **इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संति एगइया मणुस्सा भवंति अणुपुव्वेण लोगं उववण्णा, तं जहा– आरिया वेगे, अणारिया वेगे उच्चागोया वेगे णीयागोया वेगे, कायमंता वेगे, हस्समंता वेगे, सुवण्णा वेगे, दुवण्णा वेगे, सुरूवा वेगे दुरूवा वेगे ।**

**तेसिं च णं महं एगे राया भवइ– महाहिमवंतमलयमंदरमहिंदसारे** *जाव* **अच्चंत-विसुद्ध-रायकुलवंसप्पसूए णिरंतररायलक्खणविराइयंगमंगे बहुजण बहुमाणपूइए सव्वगुणसमिद्धे खत्तिए मुदिए मुद्धाभिसित्ते माउपिउसुजाए दयपत्ते सीमंकरे सीमंधरे खेमंकरे खेमंधरे मणुस्सिंदे जणवयपिया जणवयपुरोहिए सेउकरे केउकरे णरपवरे पुरिसवरे पुरिससीहे पुरिसआसीविसे पुरिसवरपोंडरीए पुरिसवरगंधहत्थी अड्ढे दित्ते वित्ते वित्थण्णविउल-भवण-सयणासण-जाण-वाहणाइण्णे बहुधण-बहुजायरूव-रयए आओग-पओगसंपउत्ते विच्छड्डिय-पउरभत्त-पाणे बहुदासी-दास-गो-महिस-गवेलगप्पभूए पडिपुण्णकोस-कोट्ठागाराउधागारे बलवं दुब्बलपच्चामित्ते ओहयकंटयं णिहयकंटयं मलियकंटयं उद्धियकंटयं अकंटयं ओहयसत्तू णिहयसत्तू मलियसत्तू उद्धियसत्तू णिज्जिय-सत्तू पराइयसत्तू ववगयदुब्भिक्खमारिभयविप्पमुक्कं रायवण्णओ जहा उववाइए**

*जाव* **पसंतडिंबडमरं रज्जं पसासेमाणे विहरइ ।**

**શબ્દાર્થઃ– आरिया** = આર્ય **अणारिया** = અનાર્ય **उच्चागोया** = ઉચ્ચ ગોત્રમાં ઉત્પન્ન થયેલા **णीयागोया**= નીચગોત્રમાં ઉત્પન્ન થયેલા **कायमंता** = લાંબા શરીરવાળા, ઊંચા **हस्समंता** = નાના શરીરવાળા, ઠીંગણા **महाहिमवंत-मलयमंदरमहिंदसारे** = મહાહિમવંત, મલય, મંદરાચલ તથા મહેન્દ્ર પર્વતની સમાન **अच्चंतविसुद्धराय कुलवंसप्पसूए** = અત્યંત વિશુદ્ધ રાજકુળના વંશમાં ઉત્પન્ન થયેલા **णिरंतररायलक्खण विराइयंगमंगे** = અંગ અને પ્રત્યંગ રાજલક્ષણોથી સુશોભિત **बहुजणबहुमाणपूइए** = ઘણાં માણસો દ્વારા બહુમાનપૂર્વક પૂજિત **सव्वगुण समिद्धे** = સમસ્તગુણોથી પરિપૂર્ણ **खत्तिए** = ક્ષત્રિય **मुदिए** = મુદિત **मुद्धाभिसित्ते** = મૂર્ધાભિષિક્ત, રાજ્યાભિષેક કરાયેલો **माउपिउसुजाए** = માતાપિતાનો સુપુત્ર **दयपत्ते** = દયાળુ **सीमंकरे** = મર્યાદા સ્થાપિત કરનારા **सीमंधरे** = મર્યાદાનું સ્વયં પાલન કરનારા **खेमंकरे** = પ્રજાનું કલ્યાણ કરનારા **खेमंधरे** = સ્વયં કલ્યાણને ધારણ કરનાર **णरपवरे** = મનુષ્યોમાં શ્રેષ્ઠ **अड्ढे** = આઢય, ધનવાન **दित्ते** = તેજસ્વી **वित्ते** = પ્રસિદ્ધ **वित्थिण्ण-विउलभवण** = વિસ્તૃત મોટા મોટા મકાનો **सयणा-सणजाण** = શયન, આસન, યાન **वाहणाइण्णे** = વાહન આદિથી પરિપૂર્ણ **बहुधण** = ઘણું ધન **बहुजायरूव** = ઘણું સુવર્ણ અને **रयए** = ચાંદીથી ભરેલા **आओगपओगसंपउत्ते** = આયોગ-પ્રયોગ સંપ્રયુક્ત, નાણાવટી, ધનનું આદાન-પ્રદાન કરનારા, વ્યાજ-વટાવનો ધંધો કરનારા **विच्छड्डियपउरभत्तपाणे**= અવશેષ પ્રચુર ભાત-પાણીનું દાન આપનારા **पडिपुण्ण-कोसकोट्ठागाराउधागारे** = જેની પાસે ખજાનો, અન્નભંડાર તથા શસ્ત્રાગાર ભરેલા હોય **दुब्बलपच्चामित्ते** = શત્રુઓને દુર્બળ કરાયેલા **ववगयदुब्भिक्ख-मारि-भयविप्पमुक्कं** = દુર્ભિક્ષ અને મહામારિના ભયથી રહિત **पसंतडिंबडमरं** = સ્વચક્ર અને પરચક્રના ભયથી રહિત **पसासेमाणे** = શાસન કરતો થકો.

**ભાવાર્થ :–** (શ્રમણ ભગવાન મહાવીર કહે છે–) આ મનુષ્ય લોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશામાં ઉત્પન્ન થયેલા વિવિધ પ્રકારના મનુષ્યો હોય છે, કેટલાક ઉચ્ચગોત્રીય, કેટલાક નીચગોત્રીય, કેટલાક ભીમકાય–મોટા કદવાળા અને કેટલાક નાના કદવાળા, કેટલાક સુંદર વર્ણવાળા અને કેટલાક અશુભ વર્ણવાળા, કેટલાક સુંદર અંગોપાંગોવાળા અને કેટલાક બેડોળ હોય છે.

તે મનુષ્યોમાં કોઈ એક રાજા હોય છે. તેઓ મહાહિમવંત પર્વત, મહામલય પર્વત, મેરુપર્વત અને મહેન્દ્ર પર્વતની જેમ શ્રેષ્ઠ હોય છે. તેમનો જન્મ અત્યંત વિશુદ્ધ અને દીર્ઘકાલથી રાજકુલરૂપે પ્રસિદ્ધ વંશમાં થયો હોય છે. તેમના અંગોપાંગ સ્વસ્તિકાદિ રાજ ચિહ્નોથી હંમેશાં શોભતા હોય છે. તેઓ અનેક લોકો દ્વારા સન્માનિત અને પૂજિત હોય છે, નીતિમત્તા, દાક્ષિણ્ય આદિ સર્વ ગુણોથી સમૃદ્ધ હોય છે. તેઓ શુદ્ધ ક્ષત્રિય વંશમાં જન્મ પામ્યા હોય છે, સદા પ્રસન્ન રહેનારા તેમનો રાજ્યભિષેક અનેક રાજાઓ દ્વારા કરવામાં આવે છે. તેઓ માતાપિતાના શ્રેષ્ઠ પુત્ર અને સ્વભાવે કરુણાશીલ હોય છે, પ્રજાના હિતાર્થે યોગ્ય વસ્તુઓ પ્રાપ્ત કરતા હોવાથી ક્ષેમંકર અને વસ્તુઓની સારસંભાળ રાખતા હોવાથી ક્ષેમંધર હોય છે, ઉત્તમ ઐશ્વર્યવાન હોવાથી મનુષ્યોમાં ઈંદ્ર સમાન હોય છે, જનપદ નિવાસીઓને વિનય આદિ સંબંધી શિક્ષણ દેનારા તેમજ પ્રજાનું રક્ષણ તથા સુંદર રીતે પોષણ કરનારા હોવાથી પિતા સમાન હોય છે, જનપદ નિવાસીઓના પાલક હોય છે અને પ્રજાજનોના હિત માટે સાવધાન હોવાથી પુરોહિત સમાન હોય છે.

તેઓ કુમાર્ગે જનારને સન્માર્ગે લાવીને મર્યાદામાં સ્થિર કરતા હોવાથી સેતુકર હોય છે, અદ્‌ભુત કાર્ય કરનારા હોવાથી કેતુકર હોય છે, કોશ, સૈન્યબલ આદિથી સમૃદ્ધ હોવાથી સાધારણ મનુષ્યોમાં શ્રેષ્ઠ હોય છે. તેઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, તે ચારે પુરુષાર્થને સિદ્ધ કરનારા, પુરુષોમાં શ્રેષ્ઠ હોય છે. તેઓ સિંહ જેવા નિર્ભય હોવાથી પુરુષસિંહ, વાઘ જેવા શૂરવીર હોવાથી પુરુષ વ્યાઘ્ર, સર્પની જેમ સફળ કોપવાળા હોવાથી પુરુષાશીવિષ, દીન-દુઃખીઓ માટે કમળ જેવા કોમળ હૃદયવાળા હોવાથી પુરુષ પુંડરીક, શત્રુઓનું મર્દન કરનારા હોવાથી પુરુષગંધહસ્તિ સમાન હોય છે.

તે આઢ્ય–અખૂટ ધનના સ્વામી, દપ્ત–શત્રુઓના અભિમાનનો નાશ કરનાર, વિત્ત–સ્વધર્મ અને સ્વદેશના પાલક હોવાથી પ્રખ્યાત હોય છે. તેઓ અનેક ભવન, શય્યા, આસન, યાન, વાહનો આદિથી સમૃદ્ધ હોય છે. તેમનો કોષ્ઠાગાર ધાન્યથી અને ભંડાર સોના, ચાંદી આદિ મૂલ્યવાન પદાર્થોથી ભરેલો હોય છે. તેઓ ધનલાભના પ્રયોગમાં અર્થાત્ મોટા-મોટા વ્યાપારોમાં હંમેશાં ઉદ્યમશીલ રહે છે. તેમના ભોજનઘરમાં પ્રચુર માત્રામાં ભોજન બનતું હોય છે. તેમના ઘરમાં જમી લીધા પછી પણ ઘણું ભોજન વધે, તે ગરીબોને અપાતું હોય છે. તેમની સેવામાં અનેક દાસ-દાસીઓ રહે છે તથા તેમની પશુશાળામાં ઘણા ગાય, ભેંસ, ઘેટા આદિ પશુધન રહે છે.

તેમના યંત્રાગારો વિવિધ પ્રકારના યંત્રોથી, ખજાના સોનાના સિક્કાઓ અને રત્નો આદિથી, કોઠારો ધાન્યથી અને શસ્ત્રાગારો વિવિધ જાતના અસ્ત્રો-શસ્ત્રોથી યુક્ત હોય છે. તેઓ શારીરિક બળ, ધન બળ અને સૈન્ય બળથી સંપન્ન હોય છે અને તેમણે અન્ય શત્રુ રાજાઓને બલહીન બનાવ્યા હોય છે. તેમનું રાજ્ય પ્રજાને પીડા કરનારા તસ્કર આદિરૂપ કંટકથી રહિત હોવાથી ઉપહતકંટક; ચોર આદિને કારાગૃહમાં પૂરી રાખ્યા હોવાથી નિહતકંટક; ચોર, લૂંટારા આદિને પ્રહારોથી મથિત કરી નાંખ્યા હોવાથી મથિતકંટક અને ઉપદ્રવકારી મનુષ્યોનો સર્વથા દેશનિકાલ કર્યો હોવાથી ઉદ્ધૃતકંટક હોય છે. આ રીતે ચોર આદિ કંટકોને વિવિધ ઉપાયો દ્વારા દૂર કર્યા હોવાથી તેમનું રાજ્ય સર્વ પ્રકારે નિષ્કંટક હોય છે. તે જ રીતે તેમનું રાજ્ય ઉપહતશત્રુ, નિહતશત્રુ, મથિતશત્રુ, ઉદ્ધૃતશત્રુ, નિર્જિતશત્રુ અને પરાજિત શત્રુ હોય છે. તેમના રાજ્યમાં દુષ્કાળ આદિનો કે માર-મરકી આદિનો ભય હોતો નથી. આ રીતે ક્ષેમ-કુશળ, કલ્યાણકારી–ઉપદ્રવ રહિત, સુભિક્ષ–લોકોને સર્વ સામગ્રીઓ સુલભ હોય, કોઈ પણ પ્રકારના વિઘ્ન કે કલહ ન હોય, તે રીતે રાજ્યનું અનુશાસન કરતાં તેઓ વિચરણ કરે છે.

**૧૦ तस्स णं रण्णो परिसा भवइ– उग्गा उग्गपुत्ता, भोगा भोगपुत्ता, इक्खागा इक्खागपुत्ता, णाया णायपुत्ता, कोरव्वा कोरव्वपुत्ता, भट्टा भट्टपुत्ता, माहणा माहणपुत्ता, लेच्छई लेच्छई पुत्ता, पसत्थारो पसत्थपुत्ता, सेणावई सेणावईपुत्ता ।**

**तेसिं च णं एगइए सड्ढी भवइ, कामं तं समणा य माहणा य संपहारिंसु गमणाए । तत्थ अण्णयरेणं धम्मेणं पण्णत्तारो वयं इमेणं धम्मेणं पण्णवइस्सामो, से एवमायाणह भयंतारो ! जहा मे एस धम्मे सुयक्खाए सुपण्णत्ते भवइ ।**

**શબ્દાર્થ :–** **उग्गा** = ઉગ્રકુળમાં ઉત્પન્ન થયેલ **उग्गपुत्ता** = ઉગ્રપુત્ર **भोगपुत्ता** = ભોગપુત્ર **कोरव्वा** = કુરુકુળમાં ઉત્પન્ન થયેલ, **भट्टा** = સુભટકુળમાં ઉત્પન્ન થયેલ **सड्ढी** = શ્રદ્ધાવાન્.

**ભાવાર્થ :–** તે રાજાની પરિષદ–સભામાં ઉગ્રકુળમાં ઉત્પન્ન થયેલા ઉગ્ર પુરુષો તથા ઉગ્રપુત્રો, ભોગકુળમાં

ઉત્પન્ન થયેલા ભોગ પુરુષો તથા ભોગપુત્રો, ઈક્ષ્વાકુકુળમાં ઉત્પન્ન થયેલા ઈક્ષ્વાકુઓ તથા ઈક્ષ્વાકુપુત્રો, જ્ઞાતકુળમાં ઉત્પન્ન થયેલા જ્ઞાત પુરુષો તથા જ્ઞાતપુત્રો, કુરુકુળમાં ઉત્પન્ન થયેલા કૌરવો તથા કૌરવપુત્રો, સુભટકુળમાં ઉત્પન્ન થયેલા સુભટો તથા સુભટ-પુત્રો, બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણો તથા બ્રાહ્મણપુત્રો, લિચ્છવી નામના ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયેલા લિચ્છવીઓ તથા લિચ્છવીપુત્રો, પ્રશાસ્તાગણ મંત્રી વગેરે બુદ્ધિજીવી વર્ગમાં ઉત્પન્ન થયેલા પ્રશાસ્તા તથા મંત્રી વગેરેના પુત્રો, સેનાપતિ અને સેનાપતિપુત્રો હોય છે.

તે સભાસદોમાંથી કેટલાક શ્રદ્ધાવાન હોય છે. તે શ્રદ્ધાવાન પુરુષ કોઈ શ્રમણ કે બ્રાહ્મણની પાસે ધર્મ પ્રાપ્તિની ઈચ્છાથી જાય છે. ત્યારે ધર્મની પ્રરૂપણા કરનાર કોઈ શ્રમણ કે બ્રાહ્મણ એ પ્રમાણે નિશ્ચય કરે છે કે અમે આ ધર્મશ્રદ્ધાળુ પુરુષની સમક્ષ અમારા ધર્મની પ્રરૂપણા કરશું. તેમ નિર્ણય કરીને ધર્મનું કથન કરે છે. કથન કરીને અંતે કહે છે કે હે પુણ્યવાન પુરુષો ! હું જે કાંઈ ઉત્તમ ધર્મનો બોધ આપને આપી રહ્યો છું, તેને આપ પૂર્વપુરુષો દ્વારા સમ્યક્ પ્રકારે પ્રરૂપિત અને સત્ય સમજો.

**પહેલો પુરુષ : તજ્જીવ તત્શરીરવાદી :–**

**૧૧ तं जहा– उड्ढं पायतला, अहे केसग्गमत्थगा तिरियं तयपरियंते जीवे । एस आयापज्जवे कसिणे । एस जीवे जीवइ, एस मए णो जीवइ । सरीरे धरमाणे धरइ, विणट्ठम्मि य णो धरइ, एए तं जीवियं भवइ, आदहणाए परेहिं णिज्जइ, अगणिझामिए सरीरे कवोयवण्णाणि अट्ठीणि भवंति, आसदीपंचमा पुरिसा गामं पच्चागच्छंति । एवं असंते असंविज्जमाणे ।**

**શબ્દાર્થ :–** **पायतला** = પાદતલથી, પગના તળિયાથી **केसग्गमत्थगा** = મસ્તકના કેશાગ્રથી **तयपरियंते** = ચામડી સુધી **धरमाणे** = સ્થિત રહેવા પર **विणट्ठम्मि** = નષ્ટ થવા પર **आदहणाए** = બાળવા માટે **णिज्जइ** = લઈ જાય છે **अगणिझामिए** = અગ્નિ વડે બાળવા પર **अट्ठीणि** = હાડકાઓ **कवोयवण्णाणि** = કપોતવર્ણવાળી, કબૂતરના વર્ણ જેવા વર્ણવાળી **आसंदी** = માંચી, નનામી **पच्चागच्छंति** = પાછા વળી જાય છે **असंविज्जमाणे** = શરીરથી ભિન્ન જીવનું સંવેદન નથી, અનુભૂતિ નથી.

**ભાવાર્થ :–** સહુ પ્રથમ તજ્જીવ તચ્છરીરવાદીનો અભિપ્રાય આ પ્રમાણે છે– નીચે પગના તળિયાથી ઉપર મસ્તકના કેશના અગ્રભાગ સુધી તથા તિરછું(સર્વત્ર) ચામડી સુધીનું જે શરીર છે, તે જીવ છે. આ શરીર જ જીવનો સમસ્ત પર્યાય છે. આ શરીર જીવે છે ત્યાં સુધી જ જીવ જીવતો રહે છે, શરીરનો નાશ થાય, ત્યારે જીવ રહેતો નથી. શરીર સ્થિત(ટકી) રહે ત્યાં સુધી જ જીવ સ્થિત રહે છે અને શરીર નષ્ટ થાય ત્યારે તે પણ નષ્ટ થઈ જાય છે. તેથી જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી આ જીવ છે. શરીર મરી જાય છે ત્યારે બીજા લોકો તેને બાળવા માટે લઈ જાય છે, શરીર બળી જાય ત્યારે હાડકાં કપોતના વર્ણના–ભૂખરા થઈ જાય છે. ત્યાર પછી મૃત વ્યક્તિને સ્મશાનભૂમિમાં પહોંચાડનારા ચાર પુરુષો મૃત શરીરને જેમાં લઈ ગયા હોય, તે નનામી લઈને પોતાના ગામમાં પાછા આવે છે. તેથી સ્પષ્ટ થાય છે કે શરીરથી ભિન્ન જીવ નામનો કોઈ પદાર્થ નથી, કારણ કે શરીરથી જુદા જીવનું સંવેદન થતું નથી.

**૧૨ जेसिं तं सुयक्खायं भवइ– अण्णो भवइ जीवो, अण्णं सरीरं । तम्हा ते एवं णो विप्पडिवेदेंति– अयमाउसो ! आया दीहे इ वा हस्से इ वा परिमंडले इ**

**वा वट्टे इ वा तंसे इ वा चउरंसे इ वा छलंसे इ वा अट्ठंसे इ वा आयते इ वा किण्हे इ वा णीले इ वा लोहिए इ वा हालिद्दे इ वा सुक्किले इ वा सुब्भिगंधे इ वा दुब्भिगंधे इ वा तित्ते इ वा कडुए इ वा कसाए इ वा अंबिले इ वा महुरे इ वा । कक्खडे इ वा मउए इ वा गरुए इ वा लहुए इ वा सिए इ वा उसिणे इ वा णिद्धे इ वा लुक्खे इ वा । एवं असंते असंविज्जमाणे ।**

**શબ્દાર્થ :– छलंसे इ वा** = છ ખૂણાવાળા **अट्ठंसे** = અષ્ટકોણ, આઠ ખુણાવાળા, આઠ કિનારીવાળા.

**ભાવાર્થ :–** જે લોકો યુક્તિપૂર્વક આ પ્રમાણે પ્રતિપાદન કરે છે કે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે, તેઓ આ જીવ અને શરીરને અલગ-અલગ કરીને બતાવી શક્તા નથી. હે આયુષ્યમન્ શ્રમણ ! જો આત્મા શરીરથી ભિન્ન હોય, તો આત્મા શું શરીરથી દીર્ઘ-લાંબો છે કે ટૂંકો છે ? ચંદ્ર જેવો પરિમંડલાકાર છે કે દડાની જેવો ગોળ છે, ત્રિકોણ, ચતુષ્કોણ, ષટ્કોણ, અષ્ટકોણ કે લંબચોરસ છે ? કાળો, નીલો, લાલ, પીળો કે સફેદ છે ? સુગંધિત છે કે દુર્ગંધિત છે ? તીખો, કડવો, કસાયેલો, ખાટો કે મીઠો છે ? કર્કશ, કોમળ, ભારે, હલકો, શીતળ, ઉષ્ણ, સ્નિગ્ધ કે રુક્ષ છે ?

તે પ્રમાણે ભણી શકાતો નથી, તેથી શરીરથી જુદો આત્મા નથી, તેમ માનવું યુક્તિસંગત છે.

**१३ जेसिं तं सुयक्खायं भवइ– अण्णो जीवो अण्णं सरीरं, तम्हा ते णो एवं उवलभंति– से जहाणामाए केइ पुरिसे कोसीओ असिं अभिणिव्वट्टित्ताणं उवदंसेज्जा– अयमाउसो ! असी, अयं कोसी । एवामेव णत्थि केइ पुरिसे अभिणिव्वट्टित्ताणं उवदंसेइ– अयमाउसो ! आया, अयं सरीरे ।**

**શબ્દાર્થ :– कोसीओ** = મ્યાનથી **असिं** = તલવારને **अभिणिव्वट्टित्ताणं** = કાઢીને.

**ભાવાર્થ :–** જે આ પ્રમાણે કહે છે કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે તેઓને જીવ અને શરીરને એક જ માનનારાઓ આ પ્રમાણે ઉપાલંભ આપે છે– જેમ કોઈ વ્યક્તિ મ્યાનમાંથી તલવાર બહાર કાઢી, બતાવીને કહે કે– હે આયુષ્યમાન ! આ તલવાર છે અને આ મ્યાન છે, તેમ કોઈ પુરુષ શરીરથી જીવને અલગ કરીને બતાવતા નથી કે હે આયુષ્યમાન ! આ આત્મા છે અને આ તેનાથી ભિન્ન શરીર છે, માટે જીવ અને શરીર ભિન્ન નથી, તેમ માનવું જોઈએ.

**१४ से जहाणामए केइ पुरिसे मुंजाओ इसीयं अभिणिव्वट्टित्ताणं उवदंसेज्जा– अयमाउसो ! मुंजो, अयं इसीया । एवामेव णत्थि केइ पुरिसे अभिणिव्वट्टित्ताणं उवदंसेत्तारो– अयमाउसो ! आया अयं सरीरे ।**

**શબ્દાર્થ :– मुंजाओ** = મુંજ નામના ઘાસથી **इसीयं** = શલાકા, સળી.

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ મુંજ નામના ઘાસમાંથી કોમળ સ્પર્શવાળી સળીને બહાર કાઢીને અલગ-અલગ બતાવે છે કે આયુષ્યમાન ! આ મુંજ છે અને આ સળી છે. તેમ કોઈ પુરુષ આત્માને અલગ કરીને બતાવતા નથી કે હે આયુષ્યમાન ! આ આત્મા છે અને આ શરીર છે.

**१५ से जहाणामए केइ पुरिसे मंसाओ अट्ठिं अभिणिव्वट्टित्ताणं उवदंसेज्जा–**

**अयमाउसो ! मंसे, अयं अट्ठी । एवामेव णत्थि केइ पुरिसे अभिणिव्वट्टित्ताणं उवदंसेत्तारो– अयमाउसो ! आया, अयं सरीरे ।**

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ માંસ અને હાડકાંને અલગ અલગ કરીને બતાવે છે કે હે આયુષ્યમાન ! આ માંસ છે અને આ હાડકાં છે, તેમ કોઈ પુરુષ શરીરથી આત્માને અલગ કરીને બતાવતા નથી કે હે આયુષ્યમાન! આ આત્મા છે અને આ શરીર છે.

**१६ से जहाणामए केइ पुरिसे करतलाओ आमलकं अभिणिव्वट्टित्ताणं उवदंसेज्जा– अयमाउसो ! करतले, अयं आमलए । एवामेव णत्थि केइ पुरिसे अभिणिव्वट्टित्ताणं उवदंसेत्तारो– अयमाउसो ! आया, अयं सरीरे ।**

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ હથેળીથી આંબળાને અલગ કરીને દેખાડે છે કે હે આયુષ્યમાન ! આ હથેળી છે અને આ આંબળા છે, તેમ કોઈ પુરુષ શરીરથી આત્માને જુદો પાડીને દેખાડતા નથી કે હે આયુષ્યમાન ! આ આત્મા છે અને આ શરીર છે.

**१७ से जहाणामए केइ पुरिसे दहीओ णवणीयं अभिणिव्वट्टित्ताणं उवदंसेज्जा– अयमाउसो ! णवणीयं, अयं दही । एवामेव णत्थि केइ पुरिसे अभिणिव्वट्टित्ताणं उवदंसेत्तारो– अयमाउसो ! आया, अयं सरीरे ।**

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ દહીંમાંથી માખણને અલગ કાઢીને બતાવે છે કે હે આયુષ્યમાન ! આ માખણ છે અને આ દહીં છે, તેમ કોઈ પુરુષ શરીરથી આત્માને અલગ કરીને બતાવતા નથી કે હે આયુષ્યમાન ! આ આત્મા છે અને આ શરીર છે.

**१८ से जहाणामए केइ पुरिसे तिलेहिंतो तेल्लं अभिणिव्वट्टित्ताणं उवदंसेज्जा– अयमाउसो ! तेल्ले, अयं पिण्णाए । एवामेव णत्थि केइ पुरिसे अभिणिव्वट्टित्ताणं उवदंसेत्तारो– अयमाउसो ! आया, अयं सरीरे ।**

**શબ્દાર્થ :–** पिण्णाए = ખોળ, तेल्ले = તેલ.

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ તલમાંથી તેલ કાઢીને બતાવે છે કે હે આયુષ્યમાન ! આ તેલ છે અને આ તલનો ખોળ છે, તેમ કોઈ પુરુષ શરીરથી આત્માને અલગ કરીને બતાવતા નથી કે હે આયુષ્યમાન ! આ આત્મા છે અને આ શરીર છે.

**१९ से जहाणामए केइ पुरिसे इक्खूओ खोयरसं अभिणिव्वट्टित्ताणं उवदंसेज्जा– अयमाउसो ! खोयरसे, अयं छोए । एवामेव णत्थि केइ पुरिसे अभिणिव्वट्टित्ताणं उवदंसेत्तारो– अयमाउसो ! आया, अयं सरीरे ।**

**શબ્દાર્થ :–** इक्खूओ = શેરડી खोयरसं = શેરડીનો રસ छोए = શેરડીનાં છોતાં.

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ શેરડીમાંથી રસ કાઢીને બતાવે છે કે હે આયુષ્યમાન ! આ શેરડીનો રસ છે અને આ તેના છોતાં છે, તેમ કોઈ પુરુષ શરીરથી આત્માને અલગ કરીને બતાવતા નથી કે હે આયુષ્યમાન આ આત્મા છે અને આ શરીર છે.

**૨૦ से जहाणामए केइ पुरिसे अरणीओ अग्गिं अभिणिव्वट्टित्ताणं उवदंसेज्जा– अयमाउसो ! अरणी, अयं अग्गी । एवामेव णत्थि केइ पुरिसे अभिणिव्वट्टित्ताणं उवदंसेत्तारो– अयमाउसो ! आया, अयं सरीरे । एवं असतो असंविज्जमाणे । जेसिं तं सुयक्खायं भवइ तं जहा– अण्णो जीवो अण्णं सरीरं, तम्हा तं मिच्छा ।**

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ અરણિના લાકડામાંથી અગ્નિ પ્રગટાવીને પ્રત્યક્ષ બતાવે છે કે હે આયુષ્યમાન! આ અરણિ છે અને આ અગ્નિ છે, તેમ કોઈ પુરુષ શરીરથી આત્માને અલગ કરીને બતાવતા નથી હે આયુષ્યમાન ! આ આત્મા છે અને આ શરીર છે.

આ રીતે આત્મા શરીરથી અલગ નથી અને તેનું કોઈ સંવેદન–પ્રમાણ નથી. તેથી જે આ સિદ્ધાંતનું કથન કરે કે આત્મા અલગ છે અને શરીર અલગ છે, તે કથન મિથ્યા છે.

**૨૧ से हंता हणह खणह छणह [छिंदह] दहह पयह आलुंपह विलुंपह सहसक्कारेह विपरामुसह, एत्तावताव जीवे, णत्थि परलोए । ते णो एवं विप्पडिवेदेंति, तं जहा– किरिया इ वा अकिरिया इ वा सुक्कडे इ वा दुक्कडे इ वा कल्लाणे इ वा पावए इ वा साहू इ वा असाहू इ वा सिद्धि इ वा असिद्धि इ वा णिरए इ वा अणिरए इ वा । एवं ते विरूवरूवेहिं कम्मसमारंभेहिं विरूवरूवाइं कामभोगाइं समारंभंति भोयणाए ।**

**ભાવાર્થ :–** આ શરીરથી ભિન્ન આત્માને ન માનનારા તજ્જીવ તત્શરીરવાદી લોકાયતિક નાસ્તિક-ચાર્વાકદર્શનની માન્યતાઓનો સ્વીકાર કરનારા સ્વયં જીવોની હત્યા કરે છે તથા બીજાને એવો ઉપદેશ આપે છે કે આ જીવોને મારો, આ પૃથ્વી ખોદો, આ વનસ્પતિ કાપો, આ પદાર્થોને બાળો, પકાવો, લૂંટો(હનન કરો), વારંવાર લૂંટો, કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના મારી નાંખો, હેરાન કરો તથા શરીર જ જીવ છે, પરલોકગામી કોઈ જીવ ન હોવાથી પરલોક નથી, તેથી યથેષ્ટ સુખ ભોગવો. તજ્જીવ તત્શરીરવાદી આ પ્રમાણે વિપરીત પ્રરૂપણા કરે છે કે ક્રિયા કે અક્રિયા, સુકૃત કે દુષ્કૃત, પુણ્ય કે પાપ, ભલું કે બૂરું, સિદ્ધિ કે અસિદ્ધિ, નરક કે સ્વર્ગ વગેરે કાંઈ જ નથી.

તેથી તજ્જીવ તત્શરીરવાદીઓ વિવિધ પ્રકારના કામભોગો માટે તથા ભોજન માટે અનેક પ્રકારના કર્મ સમારંભ કરે છે.

**૨૨ एवं एगे पागब्भिया णिक्खम्म मामगं धम्मं पण्णवेंति । तं सद्दहमाणा तं पत्तियमाणा तं रोएमाणा साहु सुयक्खाए समणे ति वा माहणे ति वा । कामं खलु आउसो ! तुमं पूययामो, तं जहा– असणेण वा पाणेण वा खाइमेण साइमेण वा वत्थेण वा पडिग्गहेण वा कंबलेण वा पायपुंछणेण वा । तत्थेगे पूयणाए समाउट्टिंसु, तत्थेगे पूयणाए णिगायइंसु ।**

**શબ્દાર્થ :–** **समाउट्टिंसु** = પ્રવૃત્ત થાય છે **णिगायइंसु** = દઢ કરે છે.

**ભાવાર્થ :–** આ રીતે શરીરથી ભિન્ન આત્માને ન માનવાની ધૃષ્ટતા કરનારા કોઈ નાસ્તિક પોતાના મતાનુસાર પ્રવ્રજ્યા ધારણ કરીને 'મારો ધર્મ જ સત્ય છે' એવી પ્રરૂપણા કરે છે. આ તજ્જીવ તત્શરીરવાદમાં શ્રદ્ધા રાખીને, પ્રતીતિ અને રુચિ કરીને કોઈ રાજા આદિ તે તજ્જીવ તત્શરીરવાદીને કહે છે– હે શ્રમણ !

હે બ્રાહ્મણ ! આપે અમને આ તજ્જીવ તત્શરીવાદ રૂપ ઉત્તમ ધર્મનું નિરૂપણ કરી સમજાવ્યું તે બહુ સારું કર્યું. હે આયુષ્યમાન ! અમે આપનો સત્કાર કરીએ છીએ; અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અથવા વસ્ત્ર, પાત્ર, કંબલ અથવા પાદ-પ્રોચ્છન વગેરેથી સન્માન કરીએ છીએ. આમ કહીને કેટલા ય રાજા વગેરે તેમની પૂજામાં પ્રવૃત્ત થાય છે અથવા તે તજ્જીવ તચ્છરીરવાદી પોતાની પૂજા-પ્રતિષ્ઠામાં પ્રવૃત્ત થઈ જાય છે અને તે રાજા વગેરેને પોતાની પૂજા-પ્રતિષ્ઠા માટે પોતાના સિદ્ધાંતમાં દૃઢ કરે છે.

**૨૩ पुव्वामेव तेसिं णायं भवइ– समणा भविस्सामो अणगारा अकिंचणा अपुत्ता अपसू परदत्तभोई भिक्खूणो, पावं कम्मं णो करिस्सामो समुट्ठाए । ते अप्पणा अप्पडिविरया भवंति । सयमाइयंति, अण्णे वि आइयावेंति, अण्णं पि आइयंतं समणुजाणंति । एवामेव ते इत्थिकामभोगेहिं मुच्छिया गिद्धा गढिया अज्झोववण्णा लुद्धा रागदोसवसट्टा । ते णो अप्पाणं समुच्छेदेंति, णो परं समुच्छेदेंति, णो अण्णाइं पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समुच्छेदेंति । पहीणा पुव्वसंजोगं, आरियं मग्गं असंपत्ता, इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा । इति पढमे पुरिसज्जाए तज्जीवतस्सरीरिए आहिए ।**

**શબ્દાર્થ :–** **णायं** = પ્રતિજ્ઞા **सयं** = સ્વયં(પોતે) **आइयंति** = પરિગ્રહ સ્વીકારે છે **रागदोसवसट्टा** = રાગદ્વેષને વશીભૂત **समुच्छेदेंति** = મુક્ત કરી શકે છે **आरियं मग्गं** = આર્યમાર્ગને **असंपत्ता** = પ્રાપ્ત ન થતાં **विसण्णा** = નિમગ્ન, આસક્ત **तज्जीवतस्सरीरिए** = તજ્જીવ તત્શરીરવાદી, જે જીવ તે જ શરીર અને શરીર તે જ જીવ, એમ માનનારા.

**ભાવાર્થ :–** તજ્જીવ તત્શરીરવાદીઓ પહેલાં આ પ્રમાણે પ્રતિજ્ઞા કરે છે કે અમે શ્રમણ થશું, ઘરબારનો ત્યાગ કરી અણગાર થશું, સર્વ પરિગ્રહનો, પુત્ર-પરિવારનો, પશુ આદિનો ત્યાગ કરશું, બીજા દ્વારા અપાયેલી ભિક્ષાનો સ્વીકાર કરનાર ભિક્ષુ બનીને, પાપકર્મનો ત્યાગ કરશું, આ પ્રકારની પ્રતિજ્ઞા કરીને શ્રમણ ધર્મમાં ઉદ્યમવંત થાય છે, પરંતુ દીક્ષા ગ્રહણ કરીને પણ તે સ્વયં પાપકર્મોથી નિવૃત્ત થતા નથી. તે સ્વયં પરિગ્રહને ગ્રહણ કરે છે, બીજાને ગ્રહણ કરાવે છે અને પરિગ્રહ ગ્રહણ કરનારાની અનુમોદના કરે છે; તેઓ સ્ત્રી તથા અન્ય કામભોગોમાં આસક્ત, ગૃદ્ધ, તેમાં અત્યંત ઈચ્છા અને લાલસાવાળા, લોભી, રાગદ્વેષને વશીભૂત અને ચિંતાતુર રહે છે. તેઓ પોતાના આત્માને સંસારના કર્મબંધનથી મુક્ત કરી શકતા નથી કે બીજાને મુક્ત કરાવી શકતા નથી, તેમજ બીજા પ્રાણ, ભૂત, જીવ કે સત્ત્વોને મુક્ત કરી શકતા નથી. તેઓ સ્ત્રી-પુરુષ, ધન, ધાન્ય વગેરે પૂર્વસંયોગથી ભ્રષ્ટ થયેલા છે અને સમ્યગ્દર્શનાદિથી યુક્ત મોક્ષમાર્ગને પામી શકતા નથી. આ રીતે તેઓ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના વચ્ચે જ કામભોગોમાં આસક્ત થઈ જાય છે. આ તજ્જીવ તત્શરીરવાદી મતવાળા **પ્રથમ પુરુષનું** કથન થયું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તજ્જીવ તત્શરીરવાદીઓની માન્યતાઓનું નિરૂપણ છે.

**તજ્જીવ તત્શરીરવાદી–** શરીર તે જ જીવ છે અને જીવ છે તે શરીર છે. શરીરની ઉત્પત્તિ સાથે જીવની ઉત્પત્તિ અને શરીરના નાશ સાથે જીવનો નાશ થાય છે. આ પ્રકારની માન્યતા–વિચારધારાવાળા તજ્જીવ તત્શરીરવાદી કહેવાય છે. તેઓ પોતાના મતની પુષ્ટિ માટે આ રીતે કથન કરે છે– (૧) શરીરથી ભિન્ન

જીવ નામની શક્તિનો કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કે સંસ્થાન જણાતું નથી. (૨) તલવાર અને મ્યાનની જેમ, મુંજ અને સળીની જેમ, માંસ અને હાડકાની જેમ, હથેળી અને આંબળાની જેમ, દહીં અને માખણની જેમ, તલના ખોળ અને તેલની જેમ, શેરડીનો રસ અને તેના છોતાંની જેમ, અરણિના લાકડા અને અગ્નિની જેમ જીવ અને શરીર બંને ભિન્ન-ભિન્ન જણાતા નથી.

શરીરથી ભિન્ન જીવ ન હોવાથી પરલોક, સ્વર્ગ, નરક આદિ પણ હોતા નથી અને તેથી તેઓ નિરંકુશપણે હિંસા, અસત્ય, ચોરી આદિ પાપપ્રવૃત્તિઓનું સેવન કરે છે, તેમને પાપ-પુણ્ય, ધર્મ-અધર્મ, હેય-ઉપાદેયનો વિવેક રહેતો નથી. તેમના મતાનુસાર–

**यावज्जीवेत् सुखं जीवेत्, ऋणं कृत्वा घृतं पिबेत् ।**
**भस्मीभूतस्य देहस्य, पुनरागमनं कुतः ॥१॥**

જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી સુખપૂર્વક જીવવું. જો સુખ સામગ્રી ન હોય તો બીજા પાસેથી કરજ કરીને પણ ખાઓ, પીવો, મોજ મજા કરો. શરીર ભસ્મીભૂત થાય, તેની સાથે જ આત્માપણ ભસ્મીભૂત થઈ જાય છે. પરલોકમાં જનાર કોઈ નથી અર્થાત્ પાંચભૂતથી બનેલું શરીર તે ભૂતોના નાશ થવાથી નષ્ટ થઈ જાય છે; તેની સાથે જ પાંચભૂતોના સંયોગથી ઉત્પન્ન થયેલો આત્મા પણ નષ્ટ થઈ જાય છે, તેનું અસ્તિત્વ રહેતું નથી.

શરીર અને જીવને એક જ રૂપે સ્વીકારનારા તજ્જીવ તત્શરીરવાદીની માન્યતા યથાર્થ નથી કારણ કે પ્રત્યેક પ્રાણી પોત-પોતાના જ્ઞાનનો અનુભવ કરે છે, પશુ-પક્ષીઓમાં પણ પોતાના હિત-અહિતની ચેષ્ટા જ્ઞાનપૂર્વક થતી જોઈ શકાય છે. તેથી સૂક્ષ્મ કે સ્થૂલ સર્વ જીવોમાં જ્ઞાનગુણ છે.

જ્ઞાન તે ગુણ છે. કોઈ પણ ગુણને ધારણ કરનાર ગુણી અવશ્ય હોય છે, ગુણી વિના ગુણ હોતા નથી. તેથી જ્ઞાન ગુણને ધારણ કરનાર ગુણી–આત્મા અવશ્ય છે અને જ્ઞાન અરૂપી હોવાથી આત્મા પણ અરૂપી છે.

જો શરીરથી ભિન્ન આત્મા ન હોય અને માત્ર પાંચ ભૂત જ હોય તો યુવાન અને સ્વસ્થ પ્રાણીનું મૃત્યુ થાય જ નહીં, કારણ કે મૃત્યુ થવા છતાં તેના શરીરમાં પાંચભૂત તો રહે જ છે. તેમ છતાં જીવોના જન્મ-મરણ પ્રત્યક્ષ જોવા મળે છે. આયુષ્ય પૂર્ણ થતાં આત્મા તે શરીરનો ત્યાગ કરીને અન્યત્ર જાય છે, તેને જ વ્યવહારમાં આપણે મૃત્યુ કહીએ છીએ અને આત્મા નવું શરીર ધારણ કરીને નવા શરીરમાં રહે છે, તેને આપણે જન્મ કહીએ છીએ. આત્મા સ્વયં અજર અમર ત્રૈકાલિક શાશ્વત હોવા છતાં તેના કર્મ પ્રમાણે જન્મ-મરણ રૂપ અવસ્થાઓ બદલાયા કરે છે.

આ રીતે શરીરથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપી આત્મા પ્રત્યક્ષથી, અનુમાનથી અને આગમ પ્રમાણથી સિદ્ધ છે. આત્માની સિદ્ધિ થતાં જ તેના કર્મ, પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક આદિ સહજ રીતે સિદ્ધ થઈ જાય છે.

તજ્જીવ તત્શરીરવાદીઓ કદાચ પુત્ર-પરિવાર, ધન-ધાન્ય આદિનો ત્યાગ કરીને સંયમનો સ્વીકાર કરે, પાપના ત્યાગની પ્રતિજ્ઞા કરે તેમ છતાં તેમની દષ્ટિ જ વિપરીત હોવાથી તેમની વૃત્તિ કે પ્રવૃત્તિમાં પરિવર્તન થતું નથી. તેઓ ફરી ફરી પાપસેવન કરે જ છે. ઇન્દ્રિય વિષયોમાં આસક્ત થાય છે. સંયમી જીવનમાં આત્મ સાધના કરી શકતા નથી, તેથી તેઓ **अतो भ्रष्टो ततो भ्रष्टः**, આ ઉક્તિ અનુસાર સંસારનો ત્યાગ કર્યો હોવાથી પૂર્વ સંયોગથી દૂર થઈ ગયા હોય છે અને જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધના ન થવાથી મોક્ષ માર્ગને પ્રાપ્ત કરી શકતા નથી. તેમજ પોતાના દુરાગ્રહથી અન્ય ભોળા જીવોને પણ વિપરીત માન્યતામાં ફસાવે છે.

**બીજો પુરુષ : પાંચ મહાભૂતવાદી :–**

**२४ अहावरे दोच्चे पुरिसजाए पंचमहब्भूइए त्ति आहिज्जइ– इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संतेगइया मणुस्सा भवंति अणुपुव्वेणं लोयं उववण्णा, तं जहा– आरिया वेगे एवं** *जाव* **दुरूवा वेगे । तेसिं च णं महं एगे राया भवइ महया; एवं चेव णिरवसेसं** *जाव* **सेणावइपुत्ता । तेसिं च णं एगइए सड्ढी भवइ, कामं तं समणा य माहणा पहारिंसु गमणाए । तत्थ अण्णयरेणं धम्मेणं पण्णत्तारो वयमिमेणं पण्णवइस्सामो, से एवमायाणह भयंतारो ! जहा मे एस धम्मे सुअक्खाए सुपण्णत्ते भवइ ।**

**શબ્દાર્થ :– भयंतारो** = હે સભાસદો ! હે પુરુષો ! આ શ્રોતાઓને આદર સહિતનું સંબોધન છે.

**ભાવાર્થ :–** ત્યાર પછી બીજો પુરુષ પંચમહાભૂતવાદિક છે– આ મનુષ્ય લોકમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ વગેરે દિશાઓમાં ઉત્પન્ન થયેલા વિવિધ પ્રકારના મનુષ્યો રહે છે. તેમાં કેટલાક આર્ય, કેટલાક અનાર્ય ***યાવત્*** કેટલાક સુંદર, કેટલાક બેડોળ હોય છે. તેમાં કોઈ રાજા હોય છે. તે રાજા મહાન આદિ પૂર્વ સૂત્રોક્ત વિશેષણોથી યુક્ત હોય છે અને તેમની રાજપરિષદ પણ પૂર્વ સૂત્રોક્ત સેનાપતિ પુત્ર વગેરેથી યુક્ત હોય છે. તે સભાસદોમાંથી કોઈ પુરુષ શ્રદ્ધાવાન હોય છે. તે શ્રદ્ધાવાન પુરુષ ધર્મ પ્રાપ્તિની ઇચ્છાથી કોઈ શ્રમણ કે બ્રાહ્મણ પાસે જાય છે. ત્યારે ધર્મની પ્રરૂપણા કરનાર કોઈ શ્રમણ કે બ્રાહ્મણ એ પ્રમાણે નિશ્ચય કરે છે કે અમે આ ધર્મશ્રદ્ધાળુ પુરુષની સમક્ષ અમારા ધર્મની પ્રરૂપણા કરશું. તેમ નિર્ણય કરીને ધર્મનું કથન કરે છે. કથન કરીને અંતે કહે છે કે હે પુણ્યવાન પુરુષો ! હું જે કંઈ ઉત્તમ ધર્મનો બોધ આપી રહ્યો છું, તેને આપ પૂર્વ પુરુષો દ્વારા સમ્યક પ્રકારે પ્રરૂપિત અને સત્ય સમજો.

**२५ इह खलु पंच महब्भूया जेहिं णो विज्जइ किरिया इ वा अकिरिया इ वा सुकडे इ वा दुक्कडे इ वा कल्लाणे इ वा पावए इ वा साहू इ वा असाहू इ वा सिद्धि इ वा असिद्धि इ वा णिरए इ वा अणिरए इ वा अवि यंतसो तणमायमवि ।**

**ભાવાર્થ :–** આ જગતમાં પંચમહાભૂત છે અર્થાત્ સમગ્ર સંસાર પંચમહાભૂતાત્મક છે. જેમાં પંચમહાભૂત દ્વારા જ આપણી સર્વ ક્રિયાઓ થાય છે. આત્મામાં ક્રિયા કે અક્રિયા, સુકૃત કે દુષ્કૃત, પુણ્ય કે પાપ, સારું કે ખરાબ, સિદ્ધિ કે અસિદ્ધિ, નરકગતિ કે નરકથી ભિન્ન અન્યગતિ યોગ્ય કોઈ ક્રિયા થતી નથી. વિશેષ શું કહેવું ? એક તણખલાની હલવા માત્રની ક્રિયા પણ પાંચ મહાભૂતોથી થાય છે.

**२६ तं च पदुद्देसेणं** [पिहुद्देसेणं] **पुढोभूयसमवायं जाणेज्जा, तं जहा– पुढवी एगे महब्भूए, आऊ दोच्चे महब्भूए, तेऊ तच्चे महब्भूए, वाऊ चउत्थे महब्भूए, आगासे पंचमे महब्भूए । इच्चेए पंच महब्भूया अणिम्मिया अणिम्माविया अकडा णो कित्तिमा णो कडगा अणाइया अणिहणा अवंझा अपुरोहिया सतंता सासया।**

**શબ્દાર્થ :– पदुद्देसेणं** [पिहुद्देसेणं] = પૃથક્ ઉદ્દેશથી, જુદાં-જુદાં નામથી **भूयसमवायं** = ભૂત સમૂહને (પૃથ્વી, પાણી આદિ પાંચ મહાભૂતને) **आगासे** = આકાશ **अणिम्मिया** = અનિર્મિત **अणिम्माविया** = બીજા

દ્વારા પણ નિર્માણ નહીં કરાયેલા **कित्तिमा** = કૃત્રિમ **अणिहणा** = નાશરહિત **अवंझा** = અવંધ્ય, અવશ્ય કાર્ય કરનાર, **अपुरोहिया** = કાર્યમાં પ્રવૃત્ત ન કરનાર **सतंता** = સ્વતંત્ર **सासया** = શાશ્વત.

**ભાવાર્થ :–** તે ભૂત-સમૂહને જુદા-જુદા નામથી ઓળખવા જોઈએ, જેમ કે– પૃથ્વી એક મહાભૂત છે, જળ બીજું મહાભૂત છે, અગ્નિ ત્રીજું મહાભૂત છે, વાયુ ચોથું મહાભૂત અને આકાશ પાંચમું મહાભૂત છે. આ પાંચ મહાભૂતો કોઈ કર્તા દ્વારા નિર્મિત નથી કે અન્ય દ્વારા પણ નિર્માણ કરાવેલા નથી, તે અકૃત છે, અન્યની અપેક્ષા રહિત છે, અકૃત્રિમ છે, તે અનાદિ, અનંત, અવશ્ય કાર્ય કરનાર છે. તેને કાર્યમાં પ્રવૃત્ત કરનાર કોઈ બીજો પદાર્થ નથી, તે સ્વતંત્ર તેમજ શાશ્વત-નિત્ય છે.

**૨૭ आयछट्ठा पुण एगे एवमाहु– सतो णत्थि विणासो, असतो णत्थि संभवो । एतावताव जीवकाए, एतावताव अत्थिकाए, एतावताव सव्वलोए, एयं मुहं लोगस्स करणयाए, अवियंतसो तणमायमवि ।**

**से किणं किणावेमाणे, हणं घायमाणे, पयं पयावेमाणे, अवि अंतसो पुरिसमवि विक्किणित्ता घायइत्ता, एत्थ वि जाणाहि णत्थि एत्थ दोसो ।**

**ભાવાર્થ :–** કેટલાક(સાંખ્યવાદી) પંચમહાભૂત અને છટ્ઠા આત્મતત્ત્વને માને છે. તેઓ એમ કહે છે કે સત્‌નો વિનાશ નથી થતો ને અસત્ ની ઉત્પત્તિ નથી થતી, પંચમહાભૂત જીવ કાય છે, પંચભૂતોનું અસ્તિત્વ માત્ર જ અસ્તિકાય છે, સમગ્ર લોક પંચમહાભૂત રૂપ છે, આ પંચમહાભૂત જ લોકનું મુખ્ય કારણ છે. વિશેષ શું કહેવું ? તણખલાનું કંપન માત્ર પણ આ પંચમહાભૂતોથી જ થાય છે.

આ દૃષ્ટિએ આત્મા અસત્ અથવા અકિંચિત્કર હોવાથી સ્વયં ક્રય-વિક્રય કરે કે કરાવે, અન્ય જીવોનો પ્રાણઘાત કરે કે કરાવે, સ્વયં રાંધે કે બીજા પાસે રંધાવે, ઉપલક્ષણથી આ બધાં અસદનુષ્ઠોનોનું અનુમોદન કરે અને કોઈ પુરુષની દાસ તરીકે ખરીદી કરી તેનો ઘાત કરે, તો પણ તે પુરુષ દોષનો ભાગીદાર થતો નથી કારણ કે આ બધી પાપપ્રવૃત્તિમાં કોઈ દોષ નથી, એ પ્રમાણે જાણો.

**૨૮ ते णो एयं विप्पडिवेदेंति, तं जहा– किरिया इ वा** *जाव* **अणिरए इ वा । एवामेव ते विरूवरूवेहिं कम्मसमारंभेहिं विरूवरूवाइं कामभोगाइं समारंभइ भोयणाए । एवामेव ते अणारिया विप्पडिवण्णा तं सद्दहमाणा तं पत्तियमाणा** *जाव* **इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा ।**

**दोच्चे पुरिसज्जाए पंचमहब्भूइए त्ति आहिए ।**

**શબ્દાર્થ :– विप्पडिवण्णा** = વિપરીત વિચારવાળા.

**ભાવાર્થ :–** પંચ મહાભૂતવાદી આ પ્રમાણે વિપરીત પ્રરૂપણા કરે છે કે ક્રિયા-અક્રિયા, પુણ્ય-પાપ, નરક કે નરકથી ભિન્ન કોઈ ગતિ નથી. તેઓ વિવિધ પ્રકારના કામભોગની પ્રાપ્તિ માટે વિવિધ પ્રકારની પાપ પ્રવૃત્તિ દ્વારા આરંભ-સમારંભ કરે છે. આ રીતે તેઓ અનાર્ય છે, વિપરીત માન્યતાવાળા છે. તે વિપરીત માન્યતાની જ શ્રદ્ધા અને પ્રરૂપણા કરતા ***યાવત્*** આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના વચ્ચે જ કામભોગમાં ફસાઈને ખેદને પામે છે. આ રીતે અહીં **બીજો પુરુષ** પાંચ મહાભૂતવાદી કહેવામાં આવ્યો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પંચમહાભૂતવાદ અને આત્મષષ્ઠવાદનું સ્વરૂપ અને તેનો સ્વીકાર કરનારાઓની મોક્ષ પ્રાપ્તિમાં અસફળતાનું પ્રતિપાદન છે.

**પંચ મહાભૂતવાદ–** સર્વ લોકવ્યાપી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ, આ પાંચ મહાભૂત જ્યારે શરીર રૂપે પરિણત થાય, ત્યારે ચૈતન્ય ઉત્પન્ન થાય છે અને તેના વિનાશથી જીવનો પણ વિનાશ થાય છે. જેમ પાણીના પરપોટા પાણીમાંથી ઉત્પન્ન થાય અને પાણીમાં જ વિલીન થાય છે. પાણીના પરપોટા પાણીથી ભિન્ન નથી તેમ પાંચ મહાભૂતથી ભિન્ન કાંઈ જ નથી. સમગ્ર સંસાર, સંસારની સમસ્ત ક્રિયાઓ, લોકની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશનું કારણ પંચમહાભૂત જ છે. લોકમાં પંચ મહાભૂત જ સર્વસ્વ હોવાથી તે મહાભૂત કહેવાય છે. આ પાંચમહાભૂત સ્વયં અનાદિ-અનંત, અકૃત, અનિર્મિત, ઈશ્વરાદિ દ્વારા અપ્રેરિત સ્વયં સ્વતંત્ર છે.

**આત્મષષ્ઠવાદ–** સાંખ્યવાદી પૂર્વોક્ત પાંચ મહાભૂત તથા છટ્ઠા આત્માને માને છે. તેઓના મતે છ એ તત્ત્વ શાશ્વત છે. તેનો નાશ કદાપિ થતો નથી, આ રીતે તેઓ આત્માને માને છે પરંતુ તેને નિષ્ક્રિય માને છે.

તેઓના મતાનુસાર સર્વ કાર્યો કરનાર પ્રકૃતિ છે. સત્ત્વ, રજ અને તમ આ **ત્રણ** પદાર્થ સંસારનું મૂળભૂત કારણ છે. આ ત્રણ પદાર્થોની સામ્ય અવસ્થાને જ પ્રકૃતિ કહે છે.

પ્રકૃતિમાંથી બુદ્ધિ અને બુદ્ધિથી અહંકારની ઉત્પત્તિ થાય છે. અહંકારમાંથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ આ પાંચ તન્માત્રા(સૂક્ષ્મ ભૂતો) તથા પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન, આ સોળ ગુણ ઉત્પન્ન થાય છે. પાંચ તન્માત્રાથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ મહાભૂત, ઉત્પન્ન થાય છે. આ રીતે પ્રકૃતિ + બુદ્ધિ + અહંકાર + ૧૬ ગુણ + ૫ મહાભૂત, સર્વ મળીને ૨૪ પદાર્થ થાય છે. તે સમસ્ત વિશ્વના પરિચાલક છે અને પચીસમું પુરુષ–આત્મતત્ત્વ છે, પરંતુ પુરુષ બુદ્ધિ દ્વારા ગૃહિત પદાર્થોને પ્રકાશિત કરે છે તે સિવાય તે કાંઈ જ કરતો નથી. પુણ્ય-પાપ આદિ સમસ્ત કાર્ય પ્રકૃતિથી જ થાય છે. તેથી પુરુષ પુણ્ય-પાપથી બંધાતોનથી. પુરુષ એટલે આત્મા સદાય અલિપ્ત જ રહે છે.

આત્મામાં સત્વગુણની વૃદ્ધિ થાય, ત્યારે શુભ કાર્યો થાય, રજોગુણની વૃદ્ધિ થાય ત્યારે પુણ્ય-પાપ બંને મિશ્રિત થાય, તમોગુણની વૃદ્ધિ થાય ત્યારે હિંસા, ચોરી આદિ અશુભ કાર્યો થાય છે. આ રીતે સત્વ, રજ અને તમોગુણની હાનિ-વૃદ્ધિથી જ જગતના સમસ્ત કાર્યો થયા કરે છે. આત્મા સ્વયં નિષ્ક્રિય રહે છે.

પંચમહાભૂતવાદ કે આત્મષષ્ઠવાદ–સાંખ્યવાદીઓનું કથન વિચારવાન પુરુષોની દષ્ટિએ સર્વથા નિઃસાર તથા યુક્તિરહિત પ્રતીત થાય છે. તેઓ પુરુષને ચેતન અને પ્રકૃતિને અચેતન તથા નિત્ય કહે છે તે યોગ્ય નથી. અચેતન અને નિત્ય સ્વરૂપી પ્રકૃતિથી વિશ્વની ઉત્પત્તિ થાય, તે શક્ય નથી. પ્રકૃતિ જડ અને જ્ઞાન રહિત છે. તેમજ સાંખ્ય મતાનુસાર સત્‌નો નાશ થતો નથી અને અસત્‌ની ઉત્પત્તિ નથી અને આ લોકમાં પ્રકૃતિ અને પુરુષ બે જ તત્ત્વ હોય, તો અન્ય તત્ત્વો ઉત્પન્ન કેવી રીતે થાય ? પુણ્ય-પાપ આદિ પ્રકૃતિ કરે અને તેનું ફળ પુરુષને ભોગવવું પડે, તો એક કર્મનું ફળ બીજાને ભોગવવું પડે, આ સિદ્ધાંત પણ યુક્તિ સંગત નથી.

પંચમહાભૂત જડ હોવાથી તેમાંથી ચૈતન્ય તત્ત્વની ઉત્પત્તિ કદાપિ થઈ શકતી નથી. સંક્ષેપમાં પંચમહાભૂતવાદ કે આત્મષષ્ઠવાદના સિદ્ધાંતો મિથ્યાત્વ અને અજ્ઞાન કર્મના નિમિત્તથી ઉત્પન્ન થાય છે તે

તર્ક સંગત અને વ્યવહાર સંગત પણ નથી. જગતના વિવિધ ચરાચર પ્રાણી, તેની પરંપરાઓ અને પુદ્ગલ યુક્ત આ સર્વ સંસાર ક્રમની સંગતિ તેઓના અજ્ઞાનજન્ય સિદ્ધાંતોથી થઈ શકતી નથી.

જો પુણ્ય-પાપ આદિ ન હોય, તો ધર્મ-કર્મ સદ્પ્રવૃત્તિઓ આદિનો નાશ થાય છે અને સંસાર વર્ધક સ્વચ્છંદતા અને સંસારાસક્તિ, ભોગાસક્તિ આદિ ભાગો પુષ્ટ થાય છે, પાપ ત્યાગ અને મોક્ષ માર્ગનાં પરાક્રમ પ્રત્યે અનુત્સાહ ઉત્પન્ન થાય છે. તેના પરિણામે જીવ સદા પતનોન્મુખી થતો જાય છે તથા જન્મ-મરણ રૂપ સંસાર પરિભ્રમણ અને નરક નિગોદના દુઃખોને પામે છે.

**ત્રીજો પુરુષ : ઈશ્વર કારણવાદી :–**

**૨૯ अहावरे तच्चे पुरिसजाए ईसरकारणिए त्ति आहिज्जइ । इह खलु पाइणं वा** *जाव* **संतेगइया मणुस्सा भवंति अणुपुव्वेणं लोयं उववण्णा, तं जहा– आरिया वेगे** *जाव* **तेसिं च णं महंते एगे राया भवइ** *जाव* **सेणावइपुत्ता । तेसिं च णं एगइए सड्ढी भवइ, कामं तं समणा य माहणा य पहारिंसु गमणाए** *जाव* **जहा मे एस धम्मे सुअक्खाए सुपण्णत्ते भवइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ઈશ્વરકારણિક નામના ત્રીજા પુરુષનું વર્ણન કરવામાં આવે છે.

આ મનુષ્ય લોકમાં પૂર્વ-પશ્ચિમ વગેરે દિશાઓમાં ઉત્પન્ન થયેલા વિવિધ પ્રકારના મનુષ્યો રહે છે. તેમાં કેટલાક આર્ય, કેટલાક અનાર્ય હોય છે. તેમાં કોઈ રાજા અને તેની રાજપરિષદ, સેનાપતિપુત્ર વગેરેથી યુક્ત હોય છે. તે સભાસદોમાંથી કોઈ પુરુષ શ્રદ્ધાવાન હોય છે. તે શ્રદ્ધાવાન પુરુષ ધર્મ પ્રાપ્તિની ઈચ્છાથી કોઈ શ્રમણ કે બ્રાહ્મણ પાસે જાય છે. ધર્મની પ્રરૂપણા કરનાર કોઈ શ્રમણ કે બ્રાહ્મણ એ પ્રમાણે નિશ્ચય કરે છે કે અમે આ ધર્મશ્રદ્ધાળુ પુરુષની સમક્ષ અમારા ધર્મની પ્રરૂપણા કરશું. તેમ નિર્ણય કરીને ધર્મનું કથન કરે છે. કથન કરીને અંતે કહે છે કે હે પુણ્યવાન પુરુષો ! હું જે ઉત્તમ ધર્મનો બોધ આપી રહ્યો છું, તેને આપ પૂર્વ પુરુષો દ્વારા સમ્યક પ્રકારે પ્રરૂપિત અને સત્ય સમજો.

**૩૦ इह खलु धम्मा पुरिसादीया पुरिसोत्तरिया पुरिसप्पणीया पुरिससंभूया पुरिस-पज्जोइया पुरिसमभिसमण्णागया पुरिसमेव अभिभूय चिट्ठंति ।**

**से जहाणामए गंडे सिया सरीरे जाए सरीरे संवुड्ढे सरीरे अभिसमण्णागए सरीरमेव अभिभूय चिट्ठइ । एवामेव धम्मा वि पुरिसादिया** *जाव* **पुरिसमेव अभिभूय चिट्ठंति ।**

**શબ્દાર્થ :–** **पुरिसादीया** = પુરુષાદિક, પુરુષ(ઈશ્વર) કારણ છે **पुरिसोत्तरिया** = પુરુષોત્તરા, ઈશ્વર કાર્ય છે **पुरिसप्पणीया** = પુરુષ પ્રણીત, ઈશ્વર વડે રચાયેલ **पुरिससंभूया** = પુરુષસંભૂત-ઈશ્વરથી ઉત્પન્ન થયેલા **पुरिसपज्जोइया** = પુરુષપ્રદ્યોતિત, ઈશ્વરથી પ્રકાશિત **पुरिसमभिसमण्णागया** = પુરુષ અભિસમન્વાગત, ઈશ્વરના અનુગામી **अभिभूय** = વ્યાપ્ત **गंडे** = ગૂમડું.

**ભાવાર્થ :–** આ જગતમાં જડ કે ચેતન જેટલા પદાર્થો છે, તે બધા પુરુષાદિક અર્થાત્ તેનું આદિ કારણ ઈશ્વર છે; ઈશ્વર જ બધા પદાર્થોનું કાર્ય છે, બધા પદાર્થો ઈશ્વર દ્વારા રચિત છે, ઈશ્વરથી ઉત્પન્ન થયેલા છે,

ઈશ્વર દ્વારા પ્રકાશિત છે, ઈશ્વરના અનુગામી છે, ઈશ્વરનો આધાર લઈને સ્થિત છે.

જેમ કોઈ પ્રાણીના શરીરે થયેલું ગૂમડું શરીરથી જ ઉત્પન્ન થાય છે, શરીરમાં જ વધે છે, શરીરનું જ અનુગામી બને છે અને શરીરનો જ આધાર લઈને ટકે છે, તે રીતે સર્વ પદાર્થો ઈશ્વરથી જ ઉત્પન્ન થાય છે, ઈશ્વરથી જ વૃદ્ધિ પામે છે, ઈશ્વરના જ અનુગામી છે, ઈશ્વરનો આધાર લઈને જ સ્થિત રહે છે.

**३१ से जहाणामए अरइयं** [अरई] **सिया सरीरे जाया, सरीरे संवुड्ढा, सरीरे अभिसमण्णागए सरीरमेव अभिभूय चिट्ठइ । एवामेव धम्मा पुरिसादिया** *जाव* **पुरिसमेव अभिभूय चिट्ठंति ।**

**ભાવાર્થ :–** જેમ અરતિ– ફોડલીઓ શરીરમાં જ ઉત્પન્ન થાય છે, શરીરમાં જ વધે છે, શરીરની અનુગામી બને છે અને શરીરને જ મુખ્ય આધાર બનાવીને પીડા કરે છે, તે રીતે સમસ્ત પદાર્થો ઈશ્વરથી જ ઉત્પન્ન થાય, તેનાથી વૃદ્ધિ પામે અને તેના આશ્રયથી જ સ્થિત થાય છે.

**३२ से जहाणामए वम्मिए सिया पुढविजाए पुढविसंवुड्ढे पुढविअभिसमण्णागए पुढविमेव अभिभूय चिट्ठइ । एवामेव धम्मा वि पुरिसादिया** *जाव* **अभिभूय चिट्ठंति ।**

**શબ્દાર્થ :–** **वम्मिए** = રાફડો.

**ભાવાર્થ :–** જેમ રાફડો પૃથ્વીથી ઉત્પન્ન થાય છે, પૃથ્વીમાં જ વધે છે અને પૃથ્વીનો જ અનુગામી બને છે તથા પૃથ્વીનો જ આશ્રય લઈને રહે છે, તેમજ સમસ્ત પદાર્થો પણ ઈશ્વરથી જ ઉત્પન્ન થાય છે અને ઈશ્વરના જ અનુગામી બનીને ઈશ્વરના આધારે જ સ્થિત થઈને રહે છે.

**३३ से जहाणामए रुक्खे सिया पुढविजाए पुढविसंवुड्ढे पुढविअभिसमण्णागए पुढविमेव अभिभूय चिट्ठइ । एवामेव धम्मा वि पुरिसादिया** *जाव* **अभिभूय चिट्ठंति ।**

**ભાવાર્થ :–** જેમ કોઈ વૃક્ષ માટીમાંથી ઉત્પન્ન થાય છે, માટીથી જ વૃદ્ધિ પામે છે, માટીનું જ અનુગામી બને છે, અને માટીમાં જ વ્યાપ્ત થઈને રહે છે, તેમ બધા પદાર્થો ઈશ્વરથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** ઈશ્વરનો આશ્રય લઈને સ્થિત થાય છે.

**३४ से जहाणामए पुक्खरणी सिया पुढविजाया** *जाव* **पुढविमेव अभिभूय चिट्ठंति । एवामेव धम्मा वि पुरिसादिया** *जाव* **पुरिसमेव अभिभूय चिट्ठंति ।**

**ભાવાર્થ :–** જેમ પુષ્કરિણી પૃથ્વીથી ઉત્પન્ન થાય છે અને યાવત્ અંતે પૃથ્વીનો આશ્રય લઈને સ્થિત થાય છે. તેમ સર્વ પદાર્થો ઈશ્વરથી જ ઉત્પન્ન થાય છે ***યાવત્*** ઈશ્વરનો આશ્રય લઈને સ્થિત થાય છે.

**३५ से जहाणामए उदगपुक्खले सिया उदगजाए** *जाव* **उदगमेव अभिभूय चिट्ठंति। एवामेव धम्मा वि** *जाव* **पुरिसमेव अभिभूय चिट्ठंति ।**

**શબ્દાર્થ :–** **उदगपुक्खले** = જળનું તળાવ.

**ભાવાર્થ :–** જેમ કોઈ જળનું તળાવ જળથી જ ઉત્પન્ન થાય છે, જળથી જ વધે છે, જળનું અનુગામી

બનીને, જળને જ વ્યાપ્ત કરીને રહે છે, તેમ જ સર્વ પદાર્થો ઈશ્વરથી ઉત્પન્ન થાય છે, સંવર્ધિત થાય છે અને તેના અનુગામી બનીને, તેમાં જ વ્યાપ્ત થઈને રહે છે.

**૩૬ से जहाणामए उदगबुब्बुए सिया उदगजाए** *जाव* **उदगमेव अभिभूय चिट्ठंति। एवामेव धम्मा वि पुरिसादिया** *जाव* **पुरिसमेव अभिभूय चिट्ठंति ।**

**શબ્દાર્થ :– उदगबुब्बुए** = પાણીનો પરપોટો.

**ભાવાર્થ :–** જેમ કોઈ પાણીનો પરપોટો પાણીમાંથી ઉત્પન્ન થાય છે, પાણીથી જ વધે છે, પાણીનું અનુગમન કરે છે અને અંતે પાણીમાં જ વિલીન થઈ જાય છે, તેમ જ સર્વ પદાર્થો ઈશ્વરથી જ ઉત્પન્ન થાય છે અને અંતે તેમાં જ વિલીન થઈ જાય છે.

**૩૭ जं पि य इमं समणाणं णिग्गंथाणं उद्दिट्ठं पणीयं विअंजियं दुवालसंगं गणिपिडगं, तं जहा– आयारो** *जाव* **दिट्ठिवाओ, सव्वमेयं मिच्छा, ण एयं तहियं, ण एयं आहत्तहियं । इमं सच्चं, इमं तहियं, इमं आहतहियं, ते एवं सण्णं कुव्वंति, ते एवं सण्णं संठवेंति, ते एवं सण्णं सोवट्ठवयंति, तमेवं ते तज्जाइयं दुक्खं णाइउट्टंति सउणी पंजरं जहा ।**

**શબ્દાર્થ:– उद्दिट्ठं** = ઉદ્દિષ્ટ **पणीयं** = પ્રણીત, બનાવેલું **विअंजियं** = વ્યંજિત, પ્રગટ કરાયેલ **गणिपिडगं**= ગણિપિટક **तहियं** = તથ્ય **आहत्तहियं** = યથાતથ્ય, યથાર્થ **सण्णं** = સંજ્ઞા, મત **संठवेंति** = શિક્ષા આપે છે **सोवट्ठवयंति** = સ્થાપના કરે છે **सउणी** = શકુની-પક્ષી **पंजरं** = પિંજરાને **णाइउट्टंति** = તોડી શકતા નથી.

**ભાવાર્થ :–** શ્રમણ-નિર્ગ્રંથો દ્વારા કથિત, પ્રણીત, તેમના દ્વારા પ્રગટ થયેલા આચારાંગ સૂત્ર ***યાવત્*** દષ્ટિવાદ સૂત્ર પર્યંતના દ્વાદશાંગ ગણિપિટક મિથ્યા છે, આ સત્ય નથી, તથ્ય નથી, યથાતથ્ય નથી. ઈશ્વર કર્તૃત્વવાદ જ સત્ય છે, તથ્ય છે, યથાતથ્ય છે. તેઓ આ પ્રકારની વિચાર ધારા રાખે છે, આ પ્રકારની વિચારધારાને સ્થાપિત કરે છે, આ પ્રકારે સ્વમતનું સંસ્થાપન કરે છે. જેમ પક્ષી પિંજરાને તોડી શક્તું નથી તેમ જ ઈશ્વર કર્તૃત્વવાદી તજ્જાતીય–દુરાગ્રહજન્ય દુઃખના કારણભૂત કર્મસમૂહને તોડી શકતા નથી.

**૩૮ ते णो एयं विप्पडिवेदेंति तं जहा– किरिया इ वा** *जाव* **अणिरए त्ति वा । एवं ते विरूवरूवेहिं कम्मसमारंभेहिं विरूवरूवाइं कामभोगाइं समारंभइ भोयणाए । एवामेव ते अणारिया विप्पडिवण्णा, तं सद्दहमाणा** *जाव* **इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा ।**

**तच्चे पुरिसज्जाए इस्सरकारणिए त्ति आहिए ।**

**ભાવાર્થ :–** ઈશ્વર કર્તૃત્વવાદી આ પ્રમાણે વિપરીત પ્રરૂપણા કરે છે કે ક્રિયા-અક્રિયા, પુણ્ય-પાપ, નરક કે નરકથી ભિન્ન કોઈ ગતિ નથી. તેઓ વિવિધ પ્રકારના કામભોગની પ્રાપ્તિ માટે વિવિધ પ્રકારની પાપપ્રવૃત્તિ દ્વારા આરંભ સમારંભ કરે છે. આ રીતે તેઓ અનાર્ય છે, વિપરીત માન્યતાવાળા છે. તેઓ વિપરીત માન્યતાની જ શ્રદ્ધા અને પ્રરૂપણા કરતા ***યાવત્*** આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના વચ્ચે જ કામ ભોગમાં ફસાઈને ખેદને પામે છે. આ રીતે અહીં ત્રીજા પુરુષ રૂપે ઈશ્વરકર્તૃત્વવાદિકનું કથન કર્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઈશ્વર કર્તૃત્વવાદ અને મોક્ષપ્રાપ્તિમાં તેની અસફળતાનું નિરૂપણ છે.

**ઈશ્વર કર્તૃત્વવાદ–** તેમના મતાનુસાર સમગ્ર સૃષ્ટિનો કર્તા ઈશ્વર છે. ઈશ્વર એક, સર્વવ્યાપી, નિત્ય, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. તે પોતાની ઇચ્છાનુસાર જીવોને કર્મોનું ફળ આપે છે, સ્વર્ગ-નરકમાં મોકલે છે. સમગ્ર સૃષ્ટિનું સંચાલન ઈશ્વર કરે છે.

**अज्ञो जन्तुरनीशोऽयं, आत्मनः सुखदुःखयोः ।**
**ईश्वरप्रेरितो गच्छेत्, स्वर्गं वा श्वभ्रमेव वा ॥**

આ અજ્ઞાની જીવમાં સુખ પ્રાપ્તિ કે દુઃખ મુક્તિની શક્તિ નથી, પોતાના સુખ-દુઃખનો માલિક તે સ્વયં નથી, પરંતુ ઈશ્વરની પ્રેરણાથી જ તે સ્વર્ગ કે નરકમાં જાય છે અને સુખ-દુઃખ પ્રાપ્ત કરે છે.

આ પ્રકારની વિપરીત માન્યતાના કારણે તેઓ જગતની વિચિત્રતાના કારણભૂત ક્રિયા-અક્રિયા, પુણ્ય-પાપ, કર્મબંધ અને કર્મ મુક્તિ આદિ કોઈ પણ તત્ત્વને સ્વીકારતા નથી, તેથી તેઓ આરંભ સમારંભમાં અને કામભોગોમાં જ પ્રવૃત્ત થઈને, અનંત કર્મબંધ કરીને ઘોર સંસાર સાગરમાં ફસાઈ જાય છે, તે જીવો મોક્ષ કે મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી શકતા નથી. આત્માદ્વૈતવાદીનો સમાવેશ પણ આ તૃતીય પુરુષના વર્ણનમાં જ થાય છે.

**આત્મદ્વૈતવાદી–** આત્માદ્વૈતવાદી એક આત્માને જ સમસ્ત વિશ્વનું કારણ કહે છે. જેમ કે–

**एक एव हि भूतात्मा, भूते भूते व्यवस्थितः ।**
**एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ॥**

એક જ આત્મા સમસ્ત પ્રાણીઓમાં સ્થિત છે. તે એક હોવા છતાં અનેક કળશોના જલમાં પડતા એક ચંદ્રના અનેક પ્રતિબિંબોની જેમ ભિન્ન-ભિન્ન દેખાય છે.

આ જગતમાં જે કાંઈ થઈ ગયું છે, થાય છે અને થવાનું છે, તે સર્વ આત્મા જ છે, જેમ પાણીનો પરપોટો પાણીમય છે, માટીના વાસણ માટીમય છે, તે જ રીતે સમસ્ત વિશ્વ આત્મા દ્વારા નિર્મિત હોવાથી આત્મામય છે. ઈશ્વર કર્તૃત્વવાદી અને આત્માદ્વૈતવાદી બંને જગતના સમસ્ત કાર્યોમાં પુરુષ એટલે ઈશ્વર અથવા આત્માને કારણભૂત માને છે. તેથી આ અધ્યયનના પુંડરીક-પુષ્કરિણી સંબંધી દષ્ટાંત પૂર્વકના વર્ણનમાં તે બંનેનો સમાવેશ ત્રીજા પ્રકારના પુરુષમાં થાય છે.

ઈશ્વર અથવા આત્માને જગત્કર્તા માનવા ઉચિત નથી, કારણ કે જગત્કર્તા ઈશ્વર હોય, તો પ્રશ્ન થાય કે ઈશ્વરે કોની ઇચ્છાથી સૃષ્ટિનું સર્જન કર્યું ? અને ઈશ્વરનું સર્જન કોણે કર્યું ? જો તેણે અન્યની પ્રેરણાથી સૃષ્ટિનું સર્જન કર્યું હોય કે ઈશ્વરનું સર્જન અન્ય કોઈએ કર્યું હોય, તો તે વ્યક્તિએ કોની ઇચ્છાથી સર્જન કર્યું ? અને તે વ્યક્તિને કઈ વ્યક્તિએ ઉત્પન્ન કરી ? આ રીતે સમાધાન કરતાં-કરતાં પ્રશ્નોની પરંપરાનો અંત આવતો નથી. તેથી અનવસ્થા દોષ આવે છે અને ઇચ્છા વિના જ સ્વયં સૃષ્ટિનું સર્જન થયું હોય કે ઈશ્વરનું સ્વતઃ સર્જન થયું હોય તો આ સમસ્ત સંસારનું સ્વતઃ જ સર્જન થયું છે, તેમ માનવું યથાસંગત છે, પરંતુ તેમાં કાંઈ ઈશ્વરને સંસારના કર્તા માનવાની જરૂર રહેતી નથી.

તે ઉપરાંત સૃષ્ટિના સર્જનહાર ઈશ્વર હોય, તો પ્રશ્ન થાય કે તે ઈશ્વર સરાગી છે કે વીતરાગી ? જો

તે સરાગી હોય, તો તે સામાન્ય મનુષ્ય જેવા જ છે તે સૃષ્ટિનું સર્જન કરી શકે નહીં. જો તે વીતરાગી હોય, તો આ સ્વર્ગ-નરક રૂપ વિચિત્ર સૃષ્ટિનું સર્જન કરી શકે નહીં, વીતરાગી પુરુષ એક જીવને પુણ્યની અને એક જીવને પાપની પ્રેરણા આપી શકે નહીં. તેથી સ્પષ્ટ થાય છે કે આ સૃષ્ટિના સર્જનહાર કે સંચાલક ઈશ્વર આદિ કોઈ વ્યક્તિ નથી. જીવ પોતાના કર્મજન્ય સંસ્કાર પ્રમાણે શુભાશુભ પ્રવૃત્તિ કરે છે, પરિણામે તદનુસાર કર્મબંધ કરીને શુભાશુભ ગતિમાં પોતેજ પરિભ્રમણ કરે છે.

તે જ રીતે એક જ આત્માને માનવો, તે પણ યોગ્ય નથી. આ જગતમાં જો એક જ આત્મા હોય તો મોક્ષ પ્રાપ્તિનો પુરુષાર્થ નિરર્થક જાય છે. આ લોકમાં અનંત જીવોની વિચિત્રતા પ્રત્યક્ષ સિદ્ધ છે, તેથી આત્માદ્વૈતવાદની માન્યતા પણ ન્યાયસંગત નથી, તે પ્રત્યક્ષ વિરુદ્ધ અને વ્યવહાર વિરુદ્ધ પ્રતીત થાય છે.

**ચોથો પુરુષ : નિયતિવાદી :–**

**૩૯ अहावरे चउत्थे पुरिसजाए णियतिवाइए त्ति आहिज्जइ । इह खलु पाईणं वा तहेव** *जाव* **सेणावइपुत्ता वा; तेसिं च णं एगइए सड्ढी भवइ, कामं तं समणा य माहणा संपहारिंसु गमणाए** *जाव* **जहा मे एस धम्मे सुअक्खाए सुपण्णत्ते भवइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી હવે નિયતિવાદી નામના ચોથા પુરુષનું વર્ણન કરવામાં આવે છે. આ મનુષ્યલોકમાં પૂર્વ-પશ્ચિમ વગેરે દિશાઓમાં ઉત્પન્ન થયેલા વિવિધ મનુષ્યો રહે છે. તેમાં કેટલાક આર્ય, કેટલાક અનાર્ય હોય છે. તેમાં કોઈ રાજા, સેનાપતિ, સેનાપતિ પુત્ર વગેરેથી યુક્ત રાજપરિષદ હોય છે. તે સભાસદોમાંથી કોઈ પુરુષ શ્રદ્ધાવાન હોય છે. તે શ્રદ્ધાવાન પુરુષ ધર્મપ્રાપ્તિની ઈચ્છાથી કોઈ શ્રમણ કે બ્રાહ્મણ પાસે જાય છે અને ધર્મની પ્રરૂપણા કરનાર પુરુષ તેને આ પ્રમાણે કહે છે– હું જે ઉત્તમ ધર્મનો બોધ આપું છું તેને આપ પૂર્વ પુરુષો દ્વારા સમ્યક પ્રકારે પ્રરૂપિત અને સત્ય સમજો.

**૪૦ इह खलु दुवे पुरिसा भवंति– एगे पुरिसे किरियमाइक्खइ, एगे पुरिसे णोकिरियमाइक्खइ । जे य पुरिसे किरियमाइक्खइ, जे य पुरिसे णोकिरिय-माइक्खइ, दो वि ते पुरिसा तुल्ला एगट्ठा कारणमावण्णा ।**

**बाले पुण एवं विप्पडिवेदेइ कारणमावण्णे, तं जहा– जो अहमंसि दुक्खामि वा सोयामि वा जूरामि वा तिप्पामि वा पिड्डामि वा परितप्पामि वा अहं तमकासी, परो वा जं दुक्खइ वा सोयइ वा जूरइ वा तिप्पइ वा पिड्डइ वा परितप्पइ वा परो एयमकासि, एवं से बाले सकारणं वा परकारणं वा एवं विप्पडिवेदेइ कारणमावण्णे ।**

**मेहावी पुण एवं विप्पडिवेदेइ कारणमावण्णे– अहमंसि दुक्खामि वा सोयामि वा जूरामि वा तिप्पामि वा पिड्डामि वा परितप्पामि वा णो अहमेतमकासि परो वा जं दुक्खइ वा** *जाव* **परितप्पइ वा णो परो एयमकासि । एवं से मेहावी सकारणं वा परकारणं वा एवं विप्पडिवेदेइ कारणमावण्णे ।**

**શબ્દાર્થ :– कारणमावण्णे** = કારણને પ્રાપ્ત થયેલા. ઈશ્વર કર્મ આદિ સિદ્ધાંતને સુખ-દુઃખનું કારણ માનનારા અથવા નિયતિને સુખ-દુઃખનું કારણ માનનારા. આ રીતે આ શબ્દનો બે અર્થોમાં બે વાર પ્રયોગ થયો છે.

**ભાવાર્થ :–** (નિયતિવાદી આ પ્રમાણે નિરૂપણ કરે છે–) આ લોકમાં બે પ્રકારના પુરુષો હોય છે– એક પુરુષ ક્રિયાનું કથન કરે છે જ્યારે બીજો પુરુષ ક્રિયાનું કથન કરતો નથી(ક્રિયાનો નિષેધ કરે છે). જે પુરુષ ક્રિયાનું કથન કરે છે અને જે પુરુષ ક્રિયાનો નિષેધ કરે છે, તે બંને એક સમાન છે, એક જ અર્થવાળા અને એક જ કારણને પ્રાપ્ત થયેલા છે.(અર્થાત્ તે બંને નિયતિ પ્રમાણે જ બોલે છે.)

નિયતિવાદી પોતાના સિદ્ધાંતને સ્પષ્ટ કરે છે કે– સુખ અને દુઃખના કારણભૂત કાળ, કર્મ તથા ઈશ્વર આદિને સ્વીકારનારા અજ્ઞાની લોકો એમ સમજે છે કે હું જે કંઈ પણ દુઃખ પામી રહ્યો છું, શોક(ચિંતા) કરી રહ્યો છું, દુઃખમાં આત્મનિંદા(પશ્ચાતાપ) કરી રહ્યો છું અથવા શારીરિક શક્તિનો નાશ કરી રહ્યો છું, પીડા પામી રહ્યો છું, સંતપ્ત થઈ રહ્યો છું, તે બધું મારા કરેલા કર્મોનું જ ફળ છે તથા બીજાઓ જે દુઃખ પામે છે, શોક કરે છે, આત્મનિંદા કરે છે, શારીરિક બળનો નાશ કરે છે, પીડા પામે છે કે સંતપ્ત થાય છે, તે તેણે કરેલાં કર્મોનું ફળ છે. આ રીતે તે અજ્ઞાની લોકો કાળ, કર્મ, ઈશ્વર આદિને સુખ-દુઃખનું કારણ માનીને પોતાના તથા બીજાના સુખ-દુઃખાદિમાં પોત-પોતાના કર્મોને કારણભૂત માને છે.

પરંતુ નિયતિને સુખ-દુઃખનું કારણ માનવાવાળા બુદ્ધિમાન પુરુષ તો એમ સમજે છે કે હું જે કંઈ દુઃખ ભોગવું છું, શોકમગ્ન ***યાવત્*** સંતપ્ત થાઉં છું, તે બધું મારા કરેલાં કર્મોનું ફળ નથી તથા બીજો પુરુષ જે દુઃખ ભોગવે છે ***યાવત્*** સંતપ્ત થાય છે, તે પણ તેણે કરેલાં કર્મોનું ફળ નથી પણ આ બધો નિયતિનો પ્રભાવ છે. આ રીતે બુદ્ધિમાન પુરુષ સુખ-દુઃખના કારણભૂત નિયતિને જ સ્વીકારે છે, બીજા કારણોને સ્વીકારતા નથી.

**૪૧ से बेमि– पाईणं वा** *जाव* **जे तसथावरा पाणा ते एवं संघायमावज्जंति, ते एवं विपरियायमावज्जंति, ते एवं विवेगमावज्जंति, ते एवं विहाणमागच्छंति, ते एवं संगइयंति । उवेहाए णो एयं विप्पडिवेदेंति, तं जहा– किरिया इ वा** *जाव* **णिरए इ वा अणिरए इ वा । एवं ते विरूवरूवेहिं कम्मसमारंभेहिं विरूवरूवाइं कामभोगाइं समारभंति भोयणाए । एवामेव ते अणारिया विप्पडिवण्णा तं सद्दहमाणा** *जाव* **इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा ।**

**चउत्थे पुरिसजाए णियतिवाइए त्ति आहिए ।**

**શબ્દાર્થ :– संघायमावज्जंति** = શરીરને પ્રાપ્ત થાય છે **विपरियायमावज्जंति** = બાલ, યુવા આદિ વિવિધ પર્યાયોને પ્રાપ્ત થાય છે **विवेगमावज्जंति** = વિવેકને પ્રાપ્ત થાય છે– વિવેકવાન બને છે **विहाणमागच्छंति**= વિવિધ પ્રકારોને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** હું (નિયતિવાદી) કહું છું કે પૂર્વ આદિ દિશાઓમાં રહેનારા જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે, તે નિયતિના પ્રભાવથી જ ઔદારિક આદિ શરીર સંઘાતને પ્રાપ્ત કરે છે, નિયતિના પ્રભાવથી જ બાલ્ય, યુવા અને વૃદ્ધાવસ્થા આદિ પર્યાયોને પ્રાપ્ત કરે છે, નિયતિના પ્રભાવથી જ શરીરથી અલગ થાય છે અર્થાત્ મૃત્યુ પામે છે, નિયતિના પ્રભાવથી જ કાણા, કુબડા વગેરે વિવિધ પ્રકારોને પ્રાપ્ત કરે છે, નિયતિના પ્રભાવથી જ વિવિધ પ્રકારના સુખ દુઃખ પ્રાપ્ત કરે છે.

(શાસ્ત્રકાર કહે છે કે–) આ રીતે સર્વ શુભાશુભ કાર્યોના કારણભૂત નિયતિને સ્વીકારનારા નિયતિવાદી ક્રિયા-અક્રિયા, પુણ્ય-પાપ ***યાવત્*** નરક કે નરકથી ભિન્ન અન્ય ગતિને માનતા નથી. નિયતિવાદીઓ

વિવિધ પ્રકારનાં સાવદ્યકર્મોનાં અનુષ્ઠાન કરીને કામ-ભોગનો ઉપભોગ કરે છે, તેથી તેઓ અનાર્ય છે. નિયતિવાદમાં શ્રદ્ધા રાખનારા તેઓ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના વચ્ચે જ કામ-ભોગમાં ફસાઈને ખેદ પામે છે.

આ રીતે ચોથા પુરુષ રૂપે નિયતિવાદીનું કથન થયું.

**૪૨ इच्चेए चत्तारि पुरिसजाया णाणापण्णा णाणाछंदा णाणासीला णाणादिट्ठी णाणारुई णाणारंभा णाणाअज्झवसाणसंजुत्ता पहीणपुव्वसंजोगा आरियं मग्गं असंपत्ता, इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा ।**

**શબ્દાર્થ :–** **णाणापण्णा** = ભિન્ન-ભિન્ન બુદ્ધિવાળા **णाणाच्छंदा** = ભિન્ન-ભિન્ન અભિપ્રાયવાળા **णाणासीला** = વિવિધપ્રકારના શીલ **णाणारुई** = વિવિધ પ્રકારની રુચિ **णाणाअज्झवसाणसंजुत्ता** = વિવિધ પ્રકારના અધ્યવસાયોથી સંયુક્ત **पहीणपुव्वसंजोगा** = પૂર્વસંયોગોને છોડેલા.

**ભાવાર્થ :–** આ રીતે પૂર્વોક્ત ચારે ય પુરુષો ભિન્ન-ભિન્ન બુદ્ધિવાળા, વિભિન્ન અભિપ્રાયવાળા, વિભિન્ન આચારવાળા, વિવિધ દષ્ટિ(દર્શન)વાળા, વિવિધ રુચિવાળા, વિવિધ પ્રકારના આરંભ-સમારંભ કરનારા તથા વિવિધ વિચારધારાવાળા છે, તેમણે માતા-પિતા આદિ ગૃહસ્થાશ્રમના પૂર્વસંયોગો છોડી દીધા છે, પરંતુ મોક્ષ માર્ગને પ્રાપ્ત થયા નથી. તેથી તેઓ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના વચ્ચે જ કામ-ભોગમાં આસક્ત બનીને ખેદને પામે છે.

**વિવેચનઃ–**

પ્રસ્તુત સૂત્રોમાં નિયતિવાદનું સ્વરૂપ તથા તેમની મોક્ષ પ્રાપ્તિમાં અસફળતાનું નિદર્શન છે.

**નિયતિવાદ–** આ મતાનુસાર સમસ્ત ચર-અચર જગત નિયતિથી જ બંધાયેલું છે. જે કાર્ય, જ્યારે, જે રીતે થવાનું હોય છે તે જ રીતે થાય છે, હોનહાર ફરનાર નથી. સંસારના સમસ્ત પ્રાણીઓ જે સુખ-દુઃખાદિ ભોગવે છે તે સર્વ નિયતિકૃત છે. ઘણીવાર એક જ કાર્યસિદ્ધિ માટે બે વ્યક્તિનો સમાન પુરુષાર્થ હોવા છતાં બંનેને સમાન ફળ પ્રાપ્ત થતું નથી તેથી સ્પષ્ટ થાય છે કે આ જગતની વિચિત્રતાનું કારણ કાળ, સ્વભાવ, ઈશ્વર, પુરુષાર્થ કે કર્મો નથી પરંતુ સર્વત્ર નિયતિ જ કારણભૂત છે.

આ પ્રકારની માન્યતાથી તેઓ ક્રિયા-અક્રિયા, પુણ્ય-પાપ આદિ તત્ત્વને સ્વીકારતા નથી. તેઓ નિશ્ચિંત પણે આરંભ-સમારંભના કાર્યોમાં પ્રવૃત્ત થાય છે, કામભોગમાં આસક્ત બનીને સંસારમાં ફસાઈ જાય છે.

કોઈ પણ કાર્યની સિદ્ધિમાં કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને વર્તમાનનો પુરુષાર્થ તે પાંચે સમવાય કારણભૂત બને છે. એકાંત નિયતિથી જ કાર્યસિદ્ધિ થતી નથી. એક નિયતિને જ માનવાથી પુરુષાર્થ આદિનો નિષેધ થાય છે અને તેથી અનેક દોષોની સંભાવના છે.

આ રીતે તજ્જીવ તત્શરીરવાદી, પંચ મહાભૂતવાદી કે આત્મષષ્ઠવાદી, ઈશ્વરકર્તૃત્વવાદી તથા નિયતિવાદી, આ ચારે પ્રકારની માન્યતાને સ્વીકારનારા પુરુષોની દષ્ટિ જ વિપરીત હોવાથી તેઓની પ્રવૃત્તિ પણ વિપરીત જ થાય છે. તેઓ ધર્મની આરાધના માટે પુત્ર-પરિવાર આદિ સંસારનો ત્યાગ કરીને સંયમમાર્ગમાં ઉપસ્થિત થાય છે, પરંતુ તેઓ ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, બંધ-મોક્ષને સ્વીકારતા ન હોવાથી અને વિષયાસક્તિનો ત્યાગ થયો ન હોવાથી કર્મક્ષય કરી શકતા નથી, તેથી તેઓ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના વચ્ચે જ કામભોગમાં ફસાઈ જાય છે.

**પદાર્થો અને સંબંધોની અશરણતા :–**

**૪૩** **से बेमि पाईण वा** *जाव* **संतेगइया मणुस्सा भवंति, तं जहा– आरिया वेगे अणारिया वेगे, उच्चागोया वेगे णीयागोया वेगे, कायमंता वेगे हस्समंता वेगे, सुवण्णा वेगे दुवण्णा वेगे, सुरूवा वेगे दुरूवा वेगे । तेसिं च णं खेत्तवत्थूणि परिग्गहियाणि भवंति, तं जहा– अप्पतरा वा भुज्जतरा वा । तेसिं च णं जण- जाणवयाइं परिग्गहियाइं भवंति, तं जहा– अप्पतरा वा भुज्जतरा वा; तहप्पगारेहिं कुलेहिं आगम्म अभिभूय एगे भिक्खायरियाए समुट्ठिया । सतो वा वि एगे णायओ य उवगरणं च विप्पजहाय भिक्खायरियाए समुट्ठिया; असतो वा वि एगे णायओ वा अणायओ य उवगरणं च विप्पजहाय भिक्खायरियाए समुट्ठिया भवंति ।**

**ભાવાર્થ :–** (શ્રી સુધર્મા સ્વામી શ્રી જંબૂસ્વામીને કહે છે કે) હે જંબૂ! હું આ પ્રમાણે કહું છું કે પૂર્વ આદિ ચારે ય દિશાઓમાં વિવિધ પ્રકારના મનુષ્યો નિવાસ કરે છે, તેમાં કેટલાક આર્ય હોય છે, કેટલાક અનાર્ય હોય છે, કેટલાક ઉચ્ચ ગોત્રના અને કેટલાક નીચ ગોત્રના હોય છે, કેટલાક મનુષ્ય ઊંચા અને કેટલાક નીચા હોય છે, કેટલાકના શરીરનો રંગ સુંદર હોય છે, કેટલાકનો અસુંદર હોય છે, કેટલાક સુરૂપ હોય છે, કેટલાક કુરૂપ હોય છે. તેઓએ પોતાની માલિકીમાં થોડાં અથવા વધારે ખેતર અને મકાન વગેરે પરિગ્રહરૂપે ગ્રહણ કરેલા હોય છે, તેઓએ પોતાની માલિકીમાં થોડા-ઘણાં માણસો અને દેશોને પરિગ્રહરૂપે ગ્રહણ કરેલા હોય છે. આવા વિવિધ પ્રકારના કુળમાં જન્મેલા મનુષ્યોમાંથી કેટલાક મનુષ્યો વિષય-ભોગની આસક્તિ છોડીને ભિક્ષાવૃત્તિ ધારણ કરવાનો નિશ્ચય કરે છે. તેમાં કેટલાક મનુષ્યો **વિદ્યમાન** સ્વજન, પરિજન, તથા વિભિન્ન ભોગોપભોગના સાધનો કે ધન-ધાન્યાદિ વૈભવને છોડીને ભિક્ષાવૃત્તિ ધારણ કરવા તત્પર બને છે અને કેટલાક મનુષ્યો **અવિદ્યમાન** સ્વજન, પરિજન તથા વિભિન્ન ભોગોપભોગના સાધનોનો ત્યાગ કરીને ભિક્ષાવૃત્તિ ધારણ કરવા તત્પર થાય છે.

**૪૪** **जे ते सतो वा असतो वा णायओ अणायओ य उवगरणं च विप्पजहाय भिक्खायरियाए समुट्ठिया । पुव्वामेव तेहिं णायं भवइ, तं जहा– इह खलु पुरिसे अण्णमण्णं ममट्ठाए एवं विप्पडिवेदेइ, तं जहा– खेत्तं मे, वत्थु मे, हिरण्णं मे, सुवण्णं मे, धणं मे, धण्णं मे, कंसं मे, दूसं मे, विउल-धण-कणग-रयण-मणि-मोत्तिय-संख- सिल- प्पवाल-रत्त-रयण-संतसार-सावएज्जं मे, सद्दा मे, रूवा मे, गंधा मे, रसा मे, फासा मे ।एते खलु मे कामभोगा, अहमवि एतेसिं ।**

**શબ્દાર્થ :– कंसं** = કાંસ્ય પાત્ર, કાંસાના વાસણ **दूसं** = દૂષ્ય, વસ્ત્ર.

**ભાવાર્થ :–** જે વિદ્યમાન અથવા અવિદ્યમાન સ્વજન, પરિજન, વિવિધ પ્રકારના ભોગોપભોગના સાધનોનો ત્યાગ કરીને ભિક્ષાચરી માટે તત્પર થાય છે, તે બંને પ્રકારના સાધકો પહેલેથી આ રીતે સમજી ગયા હોય છે કે આ લોકમાં મનુષ્યો પોતાનાથી ભિન્ન પર પદાર્થો વિષે મમત્વના કારણે આ પ્રમાણે માને છે કે– આ ખેતર, મારું છે, આ મકાન મારું છે, આ ચાંદી મારી છે, આ સોનું, ધન, ધાન્ય, કાંસાના વાસણો, બહુમૂલ્યવાન વસ્ત્રો તથા લોખંડ આદિ ધાતુ મારાં છે, આ પ્રચુર ધન, ગાય, ભેંસ આદિ પશુ ધન, સોનું રત્ન, મણિ, મોતી, શંખ,

શીલા, પ્રવાલ, લાલરત્ન-મૂંગા, પદ્મરાગ વગેરે ઉત્તમોત્તમ સારભૂત પદાર્થો મારા છે, આ કર્ણપ્રિય શબ્દો કરનારા વાજિંત્રો મારા છે, આ સુંદર અને રૂપવાન પદાર્થો મારા છે, આ અત્તર, તેલ વગેરે સુગંધિત પદાર્થો મારા છે, આ ઉત્તમોત્તમ સ્વાદિષ્ટ અને સરસ ખાદ્ય પદાર્થો મારા છે, આ કોમળ સ્પર્શવાળા ગાદી-તકિયા વગેરે પદાર્થો મારા છે. ઉપરોક્ત પદાર્થો મારા કામભોગના સાધન છે અને હું તેનો માલિક છું.

**૪૫ से मेहावी पुव्वामेव अप्पणा एवं समभिजाणेज्जा, तं जहा– इह खलु मम अण्णयरे दुक्खे रोगायंके समुप्पज्जेज्जा– अणिट्ठे अकंते अप्पिए असुभे, अमणुण्णे अमणामे, दुक्खे णो सुहे, से हंता भयंतारो कामभोगा ! इमं मम अण्णयरं दुक्खं रोगायंकं परियाइयह– अणिट्ठं अकंतं अप्पियं असुभं अमणुण्णं अमणामं, दुक्खं णो सुहं, जेणाहं दुक्खामि वा सोयामि वा झूरामि वा तिप्पामि वा पिड्डामि वा परितप्पामि वा; इमाओ ते अण्णयराओ दुक्खाओ रोगायंकाओ पडिमोयह अणिट्ठाओ** *जाव* **अमणामाओ, दुक्खाओ णो सुहाओ । एवामेव णो लद्धपुव्वं भवइ ।**

**इह खलु कामभोगा णो ताणाए वा सरणाए वा; पुरिसे वा एगया पुव्विं कामभोगे विप्पजहइ, कामभोगा वा एगया पुव्विं पुरिसं विप्पजहंति, अण्णे खलु कामभोगा, अण्णो अहमंसि; से किमंग पुण वयं अण्णमण्णेहिं कामभोगेहिं मुच्छामो ? इति संखाए णं वयं कामभोगे विप्पजहिस्सामो ।**

**શબ્દાર્થ :– रोगायंके** = તાવ વગેરે સામાન્ય રોગ, આતંક–જીવલેણ બિમારી **अणिट्ठे** = અનિષ્ટ **अकंते** = અકાંત **अमणुण्णे** = અમનોજ્ઞ **अमणामे** = મનને ન ગમે તેવું **परियाइयह** = વેંચીને લઈ લ્યો **पडिमोयह**= મુક્ત કરો. **विप्पजहइ** = છોડી દે છે.

**ભાવાર્થ :–** (પરંતુ)બુદ્ધિમાન પુરુષો સ્વયં પહેલેથી જ સમ્યક્ પ્રકારે જાણે છે કે મને જે કાંઈ દુઃખ કે રોગાતંક ઉત્પન્ન થાય છે, તે દુઃખ, રોગ કે વ્યાધિ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અધિક પીડાકારી, મનોવ્યથા કરાવનાર હોય છે, દુઃખરૂપ હોય છે, સુખરૂપ નથી, તે સમયે જો હું પ્રાર્થના કરું કે હે ભયથી રક્ષણ કરનાર મારા ધનધાન્ય આદિ કામભોગો ! મારા આ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અતિ દુઃખદ, દુઃખરૂપ અથવા અસુખરૂપ રોગ, વ્યાધિને તમે વહેંચીને લઈ લ્યો, કારણ કે હું આ રોગ અને વ્યાધિથી બહુ દુઃખી થઈ રહ્યો છું, ચિંતા અને શોકથી વ્યાકુળ છું, ઝૂરી રહ્યો છું, શરીરની શક્તિ ક્ષીણ કરી રહ્યો છું, પીડા ભોગવું છું, અતિસંતપ્ત છું, તેથી તમે બધા મને આ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, મનોવ્યથા કરાવનાર, દુઃખરૂપ અને અસુખરૂપ મારા કોઈ એક દુઃખથી કે રોગ-વ્યાધિથી મને મુક્ત કરાવો ! તો પણ તે કામભોગો ઉક્ત પ્રાર્થના સાંભળીને દુઃખાદિથી મુક્ત કરાવી દે, એવું ક્યારે ય બનતું નથી.

આ સંસારમાં કામભોગો રક્ષણ કરનારા નથી કે શરણભૂત નથી. કામભોગના સાધનભૂત પદાર્થોના સ્વામી ક્યારેક સ્વયં કામભોગને છોડીને ચાલ્યા જાય છે, ક્યારેક તે પદાર્થો પહેલા જ તે પુરુષને છોડી દે છે. આ કામ-ભોગ મારાથી ભિન્ન છે, હું તેનાથી ભિન્ન છું. તો પછી આપણે સ્વયંથી ભિન્ન એવા કામ-ભોગોમાં શા માટે મૂર્છિત થવું ? આ રીતે સમજીને જ અમે કામભોગોનો પરિત્યાગ કરશું.

**૪૬** **से मेहावी जाणेज्जा बाहिरंगमेतं, इणमेव उवणीयतरागं, तं जहा– माया मे, पिया मे, भाया मे, भज्जा मे, भगिणि मे, पुत्ता मे, धूया मे, णत्ता मे, सुण्हा मे, पेसा मे, सहा मे, सयण-संगंथ-संथुया मे, एए खलु आयओ, अहमवि एतेसिं ।**

**શબ્દાર્થ :–** **बहिरंगं** = બહારના, દૂરના **उवणीयतरागं** = નજીકના **भज्जा** = સ્ત્રી **धूया** = પુત્રી **पेसा**= પ્રેષ્ય, દાસ **णत्ता** = જ્ઞાતિ જન **सुण्हा** = પુત્રવધૂ **सहा** = મિત્ર **सयण** = સ્વજન, પારિવારિક **संगंथ** = સગા સંબંધી **संथुया** = પરિચિત, ઓળખાણવાળા.

**ભાવાર્થ :–** તે વિવેકશીલ બુદ્ધિમાન સાધક એમ પણ જાણે છે કે આ મારા નિકટના સ્વજનો, માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી છે; નોકર-ચાકર, જ્ઞાતિજનો, પુત્રવધૂ, મિત્ર, સ્વજન, સગા-સંબંધી અને પરિચિત લોકો મારા જ્ઞાતિજનો છે અને હું તેઓનો આત્મીયજન છું.

**૪૭** **से मेहावी पुव्वामेव अप्पणा एवं समभिजाणेज्जा– इह खलु मम अण्णयरे दुक्खे रोगायंके समुप्पज्जेज्जा– अणिट्ठे** *जाव* **दुक्खे णो सुहे, से हंता भयंतारो णायओ ! इमं मम अण्णयरं दुक्खं रोगायंकं परियाइयह– अणिट्ठं** *जाव* **णो सुहं, माहं दुक्खामि वा** *जाव* **परितप्पामि वा, इमाओ मे अण्णयराओ दुक्खाओ रोगायंकाओ पडिमोयह अणिट्ठाओ** *जाव* **णो सुहाओ । एवमेव णो लद्धपुव्वं भवइ ।**

**तेसिं वा वि भयंताराणं मम णाययाणं अण्णयरे दुक्खे रोगायंके समुप्पजेज्जा अणिट्ठे** *जाव* **णो सुहे, से हंता अहमेतेसिं भयंताराणं णागयाणं इमं अण्णतरं दुक्खं रोगायंकं परियाइयामि– अणिट्ठं** *जाव* **णो सुहं, मा मे दुक्खंतु वा** *जाव* **परितप्पंतु वा, इमाओ णं अण्णयराओ दुक्खाओ रोगायंकाओ परिमोएमि अणिट्ठाओ** *जाव* **णो सुहाओ । एवामेव णो लद्धपुव्वं भवइ ।**

**ભાવાર્થ :–** તેમ છતાં તે બુદ્ધિમાન સાધક એમ સમજે છે કે આ જીવનમાં મને કોઈ પ્રકારનો અત્યંત દુઃખકારી રોગાતંક ઉત્પન્ન થાય ત્યારે જો હું મારા સ્વજનોને પ્રાર્થના કરું કે– અહો સ્વજનો ! મારા આ અનિષ્ઠ, અપ્રિય, દુઃખરૂપ, અસુખરૂપ દુઃખકારી રોગાતંકને તમે સહુ બરાબર વહેંચી લો, જેથી હું આ દુઃખથી દુઃખી ***યાવત્*** અતિસંતપ્ત ન થાઉં અથવા તો આપ લોકો મને આ અનિષ્ઠ, પીડાકારક રોગાતંકમાંથી કોઈ પણ એક રોગથી મુક્ત કરાવો. આ પ્રમાણે કહેવા છતાં તે સ્વજનો મારા દુઃખકારી રોગાતંકને વહેંચી લે અથવા મને આમાંથી કોઈ પણ દુઃખકારી રોગાતંકથી મુક્ત કરાવે, તેવું કદાપિ બનતું નથી.

અથવા મારા તે પૂજ્ય સ્વજનોને જ અનિષ્ટ, અપ્રિય ***યાવત્*** દુઃખકારી રોગાતંક ઉત્પન્ન થાય, તો હું પણ તે પૂજ્ય સ્વજનોના અનિષ્ટ, અપ્રિય, અસુખરૂપ તે દુઃખકારી રોગાતંકને ભાગ પાડીને લઈ લું કે જેથી તેઓ તે દુઃખ રોગાતંકથી દુખિત ન થાય ***યાવત્*** પરિતાપિત ન થાય અથવા તો તે દુઃખ રોગાતંકમાંથી કોઈ પણ દુઃખ રોગાતંકથી તે સ્નેહીજનોને મુક્ત કરાવી દઉં, તેવું પણ કદાપિ બનતું નથી.

**૪૮** **अण्णस्स दुक्खं अण्णो णो परियाइयइ, अण्णेण कडं कम्मं अण्णो णो पडिसंवेदेइ, पत्तेयं जायइ, पत्तेयं मरइ, पत्तेयं चयइ, पत्तेयं उववज्जइ, पत्तेयं झंझा,**

**पत्तेयं सण्णा, पत्तेयं मण्णा, एवं विण्णू वेयणा इति खलु णाइसंजोगा णो ताणाए वा णो सरणाए वा, पुरिसो वा एगया पुव्विं णाइसंयोगे विप्पजहइ, णाइसंयोगा वा एगया पुव्विं पुरिसं विप्पजहंति, अण्णे खलु णाइसंयोगा अण्णो अहमंसि, से किमंग पुण वयं अण्णमण्णेहिं णाइसंयोगेहिं मुच्छामो ? इति संखाए णं वयं णाइसंजोगे विप्पजहिस्सामो ।**

**શબ્દાર્થ :–** **पत्तेयं** = પ્રત્યેક, એકલા, **चयइ** = ત્યાગ કરે છે, **उववज्जइ** = ઉત્પન્ન થાય છે, **झंझा** = કલહ, **मण्णा** = ચિંતન, **विण्णू** = વિદ્વાન, **वेयणा** = વેદના, **णाइसंजोगा** = જ્ઞાતિ સંયોગ,

**ભાવાર્થ :–** વાસ્તવમાં અન્યના દુઃખને અન્ય વ્યક્તિ વહેંચીને લઈ શકતી નથી. બીજાએ કરેલાં કર્મનાં ફળ બીજા ભોગવી શક્તા નથી. પ્રત્યેક પ્રાણી એકલો જ જન્મે છે, આયુષ્ય પૂર્ણ થતાં એકલો જ મરે છે, પ્રત્યેક વ્યક્તિ એકલી જ ધન-ધાન્ય વગેરે પરિગ્રહ, શબ્દાદિ વિષયો કે માતા-પિતાના સંયોગોનો ત્યાગ કરે છે, પ્રત્યેક વ્યક્તિ એકલી જ વસ્તુઓનો ઉપભોગ કે સ્વીકાર કરે છે, પ્રત્યેક વ્યક્તિ એકલી જ કલહ આદિ કષાયોને ગ્રહણ કરે છે, એકલી જ પદાર્થોનું સંજ્ઞાન કરે છે. તથા પ્રત્યેક વ્યક્તિ એકલી ચિંતન-મનન કરે છે, પ્રત્યેક વ્યક્તિ એકલી વિદ્વાન બને છે, પ્રત્યેક વ્યક્તિ એકલી જ પોત-પોતાના સુખ દુઃખનો અનુભવ કરે છે, તેથી સ્વજનો કે જ્ઞાતિજનો રક્ષણ કરનાર કે શરણભૂત નથી. ક્યારેક ક્રોધાદિવશ કે મૃત્યુ સમયે મનુષ્ય પોતે જ સ્વજનોનો સંયોગ પહેલેથી છોડી દે છે, ક્યારેક સ્વજનો પણ તે પુરુષને પહેલેથી છોડી દે છે, માટે સ્વજનાદિનો સંયોગ મારાથી ભિન્ન છે, હું પણ સ્વજન આદિ સંયોગથી ભિન્ન છું.' તો પછી મારે આત્માથી ભિન્ન આ સ્વજનોના સંયોગમાં શા માટે આસક્ત થવું ? આ તત્ત્વનો વિચાર કરીને તે સંકલ્પ કરે કે અમે સ્વજન સંયોગનો પરિત્યાગ કરશું.

**૪૯ से मेहावी जाणेज्जा बाहिरगमेतं; इणमेव उवणीयतरागं, तं जहा– हत्था मे, पाया मे, बाहा मे, उरू मे, उदरं मे, सीसं मे, सीलं मे, आउ मे, बलं मे, वण्णो मे, तया मे, छाया मे, सोयं मे, चक्खुं मे, घाणं मे, जिब्भा मे, फासा मे, ममाति । जंसि वयाओ परिजूरइ तं जहा– आऊओ बलाओ वण्णाओ तयाओ छायाओ सोयाओ *जाव* फासाओ, सुसंधिता संधी विसंधी भवइ, वलितरंगे गाए भवइ, किण्हा केसा पलिया भवंति, जं पि य इमं सरीरगं उरालं आहारोवचियं एयं पि य मे अणुपुव्वेणं विप्पजहियव्वं भविस्सइ ।**

**શબ્દાર્થ :–** **उवणीयतरागं** = નિકટતમ **उरू** = જાંઘ **तया** = ત્વચા **छाया** = કાંતિ **सोयं** = શ્રોત્ર **वयाओ** = ઉંમર વધતાં, ઉંમર વ્યતીત થતાં **परिजूरइ** = જીર્ણ થતું જાય છે **सुसंधिता** = સુઘટિત, દઢ **पलिया** = શ્વેતકેશ.

**ભાવાર્થ :–** મેધાવી સાધક એ નિશ્ચિતપણે જાણે છે કે સ્વજન આદિનો સંયોગ તો બાહ્ય સંયોગ છે. તે તો આત્માથી ભિન્ન છે જ, પરંતુ જે અત્યંત નિકટતમ અંગ છે, જેના પર પ્રાણી મમત્વ કરે છે કે– આ મારા હાથ છે, આ મારા પગ છે, આ મારી ભુજાઓ છે, આ મારું મસ્તક છે, આ મારું પેટ છે, આ મારી જાંઘ છે, આ મારો સદાચાર છે, આ રીતે મારું આયુષ્ય, મારું બળ, મારો વર્ણ, મારી ચામડી, મારી કાંતિ, મારા કાન, મારા નેત્રો, મારું નાક, મારી જીભ, મારી સ્પર્શેન્દ્રિય છે, આ પ્રકારે પ્રાણી ''મારું મારું'' કરે છે, પરંતુ ઉંમર

વધતાં આ બધું જીર્ણ-શીર્ણ થઈ જાય છે, ત્યારે મનુષ્ય પોતાના આયુષ્યથી, બળથી, વર્ણથી, ચામડીથી, કાંતિથી, કાનથી, ***યાવત્*** સ્પર્શથી ક્ષીણ થઈ જાય છે, સુઘટિત દઢ સંધિઓ શિથિલ થઈ જાય છે. શરીરની ચામડી સુકાઈ-સંકોચાઈને કરચલીવાળી થઈ જાય છે. કાળા વાળ સફેદ થઈ જાય છે, આહારથી વૃદ્ધિ પામેલું ઔદારિક શરીર પણ ક્રમશઃ આયુષ્ય પૂર્ણ થતાં છોડી દેવું પડે છે.

**૫૦ एयं संखाए से भिक्खू भिक्खायरियाए समुट्ठिए दुहओ लोगं जाणेज्जा, तं जहा– जीवा चेव अजीवा चेव, तसा चेव थावरा चेव ।**

**ભાવાર્થ :–** આ પ્રકારની વાસ્તવિકતાને જાણીને ભિક્ષાચર્યા(સંયમ સાધના) સ્વીકારવા માટે ઉપસ્થિત થયેલા તે બુદ્ધિમાન ભિક્ષુ લોકને બંને પ્રકારે જાણી લે છે, જેમ કે– લોક જીવરૂપ છે અને અજીવરૂપ છે તથા ત્રસરૂપ છે અને સ્થાવરરૂપ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંસારના પ્રત્યેક સંબંધો અને પ્રત્યેક પદાર્થોની અશરણતાને સ્પષ્ટ કરી છે.

સામાન્ય રીતે સંસારી જીવો જે ક્ષેત્રમાં જન્મ ધારણ કરે છે, જે-જે પદાર્થોનો ઉપભોગ કરે છે, જેની સાથે રહે છે, તેમાં મમત્વભાવ કરે છે અને તે સંયોગો પરિવર્તન પામે ત્યારે દુઃખી થાય છે.

વાસ્તવમાં **एगोहं । णत्थि मे कोइ । णाहं अण्णस्स कस्सइ ।** હું ચૈતન્ય સ્વરૂપી આત્મા છું, મારું કોઈ નથી અને હું પણ કોઈનો નથી.

આત્મા ચૈતન્ય સ્વરૂપી છે અને શરીર પૌદ્ગલિક છે, શરીર મારું નથી. શરીરથી સંબંધિત માતા-પિતા આદિ સ્વજનો મારા નથી અને પૌદ્ગલિક કોઈ પણ પદાર્થો મારા નથી. જે પદાર્થો મારા નથી, તે મારા માટે ત્રાણ-શરણભૂત થઈ શકતા નથી, દુઃખથી મુક્ત કરાવી શકતા નથી. તે જ રીતે હું પણ કોઈના માટે ત્રાણ-શરણભૂત થઈ શકતો નથી કે કોઈને દુઃખથી મુક્ત કરાવી શકતો નથી.

પ્રત્યેક જીવો પોત-પોતાના કર્મોને આધીન છે. કર્માનુસાર તેનો સંયોગ-વિયોગ થાય છે અને ભૌતિક પદાર્થો પોતાના સ્વભાવ પ્રમાણે પરિવર્તન પામે છે. આપણી ઈચ્છા પ્રમાણે કોઈ પણ જીવ કે પદાર્થો રહેતા નથી.

આ પ્રકારની દઢતમ વિચારણાથી એકત્વ ભાવનાની પરિપક્વતાથી જ સાધકનો વૈરાગ્યભાવ જાગૃત થાય છે, તેનું આત્મસામર્થ્ય પ્રગટ થાય છે અને તે સાધક સાધના માટે ઉદ્યમવંત બની જાય છે.

**શ્રમણ–માહણ અને નિર્ગ્રંથ ભિક્ષુનું સ્વરૂપ :–**

**૫૧ इह खलु गारत्था सारंभा सपरिग्गहा । संतेगइया समण-माहणा सारंभा सपरिग्गहा– जे इमे तस-थावरा पाणा ते सयं समारंभंति, अण्णेण वि समारंभावेंति, अण्णं पि समारंभंतं समणुजाणंति ।**

**इह खलु गारत्था सारंभा सपरिग्गहा, संतेगइया समण-माहणा वि सारंभा सपरिग्गहा, जे इमे कामभोगा सचित्ता वा अचित्ता वा ते सयं चेव परिगिण्हंति, अण्णेण वि परिगिण्हावेंति, अण्णं पि परिगिण्हंतं समणुजाणंति ।**

**इह खलु गारत्था सारंभा सपरिग्गहा, संतेगइया समण-माहणा वि सारंभा**

**सपरिग्गहा, अहं खलु अणारंभे अपरिग्गहे । जे खलु गारत्था सारंभा सपरिग्गहा, संतेगइया समण-माहणा वि सारंभा सपरिग्गहा, एएसिं चेव णिस्साए बंभचेरं चरिस्सामो, कस्स णं तं हेउं ? जहा पुव्वं तहा अवरं, जहा अवरं तहा पुव्वं । अंजू चेते अणुवरया अणुवट्ठिया पुणरवि तारिसगा चेव ।**

**શબ્દાર્થ :–** **गारत्था** = ગૃહસ્થ **सारंभा** = આરંભ સહિત **सपरिग्गहा** = પરિગ્રહસહિત **अणारंभे** = આરંભરહિત **अपरिग्गहे** = પરિગ્રહરહિત **णिस्साए** = નિશ્રા-આશ્રયમાં **पुव्वं** = પહેલા **अवरं** = પછી **अणुवरया** = અનુપરત-દોષોથી અવિરત **अणुवट्ठिया** = અનુપસ્થિત–જે ધર્મમાં ઉપસ્થિત નથી તે,

**ભાવાર્થ :–** આ લોકમાં ગૃહસ્થો આરંભ અને પરિગ્રહવાળા હોય છે, કેટલાક શ્રમણો તથા બ્રાહ્મણો પણ આરંભ અને પરિગ્રહ યુક્ત હોય છે, કારણ કે તેઓ ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો સ્વયં આરંભ કરે છે, બીજા દ્વારા પણ આરંભ કરાવે છે અને આરંભ કરનારાની અનુમોદના પણ કરે છે.

આ લોકમાં ગૃહસ્થો તો આરંભ અને પરિગ્રહ યુક્ત હોય જ છે, કેટલાક શ્રમણો અને બ્રાહ્મણો પણ આરંભ અને પરિગ્રહયુક્ત હોય છે, કારણ કે તેઓ સચિત્ત અને અચિત્ત બંને પ્રકારના કામભોગો સ્વયં ગ્રહણ કરે છે, બીજા પાસે ગ્રહણ કરાવે છે તથા ગ્રહણ કરનારાની અનુમોદના કરે છે.

આ લોકમાં ગૃહસ્થો આરંભ અને પરિગ્રહયુક્ત હોય જ છે. કેટલાક શ્રમણો અને બ્રાહ્મણો પણ આરંભ પરિગ્રહયુક્ત હોય છે. (આવી સ્થિતિમાં આત્માર્થી સંયમી ભિક્ષુ વિચાર કરે છે કે) હું (આર્હત્ ધર્માનુયાયી મુનિ) આરંભ અને પરિગ્રહ રહિત છું. જે ગૃહસ્થો છે, તેઓ આરંભ પરિગ્રહ સહિત છે, કેટલાક શ્રમણ– શાક્ય ભિક્ષુ તથા બ્રાહ્મણો પણ આરંભ અને પરિગ્રહથી યુક્ત છે, તેથી આરંભ-પરિગ્રહ યુક્ત પૂર્વોક્ત ગૃહસ્થો અને શ્રમણ-બ્રાહ્મણોના આશ્રયથી હું બ્રહ્મચર્યનું(મુનિધર્મ)નું પાલન કરીશ. **પ્રશ્ન–** આરંભ-પરિગ્રહ સહિત ગૃહસ્થો અને કેટલાક શ્રમણ બ્રાહ્મણોની નિશ્રામાં જ જ્યારે રહેવાનું છે, તો પછી તેનો ત્યાગ કરવાનું શું કારણ છે ? **ઉત્તર–** ગૃહસ્થ જેમ પહેલાં આરંભ-પરિગ્રહ સહિત હોય છે, તેમ પાછળથી પણ આરંભ-પરિગ્રહ સહિત હોય છે અને કેટલાક શ્રમણો બ્રાહ્મણો પણ પ્રવ્રજ્યા ધારણ કરતાં પહેલાં જેમ આરંભ-પરિગ્રહયુક્ત હોય છે, તે રીતે પછી પણ આરંભ-પરિગ્રહમાં આસક્ત રહે છે, આરંભ- પરિગ્રહથી નિવૃત્ત નથી, શુદ્ધ સંયમનું આચરણ કરવા માટે ઉદ્યમવંત નથી. તે શાક્યાદિ ભિક્ષુઓ ગૃહસ્થ તુલ્ય જ હોય છે, તેથી સાધુઓએ એવા પુરુષોનો આશ્રય લેવો પડે છે અર્થાત્ અનારંભી અને અપરિગ્રહી બનીને સાધનાના સાધન ભૂત શરીરના નિર્વાહ માટે મુનિને આહારાદિ તો તેઓની પાસેથી જ પ્રાપ્ત કરવો પડે છે.

**૫૨ जे खलु गारत्था सारंभा सपरिग्गहा, संतेगइया समण-माहणा सारंभा सपरिग्गहा, दुहओ पावाइं इति संखाए दोहिं वि अंतेहिं अदिस्समाणे इति भिक्खू रीएज्जा । से बेमि– पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा एवं से परिण्णायकम्मे, एवं से विवेगकम्मे, एवं से वियंतकारए भवतीति मक्खायं ।**

**શબ્દાર્થ :–** **अदिस्समाणे** = અદશ્યમાન, દોષોથીરહિત થઈને **रीएज्जा** = સંયમમાં પ્રવૃત્તિ કરે **परिण्णाय-कम्मे** = પરિજ્ઞાત કર્મા, કર્મના રહસ્યને જાણનારા **विवेगकम्मे** = કર્મબંધનથી રહિત **वियंतकारए** = કર્મોનો અંત કરનાર.

**ભાવાર્થ :–** આરંભ-પરિગ્રહ સહિત જે ગૃહસ્થો છે તથા આરંભ અને પરિગ્રહયુક્ત શ્રમણો અને બ્રાહ્મણો છે, તેઓ આ બંને પ્રકારે અર્થાત્ આરંભ અને પરિગ્રહની ક્રિયાઓથી અથવા રાગ અને દ્વેષથી અથવા સ્વતઃ અને પરતઃ પાપકર્મ કરે છે. આ પ્રમાણે જાણીને સાધુ આરંભ અને પરિગ્રહ અથવા રાગ અને દ્વેષ બંનેથી રહિત થઈ સંયમમાં પ્રવૃત્તિ કરે. સંક્ષેપમાં કહું છું કે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, આ ચારે ય દિશાઓથી આવેલા પુરુષોમાંથી જે પૂર્વોક્ત વિશેષતાયુક્ત ભિક્ષુ આરંભ-પરિગ્રહ રહિત છે, તે કર્મના રહસ્યને જાણે છે, તે કર્મના બંધનથી રહિત હોય છે અને તે કર્મોનો અંત કરનારા થાય છે. આ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શાક્યાદિ ભિક્ષુઓ તથા નિર્ગ્રંથમુનિના જીવન વ્યવહારની તુલના કરી છે.

શાક્યાદિ શ્રમણો તથા બ્રાહ્મણો પોતાના જીવન નિર્વાહ માટે સ્વયં આરંભ-સમારંભ કરે છે, હિંસક પ્રવૃત્તિ કરે છે, કામભોગનું સેવન કરે છે. આવી પાપકારી પ્રવૃત્તિ ભિક્ષાવૃત્તિના સ્વીકાર પૂર્વે પણ કરતા હતા અને ભિક્ષાવૃત્તિના સ્વીકાર પછી પણ કરે છે, બીજા પાસે કરાવે છે અને તેની અનુમોદના પણ કરે છે. તેઓ ભિક્ષાચરીનું પાલન કરવા છતાં પણ આરંભ-પરિગ્રહના કારણે ગૃહસ્થોની સમાન જ છે.

નિર્ગ્રંથ મુનિઓ સંયમમાર્ગમાં પ્રવેશ કરે, ત્યારથી જ સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિનો ત્રિકરણ-ત્રિયોગે સર્વથા ત્યાગ કરે છે. દેહ નિર્વાહ માટે આરંભ-પરિગ્રહ યુક્ત ગૃહસ્થો કે શ્રમણ-બ્રાહ્મણોના આશ્રયે રહે છે, પરંતુ તેમાં આસક્ત થતા નથી. તેઓ નિર્દોષપણે પ્રાસુક આહાર-પાણી પ્રાપ્ત કરી સંયમપાલન કરે છે.

તેઓ કર્મસ્વરૂપ, કર્મબંધના કારણો અને કર્મફળને જાણે છે, તેથી કર્મબંધના કારણોનો ત્યાગ કરી ક્રમશઃ કર્મોથી મુક્ત થાય છે.

**નિગ્રંથમુનિ ચર્યા :–**

**૫૩** **तत्थ खलु भगवया छज्जीवणिकाय हेऊ पण्णत्ता, तं जहा– पुढविकाइया** *जाव* **तसकाइया । से जहाणामए मम अस्सायं दंडेण वा अट्ठीण वा मुट्ठीण वा लेलुणा वा कवालेण वा आउट्टिज्जमाणस्स वा हम्ममाणस्स वा तज्जिज्जमाणस्स वा ताडिज्जमाणस्स वा परिताविज्जमाणस्स वा किलामिज्जमाणस्स वा उद्दविज्ज-माणस्स वा** *जाव* **लोमुक्खणणमायमवि हिंसाकरं दुक्खं भयं पडिसंवेदेमि, इच्चेवं जाण सव्वे पाणा** *जाव* **सत्ता दंडेण वा** *जाव* **कवालेण वा आउट्टिज्जमाणा वा हम्ममाणा वा तज्जिज्जमाणा वा ताडिज्जमाणा वा परियाविज्जमाणा वा किलामिज्जमाणा वा उद्दविज्जमाणा वा** *जाव* **लोमुक्खणणमायमवि हिंसाकरं दुक्खं भयं पडिसंवेदेंति। एवं णच्चा सव्वे पाणा** *जाव* **सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परिघेत्तव्वा, ण परियावेयव्वा, ण उद्दवेयव्वा ।**

**શબ્દાર્થ :–** **छज्जीवणिकाय** = ષડ્જીવનિકાય, છકાયના જીવોને **अट्ठीण** = હાડકાથી **लेलुणा** = ઢેફાથી **कवालेण** = ઠીકરાથી **आउट्टिज्जमाणा** = મારતા **हम्ममाणा** = પીટતા **तज्जिज्जमाणा** = તર્જના,ઠપકો દેતા **ताडिज्जमाणा** = તાડના કરતા **परियाविज्जमाणा** = પરિતાપના પહોંચાડતા **किलामिज्जमाणा**= કિલામના, ક્લેશ ઉપજાવતા **उद्दविज्जमाणा** = ઉદ્વેગ ઉપજાવતાં **अस्सायं** = અશાતા **लोमुक्खणण-**

**मायमवि** = રોમ, રૂંવાડા ઉખેડવા માત્રથી પણ **अज्जावेयव्वा** = આધીન બનાવે **परिघेतव्वा** = દાસ આદિ બનાવે **परियावेयव्वा** = પરિતાપ આપે, **उद्दवेयव्वा** = ઉદ્વિગ્ન કરે.

**ભાવાર્થ :–** સર્વજ્ઞ ભગવાન તીર્થંકર દેવે ષડ્જીવનિકાય– છ પ્રકારના જીવ સમૂહને કર્મબંધના હેતુ કહ્યા છે, જેમ કે– પૃથ્વીકાયથી લઈને ત્રસકાય સુધીના છ પ્રકારના જીવોનો સમૂહ છે. જેમ કોઈ વ્યક્તિ મને દંડાથી, હાડકાંથી, મુક્કાથી, ઢેફાં કે પથ્થરથી, ઠીકરા આદિથી મારે, ચાબુક આદિથી મારે, પીટે, આંગળી દેખાડીને ધમકાવે, ગુસ્સો કરે, મારે કે સતાવે, કલેશ કરે, ઉપદ્રવ કરે ***યાવત્*** મારું એક રૂંવાટું પણ ખેંચે, તો મને મરવા જેવું દુઃખ અને ભયનો અનુભવ થાય છે. તે જ રીતે સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વને પણ કોઈ દંડાથી ***યાવત્*** ઠીકરાથી મારે, પીટે, આંગળી દેખાડી ધમકાવે, ગુસ્સો કરે, મારે, સતાવે, કલેશ કરે, ઉપદ્રવ કરે ***યાવત્*** તેનું એક રૂંવાટું પણ ખેંચવામાં આવે, તો તે જીવ પણ હિંસાકારક દુઃખ અને ભયનો અનુભવ કરે છે.

આ પ્રમાણે જાણીને સમસ્ત પ્રાણી, ભૂત, જીવ, અને સત્ત્વની હિંસા કરવી ન જોઈએ, બળજબરીથી આપણી આજ્ઞાનું પાલન કરાવવું ન જોઈએ, બળજબરીથી પકડીને તેને દાસ-દાસી રૂપે ન રાખવા જોઈએ, કોઈ પ્રકારે સંતાપ ન આપવો જોઈએ અને તેમને ભયભીત ન કરવા જોઈએ.

**૫૪ से बेमि– जे य अईया जे य पडुपण्णा जे य आगमेस्सा अरहंता भगवंतो सव्वे ते एवमाइक्खंति, एवं भासेंति, एवं पण्णवेंति, एवं परूवेंति– सव्वे पाणा** *जाव* **सव्वे सत्ता ण हंतव्वा, ण अज्झावेयव्वा, ण परिघेतव्वा, ण परियावेयव्वा, ण उद्दवेयव्वा, एस धम्मे धुवे णिइए सासए, समेच्च लोगं खेयण्णेहिं पवेइए ।**

**શબ્દાર્થ :–** **अईया** = અતીત-ભૂતકાળમાં થયેલા **पडुपण्णा** = વર્તમાનમાં છે **आगमेस्सा** = ભવિષ્યમાં થશે.

**ભાવાર્થ :–** હું (સુધર્માસ્વામી) કહું છું કે ભૂતકાળમાં ઋષભદેવ આદિ જે તીર્થંકર થઈ ગયા, વર્તમાનમાં સીમંધર સ્વામી આદિ જે તીર્થંકરો છે તથા ભવિષ્યમાં પદ્મનાભ આદિ જે તીર્થંકર થશે; તે સર્વ આ જ ઉપદેશ આપે છે; આ જ ભાષણ કરે છે; આ જ હેતુ, દષ્ટાંત, યુક્તિ આદિ દ્વારા સમજાવે છે અને આ જ પ્રરૂપણા કરે છે કે– કોઈ પણ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વની હિંસા કરવી નહીં, બળજબરીથી આજ્ઞા પાલન કરાવવું નહીં બળજબરીથી દાસ-દાસી રૂપે પકડીને કે ખરીદીને રાખવા નહીં, પીડા દેવી નહીં અને ભયભીત કે હેરાન કરવા નહીં. આ અહિંસા ધર્મ જ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે. કેવળ જ્ઞાનના પ્રકાશમાં સમસ્ત લોકને જાણીને જીવોની પીડાને જાણનારા ખેદજ્ઞ શ્રી તીર્થંકરોએ આ ધર્મનું પ્રતિપાદન કર્યું છે.

**૫૫ एवं से भिक्खू विरए पाणाइवायाओ** *जाव* **विरए परिग्गहाओ । णो दंतपक्खालणेणं दंते पक्खालेज्जा, णो अंजणं, णो वमणं, णो धूमं णो धूमणेत्तं पि आविए ।**

**શબ્દાર્થ :–** **विरए** = વિરત **दंतपक्खालणेणं** = દંતપ્રક્ષાલન-દાતણથી **पक्खालेज्जा** = પ્રક્ષાલન કરે. **णो आविए** = સ્વીકાર ન કરે.

**ભાવાર્થ :–** આ પ્રમાણે તે ભિક્ષુ પ્રાણાતિપાત(હિંસા)થી લઈને પરિગ્રહ પર્યંતના પાંચે ય આશ્રવોથી વિરત થાય, દાતણ આદિ દાંત સાફ કરવાના પદાર્થોથી દાંત સાફ ન કરે, શોભા માટે આંખમાં આંજણ ન આંજે, દવા લઈને વમન ન કરે, વસ્ત્રો અને પોતાના રહેઠાણને ધૂપ આદિથી સુગંધિત ન કરે તથા ધોતિ-નેતિ ક્રિયા પણ ન કરે.

**૫૬ से भिक्खू अकिरिए अलूसए अकोहे अमाणे अमाए अलोभे उवसंते परिणिव्वुडे। णो आसंसं पुरओ करेज्जा– इमेण मे दिट्ठेण वा सुएण वा मुएण वा विण्णाएण वा इमेण वा सुचरिय तव-णियम-बंभचेरवासेणं इमेण वा जायामायावुत्तिए णं धम्मेणं इओ चुए पेच्चा देवे सिया कामभोगाण वसवत्ती, सिद्धे वा अदुक्खमसुभे, एत्थ वि सिया, एत्थ वि णो सिया ।**

**શબ્દાર્થ :– अलूसए** = અહિંસક **सुचरिय तवणियमबंभचेरवासेणं** = સુચરિત-સારી રીતે આચરિત તપ, નિયમ, બ્રહ્મચર્ય વાસ દ્વારા **जायामायावुत्तिएणं** = સંયમયાત્રા માત્રાની વૃત્તિને માટે **कामभोगाण**= કામભોગોને **वसवत्ती** = વશવર્તી.

**ભાવાર્થ :–** તે ભિક્ષુ સાવદ્યક્રિયાઓથી રહિત, જીવોની હિંસા રહિત, ક્રોધ રહિત, માન રહિત, માયા–કપટ રહિત, લોભ રહિત, શાંત અને સમાધિયુક્ત થઈને રહે. તે ભિક્ષુ ભવિષ્ય માટે કોઈ પણ આકાંક્ષા ન કરે. જેમ કે– મેં જે કાંઈ જ્ઞાન દ્વારા જોયું છે, સાંભળ્યું છે, મનન કર્યું છે, વિશેષ પ્રકારે જાણ્યું છે તથા જે આ તપ, નિયમ, બ્રહ્મચર્ય આદિ ચારિત્રનું સમ્યક આચરણ કર્યું છે, તેમજ મોક્ષયાત્રાના સાધનરૂપ ધર્મનું પાલન કર્યું છે; આ બધાં સત્કાર્યોનાં ફળસ્વરૂપે અહીંથી મરીને પરલોકમાં સમસ્ત કામ-ભોગનો સ્વામી દેવ થાઉં અથવા હું બધાં દુઃખો તથા અશુભકર્મોથી રહિત બનું, આ પ્રકારે આશંસા ન કરે કારણ કે આ રીતે આકાંક્ષા રાખવા છતાં ક્યારેક ઈચ્છાપૂર્તિ થાય છે અને ક્યારેક થતી નથી, તેથી સાધુ કોઈ પણ પ્રકારની આકાંક્ષા ન કરે.

**૫૭ से भिक्खू सद्देहिं अमुच्छिए, रूवेहिं अमुच्छिए, गंधेहिं अमुच्छिए, रसेहिं अमुच्छिए, फासेहिं अमुच्छिए, विरए कोहाओ माणाओ मायाओ लोभाओ पेज्जाओ दोसाओ कलहाओ अब्भक्खाणाओ पेसुण्णाओ परपरिवायाओ अरइरईओ मायामोसाओ मिच्छादंसणसल्लाओ, इति से महया आयाणाओ उवसंते उवट्ठिए पडिविरए ।**

**શબ્દાર્થ :– उवसंते** = ઉપશાંત **उवट्ठिए** = સંયમમાં ઉપસ્થિત **पडिविरए** = પ્રતિ વિરત-પાપથી નિવૃત.

**ભાવાર્થ :–** જે ભિક્ષુ મનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ, રસ તેમજ કોમળ સ્પર્શમાં અનાસક્ત રહે છે તથા ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન(દોષારોપણ), પૈશુન્ય, પરનિંદા, સંયમમાં અરતિ અને અસંયમમાં રતિ, માયામૃષા–કપટસહિત અસત્ય અને મિથ્યાદર્શન રૂપ શલ્યથી વિરત રહે છે; તે ભિક્ષુ ઘણા કર્મબંધનથી મુક્ત થાય છે, તે સુસંયમમાં ઉદ્યત થાય છે તથા પાપોથી નિવૃત્ત થાય છે.

**૫૮ से भिक्खू जे इमे तस-थावरा पाणा भवंति ते णो सयं समारंभइ, णेव अण्णेहिं समारंभावेइ, अण्णे समारभंते वि ण समणुजाणइ, इति से महया आयाणाओ उवसंते उवट्ठिए पडिविरए ।**

**ભાવાર્થ :–** જે ભિક્ષુ ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો સ્વયં સમારંભ કરતા નથી, બીજા પાસે કરાવતા નથી અને સમારંભ કરનાર વ્યક્તિનું અનુમોદન કરતા નથી, તે સાધુ ઘણા કર્મબંધથી મુક્ત થાય છે, શુદ્ધ સંયમમાં ઉદ્યમવંત થાય છે અને પાપ કર્મોથી વિરત થાય છે.

**૫૯** **से भिक्खू जे इमे कामभोगा सचित्ता वा अचित्ता वा ते णो सयं परिगिण्हइ, णेव अण्णेण परिगिण्हावेइ, अण्णं परिगिण्हंतं पि ण समणुजाणइ, इति से महया आयाणाओ उवसंते उवट्ठिए पडिविरए ।**

**ભાવાર્થ :–** જે ભિક્ષુ સચિત્ત કે અચિત્ત કામભોગના સાધનોનો સ્વયં પરિગ્રહ રાખતા નથી, બીજા પાસે પરિગ્રહ રખાવતા નથી અને પરિગ્રહ રાખનારનું અનુમોદન કરતા નથી, તે ભિક્ષુ ઘણા કર્મબંધથી મુક્ત થાય છે, શુદ્ધ સંયમ પાલનમાં ઉદ્યમવંત થાય છે અને પાપકર્મોથી વિરત થાય છે.

**૬૦** **से भिक्खू जं पि य इमं संपराइयं कम्मं कज्जइ णो तं सयं करेइ, णेव अण्णेणं कारवेइ, अण्णं पि करेंतं णाणुजाणइ, इति से महया आयाणाओ उवसंते उवट्ठिए पडिविरए ।**

**શબ્દાર્થ :– संपराइयं कम्मं** = સાંપરાયિક કર્મ, કષાય સહિતના કર્મ.

**ભાવાર્થ :–** જે ભિક્ષુ સાંપરાયિક કર્મબંધ કરતા નથી, બીજા પાસે કરાવતા નથી અને સાંપરાયિક કર્મબંધ કરનારની અનુમોદના કરતા નથી, તે ભિક્ષુ ઘણા કર્મબંધથી મુક્ત થાય છે, તે શુદ્ધસંયમમાં ઉદ્યમવંત થાય છે અને પાપથી વિરત થાય છે.

**૬૧** **से भिक्खू जं पुण जाणेज्जा असणं वा पाणं वा खाइमं वा साइमं वा अस्सिं पडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारब्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छेजं अणिसिट्ठं अभिहडं आहट्टु उद्देसिय चेइयं तं णो सयं भुंजइ, णो अण्णेणं भुंजावेइ, अण्णं पि भुंजंतं ण समणुजाणइ, इति से महया आदाणाओ उवसंते उवट्ठिए पडिविरए ।**

**શબ્દાર્થ :– पामिच्चं** = ઉધાર લાવેલું **अच्छेज्ज** = છીનવી લીધેલું **अणिसिट्ठं** = ભાગીદારની સ્વીકૃતિ વિના લીધેલું **अभिहडं** = સામે લાવેલું.

**ભાવાર્થ :–** જો તે ભિક્ષુ આ પ્રમાણે જાણે કે કોઈ ગૃહસ્થે સાધુને દાન દેવાના ઉદ્દેશ્યથી પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વનો આરંભ કરીને અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ રૂપ ચારે પ્રકારનો આહાર બનાવ્યો છે, ખરીદ્યો છે, કોઈ પાસેથી ઉધાર લીધો છે, બળજબરીથી છીનવી લીધો છે, તેના માલિકને પૂછ્યા વિના જ લઈ લીધો છે, સાધુની સન્મુખ લાવ્યા છે, આ પ્રકારના ઔદ્દેશિક આદિ દોષયુક્ત તે સદોષ આહારનું ભિક્ષુ પોતે સેવન ન કરે, બીજા સાધુઓને પણ તે આહારનું સેવન ન કરાવે અને તે સદોષ આહારનું સેવન કરનારની અનુમોદના ન કરે. આ પ્રકારના સદોષ આહાર ત્યાગી તે ભિક્ષુ ઘણા કર્મબંધથી મુક્ત થાય છે, તે શુદ્ધ સંયમ પાલનમાં ઉદ્યમવંત થાય છે અને પાપકર્મોથી વિરત થાય છે.

**૬૨** **से भिक्खु अह पुण एवं जाणेज्जा, तं जहा– विज्जइ तेसिं परक्कमे जस्सट्ठाए चेइयं सिया, तं जहा– अप्पणो से पुत्ताणं, धूयाणं, सुण्हाणं, धाईणं, णाईणं,राईणं,दासाणं, दासीणं कम्मकराणं, कम्मकरीणं, आएसाए, पुढो पहेणाए, सामासाए, पायरासाए, सण्णिहिसंण्णिचओ कज्जइ, इहमेगेसिं माणवाणं भोयणाए । तत्थ भिक्खू परकड-**

**परणिट्ठियं उग्गमुप्पायणेसणासुद्धं सत्थाईयं सत्थपरिणामियं अविहिंसियं एसियं वेसियं सामुदाणियं [पण्णमसणं] छण्णमण्णं कारणट्ठा पमाणजुत्तं अक्खोवंजण वणलेवणभूयं संजमजायामायावत्तियं बिलमिव पण्णगभूएणं अप्पाणेणं आहारं आहारेज्जा, तं जहा– अण्णं अण्णकाले, पाणं पाणकाले, वत्थं वत्थकाले, लेणं लेणकाले, सयणं सयणकाले ।**

**શબ્દાર્થ :–** **आएसाए** = અતિથિને માટે **सामासाए** = સાંજના ભોજન માટે **पायरासाए** = પ્રાતઃકાળ સવારના નાસ્તા માટે બનાવેલું **परिणिट्ठियं** = બનાવેલું **अविहिंसियं** = નિર્જીવ **एसियं** = એષણાથી પ્રાપ્ત **वेसियं** = સાધુવેશને કારણે મળેલું **सामुदाणियं** = માધુકરી(ભિક્ષા) વૃત્તિથી મળેલું **छण्णमण्णं कारणट्ठा**= છ કારણોમાંથી કોઈ પણ કારણથી **अक्खोवंजण** = ગાડાના પૈડાની ધરીને તેલ ઉંજવા સમાન **वणलेवणभूयं** = વ્રણ(ઘાવ) પર લેપ લગાડવા સમાન, **बिलमिवपण्णगभूएणं** = બિલ(દર)માં પ્રવેશ કરતા સાપની સમાન, **धम्मं** = ધર્મને.

**ભાવાર્થ :–** જો સાધુ આ પ્રમાણે જાણે કે ગૃહસ્થે બીજા માટે આહાર બનાવ્યો છે, જેમ કે– ગૃહસ્થે પોતાનાં પુત્રો, પુત્રીઓ, પુત્રવધૂઓ, ધાત્રીઓ, જ્ઞાતિજનો, સ્વજનો, રાજપુરુષો, દાસ, દાસી, કર્મચારી–નોકર, નોકરાણી તથા અતિથિ કે કોઈ બીજા સ્થાને મોકલવા માટે, સાંજના ભોજન માટે અથવા પ્રાતઃકાલના નાસ્તા માટે કે અન્ય પણ કોઈ મનુષ્યોના નિમિત્તે આ આહાર બનાવ્યો છે, રાખી મૂક્યો છે. સાધુ બીજા દ્વારા બીજા માટે બનાવેલા તે આહારને પણ ઉદ્ગમ, ઉત્પાદના અને એષણા દોષથી રહિત, શુદ્ધ અને અગ્નિ આદિ શસ્ત્ર દ્વારા પરિણત થવાથી પ્રાસુક–અચેત હોય ત્યારે તેને અહિંસક વૃત્તિથી અર્થાત્ ઈર્યાસમિતિ યુક્ત ચાલીને, ભિક્ષા-વૃત્તિથી પ્રાપ્ત, સાધુના વેશની મર્યાદાથી પ્રાપ્ત, સામુદાનિક ભિક્ષાથી પ્રાપ્ત, વૈયાવૃત્ય આદિ છ કારણોમાંથી કોઈ પણ કારણથી, પ્રમાણોપેત આહાર ગ્રહણ કરે. ગાડી ચલાવવા માટે તેની ધરીમાં નાંખવામાં આવતા તેલ તથા ઘા પર લગાવેલા મલમની જેમ કેવળ સંયમયાત્રાના નિર્વાહ અર્થે ગ્રાહ્ય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ચતુર્વિધ આહારનું દરમાં પ્રવેશ કરતાં સાપની જેમ સ્વાદ માણ્યા વગર જ અસ્વાદ ભાવે સેવન કરે, તે ભિક્ષુ અન્નકાળમાં આહારનું, પાનકાળમાં પાણીનું, વસ્ત્ર પરિધાન કાળમાં વસ્ત્રનું, મકાનમાં પ્રવેશ કે નિવાસના સમયે મકાનનું, શયનકાળમાં શય્યાનું ગ્રહણ કરીને, તેનો ઉપયોગ કરે છે.

**૬૩ से भिक्खू मायण्णे अण्णयरिं दिसं वा अणुदिसं वा पडिवण्णे धम्मं आइक्खे, विभए, किट्टे; उवट्ठिएसु वा अणुवट्ठिएसु वा सुस्सूसमाणेसु पवेयए । संतिं विरतिं उवसमं णिव्वाणं सोयवियं अज्जवियं मद्दवियं लाघवियं अणइवाइयं सव्वेसिं पाणाणं सव्वसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अणुवीइ किट्टए धम्मं।**

**ભાવાર્થ :–** તે ભિક્ષુ આહાર, ઉપધિ, શયન, સ્વાધ્યાય, ધ્યાન આદિ પ્રત્યેક સાધુ ચર્યાની માત્રા તેમજ વિધિના જ્ઞાતા થઈને દિશા કે અનુદિશામાં વિચરતાં ધર્મનો ઉપદેશ આપે, સાવદ્ય-નિરવદ્યનો વિભાગ કરીને પ્રતિપાદન કરે, ધર્મના ફળનું કથન કરે. ધર્મમાં ઉપસ્થિત કે અનુપસ્થિત અર્થાત્ ધર્મમાં જોડાયેલા કે નહીં જોડાયેલા કોઈ પણ સાંભળવા માટે ઉપસ્થિત થયેલા શ્રોતાઓના કલ્યાણ માટે ધર્મનું પ્રતિપાદન કરે.

ભિક્ષુ પ્રસંગાનુસાર આ વિષયોમાંથી કોઈ વિષય પર ઉપદેશ આપે જેમ કે– સમસ્ત

ક્લેશોપશમરૂપ શાંતિ, પ્રાણાતિપાતાદિ પાપસ્થાનથી નિવૃત્તિ રૂપ વિરતિ, કષાયોના શમનરૂપ ઉપશમ, સમસ્ત દુઃખોથી મુક્તિરૂપ નિર્વાણ, મનની શુદ્ધિ રૂપ શૌચ, સરળતા, કોમળતા, લઘુતા, નિષ્પરિગ્રહતા તથા સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વના કલ્યાણનો વિચાર કરીને અહિંસા પ્રધાન ધર્મ કહે ઉપદેશ આપે.

**૬૪ से भिक्खू धम्मं किट्टमाणे णो अण्णस्स हेउं धम्मं आइक्खेज्जा, णो पाणस्स हेउ धम्मं आइक्खेज्जा, णो वत्थस्स हेउं धम्मं आइक्खेज्जा, णो लेणस्स हेउं धम्मं आइक्खेज्जा, णो सयणस्स हेउं धम्मं आइक्खेज्जा, णो अण्णेसिं विरूवरूवाणं कामभोगाणं हेउं धम्ममाइक्खेज्जा, अगिलाए धम्ममाइक्खेज्जा, णण्णत्थ कम्म-णिज्जरट्ठयाए धम्मं आइक्खेज्जा ।**

**શબ્દાર્થ :–** **आइक्खेज्जा** = કહે **कम्मणिज्जरट्ठयाए** = કર્મ નિર્જરા માટે.

**ભાવાર્થ :–** ધર્મનો ઉપદેશ આપતા તે સાધુ આહાર પ્રાપ્તિ માટે, પાણીની પ્રાપ્તિ માટે, વસ્ત્ર પ્રાપ્તિ માટે, મકાન કે શય્યા પ્રાપ્તિ માટે તથા વિવિધ પ્રકારના ઇન્દ્રિય વિષયોની પ્રાપ્તિ માટે ધર્મ કથા ન કરે. અગ્લાનભાવે કર્મની નિર્જરાના ઉદ્દેશ સિવાય અન્ય કોઈ પણ ફળની આકાંક્ષાથી ધર્મોપદેશ ન કરે.

**૬૫ इह खलु तस्स भिक्खुस्स अंतियं धम्मं सोच्चा णिसम्म उट्ठाय वीरा अस्सिं धम्मे समुट्ठिया, जे तस्स भिक्खुस्स अंतियं धम्मं सोच्चा णिसम्म सम्मं उट्ठाणेणं उट्ठाय वीरा अस्सिं धम्मे समुट्ठिया, ते एवं सव्वोवगया, ते एवं सव्वोवरया, ते एवं सव्वोवसंता, ते एवं सव्वत्ताए परिणिव्वुडे त्ति बेमि ।**

**શબ્દાર્થ :–** **सव्वोवगया** = સર્વોપગત, સમ્યગ્દર્શનાદિ મોક્ષ પ્રાપ્તિના સર્વ કારણોને પ્રાપ્ત કરીને **सव्वोवरया** = સર્વાત્મના ઉપરત.

**ભાવાર્થ :–** આ જગતમાં તે ભિક્ષુ પાસેથી ધર્મ સાંભળીને, તેના પર વિચાર કરીને વીર પુરુષ જ આ આર્હત ધર્મમાં ઉપસ્થિત–દીક્ષિત થાય છે. જે વીર સાધક તે ભિક્ષુ પાસેથી ધર્મને સાંભળીને, સમજીને સમ્યક પ્રકારે મુનિધર્મનું આચરણ કરવા માટે ઉદ્યત થઈને આ આર્હત ધર્મમાં દીક્ષિત થાય છે, તે સમ્યગ્દર્શનાદિ સમસ્ત મોક્ષ કારણોની નિકટ પહોંચી જાય છે, સમસ્ત પાપ સ્થાનોથી ઉપરત થઈ જાય છે, તે સર્વ કષાયોથી ઉપશાંત થઈ જાય છે, તેમજ તે સમસ્ત કર્મોનો ક્ષય કરીને પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે.

**૬૬ एवं से भिक्खू धम्मट्ठी धम्मविऊ णियागपडिवण्णे, से जहेयं बुइयं, अदुवा पत्ते पउमवरपोंडरीयं अदुवा अपत्ते पउमवरपोंडरीयं ।**

**ભાવાર્થ :–** આ રીતે પૂર્વોક્ત વિશેષણયુક્ત તે ભિક્ષુ ધર્માર્થી–શ્રુત અને ચારિત્રધર્મની જ ઇચ્છા રાખનારા, ધર્મના જ્ઞાતા હોય છે અને તે સંયમ કે મોક્ષને પ્રાપ્ત કરે છે.

આવા ભિક્ષુ, પૂર્વોક્ત પુરુષોમાંથી પાંચમા પુરુષની સમાન છે. તે ભિક્ષુ શ્રેષ્ઠ પુંડરીક સમ નિર્વાણને પ્રાપ્ત કરે છે. તે નિવાર્ણને પ્રાપ્ત ન કરે તો પણ તે સર્વશ્રેષ્ઠ પુરુષ છે.

**૬૭ एवं से भिक्खू परिण्णायकम्मे परिण्णायसंगे परिण्णायगिहवासे उवसंते समिए सहिए सया जए । से एयं वयणिज्जे तं जहा– समणे ति वा माहणे ति**

**वा खंते ति वा दंते ति वा गुत्ते ति वा मुत्ते ति वा इसी ति वा मुणी ति वा कई ति वा विदू ति वा भिक्खू ति वा लूहे ति वा तीरट्ठी ति वा चरणकरणपारविउ त्ति बेमि।**

**શબ્દાર્થ :–** **परिण्णायगिहवासे** = ગૃહવાસનો ત્યાગી **इसी** = ઋષિ **कई** = કૃતિ **लूहे** = રુક્ષ **तीरट्ठी** = તીરાર્થી, કિનારે જવાની ઈચ્છાવાળા **चरणकरणपारविऊ** = ચરણ-કરણ પારવિદ્, મૂળગુણ-ઉત્તરગુણના પારને જાણનાર.

**ભાવાર્થ :–** આ પ્રકારના ભિક્ષુ કર્મસ્વરૂપના પરિજ્ઞાતા, બાહ્ય-અભ્યંતર સંબંધના પરિજ્ઞાતા, તથા ગૃહવાસના પરિજ્ઞાતા થઈ જાય છે. તે ઈન્દ્રિય અને મનના વિષયોનું ઉપશમન કરવાથી ઉપશાંત, પંચસમિતિઓથી યુક્ત, જ્ઞાનાદિથી યુક્ત અને સદૈવ સંયમમાં પ્રયત્નશીલ હોય છે.

તે ભિક્ષુઓ કર્મક્ષય માટે શ્રમ કરતા હોવાથી **શ્રમણ,** પ્રાણીઓની હિંસા ન કરવાનો ઉપદેશ આપતા હોવાથી **માહણ** તેમજ બ્રહ્મચર્ય નિષ્ઠ હોવાથી **બ્રાહ્મણ,** ક્ષમાશીલ હોવાથી **ક્ષાંત,** ઈન્દ્રિય અને મનનું દમન કરતા હોવાથી **દાંત,** મન, વચન, કાયાની શુભાશુભ પ્રવૃત્તિથી રહિત હોવાથી **ગુપ્ત,** કર્મબંધના કારણોથી **મુક્ત,** વિશિષ્ટ તપશ્ચર્યાની આરાધના કરતા હોવાથી **ઋષિ,** જગતની ત્રૈકાલિક સ્થિતિનું મનન કરતા હોવાથી **મુનિ,** સત્કાર્યો કરતા હોવાથી **કૃતિ,** વિદ્યાસંપન્ન હોવાથી **વિદ્વાન,** ભિક્ષાચરીથી નિર્વાહ કરતા હોવાથી **ભિક્ષુ,** કોઈ પણ પદાર્થમાં સ્નેહ રૂપ આસક્તિ નહીં રાખતા હોવાથી તથા આંત-પ્રાંત આહાર ગ્રહણ કરતા હોવાથી **રૂક્ષ,** સંસાર સાગરને તરવાની કામના હોવાથી **તીરાર્થી** તથા મૂળ ગુણ-ઉત્તરગુણરૂપ ચરણ-કરણના પારગામી કહેવાય છે. તે પ્રમાણે હું કહું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નિર્ગ્રંથ મુનિચર્યાનું વિસ્તૃત વર્ણન છે. તેમાં સહુ પ્રથમ અહિંસા ધર્મની ત્રૈકાલિક શાશ્વતતાને સ્પષ્ટ કરી છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના ત્રસ જીવો, આ છ એ પ્રકારના સંસારી જીવોમાં ગતિ, જાતિ, ઈન્દ્રિયાદિની અપેક્ષાએ વિભિન્નતા હોવા છતાં તે પ્રત્યેક જીવોનું ચૈતન્ય તત્ત્વ એક સમાન છે. દરેક જીવો જીવન ઈચ્છે છે, મૃત્યુને ઈચ્છતા નથી, તેથી નાના કે મોટા કોઈ પણ જીવોની હિંસા ન કરવી તે જ જિનેશ્વરનો ધર્મ છે.

**ण हंतव्वा, ण अज्जावेयव्वा :–** જિનેશ્વર કથિત અહિંસા ધર્મમાં અહિંસાની વ્યાખ્યા વિસ્તૃત છે. જીવોને મારી નાંખવા તે માત્ર હિંસા નથી, તે જીવોને પ્રાપ્ત થયેલી પાંચ ઈન્દ્રિયો, મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ અને આયુષ્ય, આ દશ પ્રાણમાંથી કોઈ પણ પ્રાણનો નાશ કરવો તે પ્રાણાતિપાત–હિંસા છે, તેથી જ તે જીવોને હણવા, આધીન બનાવવા, પકડી રાખવા, પરિતાપ પહોંચાડવા રૂપ પ્રવૃત્તિઓ પણ હિંસા જ છે.

સર્વ પ્રકારની હિંસાના ત્યાગ રૂપ અહિંસાધર્મ ત્રિકાલ શાશ્વત છે. નિર્ગ્રંથ મુનિચર્યાના પ્રત્યેક નિયમોના પાલનનો મુખ્ય ઉદ્દેશ અહિંસાધર્મની આરાધના જ છે.

**આહાર વિધિ–** અહિંસાધર્મની આરાધના કરતા મુનિ આધાકર્મી, ઔદેશિક આદિ ૪૨, ૪૭, ૯૬ દોષ રહિત આહાર ગ્રહણ કરે.(ગોચરીના દોષો સંબંધી વિસ્તૃત વિવેચન માટે જુઓ શ્રી દશવૈકાલિક સૂત્ર) ગ્રહણ કરેલા પ્રાસુક, નિર્દોષ અને પ્રમાણોપેત આહારને રસેન્દ્રિયની આસક્તિ વિના માત્ર દેહ નિર્વાહ

માટે જ ભોગવે. સૂત્રકારે તેના માટે બે દષ્ટાંત આપ્યા છે. ગાડાના ઉંજન અથવા ઘા પર લગાવેલા મલમની જેમ ક્ષુધાવેદનીયની પીડાને શાંત કરવા માટે જ મુનિ આહાર કરે છે. દરમાં પ્રવેશ કરતો સર્પ પોતાના દેહની સુરક્ષા માટે આડી-અવળી ગતિ કર્યા વિના સીધો, સડસડાટ પ્રવેશ કરી જાય છે, તેમ મુનિ પણ સ્વાદના લક્ષે આહારને મમળાવે નહીં.

સાધુચર્યામાં નિર્દોષ આહારની પ્રાપ્તિ કઠિન છે. તે જ રીતે પ્રાપ્ત થયેલા આહારને અનાસક્ત ભાવે ભોગવવો, તે અત્યંત કઠિનતમ છે.

તે ઉપરાંત નિર્ગ્રંથ મુનિ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, આ પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં અનાસક્ત, શરીરની શોભા વિભૂષા આદિ સર્વ અનાચારોનો ત્યાગ કરનાર ભવિષ્યકાલની આકાંક્ષા કે લાલસા ન રાખનાર હોય છે. આ રીતે સાધુ સમસ્ત પાપ પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરીને ક્ષમા આદિ દશ પ્રકારના શ્રમણ ધર્મની આરાધના કરે અને કોઈ પણ પ્રકારની કામના વિના, અગ્લાન ભાવે જગજ્જીવોને શુદ્ધ અહિંસાધર્મનો ઉપદેશ આપે.

જે મુનિ સૂત્રોક્ત સમસ્ત મુનિચર્યાનું પાલન કરે છે, તે ઘણા કર્મબંધથી મુક્ત થાય છે, સંયત ભાવમાં પરિપકવ બને છે ક્રમશઃ સર્વ કર્મોનો ક્ષય કરીને નિર્વાણને પ્રાપ્ત કરે છે.

જે મુનિ જલ અને કીચડથી નિર્લેપ પુંડરીકની જેમ ભૌતિક ભાવોથી નિર્લેપ રહે છે તે જ નિર્વાણને પ્રાપ્ત કરે છે અને તે સર્વશ્રેષ્ઠ છે.

અંતિમ સૂત્રમાં સૂત્રકારે નિર્ગ્રંથ મુનિઓ માટે અનેક ગુણવાચક ભિક્ષુના પર્યાયવાચી નામોનો પ્રયોગ કર્યો છે, તે શબ્દોનું તાત્પર્ય ભાવાર્થથી સ્પષ્ટ છે.

**॥ પ્રથમ અધ્યયન સંપૂર્ણ ॥**

# બીજું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **ક્રિયાસ્થાન** છે.

**ક્રિયા– क्रियन्ते इति क्रिया ।** જે કરાય છે તે ક્રિયા, જે કર્મબંધનું કારણ છે, તે ક્રિયા. હલન, ચલન, કંપન, સ્પંદન આદિ પ્રવૃત્તિને પણ ક્રિયા કહે છે. જૈન દાર્શનિકોએ ક્રિયાના બે ભેદ કહ્યા છે– દ્રવ્ય ક્રિયા અને ભાવક્રિયા.

**૧. દ્રવ્ય ક્રિયા–** સચેત કે અચેત દ્રવ્યમાં પ્રયત્નપૂર્વક કે સહજરૂપે, ઉપયોગપૂર્વક કે ઉપયોગ વિના, જે પરિણમન થયા કરે છે, તે દ્રવ્યક્રિયા છે.

**૨. ભાવ ક્રિયા–** જીવના પરિણામ અનુસાર વિવિધ પ્રવૃત્તિઓ થાય, તે ભાવક્રિયા છે. ભાવક્રિયાના આઠ ભેદ છે.

**(૧) પ્રયોગ ક્રિયા–** મન, વચન, કાયા, આ ત્રણે યોગની પ્રવૃત્તિરૂપ ક્રિયા.

**(૨) ઉપાય ક્રિયા–** ઘટ-પટ આદિના નિર્માણ માટે થતી ઉપાયરૂપ ક્રિયા.

**(૩) કરણીય ક્રિયા–** જે વસ્તુ માટે જેવો પ્રયોગ કરવો આવશ્યક હોય તેવો પ્રયોગ કરવો, જેમ કે– ઘટ નિર્માણ કરવા માટે માટીમાં જ પ્રયોગ કરવો પડે, પત્થરમાં પ્રયોગ કરવાથી ઘટ બનતો નથી. આ રીતે કરવા યોગ્ય ક્રિયા, તે કરણીય ક્રિયા.

**(૪) સમુદાન ક્રિયા–** જે ક્રિયા દ્વારા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધ રૂપ ચારે પ્રકારનો બંધ સમુદાય રૂપે થાય, તે સમુદાન ક્રિયા છે. પહેલાથી દશમા ગુણસ્થાનવર્તી જીવોની ક્રિયા સમુદાન ક્રિયા છે.

**(૫) ઈર્યાપથિક ક્રિયા–** કષાય રહિત કેવળ યોગની પ્રવૃત્તિ. અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનવર્તી વીતરાગી જીવોની ક્રિયા.

**(૬) સમ્યક્ત્વ ક્રિયા–** સમ્યક્ત્વી જીવોની ક્રિયા.

**(૭) મિથ્યાત્વ ક્રિયા–** મિથ્યાત્વી જીવોની ક્રિયા.

**(૮) સમ્યગ્-મિથ્યા ક્રિયા–** મિશ્ર દષ્ટિવાળા જીવોની ક્રિયા.

પ્રસ્તુત અધ્યયનમાં કર્મબંધના કારણભૂત કષાય સહિતના બાર ક્રિયાસ્થાન અને કષાય રહિતનું એક ક્રિયા સ્થાન, કુલ તેર ક્રિયા સ્થાનનું વર્ણન હોવાથી તેનું **ક્રિયાસ્થાન** નામ સાર્થક છે.

ક્રિયાસ્થાન સંબંધિત ધર્મપક્ષ, અધર્મપક્ષ અને મિશ્રપક્ષ, તેના સંબંધી જીવો, તેની વૃત્તિ, પ્રવૃત્તિ અને પરિણામનું વિસ્તૃત વિશ્લેષણ આ અધ્યયનની વિશેષતા છે.

સાધકો અધર્મયુક્ત બાર ક્રિયા સ્થાનોનો ત્યાગ કરીને કષાય રહિત બનીને ધર્મયુક્ત ક્રિયાસ્થાનને પ્રાપ્ત કરી ક્રમશઃ સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે, તે જ તેનો ઉદ્દેશ્ય છે.

❖ ❖ ❖ ❖ ❖

# બીજું અધ્યયન : ક્રિયાસ્થાન

**અધ્યયન પ્રારંભ :–**

**૧** सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं– इह खलु किरियाठाणे णाम अज्झयणे, तस्स णं अयमट्ठे– इह खलु संजूहेणं दुवे ठाणा एवमाहिज्जंति, तं जहा– धम्मे चेव, अधम्मे चेव, उवसंते चेव अणुवसंते चेव ।

तत्थ णं जे से पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे तस्स णं अयमट्ठे– इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहा– आरिया वेगे, अणारिया वेगे, उच्चागोया वेगे, णीयागोया वेगे, कायमंता वेगे, हस्समंता वेगे, सुवण्णा वेगे, दुवण्णा वेगे, सुरूवा वगे, दुरूवा वेगे ।

तेसिं च णं इमं एयारूवं दंडसमादाणं संपेहाए, तं जहा– णेरइएसु तिरिक्ख-जोणिएसु माणुसेसु देवेसु जे यावण्णे तहप्पगारा पाणा विण्णू वेयणं वेयंति । तेसिं पि य णं इमाइं तेरस किरियाठाणाइं भवंतीति मक्खायं, तंजहा– अट्ठादंडे अणट्ठादंडे, हिंसादंडे, अकम्हादंडे, दिट्ठिविपरियासियादंडे, मोसवत्तिए, अदिण्णादाणवत्तिए, अज्झत्थवत्तिए, माणवत्तिए, मित्तदोसवत्तिए, मायावत्तिए, लोभवत्तिए, इरियावहिए ।

**શબ્દાર્થ :–** **संजूहेणं** = સામાન્યથી, સંક્ષેપમાં **अणुवसंते** = અનુપશાંત **दंडसमादाणं** = હિંસાત્મક આચરણ **किरियाठाणाइं** = ક્રિયા સ્થાન **अकम्हादंडे** = અકસ્માત્ દંડ **दिट्ठिविपरियासियादंडे** = દષ્ટિ વિપર્યાસ દંડ **मोसवत्तिए** = મૃષા પ્રત્યયિક **अदिण्णादाणवत्तिए** = અદત્તાદાન પ્રત્યયિક **अज्झत्थवत्तिए** = અધ્યાત્મપ્રત્યયિક **इरियावहिए** = ઈર્યાપથિક.

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન ! મેં સાંભળ્યું છે કે શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું છે કે– આ નિર્ગ્રંથ પ્રવચનમાં ક્રિયાસ્થાન નામનું અધ્યયન છે, તેનો ભાવ આ પ્રમાણે છે– આ લોકમાં સામાન્ય રૂપે બે સ્થાન છે, એક ધર્મસ્થાન અને બીજું અધર્મસ્થાન અથવા એક ઉપશાંતસ્થાન અને બીજું અનુપશાંત સ્થાન.

આ બંને સ્થાનમાંથી પ્રથમ સ્થાન અધર્મપક્ષનું કથન આ પ્રમાણે છે– આ લોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ, આ ચારે દિશાઓમાં અનેકવિધ મનુષ્યો રહે છે, તેમાં કેટલાક આર્યો અને કેટલાક અનાર્યો હોય છે, કેટલાક ઉચ્ચગોત્રીય અને કેટલાક નીચગોત્રીય હોય છે, કેટલાક ઊંચા અને કેટલાક ઠીંગણા હોય છે, કેટલાક સુંદર વર્ણવાન અને કેટલાક અસુંદર વર્ણવાળા હોય છે, કેટલાક સ્વરૂપવાન અને કેટલાક કદરૂપા હોય છે.

તે આર્ય આદિ મનુષ્યોમાં હિંસાત્મક આચરણ–પાપ પ્રવૃત્તિની ઈચ્છા જોવા મળે છે. નારકીઓમાં, તિર્યંચોમાં, મનુષ્યોમાં અને દેવોમાં જે-જે પ્રકારના પ્રાણીઓ અને વિજ્ઞ–વિશેષ વિજ્ઞાનવાળા જીવો છે તે

સુખ-દુઃખનું વેદન કરે છે, તે જીવોમાં આ તેર પ્રકારનાં ક્રિયાસ્થાન અવશ્ય હોય છે, એવું શ્રી તીર્થંકર દેવે કહ્યું છે. તે ક્રિયાસ્થાનો આ પ્રમાણે છે–

(૧) અર્થદંડ– પ્રયોજન પૂર્વક થતી પાપ પ્રવૃત્તિ (૨) અનર્થદંડ– નિષ્પ્રયોજન થતી પાપ પ્રવૃત્તિ (૩) હિંસા દંડ– જીવ હિંસા (૪) અકસ્માત્ દંડ– અચાનક થતી પાપ પ્રવૃત્તિ (૫) દષ્ટિ વિપર્યાસ દંડ– દષ્ટિ ભ્રમથી થતી પાપ ક્રિયા, (૬) મૃષા પ્રત્યયિક– અસત્ય ભાષણથી લાગતી ક્રિયા (૭) અદત્તાદાન પ્રત્યયિક– ચોરીથી લાગતી ક્રિયા (૮) અધ્યાત્મ ક્રિયા– અપ્રશસ્ત પરિણામોથી લાગતી ક્રિયા (૯) માન પ્રત્યયિક– અભિમાનથી લાગતી ક્રિયા (૧૦) મિત્રદ્વેષ પ્રત્યયિક– મિત્રો સાથે દ્વેષ રાખવાથી લાગતી ક્રિયા (૧૧) માયા પ્રત્યયિક– છળ-કપટથી લાગતી ક્રિયા (૧૨) લોભ પ્રત્યયિક– લોભના નિમિત્તથી લાગતી ક્રિયા (૧૩) ઈર્યાપથિક ક્રિયા– વીતરાગી આત્માઓને યોગ પ્રવૃત્તિથી લાગતી ક્રિયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર વિષયની ઉત્થાનિકા રૂપ છે. ક્રિયાસ્થાનના વિસ્તૃત વિવેચન પૂર્વે સૂત્રકારે ક્રિયાસ્થાનના આધારરૂપ ધર્મપક્ષ–અધર્મપક્ષ તથા ક્રિયાસ્થાનને પ્રાપ્ત થનારા જીવોનું કથન કર્યું છે.

**दुवे ठाणा... :–** સામાન્ય રીતે જગતના સર્વ જીવો બે સ્થાનમાં સમાવિષ્ટ છે– ધર્મસ્થાન અને અધર્મસ્થાન. ધર્મસ્થાન કષાયોના ઉપશમનરૂપ છે, તેથી તે ઉપશમસ્થાન અને અધર્મસ્થાન કષાયોના ઉદયરૂપ છે, તેથી તે અનુપશમસ્થાન કહેવાય છે.

જે જીવોમાં શુભભાવ હોય, તે ધર્મસ્થાનમાં સ્થિત હોય છે અને જે જીવોમાં અશુભભાવ હોય અથવા જે જીવો પાપપ્રવૃત્તિની ઈચ્છાવાળા હોય, તે અધર્મસ્થાનમાં સ્થિત હોય છે.

આર્ય-અનાર્ય આદિ વિવિધ પ્રકારના મનુષ્યો તેમજ નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ, આ ચારે ગતિના જીવો પ્રાયઃ અધર્મસ્થાનમાં સ્થિત હોય છે.

**ક્રિયાસ્થાન :–** (૧) કોઈ પણ ક્રિયા કે પ્રવૃત્તિનું સ્થાન, તે ક્રિયાસ્થાન છે. (૨) કર્મબંધના ઉપાદાન કારણ કે નિમિત્ત કારણને ક્રિયાસ્થાન કહે છે. (૩) જે નિમિત્તથી કોઈ પણ ક્રિયા થાય, તે ક્રિયાસ્થાન છે.

સુખ-દુઃખનું વેદન કરતા ચારે ગતિના સમસ્ત સંસારી જીવોમાં સૂત્રોક્ત તેર ક્રિયાસ્થાનમાંથી કોઈ પણ એક કે અનેક ક્રિયાસ્થાન હોય છે.

**विण्णु वेयणं वेयंति :–** વિશેષ વિજ્ઞાનપૂર્વક સુખ-દુઃખ આદિ વેદનાનું વેદન કરનારા એટલે કે સંજ્ઞી જીવોને આ તેર ક્રિયાઓ હોય છે. કોઈ પણ સંસારી જીવ તેર ક્રિયાસ્થાનમાંથી કોઈ પણ એક કે અનેક ક્રિયાસ્થાનમાં સ્થિત હોય છે અને તે ક્રિયાસ્થાન દ્વારા જીવ કર્મબંધ કરે છે.

**दंड समादाणं :–** **दण्डः पापोपादानसंकल्पस्तस्य समादानं-ग्रहणं ।** પાપપ્રવૃત્તિનો સંકલ્પ દંડરૂપ છે અને તેનું ગ્રહણ જેનાથી થાય તે દંડ સમાદાન છે. જે ક્રિયા દ્વારા જીવ કર્મબંધ કરે છે. જેના દ્વારા જીવ દંડિત થાય, પીડિત થાય, તે સમસ્ત ક્રિયાઓ દંડ સમાદાન કહેવાય છે. સૂત્રોક્ત ક્રિયાસ્થાનો દ્વારા જીવ કર્મોનો બંધ કરે છે, તે-તે ક્રિયાસ્થાનો દંડ સમાદાનરૂપ છે.

સૂત્રોક્ત તેર ક્રિયાસ્થાનોમાં કષાયની અપેક્ષાએ બે વિભાગ છે– (૧) સાંપરાયિક ક્રિયાસ્થાન (૨) ઐર્યાપથિક ક્રિયાસ્થાન.

એકથી દશ ગુણસ્થાનવર્તી સકષાયી જીવોની ક્રિયાને **સાંપરાયિક ક્રિયાસ્થાન** અને તેનાથી થતાં કર્મબંધને સાંપરાયિક કર્મબંધ કહે છે. સાંપરાયિક કર્મબંધ જ સંસાર પરિભ્રમણનું કારણ છે.

અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનવર્તી વીતરાગી જીવોની ક્રિયાને ઐર્યાપથિક ક્રિયાસ્થાન અને તેનાથી થતાં કર્મબંધને **ઐર્યાપથિક કર્મબંધ** કહે છે. ઐર્યાપથિક કર્મબંધ અત્યંત અલ્પકાલીન હોવાથી તે સંસાર પરિભ્રમણનું કારણ નથી. અર્થદંડ આદિ પ્રથમ બાર ક્રિયાસ્થાનો સાંપરાયિક ક્રિયાસ્થાન છે અને તેરમું ક્રિયાસ્થાન ઐર્યાપથિક ક્રિયાસ્થાન છે.

**પ્રથમ ક્રિયાસ્થાન : અર્થદંડ પ્રત્યયિક :–**

**૨ पढमे दंडसमादाणे अट्ठादंडवत्तिए त्ति आहिज्जइ । से जहाणामए केइ पुरिसे आयहेउं वा णायहेउं वा अगारहेउं वा परिवारहेउं वा मित्तहेउं वा णागहेउं वा भूयहेउं वा जक्खहेउं वा तं दंडं तसथावरेहिं पाणेहिं सयमेव णिसिरइ, अण्णेण वि णिसिरावेइ, अण्णं पि णिसिरंतं समणुजाणइ, एवं खु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ । पढमे दंडसमादाणे अट्ठादंडवत्तिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :–** **अट्ठादंडवत्तिए** = અર્થદંડપ્રત્યયિક **आयहेउं** = પોતાને માટે **णायहेउं** = જ્ઞાતિને માટે **अगारहेउं** = ઘરને માટે **णागहेउं** = નાગને માટે **भूयहेउं** = ભૂતને માટે **जक्खहेउं** = યક્ષને માટે **णिसिरइ**= પ્રાણીઓને દંડ આપે છે **तप्पत्तियं** = તે ક્રિયાના કારણે **सावज्जे** = સાવદ્ય કર્મનો, પાપકારી પ્રવૃત્તિનો.

**ભાવાર્થ :–** પ્રથમ દંડસમાદાન અર્થાત્ પ્રથમ ક્રિયાસ્થાન અર્થદંડપ્રત્યયિક કહેવાય છે, જેમ કે– કોઈ પુરુષ પોતાના માટે, પોતાના જ્ઞાતિજનો માટે, ઘર કે પરિવાર માટે, મિત્રજનો માટે, નાગ, ભૂત, અને યક્ષ આદિ માટે, ત્રસ અથવા સ્થાવર જીવોને સ્વયં દંડ આપે છે, બીજા પાસે દંડ અપાવે છે, બીજા દંડ આપી રહ્યા હોય, તેની અનુમોદના કરે છે. આ સ્થિતિમાં તેને તે સાવદ્યક્રિયાના નિમિત્તથી પાપકર્મોનો બંધ થાય છે. આ પ્રથમ અર્થદંડ પ્રત્યયિક દંડસમાદાન કહેવાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં તેર ક્રિયાસ્થાનોમાંથી અર્થદંડ પ્રત્યયિક પ્રથમ ક્રિયા સ્થાનનું વિશ્લેષણ છે.

**અર્થદંડ :– सप्रयोजनकृते दण्डोऽर्थदण्डः** । પ્રયોજન પૂર્વક જે પાપપ્રવૃત્તિ થાય, તે અર્થદંડ છે.

જેમ કે પોતાના દેહ નિર્વાહ માટે, પરિવારના પાલન પોષણ માટે છ કાય જીવોના આરંભ-સમારંભ કરે, આજીવિકા માટે વ્યાપાર ધંધામાં કોઈ પાપ પ્રવૃત્તિ કરે, કુલ પરંપરા પ્રમાણે દેવ-દેવીના ધૂપ-દીપ, નૈવેદ્ય આદિ કરે, આમ કોઈ પણ પ્રયોજનપૂર્વક થતી પાપ પ્રવૃત્તિઓનો સમાવેશ અર્થદંડમાં થાય છે.

કેટલાક મતાનુયાયી પ્રયોજનપૂર્વકની પાપ પ્રવૃત્તિમાં દોષ માનતા નથી, જેમ કે– ગૃહસ્થ જીવનમાં પરિવારના ભરણ-પોષણ માટે થતી પ્રવૃત્તિ હિંસક હોવા છતાં તે પ્રયોજન પૂર્વક થાય છે તેથી તેઓ તે પ્રવૃત્તિને ગૃહસ્થોના કર્તવ્ય તરીકે સ્વીકારે છે.

ભગવાન મહાવીર સ્વામીનો દષ્ટિકોણ અત્યંત વિશાળ છે. તેમાં જગતના સૂક્ષ્મ કે સ્થૂલ સર્વ જીવોના કલ્યાણની કામના છે. કોઈ પણ પ્રવૃત્તિ પ્રયોજનપૂર્વક થાય કે નિષ્પ્રયોજન થાય, પરંતુ તે પ્રવૃત્તિમાં

જો હિંસા આદિ કોઈ પણ પાપસ્થાનનું સેવન થતું હોય, તો તે પ્રવૃત્તિ અવશ્ય કર્મબંધનું કારણ બને છે.

પ્રયોજનપૂર્વક થતી પ્રવૃત્તિમાં કર્તા જો જાગૃત અને અનાસક્ત હોય, તો તેનો કર્મબંધ અલ્પકાલીન અને મંદ રસવાળો થાય અને કર્તા જો પ્રમાદી અને આસક્ત હોય, તો તેનો કર્મબંધ દીર્ઘકાલીન અને તીવ્ર રસવાળો થાય છે. આ રીતે કર્તાના ભાવાનુસાર તેના કર્મબંધમાં તરતમતા જરૂર થાય, પરંતુ પ્રયોજનપૂર્વકની પ્રવૃત્તિમાં પણ કર્મબંધ ન થાય તેમ શક્ય નથી.

**पुरिसे :–** અહીં પુરુષ શબ્દ ચારે ય ગતિઓનાં સર્વ જીવો માટે પ્રયુક્ત છે.

**બીજું ક્રિયાસ્થાન : અનર્થદંડ પ્રત્યયિક :–**

**३ अहावरे दोच्चे दंडसमादाणे अणट्ठादंडवत्तिए त्ति आहिज्जइ । से जहाणामए केइ पुरिसे जे इमे तसा पाणा भवंति ते णो अच्चाए णो अजिणाए णो मंसाए णो सोणियाए णो हिययाए णो पित्ताए णो वसाए णो पिच्छाए णो पुच्छाए णो बालाए णो सिंगाए णो विसाणाए णो दंताए णो दाढाए णो णहाए णो ण्हारुणिए णो अट्ठीए णो अट्ठिमिंजाए, णो हिंसिंसु मे त्ति, णो हिंसंति मे त्ति, णो हिंसिस्संति मे त्ति, णो पुत्त-पोसणयाए णो पसुपोसणयाए णो अगारपरिवूहणयाए णो समण-माहणवत्तणाहेउं, णो तस्स सरीरगस्स किंचि विपरियाइत्ता भवइ, से हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता उज्झिउं बाले वेरस्स आभागी भवइ, अणट्ठादंडे।**

**શબ્દાર્થ :–** **अणट्ठादंडवत्तिए** = અનર્થદંડ પ્રત્યયિક **अच्चाए** = અર્ચા–શરીરને માટે **अजिणाए** = ચામડી(ચર્મ)ને માટે **सोणियाए** = લોહીને માટે **हिययाए** = હૃદયને માટે **पिच्छाए** = પાંખો કે પીંછાને માટે **विसाणाए** = શિંગડા માટે **णहाए** = નખને માટે **ण्हारुणिए** = સ્નાયુ(નાડી)ને માટે **अट्ठीए** = હાડકાને માટે **अट्ठिमिंजाए** = અસ્થિમજ્જાને માટે **अगारपरिवूहणयाए** = ઘરને વધારવા માટે **उज्झिउं** = વિવેકને છોડીને **वेरस्स** = વેરનો **आभागी** = ભોગવનાર, પ્રાપ્ત કરનાર.

**ભાવાર્થ :–** ત્યાર પછી બીજું ક્રિયાસ્થાન અનર્થદંડ પ્રત્યયિક કહેવાય છે. જેમ કે કોઈ પુરુષ આ ત્રસપ્રાણીઓને પોતાના શરીરની રક્ષા માટે અથવા શરીર સંસ્કાર માટે, ચામડા માટે, તેમજ માંસ, લોહી, હૃદય, પિત્ત, ચરબી,પીંછા, પૂંછ, વાળ, શીંગ, વિષાણ, દાંત, દાઢ, નખ, સ્નાયુઓ, હાડકાં અને હાડકાંની મજ્જા માટે મારતા નથી. આ વ્યક્તિએ મને અથવા મારા કોઈ સંબંધીને માર્યું હતું, મારી રહ્યા છે અથવા મારશે, તેમ વિચારીને મારતા નથી; પુત્રોનું ભરણ-પોષણ, પશુપોષણ તથા પોતાના ઘરના સમારકામ કે મરામત માટે પણ મારતા નથી; શ્રમણ અને માહણ(બ્રાહ્મણ)ના જીવન નિર્વાહ માટે, તેના કે પોતાના શરીર ઉપર ઉપદ્રવ ન થાય, તેના માટે મારતા નથી પરંતુ પ્રયોજન વિના જ તે અજ્ઞાની જીવ પ્રાણીઓને દંડ દેતાં-દેતાં તેને દંડા આદિથી મારે છે, તેના કાન-નાક આદિ અંગોનું છેદન કરે છે, શૂળી આદિથી ભેદન કરે છે, તે પ્રાણીઓનાં અંગોપાંગ છૂટા પાડે છે, તેની આંખો કાઢે છે, ચામડી ઉતરડે છે, તેને ડરાવે-ધમકાવે છે, વિવિધ ઉપાયોથી તેને પીડા પહોંચાડે છે કે પ્રાણરહિત પણ કરે છે. અનર્થદંડના કટુફળનો વિચાર કર્યા વિના, નિષ્પ્રયોજન ત્રસપ્રાણીઓની હિંસા કરનારા જીવો તે પ્રાણીઓની સાથે(જન્મ-જન્માંતર સુધી) વેર ભાવને પ્રાપ્ત કરે છે અર્થાત્ વેર બાંધે છે.

**૪** **से जहाणामए केइ पुरिसे जे इमे थावरा पाणा भवंति, तं जहा– इक्कडा इ वा कडिणा इ वा जंतुगा इ वा परगा इ वा मोरका इ वा तणा इ वा कुसा इ वा कुच्छगा इ वा पव्वगा ति वा पलालए इ वा, ते णो पुत्तपोसणयाए णो पसुपोसणयाए णो अगारपोसणयाए णो समण-माहणपोसणयाए, णो तस्स सरीरगस्स किं चि वि परियाइत्ता भवइ, से हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उज्झिउं बाले वेरस्स आभागी भवइ, अणट्ठादंडे ।**

**ભાવાર્થ :–** કોઈ પુરુષ, આ સ્થાવર પ્રાણીઓની હિંસા કરે છે, જેમ કે– ઈક્કડ, કઠિણ–વાંસમાં ઉત્પન્ન થતું ઘાસ, જંતુક, પરક, મયુરક–મુસ્તા(મોથ), તૃણ, કુશ, કુચ્છક, પર્વક અને પરાળ નામની વિવિધ વનસ્પતિ હોય છે, તેને નિરર્થક દંડ આપે છે. તે પુરુષ આ વનસ્પતિને પુત્રાદિના પોષણાર્થે, પશુના પોષણાર્થે, ગૃહરક્ષાર્થે, શ્રમણ કે માહણ(બ્રાહ્મણ)ના પોષણાર્થે અથવા પોતાના શરીરની રક્ષા માટે મારતા નથી, પરંતુ નિષ્પ્રયોજન તે જીવોની હિંસા કરીને તેનું છેદન, ભેદન, ખંડન, મર્દન, ઉત્પીડન કરે છે, તેને ભયભીત કરે છે અથવા જીવન રહિત કરે છે અને જન્મ જન્માંતર સુધી વેરના ભાગી બની જાય છે અર્થાત્ તે જીવો સાથે વેર બાંધે છે.

**૫** **से जहाणामए केइ पुरिसे कच्छंसि वा दहंसि वा उदगंसि वा दवियंसि वा वलयंसि व णूमंसि वा गहणंसि वा गहणविदुग्गंसि वा वणंसि वा वणविदुग्गंसि वा पव्वयंसि वा पव्वयविदुग्गंसि वा तणाइं ऊसविय ऊसविय सयमेव अगणिकायं णिसिरइ, अण्णेण वि अगणिकायं णिसिरावेइ, अण्णं पि अगणिकायं णिसिरंतं समणुजाणइ–अणट्ठादंडे । एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ । दोच्चे दंडसमादाणे अणट्ठादंडवत्तिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :–** **कच्छंसि** = નદીના કિનારા પર **वणविदुग्गंसि** = દુર્ગમ વનમાં **ऊसविय** = ઢગલો કરીને.

**ભાવાર્થ :–** કોઈ પુરુષ નદીના કિનારા પર, તળાવ કે ઝરણાના કિનારા પર, કોઈ જળાશયમાં, તૃણરાશિ પર, નદી આદિ દ્વારા ઘેરાયેલા સ્થાનમાં, અંધકારપૂર્ણ સ્થાનમાં, કોઈ ગહન સ્થાનમાં, વિશેષ ગહન સ્થાનમાં વનમાં, ઘોર વનમાં, પર્વત પર અથવા પર્વતના કોઈ ગહન સ્થાનમાં, તૃણ–ઘાસને પાથરીને, ઘાસના ઊંચા ઢગલા કરીને, સ્વયં તેમાં આગ લગાવે, બીજા પાસે આગ લગાવરાવે અથવા આગ લગાવતી અન્ય વ્યક્તિઓનું અનુમોદન કરે, તે પુરુષ નિષ્પ્રયોજન વનસ્પતિકાયિક, અગ્નિકાયિક તથા તદાશ્રિત અન્ય ત્રસાદિ પ્રાણીઓની હિંસાના નિમિત્તે પાપ કર્મોનો બંધ કરે છે. આ અનર્થદંડ પ્રત્યયિક નામનું બીજું ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિભિન્ન અભિપ્રાયોથી અનર્થદંડ પ્રત્યયિક ક્રિયાસ્થાનનું નિરૂપણ છે.

**અનર્થદંડપ્રત્યયિક ક્રિયાસ્થાન :– निष्प्रयोजनमेव सावद्यक्रियानुष्ठानमनर्थदण्डः ।** કોઈ પણ પ્રયોજન વિના કેવળ આદત, કૌતુક, કુતૂહલ, મનોરંજન આદિથી પ્રેરાઈને કોઈ પણ ત્રસ કે સ્થાવર જીવની કોઈ પણ રીતે કરવામાં આવેલી હિંસા (દંડ)ના નિમિત્તે જે પાપ કર્મનો બંધ થાય છે, તેને અનર્થદંડપ્રત્યયિક ક્રિયાસ્થાન કહે છે, જેમ કે– ઘાસ પર ચાલવું, સૌંદર્ય પ્રસાધનના સાધનોનો ઉપયોગ કરવો, હોળી પ્રગટાવવી, ફટાકડા ફોડવા વગેરે. ***અર્થદંડ-પ્રત્યયિક ક્રિયા સ્થાનની અપેક્ષાએ અનર્થદંડ-પ્રત્યયિક ક્રિયાસ્થાન અધિક પાપકર્મબંધક છે.***

સૂત્રકારે ત્રસ-સ્થાવર જીવોની હિંસાના પ્રયોજનોનું નિષેધાત્મક રૂપે કથન કર્યું છે. તે જ રીતે અસત્ય, ચોરી, આદિ કોઈ પણ પાપપ્રવૃત્તિનું નિષ્પ્રયોજન સેવન થાય, તે અનર્થદંડ પ્રત્યયિક ક્રિયાસ્થાન છે. ***જે વ્યક્તિને કર્મબંધ અને તેના પરિણામનો કોઈ વિચાર નથી તે વ્યક્તિ જ નિરર્થક પાપપ્રવૃત્તિનું સેવન કરે છે.***

**ત્રીજું ક્રિયાસ્થાન : હિંસાદંડ પ્રત્યયિક :–**

**૬ अहावरे तच्चे दंडसमादाणे हिंसादंडवत्तिए त्ति आहिज्जइ । से जहाणामए केइ पुरिसे ममं वा ममिं वा अण्णं वा अण्णियं वा हिंसिंसु वा हिंसंति हिंसिस्संति वा तं दंडं तस-थावरेहिं पाणेहिं सयमेव णिसिरइ, अण्णेण वि णिसिरावेइ, अण्णं पि णिसिरंतं समणुजाणइ–हिंसादंडे । एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ। तच्चे दंडसमादाणे हिंसादंडवत्तिए त्ति आहिए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ત્રીજું ક્રિયાસ્થાન હિંસાદંડપ્રત્યયિક કહેવાય છે, જેમ કે કોઈ પુરુષ આ પ્રમાણે વિચારે કે આ ત્રસ કે સ્થાવર જીવે મને, મારા સંબંધીને, બીજાને અથવા બીજાના સંબંધીને માર્યું હતું, મારે છે અથવા મારશે, એવું સમજીને તે ત્રસ અને સ્થાવર પ્રાણીઓની સ્વયં હિંસા કરે, બીજા પાસે હિંસા કરાવે અથવા હિંસા કરનાર પુરુષની અનુમોદના કરે, તેને હિંસારૂપ દંડ આપે તો તે વ્યક્તિને હિંસાના નિમિત્તે સાવદ્યકર્મનો બંધ થાય છે. આ હિંસાદંડપ્રત્યયિક નામનું ત્રીજું ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં હિંસા દંડપ્રત્યયિક ક્રિયાસ્થાનનું દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે.

***હિંસાદંડ પ્રત્યયિક ક્રિયાસ્થાન :–*** **हिंसनं हिंसा, प्राण्युपमर्दरूपा तया, सैव वा दण्डो हिंसादण्डः।** જીવના દશ પ્રાણમાંથી કોઈ પણ પ્રાણનું મર્દન કરવું, તે હિંસાદંડ છે. હિંસા પ્રત્યયિકદંડ ત્રૈકાલિક તથા કૃત, કારિત અને અનુમોદિત ત્રણે પ્રકારથી થાય છે, જેમ કે– (૧) કોઈ વ્યક્તિ પોતાના સંબંધીની હત્યાનો બદલો લેવા માટે ક્રોધિત થઈને સંબંધિત વ્યક્તિને મારી નાંખે, જેમ કે– પરશુરામે પોતાના પિતાની હત્યા કરનારને મારી નાંખ્યો હતો . (૨) કેટલીક વ્યક્તિઓ વર્તમાનમાં કોઈ વ્યક્તિ બીજાને મારી રહી હોય, તો તેને મારવા માટે તેના પર તૂટી પડે છે. (૩) ભવિષ્યમાં મારી હત્યા કરશે, આવી આશંકાથી કોઈ વ્યક્તિ સંબંધિત વ્યક્તિને મારે કે મરાવી નાંખે છે, જેમ કે– કંસે દેવકીના પુત્રોને મરાવી નાંખવાનો ઉપક્રમ કર્યો હતો. સિંહ, સર્પ કે વીંછી આદિ પ્રાણીઓ જીવતાં રહેશે તો મને કે અન્ય પ્રાણીઓને મારશે એમ વિચારીને તે હિંસક પ્રાણીઓની કોઈ હિંસા કરે છે. આ રીતે ભૂતકાલના વેરને યાદ કરીને, વર્તમાનના વેરને સતત નજર સમક્ષ રાખીને અને ભવિષ્યની શત્રુતાની આશંકાથી જીવોની હિંસા કરવામાં આવે છે. તે હિંસા કર્મબંધનું કારણ હોવાથી હિંસાદંડપ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે.

**ચોથું ક્રિયાસ્થાન : અકસ્માત્ દંડ પ્રત્યયિક :–**

**૭ अहावरे चउत्थे दंडसमादाणे अकम्हा दंडवत्तिए आहिज्जइ । से जहाणामए केइ पुरिसे कच्छंसि वा *जाव* पव्वयविदुग्गंसि वा मियवित्तिए मियसंकप्पे मियणिहाणे मियवहाए गंता एते मिय त्ति काउं अण्णयरस्स मियस्स वहाए उसुं आयामेत्ता णं णिसिरेज्जा, से मियं वहिस्सामि त्ति कट्टु तित्तिरं वा वट्टगं वा चडगं वा लावगं**

**वा कवोयगं वा कविं वा कविंजलं वा विंधित्ता भवइ; इति खलु से अण्णस्स अट्ठाए अण्णं फुसए–अकम्हादंडे ।**

**શબ્દાર્થ :–** **अकम्हादंडवत्तिए** = અકસ્માત્ દંડ પ્રત્યયિક **मियवित्तिए** = મૃગવૃત્તિ, શિકાર, મૃગને મારવા, **उसुं** = બાણને **आयामेत्ता** = તાણીને **णिसिरेज्जा** = ચલાવે, છોડે **तित्तिरं** = તેતર **वट्टगं** = બટેરને, બતકને **चडगं** = ચકલીને **लावगं** = લાવક, લાવરી **कवोयगं** = કબૂતરને **कविं** = વાંદરાને **कविंजलं** = કપિંજલને.

**ભાવાર્થ :–** ત્યાર પછી ચોથું અકસ્માત્ દંડપ્રત્યયિક ક્રિયાસ્થાન છે, જેમ કે– શિકારના હેતુથી કોઈ વ્યક્તિ નદીના તટ પર અથવા ઝરણાના કિનારે ***યાવત્*** ઘોર દુર્ગમ જંગલમાં જઈને મૃગને મારવાનો સંકલ્પ કરે, મૃગનું જ ધ્યાન રાખે, મૃગનો વધ કરવા જાય, આ મૃગ છે, એમ સમજીને કોઈ એક મૃગને મારવા માટે પોતાના ધનુષ્યની પણછ તાણીને, બાણ છોડે છે પણ મૃગને મારવાનો આશય હોવા છતાં પણ તેના બાણથી તેતર, બતક, ચકલી, લાવક, કબૂતર, વાનર, કપિંજલ આદિ પક્ષી વીંધાય જાય, આ રીતે બીજા માટે પ્રયુક્ત દંડથી બીજા જીવનો ઘાત થઈ જાય, તે અકસ્માત્ દંડ ક્રિયાસ્થાન કહેવાય છે.

**૮ से जहाणामए केइ पुरिसे सालीणि वा वीहीणि वा कोद्दवाणि वा कंगूणि वा परगाणि वा रालाणि वा णिलिज्जमाणे अण्णयरस्स तणस्स वहाए सत्थं णिसिरेज्जा, से सामगं तणगं कुमुदगं वीहिऊसियं कलेसुयं तणं छिंदिस्सामि त्ति कट्टु सालिं वा वीहिं वा कोद्दवं वा कंगुं वा परगं वा रालयं वा छिंदित्ता भवइ, इति खलु से अण्णस्स अट्ठाए अण्णं फुसइ–अकम्हादंडे । एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ । चउत्थे दंडसमादाणे अकम्हादंडवत्तिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :–** **णिलिज्जमाणे** = શોધન(નિંદવાનું કાર્ય) કરતો થકો **सामगं** = શ્યામક નામના ઘાસને **कुमुदगं** = કુમુદ નામના ઘાસને **वीहिऊसियं** = વ્રીહિ પાસે ઉગેલા **कलेसुयं** = નિરર્થક, અનુપયોગી ઘાસને.

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ, ચોખા, ઘઉં, કોદરી, કંગુ, પરક અને કાંગ નામના ધાન્યોનું નિંદામણ કરતાં ઘાસ આદિને કાપવા માટે દાતરડું ચલાવે અને હું શ્યામક, તૃણ અને કુમુદ, વ્રીહિના પાસે ઉગેલા અનુપોયોગી ઘાસને કાપું, એવો વિચાર કરીને ઘાસને કાપતાં વચ્ચે જ ચોખા, ઘઉં, કોદરી, કંગુ, પરક અને કાંગના છોડનું છેદન થઈ જાય, આ રીતે અન્ય વસ્તુને લક્ષ્યમાં રાખીને કરેલો દંડ અન્યને સ્પર્શી જાય, તો તે દંડ અકસ્માત્ દંડ કહેવાય છે. આ રીતે અકસ્માત્ દંડના નિમિત્તે તે પુરુષને પાપ કર્મોનો બંધ થાય છે. આ ચોથું અકસ્માત્ દંડ પ્રત્યયિક ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અકસ્માત્દંડપ્રત્યયિક ક્રિયાસ્થાનનું સ્વરૂપ બે દષ્ટાંતો દ્વારા સમજાવ્યું છે.

**अकम्हा दंडे :–** अकस्माद् अनुपयुक्तस्य दण्डोऽकस्माद्दण्डः, अन्यस्य क्रिययाऽन्यस्य व्यापादनमिति। અન્ય જીવોની હિંસા કરતા ઉપયોગ વિના અચાનક અન્ય જીવોની હિંસા થાય, તે **અકસ્માત્ દંડ** છે. જેમ કે (૧) કોઈ મૃગને મારવાની ઈચ્છાથી છોડેલા બાણથી તેતર આદિ અન્ય પ્રાણીનો ઘાત થઈ થાય, (૨)

કોઈ ઘાસ કાપવાની ઈચ્છાથી ચલાવેલા ઓજાર દ્વારા અન્ય છોડ કપાઈ જાય, તો તે અકસ્માત્ દંડ છે.

**પાંચમું ક્રિયાસ્થાન : દષ્ટિ વિપર્યાસદંડ પ્રત્યયિક :–**

**૯ अहावरे पंचमे दंडसमादाणे दिट्ठीविपरियासियादंडे त्ति आहिज्जइ । से जहाणामए केइ पुरिसे माईहिं वा पिईहिं वा भाईहिं वा भगिणीहिं वा भज्जाहिं वा पुत्तेहिं वा धूयाहिं वा सुण्हाहिं वा सद्धिं संवसमाणे मित्तं अमित्तमिति मण्णमाणे मित्ते हयपुव्वे भवइ दिट्ठीविप्परियासियादंडे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પાંચમું દષ્ટિ વિપર્યાસદંડપ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે, જેમ કે– કોઈ વ્યક્તિ પોતાનાં માતા, પિતા, ભાઈઓ, બહેનો, સ્ત્રી, પુત્રો, પુત્રીઓ અને પુત્રવધૂઓની સાથે નિવાસ કરતા, તે પોતાના મિત્રને શત્રુ સમજીને મારી નાંખે, તો તે દષ્ટિવિપર્યાસદંડ છે.

**૧૦ से जहाणामए वा केइ पुरिसे गामघायंसि वा णगरघायंसि वा खेडघायंसि कब्बडघायंसि मडंबघायंसि वा दोणमुहघायंसि वा पट्टणघायंसि वा आसमघायंसि वा सण्णिवेसघायंसि वा णिगमघायंसि वा रायहाणिघायंसि वा अतेणं तेणमिति मण्णमाणे अतेणे हयपुव्वे भवइ, दिट्ठीविपरियासियादंडे, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ । पंचमे दंडसमादाणे दिट्ठीविप्परियासियादंडे त्ति आहिए ।**

**શબ્દાર્થ :–** **गाम** = ગ્રામ. વાડથી વીંટાયેલો પ્રદેશ **णगर** = નગર–જ્યાં કોઈ કરવેરા ન લેવાય તે પ્રદેશ. **खेड** = ખેટ, ધૂળના કોટથી યુક્ત સ્થાન. **कब्बड** = કર્બટ, નાનું નગર **मडंब** = અઢી ગાઉ સુધી વચ્ચે બીજું ગામ ન હોય તેવું સ્થાન **दोणमुह** = દ્રોણમુખ, જલ અને સ્થલ માર્ગથી યુક્ત સ્થાન **पट्टण** = સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય તે સ્થાન **आसम** = આશ્રમ, તાપસોનું નિવાસ સ્થાન **सण्णिवेस** = મુખ્ય વ્યાપારી રહેતા હોય તે સ્થાન **णिगम** = ઘણા વણિકોથી યુક્ત સ્થાન **रायहाणि** = રાજધાની **तेणं** = ચોર **अतेणं** = ચોરી ન કરનાર વ્યક્તિ, શાહુકાર.

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ ગામ, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પત્તન, આશ્રમ, સંનિવેશ, નિગમ અથવા રાજધાનીનો ઘાત થતો હોય ત્યારે અર્થાત્ રાજધાની આદિ પર શત્રુઓ હુમલો કરતા હોય, ત્યારે કોઈ ચોરથી ભિન્ન અચોરને ચોર સમજીને મારી નાંખે તો તે દષ્ટિવિપર્યાસદંડ કહેવાય છે.

આ રીતે દષ્ટિ ભ્રમથી જે હિંસાદિ થાય, તે દષ્ટિવિપર્યાસદંડ છે. તે વ્યક્તિ દષ્ટિવિપર્યાસના નિમિત્તે સાવદ્ય કર્મબંધ કરે છે. આ દષ્ટિવિપર્યાસ દંડપ્રત્યયિક નામનું પાંચમું ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દષ્ટિવિપર્યાસ દંડને બે દષ્ટાંતો દ્વારા સમજાવ્યો છે.

**दिट्ठीविपरियासदण्ड :–** દષ્ટિભ્રમ, દષ્ટિની વિપરીતતાને દષ્ટિ વિપર્યાસ કહેવાય છે. તેના નિમિત્તથી જે હિંસાદિ પાપપ્રવૃત્તિનું સેવન થાય, તે દષ્ટિ વિપર્યાસ દંડ છે, જેમ કે– (૧) **मित्रममित्रेव मन्यमानः मित्रं हतपूर्वो भवतीति दृष्टिविपर्यासदण्डः ।** હિતૈષી પારિવારિકજનમાંથી કોઈને ભ્રમવશ શત્રુ માનીને દંડ દેવો, (૨) ગામ, નગર આદિમાં કોઈ ઉપદ્રવના સમયે ચોર, હત્યારા આદિ દંડનીય વ્યક્તિને

શોધતાં કોઈ અદંડનીય વ્યક્તિને ભ્રમથી દંડનીય સમજીને દંડ દેવો, તે દષ્ટિ વિપર્યાસ દંડ છે.

**છઠ્ઠું ક્રિયાસ્થાન : મૃષાવાદ પ્રત્યયિક :–**

**૧૧ अहावरे छट्ठे किरयाठाणे मोसवत्तिए त्ति आहिज्जइ । से जहाणामए केइ पुरिसे आयहेउं वा णायहेउं वा अगारहेउं वा परिवारहेउं वा सयमेव मुसं वयइ, अण्णेण वि मुसं वयावेइ, मुसं वयंतं पि अण्णं समणुजाणइ, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ । छट्ठे किरियाठाणे मोसवत्तिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :– मोसवत्तिए** = મૃષા પ્રત્યયિક, જૂઠ સંબંધી **सयमेव** = સ્વયં **मुसं** = મૃષા, અસત્ય **वयइ**= બોલે છે **वाएइ** = અન્ય પાસે બોલાવે છે **वयंतं** = બોલતા હોય તેને **समणुजाणइ** = સારું જાણે છે, અનુમોદના કરે છે.

**ભાવાર્થ :–** ત્યાર પછી છઠ્ઠું મૃષાપ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે, જેમ કે– કોઈ પુરુષ પોતાના માટે, સ્વજનો માટે, ઘર માટે, પરિવાર માટે સ્વયં અસત્ય બોલે, બીજા પાસે અસત્ય બોલાવરાવે અથવા અસત્ય બોલનાર અન્ય વ્યક્તિનું અનુમોદન કરે, તો તે વ્યક્તિને અસત્ય પ્રવૃત્તિ નિમિત્તક પાપ કર્મોનો બંધ થાય છે. આ છઠ્ઠું મૃષાવાદ પ્રત્યયિક ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મૃષાપ્રત્યયિક ક્રિયાસ્થાનનું સ્વરૂપ દર્શાવ્યું છે.

**मोसवत्तिए :– स च सद्भूतनिह्नवासद्भूतारोपणरूपः ।** સદ્ભૂત ભાવોને છુપાવીને અસદ્ભૂત ભાવોને પ્રગટ કરવા, તે મૃષાવાદ પ્રત્યયિક ક્રિયાસ્થાન છે. આ ક્રિયાસ્થાન મન, વચન, કાયાથી કોઈ પણ પ્રકારના અસત્ય ભાષણ કરવાથી, કરાવવાથી અને અનુમોદન આપવાથી થાય છે.

પહેલાં પાંચ ક્રિયાસ્થાનમાં પ્રાયઃ પ્રાણીઓનો ઘાત થાય છે, તેથી શાસ્ત્રકારે તેને દંડસમાદાન કહ્યા છે, પરંતુ છઠ્ઠાથી લઈને તેરમા ક્રિયાસ્થાન સુધીના ભેદમાં પ્રાયઃ પ્રાણીઘાત થતો નથી, તેથી તેના માટે સૂત્રકારે 'ક્રિયાસ્થાન' શબ્દનો પ્રયોગ કર્યો છે.

**સાતમું ક્રિયાસ્થાન : અદત્તાદાન પ્રત્યયિક :–**

**૧૨ अहावरे सत्तमे किरियाठाणे अदिण्णादाणवत्तिए त्ति आहिज्जइ । से जहाणामए केइ पुरिसे आयहेउं वा *जाव* परिवारहेउं वा सयमेव अदिण्णं आदियइ, अण्णेणं अदिण्णं आदियावेइ, अदिण्णं आदियंतं अण्णं समणुजाणइ, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ । सत्तमे किरियाठाणे आदिण्णादाणवत्तिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :– अदिण्णादाणवत्तिए** = અદત્તાદાન પ્રત્યયિક **अदिण्णं** = અદત્ત, વસ્તુના સ્વામી દ્વારા ન દેવાયેલી વસ્તુ **आदियइ** = ગ્રહણ કરે છે **आदियावेइ** = ગ્રહણ કરાવે છે **आदियंतं** = ગ્રહણ કરતા હોય તેને.

**ભાવાર્થ :–** ત્યાર પછી સાતમું અદત્તાદાનપ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે, જેમ કોઈ વ્યક્તિ પોતાના માટે ***યાવત્*** પોતાના ઘર અને પરિવાર માટે અદત્ત વસ્તુને સ્વયં ગ્રહણ કરે, બીજા પાસે ગ્રહણ કરાવે અને

અદત્ત ગ્રહણ કરનાર અન્ય વ્યક્તિનું અનુમોદન કરે, તો તે વ્યક્તિને અદત્તાદાન નિમિત્તે પાપ કર્મોનો બંધ થાય છે. આ સાતમું અદત્તાદાનપ્રત્યયિક ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અદત્તાદાન પ્રત્યયિક ક્રિયાસ્થાનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

**अदिण्णादाणवत्तिए :–** अदत्तस्य परकीयस्याऽऽदानं-स्वीकरणमदत्तादानं-स्तेयं तत्प्रत्ययिको दण्डः। વસ્તુના માલિક કે અધિકારીને પૂછયા વિના, તેઓએ આપી ન હોય, તેમની અનુમતિ, સહમતિ કે ઈચ્છા વિના તેમની કોઈ વસ્તુને ગ્રહણ કરવી, તેના પર પોતાનો અધિકાર જમાવવો, તે વસ્તુ પડાવી લેવી, તે અદત્તાદાન, સ્તેન અથવા ચોરી છે. ચોરીના નિમિત્તે થતાં કર્મબંધને અદત્તાદાન પ્રત્યયિક ક્રિયાસ્થાન કહે છે.

**આઠમું ક્રિયાસ્થાન : અધ્યાત્મ પ્રત્યયિક :–**

**૧૩ अहावरे अट्ठमे किरियाठाणे अज्झत्थिए त्ति आहिज्जइ । जहाणामए केइ पुरिसे, से णत्थि णं केइ किंचि विसंवादेइ, सयमेव हीणे दीणे दुट्ठे दुम्मणे ओहयमणसंकप्पे चिंतासोगसागरसंपविट्ठे करयलपल्हत्थमुहे अट्टज्झाणोवगए भूमिगयदिट्ठीए झियाइ, तस्स णं अज्झत्थिया असंसइया चत्तारि ठाणा एवमाहिज्जंति, तं जहा– कोहे माणे माया लोभे, अज्झत्थमेव कोह-माण-माया-लोहा, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ । अट्ठमे किरियाठाणे अज्झत्थिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :–** **अज्झत्थिए** = અધ્યાત્મપ્રત્યયિક–અંતઃકરણમાં ઉત્પન્ન થયેલા ક્રોધાદિ ભાવો **विसंवादेइ**= કલેશ દેનારા **दुम्मणे** = દુર્મનસ્ક, દુષ્ટમનવાળા **ओहयमणसंकप्पे** = મનમાં ખરાબ સંકલ્પ કરનાર **चिंतासोगसागरसंपविट्ठे** = ચિંતા અને શોકના સાગરમાં ડૂબેલો **करयलपल्हत्थमुहे** = લમણે હાથ રાખીને **अट्टज्झाणोवगए** = આર્તધ્યાન કરતો **भूमिगयदिट्ठीए** = ભૂમિ પર દષ્ટિ રાખીને **असंसइया** = નિઃસંદેહ.

**ભાવાર્થ :–** ત્યાર પછી આઠમું અધ્યાત્મપ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે, જેમ કોઈ પુરુષ વિસંવાદના બાહ્ય કોઈ પણ કારણ વિના જ સ્વયં હીન, દીન, દુઃખિત, દુર્મનસ્ક, ઉદાસ થઈને મનમાં ખરાબ સંકલ્પ કરે, ચિંતા અને શોકના સાગરમાં ડૂબેલો રહે અને લમણે હાથ દઈને(ઉદાસીન મુદ્રાથી) પૃથ્વીપર દષ્ટિ રાખીને આર્તધ્યાન કરે ત્યારે નિઃસંદેહ તેના હૃદયમાં સંચિત ચાર કારણો હોય છે– ક્રોધ, માન, માયા, અને લોભ. વસ્તુતઃ ક્રોધ, માન, માયા અને લોભ આધ્યાત્મિક ભાવો છે. તે અધ્યાત્મભાવના નિમિત્તે જીવ પાપકર્મોનો બંધ કરે છે. આ આઠમું અધ્યાત્મપ્રત્યયિક ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અધ્યાત્મપ્રત્યયિક ક્રિયાસ્થાનનું સ્વરૂપ સમજાવ્યું છે.

**अज्झत्थिए :–** **आत्मन्यध्यध्यात्मं तत्र भव आध्यात्मिको दण्डः ।** અંતઃકરણમાં પ્રગટ થતાં મલિન ભાવોથી જે પાપપ્રવૃત્તિ થાય, તે અધ્યાત્મ પ્રત્યયિક ક્રિયાસ્થાન છે, ક્યારેક બાહ્ય કોઈ પણ નિમિત્ત વિના વ્યક્તિ ઉદાસ કે ચિંતિત બની જાય છે. ક્રોધાદિ ભાવો તેના અંતરમાં પ્રગટે છે. તે મલિન ભાવોના નિમિત્તે જીવ પાપ કર્મનો બંધ કરે છે, તે અધ્યાત્મ પ્રત્યયિક ક્રિયાસ્થાન છે.

**નવમું ક્રિયાસ્થાન : માનપ્રત્યયિક :–**

**૧૪ अहावरे णवमे किरियाठाणे माणवत्तिए त्ति आहिज्जइ । से जहाणामए केइ पुरिसे जाइमएण वा कुलमएण वा बलमएण वा रूवमएण वा तवमएण वा सुयमएण वा लाभमएण वा इस्सरियमएण वा पण्णमएण वा अण्णयरेण वा मयट्ठाणेणं मत्ते समाणे परं हीलेइ णिंदेइ खिंसइ गरहइ परिभवइ अवमण्णइ, इत्तरिए अयं, अहमंसि पुण विसिट्ठजाइकुलबलाइगुणोववेए एवं अप्पाणं समुक्कसे, देहा चुए कम्मबिइए अवसे पयाइ, तं जहा– गब्भाओ गब्भं, जम्माओ जम्मं, माराओ मारं, णरगाओ णरगं, चंडे थद्धे चवले माणी यावि भवइ, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ, णवमे किरियाठाणे माणवत्तिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :– माणवत्तिए** = માનપ્રત્યયિક **इस्सरियमएण** = ઐશ્વર્યમદથી **पण्णमएण** = પ્રજ્ઞા, બુદ્ધિના મદથી **मयट्ठाणेण** = મદસ્થાનથી **परिभवइ** = તિરસ્કાર કરે છે **अवमण्णइ** = અવજ્ઞા કરે છે **विसिट्ठजाइ-कुलबलाइगुणोववेए** = વિશિષ્ટ જાતિ, કુલ, બલ આદિ ગુણોથી યુક્ત **समुक्कसे** = ઉત્કૃષ્ટ માને છે **गब्भाओ** = એક ગર્ભથી **गब्भं** = બીજા ગર્ભને **चंडे** = ચંડ, ક્રોધી **थद्धे** = સ્તબ્ધ-અભિમાની **चवले** = ચપળ.

**ભાવાર્થ :–** ત્યાર પછીનું નવમું માનપ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે, જેમ કે– જાતિમદ, કુળમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ, ઐશ્વર્યમદ અને પ્રજ્ઞામદ, આ આઠ મદસ્થાનમાંથી કોઈ એક મદ સ્થાનથી મત્ત થયેલી વ્યક્તિ બીજી વ્યક્તિની અવહેલના(અવજ્ઞા) કરે છે, નિંદા કરે છે, તેને તરછોડે છે, ઘૃણા કરે છે, ગર્હા કરે છે, બીજાનો પરાભવ કરે છે, અપમાન કરે છે. આ વ્યક્તિ હીન છે, હું વિશિષ્ટ જાતિ, કુળ, બળ, આદિ ગુણોથી સંપન્ન છું, આ પ્રકારે ગર્વ કરે છે.

તે જાતિ આદિ મદથી ઉન્મત્ત પુરુષ આયુષ્ય પૂર્ણ થતાં આ શરીરને અહીં જ છોડીને કર્મ માત્રને સાથે લઈને પરવશપણે પરલોકમાં જાય છે. ત્યાં તે એક ગર્ભથી બીજા ગર્ભને, એક જન્મથી બીજા જન્મને, એક મરણથી બીજા મરણને, એક નરકથી બીજી નરકને પ્રાપ્ત કરે છે. તે ભયંકર ક્રોધી, અતિ રૌદ્રસ્વરૂપી નમ્રતા રહિત, ચપળ અને અતિમાની તે જીવ અભિમાનના નિમિત્તે પાપકર્મોનો બંધ કરે છે. આ નવમું માનપ્રત્યયિક ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં માનપ્રત્યયિક ક્રિયાસ્થાનને સમજાવ્યું છે.

**माणवत्तिए :–** જાતિ આદિ આઠ પ્રકારના મદમાંથી કોઈ એક કે અનેક મદસ્થાનોમાં ઉન્મત્ત બનેલો જીવ વિવિધ પ્રકારે પોતાનું અભિમાન પ્રગટ કરે છે. તે જીવ બીજાની અવજ્ઞા, નિંદા, ઘૃણા, પરાભવ, અપમાન આદિ કરે છે તથા બીજાને જાતિ આદિથી હીન તથા પોતાને ઉત્કૃષ્ટ સમજે છે. માનજન્ય દુષ્કર્મ બંધના પરિણામે તે જીવ ચિરકાળ સુધી જન્મ-મરણના ચક્રમાં ભ્રમણ કરે છે. આ રીતે માનપ્રત્યયિક ક્રિયાસ્થાનનો આધાર આઠ પ્રકારના મદ સ્થાનો છે. તેનું પ્રગટીકરણ અન્યની અવહેલના, નિંદા તથા આત્મપ્રશંસા દ્વારા થાય છે અને તેના પરિણામે તે જીવ દીર્ઘ સંસારમાં પરિભ્રમણ કરે છે.

**દસમું ક્રિયાસ્થાન : મિત્રદોષપ્રત્યયિક :–**

**१५ अहावरे दसमे किरियाठाणे मित्तदोसवत्तिए त्ति आहिज्जइ । से जहाणामए केइ पुरिसे माईहिं वा पिईहिं वा भाईहिं वा भगिणीहिं वा भज्जाहिं वा धूयाहिं वा पुत्तेहिं वा सुण्हाहिं वा सद्धिं संवसमाणे तेसिं अण्णयरंसि अहालहुगंसि अवराहंसि सयमेव गरुयं दंडं णिवत्तेइ, तं जहा– सीओदग-वियडंसि वा कायं उबोडित्ता भवइ; उसिणोदगवियडेण वा कायं ओसिंचित्ता भवइ; अगणिकाएण वा कायं उद्दहित्ता भवइ; जोत्तेण वा वेत्तेण वा णेत्तेण वा तयाए वा कसेण वा छिवाए वा लयाए वा अण्णयरेण वा दवरएण पासाइं उद्दालित्ता भवइ; दंडेण वा अट्ठीण वा मुट्ठीण वा लेलुणा वा कवालेण वा कायं आउट्टित्ता भवइ । तहप्पगारे पुरिसजाए संवसमाणे दुम्मणा भवंति, पवसमाणे सुमणा भवंति, तहप्पगारे पुरिसजाए दंडपासी, दंडगुरुए, दंडपुरक्कडे, अहिए इमंसि लोगंसि, अहिए परंसि लोगंसि, संजलणे, कोहणे, पिट्ठिमंसि यावि भवइ, एवं खलु तस्स तप्पत्तियं सावज्जं त्ति आहिज्जइ । दसमे किरियाठाणे मित्तदोसवत्तिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :–** **मित्तदोसवत्तिए** = મિત્ર દોષ પ્રત્યયિક **अहालहुगंसि अवराहंसि** = કોઈ નાનો એવો અપરાધ થઈ જવા પર **गरुयं** = ભારે **णिवत्तेइ** = આપે છે **सीओदगवियडंसि** = ઠંડા પાણીમાં **उबोडित्ता**= ડૂબાડે છે **ओसिंचित्ता** = સિંચન કરે છે **उद्दहित्ता** = બાળે છે **उद्दालित्ता** = ઉખેડી નાંખે છે **लेलुणा** = ઢેફાથી **कवालेण** = ઠીકરાથી **दंडगरुए** = ભારે દંડ દેનાર **दंड पुरक्कडे** = દંડને આગળ રાખનાર **पिट्ठिमंसि** = ચુગલીખોર, પરોક્ષમાં નિંદા કરનાર.

**ભાવાર્થ :–** ત્યાર પછી દસમું મિત્ર દોષપ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે, જેમ કોઈ પુરુષ માતા, પિતા, ભાઈઓ, બહેનો, પત્ની, કન્યાઓ, પુત્રો અથવા પુત્રવધૂઓ સાથે રહેતો હોય,તે સ્વજનોથી કોઈ નાનો એવો અપરાધ થઈ જાય, તો સ્વયં તે સ્વજનોને ભારે દંડ આપે છે, તે આ પ્રમાણે છે– અત્યંત ઠંડા પાણીમાં તેને ડૂબાડે છે; અત્યંત ઉકળતું પાણી તેના ઉપર છાંટે છે, આગથી ગરમ ડામ દે છે તથા જોતરથી, નેતરથી, છડીથી, ચામડાની ચાબુકથી અથવા કોઈ પણ જાતની રસ્સીથી પ્રહાર કરીને તેની પીઠની ચામડી ઉતરડી નાંખે છે; દંડાથી, હાડકાંથી, મુક્કાથી, ઢેફાથી, ઠીકરા કે પથ્થરથી મારી મારીને તેનું શરીર ઢીલું કરી નાંખે છે, આવા અતિક્રોધી પુરુષ સાથે રહેવાથી તેના પારિવારિકજનો દુઃખી રહે છે, તે પુરુષના પરદેશગમનથી પારિવારિકજનો સુખી રહે છે. જે હંમેશાં પોતાની પાસે દંડો રાખે છે, થોડા અપરાધમાં ભારે દંડ આપે છે, દરેક વાતમાં દંડને આગળ રાખીને વાત કરે છે, તેવા પુરુષ આ લોકમાં, પોતાનું અહિત કરે છે અને પરલોકમાં પણ પોતાનું અહિત કરે છે. તે પ્રતિક્ષણ ઈર્ષ્યાથી બળતો રહે છે, વાત વાતમાં ક્રોધ કરે છે, પીઠ પાછળ બીજાની નિંદા કરે છે અથવા ચાડી ખાય છે.

આ રીતે તે વ્યક્તિ મિત્ર આદિ સ્વજનોને મહાદંડ આપવાના નિમિત્તે પાપકર્મોના બંધ કરે છે. આ દસમું 'મિત્રદોષ પ્રત્યયિક' ક્રિયાસ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મિત્રદોષપ્રત્યયિક ક્રિયાસ્થાનનું સ્વરૂપ તથા તેના દુષ્પરિણામને સ્પષ્ટ કર્યા છે.

**मित्तदोसवत्तिए :– मित्राणामुपतापेन दोषो मित्रदोष स्तत्प्रत्ययिको दण्डो भवति ।** મિત્ર– માતા-પિતા આદિ હિતૈષી સ્વજનોને અહીં 'મિત્ર' સંજ્ઞા આપી છે. કોઈ પણ કારણથી સ્વજનોને પીડિત કરવા તે મિત્રદોષ છે. તેના નિમિત્તે જે ક્રિયા સ્થાનનું સેવન થાય, તે મિત્રદોષ પ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે.

કોઈ સત્તાધીશ પુરુષ પોતાની સાથે રહેતા સ્વજનોના અલ્પ અપરાધમાં પણ પોતાની તુચ્છ પ્રકૃતિના કારણે તેને મહાદંડ આપે છે. તેવી વ્યક્તિઓ સ્વભાવની ઉગ્રતાથી હંમેશાં તનાવગ્રસ્ત રહે છે, વાત વાતમાં ગુસ્સે થાય, પરિણામે તે સ્વયં દુઃખી થાય અને આસપાસમાં રહેતા સ્વજનોને પણ હંમેશાં દુઃખી બનાવે છે. આ રીતે તે ઘોરતમ કર્મબંધ કરીને પરલોકમાં પણ દુઃખની પરંપરાનું સર્જન કરે છે.

**અગિયારમું ક્રિયાસ્થાન : માયાપ્રત્યયિક :–**

**१६ अहावरे एक्कारसमे किरियाठाणे मायावत्तिए त्ति आहिज्जइ । जे इमे भवंति गूढायारा तमोकसिया उलूगपत्तलहुया, पव्वयगुरुया, ते आरिया वि संता अणारियाओ भासाओ पउंजंति, अण्णहा संतं अप्पाणं अण्णहा मण्णंति, अण्णं पुट्ठा अण्णं वागरेंति, अण्णं आइक्खियव्वं अण्णं आइक्खंति ।**

**से जहाणामए केइ पुरिसे अंतोसल्ले तं सल्लं णो सयं णिहरइ, णो अण्णेण णिहरावेइ णो पडिविद्धंसेइ एवमेव णिण्हवेइ, अविउट्टमाणे अंतो-अंतो रियाइ** [झियाइ], **एवमेव माई मायं कट्टु णो आलोएइ णो पडिक्कमइ णो णिंदइ णो गरिहइ णो विउट्टइ णो विसोहेइ णो अकरणयाए अब्भुट्ठेइ णो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जइ, माई अस्सिं लोए पच्चायाइ, माई परंसि लोए पुणो-पुणो पच्चायाइ, णिंदइ, गरिहइ, पसंसइ, णिच्चरइ, ण णियट्टइ, णिसिरियं दंडं छाएइ, माई असमाहडसुहलेस्से यावि भवइ, एवं खलु तस्स तप्पत्तियं सावज्जं त्ति आहिज्जइ । एक्कारसमे किरियाठाणे मायावत्तिए त्ति आहिए ।**

**શબ્દાર્થ :– गूढायारा** = ગૂઢ આચારવાળા **तमोकसिया** = અંધારામાં છુપાઈને ખરાબ(પાપકારી) કાર્યો કરનારા **उलूगपत्तलहुया** = ઘૂવડની પાંખ જેવા હલકા **पव्वयगरुया** = પર્વતની સમાન ભારે **अणारियाओ**= અનાર્ય **पउंज्जंति** = પ્રયોગ કરે છે, બોલે છે **अंतोसल्ले** = અંદરના શલ્યવાળા **णिहरइ** = કાઢે છે **पडि- विद्धंसेइ** = નાશ કરે છે **विउट्टइ** = વિવર્તન કરે છે **पच्चायाइ** = જન્મ લે છે **णिच्चरइ** = વધારે ખરાબ કામ કરે છે **णिसिरियं** = કાઢેલા **असमाहडसुहलेस्से** = શુભલેશ્યાથી રહિત, સારા વિચાર વિનાનો.

**ભાવાર્થ :–** ત્યાર પછી અગિયારમું માયાપ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે, જેમ કોઈ વ્યક્તિ ગૂઢ આચરણવાળી હોય છે, લોકોને અંધારામાં રાખીને કામ કરે છે, પોતે ઘૂવડની પાંખ સમાન તુચ્છ હોવા છતાં પણ પોતાની જાતને પર્વત સમાન મહાન સમજે છે, તે આર્ય હોવા છતાં પણ સ્વયંને છુપાવવા માટે અનાર્ય ભાષાનો પ્રયોગ કરે છે, તે અન્ય રૂપમાં હોવા છતાં પણ સ્વયંને અન્યથા માને છે; તેને કંઈક

પૂછવામાં આવે ત્યારે વાચાળતાવશ બીજી વાતનું વ્યાખ્યાન કરવા લાગે છે.

જેમ કોઈ યુદ્ધમાંથી પલાયન થયેલ પુરુષના અંતરમાં તીર કે તીક્ષ્ણ કાંટો ઘૂસી ગયો હોય, તે પુરુષ તે શૂળને કાઢતો નથી કે બીજા પાસે કઢાવતો નથી અને તે શલ્યનો નાશ પણ કરતો નથી, નિષ્પ્રયોજન જ તેને છુપાવે છે અને તેની વેદનાથી અંદર અંદર પીડા સહન કર્યા કરે છે, તેમ માયાવી વ્યક્તિ પણ માયા કપટ કરીને આલોચના કરતા નથી, પ્રતિક્રમણ કરતા નથી, આત્મસાક્ષીથી નિંદા કે ગુરુજનો સમક્ષ તેની ગર્હા કરતા નથી, પ્રાયશ્ચિત્ત આદિ ઉપાયોથી તેનું નિવારણ કરતા નથી અને તેની શુદ્ધિ કરતા નથી, તેને પુનઃ ન કરવા માટે પ્રયત્ન પણ કરતા નથી તથા તે પાપકર્મને અનુરૂપ યથાયોગ્ય પ્રાયશ્ચિત્તનો પણ સ્વીકાર કરતા નથી.

આવા માયાવી પુરુષો આ લોકમાં અને પરલોકમાં પણ પુનઃ પુનઃ જન્મ મરણ કરતાં દુઃખ ભોગવે છે, તે બીજાની નિંદા કરે છે, પોતાની પ્રસંશા કરે છે, તે માયાચારપૂર્વકના અનુષ્ઠાનો કરે છે, માયા-કપટ સહિતના દુષ્કૃત્યોથી નિવૃત્ત થતા નથી. પ્રાણીઓની હિંસા કરીને પણ તેને છુપાવે છે. તે માયાવી પુરુષ અશુભલેશ્યાવાળા હોય છે.

તે માયાવી પુરુષ માયા-કપટના નિમિત્તે પાપકર્મોનો બંધ કરે છે. આ અગિયારમું માયાપ્રત્યયિક નામનું ક્રિયા સ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં માયાપ્રત્યયિક ક્રિયાસ્થાનનું સ્વરૂપ તથા તેના પરિણામનું નિરૂપણ છે.

**मायावत्तिए :–** परवञ्चनबुद्धिस्तया दण्डो माया प्रत्ययिकः । બીજાને છેતરવાની બુદ્ધિ તે માયા છે. માયાના નિમિત્તે થતી પ્રવૃત્તિ માયાપ્રત્યયિક ક્રિયાસ્થાન છે. આ સૂત્રમાં માયાવી પુરુષની માયાયુક્ત વિવિધ ક્રિયાઓનું નિરૂપણ છે.

તે માયાવી પુરુષ પોતાના દોષોને છુપાવવા માટે, પોતાની વાસ્તવિકતા પ્રગટ ન કરવા માટે અવનવા પ્રયોગ કરે છે. તે કુશળતાપૂર્વકના વચન પ્રયોગ કરે, મનના મલિન ભાવોને છુપાવીને સારા આચરણનો દેખાવ કરે, તુચ્છ વૃત્તિ હોવા છતાં ઉદારતાનું પ્રદર્શન કરે, હિંસાદિ પાપ પ્રવૃત્તિને હંમેશાં છુપાવ્યાં કરે. આ રીતે ગમે તેમ કરીને લોકમાં પોતાની પ્રખ્યાતિ કે પ્રશંસા થાય તે માટે પ્રયત્નશીલ રહે છે.

માયાને એક પ્રકારનું શલ્ય કહ્યું છે. તેવા માયાવી પુરુષ કદાચ માયા પૂર્વકના આચરણથી લોકમાં પ્રખ્યાતિ પામે પરંતુ અંદર શલ્ય ખૂંચેલું હોવાથી તે કદાપિ શાંતિ કે સમાધિ પામી શકતો નથી.

માયા કપટના ભાવોથી તે દોષની આલોચના, નિંદા, ગર્હા કે પ્રાયશ્ચિત્ત કરી શકતો નથી, તેથી આ લોકમાં અને ભવ ભવાંતરમાં માયાના દુષ્પરિણામને ભોગવે છે.

**બારમું ક્રિયાસ્થાન : લોભ પ્રત્યયિક :–**

**१७ अहावरे बारसमे किरियाठाणे लोभवत्तिए त्ति आहिज्जइ, तं जहा– जे इमे भवंति आरण्णिया आवसहिया गामंतिया कण्हुईरहस्सिया, णो बहुसंजया, णो बहुपडिविरया सव्वपाण-भूय-जीव-सत्तेहिं; ते सच्चामोसाइं एवं विउंजंति– अहं ण हंतव्वो अण्णे हंतव्वा, अहं ण अज्जावेयव्वो अण्णे अज्जावेयव्वा, अहं ण परिघेत्तव्वो अण्णे परिघेत्तव्वा, अहं ण परितावेयव्वो अण्णे परितावेयव्वा, अहं**

**ण उद्दवेयव्वो अण्णे उद्दवेयव्वा, एवामेव ते इत्थिकामेहिं मुच्छिया गिद्धा गढिया अज्झोववण्णा जाव वासाइं चउपंचमाइं छद्दसमाइं अप्पयरो वा भुज्जयरो वा भुंजित्तु भोगभोगाइं कालमासे काल किच्चा अण्णयरेसु आसुरिएसु किव्विसिएसु ठाणेसु उववत्तारो भवंति, तओ विप्पमुच्चमाणा भुज्जो-भुज्जो एलमूयत्ताए** [तमूयत्ताए जाइमूयत्ताए] **पच्चायंति, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ । दुवालसमे किरियाठाणे लोभवत्तिए त्ति आहिए ।**

**इच्चेयाइं दुवालस किरियाठाणाइं दविएणं समणेणं वा माहणेण वा सम्मं सुपरिजाणियव्वाइं भवइ ।**

**શબ્દાર્થ :–** **आरण्णिया** = અરણ્યક, વનવાસી **आवसहिया** = આવસયિક–ઝૂંપડી બનાવીને નિવાસ કરનારા **गामंतिया** = ગામની નજીક રહેનારા **कण्हुईरहस्सिया** = રહસ્યમય સાધના કરનારા **बहुसंजया**= બહુસંયમી **बहुपडिविरया** = બહુપ્રતિવિરત-હિંસાથી નિવૃત્ત **सच्चामोसाइं** = સત્યમૃષા **अज्जावेयव्वो**= આજ્ઞાપનીય-આજ્ઞા આપવા યોગ્ય **परिघेत्तव्वो** = દાસ થવા યોગ્ય **परितावेयव्वो** = પરિતાપ આપવા યોગ્ય **उद्दवेयव्वो** = ઉપદ્રવ કરવા યોગ્ય **आसुरिएसु** = અસુર લોકમાં **किव्विसिएसु** = કિલ્વિષિક દેવોમાં **एलमूयत्ताए** = બકરાની જેમ મૂંગો.

**ભાવાર્થ :–** ત્યાર પછી બારમું લોભ પ્રત્યયિક ક્રિયાસ્થાન કહેવાય છે, તે આ પ્રમાણે છે– વનમાં નિવાસ કરનારા, કુટિર બનાવીને રહેનારા, ગામની નજીક ડેરા નાખીને રહેનારા, એકાંત સ્થાનમાં છુપાઈને રહેનારા તે વનવાસી આદિ સંયમી હોતા નથી, તેઓ પાપકારી પ્રવૃત્તિથી વિરત નથી, તે પ્રાણ-ભૂત જીવ અને સત્વની હિંસાથી નિવૃત્ત હોતા નથી. તે હંમેશાં મિશ્ર ભાષાનો પ્રયોગ કરે છે, જેમ કે– હું બ્રાહ્મણ કે તાપસ છું, તેથી અપરાધી હોવા છતાં હું વધ યોગ્ય નથી, આ શુદ્રાદિ ચાબૂક, દંડાદિથી મારવા યોગ્ય છે. હું વર્ણમાં ઉત્તમ બ્રાહ્મણવર્ણીય હોવાથી આજ્ઞામાં રહેવા યોગ્ય નથી, પરંતુ બીજા શુદ્રવર્ણીય મનુષ્યો આજ્ઞામાં રહેવા યોગ્ય છે. હું દાસી-દાસ આદિ રૂપે ખરીદીને પરિગ્રહણ કરવા યોગ્ય અથવા નિગ્રહ કરવા યોગ્ય નથી, બીજા શુદ્રાદિવર્ણીય મનુષ્યો પરિગ્રહણ કે નિગ્રહ કરવા યોગ્ય છે. હું સંતાપ દેવા યોગ્ય નથી, પરંતુ અન્ય જીવો સંતાપ દેવા યોગ્ય છે. હું ઉપદ્રવ કરવા યોગ્ય નથી, બીજા પ્રાણી ઉપદ્રવ કરવા યોગ્ય છે.

આ રીતે પરમાર્થથી અનભિજ્ઞ તે લોભી સ્વાર્થી લોકો, સ્ત્રીઓ અને શબ્દાદિ કામભોગમાં મૂર્ચ્છિત, આસક્ત, સતત વિષયભોગમાં ગૃદ્ધ, ગર્હિત અને લીન રહે છે.

તે ચાર, પાંચ, છ અથવા દસ વર્ષ સુધી અલ્પ કે અધિક કામભોગનો ભોગવટો કરીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને અસુરલોકમાં કિલ્વિષી દેવ રૂપે ઉત્પન્ન થાય છે. તે આસુરી યોનિમાંથી આયુક્ષય થવાથી મનુષ્ય જન્મ પામે, તો પણ તે બકરાની જેમ મૂકપણાને પ્રાપ્ત થાય છે.(જન્માંધ–દ્રવ્યથી અંધ તથા ભાવથી અજ્ઞાનાંધને પ્રાપ્ત થાય છે.) આ રીતે લોભના નિમિત્તે તે જીવ પાપ કર્મોનો બંધ કરે છે. આ બારમું લોભપ્રત્યયિક ક્રિયાસ્થાન છે.

આ પૂર્વોક્ત બાર ક્રિયાસ્થાનો મોક્ષગમન યોગ્ય ભવી જીવોએ, શ્રમણો અને માહણોએ સમ્યક પ્રકારે જાણવા જોઈએ અને ત્યાર પછી તેનો ત્યાગ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં લોભપ્રત્યયિક ક્રિયાસ્થાનનું સ્વરૂપ દર્શાવ્યું છે.

**લોભ પ્રત્યયિક ક્રિયાસ્થાન :–** લોભના નિમિત્તે થતી પ્રવૃત્તિ લોભ પ્રત્યયિક ક્રિયાસ્થાન છે. સંસારી જીવોને પ્રાયઃ વિષયોની પ્રાપ્તિનો, પ્રાપ્ત થયેલા વિષયોના સંરક્ષણનો લોભ હોય જ છે અને તે લોભ કષાયના નિમિત્તે તે વિવિધ પ્રકારે પાપ પ્રવૃત્તિ કરે છે. તે જ રીતે કેટલાક તાપસાદિ સંન્યાસીઓ સંસારનો ત્યાગ કરીને વનવાસનો સ્વીકાર કરે, એકાંત સાધના કરે છે, તેમ છતાં તેના અંતરમાંથી પણ લોભના ભાવો છૂટતા નથી. તે તાપસાદિ સ્ત્રી આદિમાં મૂર્ચ્છિત થાય છે. કામભોગની આસક્તિથી પોતાની પાપલીલાને છુપાવી પાખંડી પ્રવૃત્તિ કરે છે. તેવા જીવો લોભના નિમિત્તે ઘણા કર્મોનો બંધ કરે છે.

પોતાની પાખંડી પ્રવૃત્તિથી આ ભવમાં બે-પાંચ વર્ષ સુધી ઇચ્છાપૂર્તિ કરે પરંતુ તે દુષ્કર્મના પરિણામે ભવ-ભવાંતરમાં દુઃખી થાય છે.

**एलमूयत्ताए :–** બકરાની જેમ મૂકપણાને પ્રાપ્ત થાય છે, પશુની જેમ મૂકપણાને પ્રાપ્ત કરે છે. કેટલીક પ્રતોના મૂળપાઠમાં આ શબ્દની સાથે તે **तमूयत्ताए** = તે બકરાની જેવા મૂકપણાને પ્રાપ્ત કરે છે અને **जाईमूयत्ताए** = જન્મથી મૂકપણાને પ્રાપ્ત કરે છે, આવા બે શબ્દો વધારાના જોવા મળે છે, પરંતુ દશવૈકાલિક આદિ અનેક શાસ્ત્રોમાં આ ભાવોને સૂચવવા માટે **एलमूयत्ताए** એક જ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. આ સૂત્રની પ્રાચીન તાડપત્રીય પ્રતમાં **एलमूयत्ताए** એક જ શબ્દ હોવાની સૂચના શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈથી પ્રકાશિત પ્રતના ટિપ્પણમાં આપેલ છે. તેથી અહીં મૂળપાઠમાં એક જ શબ્દને સ્વીકારીને બે શબ્દોને કોષ્ટકમાં આપ્યા છે.

**તેરમું ક્રિયાસ્થાન : ઐર્યાપથિક :–**

**१८ अहावरे तेरसमे किरियाठाणे इरियावहिए त्ति आहिज्जइ, इह खलु अत्तत्ताए संवुडस्स अणगारस्स इरियासमियस्स भासासमियस्स एसणासमियस्स आयाणभंड-मत्तणिक्खेवणासमियस्स उच्चार-पासवण-खेल-सिंघाण-जल्ल-पारिट्ठावणियासमियस्स मणसमियस्स वइसमियस्स कायसमियस्स मणगुत्तस्स वइगुत्तस्स कायगुत्तस्स [गुत्तस्स] गुत्तिंदियस्स गुत्तबंभयारिस्स आउत्तं गच्छमाणस्स आउत्तं चिट्ठमाणस्स आउत्तं णिसीय- माणस्स आउत्तं तुयट्टमाणस्स आउत्त भुंजमाणस्स आउत्तं भासमाणस्स आउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गिण्हमाणस्स वा णिक्खिवमाणस्स वा जाव चक्खुपम्ह- णिवायमवि अत्थि वेमाया सुहुमा किरिया इरियावहिया णामं कज्जइ, सा पढमसमए बद्धा पुट्ठा, बिईयसमए वेइया, तइयसमए णिज्जिण्णा, सा बद्धा पुट्ठा उदीरिया वेइया णिज्जिण्णा सेयकाले अकम्मा यावि भवइ । एवं खलु तप्पत्तियं असावज्जे त्ति आहिज्जइ। तेरसमे किरियाठाणे इरियावहिए त्ति आहिए ।**

**से बेमि– जे य अईया जे य पडुप्पण्णा जे य आगमिस्सा अरहंता भगवंतो सव्वे ते एयाइं चेव तेरस किरियाठाणाइं भासिंसु वा भासेंति वा भासिस्संति वा पण्णविंसु**

**वा पण्णवेंति वा पण्णविस्संति वा, एवं चेव तेरसमं किरियाठाणं सेविंसु वा सेवंति सेविस्संति वा ।**

**શબ્દાર્થ :–** **अत्तत्ताए** = આત્મહિતને માટે **इरियासमियस्स** = ઈર્યા સમિતિથી યુક્ત **मणगुत्तस्स** = મનોગુપ્તિથી યુક્ત **गुत्तिंदियस्स** = ગુપ્તેન્દ્રિય, ઈન્દ્રિયોનો નિગ્રહ કરનાર **आउत्तं** = ઉપયોગપૂર્વક **चक्खु-पम्हणिवायमवि** = આંખનો પલકારો મારતા થકા પણ **वेमाया** = વિમાત્રા-વિવિધ માત્રાવાળી **सुहुमा** = સૂક્ષ્મ **बद्धा** = બદ્ધ **पुट्ठा** = સ્પૃષ્ટ **वेइया** = વેદિત **उदीरिया** = ઉદીરિત **णिज्जिण्णा** = નિર્જીર્ણ, નિર્જરેલા **अकम्मा** = અકર્મ.

**ભાવાર્થ :–** ત્યાર પછી તેરમું ઐર્યાપથિક ક્રિયાસ્થાન કહેવાય છે. આ જગતમાં જે વ્યક્તિ પોતાના આત્મભાવોની અનુભૂતિ માટે સમસ્ત પરભાવ કે પાપ પ્રવૃત્તિથી નિવૃત્ત થયા છે તથા ગૃહસ્થપણાને છોડીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા છે, જે ગમનાગમનમાં યતનારૂપ ઈર્યાસમિતિ, સાવદ્યભાષાના ત્યાગરૂપ ભાષા સમિતિ, નિર્દોષ આહાર પાણીને ગ્રહણ કરવા રૂપ એષણા સમિતિ, વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણોને વિવેકપૂર્વક ગ્રહણ કરવા અને મૂકવા રૂપ આદાનભંડ-માત્ર-નિક્ષેપ-સમિતિ, મળ-મૂત્રાદિ શરીરની અશુચિના વિવેકપૂર્વક ત્યાગ કરવા રૂપ ઉચ્ચાર-પ્રસવણ-ખેલ-જલ્લ-સિંઘાણ-પરિસ્થાપનિકા સમિતિ અર્થાત્ પરઠવવાની સમિતિ, મન, વચન અને કાયાની શુભ પ્રવૃત્તિ રૂપ મનસમિતિ, વચન સમિતિ અને કાયસમિતિ, આ આઠે પ્રકારની સમિતિઓથી યુક્ત, મન, વચન, કાયાને વશમાં રાખવા રૂપ મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, આ ત્રણે ગુપ્તિઓથી ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી છે, જે ઉપયોગ પૂર્વક ગમન કરે છે, ઉપયોગ પૂર્વક ઊભા થાય છે, ઉપયોગપૂર્વક બેસે છે, ઉપયોગસહિત(પડખું) બદલે છે, ઉપયોગ પૂર્વક ભોજન કરે છે, ઉપયોગ પૂર્વક બોલે છે, ઉપયોગપૂર્વક વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન આદિને ગ્રહણ કરે છે અને ઉપયોગ પૂર્વક જ તેને મૂકે છે. ત્યાં સુધી કે આંખની પાંપણો પણ ઉપયોગ પૂર્વક ઉઘાડ-બંધ કરે છે.

આવા પૂર્વોક્ત ગુણસંપન્ન સાધુ વિવિધ પ્રકારે સૂક્ષ્મ ઐર્યાપથિકી નામની ક્રિયા કરે છે. તે ઐર્યાપથિકી ક્રિયાના પ્રથમ સમયમાં બંધ અને સ્પર્શ, દ્વિતીય સમયમાં તેનું વેદન અને ત્રીજા સમયમાં તેની નિર્જરા થાય છે, આ રીતે ઐર્યાપથિકી ક્રિયા સ્થાનના નિમિત્તથી બંધાતા કર્મો ક્રમશઃ બદ્ધ, સ્પૃષ્ટ, ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ થાય છે ત્યાર પછી તે અકર્મતાને પ્રાપ્ત થાય છે.

આ રીતે વીતરાગ પુરુષની પૂર્વોક્ત ઐર્યાપથિક ક્રિયા નિરવદ્ય હોય છે. તેને પાપ કર્મોનો બંધ થતો નથી. આ તેરમું ઐર્યાપથિક ક્રિયાસ્થાન છે.

શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે– કે ભૂતકાળમાં જે તીર્થંકરો થઈ ગયા છે, વર્તમાન કાલમાં જેટલા તીર્થંકરો છે અને ભવિષ્યમાં જે તીર્થંકરો થશે, તે સર્વ તીર્થંકરોએ આ તેર ક્રિયાસ્થાનનું કથન કર્યું છે, કરે છે અને કરશે. આ તેર ક્રિયાસ્થાનોની પ્રરૂપણા કરી હતી, પ્રરૂપણા કરે છે, પ્રરૂપણા કરશે અને વીતરાગપણામાં આ તેરમા ક્રિયાસ્થાનનું સેવન કર્યું છે, સેવન કરે છે અને સેવન કરશે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઐર્યાપથિક ક્રિયાસ્થાન અને તેનાથી થતાં કર્મબંધનનું નિરૂપણ છે.

**इरियावहिए :–** સર્વત્ર ઉપયુક્ત(ઉપયોગવાન) અકષાયી–વીતરાગી પુરુષના મન, વચન, કાયાથી જે

ક્રિયા થાય, તે ઐર્યાપથિક ક્રિયા અને તેનાથી થતાં કર્મબંધને ઐર્યાપથિક કર્મબંધ કહે છે.

સૂત્રકારે ઐર્યાપથિક ક્રિયાસ્થાનવાળા જીવોના ગુણોનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

**अत्तत्ताए संवुडस्स :–** આત્મ કલ્યાણના હેતુથી સર્વ પ્રકારના પરભાવથી અને કાષાયિક પરિણામોથી અને રાગ-દ્વેષથી સર્વથા નિવૃત્ત વીતરાગી પુરુષ.

વીતરાગી પુરુષમાં રાગ-દ્વેષ આદિ મલિન ભાવો ન હોવાથી તેની એક પણ પ્રવૃત્તિમાં ચંચળતા હોતી નથી, તેની પ્રત્યેક ક્રિયા ઉપયોગપૂર્વક હોય છે, તે જીવો આઠ સમિતિઓથી યુક્ત, ત્રણે ગુપ્તિથી ગુપ્ત આદિ સૂત્રોક્ત ગુણોથી યુક્ત હોય છે.

વીતરાગી પુરુષને મન, વચન, કાયાની પ્રવૃત્તિથી કર્મબંધ થાય છે, પરંતુ કષાયનો અભાવ હોવાથી તેમના કર્મબંધમાં સ્થિતિ બંધ કે અનુભાગ બંધ થતો નથી. તે જીવોને પ્રથમ સમયે કર્મનો બંધ થાય, બીજા સમયે તેનો ઉદય થાય અને ત્રીજા સમયે તે કર્મ અકર્મરૂપ બનીને ખરી જાય અર્થાત્ તેની નિર્જરા થઈ જાય છે.

આ રીતે વીતરાગી પુરુષને असावज्जे સંપૂર્ણ પાપરહિત, યૌગિક પ્રવૃત્તિના નિમિત્તે થતો કર્મબંધ, તે ઐર્યાપ્રત્યયિક બંધ છે.

**પ્રથમ સ્થાન અધર્મપક્ષ :–**

**१९** अदुत्तरं च णं पुरिसविजयविभंगमाइक्खिस्सामि ।

**इह खलु णाणापण्णाणं णाणाछंदाणं णाणासीलाणं णाणादिट्ठीणं णाणारुइणं णाणारंभाणं णाणाज्झवसाणसंजुत्ताणं णाणाविहं पावसुयज्झयणं एवं भवइ, तं जहा– १भोम्मं २ उप्पायं ३ सुविणं ४ अंतलिक्ख ५ अंगं ६ सरं ७ लक्खणं ८ वंजणं ९ इत्थिलक्खणं १० पुरिसलक्खणं ११ हयलक्खणं १२ गयलक्खणं १३ गोणलक्खणं १४ मेंढलक्खणं १५ कुक्कुडलक्खणं १६ तित्तिरलक्खणं १७ वट्टगलक्खण १८ लावगलक्खणं १९ चक्कलक्खणं २० छत्तलक्खणं २१ चम्मलक्खणं २२ दंडलक्खणं २३ असिलक्खणं २४ मणिलक्खणं २५ कागिणिलक्खणं २६ सुभगाकरं २७ दुब्भगाकरं २८ गब्भकरं २९ मोहणकरं ३० आहव्वणिं ३१ पागसासणिं ३२ दव्वहोमं ३३ खत्तियविज्जं ३४ चंदचरियं ३५ सूरचरियं ३६ सुक्कचरियं ३७ बहस्सइचरियं ३८ उक्कापायं ३९ दिसादाहं ४० मियचक्कं ४१ वायसपरिमंडलं ४२ पंसुवुट्ठिं ४३ केसवुट्ठिं ४४ मंसवुट्ठिं ४५ रुहिरवुट्ठिं ४६ वेतालिं ४७ अद्धवेतालिं ४८ ओसोवणिं ४९ तालुग्घाडणिं ५० सोवागिं ५१ साबरिं ५२ दामिलिं ५३ कालिंगिं ५४ गोरिं ५५ गंधारिं ५६ ओवयणिं ५७ उप्पयणिं ५८ जंभणिं ५९ थंभणिं ६० लेसणिं ६१ आमयकरणिं ६२ विसल्लकरणिं ६३ पक्कमणिं ६४ अंतद्धाणिं ६५ आयमणिं । एवमाइयाओ विज्जाओ अण्णस्स हेउं पउंजंति, पाणस्स हेउं पउंजंति, वत्थस्स हेउं पउंजंति, लेणस्स हेउं पउंजंति, सयणस्स हेउं पउंजंति, अण्णेसिं वा विरूवरूवाणं कामभोगाण हेउं पउंजंति, तेरिच्छं ते विज्जं सेवंति, ते अणारिया विप्पडिवण्णा ते कालमासे कालं किच्चा अण्णयरेसु आसुरिएसु किव्विसिएसु ठाणेसु उववत्तारो भवंति, तओ वि विप्पमुच्चमाणा भुज्जो एलमूयत्ताए तमंधयाए पच्चायंति ।**

**શબ્દાર્થ :– णाणाच्छंदाणं** = ભિન્ન ભિન્ન (વિવિધ) અભિપ્રાયવાળા **णाणाज्झवसाणसंजुत्ताणं** = વિવિધ અધ્યવસાયવાળા **णाणाविह पावसुयज्झयणं** = વિવિધ પ્રકારના પાપ સૂત્રોનું અધ્યયન.

**ભાવાર્થ :–** પાપના કારણભૂત ક્રિયાસ્થાનોના નિરૂપણ પછી હવે પાપકારી વિદ્યાનું કથન થાય છે, જેના દ્વારા અલ્પસત્ત્વવાન પુરુષો અનર્થાનુબંધી વિજયને પ્રાપ્ત કરે છે. તે વિદ્યાના વિવિધ વિકલ્પોનું હું કથન કરીશ.

આ મનુષ્યક્ષેત્રમાં વિવિધ પ્રકારની પ્રજ્ઞા, વિવિધ અભિપ્રાય, વિવિધ પ્રકારના આચાર, વિવિધ પ્રકારની દષ્ટિ, વિવિધ પ્રકારની રુચિ, વિવિધ પ્રકારના આરંભ તથા વિવિધ પ્રકારના અધ્યવસાયોથી યુક્ત મનુષ્યો દ્વારા પોત-પોતાની રુચિ, દષ્ટિ આદિ અનુસાર અનેકવિધ પાપ પ્રેરક સૂત્રોનું અધ્યયન કરવામાં આવે છે. તે આ પ્રમાણે છે– (૧) ભૌમ– ભૂકંપ આદિ તથા ભૂમિગત જળ તથા ખનિજ પદાર્થોનું જ્ઞાન દેનારું શાસ્ત્ર, (૨) ઉત્પાત– કોઈ પ્રકારના પ્રાકૃતિક ઉત્પાત-ઉપદ્રવનું અને તેનાં ફળને સૂચિત કરતું શાસ્ત્ર, (૩) સ્વપ્ન–સ્વપ્નના પ્રકાર અને તેનાં શુભાશુભ ફળ બતાવનારું શાસ્ત્ર, (૪) અંતરિક્ષ– આકાશમાં થનારાં મેઘ, વિદ્યુત, નક્ષત્ર આદિની ગતિવિધિનું જ્ઞાન કરાવનારું શાસ્ત્ર, (૫) અંગ– નેત્ર, ભ્રમર, ભુજા આદિ અંગોના સ્ફુરણનું ફળ બતાવનારું શાસ્ત્ર, (૬) સ્વર– કાગડા, શિયાળ અને પક્ષી વગેરેના અવાજનું ફળ બતાવનારા શાસ્ત્ર અથવા સ્વર શાસ્ત્ર, (૭) લક્ષણ– નરનારીના હાથ પગ વગેરે અંગોમાં રહેલાં યવ, મત્સ્ય, ચક્ર, પદ્મ, શ્રીવત્સ આદિ રેખાઓ યુક્ત ચિન્હોનું ફળ બતાવનારું શાસ્ત્ર, (૮) વ્યંજન– મસા, તલ આદિનું ફળ બતાવનારું શાસ્ત્ર, (૯) સ્ત્રીલક્ષણ– વિવિધ પ્રકારની સ્ત્રીઓનાં લક્ષણસૂચક શાસ્ત્ર, (૧૦) પુરુષલક્ષણ– વિવિધ પ્રકારના પુરુષોનાં લક્ષણોનું પ્રતિપાદક શાસ્ત્ર, (૧૧) હયલક્ષણ– ઘોડાના લક્ષણ બતાવનારું શાસ્ત્ર, (૧૨) ગજલક્ષણ– હાથીના લક્ષણોનું પ્રતિપાદક શાસ્ત્ર, (૧૩) ગોલક્ષણ– વિવિધ પ્રકારના ગૌવંશના લક્ષણસૂચક શાસ્ત્ર, (૧૪) મેષલક્ષણ– ઘેટાનાં લક્ષણોનું સૂચક શાસ્ત્ર, (૧૫) કુક્કુટ લક્ષણ– મરઘાના લક્ષણ બતાવનારું શાસ્ત્ર, (૧૬) તિતિરલક્ષણ– વિવિધ પ્રકારનાં તેતરોના લક્ષણ બતાવનારું શાસ્ત્ર, (૧૭) વર્તકલક્ષણ– બતકનાં લક્ષણોનું પ્રતિપાદક શાસ્ત્ર, (૧૮) લાવક લક્ષણ– લાવક પક્ષીનાં લક્ષણોનું પ્રતિપાદક શાસ્ત્ર, (૧૯) ચક્રલક્ષણ– ચક્ર નાં લક્ષણો બતાવનારું શાસ્ત્ર, (૨૦) છત્રલક્ષણ– છત્રનાં લક્ષણોનું સૂચક શાસ્ત્ર, (૨૧) ચર્મ લક્ષણ– ચર્મરત્નનાં લક્ષણો બતાવનારું શાસ્ત્ર, (૨૨) દંડલક્ષણ– દંડ રત્નનાં લક્ષણો બતાવનારું શાસ્ત્ર, (૨૩) અસિલક્ષણ– તલવારનાં લક્ષણોનું પ્રતિપાદક શાસ્ત્ર, (૨૪) મણિલક્ષણ– મણિ-રત્નોનાં લક્ષણો બતાવનારું શાસ્ત્ર, (૨૫) કાકિણી લક્ષણ– કાકિણી રત્નનાં લક્ષણો બતાવનારું શાસ્ત્ર, (૨૬) સુભગાકર– કુરૂપને સુરૂપ બનાવનારી વિદ્યા, (૨૭) દુર્ભગાકર– સુરૂપને કુરૂપ બનાવનારી વિદ્યા, (૨૮) ગર્ભકરી– ગર્ભની રક્ષા કરવાનો ઉપાય બતાવનારી વિદ્યા, (૨૯), મોહનકરી– પુરુષ કે સ્ત્રીને મોહિત કરનારી, મતિભ્રમ પેદા કરનારી વિદ્યા, (૩૦) આથર્વણી– તત્કાલ અનર્થ ઉત્પન્ન કરનારી અથવા જગતનો ધ્વંસ કરનારી વિદ્યા, (૩૧) પાકશાસન– ઈન્દ્રજાલ વિદ્યા, (૩૨) દ્રવ્યહોમ– મારણ, ઉચ્ચાટન આદિ કરવા માટે મંત્રોની સાથે મધ, ઘી આદિ દ્રવ્યોની હોમવિધિ બતાવનારી વિદ્યા, (૩૩) ક્ષત્રિયવિદ્યા– ક્ષત્રિયોની શસ્ત્રાસ્ત્ર ચાલન તથા યુદ્ધ આદિની વિદ્યા, (૩૪) ચંદ્રચરિત– ચંદ્રની ગતિ આદિને બતાવનારું શાસ્ત્ર, (૩૫) સૂર્યચરિત– સૂર્યની ગતિ આદિને બતાવનારું શાસ્ત્ર, (૩૬) શુક્રચરિત– શુક્રતારાની ગતિને બતાવનારું શાસ્ત્ર, (૩૭) બૃહસ્પતિચરિત– ગુરુની ગતિ બતાવનારું શાસ્ત્ર, (૩૮) ઉલ્કાપાત– ખરતા તારાના શુભાશુભ ફળને સૂચિત કરતું શાસ્ત્ર, (૩૯) દિગ્દાહ– દિશાદાહનું

સૂચક શાસ્ત્ર, (૪૦) મૃગચક્ર– ગામનાં પ્રવેશ સમયે મૃગાદિ પશુઓનાં દર્શનનું શુભાશુભ ફળ બતાવનારું શાસ્ત્ર,(૪૧) વાયસપરિમંડલ– કાગડા આદિ પક્ષીઓના બોલવાનાં શુભાશુભ ફળ બતાવનારું શાસ્ત્ર, (૪૨) પાંસુવૃષ્ટિ– ધૂળવર્ષાના ફળનું નિરૂપક શાસ્ત્ર, (૪૩) કેશવૃષ્ટિ– કેશવર્ષાના ફળનું પ્રતિપાદક શાસ્ત્ર, (૪૪) માંસવૃષ્ટિ– માંસવર્ષાના ફળનું સૂચક શાસ્ત્ર, (૪૫) રૂધિરવૃષ્ટિ– રક્ત-વર્ષાના ફળનું નિરૂપક શાસ્ત્ર, (૪૬) વૈતાલી– જેના પ્રભાવથી અચેતન કાષ્ઠમાં પણ ચેતના આવી જાય, તે વૈતાલી વિદ્યા છે, (૪૭) અર્ધવૈતાલી– વૈતાલી વિદ્યાની વિરોધીની વિદ્યા અથવા જે વિદ્યાના પ્રભાવથી ઉઠાવેલો દંડ પાડી નાખવામાં આવે, (૪૮) અવસ્વાપિની– જાગતા મનુષ્યને નિદ્રાધીન બનાવતી વિદ્યા, (૪૯) તાલોદ્‌ઘાટિની–તાળાને ખોલી નાખનારી વિદ્યા, (૫૦) શ્વપાકી વિદ્યા– ચાંડલોની વિદ્યા, (૫૧) શાબરી વિદ્યા, (૫૨) દ્રાવિડી વિદ્યા, (૫૩) કાલિંગી વિદ્યા, (૫૪) ગૌરી વિદ્યા, (૫૫) ગાંધારી વિદ્યા, (૫૬) અવપતની– નીચે પાડી દેનારી વિદ્યા, (૫૭) ઉત્પતની– ઉપર ઉઠાવનારી વિદ્યા, (૫૮) જૃંભણી– બગાસા સંબંધી અથવા મકાન, વૃક્ષ કે પુરુષને કંપાવનારી વિદ્યા, (૫૯) સ્તંભની– સ્તંભિત કરનારી, થંભાવનારી વિદ્યા, (૬૦) શ્લેષણી– હાથ પગ આદિ ચોંટાડી દેનારી વિદ્યા, (૬૧) આમયકરણી– કોઈ પ્રાણીને રોગી કે ગ્રહગ્રસ્ત બનાવનારી વિદ્યા, (૬૨) વિશલ્યકરણી– શરીરમાં પ્રવિષ્ટ વળગાડ આદિ શલ્યને કાઢનારી અથવા નિરોગી બનાવનારી વિદ્યા, (૬૩) પ્રક્રમણી– કોઈ પ્રાણીને ભૂત-પ્રેત આદિની પીડા ઉત્પન્ન કરી દેનારી વિદ્યા (૬૪) અંતર્ધાની– અંજનાદિ પ્રયોગ કરીને મનુષ્ય અદશ્ય થઈ જાય, તે વિદ્યા, (૬૫) આયામિની– નાની વસ્તુને મોટી બનાવીને બતાવનારી વિદ્યા. અન્યતીર્થિક સાધુઓ, દ્રવ્યલિંગી સાધુઓ તથા ગૃહસ્થો આ વિદ્યાઓ તથા આ પ્રકારની અનેક વિદ્યાઓના પ્રયોગ અન્ય માટે, ઉદર પૂર્તિ માટે, ભોજન માટે, પેય પદાર્થને માટે, વસ્ત્ર માટે, આવાસ સ્થાન માટે, શય્યાની પ્રાપ્તિ માટે તથા અન્ય વિવિધ પ્રકારના કામભોગની પ્રાપ્તિ માટે કરે છે. આ વિદ્યાઓનો પ્રયોગ આત્મહિત તથા પરલોકથી પ્રતિકૂળ છે.

વિપરીત દષ્ટિવાળા તે અનાર્ય પુરુષો મૃત્યુના સમયે મૃત્યુ પામીને આસુરિક કિલ્વિષિક સ્થાનમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં તે પુનઃપુનઃ બકરાની જેમ મૂક અથવા જન્મથી અંધ, થાય છે.

**૨૦ से एगइओ आयहेउं वा णायहेउं वा सयणहेउ वा अगारहेउं वा परिवारहेउं वा णायगं वा सहवासियं वा णिस्साए, अदुवा अणुगामिए, अदुवा उवचरए, अदुवा पाडिपहिए, अदुवा संधिच्छेयए, अदुवा गंठिच्छेयए, अदुवा ओरब्भिए, अदुवा सोयरिए, अदुवा वागुरिए, अदुवा साउणिए, अदुवा मच्छिए, अदुवा गोवालए, अदुवा गोघायए, अदुवा सोवणिए, अदुवा सोवणियंतिए ।**

**શબ્દાર્થ:–** आयहेउं = આત્મા માટે णायहेउं = જ્ઞાતિને માટે सयणहेउं = સ્વજનને માટે णिस्साए = નિમિત્ત.

**ભાવાર્થ :–** કોઈ પાપી મનુષ્ય પોતના માટે, પોતાના સ્વજનો માટે, પોતાનું ઘર બનાવવા માટે, પોતાના પરિવારના ભરણ-પોષણ માટે પોતાના સહવાસી કે પાડોશી માટે નિમ્નોક્ત પાપકર્મનું આચરણ કરે છે–

(૧) અનુગામિક– બીજાના ધનનું અપહરણ કરવા માટે તે ધનિક પુરુષનો પીછો પકડે છે. (૨) ઉપચરક– તક મળતાં તે પુરુષને મારીને તેનું ધન લઈશ તેવી મલિન ભાવનાથી ધનિકના સેવક બનીને રહે છે. (૩) પ્રતિપથિક– ધન લૂંટવાના આશયથી ધનિક જે માર્ગેથી આવતા હોય, તેની સામે જાય છે. (૪) સંધિચ્છેદક– બાકોરું પાડીને ઘરમાં પ્રવેશ કરીને ચોરી કરે છે. (૫) ગ્રંથિચ્છેદક– ગાંઠડી છોડીને, ખિસ્સુ કાપીને ધન લઈલે છે, (૬) ઔરભ્રિક ઘેટાં ચરાવનારા બનીને, (૭) શૌકરિક– સૂવર પાળનારા

બનીને, (૮) વાગુરિક–પારધી અથવા શિકારી બનીને, (૯) શાકુનિક–પક્ષીઓને જાળમાં ફસાવનારા બનીને (૧૦) મચ્છિક–માચ્છીમાર બનીને, (૧૧) ગોવાળ બનીને, (૧૨) ગોઘાતક–કસાઈ બનીને, (૧૩) શ્વાનપાલક– કૂતરાને પાળનારા બનીને, (૧૪) શૌવાન્તિક–શિકારી કૂતરા પાસે પશુઓનો શિકાર કરાવી તેનો અંત લાવનારા બનીને વિવિધ પ્રકારે પાપની પ્રવૃત્તિ કરે છે.

**૨૧ से एगइओ अणुगामियभावं पडिसंधाय तमेव अणुगामियाणुगमियं हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता आहारं आहारेइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**શબ્દાર્થ :–** **अप्पाणं** = પોતાની જાતને **उवक्खाइत्ता** = પ્રખ્યાત, પ્રસિદ્ધ.

**ભાવાર્થ :–** કોઈ પાપી બીજે ગામ જતા કોઈ ધનિક પાસે ધન છે તે જાણીને તેનો પીછો કરવાના ઈરાદાથી, સાથે ચાલવાની અનુકૂળતા સમજાવીને તેની પાછળ-પાછળ ચાલે છે અને તક મળતાં તેને હનન–દંડા વગેરેથી મારે છે, છેદન–તલવાર વગેરેથી તેના હાથ પગ કાપી નાંખે છે, ભેદન–મુક્કાદિના પ્રહારોથી તેના અંગોપાંગનું ભેદન કરે છે, લુંપન–વાળ ખેંચીને વિડંબના કરે છે, વિલુંપન–ચાબુકાદિના પ્રહારોથી વિશેષ પીડિત કરે છે, ઉપદ્રવ–મારી નાંખવાની ધમકી આપે છે અથવા મારી નાંખે છે અને તેનું ધન લૂંટીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર પાપકર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૨૨ से एगइओ उवचरगभावं पडिसंधाय तमेव उवचरिय-उवचरिय हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता आहारं आहारेइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ પાપી પુરુષ કોઈ ધનવાનની અનુચરવૃત્તિ કે સેવકવૃત્તિનો સ્વીકાર કરીને તેને વિશ્વાસમાં લઈને તેનું હનન, છેદન, ભેદન, લુંપન, વિલુંપન અને ઉપદ્રવ કરીને તેને મારી નાંખીને તેનું ધન લૂંટીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર પાપકર્મોથી પોતાની જાતને મહાપાપી રૂપે જગતમાં કુખ્યાત કરે છે.

**૨૩ से एगइओ पाडिपहियभावं पडिसंधाय तमेव पडिपहे ठिच्चा हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता आहारं आहारेइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ પાપી જીવ કોઈ ધનિક પથિકને સામેથી આવતાં જોઈને પથિકને લૂંટવાની વૃત્તિથી તેની સામે ચાલીને પથિકનો માર્ગ રોકીને દગાથી તેનું હનન, છેદન, ભેદન, લુંપન, વિલુંપન અને ઉપદ્રવ કરીને તેને મારી નાંખીને તેનું ધન લૂંટીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર પાપકર્મોથી પોતાની જાતને મહાપાપી રૂપે જગતમાં કુખ્યાત કરે છે.

**૨૪ से एगइओ संधिच्छेदगभावं पडिसंधाय तमेव संधिं छेत्ता भेत्ता** *जाव* **इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ પાપી જીવ ધનિકોના ઘરમાં બાકોરું પાડીને ધનહરણ કરવાની વૃત્તિ સ્વીકારીને, ધનિકોના ઘરમાં બાકોરું પાડી તેના પરિવારને મારપીટ કરીને, તેનું હનન, છેદન, ભેદન, લુંપન, વિલુંપન અને ઉપદ્રવ કરીને તેને મારી નાંખીને તેનું ધન લૂંટીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર પાપકર્મોથી પોતાની જાતને મહાપાપી રૂપે જગતમાં કુખ્યાત કરે છે.

**૨૫ से एगइओ गंठिच्छेदगभावं पडिसंधाय तमेव गंठिं छेत्ता भेत्ता** *जाव* **इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ પાપી વ્યક્તિ ધનાઢયોના ધનની ગાંઠડી કાપવાનો ધંધો અપનાવીને ધનિકોની ગાંઠડી કાપે છે અર્થાત્ ખિસ્સા કાપે છે, તેનું હનન, છેદન, ભેદન, લુંપન, વિલુંપન અને ઉપદ્રવ કરીને તેને મારી નાંખીને તેનું ધન લૂંટીને પોતાની આજીવિકા ચલાવે છે.

આ રીતે મહાપાપી જીવ ક્રૂર પાપકર્મોથી પોતાની જાતને મહાપાપી રૂપે જગતમાં કુખ્યાત કરે છે.

**૨૬ से एगइओ ओरब्भियभावं पडिसंधाय उरब्भं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **उवक्खाइत्ता भवइ । एसो अभिलावो सव्वत्थ ।**

**ભાવાર્થ :–** કોઈ પાપી જીવ ઘેટાઓને ચરાવવાનો ધંધો સ્વીકારીને, ઘેટાં અથવા અન્ય કોઈ પણ ત્રસ પ્રાણીઓને માર-પીટ કરીને, તેનું છેદન, ભેદન, તાડન આદિ કરીને તથા તેને પીડા ઉપજાવીને, તેની હત્યા કરીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૨૭ से एगइओ सोयरियभावं पडिसंधाय महिसं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ પાપી જીવ સૂવરોને પાળવાનો કે કસાઈનો ધંધો અપનાવી ભેંસ, સૂવર(ડુક્કર) કે બીજા ત્રસ પ્રાણીઓને માર-પીટ કરીને, તેના અંગોનાં છેદન-ભેદન કરીને, વિવિધ પ્રકારે પીડા પહોંચાડીને, તેનો વધ કરીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૨૮ से एगइओ वागुरियभावं पडिसंधाय मियं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ પાપી જીવ શિકારનો ધંધો અપનાવીને મૃગ કે અન્ય કોઈ ત્રસ પ્રાણીને મારીને, તેનું છેદન-ભેદન કરીને, વિવિધ પ્રકારે પીડા પહોંચાડીને, તેનો વધ કરીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૨૯ से एगइओ साउणियभावं पडिसंधाय सउणिं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ પાપી જીવ પક્ષીઓને જાળમાં ફસાવનાર પારધિ બનીને, પક્ષીઓને જાળમાં ફસાવીને, પક્ષી કે અન્ય કોઈ ત્રસ પ્રાણીને મારીને, તેનાં અંગોનું છેદન-ભેદન કરીને, તેને વિવિધ યાતનાઓ

દઈને, તેનો વધ કરીને, તેનાથી પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૦ से एगइओ मच्छियभावं पडिसंधाय मच्छं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **उवक्खाइत्ता भवइ ।**

**भावार्थ :–** કોઈ પાપી જીવ માછીમાર, માછલીઓને પકડવાનો ધંધો અપનાવીને માછલી કે અન્ય ત્રસ જળચર જીવોનું હનન, છેદન, ભેદન, તાડન આદિ કરીને તથા તેને અનેક પ્રકારની યાતના આપીને, તે જીવોનો વધ કરીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૧ से एगइओ गोपालगभावं पडिसंधाय तमेव गोणं वा परिजविय परिजविय हंता** *जाव* **उवक्खाइत्ता भवइ ।**

**भावार्थ :–** કોઈ વ્યક્તિ ગોપાલનનો ધંધો સ્વીકારીને તે ગાયો અથવા તેના વાછરડાંને ટોળામાંથી જુદાં પાડીને વારંવાર મારે, ભૂખ્યા રાખે, તેનું છેદન-ભેદન આદિ કરે, કસાઈને વેચે અથવા સ્વયં તેની હત્યા કરે અને તેનાથી પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૨ से एगइओ गोघायगभावं पडिसंधाय गोणं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **उवक्खाइत्ता भवइ ।**

**भावार्थ :–** કોઈ પાપી જીવ ગોવંશ ઘાતક–કસાઈનો ધંધો અપનાવીને ગાય, બળદ કે અન્ય કોઈ પણ ત્રસ પ્રાણીનું હનન, છેદન, ભેદન, તાડન આદિ કરીને, તેને વિવિધ યાતનાઓ દઈને, તે જીવોનો વધ કરીને, તેનાથી પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૩ से एगइओ सोवणियभावं पडिसंधाय सुणगं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **उवक्खाइत्ता भवइ ।**

**भावार्थ :–** કોઈ પાપી જીવ કૂતરાઓ પકડીને, તેને પાળવાનો ધંધો અપનાવીને કૂતરાનું કે અન્ય કોઈ ત્રસ પ્રાણીનું હનન, છેદન, ભેદન, તાડન આદિ કરીને, તેને વિવિધ પ્રકારે પીડા પહોંચાડીને, તે જીવોનો વધ કરીને પોતાની આજીવિકા ચલાવે છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૪ से एगइओ सोवणियंतियभावं पडिसंधाय मणुस्सं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **आहारे आहारेइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**भावार्थ :–** કોઈ પાપી જીવ શિકારી કૂતરાઓ રાખીને ચાંડલ વૃત્તિ અપનાવીને ગામના અંતિમ છેડા પર રહે છે અને ત્યાંથી પસાર થતાં મનુષ્યો કે પ્રાણી પર શિકારી કૂતરાને છોડીને તેને કરડાવે છે, ફફડાવે છે, તેનું છેદન, ભેદન, તાડન આદિ કરીને, તેને વિવિધ પ્રકારે પીડા પહોંચાડીને, તે જીવોનો વધ કરીને પોતાની આજીવિકા ચલાવે

છે. આ રીતે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી પોતાની જાતને જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૫ से एगइओ परिसामज्झाओ उट्ठित्ता अहमेयं हणामि त्ति कट्टु तित्तिरं वा वट्टगं वा लावगं कवोयगं वा कविं वा कविंजलं वा अण्णयरं वा तसं पाणं हंता** *जाव* **उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ સભામાં ઊભા થઈને– ''હું આ પ્રાણીને મારીશ'' તેવી પ્રતિજ્ઞા કરીને ત્યાર પછી તે વ્યક્તિ તેતર, બતક, લાવક, કબૂતર, વાનર, કપિંજલ કે અન્ય કોઈ ત્રસજીવોને મારે, છેદન-ભેદન, તાડન કરે કે તેને પ્રાણરહિત કરી નાંખે છે. તે મહાપાપી જીવ ક્રૂર કર્મોથી જગતમાં પોતાની જાતને મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૬ से एगइओ केणइ आदाणेणं विरुद्धे समाणे अदुवा खलदाणेणं, अदुवा सुराथालएणं, गाहावईण वा गाहावइपुत्ताण वा सयमेव अगणिकाएणं सस्साइं झामेइ, अण्णेण वि अगणिकाएणं सस्साइं झामावेइ, अगणिकाएणं सस्साइं झामेंतं पि अण्णं समणुजाणइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**શબ્દાર્થ :– खलदाणेणं** = સડેલું-ગળેલું અન્ન આપવાથી **सुराथालएणं** = સુરાપાન કરાવવાથી **गाहावइण** = ગાથાપતિને **गाहावइपुत्ताण** = ગાથાપતિ પુત્રોને **सस्साइं** = શસ્ય–ધાન્યાદિ આદિને **झामेइ** = બાળે છે.

**ભાવાર્થ :–** કોઈ પ્રકૃતિથી ક્રોધી પુરુષ કોઈ પણ પ્રયોજનથી ક્રુદ્ધ થઈને અથવા સડેલાં અન્ન આદિ આપવાથી કે મદિરાપાન કરાવવાથી,(વગેરે કારણોથી રુષ્ટ થઈને) ગૃહપતિ કે ગૃહપતિના પુત્રોના ખળામાં રાખેલ શાળ, ડાંગર, જવ, ઘઉં આદિ ધાન્યને પોતે આગ લગાડીને બાળી નાંખે છે, બીજા પાસે આગ લગાવરાવીને બળાવી નાંખે છે, ધાન્યને બાળનારાની અનુમોદના કરે છે. આ રીતે તે મહાપાપી જીવ મહાપાપકર્મોથી જગતમાં પોતાની જાતને મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૭ से एगइओ केणइ आयाणेणं विरुद्धे समाणे अदुवा खलदाणेणं अदुवा सुराथालएणं, गाहावईण वा गाहावइपुत्ताण वा उट्टाणं वा गोणाणं वा घोडगाणं वा गद्दभाणं वा सयमेव घूराओ कप्पेइ, अण्णेण वि कप्पावेइ, कप्पंतं पि अण्णं समणुजाणइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**શબ્દાર્થ :– उट्टाणं** = ઊંટને **गोणाणं** = ગાયને **घोडगाणं** = ઘોડાને **गद्दभाणं** = ગધેડાઓને **घूराओ**= અવયવોને **कप्पेइ** = કાપે છે.

**ભાવાર્થ :–** કોઈ પ્રકૃતિથી ક્રોધી પુરુષ કોઈ પણ પ્રયોજનથી ક્રુદ્ધ થઈને અથવા સડેલાં અન્ન આદિ આપવાથી કે મદિરાપાન કરાવવાથી,(વગેરે કારણોથી રુષ્ટ થઈને) તે ગૃહસ્થ અથવા તેના પુત્રોના ઊંટ, ગાય, બળદ, ઘોડાં, ગધેડા વગેરે પશુઓના જાંઘ વગેરે અંગોને કુહાડીથી કાપી નાંખે છે, બીજા દ્વારા તેના અંગોપાંગ કપાવે છે, અંગોપાંગ કાપનારાની અનુમોદના કરે છે. આ રીતે તે મહાપાપી જીવ મહાપાપકર્મોથી જગતમાં પોતાની જાતને મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૮ से एगइओ केणइ आदाणेणं विरुद्धे समाणे, अदुवा खलदाणेणं, अदुवा सुरा-**

**थालएणं गाहावईण वा गाहावइपुत्ताण वा उट्टसालाओ वा गोणसालाणो वा घोडग-सालाओ वा गद्दभसालाओ वा कंटगबोंदियाए परिपेहित्ता सयमेव अगणिकाएणं झामेइ, अण्णेण वि झामावेइ, झामेंतं पि अण्णं समणुजाणइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**શબ્દાર્થ :–** **कंटकबोंदियाए** = કાંટાઓની વાડથી **परिपेहित्ता** = ઢાંકીને **उट्टसालाओ** = ઊંટશાળાથી, ઊંટને રાખવાના સ્થાનથી **अवहरइ** = હરણ કરે છે.

**ભાવાર્થ :–** કોઈ પ્રકૃતિથી ક્રોધી પુરુષ કોઈ પણ પ્રયોજનથી ક્રુદ્ધ થઈને અથવા સડેલાં અન્ન આદિ આપવાથી કે મદિરાપાન કરાવવાથી,(વગેરે કારણોથી રુષ્ટ થઈને) ગૃહપતિની અથવા ગૃહપતિના પુત્રોની ઊંટશાળા, ગૌશાળા, અશ્વશાળા અથવા ગર્દભશાળાને કાંટાની વાડથી ઢાંકીને સ્વયં તેમાં આગ લગાવીને બાળે છે, બીજા પાસે બળાવે છે અથવા બાળનારની અનુમોદના કરે છે. આ રીતે તે મહાપાપી જીવ મહાન પાપકર્મોથી જગતમાં પોતાની જાતને મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૩૯ से एगइओ केणइ आयाणेणं विरुद्धे समाणे, अदुवा खलदाणेणं, अदुवा सुरा-थालएणं, गाहावईण वा गाहावइपुत्ताण वा कुडलं वा गुणं वा मणिं वा मोत्तियं वा सयमेव अवहरइ, अण्णेण वि अवहरावेइ, अवहरंतं पि अण्णं समणुजाणइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ પ્રકૃતિથી ક્રોધી પુરુષ કોઈ પણ પ્રયોજનથી ક્રુદ્ધ થઈને અથવા સડેલાં અન્ન આદિ આપવાથી કે મદિરાપાન કરાવવાથી,(વગેરે કારણોથી રુષ્ટ થઈને) ગૃહપતિના અથવા ગૃહપતિના પુત્રોના કુંડળ, સોનાનો દોરો, મણિ કે મોતીનું અપહરણ કરે છે, બીજા પાસે અપહરણ કરાવે છે અથવા અપહરણ કરનારની અનુમોદના કરે છે. આ રીતે મહાપાપ કર્મોથી જગતમાં પોતાની જાતને મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૪૦ से एगइओ केणइ आयाणेणं विरुद्धे समाणे, समणाण वा माहणाण वा दंडगं वा छत्तगं भंडगं वा मत्तगं लट्ठिगं वा भिसिगं वा चेलगं वा चिलिमिलिगं वा चम्मगं वा चम्मच्छेयणगं वा चम्मकोसियं वा सयमेव अवहरइ** *जाव* **समणुजाणइ इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**શબ્દાર્થ :–** **दंडगं** = દંડ **छत्तगं** = છત્ર **भंडगं** = ભાંડ **मत्तगं** = પાત્ર **लट्ठिगं** = લાઠી **भिसिगं** = આસન **चेलगं** = વસ્ત્ર **चिलिमिलिगं** = પડદો, મચ્છરદાની **चम्मगं** = ચર્મ **चम्मछेयणगं** = ચર્મ છેદનક **चम्म- कोसियं** = ચર્મકોશિકાનો.

**ભાવાર્થ :–** કોઈ દ્વેષી પુરુષ અપમાનજનક કોઈપણ કારણોથી ક્રોધિત થઈને શ્રમણો કે માહણોના છત્ર, દંડ, ઉપકરણ, પાત્ર, લાઠી, આસન, વસ્ત્ર, મચ્છરદાની, ચર્માસન, ચામડી–છેદનક(ચપ્પુ) અથવા ચર્મકોશ–ચામડાની થેલીનું સ્વયં અપહરણ કરે છે, બીજા પાસે અપહરણ કરાવે છે અથવા અપહરણ કરનારની અનુમોદના કરે છે. આ રીતે તે મહાપાપી જીવ મહાન પાપ કર્મોથી પોતાને મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૪૧ से एगइओ णो वितिगिंछइ, तं जहा– गाहावईण वा गाहावइपुत्ताण वा सयमेव**

**अगणिकाएणं ओसहीओ झामेइ** *जाव* **अण्णं पि झार्मेतं समणुजाणइ । इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**શબ્દાર્થ :–** **वितिगिंछइ** = વિચાર વિમર્શ કર્યા વિના જ.

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ પોતાના કુકૃત્યના ફળનો વિચાર કર્યા વિના જ ગૃહપતિ કે તેના પુત્રોનાં અનાજ આદિને પોતે આગ લગાવીને બાળે છે, તે બીજા પાસે બળાવે છે અથવા બાળનારાની અનુમોદના કરે છે. આ રીતે તે મહાપાપી જીવ ***યાવત્*** જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**૪૨** **से एगइओ णो वितिगिंछइ– गाहावईण वा गाहावइपुत्ताण वा उट्टाण वा गोणाण वा घोडगाण वा गद्दभाण वा सयमेव घूराओ कप्पेइ, अण्णेण वि कप्पावेइ, अण्णं पि कप्पंतं समणुजाणइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ પોતાનાં દુષ્કર્મોના ફળનો વિચાર કર્યા વિના જ કોઈ ગૃહસ્થ કે તેના પુત્રોનાં ઊંટ, ગાય, ઘોડાં તથા ગધેડાં આદિ પશુઓના જાંઘ આદિ અંગોપાંગને કાપે છે, બીજા પાસે કપાવે છે, અંગોપાંગ કાપનારની પ્રશંસા અને અનુમોદના કરે છે.

**૪૩** **से एगइओ णो वितिगिंछइ– गाहावईण वा गाहावइपुत्ताण वा उट्टसालाओ वा** *जाव* **गद्दभसालाओ वा कंटकबोंदियाए पडिपेहित्ता सयमेव अगणिकाएणं झामेइ** *जाव* **समणुजाणइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ પોતાના દુષ્કર્મોના પરિણામનો વિચાર કર્યા વિના જ ગૃહસ્થ કે તેના પુત્રોની ઉષ્ટ્રશાળા, ગૌશાળા, અશ્વશાળા કે ગદર્ભશાળાને કાંટાળી ઝાડી કે ડાળીઓથી ઢાંકીને આગ લગાવી તેને બાળે છે, બીજા પાસે બળાવે છે, બાળનારાની અનુમોદના કરે છે.

**૪૪** **से एगतिओ णो वितिगिंछइ– गाहावईण वा गाहावइपुत्ताण वा कुंडलं वा** *जाव* **मणिं वा मोत्तियं वा सयमेव अवहरइ** *जाव* **समणुजाणइ, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ પોતાના દુષ્કર્મોના ફળનો વિચાર કર્યા વિના જ ગૃહપતિ કે તેના પુત્રોના કુંડળ, મણિ કે મોતી વગેરેની ચોરી કરે છે, બીજા પાસે ચોરી કરાવે છે, ચોરી કરનારની અનુમોદના કરે છે.

**૪૫** **से एगतिओ णो वितिगिंछइ– समणाण वा माहणाण वा छत्तग वा दंडगं वा** *जाव* **चम्मच्छेयणगं वा चम्मकोसियं वा सयमेव अवहरइ** *जाव* **समणुजाणइ । इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ ।**

**ભાવાર્થ :–** કોઈ વ્યક્તિ પોતાના દુષ્કર્મોનાં ફળનો વિચાર કર્યા વિના જ શ્રમણાદિના દ્વેષી બનીને શ્રમણો કે બ્રાહ્મણોનાં છત્ર, દંડ ***યાવત્*** ચર્મછેદનક તથા ચર્મકોશ વગેરે સાધનોનું સ્વયં અપહરણ કરે છે, બીજા પાસે અપહરણ કરાવે છે અને અપહરણ કરનારની અનુમોદના કરે છે.

આ પ્રકારની મહાન પાપ પ્રવૃત્તિથી તે જગતમાં પોતાને મહાપાપી રૂપે કુખ્યાત કરે છે.

**४६** से एगइओ समणं वा माहणं वा दिस्सा णाणाविहेहिं पावकम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवइ, अदुवा णं अच्छराए आफालित्ता भवइ, अदुवा णं फरुसं वदित्ता भवइ, कालेण वि से अणुपविट्ठस्स असणं वा पाणं खाइमं वा साइमं वा णो दवावेत्ता भवइ; जे इमे भवंति– वोण्णमंता भारक्कंता अलसगा वसलगा किवणगा समणगा ते इणमेव जीवितं धिज्जीवियं संपडिबूहेंति, णाइं ते पारलोइयस्स अट्ठस्स किंचि वि सिलिस्संति, ते दुक्खंति ते सोयंति ते जूरंति ते तिप्पंति ते पिट्टंति ते परितप्पंति ते दुक्खण-सोयण-जूरण-तिप्पण-पिट्टण-परितप्पण-वह-बंधणपरिकिलेसाओ अपडिविरया भवंति;

ते महया आरंभसमारंभेण विरूवरूवेहिं पावकम्मकिच्चेहिं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजित्तारो भवंति, तं जहा– अण्णं अण्णकाले, पाणं पाणकाले, वत्थं वत्थकाले, लेणं लेणकाले, सयणं सयणकाले, सपुव्वावरं च णं ण्हाए कयवलिकम्मे कयकोउयमंगलपायच्छित्ते सिरसा ण्हाए कंठेमालाकडे आविद्धमणिसुवण्णे कप्पिय-मालामउली पडिबद्धसरीरे वग्घारिय-सोणिसुत्तग-मल्ल-दामकलावे अहयवत्थपरिहिए चंदणोक्खित्तगायसरीरे महइ महालियाए कूडागारसालाए महइमहालयंसि सीहासणंसि इत्थीगुम्मसंपरिवुडे, सव्वराइएणं जोइणा झियायमाणेणं महयाहयनट्ट-गीय-वाइय-तंती-तल-ताल-तुडिय-घण-मुइंगपडुप्पवाइय-रवेणं उरालाइं माणुस्सागाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।

तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि पंच जणा अवुत्ता चेव अब्भुट्ठेंति, भण देवाणुप्पिया ! किं करेमो ? किं आहारेमो ? किं उवणेमो ? किं उवट्ठावेमो ! किं भे हिय इच्छियं ? किं भे आसगस्स सयइ ?

तमेव पासित्ता अणारिया एवं वयंति– देवे खलु अयं पुरिसे, देवसिणाए खलु अयं पुरिसे देवजीवणिज्जे खलु अयं पुरिसे ! अण्णे वि य णं उवजीवंति। तमेव पासित्ता आरिया वयंति– अभिक्कंतकूरकम्मे खलु अयं पुरिसे अइधूएअइआयरक्खे दाहिणगामिए णेरइए कण्हपक्खिए आगमिस्साणं दुल्लहबोहिए यावि भविसस्इ।

इच्चेयस्स ठाणस्स उट्ठिया वेगे अभिगिज्झंति, अणुट्ठिया वेगे अभिगिज्झंति, अभिझंझाउरा अभिगिज्झंति ।

एस ठाणे अणारिए अकेवले अप्पडिपुण्णे अणेयाउए असंसुद्धे असल्लगत्तणे असिद्धिमग्गे अमुत्तिमग्गे अणिव्वाणमग्गे अणिज्जाणमग्गे असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहू । एस खलु पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिए ।

**શબ્દાર્થ :–** **णो वितिगिंछइ** = વિચાર વિમર્શ કર્યા વિના જ **वोण्णमंता** = બિચારા, દીન **भारक्कंता** = ભાર વહન કરનારા **अलसगा** = આળસુ **वसलगा** = વૃષલ-નીચ **किवणगा** = કૃપણ, ગરીબ, દીન.

**धिज्जीवियं** = ધિક્કારપૂર્ણ જીવનને **कयवलिकम्मे** = સ્નાન સંબંધી બધા કાર્ય કરીને, **कयकोउय- मंगलपायच्छित्ते** = કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત કરીને **कंठेमालाकडे** = ગળામાં માળા પહેરીને **आविद्ध- मणिसुवण्णे** = મણિ અને સુવર્ણના આભૂષણો પહેરીને **वग्घारियसोणिसुत्तग मल्लदामकलावे** = કમ્મરપટ્ટો અને પુષ્પમાળા યુક્ત કંદોરો પહેરીને **अहयवत्थपरिहिए** = અખંડ, નવા અને સ્વચ્છ વસ્ત્ર પહેરીને **चंदणोक्खित्तगायसरीरे** = શરીરના અંગો પર ચંદનનો લેપ કરીને **कूडागार सालाए** = કૂટાગાર શાળામાં **इत्थीगुम्मसंपरिवुडे** = સ્ત્રી સમૂહથી ઘેરાયેલ **महया हय** = મહાન પ્રયત્નથી આહત કરાતા **नट्ट गीय वाइय** = નાટ્ય, ગીત, વાદ્ય **तंती तलताल** = વીણા, તાલ, હાથ તાળીઓ **तुडियघण** = તૂર્ય, ઘંટ **मुइंग** = મૃદંગના **पडुप्पवाइय** = કુશળ વાદકો દ્વારા વગાડવામાં આવતા **रवेणं** = સ્વરની સાથે.

**आणवेमाणस्स** = આજ્ઞા દેવા પર **आहारेमो** = લાવીએ **उवणेमो** = હાજર કરીએ **देवसिणाए** = દેવ સ્નાતક–શ્રેષ્ઠ દેવ **देव जीवणिज्जे** = દેવ જેવું જીવન જીવનારા **अभिक्कंतकूरकम्मे** = અત્યંત ક્રૂર કર્મ કરનારા **अइधूए** = અત્યંત ધૂર્ત **दाहिणगामिए** = દક્ષિણ દિશામાં જનાર **कण्हपक्खिए** = કૃષ્ણપાક્ષિક **दुल्लहबोहियाए** = દુર્લભબોધિ.

**अभिगिज्झंति** = ઈચ્છા કરે છે **अभिझंझाउरा** = તૃષ્ણાતુર **अप्पडिपुण्णे** = અપ્રતિપૂર્ણ **अणिज्जाण- मग्गे** = નિર્યાણ માર્ગ રહિત **अधम्मपक्खस्स** = અધર્મ પક્ષનો.

**ભાવાર્થ :–** કોઈ પાપસાહસી વ્યક્તિ શ્રમણ અને માહણને જોઈ, તેમની સાથે અનેક પ્રકારના પાપમય વ્યવહાર કરે છે અને તે મહાપાપમય વ્યવહારથી મહાપાપી રૂપે કુખ્યાત થાય છે. તે સાધુના દર્શનને અપશુકન માનીને સાધુને પોતાની સામેથી હટાવવા માટે ચપટી વગાડે છે અથવા ઓ ઓદનમુંડ ! દુર્બુદ્ધ ! સામેથી દૂર થા, આવા પ્રકારનાં કઠોર વચનો બોલે છે. ભિક્ષાકાળમાં પણ જો સાધુ તેને ત્યાં ભિક્ષા માટે પ્રવેશ કરે, તો પણ તે સાધુને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, આ ચારે પ્રકારના આહારાદિ આપતા નથી, બીજા આપતા હોય તો પણ દ્વેષવશ તેને રોકે છે કે– આ બિચારા ઘાસ અને લાકડીનો ભાર વેંઢારતા હતા, નીચ કર્મ કરતા હતા, કુટુંબના ભારથી ગભરાયેલા હતા, બહુ આળસુ અને શુદ્ર-નીચ દરિદ્ર અને કુટુંબ પાલનમાં અસમર્થ હોવાથી સુખલિપ્સાથી પ્રવ્રજિત બની ગયા છે, તેમનું જીવન ધિક્કારમય છે. એ દ્રોહી સાધુ પરલોક માટે તપ-સંયમ વગેરે સાધના કરતા નથી, તેઓ દુઃખ પામે છે, શોક પામે છે, પશ્ચાત્તાપ કરે છે, ક્લેશ પામે છે, પીડાવશ માથુ કૂટવું આદિ ક્રિયા કરે છે, તે સંતાપ પામે છે. તે દુઃખ, શોક, ઝૂરણા, તાપ, પીડા પરિતાપ, વધ, બંધન આદિ ક્લેશોથી ક્યારે ય નિવૃત્ત થતા નથી.

વળી તે પાપી જીવ આ પ્રકારે વ્યવહાર કરતાં પોતાના પૂર્વ પુણ્ય પ્રભાવે મહારંભ તથા મહા સમારંભના વિવિધ પ્રકારનાં પાપકર્મજનક કૃત્યો કરીને ઉત્તમોત્તમ ઉદાર–પ્રધાન મનુષ્ય સંબંધી કામ ભોગનો ઉપભોગ કરે છે, જેમ કે– તે આહારના સમયે સરસ સ્વાદિષ્ટ આહારનો, પીવાના સમયે ઉત્તમ પેય પદાર્થોનો, વસ્ત્ર પરિધાન સમયે વસ્ત્રોનો, આવાસના સમયે સુંદર સુસજ્જિત આવાસ સ્થાનનો, શયનના સમયે ઉત્તમ–કોમળ શયનીય પદાર્થોનો ઉપભોગ કરે છે.

આ રીતે પુણ્ય ભોગવતા તે સંપૂર્ણ વિધિ પૂર્વક સ્નાન કરે છે અને વિવિધ કૌતુક મંગલનું આચરણ કરીને, પછી તે માથે ન્હાઈને કંઠમાળા, મણિ(રત્ન) તથા સોનાના આભૂષણો ધારણ કરે છે. માથા પર પુષ્પમાળાથી યુક્ત મુગટ ધારણ કરે છે. યુવા અવસ્થાને કારણે તે શરીરે સુડોળ અને હૃષ્ટપુષ્ટ હોય છે. તે કમ્મર પર કંદોરો તથા વક્ષસ્થળ પર ફૂલોની માળા તથા નવાં અને સ્વચ્છ વસ્ત્રો પહેરે છે. પોતાના અંગો પર ચંદનનો લેપ કરે છે. આ પ્રકારે સુસજ્જિત થઈને અત્યંત ઊંચા વિશાળ પ્રાસાદમાં જાય છે. ત્યાં તે મોટા ભવ્ય સિંહાસન પર બેસે છે. ત્યાં વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત તે પુરુષને યુવતીઓ તથા પરિવાર સહિત દાસીઓ આદિ ઘેરી વળે છે, ત્યાં આખી રાત દીપક વગેરેનો પ્રકાશ ઝગમગતો રહે છે. ત્યાં નાચ, ગાન, વાદ્ય, વીણા, તલ, તાલ, ત્રુટિત, ધન–પડહ મૃદંગ તથા કરતાલ આદિનો ધ્વનિ થયા કરે છે. આ પ્રકારે ઉત્તમોત્તમ મનુષ્યસંબંધી ભોગોનો ઉપભોગ કરીને તે પુરુષ પોતાનું જીવન વ્યતીત કરે છે.

તે વ્યક્તિ જ્યારે કોઈ એક નોકરને આજ્ઞા આપે છે ત્યારે ચાર પાંચ મનુષ્યો બોલાવ્યા વિના પણ ત્યાં આવીને સામે ઊભા રહી જાય છે અને હાથ જોડી પૂછે છે– હે દેવાનુપ્રિય ! અમે આપની શું સેવા કરીએ ? શું લાવીએ ? શું ભેટ આપીએ ? કયા કયા કાર્ય કરીએ ? આપને શું હિતકર છે ? શું ઈષ્ટ(ઇચ્છિત) છે ? આપના મુખને કઈ વસ્તુ સ્વાદિષ્ટ લાગે છે, તે કહો ?

તે પુરુષનો આ પ્રકારનો ભોગ વૈભવ જોઈને શુદ્ધ ધર્માચરણથી દૂર અનાર્ય લોકો એમ કહે છે– આ પુરુષ તો દેવ છે, આ પુરુષ તો દેવોથી પણ શ્રેષ્ઠ છે. આ પુરુષ તો દેવો જેવું જીવન જીવી રહ્યો છે, આ પુરુષના આશ્રયથી અન્ય લોકો પણ આનંદપૂર્વક જીવે છે.

આ પ્રકારે ભોગવિલાસમાં ડૂબેલા તે વ્યક્તિને જોઈને વિવેકી આર્યપુરુષ કહે છે– આ પુરુષ તો અત્યંત ક્રૂર કર્મોમાં પ્રવૃત્ત છે, અત્યંત ધૂર્ત છે, અત્યંત સ્વાર્થી છે. તે દક્ષિણદિશાવર્તી નરકાવાસોમાં કૃષ્ણપક્ષી નૈરયિક રૂપે ઉત્પન્ન થાય છે અને ભવિષ્યમાં દુલર્ભબોધિ બને છે.

કેટલાક મૂઢ જીવો સંયમ ધર્મ સ્વીકાર કર્યા પછી પણ આ પૂર્વોક્ત સ્થાનો માટે અર્થાત્ તે સુખ સાધનોને મેળવવા માટે લલચાય છે. કેટલાક ગૃહસ્થો સંયમ ધર્મના સ્વીકાર વિના પણ સુખ-સાધનો મેળવવાની લાલસા કરે છે. કેટલાક અત્યંત વિષય સુખાંધ કે તૃષ્ણાંધ મનુષ્યો પણ આ સુખ-સાધનો માટે તલસે છે.

વસ્તુતઃ આ સ્થાન આર્યપુરુષો દ્વારા અનાચરણીય છે, કેવળજ્ઞાન રહિત, અશુદ્ધ છે અને પરિપૂર્ણ સુખરહિત, સદ્ગુણ યુક્ત ન હોવાથી અપૂર્ણ અને તુચ્છ છે, ન્યાયયુક્ત નથી, અસંશુદ્ધ–પવિત્ર નથી, માયાદિ શલ્યને કાપનારું નથી, આ મોક્ષ માર્ગ નથી, સમસ્ત કર્મક્ષયરૂપ મુક્તિનો માર્ગ નથી, નિર્વાણનો માર્ગ નથી, નિર્યાણ–સંસાર સાગરથી પાર થવાનો માર્ગ નથી, સર્વ દુઃખોનો નાશક માર્ગ નથી, આ એકાંત મિથ્યા અને અશોભનીય સ્થાન છે.

આ અધર્મપક્ષનામક પ્રથમ સ્થાનનો વિકલ્પ શ્રી તીર્થંકરદેવોએ આ પ્રમાણે કહ્યો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અધર્મપક્ષનામક પ્રથમ સ્થાનની વિસ્તૃત વિચારણા છે.

**અધર્મપક્ષ :–** જ્ઞાન-દર્શન રૂપ આત્મધર્મને છોડીને પુદ્ગલ ધર્મને સર્વસ્વ માનવું, પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિ, તેનું સંરક્ષણ અને તેના ભોગમાં જ તલ્લીન રહેવું, તે **અધર્મપક્ષ** છે.

સૂત્રકારે ક્રમશઃ અધર્મપક્ષીય લોકો દ્વારા શીખવામાં આવતી સાવદ્યવિદ્યાઓ, પાપમય વ્યવસાય,

તેના ક્રૂર આચાર-વિચાર, તેની વિષય સુખભોગમયી દિનચર્યા, તદ્‌વિષયક આર્ય-અનાર્ય પુરુષોનો અભિપ્રાય પ્રદર્શિત કર્યો છે તથા અંતે તેવા જીવનની આકાંક્ષા કરનારના ત્રણ પ્રકાર બતાવી સંક્ષિપ્તમાં અધર્મ પક્ષનું સ્વરૂપ દર્શન કરાવ્યું છે.

**અધર્મ પક્ષની આકાંક્ષાવાળા જીવો :–** (૧) કેટલાક દંભી સાધુઓ પ્રવ્રજિત થઈને પણ વિષય સુખ મેળવવા લાલાયિત રહે છે. (૨) પ્રવ્રજિત ન થયા હોય તેવા કેટલાક ગૃહસ્થો અને (૩) સતત ભોગવિલાસની ઝંખના રાખનારા વિષયાંધ જીવો ભોગ સુખના આકર્ષણથી આકર્ષિત થઈને અધર્મપક્ષને સ્વીકારે છે.

**આચાર-વિચાર :–** અધર્મપક્ષીય લોકો પોતપોતાની રુચિ, દષ્ટિ અથવા મનોવૃત્તિ અનુસાર ભૌમથી લઈને આયામિની સુધીની ૬૫ પ્રકારની સાવદ્ય(પાપમય) વિદ્યાઓનું તથા તેના પ્રતિપાદક શાસ્ત્રો આદિનું અધ્યયન કરે છે.

તેઓ પોતાના માટે તથા પરિવાર આદિ માટે આનુગામિકથી લઈને શૌવાંતિક સુધીના ચૌદ પ્રકારના વ્યવસાયોમાંથી કોઈ પણ પાપમય વ્યવસાય ચલાવે છે. પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે તુચ્છ વૃત્તિથી, રૌદ્ર પરિણામથી ચોરી, લૂંટફાટ, છેદન, ભેદન, દહન, તર્જન, તાડન આદિ પ્રવૃત્તિઓ દ્વારા અન્ય જીવોને ત્રાસિત કરે છે. આ પાપમય વ્યવસાયથી જગતમાં મહાપાપી રૂપે કુખ્યાત થઈ જાય છે.

તેઓ પ્રાતઃકાળથી રાત્રિના શયનકાળ સુધી નિરંતર ભોગ-વિલાસની પ્રાપ્તિમાં અને તેના ભોગવટામાં જ તલ્લીન રહે છે.

જેઓની દષ્ટિ ભોગ વિલાસમય છે, તેવા અનાર્ય લોકો, તેની ભોગમગ્ન જિંદગી જોઈને, તેને દેવતુલ્ય, દેવથી પણ શ્રેષ્ઠ તેમજ આશ્રિતોના પાલક વગેરે રૂપે ગણાવે છે, પરંતુ આર્ય પુરુષ એટલે ધર્મના જાણકાર જ્ઞાની પુરુષો તે અધર્મપક્ષીય લોકોની વર્તમાન વિષય-સુખમગ્નતાની પાછળ હિંસા આદિ મહાન પાપોના પરિણામ જોઈને તેને પાપી, ધૂર્ત, શરીરપોષક, વિષયના લાલચુ માને છે. આ પ્રકારના આચાર-વિચાર આત્મધર્મથી સર્વથા વિપરીત હોવાથી, સાધકોને માટે સર્વથા અસ્વીકાર્ય છે.

**દ્વિતીય સ્થાન : ધર્મપક્ષ :–**

**૪૭ अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ– इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहा– आरिया वेगे, अणारिया वेगे, उच्चागोया वेगे, णीयागोया वेगे, कायमंता वेगे, हस्समंता वेगे, सुवण्णा वेगे, दुवण्णा वेगे, सुरूवा वेगे, दुरूवा वेगे, तेसिं च णं खेत्तवत्थूणि परिग्गहियाणि भवंति, एसो आलावगो तहा णेयव्वो जहा पोंडरीए** *जाव* **सव्वोवसंता सव्वत्ताए परिनिव्वुडे त्ति बेमि । एस ठाणे आरिए केवले** *जाव* **सव्व-दुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू । दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી દ્વિતીય સ્થાન ધર્મપક્ષના વિકલ્પો આ પ્રમાણે કહેવામાં આવે છે– આ મનુષ્યલોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં અનેક પ્રકારના મનુષ્યો રહે છે, જેમકે– કેટલાક આર્ય અને કેટલાક અનાર્ય, કેટલાક ઉચ્ચ ગોત્રના અને કેટલાક નીચ ગોત્રના, કેટલાક વિશાળ

કાય ઊંચા અને કેટલાક ઠીંગણા, કેટલાક સારા વર્ણના અને કેટલાક ખરાબ વર્ણના, કેટલાક રૂપવાન અને કેટલાક કદરૂપા હોય છે. તે મનુષ્યોએ ખેતરાદિ ખુલ્લી જમીન, મકાનાદિ ઢાંકેલી જમીન વગેરે પદાર્થોને પરિગ્રહ રૂપે ગ્રહણ કરેલા છે ઈત્યાદિ પુંડરીક અધ્યયન અનુસાર જાણવું ***યાવત્*** તે પુરુષોના સર્વ કષાયો ઉપશાંત છે, સર્વ ઈન્દ્રિય વિષયોથી વિમુખ છે, પ્રાણાતિપાત આદિ સર્વ પાપોથી નિવૃત્ત છે, તે ધર્મપક્ષીય છે. આ પ્રમાણે હું સુધર્માસ્વામી કહું છું– આ(બીજું) સ્થાન આર્ય છે, તે કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે ***યાવત્*** સમસ્ત દુઃખોનો નાશ કરનારો માર્ગ છે, આ એકાંત સમ્યક અને ઉત્તમ સ્થાન છે.

આ રીતે ધર્મપક્ષનામક બીજા સ્થાનનો વિકલ્પ શ્રી તીર્થંકરોએ આ પ્રમાણે કહ્યો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ધર્મપક્ષ નામના બીજા પક્ષનું અતિદેશાત્મક સંક્ષિપ્ત નિરૂપણ છે.

**ધર્મપક્ષ :–** જ્ઞાન-દર્શન રૂપ આત્મધર્મને જ ઉપાદેય માનીને તેની પ્રાપ્તિ માટે સતત પુરુષાર્થશીલ રહેવું, ક્રમશઃ આત્મધર્મમાં સ્થિર રહેવું તે **ધર્મપક્ષ** છે.

આત્મધર્મ જીવમાત્રનો સ્વભાવ છે. તેનો સંબંધ કોઈ પણ દેશ કે વેશ સાથે નથી. જે મનુષ્ય આત્મ ધર્મની રુચિપૂર્વક, તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે તે આત્મ કલ્યાણકામી કોઈ પણ મનુષ્ય ધર્મપક્ષને પામી શકે છે. 'પુંડરીક' અધ્યયનમાં કથિત નિઃસ્પૃહતા, રાગ-દ્વેષ રહિતતા, કષાયોની ઉપશાંતતા, વિષયોથી વિમુખતા, પાપસ્થાનથી નિવૃત્તિ વગેરે તેના અનિવાર્ય ગુણો છે.

ધર્મપક્ષીય લોકો નિર્વદ્ય જીવન વ્યવહારને સ્વીકારે છે. આ પ્રકારનો આચાર-વિચાર આત્મધર્મને અનુકૂળ હોવાથી સાધકોને માટે સ્વીકાર્ય છે અને તે જ પૂર્ણતાનો, કર્મમુક્તિનો માર્ગ છે.

**ત્રીજું સ્થાન : મિશ્રપક્ષ :–**

**૪૮ अहावरे तच्चस्स ठाणस्स मिस्सगस्स विभंगे एवमाहिज्जइ– जे इमे भवंति आरण्णिया आवसहिया गामणियंतिया कण्हुइरहस्सिया** जाव **तओ विप्पमुच्चमाणा भुज्जो एलमूयत्ताए पच्चायंति, एस ठाणे अणारिए अकेवले** *जाव* **असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहू । एस खलु तच्चस्स ठाणस्स मिस्सगस्स विभंगे एवमाहिए ।**

**શબ્દાર્થ :– आरण्णिया** = અરણ્ય અર્થાત્ જંગલમાં રહેનારા **आवसहिया** = મઠ અથવા કુટિર બનાવીને રહેનારા તાપસ **गामणियंतिया** = ગામની નજીક રહેનારા તાપસ **कण्हुइराहस्सिया** = એકાંત સ્થાનમાં રહીને ધ્યાન, મૌન આદિ કરનારા તાપસ.

**ભાવાર્થ :–** ત્યાર પછી ત્રીજા સ્થાન મિશ્રપક્ષનો વિકલ્પ આ પ્રમાણે કહેવામાં આવે છે– વનમાં રહેનારા તાપસો, ગામની નજીક ઝૂંપડી કે કુટિર બનાવીને રહેનારા, કોઈ ગુપ્ત સ્થાનમાં રહીને રહસ્યમય ક્રિયાનું અનુષ્ઠાન કરનારા અથવા એકાંતમાં રહેનારા ***યાવત્*** તે શરીરને છોડીને આ લોકમાં બકરાની જેમ મૂંક પણે જન્મ ધારણ કરે છે. આ સ્થાન આર્યપુરુષો દ્વારા અનાચરણીય છે, કેવળજ્ઞાનની પ્રાપ્તિથી રહિત છે, સમસ્ત દુઃખથી મુક્ત કરાવતો માર્ગ નથી. આ સ્થાન એકાંત મિથ્યા અને અસાધુ છે. આ રીતે ત્રીજા મિશ્રસ્થાનનો વિકલ્પ શ્રી તીર્થંકરોએ કહ્યો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મિશ્ર પક્ષના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**મિશ્રપક્ષ–** જેમાં જ્ઞાન-દર્શન રૂપ આત્મધર્મનું લક્ષ્ય ન હોય, તે જ રીતે પૌદ્ગલિક સુખની પણ પ્રધાનતા ન હોય તેવા મિશ્રિત આચાર-વિચારને સ્વીકારવા, તે **મિશ્રપક્ષ** છે.

મિશ્રપક્ષને સ્વીકારનારા લોકો સંસારનો ત્યાગ કરીને પ્રવ્રજિત થાય, વનમાં, ગુફામાં, આશ્રમ આદિ સ્થાનમાં નિવાસ કરે, વિવિધ તપ-જપની સાધના કરે, વિવિધ પ્રકારે કાયકલેશ તપ કરે અને આંશિક રૂપે વ્રત-નિયમોનું પાલન પણ કરે છે, પરંતુ તેમની ભોગાસક્તિ છૂટી નથી. તેઓ સાધનાના ફળ સ્વરૂપે ભોગસુખની જ આશા રાખે છે. આ રીતે તેમની દૃષ્ટિ મિથ્યાત્વથી મલિન હોવાથી, તેમની પ્રત્યેક પ્રવૃત્તિ ઉખરભૂમિમાં પડેલી વર્ષાની જેમ અથવા પિતપ્રકોપમાં સાકર મિશ્રિત દૂધની જેમ ફળદાયી બનતી નથી. તેઓ આંશિક રૂપે પુણ્યબંધ કરે છે, તેમ છતાં સર્વ કર્મોથી મુક્ત થતાં નથી.

તેઓ કાયકલેશાદિ તપ સાધનાથી પુણ્યબંધ કરતા હોવાથી દેવગતિને પ્રાપ્ત કરે છે, પરંતુ આશય શુદ્ધ ન હોવાથી આસુરી જાતિના નિમ્ન કોટિના દેવ થાય છે.

**પ્રથમ સ્થાન : અધર્મપક્ષ : વૃત્તિ, પ્રવૃત્તિ અને પરિણામ :–**

**૪૧** **अहावरे पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ– इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संतेगइया मणुस्सा भवंति महिच्छा महारंभा महापरिग्गहा अधम्मिया अधम्माणुया अधम्मिट्ठा अधम्मक्खाई अधम्मजीविणो अधम्म- पलोइणो अधम्मपलज्जणा अधम्मसीलसमुदायारा अधम्मेण चेव वित्तिं कप्पेमाणा विहरंति ।**

**हण छिंद भिंद विगत्तगा लोहियपाणी चंडा रुद्दा खुद्दा साहस्सिया उक्कंचण-वंचण-माया-णियडि-कूड-कवड- साइसंपओगबहुला दुस्सीला दुव्वया दुप्पडियाणंदा असाहू । सव्वाओ पाणाइवायाओ अप्पडिविरया जावज्जीवाए** *जाव* **सव्वाओ परिग्गहाओ अप्पडिविरया जावज्जीवए, सव्वाओ कोहाओ** *जाव* **मिच्छादंसण-सल्लाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ णहाणुम्मद्दण-वण्णग-विलेवण-सद्द-फरिस-रस-रूव-गंध मल्लालंकाराओ अप्पडिविरया जावज्जीवाए, सव्वओ सगडरह-जाण-जुग्ग-गिल्लि-थिल्लि-सीया-संदमाणिया-सयणासण-जाण-वाहण-भोग-भोयण-पवित्थरविहीओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कय-विक्कय-मास-अद्धमास-रूवगसंववहाराओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ हिरण्ण-सुवण्ण- धण-मणि-मोत्तियं-संख-सिल-प्पवालाओ अप्पडिविरया जावज्जीवाए सव्वाओ कूडतुलकूडमाणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ आरंभसमारंभाओ अप्पडिविरया जावजीवाए, सव्वाओ करण-कारावणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ पयण-पयावणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कुट्टण-पिट्टण-तज्जण-ताडणवह-बंधपरिकिलेसाओ**

**अप्पडिविरया जावज्जीवाए, जे यावण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरियावणकरा जे अणारिएहिं कज्जंति ततो वि अप्पडिविरया जावज्जीवाए ।**

**શબ્દાર્થ :–** **महिच्छा** = મહાન ઈચ્છાવાળા **अधम्मिया** = અધર્મ કરનારા **अधम्माणुया** = અધર્મને અનુસરનારા **अधम्मिट्ठा** = અધર્મને પોતાનું અભીષ્ટ માનનારા **अधम्मक्खाई** = અધર્મનું કથન કરનારા **अधम्मजीविणो** = અધર્મમય આજીવિકા ચલાવનારા **अधम्मपलोईणो** = અધર્મને જોનારા **अधम्म-पलज्जणा** = અધર્મમાં આસક્ત **अधम्मसीलसमुदायारा** = અધર્મમય સ્વભાવ અને આચરણ કરનારા.

**विगत्तगा** = ચામડી ઉખેડનારા **लोहियपाणी** = લોહીથી ખરડાયેલા હાથવાળા **उक्कुंचण-वंचण-माया-णियडि–कूड–कवड** = ઠગાઈ, વંચના, માયા, બગવૃત્તિ–ગૂઢમાયા, કૂડ-કપટ કરનારા **साइसंपओग बहुला** = કપટ સહિતની પ્રવૃત્તિવાળા અસલી વસ્તુ બતાવીને નકલી વસ્તુ આપનાર **दुप्पडियाणंदा** = દુષ્પ્રત્યાનંદ, દુઃખે પ્રસન્ન કરી શકાય તેવા, જેને પ્રસન્ન કરવામાં ઘણો પ્રયાસ કરવો પડે તેવા. **अप्पडिविरया**= અવિરત, અપ્રતિવિરત **सगड** = શકટ, ગાડું **रह** = રથ **जाण** = સવારી **जुग्गगिल्लि** = ડોળી, પાલખી **थिल्ली** = ઊંટનું પલાણ, હાથી અંબાડી, પાલખી વિશેષ **सिया** = શિબિકા **संदमाणिया** = સ્યંદમાનિકા **सयण** = શય્યા **आसण** = આસન **जाण** = યાન **वाहणं** = વાહન **भोयण** = ભોજનના **पवित्थर** = વિસ્તીર્ણ **विहीओ** = વિધિઓથી **कयविक्कय** = ક્રય-વિક્રય(ખરીદવું વેંચવું) **मासद्धमास** = માષા, અર્ધમાષા **रूवग** = રૂપિયાથી થનારા **संववहाराओ** = વ્યવહારોથી **पयणपयावणाओ** = પચન-પાચનથી **कुट्टण**= કૂટવું, **पिट्टण** = પીટવું, પીડા આપવી **तज्जण** = તર્જના કરવી, મારવું **ताडण** = તાડન કરવું **वह** = વધ કરવો **बंध** = બાંધવું **परिकिलेसाओ** = પરિક્લેશ, વારંવાર ક્લેશ કરવો **परपाण** = બીજા પ્રાણીઓને **परियावणकरा** = પરિતપ્ત કરનારા, ક્લેશ પહોંચાડનારા **अबोहिया** = બોધિબીજથી રહિત.

**ભાવાર્થ :–** ત્યાર પછી પ્રથમ સ્થાન અધર્મપક્ષનો વિશ્લેષણપૂર્વક વિચાર આ પ્રમાણે કરવામાં આવ્યો છે– આ મનુષ્યલોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ આદિ દિશાઓમાં રહેતાં કેટલાક મનુષ્યો મોટી ઈચ્છાઓ–મહત્ત્વાકાંક્ષાવાળા હોય છે, તે મહારંભી અને મહાપરિગ્રહી હોય છે, તેઓ અધાર્મિક, અધર્મનું અનુસરણ કરનારા અથવા અધર્મની અનુજ્ઞા દેનારા; અધર્મિષ્ઠ, અધર્મની જ ચર્ચા કરનારા, અધર્મમય જીવન જીવનારા, અધર્મને જ જોનારા, અધર્મના કાર્યોમાં જ અનુરક્ત, અધર્મમય શીલ અને આચારવાળા અને પાપયુક્ત ધંધાથી આજીવિકા ઉપાર્જન કરતાં જીવન પસાર કરે છે. તે હંમેશાં આ પ્રકારની આજ્ઞા આપતા રહે છે– "આ પ્રાણીઓને ડંડા વગેરેથી મારો, તેના અંગોપાંગ કાપી નાંખો, ટુકડે ટુકડા કરી નાંખો અથવા શૂળ આદિથી વીંધી નાંખો, ચામડી ઉતરડી નાંખો" તેના હાથ પ્રાણીઓના લોહીથી ખરડાયેલા રહે છે, તે અત્યંત ક્રોધી, ભયંકર, રૌદ્ર અને નીચ, પાપકૃત્ય કરવામાં અત્યંત સાહસિક હોય છે. તે પ્રાયઃ પ્રાણીઓને ઉપર ઉછાળીને શૂળી પર ઝીલે છે, બીજાને દગો આપે છે, છળ-કપટ કરે છે, બગવૃત્તિથી બીજાને છેતરે છે, ઠગે છે– દંભ કરે છે, લોકોને ઠગવા માટે દેશ, વેશ અને ભાષા બદલે છે, અસલી વસ્તુ બતાવી નકલી વસ્તુ આપે છે, તે દુઃશીલ–દુરાચારી અથવા દુષ્ટ સ્વભાવવાળા, માંસભક્ષણ, મદિરાપાન આદિનું સેવન કરનારા દુષ્ટવૃત્તિ અને દુરાચરણ કે દુર્વ્યવહાર કરવામાં આનંદ માનનારા દુર્જન હોય છે. તે સર્વ પ્રકારની હિંસાથી કે સર્વ પ્રકારના અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહથી જીવન પર્યંત નિવૃત્ત

થતા નથી; ક્રોધથી લઈને મિથ્યાદર્શનશલ્ય સુધીના અઢારે ય પાપસ્થાનોથી જીવન પર્યંત નિવૃત્ત થતા નથી. તે આજીવન સંપૂર્ણ રીતે સ્નાન, તેલમર્દન, સુગંધિત પદાર્થો લગાડવા, સુગંધિત ચંદનાદિનું ચૂર્ણ લગાડવું, વિલેપન કરવું, મનોહર શબ્દ, મનોજ્ઞ રૂપ, રસ, ગંધ અને સ્પર્શનો ઉપભોગ કરવો, પુષ્પમાલા વગેરે અલંકાર ધારણ કરવા, ઈત્યાદિ ઉપભોગ-પરિભોગના સાધનોનો ત્યાગ કરતા નથી; સર્વ પ્રકારે ગાડી(શકટ) રથ, યાન–સર્વ પ્રકારના વાહન અર્થાત્ જળયાન, આકાશયાન-વિમાન, ઘોડાગાડી આદિ સ્થળયાન, સવારી; જુગ્ગ–ડોળી, ગિલ્લી– પાલખી, થિલ્લી–ઊંટનું પલાણ, હાથી અંબાડી, શિયા–શિબિકા, સ્યંદમાનિકા– પુરુષ પ્રમાણ પાલખી તથા શય્યા, આસન, યાન-વાહન, ભોગ અને ભોજન આદિ પરિગ્રહને વધારવાની વૃત્તિને જીવન પર્યંત છોડતા નથી. તે સર્વ પ્રકારના ક્રય-વિક્રય તથા માસા, અર્ધા માસા અને તોલા આદિ વ્યવહારોથી જીવનપર્યંત નિવૃત્ત થતા નથી, તે સોના, ચાંદી, ધન, ધાન્ય, મણિ, મોતી, શંખ, શિલા, પ્રવાલ આદિ બહુમૂલ્ય પદાર્થોના સંગ્રહથી જીવનપર્યંત નિવૃત્ત થતા નથી, તે સર્વ પ્રકારના ખોટા તોલ-માપ જીવનપર્યંત છોડતા નથી, તે સર્વ પ્રકારના આરંભ-સમારંભ તથા સર્વ પ્રકારના દુષ્કૃત્યો કરવા, કરાવવાથી; સર્વ પ્રકારની પચન-પાચન આદિ સાવદ્ય ક્રિયાઓથી, પ્રાણીઓને મારવાં, પીટવાં, ધમકાવવાં, પ્રહાર કરવાં, વધ કરવાં અને બાંધવા તથા તેને પીડા આપવાની પ્રવૃત્તિથી નિવૃત્ત થતા નથી. આ પ્રકારના સર્વ કાર્યો તથા અન્ય પણ પરપીડાકારી સાવદ્ય કર્મો છે જે બોધિબીજનાશક છે, જે બીજા પ્રાણીઓને સંતાપ દેનારા છે, તેનું ક્રૂર કર્મો કરનારા અનાર્ય પુરુષો આચરણ કરે છે અને તેવા દુષ્કૃત્યોથી પણ તે જીવનપર્યંત નિવૃત્ત થતા નથી.

**૫૦ से जहाणामए केइ पुरिसे कल-मसूर-तिल-मुग्ग-मास-णिप्फाव-कुलत्थ-आलिसंदग-पलिमंथगमादिएहिं अजए कूरे मिच्छादंडं पउंजइ, एवामेव तहप्पगारे पुरिसजाए तित्तिर-वट्टग-लावग-कवोय-कविंजल-मिय-महिस-वराह-गाह-गोह-कुम्म-सरीसिवमादिएहिं अजए कूरे मिच्छादंडं पउंजइ ।**

**जा वि य से बाहिरिया परिसा भवइ, तं जहा– दासे इ वा पेसे इ वा भयए इ वा भाइल्ले इ वा कम्मकरए इ वा भोगपुरिसे इ वा तेसिं पि य णं अण्णरंसि अहालहुसगंसि अवराहंसि सयमेव गरुयं दंडं निव्वत्तेइ, तं जहा– इमं दंडेह, इमं मुंडेह, इमं तज्जेह, इमं तालेह, इमं अंदुयबंधणं करेह, इमं णियलबंधणं करेह, इमं हडिबंधणं करेह, इमं चारगबंधणं करेह, इमं णियलजुयलसंकोडियमोडियं करेह, इमं हत्थच्छिण्णयं करेह, इमं पायच्छिण्णयं करेह, इमं कण्णच्छिण्णयं करेह, इमं णक्कच्छिण्णयं करेह, इमं ओट्ठच्छिण्णयं करेह, इमं सीसच्छिण्णयं करेह, इमं मुहच्छिण्णयं करेह, इमं वेयवहियं करेह, इमं अंगवहियं करेह, इमं फोडियपयं करेह, इमं णयणुप्पाडियं करेह, इमं दसणुप्पाडियं करेह, इमं वसणुप्पाडियं करेह, जिब्भुप्पाडियं करेह, इमं ओलंबियं करेह, इमं घंसियं करेह, इमं घोलियं करेह, इमं सूलाइयं करेह, इमं सूलाभिण्णयं करेह, इमं खारवत्तियं करेह, इमं वज्झवत्तियं करेह, इमं सीहपुच्छियगं करेह, इमं वसहपुच्छियगं इमं कडग्गिदड्ढयं करेह, इमं कागणिमंसखावितयं करेह, इमं भत्तपाणनिरुद्धयं करेह, इमं जावज्जीवं वहबंधणं करेह, इमं अण्णतरेणं असुभेणं कुमारेणं मारेह ।**

**શબ્દાર્થ :–** **अजए** = નિરર્થક **कूरे** = નિર્દયતા પૂર્વક, ક્રૂરતા પૂર્વક **भयए** = ભૃતક-નોકર **भाइल्ले** = ભાગીદાર **कम्मकरए** = કર્મચારી **मुंडेह** = મુંડિત કરો **अंदुयबंधणं** = ભૂજાઓ બાંધવી **णियलबंधणं** = હાથપગમાં બેડી નાંખવી **णियलजुयलसंकोडियमोडियं** = બે સાંકળોથી બાંધીને અંગોને વાળવા **णक्कओट्ठसीसमुहच्छिण्णयं** = નાક, હોઠ, મસ્તક અને મુખને કાપવા **वसणुप्पाडियं** = અંડકોશ ઉખેડવું **ओलंबियं** = ઊંધુ લટકાવવું **खारवत्तियं** = કાપેલા અંગો પર મીઠું ભભરાવવું **कागणिमंसखावियगं** = માંસ કાપીને કાગડાને ખવડાવવું **भत्तपाणणिरुद्धयं** = ભોજન, પાણી બંધ કરી દેવા **वहबंधणं** = વધ બંધન-જિંદગીપર્યંત જેલમાં નાખવા.

**ભાવાર્થ :–** જેમ કોઈ પુરુષ ચણા, મસૂર, તલ, મગ, અડદ, વટાણા, કળથી, આલિસંદક ધાન્ય વિશેષ, પરિમંથક– કાળા ચણા આદિના લીલા છોડ કે પાકને નિરર્થક ક્રૂરતા પૂર્વક ઉખેડી નાંખવા રૂપ મિથ્યાદંડની પ્રવૃત્તિ કરે છે. તેમજ તે અધર્મી પુરુષ તેતર, બતક, લાવક, કબૂતર, કપિંજલ, મૃગ, ભેંસ, સૂવર, ગ્રાહ– ઘડિયાલ કે મગરમચ્છ, ગોહ, કાચબા, જમીન પર સરકીને ચાલનારા સરીસૃપ આદિ પ્રાણીઓને અપરાધ વિના જ ક્રૂરતા પૂર્વક વ્યર્થ દંડે છે.

તે ક્રૂર પુરુષો પોતાના દાસ, દૂત, દૈનિક વેતન પર રાખેલા નોકરો, ભાગીદારો, સામાન્ય કામ કરનારા કર્મચારીઓ, ભોગની સામગ્રી દેનારા ભોગ્યપુરુષો ઈત્યાદિ બાહ્ય પરિષદના લોકોમાંથી કોઈનો જરાપણ અપરાધ થઈ જાય તો સ્વયં તેને ભારે દંડ આપે છે, જેમ કે– આ પુરુષને ડંડાથી પીટો, તેનું માથું મૂંડી નાંખો, તેનો તિરસ્કાર કરો, ફટકારો, હાથ પાછળ બાંધો, હાથ-પગમાં હાથકડી અને બેડી નાંખો, હેડ બંધનમાં નાંખો, કારાગારમાં બંધ કરો, સાંકળથી જકડીને તેનાં અંગોને મરડી નાંખો, તેના હાથ-પગ, કાન, નાક, હોઠ, માથું અને મોઢું કાપો, વેદ–પુરુષેન્દ્રિય અને અંગોને કાપો, ચાબુક મારીને તેની ખાલ ઉતારો, તેની આંખો કાઢી નાંખો, અંડકોશ ખેંચો, દાંત પાડી નાંખો, જીભ ખેંચો, ઊંધો લટકાવો, જમીન પર ઘસડો, પાણીમાં ડૂબાડો, શૂળીમાં પરોવો, શૂળ ભોંકીને તેના ટુકડે ટુકડા કરો, અંગો છેદી તેના ઉપર મીઠું છાંટો, મૃત્યુદંડ આપો, સિંહના પૂંછડા સાથે બાંધો, બળદના પૂંછડા સાથે બાંધો, વાંસની અગ્નિમાં બાળો, માંસ કાપીને કાગડાઓને ખવડાવો, ભોજન-પાણી દેવાનું બંધ કરો, માર મારીને, બંધન કરીને, જીવનભર કેદમાં નાંખો, કોઈ પણ પ્રકારે તેને ભયંકર ઢોર માર મારો.

**૫૧** **जा वि य से अब्भिंतरिया परिसा भवइ, तं जहा– माया इ वा पिया इ वा भाया इ वा भगिणी इ वा भज्जा इ वा पुत्ता इ वा धूया इ वा सुण्हा इ वा, तेसिं पि य णं अण्णयरंसि अहालहुसगंसि अवराहंसि सयमेव गरुयं दंडं णिव्वत्तेइ, तं जहा– सीओदगवियडंसि उबोलेत्ता भवइ, एवं जहा मित्तदोसवत्तिए** *जाव* **अहिए परंसि लोगंसि । ते दुक्खंति सोयंति जूरंति तिप्पंति पिट्टंति परितप्पंति । ते दुक्खण-सोयण-जूरण-तिप्पण-पिट्टण-परितप्पण-वह बंधणपरिकिलेसाओ अपडिविरया भवंति ।**

**શબ્દાર્થઃ–** **दुक्खंति** = દુઃખ આપે છે **सोयंति** = શોક કરાવે છે **जूरंति** = ઝૂરણા કરાવે છે, ટપ ટપ આંસુ પડાવે છે **तिप्पंति** = સંતાપ ઉપજાવે છે **पिट्टंति** = પીડા પમાડે છે, પીડા ઉપજાવે છે **परितप्पंति** = વિશેષ પરિતાપ ઉપજાવે છે.

**ભાવાર્થ :–** આ ક્રૂર પુરુષો પોતાના માતા, પિતા, ભાઈ, બહેન, પત્નિ, પુત્ર, પુત્રી, પુત્રવધૂ આદિ આભ્યંતર પરિષદના લોકોમાંથી કોઈનો જરા પણ અપરાધ થાય તો તેને ભારે દંડ આપે છે. જેમ કે– તેને ઠંડા પાણીમાં ડુબાડે છે ***યાવત્*** મિત્રદ્વેષ પ્રત્યયિક ક્રિયાસ્થાનમાં કહ્યા છે તે પ્રકારના બધા દંડ આપે છે. આ પ્રકારના આચરણથી સ્વયં પોતાના પરલોકનું અહિત કરે છે. તે ક્રૂરકર્મા પુરુષ અંતર્બાહ્ય બંને પ્રકારના લોકોને દુઃખ પમાડે છે. શોક કરાવે છે, ઝૂરણા કરાવે છે, સંતાપ ઉપજાવે છે, પીડા પમાડે છે, વિશેષ પરિતાપ ઉપજાવે છે. આ રીતે તે પુરુષ બીજાઓ માટેના દુઃખ, શોક, ઝૂરણા, સંતાપ, વધ બંધન આદિ ક્લેશ કરાવવાની દુષ્પ્રવૃત્તિઓથી જીવન પર્યંત નિવૃત્ત થતા નથી.

**૫૨ एवामेव ते इत्थिकामेहिं मुच्छिया गिद्धा गढिया अज्झोववण्णा** *जाव* **वासाइं चउपंचमाइं छद्दसमाइं वा अप्पतरो वा भुज्जतरो वा कालं भुंजित्तु भोगभोगाइं पसवित्तु वेरायतणाइं संचिणित्ता बहूइं कूराणि कम्माइं उस्सण्णाइं संभारकडेण कम्मुणा– से जहाणामए अयगोले इ वा सेलगोले इ वा उदगंसि पक्खित्ते समाणे उदगतलमइवइत्ता अहे धरणितलपइट्ठाणे भवइ, एवामेव तहप्पगारे पुरिसजाए वज्जबहुले धुयबहुले [धुण्णबहुले] पंकबहुले वेरबहुले अप्पत्तियबहुले दंभबहुले णियडिबहुले साइबहुले अयसबहुले उस्सण्णं तसपाणघाई कालमासे कालं किच्चा धरणितल- मइवइत्ता अहे णरगतलपइट्ठाणे भवइ ।**

**શબ્દાર્થ :–** **अयगोले** = લોખંડનો ગોળો **सेलगोले** = પત્થરનો ગોળો **उदगतलमइवइत्ता** = પાણીને ઓળંગીને **धरणितलपइट्ठाणे** = પૃથ્વીતળમાં જઈને ટકે છે **अयसबहुले** = અપયશકીર્તિ થાય તેવું કામ કરનારા **उस्सण्ण तसपाणघाई** = પ્રાયઃ કરીને ત્રસ પ્રાણીઓની ઘાત કરનાર.

**ભાવાર્થ :–** આ રીતે તે અધાર્મિક પુરુષ સ્ત્રીસંબંધી કામ ભોગોમાં તથા અન્ય ઇન્દ્રિય વિષયોમાં મૂર્છિત, ગૃદ્ધ, અત્યંત આસક્ત તથા તલ્લીન થઈને પૂર્વોક્ત પ્રકારે ચાર, પાંચ, છ કે દસ વર્ષ સુધી અર્થાત્ અલ્પ કે અધિક સમય સુધી શબ્દાદિ વિષય ભોગનો ઉપભોગ કરીને પ્રાણીઓ સાથે વેરનો બંધ બાંધીને, ઘણાં ક્રૂરકર્મોનો સંચય કરીને, પાપકર્મના ભારથી દબાઈ જાય છે.

જે રીતે કોઈ લોઢાના ગોળા કે પત્થરના ગોળાને પાણીમાં નાંખવાથી તે ગોળો પાણીના તળિયાનું અતિક્રમણ કરીને અર્થાત્ પાણીની નીચે પૃથ્વીતલ પર બેસી જાય છે, તેવી રીતે પાપકર્મોના ભારથી દબાયેલો અત્યધિક પાપથી યુક્ત, પૂર્વકૃત કર્મોથી અત્યંત ભારે, કર્મપંકથી અતિમલિન, અનેક પ્રાણીઓ સાથે વેર બાંધીને, અત્યંત અવિશ્વસનીય, દંભી, કપટી, દેશ, વેશ અને ભાષા બદલીને ધૂર્તતા કરવામાં અતિનિપુણ, અપયશના કામ કરનાર તથા ત્રસ પ્રાણીઓનો ઘાતક; તે પુરુષ આયુષ્ય પૂર્ણ થાય, ત્યારે મરીને પૃથ્વીતળને ઓળંગીને નીચે જાય અને નરકતલમાં(નરકમાં) સ્થિત થાય છે.

**૫૩ ते णं णरया अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयारतमसा ववगय- गह-चंद-सूर-णक्खत्त-जोइसपहा मेद-वसा-मंस-रुहिर-पूयपडल-चिक्खल्ल- लित्ताणुलेवणतला असुई वीसा परमदुब्भिगंधा काऊअगणिवण्णाभा कक्खडफासा दुरहियासा असुभा णरगा, असुभा णरएसु वेयणाओ, णो चेव णं णरएसु णेरइया णिद्दायंति**

**वा पयलायंति वा सइं रइं वा धिइं वा मइं वा उवलभंते, ते णं तत्थ उज्जलं विउलं पगाढं कडुयं कक्कसं चंडं दुक्खं दुग्गं तिव्वं दुरहियासं णेरइय वेयणं पच्चणुभवमाणा विहरंति ।**

**से जहाणामए रुक्खे सिया पव्वयग्गे जाए मूले छिण्णे अग्गे गरुए जओ णिण्णं जओ विसमं जओ दुग्गं तओ पवडइ, एवामेव तहप्पगारे पुरिसजाए गब्भाओ गब्भं, जम्माओ जम्मं, माराओ मारं, णरगाओ णरगं, दुक्खाओ दुक्खं, दाहिणगामिए णेरइए कण्हपक्खिए आगमिस्साणं दुल्लभबोहिए यावि भवइ ।**

**एस ठाणे अणारिए अकेवले** *जाव* **असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहू। पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिए ।**

**શબ્દાર્થ :–** **खुरप्पसंठाणसंठिया** = અસ્ત્રાના આકાર જેવી આકૃતિવાળા **णिच्चंधयारतमसा** = તમોમય, નિરંતર અંધકારયુક્ત **ववगय** = રહિત(પ્રકાશથી રહિત) **गहचंदसूरणक्खत्त-जोइसपहा** = ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર અને જ્યોતિષ મંડળના પ્રકાશથી રહિત **मेदवसामंसरुहिरपूयपडल** = મેદ, ચરબી, માંસ, લોહી અને પરુથી ઉત્પન્ન થયેલા **चिक्खल्ल** = કીચડ(કાદવ)ના **लित्ताणुलेवणतला** = અનુલેપથી લેપાયેલા તળિયાવાળા **वीसा** = સડેલા, માંસયુક્ત **काउअगणिवण्णाभा** = કાપોત રંગની અગ્નિની સમાન વર્ણવાળા **कक्खडफासा** = કઠોર સ્પર્શવાળા **दुरहियासा** = અસહ્ય વેદનાવાળા **पयलायंति** = પ્રચલા એટલે કે બેઠા બેઠા ઊંઘ લેવી. **पव्वयग्गे** = પર્વતના અગ્રભાગમાં **णिण्णं** = નીચા.

**ભાવાર્થ :–** તે નરકના નરકાવાસો અંદરથી ગોળ અને બહારથી ચતુષ્કોણ હોય છે તથા નીચે અસ્ત્રાના આકારના; નિત્ય અંધકારમય હોવાથી ગાઢ અંધકારવાળા; ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર આદિ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત છે. તેનો ભૂમિભાગ મેદ, ચરબી, પરુ, રુધિર, માંસના કીચડથી ખરાડાયેલો છે. તે અપવિત્ર, બીભત્સ, અશુચિમય, અત્યંત દુર્ગંધમય, કાપોત રંગની અત્યંત જાજ્વલ્યમાન અગ્નિ સમાન વર્ણવાળા છે; તેનો સ્પર્શ અત્યંત કઠોર છે. તે દુઃસહ્ય, અશુભ અને અશુભ વેદનાવાળા છે. તે નરકમાં રહેનારા નૈરયિકો ક્યારેય સુખપૂર્વકની નિદ્રા કે પ્રચલા–બેઠાં-બેઠાં નિદ્રાને પ્રાપ્ત કરી શકતા નથી. તેને શ્રુતિ–ધર્મશ્રવણ, રતિ વિષયમાં રુચિ, ધૃતિ–ધૈર્ય અને મતિ–વિચારવાની બુદ્ધિ પ્રાપ્ત થતી નથી. તે નારકી ત્યાં કઠોર, વિપુલ, પ્રગાઢ, કટુ, કર્કશ, પ્રચંડ, દુઃખદ, દુર્ગમ્ય, તીવ્ર, દુઃસહ્ય નરક વેદના ભોગવતા પોતાનું આયુષ્ય વ્યતીત કરે છે.

જેમ પર્વતના આગળના ભાગમાં કોઈ વૃક્ષ ઉત્પન્ન થયું હોય, તેનું મૂળ કાપી નાંખવામાં આવે, તો તે વૃક્ષ તેના ભારથી નીચે કોઈ પણ વિષમ કે દુર્ગમ સ્થાન પર પડી જાય છે. તેમ પૂર્વોક્ત પાપી પુરુષ એક ગર્ભથી બીજા ગર્ભને, એક જન્મથી બીજા જન્મને, એક મરણથી બીજા મરણને, એક નરકથી બીજી નરકને તથા એક દુઃખથી બીજા દુઃખને પ્રાપ્ત કરે છે. તે દક્ષિણગામી કૃષ્ણપાક્ષિક નરકાવાસમાં ઉત્પન્ન થાય છે તથા ભવિષ્યમાં દુર્લભ-બોધિ થાય છે.

આ પ્રથમ અધર્મપક્ષીય સ્થાન છે. તે અનાર્ય છે. આર્ય પુરુષો દ્વારા આચરણ કરવા યોગ્ય નથી, તે કેવળ-જ્ઞાનરહિત ***યાવત્*** સમસ્ત દુઃખોનો નાશ કરનાર માર્ગ નથી. આ સ્થાન એકાંત મિથ્યા અને ખરાબ છે.

આ પ્રકારે અધર્મ નામના પ્રથમ સ્થાનની વિચારણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અધર્મપક્ષીની મનોવૃત્તિ તેની પ્રવૃત્તિ અને તેના પરિણામનું દિગ્દર્શન છે.

**વૃત્તિ-પ્રવૃતિ :–** સામાન્ય કોટિના સર્વ મનુષ્યોનો અધર્મપક્ષમાં સમાવેશ થાય છે. તેઓ મોટી-મોટી આકાંક્ષાઓ રાખે છે. મહારંભી, મહાપરિગ્રહી અને અધર્મિષ્ઠ હોય છે. અઢારેય પાપસ્થાનોમાં આસક્ત રહે છે. સ્વભાવથી નિર્દય, દંભી, દગાબાજ, દુરાચારી, છળકપટમાં નિપુણ, અતિક્રોધી, અતિમાની, અતિસાહસી અને અતિરૌદ્ર હોય છે. નાની-નાની વાતમાં ક્રોધ કરીને પોતાનાં સ્વજનો અને અનુચરોને ભયંકર દંડ આપે છે. તે પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં ગાઢ આસક્ત અને કામ-ભોગોમાં રચ્યા-પચ્યા રહે છે.

**પરિણામ :–** તે આ લોકમાં સદા દુઃખ, શોક, સંતાપ, માનસિક ક્લેશ, પીડા, પશ્ચાત્તાપ આદિથી ઘેરાયલા રહે છે, અનેક પ્રાણીઓ સાથે વેર બાંધીને, વિષયભોગમાં અધિકાધિક આસક્ત બની કુકર્મ સંચિત કરીને પરલોકમાં જાય છે. ત્યાં નીચેની નરક ભૂમિમાં તેનો નિવાસ થાય છે, જ્યાં નિદ્રા, ધૃતિ, મતિ, રતિ, શ્રુતિ, બોધિ આદિ બધું લુપ્ત થઈ જાય છે. અસહ્ય વેદનાઓ અને યાતનાઓમાં જ તેનું દીર્ઘકાલીન જીવન વ્યતીત થાય છે. ત્યાર પછી પણ ચિરકાળ સુધી તે સંસારમાં પરિભ્રમણ કરે છે.

**બીજું સ્થાન : ધર્મપક્ષ : વૃત્તિ, પ્રવૃત્તિ, સુપરિણામ :–**

**૫૪ अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहीणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहा– अणारंभा अपरिग्गहा धम्मिया धम्माणुगा धम्मिट्ठा** *जाव* **धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति, सुसीला सुव्वया सुप्पडियाणंदा सुसाहू सव्वाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए** *जाव* **जे यावण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरियावणकरा कज्जंति ततो वि पडिविरया जावज्जीवाए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી બીજા ધર્મપક્ષનું વિવરણ આ પ્રમાણે છે– આ મનુષ્યલોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાઓમાં રહેતા કેટલાક પુરુષો ધર્મપક્ષને સ્વીકારે છે. તેમનો જીવન વ્યવહાર આ પ્રકારનો હોય છે, જેમ કે– તેઓ અનારંભી અને અપરિગ્રહી, ધાર્મિક, ધર્મનું જ અનુસરણ કરનારા, ધર્મપ્રિય, ધર્મનું જ કથન કરનારા, ધર્મને જ ઉપાદેય રૂપે જોનારા, ધર્મમાં વિશેષ રૂપે તલ્લીન રહેનારા, ધર્મમાં આનંદ માનનારા, ધર્મનું સમ્યક આચરણ કરનારા, ધર્મ દ્વારા જ પોતાનું જીવન ચલાવનારા, સુશીલ, સુવ્રતી, આત્મ પરિતુષ્ટ અને શ્રેષ્ઠ જીવન જીવનારા હોય છે. તેઓ જીવન પર્યંત પ્રાણાતિપાત ***યાવત્*** મિથ્યાદર્શનશલ્ય સુધીના અઢારે પાપોથી સર્વથા નિવૃત્ત હોય છે તથા તેવી અન્ય પણ સાવદ્યકારી, બોધિબીજ નાશક, અન્ય પ્રાણીઓને પરિતાપજનક હોય તેવી સર્વ ક્રિયાઓથી જીવનપર્યંત દૂર રહે છે.

**૫૫ से जहाणामए अणगारा भगवंतो इरियासमिया भासासमिया एसणासमिया आयाणभंडमत्तणिक्खेवणासमिया उच्चार-पासवण-खेल-जल्ल-सिंघाण-पारिट्ठावणिया समिया मणसमिया वइसमिया कायसमिया मणगुत्ता वइगुत्ता कायगुत्ता गुत्ता गुत्तिदिंया गुत्तबंभयारी अकोहा अमाणा अमाया अलोभा संता पसंता उवसंता परिणिव्वुडा अणासवा अगंथा छिण्णसोया णिरुवलेवा कंसपाई व मुक्कतोया, संखो इव णिरंगणा,**

**जीवो इव अप्पडिहयगई, गगणतलं पि व णिरालंबणा, वायुरिव अपडिबद्धा सारदसलिलं व सुद्धहियया, पुक्खरपत्तं व णिरुवलेवा, कुम्मो इव गुत्तिंदिया, विहग इव विप्पमुक्का, खग्गविसाणं व एगजाया, भारंडपक्खीव अप्पमत्ता, कुंजरो इव सोंडीरा, वसभो इव जायत्थामा, सीहो इव दुद्धरिसा, मंदरो इव अप्पकंपा, सागरो इव गंभीरा, चंदो इव सोमलेसा, सूरो इव दित्ततेया, जच्चकणगं व जायरूवा, वसुंधरा इव सव्वफासविसहा, सुहुयहुयासणो विव तेयसा जलंता ।**

**ભાવાર્થ :–** તે ધાર્મિક પુરુષ ગૃહત્યાગી અણગાર હોય છે. તે ઈર્યાસમિતિવંત–અન્ય જીવોની વિરાધના ન થાય, તે રીતે ઉપયોગપૂર્વક ગમનક્રિયા કરનારા, ભાષા સમિતિવંત–નિરવદ્ય વચન બોલનારા, એષણા સમિતિવંત–નિર્દોષ, શુદ્ધ અને અચેત આહારને ગ્રહણ કરીને અનાસક્તપણે ભોગવનારા, આદાન-ભંડ મત્ત નિક્ષેપ સમિતિવંત–સાધુ જીવનના આવશ્યક ઉપકરણોને યતનાપૂર્વક ગ્રહણ કરનારા અને મૂકનારા, ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પરિષ્ઠાપનિકા સમિતિવંત–મળ-મૂત્ર આદિ શરીરના ત્યાજ્ય પદાર્થોનો નિર્દોષ ભૂમિમાં ત્યાગ કરનારા, મન, વચન અને કાયાની શુભ પ્રવૃત્તિ રૂપ મનસમિતિ, વચનસમિતિ અને કાયસમિતિ, આ આઠે પ્રકારની સમિતિઓથી યુક્ત, મનોગુપ્ત–આર્ત-રૌદ્ર ધ્યાનયુક્ત વિચારધારાનો ત્યાગ કરી ધર્મ-શુક્લ ધ્યાનમાં ચિત્તને એકાગ્ર કરનારા, વચનગુપ્ત–અશુભ વચનોનો ત્યાગ કરી અત્યંત આવશ્યક હોય ત્યારે જ શુભ વચનો બોલનારા, કાયગુપ્ત–પાપકારી શારીરિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરી અનિવાર્ય નિર્દોષ કાયિક ચેષ્ટા કરનારા, ગુપ્ત–અશુભ યોગનો નિગ્રહ કરનારા, ગુપ્તેન્દ્રિય–પાપકારી પ્રવૃત્તિમાંથી ઇન્દ્રિયોને સુરક્ષિત રાખનારા; ગુપ્તબ્રહ્મચારી–નવવાડ સહિત બ્રહ્મચર્યનું પાલન કરનારા; ક્રોધ, માન, માયા, લોભ તે ચારે ય કષાયથી રહિત; બાહ્ય પ્રવૃત્તિથી શાંત, આભ્યંતર પાપકારી પ્રવૃત્તિથી પ્રશાંત, બાહ્ય-આભ્યંતર બંને પ્રકારે ઉપશાંત, પરિનિર્વૃત્ત–કર્મોના આશ્રવથી રહિત, નિર્ગ્રંથ–રાગદ્વેષરૂપ ગ્રંથીથી રહિત અથવા છિન્નગ્રંથ–શરીરજન્ય સંબંધરૂપ દ્રવ્ય ગ્રંથી અને મિથ્યાત્વાદિ રૂપ ભાવગ્રંથીથી રહિત, છિન્નસોત–સંસારના પ્રવાહરૂપ સોતથી રહિત હોય છે.

તે અણગારો– (૧) કાંસ્યપાત્ર– કાંસાના વાસણને પાણીનો લેપ લાગતો નથી તેની જેમ સાંસારિક સંબંધોથી નિર્લેપ, (૨) શંખની જેમ નિરંગણ– રાગાદિ રંજન યોગ્ય ભાવોથી મુક્ત, (૩) જીવની જેમ અપ્રતિહત ગતિવાળા અર્થાત્ અપ્રતિબંધપણે વિચરણ કરનારા, (૪) આકાશની જેમ સ્વજનો આદિના આલંબન રહિત (૫) પવનની જેમ અપ્રતિબદ્ધ– ઘર રહિત, (૬) શરદ ઋતુના જલની જેમ નિર્મળ અને શુદ્ધ હૃદયી (૭) કમળ પત્રની જેમ વિષય ભોગથી નિર્લેપ (૮) કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય (૯) પક્ષીની જેમ નિશ્ચિત આવાસથી વિપ્રમુક્ત (૧૦) ગેંડાના શિંગની જેમ રાગાદિ દ્વંદ્વથી રહિત હોવાથી એક સ્વરૂપ (૧૧) ભારંડપક્ષીની જેમ અપ્રમત્ત (૧૨) હાથીની જેમ કષાય રૂપ શત્રુનો નાશ કરવામાં શૂરવીર, (૧૩) વૃષભની જેમ બલિષ્ઠ (૧૪) સિંહની જેમ દુર્ધર્ષ–અજેય (૧૫) મેરુ પર્વતની જેમ અકંપ (૧૬) સાગરની જેમ ગંભીર (૧૭) ચંદ્રની જેમ સૌમ્યલેશી (૧૮) સૂર્યની જેમ શારીરિક ક્રાંતિ અને જ્ઞાનના તેજથી તેજસ્વી (૧૯) ઉત્તમ જાતિના શુદ્ધ કરેલા સુવર્ણની જેમ નિર્મળ (૨૦) પૃથ્વીની જેમ સર્વ પરિસ્થિતિઓને સમભાવે સહન કરનારા, (૨૧) હોમની અગ્નિની જેમ તપ-સંયમના તેજથી દેદીપ્યમાન હોય છે.

**૫૬ णत्थि णं तेसिं भगवंताणं कत्थवि पडिबंधे भवइ, से य पडिबंधे चउव्विहे पण्णत्ते, तं जहा अंडए इ वा पोयए इ वा उग्गहे इ वा पग्गहे इ वा, जण्णं जण्णं दिसं**

**इच्छंति तण्णं तण्णं दिसं अप्पडिबद्धा सुइभूया लहुभूया अणुप्पगंथा संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति ।**

**ભાવાર્થ :–** તે મુનિજનો કોઈ પણ વિષયમાં પ્રતિબંધ રહિત(આસક્તિ રહિત) હોય છે. તે પ્રતિબંધના ચાર પ્રકાર છે– (૧) અંડજ–ઈંડામાંથી ઉત્પન્ન થનારા મોર વગેરે પક્ષીઓથી અથવા કોશેટાથી ઉત્પન્ન થયેલા રેશમી વસ્ત્રના પ્રતિબંધથી (૨) પોતજ–પોતજ જન્મથી ઉત્પન્ન થનારા હાથી આદિના બચ્ચાથી અથવા પોતજ–વસ્ત્રના પ્રતિબંધથી (૩) અવગ્રહ–વસતિ-નિવાસ સ્થાનના પ્રતિબંધથી તથા (૪) ઔપગ્રહિક–પીઠ, ફલક, દંડાદિ ઔપગ્રહિક ઉપકરણના પ્રતિબંધથી રહિત હોય છે. તેઓ જે દિશામાં વિચરણ કરવાની ઈચ્છા કરે છે, તે દિશામાં અપ્રતિબદ્ધપણે, પવિત્ર ભાવે, લઘુભૂત–અલ્પ ઉપધિવાળા થઈને, બાહ્ય-આભ્યંતર પરિગ્રહ રૂપ ગ્રંથીથી રહિત, સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતાં વિચરે છે.

**૫૭ तेसिं णं भगवंताणं इमा एयारूवा जायामायावित्ती भवइ, तं जहा– चउत्थे भत्ते, छट्ठे भत्ते, अट्ठमे भत्ते, दसमे भत्ते, दुवालसमे भत्ते, चोद्दसमे भत्ते सोलसभत्ते, अद्धमासिए भत्ते, मासिए भत्ते, दोमासिए भत्ते, तेमासिए भत्ते, चउम्मासिए भत्ते, पंचमासिए भत्ते, छम्मासिए भत्ते । अदुत्तरं च णं उक्खित्तचरगा णिक्खित्तचरगा उक्खित्तणिक्खित्तचरगा अंतचरगा पंतचरगा लूहचरगा सामुदाणचरगा संसट्ठचरगा असंसट्ठचरगा तज्जायसंसट्ठचरगा दिट्ठलाभिया अदिट्ठलाभिया पुट्ठलाभिया अपुट्ठलाभिया भिक्खलाभिया अभिक्खलाभिया अण्णायचरगा अण्णगिलायचरगा उवणिहिया संखादत्तिया परिमियपिंडवाइया सुद्धेसणिया अंताहारा पंताहारा अरसाहारा विरसाहारा लूहाहारा तुच्छाहारा अंतजीवी पंतजीवी पुरिमड्ढिया आयंबिलिया णिव्विगइया अमज्ज-मंसासिणो णो णिकामरसभोई ठाणाइया पडिमट्ठाइया णेसज्जिया वीरासणिया दंडायतिया लगंडसाईणो अवाउडा अकंडुया अणिट्ठुहा धुयकेस-मंसु-रोम-णहा सव्वगाय-पडिकम्मविप्पमुक्का चिट्ठंति ।**

**ભાવાર્થ :–** તે અણગાર ભગવંતો સંયમ યાત્રાના નિર્વાહાર્થે આ પ્રકારની વૃત્તિ ધારણ કરે છે, જેમ કે– **ચતુર્થભક્ત–** એક ઉપવાસ, **ષષ્ઠભક્ત–** બે ઉપવાસ, **અષ્ટમભક્ત–** ત્રણ ઉપવાસ, **દશમભક્ત–** ચાર ઉપવાસ, **દ્વાદશભક્ત–** પાંચ ઉપવાસ, **ચતુર્દશભક્ત–** છ ઉપવાસ, **ષોડશભક્ત–** સાત ઉપવાસ, **અર્ધમાસિકભક્ત–** પંદર ઉપવાસ, **માસિકભક્ત–** એક માસના ઉપવાસ, **દ્વિમાસિકભક્ત–** બે માસના ઉપવાસ, **ત્રિમાસિકભક્ત–** ત્રણ માસના ઉપવાસ, **ચાતુર્માસિકભક્ત–** ચાર માસના ઉપવાસ, **પંચમાસિકભક્ત–** પાંચ માસના ઉપવાસ, **છમાસિકભક્ત–** છ માસના ઉપવાસ કરે છે તે ઉપરાંત કેટલાક શ્રમણો આ પ્રકારના અભિગ્રહ ધારક હોય છે, જેમ કે– **ઉત્ક્ષિપ્તચરક–** ભોજનને વાસણમાંથી બહાર કાઢી રહેલી વ્યક્તિ પાસેથી જ ભિક્ષા ગ્રહણ કરનારા, **નિક્ષિપ્ત ચરક–** ભોજનને વાસણની અંદર નાંખી રહેલી વ્યક્તિ પાસેથી ભિક્ષા ગ્રહણ કરનારા, **ઉત્ક્ષિપ્ત–નિક્ષિપ્તચરક–** ભોજનને એક વાસણમાંથી કાઢીને બીજા વાસણમાં નાંખી રહેલી વ્યક્તિ પાસેથી ભિક્ષા ગ્રહણ કરનારા, **અંતાહારી–** અત્યંત હલકી જાતના ધાન્યમાંથી બનાવેલો આહાર ગ્રહણ કરનારા, **પ્રાંતાહારી–** ગૃહસ્થોએ ભોજન કર્યા પછી વધેલા

આહારમાંથી ગ્રહણ કરનારા, **રુક્ષાહારી–** લૂખો-સૂકો આહાર લેનારા, **સામુદાનિકચરક–** સામુદાનિક ભિક્ષા લેનારા,(પંક્તિમાં ક્રમશઃ આવતા ઘરોથી ભિક્ષા લેનારા) **સંસૃષ્ટચરક–** દાળ, શાકાદિથી લેપાયેલા હાથ, પાત્ર, ચમચાદિથી જ ભિક્ષા ગ્રહણ કરનારા, **અસંસૃષ્ટચરક–** દાળ–શાકાદિથી નહીં લેપાયેલા હાથ, પાત્ર, ચમચાદિથી જ ભિક્ષા ગ્રહણ કરનારા, **તજ્જાતસંસૃષ્ટ ચરક–** દેય પદાર્થોથી જ લેપાયેલા હાથ વગેરેથી ભિક્ષા ગ્રહણ કરનારા, **દષ્ટલાભિક–** સામે દેખાતો જ આહાર ગ્રહણ કરનારા, (ખુલ્લા વાસણમાં રહેલો આહાર લેનારા) **અદષ્ટલાભિક–** સામે ન દેખાતો હોય, બંધ રાખેલો હોય, તેને ખોલીને આપે, તેવો આહાર ગ્રહણ કરનારા, **પૃષ્ટલાભિક–** તમોને શું જોઈએ છે ? તે પ્રમાણે પૂછીને અપાતો આહાર ગ્રહણ કરનારા, **અપૃષ્ટલાભિક–** કાંઈ પણ પૂછ્યા વિના અપાતો આહાર ગ્રહણ કરનારા, **ભિક્ષાલાભિક–** 'મને ભિક્ષા આપો' આ પ્રમાણે યાચનાપૂર્વક પ્રાપ્ત થતો આહાર ગ્રહણ કરનારા,(યાચના કર્યા વિના સ્વતઃ આપે તો ન લેનારા) **અભિક્ષાલાભિક–** યાચના વિના જ પ્રાપ્ત થતો આહાર ગ્રહણ કરનારા, **અજ્ઞાતચરક–** ઘરમાં પ્રવેશ્યા પહેલાં કોઈ પણ પ્રકારે સાધુના આવવાની જાણકારી ન હોય તેવા અજ્ઞાત ઘરોથી ભિક્ષા ગ્રહણ કરનારા, **અન્નગ્લાયક–** અમનોજ્ઞ, ઉચ્છિષ્ટ, વાસી પદાર્થોને ગ્રહણ કરનારા, **ઉપનિહિત–** દાતાની સમીપે પડેલો આહાર ગ્રહણ કરનારા, **સંખ્યાદત્તિક–** નિશ્ચિત કરેલી સંખ્યામાં જ આહારની દત્તિ ગ્રહણ કરનારા, **પરિમિતપિંડપાતિકા–** પરિમિત દ્રવ્યોને જ ગ્રહણ કરનારા, **શુદ્ધૈષણિક–** એષણા સમિતિપૂર્વક નિર્દોષ આહાર ગ્રહણ કરનારા, **અંતાહારી, પ્રાંતાહારી, અરસાહારી–** હિંગ, જીરું આદિથી વઘાર્યા વિનાનો અરસ આહાર લેનારા, **વિરસાહારી–** સ્વાદરહિત ભોજન લેનારા, **રૂક્ષાહારી–** વિગય રહિત લૂખો-સૂકો આહાર લેનારા, **તુચ્છાહાર–** ફેંકી દેવા યોગ્ય તુચ્છ આહાર લેનારા, **અંતજીવી–** હંમેશાં હલકા અનાજમાંથી બનેલો આહાર લેનારા, **પ્રાન્તજીવી–** હંમેશાં ગૃહસ્થોએ જમી લીધા પછી વધેલામાંથી આહાર લેનારા, **પુરિમડ્ઢ–** બે પ્રહર વ્યતીત થયા પછી જ આહાર લેનારા, **આયંબિલ** તપની આરાધના કરનારા, **નિર્વિકૃતિક–** નીવી તપ કરનારા, મદ્ય-માંસનું સેવન ન કરનારા, **નિકામરસભોજી–** પ્રતિદિન સરસ આહાર ન કરનારા,(ધાર વિગયનો ત્યાગ કરનારા) **સ્થાનસ્થિતિક–** ઊભા રહેનારા, નહીં બેસનારા, **પડિમાસ્થાયી–** ભિક્ષુની બાર પ્રતિમાનું વહન કરનારા, **નૈષધિક–** કોઈ પણ આસને બેસનારા એટલે શયન નહીં કરનારા, **વીરાસનિક–** સમય મર્યાદાથી વીરાસને બેસનારા, **દંડાયતિક–** દંડની જેમ લાંબા પગ કરીને સ્થિરતા પૂર્વક સૂનારા, **લકુટશાયી–** વૃક્ષની વાંકી-ચૂંકી ડાળીની જેમ સૂનારા, **અપ્રાવૃત્ત–** નિર્વસ્ત્ર રહેનારા **અકંડૂયક–** ખુજલી આવવા છતાં નહીં ખંજવાળનારા, **અનિષ્ઠીવક–** થૂંક આવવા છતાં નહીં થૂંકનારાં અને કેશ, મૂંછ, દાઢી, નખ વગેરે તેમજ સંપૂર્ણ શરીરના સંસ્કાર–પરિકર્મનો ત્યાગ કરીને વિચરણ કરનારા હોય છે.

**૫૮ ते णं एएणं विहारेणं विहरमाणा बहूइं वासाइं सामण्णपरियागं पाउणंति, बहूइं वासाइं सामण्णपरियागं पाउणित्ता आबाहंसि उप्पण्णंसि वा अणुप्पण्णंसि वा बहूइं भत्ताइं पच्चक्खाइंति, बहूइं भत्ताइं पच्चक्खित्ता बहूइं भत्ताइं अणसणाए छेदेंति, छेदित्ता जस्सट्ठाए कीरइ णग्गभावे मुंडभावे अण्हाणगे अदंतवणगे अछत्तए अणोवाहणए भूमिसेज्जा फलगसेज्जा कट्ठसेज्जा केसलोए बंभचेरवासे परघरपवेसे लद्धावलद्धं माणावमाणणाओ हीलणाओ णिंदणाओ खिंसणाओ गरहणाओ तज्जणाओ**

**तालणाओ उच्चावया गामकंटगा बावीसं परीसहोवसग्गा अहियासिज्जंति तमट्ठं आराहेंति, तमट्ठं आराहेत्ता चरमेहिं उस्सासणिस्सासेहिं अणंतं अणुत्तरं णिव्वाघायं णिरावरणं कसिणं पडिपुण्णं केवलवरणाण-दंसणं समुप्पाडेंति, तओ पच्छा सिज्झंति बुज्झंति मुच्चंति परिणिव्वायंति सव्वदुक्खाणं अंतं करेंति ।**

**ભાવાર્થ :–** તે અણગાર ભગવંતો આ પ્રમાણે વિચરતાં બહુ વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કરે છે. રોગાદિ અનેકાનેક વિઘ્નો આવે કે ન આવે તો પણ તેઓ ઘણા ભક્ત–આહારનો ત્યાગ કરે છે, અનેક દિવસો સુધી આહાર ત્યાગ કરીને, અંતે ભક્ત પ્રત્યાખ્યાન–સંથારો કરે છે. સંથારાને પૂર્ણતઃ સિદ્ધ કરીને જે ઉદ્દેશ્યથી **નગ્નભાવ–** અલ્પ વસ્ત્ર ધારણ કરી અને શરીર સંસ્કારનો ત્યાગ, **મુંડભાવ–** સાંસારિક સંબંધોનો ત્યાગ, સ્નાનનો ત્યાગ, દંત પ્રક્ષાલન ત્યાગ, છત્ર ત્યાગ, પગરખા(ચપ્પલ) ત્યાગ, ભૂમિ શયન, લાકડાના પાટિયા પર શયન, કાષ્ઠ પર શયન, કેશલુંચન, બ્રહ્મચર્યનું પાલન, ભિક્ષા માટે બીજાના ઘરમાં પ્રવેશ, ભિક્ષા સમયે આહારનો લાભ કે અલાભ, માન-અપમાન, અવહેલના, નિંદા, ખિંસના, ગર્હા, તર્જના, તાડના– થપ્પડાદિનો માર, અનેક પ્રકારના અનુકૂળ-પ્રતિકૂળ ઈન્દ્રિયવિષયો, બાવીસ પરીષહોને સહન કરવા વગેરે નિયમોનો સ્વીકાર કર્યો હોય છે, તે લક્ષ્યની આરાધના કરીને અંતિમ શ્વાસોશ્વાસમાં અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, સંપૂર્ણ અને પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરે છે. ત્યાર પછી તે સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, સર્વ કર્મોથી મુક્ત થાય છે, પરિનિર્વાણ–અક્ષય શાંતિને પ્રાપ્ત કરે છે અને સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**૫૧ एगच्चाए पुण एगे भयंतारो भवंति, अवरे पुण पुव्वकम्मावसेसेणं कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, तं जहा– महिड्ढिएसु महज्जुइएसु महापरक्कमेसु महाजसेसु महब्बलेसु महाणुभावेसु महासोक्खेसु, ते णं तत्थ देवा भवंति महिड्ढिया महज्जुइया** *जाव* **महासोक्खा हारविराइयवच्छा कडग-तुडियथंभियभुया अंगय कुंडल-मट्ठगंडयल-कण्णपीढधारी विचित्तहत्थाभरणा विचित्त-मालामउलिमउडा कल्लाणगपवरवत्थपरिहिया कल्लाणगपवरमल्लाणु-लेवणधरा भासुरबोंदी पलंबवणमालधरा दिव्वेणं रूवेणं दिव्वेणं वण्णेणं दिव्वेणं गंधेणं दिव्वेणं फासेणं दिव्वेणं संघाएणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुईए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा; गइकल्लाणा ठिइकल्लाणा आगमेसि-भद्दया यावि भवंति, एस ठाणे आरिए** *जाव* **सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे सुसाहू । दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिए ।**

**શબ્દાર્થ:– कडगतुडियथंभियभुया** = કટક, કડા અને કેયુર, બાજુબંધ, અંગૂઠી, વીંટી આદિ આભૂષણોથી યુક્ત હાથવાળા **अंगयकुंडलमट्ठगंडयलकण्णपीढधारी** = ગાલ ઉપર અંગદ અને લટકતા કુંડળ તથા કર્ણભૂષણને ધારણ કરનારા **कल्लाणग** = કલ્યાણકારી, **पवर** = શ્રેષ્ઠ, ઉત્તમ **मल्लाणुलेवणधरा** = માળા અને અંગલેપનને ધારણ કરનારા.

**ભાવાર્થ :–** કેટલાક અણગારો એક જ ભવ(જન્મ)માં સંસારનો અંત થાય તેવી યોગ્યતા પ્રાપ્ત કરે છે અર્થાત્ એક ભવાવતારી થાય છે. બીજા કેટલાક અણગારો પૂર્વકર્મો બાકી રહી જવાથી મૃત્યુના સમયે મૃત્યુ પામીને કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે દેવલોક મહાન ઋદ્ધિવાળા, મહા દ્યુતિવાળા, મહાપરાક્રમ યુક્ત, મહાયશસ્વી, મહાન બળશાળી, મહાપ્રભાવશાળી અને મહાસુખદાયી છે. તેમાં ઉત્પન્ન થયેલા તે દેવ મહાઋદ્ધિ સંપન્ન, મહાદ્યુતિસંપન્ન ***યાવત્*** મહાસુખસંપન્ન હોય છે. તેમના વક્ષઃસ્થળ હારથી સુશોભિત રહે છે, તેમની ભુજાઓમાં કડા, બાજુબંધ આદિ આભૂષણ પહેરેલાં હોય છે, ગાલ પર અંગદ અને કુંડળ આદિ કાનના આભૂષણો લટકતાં રહે છે, હાથ વિધવિધ આભૂષણોથી યુક્ત રહે છે, મસ્તક પર વિવિધ માળાઓથી સુશોભિત મુગટ ધારણ કરે છે. તેઓ કલ્યાણકારી તથા સુગંધિત ઉત્તમ વસ્ત્રો પહેરે છે તથા કલ્યાણમયી શ્રેષ્ઠ માળા અને અંગલેપન ધારણ કરે છે. તેઓના શરીર તેજસ્વી રહે છે. તેઓ લાંબી વનમાળા ધારણ કરે છે. તેઓ પોતાના દિવ્ય રૂપ, દિવ્ય વર્ણ, દિવ્યગંધ, દિવ્યસ્પર્શ, દિવ્ય સંહનન, દિવ્ય સંસ્થાન, તથા દિવ્ય ઋદ્ધિ, દ્યુતિ, પ્રભા, છાયા(કાંતિ), જ્યોતિ–તેજ અને લેશ્યાથી દસે ય દિશાઓને પ્રકાશિત કરતા, ચમકાવતા કલ્યાણમયી ગતિ અને કલ્યાણમયી સ્થિતિવાળા તથા ભવિષ્યમાં પોતાનું કલ્યાણ કરનારા થાય છે.

આ બીજું સ્થાન છે, તે આર્ય પુરુષો દ્વારા આચરણીય ***યાવત્*** સમસ્ત દુઃખોનો નાશ કરનારો માર્ગ છે. આ સ્થાન એકાંત સમ્યક તથા શ્રેષ્ઠ છે. આ રીતે બીજા સ્થાન રૂપે ધર્મપક્ષની વિચારણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉત્તમોત્તમ આચાર વિચારનિષ્ઠ નિર્ગ્રંથ અણગારને ધર્મપક્ષવાળા દર્શાવીને તેના તપ-સંયમ સંબંધી મહત્ત્વપૂર્ણ વિવેચના કરવામાં આવી છે.

તે અણગારો સાધનાના પ્રારંભથી લઈને અંતિમ શ્વાસોશ્વાસ સુધી તપ, ત્યાગ અને સંયમ, અપ્રતિબદ્ધતા, વિવિધ તપશ્ચર્યા, વિવિધ અભિગ્રહયુક્ત ભિક્ષાચરી, આહાર-વિહારની ઉત્તમચર્યા, શરીર સંસ્કાર ત્યાગ, પરીષહોપસર્ગસહન તથા અંતિમ સમયમાં સંલેખનાપૂર્વક અનશનની આરાધના કરે છે.

**સુપરિણામ :–** ધર્મપક્ષીય અણગાર ભગવંત પોતાની અંતર્મુખી જીવન ચર્યાના પરિણામે કર્મોનો ક્ષય કરીને (૧) કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને પરિનિવૃત્ત થાય છે, (૨) કેટલાક સાધકો એકભવાવતારી થાય છે અર્થાત્ એક શરીર ધારણ કરી મોક્ષે જનારા હોય છે અને (૩) કેટલાક સાધકોના કર્મો શેષ રહી ગયા હોવાથી તે મહાઋદ્ધિ આદિથી સંપન્ન દેવતા થાય છે.

**आदरिसफलगा इव पागडभावा :–** દર્પણની જેમ પ્રગટ ભાવવાળા. પ્રસ્તુત સૂત્રની ચૂર્ણિમાં અણગારોને આપેલી ઉપમાઓનો પાઠ ઔપપાતિક સૂત્ર પ્રમાણે ગ્રહણ કરવાનો ઉલ્લેખ છે. તેમાં દર્પણની ઉપમા સહિત ૨૨ ઉપમાઓનું કથન છે. પ્રસ્તુત પાઠમાં લિપિ દોષ આદિ કોઈ પણ કારણથી દર્પણની એક ઉપમા છૂટી ગઈ હોય તેવી સંભાવના છે.

**ત્રીજું સ્થાન : મિશ્રપક્ષ : વૃત્તિ, પ્રવૃત્તિ અને પરિણામ :–**

**૬૦ अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिज्जइ– इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहाअप्पिच्छा अप्पारंभा अप्पपरिग्गहा धम्मिया धम्माणुया** *जाव* **धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरेंति ।**

**सुसीला सुव्वया सुप्पडियाणंदा साहू । एगच्चाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए एगच्चाओ अप्पडिविरया** जाव **जेयावण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाण-परियावणकरा कज्जंति ततो वि एगच्चाओ पडिविरया एगच्चाओ अप्पडिविरया ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ત્રીજા મિશ્રપક્ષનું વિશ્લેષણ આ પ્રમાણે છે– આ મનુષ્યલોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ આદિ દિશાઓમાં કેટલાક મનુષ્યો મિશ્ર પક્ષનો સ્વીકાર કરનારા હોય છે, તેમનો જીવન વ્યવહાર આ પ્રકારનો હોય છે– તેઓ અલ્પ ઈચ્છાવાળા, અલ્પારંભી અને અલ્પપરિગ્રહી હોય છે. તેઓ ધર્માચરણ કરે છે, ધર્મ અનુસાર પ્રવૃત્તિ કરે છે અને ધર્મપૂર્વક પોતાની આજીવિકા ચલાવતાં જીવન પસાર કરે છે. તેઓ સુશીલ, સુવ્રતી, સુગમતાથી પ્રસન્ન થનારા અને સજ્જન હોય છે. એક દેશથી(સર્વતઃ નહીં પરંતુ આંશિક) પ્રાણાતિપાતથી જીવન પર્યંત વિરત હોય છે તથા એક દેશથી પ્રાણાતિપાતથી નિવૃત્ત હોતા નથી, આ રીતે મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહમાં એક દેશથી વિરત હોય છે અને એક દેશથી નિવૃત્ત હોતા નથી અથવા આવી અન્ય પ્રકારની સાવદ્યકારી, બોધિ બીજનાશક અને અન્ય પ્રાણીઓને પરિતાપ દેનારી પાપકારી પ્રવૃત્તિઓથી એક દેશથી વિરત હોય છે, એક દેશથી નિવૃત્ત હોતા નથી.

**६१ से जहाणामए समणोवासगा भवंति– अभिगयजीवाजीवा उवलद्धपुण्णपावा आसव-संवर-वेयण-णिज्जर-किरिया-अहिगरण-बंध-मोक्खकुसला असहेज्ज-देवासुर-णाग-सुवण्ण-जक्ख-रक्खस-किण्णर-किंपुरिस-गरुल-गंधव्व-महोरगाइएहिं देवगणेहिं णिग्गंथाओ पावयणाओ अणइक्कमणिज्जा इणमो णिग्गंथे पावयणे णिस्संकिया णिक्कंखिया णिव्वितिगिंछा लद्धट्ठा गहियट्ठा पुच्छियट्ठा विणिच्छियट्ठा अभिगयट्ठा अट्ठिमिंजपेम्माणुरागरत्ता अयमाउसो णिग्गंथे पावयणे अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे। ऊसियफलिहा अवंगुयदुवारा चियत्तंतेउरपरघरदारपवेसा चाउद्दसट्ठमुद्दिट्ठपुण्ण-मासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा समणे णिग्गथे फासुएसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं वत्थ-पडिग्गह-कंबल-पायपुंछणेणं ओसहभेसज्जेणं-पीढफलग-सेज्जासंथारएणं पडिलाभेमाणा बहूहिं सीलव्वय-गुण-वेरमण-पच्चक्खाण-पोसहोववासेहिं अहापरिग्गहिएहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणा विहरंति ।**

**શબ્દાર્થ :–** **अभिगयजीवाजीवा** = જીવ અજીવને જાણનારા **आसवसंवरवेयणा** = આશ્રવ, સંવર, વેદના **णिज्जरा किरिया** = નિર્જરા, ક્રિયા **अहिगरण बंध** = અધિકરણ, બંધ **मोक्खकुसला** = મોક્ષના વિષયમાં કુશળ **असहेज्ज** = સહાયતા ન ઈચ્છનારા **देवासुर णाग** = દેવ, અસુર, નાગ **सुवण्णजक्ख-रक्खस** = સુવર્ણકુમાર, યક્ષ, રાક્ષસ **किण्णरकिंपुरिसगरुल** = કિન્નર, કિંપુરુષ, ગરુડ **गंधव्वमहोरगाइएहिं देवगणेहिं** = ગંધર્વ, મહોરગ આદિ દેવ દ્વારા **अणइक्कमणिज्जा** = નિર્ગ્રંથ પ્રવચનનું ઉલ્લંઘન ન કરનારા **अट्ठिमिंज पेम्माणुरागरत्ता** = પ્રેમાનુરાગથી અનુરક્ત અસ્થિ અને મજ્જાવાળા.

**ભાવાર્થ :–** આ મિશ્રસ્થાનને પ્રાપ્ત શ્રમણોપાસકો આ પ્રમાણે હોય છે– જીવ-અજીવ આદિ પદાર્થોના

જ્ઞાતા; પુણ્ય-પાપના ભેદોને સારી રીતે જાણનારા; આશ્રવ, સંવર, વેદના, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ અને મોક્ષ તત્ત્વમાં હેય-ઉપાદેયનો વિવેક કરવામાં કુશળ હોય છે; બીજાની સહાયતાને ન ઈચ્છનારા; દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ, મહોરગ આદિ દેવો દ્વારા નિર્ગ્રંથ પ્રવચનથી ચલિત ન થનારા, નિર્ગ્રંથ પ્રવચનમાં શંકારહિત, આત્મોત્થાન સિવાય અન્ય આકાંક્ષાથી રહિત; ધર્મકરણીના ફળમાં સંદેહ રહિત; ધર્મના યથાર્થ તત્ત્વને પ્રાપ્ત, તત્ત્વના જ્ઞાતા, પ્રશ્નો પૂછીને તેમાં સ્થિર થયેલા, ધર્મને આત્મસાત્ કરનારા, ધર્મને સારી રીતે સમજેલા તથા તેમના અસ્થિ-મજ્જા ધર્મના અનુરાગથી ભરેલા હોય છે.

હે આયુષ્યમાન ! તેમને વિશ્વાસ હોય છે કે આ નિર્ગ્રંથ પ્રવચન જ અર્થભૂત અર્થાત્ પ્રયોજનભૂત છે, તે જ પરમ અર્થ–મોક્ષદાયક છે, તેના સિવાય બીજા સર્વ પદાર્થો આત્મ કલ્યાણમાં અપ્રયોજનભૂત છે. તેઓ સ્ફટિક સમાન સ્વચ્છ તથા નિર્મળ હૃદયવાળા હોય છે, તેઓ ઘરના દ્વારનો આગળીઓ ઊંચો રાખે છે અર્થાત્ તેમના દરવાજા ભિક્ષુકો, યાચકો કે અતિથિઓ માટે હંમેશાં ખુલ્લા રહે છે; અંતઃપુરમાં અને બીજાના ઘરોમાં પણ તેમનો પ્રવેશ પ્રતીતિકારી હોય છે; તેઓ ચૌદસ, અષ્ટમી, અમાસ તથા પૂર્ણિમા આદિ પર્વતિથિઓમાં પ્રતિપૂર્ણ પૌષધોપવાસનું સમ્યક પ્રકારે પાલન કરતાં તથા શ્રમણ નિર્ગ્રંથોને પ્રાસુક એષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, ઔષધ, ભૈષજ, પીઠ, ફલક, શય્યા-સંસ્તારક, તૃણ(ઘાસ) આદિ દ્વારા પ્રતિલાભિત કરતાં અને પોતાની યોગ્યતા અનુસાર ઘણા શીલવ્રત(શિક્ષાવ્રત), ગુણવ્રત અને વિરમણવ્રત(અણુવ્રત) તપ, ત્યાગ, નિયમ અને પૌષધોપવાસનું પાલન કરતાં પોતાનું જીવન વ્યતીત કરે છે.

**૬૨ ते णं एयारूवेणं विहारेणं विहरमाणा बहूइं वासाइं समणोवासगपरियागं पाउणंति, पाउणित्ता आबाहंसि उप्पण्णंसि वा अणुप्पण्णंसि वा बहूइं भत्ताइं पच्चक्खाइंति, बहूइं भत्ताइं पच्चक्खाइत्ता बहूइं भत्ताइं अणसणाए छेदेंति, बहूइं भत्ताइं अणसणाए छेदित्ता आलोइयपडिक्कंता समाहिपत्ता कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, तं जहा– महिड्ढिएसु महज्जुइएसु** *जाव* **महासोक्खेसु । सेसं तहेव** *जाव* **एस ठाणे आरिए** *जाव* **एगंतसम्मे साहू । तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिए ।**

**ભાવાર્થ :–** તેઓ આ પ્રકારના આચરણપૂર્વક જીવન વ્યતીત કરતાં ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરે છે. આ રીતે શ્રાવકવ્રતની આરાધના કરતાં રોગાદિ કોઈ વિઘ્ન ઉત્પન્ન થાય કે ન થાય તો પણ ઘણા દિવસો સુધી આહારનો ત્યાગ કરે છે, અનેક દિવસો સુધી આહાર ત્યાગ કરીને, અંતે ભક્ત પ્રત્યાખ્યાન (અનશન) ગ્રહણ કરે છે. અનશન(સંથારા)ને પૂર્ણતઃ સિદ્ધ કરીને આલોચના-પ્રતિક્રમણ સહિત સમાધિપૂર્વક મૃત્યુના સમયે મૃત્યુ પામીને કોઈ એક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબળ, મહાયશ અને મહાસુખ સંપન્ન દેવ થાય છે. શેષ કથન પૂર્વપાઠ અનુસાર જાણવું. આ રીતે આ સ્થાન આર્ય પુરુષો દ્વારા આચરણીય, એકાંત સમ્યક અને શ્રેષ્ઠ છે.

આ ત્રીજા સ્થાન રૂપ મિશ્ર પક્ષ એટલે શ્રાવક જીવનની વિચારણા છે.

**૬૩ अविरइं पडुच्च बाले आहिज्जइ विरइं पडुच्च पंडिए आहिज्जइ, विरयाविरइं पडुच्च बालपंडिए आहिज्जइ, तत्थ णं जा सा सव्वओ अविरई एस ठाणे आरंभट्ठाणे-**

**अणारिए** *जाव* **असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहू, तत्थ णं जा सा सव्वओ विरई एस ठाणे अणारंभट्ठाणे, एस ठाणे आरिए** *जाव* **सव्वदुक्ख-प्पहीणममग्गे एगंतसम्मे साहू । तत्थ णं जा सा सव्वओ विरया-विरई एस ठाणे आरंभाणारंभट्ठाणे, एस ठाणे आरिए** *जाव* **सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू ।**

**ભાવાર્થ :–** આ ત્રણે સ્થાનવાળા જીવો ક્રમશઃ અવિરતિની અપેક્ષાએ બાલ, વિરતિની અપેક્ષાએ પંડિત અને વિરતા-વિરતિની અપેક્ષાએ બાલપંડિત કહેવાય છે.

(૧) આ ત્રણે સ્થાનોમાંથી જે સમસ્ત પાપથી અવિરત સ્થાન છે, તે આરંભસ્થાન છે, તે આર્ય પુરુષો દ્વારા અનાચરણીય ***યાવત્*** સમસ્ત દુઃખોનો નાશ ન કરનાર એકાંત મિથ્યા અને ખરાબ છે. (૨) જે સર્વ પાપથી વિરત સ્થાન છે, તે અનારંભ સ્થાન છે, તે આર્ય પુરુષો દ્વારા આચરણીય ***યાવત્*** સમસ્ત દુઃખોનું નાશક, એકાંત સમ્યક અને ઉત્તમ છે. (૩) જે સર્વ પાપસ્થાનોમાં એક અંશે વિરત અને એક અંશે અવિરત સ્થાન છે, તે આરંભ-અનારંભ સ્થાન છે, સર્વદુઃખનો નાશ કરનાર, એકાંત સમ્યક અને ઉત્તમ સ્થાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રીજા સ્થાન રૂપ મિશ્ર પક્ષને પ્રાપ્ત શ્રમણોપાસકોના જીવનનું નિરૂપણ છે અને ઉપસંહાર રૂપે ત્રણે સ્થાનમાં તફાવત પ્રગટ કર્યો છે.

શ્રમણોપાસકો સામાન્ય રીતે ધાર્મિક અને ધર્મનિષ્ઠ હોવાની સાથે અલ્પારંભી, અલ્પપરિગ્રહી, અલ્પ ઈચ્છાવાળા તથા એક દેશથી પ્રાણાતિપાત આદિ પાપથી વિરત હોય છે. તે શ્રમણોપાસકો જીવાદિ તત્ત્વોના જ્ઞાતા, વગેરે સૂત્રોક્ત અનેક ગુણોથી સંપન્ન હોય છે. સંક્ષેપમાં તે નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ દઢ શ્રદ્ધાળુ અને ધર્મ સિદ્ધાંતોના સમ્યગ્જ્ઞાતા અને તે સરળ, સ્વચ્છ તથા ઉદાર હૃદયવાળા હોય છે.

તે શ્રમણોપાસકો પર્વતિથિઓમાં પરિપૂર્ણ પૌષધોપવાસ કરે છે, યથાશક્તિ વ્રત, નિયમ, ત્યાગ, તપ, પ્રત્યાખ્યાન આદિ અંગીકાર કરે છે, શ્રમણોને યોગ્ય એષણીય પદાર્થનું શુદ્ધ ભાવે દાન આપે છે. ચિરકાળ સુધી શ્રાવકવૃત્તિમાં જીવન વ્યતીત કરીને અંતિમ સમયમાં સંલેખનાપૂર્વક અનશન કરે છે, આલોચના, પ્રતિક્રમણ કરીને સમાધિપૂર્વક મૃત્યુનો અવસર આવે ત્યારે શરીરનો(ત્યાગ) કરે છે.

**પરિણામ :–** તે વિશિષ્ટ ઋદ્ધિ, દ્યુતિ આદિથી સંપન્ન દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

સંક્ષેપમાં (૧) જે પાપસ્થાનથી અવિરત છે તે બાલ જીવોનું આરંભયુક્ત જીવન અધર્મસ્થાન છે, તે આર્ય પુરુષો દ્વારા આચરણીય નથી. (૨) જે પાપસ્થાનથી સર્વથા વિરત છે, તે પંડિત જીવોનું આરંભ રહિત જીવન ધર્મસ્થાન છે, તે આર્ય પુરુષો દ્વારા આચરણીય છે. (૩) જે પાપસ્થાનથી એક દેશથી વિરત અને એક દેશથી અવિરત છે તે બાલપંડિત જીવોનું આરંભ–અનારંભયુક્ત ધર્માધર્મ રૂપ મિશ્ર સ્થાન છે, તે પણ આર્ય પુરુષો દ્વારા આચરણીય છે. ધર્મસ્થાન અને મિશ્રસ્થાન કર્મનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્તિનું કારણ હોવાથી શ્રેષ્ઠ છે અને અધર્મસ્થાન સંસારવર્ધક હોવાથી અસાધુ–અગ્રાહ્ય છે.

**एगच्चाओ पडिविरया, एगच्चाओ अपडिविरया :–** શ્રમણોપાસકો એક દેશથી વિરત હોય છે, એક દેશથી અવિરત હોય છે, જેમ કે– શ્રાવકોને સંકલ્પ પૂર્વક હિંસાનો ત્યાગ હોય છે, પરંતુ આવશ્યક

કાર્યોના કરવામાં થતી આરંભી હિંસાનો આગાર હોય છે. ત્રસ જીવોની હિંસાનો ત્યાગ હોય, સ્થાવર જીવોની હિંસાનો સર્વથા ત્યાગ હોતો નથી. આ રીતે અસત્ય આદિ દરેક પાપસ્થાનના ત્યાગમાં શ્રાવકોને કેટલાક આગાર–છૂટ હોય છે તેથી શ્રાવકના પચ્ચક્ખાણ આગારયુક્ત એટલે તે એક દેશથી વિરત અને એક દેશથી અવિરત હોય છે.

**દર્શનિકોના ૩૬૩ વિભાગ અને અહિંસા પ્રધાન સ્વ–સિદ્ધાંત :–**

**૬૪ एवामेव समणुगम्ममाणा इमेहिं चेव दोहिं ठाणेहिं समोयरंति, तं जहा– धम्मे चेव अधम्मे चेव, उवसंते चेव अणुवसंते चेव । तत्थ णं णं जे से पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिए, तस्स णं इमाइं तिण्णि तेवट्ठाइं पावाउयसयाइं भवंतीति मक्खायाइं, तं जहा– किरियावाईणं अकिरियावाईणं अण्णाणियवाईणं वेणइयवाईणं, ते वि णिव्वाणमाहंसु, ते वि मोक्खमाहंसु, ते वि लवंति सावगे, ते वि लवंति सावइत्तारो ।**

**શબ્દાર્થ :–** **तिण्णि सयाइं** = ત્રણસો **तेवट्ठाइं** = ત્રેસઠ **पावाउय** = પ્રાવાદુક-પાંખડીઓ **लवंति** = કથન કરે છે **सावइत्तारो** = ધર્મોપદેશ સંભળાવનાર, વક્તા.

**ભાવાર્થ :–** આ રીતે સંક્ષેપમાં સમ્યક વિચાર કરતાં આ ત્રણેય પક્ષોનો બે સ્થાનમાં સમાવેશ થઈ જાય છે, જેમ કે– ધર્મસ્થાન અને અધર્મસ્થાન અથવા ઉપશાંત અને અનુપશાંત. તેમાંથી અધર્મસ્થાનમાં આ ૩૬૩ પાસંડીઓનો સમાવેશ થઈ જાય છે, એ પ્રમાણે પૂર્વાચાર્યોએ કહ્યું છે. તે આ પ્રમાણે છે– ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી. તે પણ પરિનિર્વાણનું પ્રતિપાદન કરે છે, તે પણ મોક્ષનું નિરૂપણ કરે છે, તે પણ પોતાના શ્રાવકોને ધર્મોપદેશ કરે છે, તે પણ પોતાના શ્રાવકોને ધર્મમાં જોડે છે.

**૬૫ ते सव्वे पावाउया आइगरा धम्माणं णाणापण्णा णाणाछंदा णाणासीला णाणादिट्ठी णाणारुई णाणारंभा णाणाज्झवसाणसंजुत्ता एगं महं मंडलिबंधं किच्चा सव्वे एगओ चिट्ठंति, पुरिसे य सागणियाणं इंगालाणं पाइं बहुपडिपुण्णं अयोमएणं संडासएणं गहाय ते सव्वे पावाउए आइगरे धम्माणं णाणापण्णे** *जाव* **णाणाज्झवसाण-संजुत्ते एवं वयासी– हं भो पावाउया आइगरा धम्माणं णाणापण्णा** *जाव* **णाणाज्झवसाण-संजुत्ता ! इमं ताव तुब्भे सागणियाणं इंगालाणं पाइं बहुपडिपुण्णं गहाय मुहुत्तगं मुहुत्तगं पाणिणा धरेह, णो य हु संडासगं संसारियं कुज्जा, णो य हु अग्गिथंभणियं कुज्जा, णो य हु साहम्मियवेयावडियं कुज्जा, णो य हु परधम्मियवेयावडियं कुज्जा, उज्जुया णियागपडिवण्णा अमायं कुव्वमाणा पाणिं पसारेह, इति वुच्चा से पुरिसे तेसिं पावादुयाणं तं सागणियाणं इंगालाणं पाइं बहुपडिपुण्णं अओमएणं संडासएणं गहाय पाणिंसु णिसिरइ,**

**तए णं ते पावाउया आइगरा धम्माणं णाणापण्णा** *जाव* **णाणाज्झवसाण-संजुत्ता पाणिं पडिसाहरेंति, तए णं से पुरिसे ते सव्वे पावाउए आइगरे धम्माणं** *जाव*

**णाणाअज्झवसाणसंजुत्ते एवं वयासी– हं भो पावाउया आइगरा धम्माणं** *जाव* **णाणा-अज्झवसाणसंजुत्ता ! कम्हा णं तुब्भे पाणिं पडिसाहरह ? पाणी णो डज्झेज्जा ? दड्ढे किं भविस्सइ ? दुक्खं । दुक्खं ति मण्णमाणा पडिसाहरह ? एस तुला, एस पमाणे, एस समोसरणे, पत्तेयं तुला, पत्तेयं पमाणे, पत्तेयं समोसरणे ।**

**શબ્દાર્થ :– सागणियाणं** = અગ્નિસહિત-બળતા **इंगालाणं** = અંગારાઓનો **पाइं** = પાત્રી-પાત્રને **अयोमएणं** = લોખંડની **संडासएणं** = સાણસીથી **अग्गिथंभणियं** = અગ્નિનું સ્થંભન

**ભાવાર્થ :–** તે પૂર્વોક્ત ૩૬૩ પ્રાવાદુકો–પાસંડીઓ પોતપોતાના ધર્મના આદિ–પ્રવર્ત્તક છે. વિવિધ પ્રકારની બુદ્ધિ(પ્રજ્ઞા), વિવિધ અભિપ્રાય, વિભિન્ન શીલ, વિવિધ દષ્ટિ, વિવિધ રુચિ, વિવિધ આરંભ અને વિભિન્ન પ્રકારના નિશ્ચયવાળા હોય છે. તે બધાં પ્રાવાદુકો એક સ્થાનમાં મંડળીબદ્ધ થઈને બેઠા હોય, ત્યાં કોઈ પુરુષ આગના અંગારાથી ભરેલા કોઈ વાસણને લોખંડની સાણસીથી પકડીને લાવે અને વિવિધ પ્રકારની પ્રજ્ઞા, અભિપ્રાય, શીલ, દષ્ટિ, રુચિ, આરંભ અને નિશ્ચયવાળા, ધર્મના આદિ પ્રવર્તક તેવા તે પ્રાવાદુકોને કહે છે–

અરે ! વિવિધ પ્રકારની બુદ્ધિ આદિ તથા વિભિન્ન નિશ્ચયવાળા ધર્મના આદિ પ્રવર્તક પ્રાવાદુકો ! આપ લોકો અંગારાથી ભરેલા આ પાત્રને લઈને થોડી-થોડી વાર સુધી હાથમાં પકડી રાખો, તેમાં તમારે સાણસીની સહાય લેવી નહીં, અગ્નિનું સ્તંભન પણ કરવું નહીં, આ અગ્નિને ધારણ કરવામાં સાધર્મિકોની સહાયતા પણ ન લેવી તેમજ પરધાર્મિકોની સેવા પણ ન લેવી, તમે સરળ ભાવે મોક્ષ માર્ગના આરાધક બનીને, માયા-કપટ કર્યા વિના હાથ લાંબો કરો, આ પ્રમાણે કહીને તે પુરુષ તે અંગારાથી ભરેલા પાત્રને લોઢાની સાણસીથી પકડીને તે પ્રાવાદુકોના હાથ પર રાખે, તે સમયે ધર્મના આદિ પ્રવર્તક તથા વિવિધ પ્રજ્ઞા, શીલ, અધ્યવસાય આદિથી સંપન્ન તે બધા પ્રાવાદુકો પોતાના હાથ અવશ્ય સંકોચીને પાછા ખેંચે છે. આ જોઈને તે પુરુષ વિવિધ પ્રકારની પ્રજ્ઞા, શીલ, અધ્યવસાય આદિથી સંપન્ન, ધર્મના પ્રવર્તક તે પ્રાવાદુકોને આ પ્રમાણે પૂછે છે– "હે ! વિવિધ પ્રજ્ઞા અને નિશ્ચયવાળા ધર્મના આદિકર પ્રાવાદુકો ! આપ આપના હાથ શા માટે પાછા ખેંચી રહ્યા છો ?" શું તમારા હાથ દાઝે છે ? હાથ દાઝવાથી શું થાય છે ? દુઃખ થાય છે. જો દાઝવાથી તમને દુઃખ થાય છે, તો સર્વ જીવોને માટે પણ તે વાત સમાન છે અર્થાત્ સર્વ જીવોને દુઃખ થાય છે, આ કથન જ સર્વ જીવો માટે પ્રમાણભૂત છે, આ જ સમવસરણ એટલે ધર્મનો સાર છે. આ કથન પ્રત્યેક જીવને માટે સમાન છે, પ્રત્યેક જીવને માટે પ્રમાણભૂત છે અને પ્રત્યેક જીવને માટે આ જ સમવસરણ એટલે ધર્મનો સાર છે.

**६६ तत्थ णं समणा माहणा एवमाइक्खंति** *जाव* **एवं परूवेंति– सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता हंतव्वा अज्जावेयव्वा परिघेत्तव्वा परितावेयव्वा किलामेयव्वा उद्दवेयव्वा, ते आगंतु छेयाए ते आगंतु भेयाए, ते आगंतुं जाइ- जरा-मरण-जोणि-जम्मणसंसार-पुणब्भव-गब्भवास-भवपवंच-कलंकलीभावभागिणो भविस्संति, ते बहूणं दंडणाणं बहूणं मुंडणाणं बहुणं तज्जणाणं बहुणं तालणाणं बहुणं अंदुबंधणाणं घोलणाणं माइमरणाणं पिइमरणाणं भाइमरणाणं भगिणीमरणाणं भज्जामरणाणं पुत्तमरणाणं धूयमरणाणं सुण्हामरणाणं दारिद्दाणं दोहग्गाणं अप्पिय-संवासाणं पियविप्पओगाणं**

**बहूणं दुक्खदोमणस्साणं आभागिणो भविस्संति, अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं भुज्जो-भुज्जो अणुपरियट्टिस्संति ते णो सिज्झिस्संति णो बुज्झिस्संति** *जाव* **णो सव्वदुक्खाणं अंतं करिस्संति ।** [एस तुला, एस पमाणे, एस समोसरणे, पत्तेयं तुला, पत्तेयं पमाणे, पत्तेयं समोसरणे ।]

**શબ્દાર્થ:–** **आगंतुंजाइजरामरण** = ભવિષ્યમાં થનારા, જન્મ, જરા, મરણ **जोणिजम्मणसंसार** = યોનિ, જન્મ, સંસાર **पुणब्भव** = પુનર્ભવ **गब्भवास** = ગર્ભવાસ **भवपवंच** = ભવપ્રપંચમાં **कलंकलीभावभाविणो** = વ્યાકુળ **अप्पिय संवासाण** = અપ્રિયસંવાસ, અપ્રિય વ્યક્તિ સાથે નિવાસ **पियविप्पओगाण** = પ્રિય વ્યક્તિનો વિયોગ **दीहमद्धं** = દીર્ઘમાર્ગવાળા **चाउरंत संसारकंतारं** = ચાર ગતિરૂપી સંસાર વનમાં.

**ભાવાર્થ :–** વાસ્તવમાં અહિંસા ધર્મ જ સિદ્ધ હોવા છતાં પણ જે શ્રમણો અને બ્રાહ્મણો આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે સમસ્ત પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વોનું હનન કરવું જોઈએ, તેના પર આજ્ઞા ચલાવવી જોઈએ, તેમને દાસ-દાસીના રૂપમાં રાખવાં જોઈએ, તેમને પરિતાપ તથા કલેશ આપવો જોઈએ, તેમને ભયભીત કરવા જોઈએ. આ પ્રમાણે પ્રરૂપણા કરનારા તે શ્રમણો, બ્રાહ્મણો આદિ ભવિષ્યમાં પોતાના શરીરના છેદન-ભેદન આદિ પીડાઓના ભાગી(ભોગવનાર) બને છે. ભવિષ્યમાં જન્મ, જરા, મરણ, વિવિધ યોનિઓમાં ઉત્પત્તિ, સંસારમાં પુનર્જન્મ, ગર્ભવાસ અને સાંસારિક પ્રપંચમાં વ્યાકુળ થાય છે. તે ઘોર દંડ મુંડન, તર્જન, તાડન, અંદુબંધન–પગને સાંકળથી બાંધવા, ઘોલન–દધિમંથનની જેમ શરીરના મંથન વગેરે દુઃખના ભાગી થાય છે. તેને માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ આદિ પ્રિયજનોના મરણના દુઃખને ભોગવવું પડે છે. તે દરિદ્રતા, દુર્ભાગ્ય, અપ્રિય વ્યક્તિ સાથે નિવાસ, પ્રિયવિયોગ તથા ઘણાં દુઃખ અને વૈમનસ્યના ભાગી થાય છે. તે અનાદિ અનંત તથા દીર્ઘકાલિક ચાતુર્ગતિક સંસાર રૂપ ઘોર જંગલમાં વારંવાર પરિભ્રમણ કરે છે. તે સિદ્ધિ(મુક્તિ) પ્રાપ્ત કરી શકતા નથી. બોધને પ્રાપ્ત કરી શકતા નથી ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરી શકતા નથી. આ કથન સર્વ જીવોને માટે સમાન છે, આ પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી સિદ્ધ છે, સમસ્ત આગમોના સારભૂત છે. આ સિદ્ધાંત પ્રત્યેક પ્રાણી માટે સમાન છે, પ્રત્યેક પ્રાણીને માટે પ્રમાણ સિદ્ધ છે તથા ધર્મના સારભૂત વિચાર છે.

**૬૭** **तत्थ णं जे ते समण-माहणा एवं आइक्खंति** *जाव* **परूवेंति– सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता ण हंतव्वा ण अज्जावेयव्वा ण परिघेत्तव्वा ण परितावेयव्वा ण उद्दवेयव्वा, ते णो आगंतु छेयाए, ते णो आगंतु भेयाए, ते णो आगंतु जाइ-जरा-मरण-जोणिजम्मण-संसार-पुणब्भव-गब्भवास-भवपवंचकलंकली-भावभागिणो भविस्संति, ते णो बहूणं दंडणाणं** *जाव* **णो बहूणं दुक्खदोमणसाणं आभागिणो भविस्संति, अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं भुज्जो-भुज्जो णो अणुपरियट्टिस्संति, ते सिज्झिस्संति** *जाव* **सव्वदुक्खाणं अंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** જે શ્રમણો અને માહણો આ પ્રમાણે કહે છે કે સમસ્ત પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વોને મારવાં ન જોઈએ, તેમને આજ્ઞામાં રાખવા ન જોઈએ, દાસ-દાસીના રૂપમાં પકડીને ગુલામ બનાવવાં ન જોઈએ, ડરાવવાં-ધમકાવવાં કે ભયભીત કરવાં ન જોઈએ; આ પ્રમાણે પ્રરૂપણા કરનારા તે મહાત્મા

ભવિષ્યમાં છેદન-ભેદન આદિ કષ્ટ પ્રાપ્ત કરતા નથી; તે જન્મ, જરા, મરણ, અનેક યોનિઓમાં જન્મ-ધારણ, સંસારમાં પુનઃ પુનઃ જન્મ, ગર્ભવાસ તથા સંસારના અનેકવિધ પ્રપંચ તથા વિવિધ દુઃખોના ભાજન થતા નથી ***યાવત્*** દરિદ્રતા, દુર્ભાગ્ય, આદિને પ્રાપ્ત કરતા નથી તથા તે અનાદિ અનંત દીર્ઘકાલિક ચતુર્ગતિક સંસારરૂપી ઘોર વનમાં વારંવાર પરિભ્રમણ કરતા નથી. અંતે તે સિદ્ધિ ***યાવત્*** કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે. સમસ્ત દુઃખોનો સદાને માટે અંત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાસંડીઓના ૩૬૩ ભેદો તથા હિંસામાં ધર્મની પ્રરૂપણા કરનારાઓના કથનનું સયુક્તિક ખંડન કરીને અહિંસા પ્રધાન ધર્મની સપ્રમાણ પુષ્ટિ કરવામાં આવી છે.

અધર્મપક્ષ, ધર્મપક્ષ અને મિશ્રપક્ષ, આ ત્રણેનો સમાવેશ ધર્મ સ્થાન અને અધર્મ સ્થાન, આ બે સ્થાનમાં થઈ જાય છે.

**૩૬૩ પાસંડ મત :–** ૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ વિનયવાદી અને ૩૨ અજ્ઞાનવાદી, આ ૩૬૩ પાસંડીઓ અધર્મસ્થાનમાં સ્થિત છે. [***પાસંડીઓના ૩૬૩ ભેદને સમજવા માટે જુઓ પરિશિષ્ટ–૩.***] તે-તે મતના પ્રવર્તકો પોત-પોતાની દષ્ટિ, રુચિ અને વૃત્તિ અનુસાર પોતાના મતનું પ્રવર્તન કરવા માટે ઉપદેશ આપે છે. પોતાના અનુયાયીઓને વિવિધ વ્રત-નિયમોનું પાલન કરાવે છે. તેઓ મોક્ષની વાતો તો કરે છે, પરંતુ તેમના કથનમાં ક્યાંય ઐક્યતા કે પૂર્ણતા જણાતી નથી.

તેઓ અહિંસાધર્મની પૂર્ણ આરાધના કરી શકતા નથી. તેમના મતાનુસાર પ્રાણી, ભૂત, જીવ કે સત્ત્વની હિંસા કરવામાં, તે જીવોને પોતાને આધીન બનાવવામાં, દાસ-દાસી રૂપે સ્વીકાર કરવામાં કે તેને ભયભીત કરવામાં કોઈ દોષ નથી.

જૈન દર્શનાનુસાર નાના કે મોટા, સ્થૂલ કે સૂક્ષ્મ દરેક જીવોનું ચૈતન્યતત્ત્વ એક સમાન છે અને તે જીવની પાંચ ઈન્દ્રિયો, મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ કે આયુષ્ય, આ દશ પ્રાણમાંથી એક પણ પ્રાણનો નાશ કરવો, તે જીવોને પીડિત કરવા, તે હિંસા જ છે. જેમ આપણને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે તે જ રીતે જગતના સર્વ જીવોને પણ સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે. તેથી કોઈનું સુખ છીનવી લેવાનો કે તેને દુઃખી કરવાનો આપણો અધિકાર નથી.

સર્વ જીવોને આત્મ સમાન જાણીને તેની સાથે આત્મસમ વ્યવહાર કરવો, તે જ સર્વ ધર્મનો સાર છે.

જે સાધકો આ અહિંસાધર્મને પૂર્ણતયા સ્વીકારે છે, તે આ ભવમાં શાંતિ-સમાધિ અને ભવાંતરમાં સર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષ ગતિને પામે છે.

જે સાધકો પ્રવ્રજ્યાનો સ્વીકાર કરવા છતાં અન્ય જીવો સાથે આત્મસમ વ્યવહાર કરતા નથી તે અન્ય જીવો સાથે વૈર બાંધીને આ ભવમાં શોક, દુઃખ, વિલાપ, પશ્ચાત્તાપ અને પીડાને પામે છે અને ભવાંતરમાં જન્મ-મરણના ઘોર દુઃખને પામે છે.

**ઉપસંહાર :–**

**૬૮ इच्चेएहिं बारसहिं किरियाठाणेहिं वट्टमाणा जीवा णो सिज्झिंसु णो बुज्झिंसु** *जाव* **णो सव्वदुक्खाणं अंतं करेंसु वा करेंति वा करिस्संति वा । एयंसि चेव तेरसमे**

**किरियाठाणे वट्टमाणा जीवा सिज्झिंसु बुज्झिंसु मुच्चिंसु परिणिव्वाइंसु सव्वदुक्खाणं अंतं करिंसु वा करेंति वा करिस्संति वा । एवं से भिक्खू आयट्ठी आयहिए आयगुत्ते आयजोगी आयपरक्कमे आयरक्खिए आयाणुकंपए आयणिप्फेडए आयाणमेव पडिसाहरेज्जासि । त्ति बेमि ।**

**શબ્દાર્થ :–** **आयजोगे** = આત્મયોગી **आयपरक्कमे** = આત્મપરાક્રમી, આત્માને માટે પરાક્રમ કરનારા **आयणिप्फेडए** = આત્મરક્ષક, આત્માની રક્ષા કરનારા **पडिसाहरेज्जासि** = આત્માને પાપોથી નિવૃત્ત કરે.

**ભાવાર્થ :–** આ પૂર્વોક્ત બાર ક્રિયાસ્થાનોમાં વર્તતા જીવોએ ભૂતકાળમાં, વર્તમાનમાં અને ભવિષ્યમાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરી શક્યા નથી, કરતા નથી અને કરશે નહીં. તેરમા ક્રિયાસ્થાનમાં વર્તતા જીવો અતીત, વર્તમાન અને ભવિષ્યકાલમાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરનાર થાય છે.

આ રીતે બાર ક્રિયાસ્થાનોનો ત્યાગ કરનારા ભિક્ષુઓ આત્માર્થી, આત્મહિતમાં તત્પર, આત્મગુપ્ત– આત્માનું પાપથી રક્ષણ કરનારા, આત્મયોગી, આત્મભાવમાં પરાક્રમી, આત્મરક્ષક આત્મા પર અનુકંપા કરનારા, આત્માનો જગતથી ઉદ્ધાર કરનારા, ઉત્તમ સાધક પોતાના આત્માને સમસ્ત પાપોથી નિવૃત્ત કરે. એ પ્રમાણે હું કહું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આ અધ્યયનના ઉપસંહાર રૂપે પૂર્વોક્ત ૧૩ ક્રિયાસ્થાનોના ફળનું કથન કર્યું છે, જેથી સાધક હેય-જ્ઞેય-ઉપાદેયનો વિવેક કરી શકે છે.

અર્થદંડ આદિ પ્રથમ બાર ક્રિયાસ્થાનો સંસારવર્ધક છે, કારણ કે તે પ્રત્યેક ક્રિયાસ્થાનો કષાય યુક્ત છે. કર્મ સિદ્ધાંત અનુસાર કષાયપૂર્વક થતો કર્મબંધ સંસાર પરિભ્રમણ કરાવે છે અને તેરમું ક્રિયાસ્થાન સંસાર નાશક છે, કારણ કે તેરમું ઐર્યાપથિક ક્રિયાસ્થાન કષાય રહિત વીતરાગી જીવોને હોય છે. વીતરાગી જીવોમાં કષાયનો અભાવ હોવાથી, કેવળ યોગની પ્રવૃત્તિથી જ કર્મબંધ થતો હોવાથી તે કર્મબંધ સંસાર પરિભ્રમણ કરાવતો નથી.

ઐર્યાપથિક ક્રિયાસ્થાન અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનવર્તી વીતરાગી જીવોને હોય છે. તેમાંથી અગિયારમા ગુણસ્થાનવર્તી ઉપશમ શ્રેણીવાળા જીવો તે જ ભવમાં મોક્ષ ગતિને પ્રાપ્ત કરતા નથી. સૂત્રોક્ત તે જ ભવમાં મોક્ષ પ્રાપ્તિનું કથન ક્ષપક શ્રેણીવાળા બારમા અને તેરમા ગુણસ્થાનવર્તી જીવોની અપેક્ષાએ છે. તે જીવો અવશ્ય તે જ ભવમાં ચૌદમા ગુણસ્થાને સર્વ ક્રિયાસ્થાનનો ત્યાગ કરીને અંતે સિદ્ધ થાય છે.

આ રીતે કોઈ પણ ક્રિયાસ્થાન સિદ્ધગતિનું કારણ નથી. સર્વ ક્રિયાસ્થાનનો ત્યાગ થાય ત્યારે જ મોક્ષ થાય છે, પરંતુ ક્ષપક શ્રેણીવાળા ઐર્યાપથિક ક્રિયાસ્થાનવાળા જીવો અવશ્ય તે જ ભવમાં સિદ્ધ થાય છે, તેથી વ્યવહારનયની અપેક્ષાએ ઐર્યાપથિક ક્રિયાસ્થાનને સિદ્ધ ગતિનું કારણ કહ્યું છે, તેથી સાધકોએ સંસારવર્ધક બાર ક્રિયાસ્થાનોનો ત્યાગ કરીને ઐર્યાપથિક ક્રિયાસ્થાનના ગુણસ્થાન સુધી પહોંચવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

આ અધ્યયનમાં ૧૩ ક્રિયાઓના નિરૂપણ પછી ધર્મ-અધર્મ પક્ષના અવલંબનથી જીવોનું ત્રણ પ્રકારે વિભાજન અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે– **(૧) પ્રથમ વિભાજનમાં–** ૧. અધર્મ પક્ષમાં પાપી સંસારી દુર્ગતિગામી જીવો ૨. ધર્મ પક્ષમાં વીતરાગ ધર્મી શ્રમણાદિ ૩. મિશ્રપક્ષમાં અન્ય મતાવલંબીનું વર્ણન કર્યું છે. **(૨) બીજા વિભાજનમાં–** ૧. અધર્મ પક્ષમાં અધર્મી સંસારી જીવો ૨. ધર્મ પક્ષમાં નિર્ગ્રંથ મુનિઓ ૩. મિશ્ર પક્ષમાં શ્રમણોપાસકોનું વર્ણન કર્યું છે. **(૩) ત્રીજા વિભાજનમાં–** ૧. અધર્મ પક્ષમાં ૩૬૩ પાસંડ મત ૨. ધર્મ પક્ષમાં અહિંસા પ્રધાન ધર્મ નિરૂપક નિર્ગ્રંથ શ્રમણોનું સૂચન છે. આ ત્રીજા વિભાજનમાં ધર્મ-અધર્મ બે પક્ષનું જ કથન છે.

આ રીતે ભિન્ન-ભિન્ન અપેક્ષાએ ધર્મ-અધર્મ પક્ષને અહીં વિવિધ રીતે સમજાવ્યા છે.

**॥ બીજું અધ્યયન સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'આહારપરિજ્ઞા' છે. તેમાં બે શબ્દ છે. આહાર અને પરિજ્ઞા.

**આહાર–** શરીરને ટકાવી રાખવા માટે જીવ જે પુદ્‌ગલોને ગ્રહણ કરે, તેને આહાર કહે છે.

**આહારના** ત્રણ ભેદ છે– સચેત, અચેત અને મિશ્ર. પૃથ્વીકાયાદિ છ કાયના જીવ સહિતના આહાર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરવા, તે **સચિત્તાહાર** છે. છ કાય જીવ રહિતના આહાર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરવા, તે **અચિત્તાહાર** છે. જીવને ગ્રાહ્ય આહાર યોગ્ય પુદ્‌ગલોનો કેટલોક ભાગ જીવ સહિત અને કેટલોક ભાગ જીવ રહિત હોય, તે **મિશ્રાહાર** છે.

બીજી રીતે આહારના ત્રણ ભેદ છે– ઓજ, રોમ અને કવલ આહાર.

**सरीरेणोयाहारो, तयाय फासेण लोम आहारो ।**
**पक्खेवाहारो पुण, कावलिओ होइ णायव्वो ॥**

ઉત્પત્તિના પ્રથમ સમયે તૈજસ-કાર્મણ શરીર દ્વારા જે પુદ્‌ગલોનું ગ્રહણ થાય, તે **ઓજાહાર** છે. શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી અપર્યાપ્ત કે પર્યાપ્ત અવસ્થામાં ત્વચા દ્વારા જે પુદ્‌ગલોનું ગ્રહણ થાય, તે **લોમાહાર** છે અને પર્યાપ્તાવસ્થામાં મુખમાં કે શરીરમાં ઈચ્છાપૂર્વક જે પુદ્‌ગલોનો પ્રક્ષેપ કરાય, તે **પ્રક્ષેપાહાર** છે.

જીવ અનાદિકાલીન ભવભ્રમણમાં જ્યાં જન્મ ધારણ કરે, ત્યાં તે શરીરને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને પોતાનું શરીર બનાવે છે અને શરીરને ટકાવી રાખે છે. સંસારી પ્રત્યેક જીવ નિરંતર આહારક હોય છે, માત્ર ચાર અવસ્થામાં તે **અનાહારક** હોય છે– (૧) બે, ત્રણ કે ચાર સમયની વિગ્રહ ગતિમાં (૨) કેવળી સમુદ્‌ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં (૩) અયોગી કેવળી અવસ્થામાં (૪) સિદ્ધાવસ્થામાં.

આ રીતે સંસારી જીવોના જીવનમાં આહારક અવસ્થાની જ પ્રધાનતા છે.

**પરિજ્ઞા–** એટલે જાણકારી, બોધ, જ્ઞાન, વિવેક વગેરે. તેના બે ભેદ છે– જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા. પદાર્થોના હેય–ઉપાદેયનો યથાર્થ બોધ કરવો, તે **જ્ઞપરિજ્ઞા** છે અને જ્ઞપરિજ્ઞાથી જાણ્યા પછી હેય તત્ત્વોનો ત્યાગ કરવો, તે **પ્રત્યાખ્યાન પરિજ્ઞા** છે.

આ અધ્યયનમાં સંસારી જીવોના આહાર સંબંધી વિવિધ માહિતી હોવાથી અધ્યયનનું **આહાર પરિજ્ઞા** નામ સાર્થક છે.

સૂત્રકારે નારકી અને દેવતાને છોડીને શેષ ઔદારિક શરીરધારી પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય,

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો, આ દસ દંડકના જીવોના આહારનું નિરૂપણ કર્યું છે.

સામાન્ય રીતે પ્રત્યેક જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે પોતાના ઉત્પત્તિ સ્થાન–યોનિ સ્થાનમાં રહેલા પુદ્‌ગલોને જ ઓજાહાર રૂપે ગ્રહણ કરે છે. તેથી જીવોનો ઓજાહાર તે-તે જીવોની યોનિ પ્રમાણે નિશ્ચિત થાય છે અને ત્યાર પછી જીવ પોતાના શરીરની યોગ્યતા પ્રમાણે પૃથ્વી આદિ છકાય જીવોના શરીરના પુદ્‌ગલોને લોમાહાર કે કવલાહાર રૂપે ગ્રહણ કરે છે.

પ્રસ્તુત અધ્યયનમાં જીવોની વિવિધ યોનિઓ, તેની ઉત્પત્તિની પ્રક્રિયા અને તેની સંવૃદ્ધિમાં નિમિત્તભૂત આહારગ્રહણની પદ્ધતિનું વિશ્લેષણ છે.

આ રીતે સંસારી પ્રત્યેક જીવોનું જીવન અન્ય જીવોના આધારે જ ટકી રહ્યું છે. તેથી જ સાધકે આહારના વિષયમાં સંયમ કેળવી અનાહારક ભાવમાં સ્થિર થવા યથાશક્ય પુરુષાર્થશીલ રહેવું, તે જ આ અધ્યયનનું ઉપાદેય તત્ત્વ છે.

❖ ❖ ❖ ❖ ❖

# ત્રીજું અધ્યયન : આહાર પરિજ્ઞા

**અધ્યયન પ્રારંભ :–**

**१ सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं– इह खलु आहारपरिण्णा णाम अज्झयणे, तस्स णं अयमट्ठे– इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा सव्वओ सव्वावंति लोगंसि चत्तारि बीयकाया एवमाहिज्जंति, तं जहा– अग्गबीया मूलबीया पोरबीया खंधबीया ।**

**શબ્દાર્થ :– बीयकाया** = બીજ કાય **अग्गबीया** = અગ્રબીજ **मूलबीया** = મૂળબીજ **पोरबीया** = પર્વબીજ **खंधबीया** = સ્કંધબીજ.

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન ! મેં સાંભળ્યુ છે, ભગવાન શ્રી મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું છે કે આ નિર્ગ્રંથ-પ્રવચનમાં આહારપરિજ્ઞા નામનું એક અધ્યયન છે. તેનો ભાવ આ પ્રમાણે છે– આ લોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ આદિ દિશાઓ તથા ઊર્ધ્વ આદિ વિદિશાઓમાં સર્વત્ર ચાર પ્રકારના બીજકાયવાળા જીવો હોય છે, તેનાં નામ આ પ્રમાણે છે– અગ્રબીજ, મૂળબીજ, પર્વબીજ અને સ્કંધબીજ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર ઉત્થાનિકારૂપ છે. તેમાં બીજકાયિક વનસ્પતિના મુખ્ય ચાર પ્રકારનું કથન છે. (૧) જે વનસ્પતિના અગ્રભાગમાં બીજ હોય, અગ્રભાગમાં ઉગવાની શક્તિ હોય, તે **અગ્રબીજ** છે, જેમ કે– ઘઉં, ચોખા વગેરે (૨) જે વનસ્પતિના મૂળમાં જ ઉગવાની શક્તિ હોય, તે **મૂળબીજ** છે, જેમ કે– કમલકંદાદિ. (૩) જે વનસ્પતિનો પર્વ ભાગ– ગાંઠ, કાતળીમાં ઉગવાની શક્તિ હોય, તે **પર્વબીજ** છે, જેમ કે– શેરડી આદિ. (૪) જે વનસ્પતિના સ્કંધમાં બીજ હોય, તે **સ્કંધબીજ** છે, જેમ કે– વડલો, પીપળો, થોર આદિ.

**પૃથ્વીયોનિક વૃક્ષોનો આહાર :–**

**२ तेसिं च णं अहाबीएणं अहावगासेणं इह एगइया सत्ता पुढविजोणिया पुढवि-संभवा पुढविवक्कमा ।**

**तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मणियाणेणं तत्थवक्कम्मा णाणाविहजोणियासु पुढवीसु रुक्खत्ताए विउट्टंति ।**

**ते जीवा तेसिं णाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति– ते जीवा आहारेंति पुढविसरीरं आउसरीरं तेउसरीरं वाउसरीरं वणस्सइसरीरं णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारियं तयाहारियं विपरिणयं(विपरिणामियं) सारूवियकडं संतं सव्वप्पणत्ताए आहारेंति।**

**अवरे वि य णं तेसिं पुढविजोणियाणं रुक्खाणं सरीरा णाणावण्णा णाणागंधा णाणारसा णाणाफासा णाणासंठाणसंठिया णाणाविह-सरीरपोग्गल-विउव्विया; ते जीवा कम्मोववण्णगा भवंतीति मक्खायं ।**

**શબ્દાર્થ :–** **अहाबीएणं** = પોત-પોતાના બીજ અનુસાર **अहावगासेणं** = પોતપોતાના અવકાશ (સ્થાન)ને અનુસાર **पुढविसंभवा** = પૃથ્વી પર ઉત્પન્ન થનાર **पुढविवक्कमा** = પૃથ્વી પર વૃદ્ધિ પામનારા **तव्वक्कमा** = તે વિકાસ પામનારા **तत्थवक्कमा** = ત્યાં વૃદ્ધિ પામનારા **परिविद्धत्थं** = પરિવિધ્વંસ્ત નષ્ટ કરાયેલું **तयाहारियं** = ત્વચા વડે આહાર કરનારા **सारुवियकडं** = પોતાના શરીરના રૂપમાં **णाणाविह-सरीरपोग्गलविउव्विया** = વિવિધપ્રકારના શરીર-પુદ્ગલોથી વિરચિત

**ભાવાર્થ :–** તે બીજકાય જીવોમાંથી જે જીવ, યથાબીજ– બીજ અનુસાર, યથાવકાશ ઉત્પત્તિસ્થાન અનુસાર અર્થાત્ ભૂમિ, જળ, આકાશ, કાળ આદિના સંયોગ અનુસાર ઉત્પન્ન થવાની યોગ્યતા ધરાવે છે. તે જીવ– તે બીજથી અને તે અવકાશથી ઉત્પન્ન થાય છે અને ત્યાં જ વૃદ્ધિ પામે છે. તે જીવ– પૃથ્વીયોનિક છે, પૃથ્વી પર ઉત્પન્ન થાય છે, પૃથ્વી પર વિકાસ પામે છે.

તે પૃથ્વીયોનિક, પૃથ્વી પર ઉત્પન્ન થનારા, પૃથ્વી પર વિકાસ પામનારા તે જીવો કર્મોને આધીન થઈને, કર્મ રૂપ નિદાનથી આકર્ષિત થઈને અર્થાત્ કર્મના ઉદયથી ત્યાં(પૃથ્વી પર) જ વૃદ્ધિ પામીને વિવિધ યોનિ રૂપ પૃથ્વીમાં વૃક્ષ રૂપે જન્મ ધારણ કરે છે.

તે જીવો વિવિધ યોનિવાળી પૃથ્વીની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે જીવ ક્રમશઃ વૃદ્ધિ પામતાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ શરીરનો આહાર કરે છે, વિવિધ પ્રકારના ત્રસ-સ્થાવર જીવોના શરીરોને અચિત્ત કરે છે, તે શરીરોનો નાશ(ખંડ-ખંડ) કરે છે, પૂર્વે ગ્રહણ કરેલા તથા ત્વચા દ્વારા ગ્રહણ થતાં આહારને પૂર્ણ રૂપે પરિણત કરે છે. ત્યાર પછી તે પરિણત આહારને સર્વાત્મના ગ્રહણ કરે છે અર્થાત્ પોતાના શરીર રૂપે પરિણત કરે છે.

ત્યાર પછી તે પૃથ્વીયોનિક વૃક્ષોના શરીરો વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા તથા વિવિધ સંસ્થાનથી સંસ્થિત થાય છે. તે વિવિધ પ્રકારના શરીરો પુદ્ગલોથી બનેલા હોય છે. આ રીતે તે જીવો પોત-પોતાના કર્મોને વશ થઈને ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**३** **अहावरं पुरक्खायं– इहेगइया सत्ता रुक्खजोणिया रुक्खसंभवा रुक्खवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मणियाणेणं तत्थवक्कमा पुढवि-जोणिएहिं रुक्खेहिं रुक्खत्ताए विउट्टंति ।**

**ते जीवा तेसिं पुढविजोणियाणं रुक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं आउसरीरं तेउसरीरं वाउसरीरं वणस्सइसरीरं, णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारियं तयाहारियं विपरिणयं सारूवियकडं संतं सव्वप्पणत्ताए आहारं आहारेंति ।**

**अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सरीरा णाणावण्णा णाणागंधा**

**णाणारसा णाणाफासा णाणासंठाणसंठिया णाणाविहसरीरपोग्गलविउव्विया; ते जीवा कम्मोववण्णगा भवंतीति मक्खायं ।**

**भावार्थ :–** શ્રી તીર્થંકર દેવે કહ્યું છે કે કોઈ સત્ત્વ–વનસ્પતિકાયિક જીવો પૃથ્વીયોનિક વૃક્ષમાં જ યોનિને પ્રાપ્ત થાય છે તે વૃક્ષમાં જ ઉત્પન્ન થાય છે, વૃક્ષમાં જ સ્થિત થાય છે, વૃક્ષમાં જ વૃદ્ધિ પામે છે. તે વૃક્ષયોનિક વૃક્ષમાં ઉત્પન્ન, વૃક્ષમાં સ્થિત અને વૃક્ષમાં વૃદ્ધિને પ્રાપ્ત કરનારા જીવો પોતાના કર્મોને આધીન થઈને, કર્મોના ઉદયથી આકર્ષિત થઈને, ત્યાં જ વૃદ્ધિ પામીને વિવિધ યોનિવાળા પૃથ્વીયોનિક વૃક્ષમાં વૃક્ષ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે પૃથ્વીયોનિક વૃક્ષોની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે જીવ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ શરીરનો આહાર કરે છે, વિવિધ પ્રકારના ત્રસ-સ્થાવર જીવોના શરીરોને અચેત કરે છે, તે શરીરોનો નાશ(ખંડ-ખંડ) કરે છે. તે પૂર્વે ગ્રહણ કરેલા તથા ત્વચા દ્વારા ગ્રહણ થતાં આહારને પૂર્ણ રૂપે પરિણત કરે છે ત્યાર પછી તે પરિણત આહારને સર્વાત્મના આહાર કરે છે અર્થાત્ પોતાના શરીર રૂપે પરિણત કરે છે. તે વૃક્ષયોનિક વૃક્ષ કહેવાય છે.

તે વૃક્ષયોનિક વૃક્ષોના બીજા શરીરો વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા તથા વિવિધ સંસ્થાનથી સંસ્થિત હોય છે. તેમના વિવિધ પ્રકારના શરીર, પુદ્‌ગલોથી બનેલા હોય છે. તે જીવો પોત-પોતાના કર્મોને વશ થઈને ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

**૪ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता रुक्खजोणिया रुक्खसंभवा रुक्खवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मणियाणेणं तत्थवक्कमा रुक्खजोणिएसु रुक्खेसु रुक्खत्ताए विउट्टंति । ते जीवा तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं आउसरीरं तेउसरीरं वाउसरीरं वणस्सइसरीरं, णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारियं तयाहारियं विपरिणयं सारूवियकडं संतं सव्वप्पणत्ताए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सरीरा णाणावण्णा** *जाव* **ते जीवा कम्मोववण्णगा भवंतीति मक्खायं ।**

**भावार्थ :–** શ્રી તીર્થંકરદેવે કહ્યું છે કે કોઈ સત્ત્વ–વનસ્પતિકાયિક જીવો વૃક્ષયોનિક હોય છે, તે વૃક્ષમાં ઉત્પન્ન થાય છે, વૃક્ષમાં જ સ્થિત થાય છે અને વૃક્ષમાં જ વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. વૃક્ષમાં ઉત્પન્ન થનારા, તેમાં સ્થિત રહેનારા તથા તેમાં સંવૃદ્ધિ પામનારા વૃક્ષયોનિક જીવો કર્મોને આધીન થઈને, કર્મના ઉદયથી, ત્યાં જ વૃદ્ધિ પામીને વૃક્ષયોનિક વૃક્ષમાં વૃક્ષ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો વૃક્ષયોનિક વૃક્ષોની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત તે જીવ ક્રમશઃ વૃદ્ધિ પામતાં પૃથ્વી, જળ, તેજ, વાયુ અને વનસ્પતિનાં શરીરોનો પણ આહાર કરે છે. તે વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણીઓના શરીરને અચેત કરે છે, તે શરીરોનો નાશ(ખંડ-ખંડ) કરે છે. પૂર્વે ગ્રહણ કરેલા અને ત્વચા દ્વારા ગ્રહણ થતા આહારને પૂર્ણપણે પરિણત કરે છે, ત્યાર પછી તે પરિણત આહારને સર્વાત્મના ગ્રહણ કરે છે અર્થાત્ પોતાના શરીર રૂપે પરિણત કરે છે. તે વૃક્ષયોનિક વૃક્ષોનાં વિવિધ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા બીજા શરીર(મૂળ, કંદ, સ્કંધાદિ) હોય છે. તે જીવો કર્મોદય વશ વૃક્ષયોનિક વૃક્ષોમાં ઉત્પન્ન થાય છે, આ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

**૫ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता रुक्खजोणिया रुक्खसंभवा रुक्खवक्कमा**

**तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मणियाणेणं तत्थवक्कम्मा रुक्खजोणिएसु रुक्खेसु मूलत्ताए कंदत्ताए खंधत्ताए तयत्ताए सालत्ताए पवालत्ताए पत्तत्ताए पुप्फत्ताए फलत्ताए बीयत्ताए विउट्टंति, ते जीवा तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं आउसरीरं तेउसरीरं वाउसरीरं वणस्सइसरीरं, णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं** *जाव* **सारूवियकडं संतं सव्वप्पणत्ताए आहारं आहारेंति । अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं मूलाणं कंदाणं खंधाणं तयाणं सालाणं पवालाणं** *जाव* **बीयाणं सरीरा णाणावण्णा णाणागंधा** *जाव* **णाणाविहसरीरपोग्गलविउव्विया, ते जीवा कम्मोववण्णगा भवंतीति मक्खायं ।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરદેવે કહ્યું છે કે કોઈ સત્ત્વ–વનસ્પતિકાયિક જીવો વૃક્ષયોનિક હોય છે, તેઓ વૃક્ષમાં જ ઉત્પન્ન થાય છે, વૃક્ષમાં જ સ્થિત રહે છે, વૃક્ષમાં જ સંવર્ધિત થતાં રહે છે. તે વૃક્ષયોનિક જીવ વૃક્ષમાં ઉત્પન્ન, સ્થિત અને સંવૃદ્ધ થઈને કર્મોને આધીન થઈને, કર્મના ઉદયથી ત્યાં જ વૃદ્ધિ પામીને વૃક્ષયોનિક વૃક્ષોમાં મૂળ, કંદ, સ્કંધ, ત્વચા(છાલ), શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજના રૂપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ તે વૃક્ષયોનિક વૃક્ષોની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત તે જીવ પૃથ્વી, જળ, તેઉ, વાયુ અને વનસ્પતિ શરીરનો આહાર કરે છે. તે જીવ વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોના(સચેત શરીરમાંથી રસ ખેંચી તેના) શરીરને અચેત કરે છે, તે શરીરોનો નાશ(ખંડ-ખંડ) કરે છે. પૂર્વે ગ્રહણ કરેલા અને ત્વચા દ્વારા ગ્રહણ થતાં આહારને પૂર્ણપણે પરિણત કરે છે, ત્યાર પછી તે પરિણત આહારને સર્વાત્મના ગ્રહણ કરે છે અર્થાત્ પોતાના શરીર રૂપે પરિણત કરે છે. તે વૃક્ષયોનિક મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજરૂપ જીવોનાં બીજા પણ શરીરો હોય છે, તે વિવિધ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા તથા વિવિધ પ્રકારના સંસ્થાનથી સંસ્થિત હોય છે. તે વિવિધ પ્રકારના પુદ્ગલોથી બનેલા હોય છે. આ જીવો કર્મોદયવશ ત્યાં ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૃથ્વીયોનિક(પૃથ્વી રૂપ ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન) વૃક્ષોના આહારનું કથન છે.

કોઈ પણ વનસ્પતિ પોતાની યોગ્યતા પ્રમાણે તથાપ્રકારના બીજમાંથી, અનુકૂળ ક્ષેત્ર, કાળ, પાણી, માટી આદિનો સંયોગ પામીને ઉત્પન્ન થાય છે.

**अहाबीएणं :–** યથાબીજ. જે બીજમાંથી જેવા પ્રકારની વનસ્પતિને ઉત્પન્ન થવાની યોગ્યતા હોય, તે બીજમાંથી તે જ વનસ્પતિ ઉત્પન્ન થાય છે. જેમ કે– આંબાની ગોઠલીમાંથી આમ્રવૃક્ષ ઉત્પન્ન થાય છે, વડના બીજમાંથી વટવૃક્ષ ઉત્પન્ન થાય છે.

**अहावगासेणं :–** યથાવકાશ. જે વનસ્પતિને જે ક્ષેત્ર, કાળ, જલ, હવા આદિ બાહ્ય સંયોગોની આવશ્યકતા હોય, તે-તે સંયોગોને પ્રાપ્ત કરીને જ તે વનસ્પતિ વિકાસ પામે છે.

**कम्मोवगा, कम्मणियाणेणं :–** કર્મને વશ થઈને, કર્મના ઉદયથી. વનસ્પતિકાયિક આદિ વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિ માટે ક્ષેત્ર, કાલ આદિ બાહ્ય નિમિત્ત છે અને તે જીવના તથાપ્રકારના કર્મો, તેનું અંતરંગ કારણ છે. કોઈ પણ જીવ પોતાના પૂર્વકૃત કર્મોને વશ થઈને, કર્મરૂપ નિદાનથી આકર્ષિત થઈને

અર્થાત્ તે-તે ગતિ-જાતિ આદિ નામ કર્મના ઉદયથી તે-તે જીવ તે વનસ્પતિ રૂપે ઉત્પન્ન થાય છે.

**આહાર ગ્રહણ પદ્ધતિ–** જે જીવ જે યોનિમાં–ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે, તે ક્ષેત્રમાં રહેલા પુદ્‌ગલોને તે સર્વ પ્રથમ આહાર રૂપે ગ્રહણ કરે છે. સૂત્રકારે વિવિધ યોનિ–ઉત્પત્તિસ્થાન તથા તેના દ્વારા ગ્રહણ થતાં પ્રથમ આહારની અપેક્ષાએ ચાર-ચાર આલાપકનું કથન કર્યું છે. જેમ કે–

(૧) કોઈક જીવ પૃથ્વીયોનિક વૃક્ષ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવની પૃથ્વીરૂપ યોનિ હોવાથી સહુ પ્રથમ પૃથ્વીની સ્નિગ્ધતાનો આહાર કરે છે, જેમ કે પૃથ્વી પર ઉગેલું આમ્ર વૃક્ષ.

(૨) કોઈક જીવ પૃથ્વીયોનિક વૃક્ષમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવની યોનિ પૃથ્વીયોનિક વૃક્ષ હોવાથી તે જીવ સહુ પ્રથમ પૃથ્વીયોનિક વૃક્ષની સ્નિગ્ધતાનો આહાર કરે છે. જેમ કે પૃથ્વી પર ઊગેલા એક વૃક્ષના આધારે ઉગતું બીજું વૃક્ષ.

(૩) કોઈક જીવ વૃક્ષયોનિક વૃક્ષમાં વૃક્ષ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવની યોનિ વૃક્ષયોનિક વૃક્ષ હોવાથી તે જીવ સહુ પ્રથમ વૃક્ષયોનિક વૃક્ષની સ્નિગ્ધતાનો આહાર કરે છે. જેમ કે આંબાના વૃક્ષના આધારે ઊગતું અન્ય આમ્રવૃક્ષ.

(૪) કોઈક જીવ વૃક્ષયોનિક વૃક્ષમાં તેના મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવની યોનિ વૃક્ષયોનિક વૃક્ષ જ હોવાથી તે જીવ સહુ પ્રથમ તે વૃક્ષની સ્નિગ્ધાતાનો આહાર કરે છે.

સમગ્ર વૃક્ષનો એક મુખ્ય જીવ હોય છે, તે મુખ્ય જીવને આશ્રિત વૃક્ષના વિભાગ રૂપ મૂળ, કંદાદિમાં અન્ય-અન્ય જીવો ઉત્પન્ન થાય છે. તે વૃક્ષના આશ્રયે ઉત્પન્ન થયા હોવાથી સર્વ પ્રથમ વૃક્ષની સ્નિગ્ધતાનો આહાર કરે છે.

આ રીતે કોઈ પણ જીવ સર્વ પ્રથમ પોતાના ઉત્પત્તિ સ્થાનમાંથી જ પુદ્‌ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે, તે તેનો ઓજાહાર છે. તે જીવ ક્રમશઃ શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થાય અને ત્યાર પછી તે ત્વચા દ્વારા લોમાહારને ગ્રહણ કરે છે. તે જીવની આસપાસ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે વનસ્પતિના શરીરોના જે-જે પુદ્‌ગલો હોય, તેમાંથી જીવ પોતાની યોગ્યતા અનુસાર તે-તે પુદ્‌ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે. ત્રસ-સ્થાવર જે જીવોના શરીરમાંથી સારભાગને એટલે રસને ચૂસે છે, તે જીવોના શરીર અચેત થઈ જાય છે, તે શરીર ખંડ-ખંડ થઈને નાશ પામે છે. ગ્રહણ કરેલા તે પુદ્‌ગલોને જીવ પોતાના શરીર રૂપે પરિણત કરે છે. આ રીતે આહાર ગ્રહણથી અને તેના પરિણમનથી વનસ્પતિના શરીરની વૃદ્ધિ થાય છે.

વનસ્પતિના જીવો જે પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી પૃથ્વી આદિનો આહાર કરે છે. તે પ્રમાણે તે વનસ્પતિના વર્ણાદિમાં વિવિધ આકાર અને પ્રકારનું સર્જન થાય છે.

સંક્ષેપમાં કોઈ પણ જીવની ઉત્પત્તિ, સ્થિતિ, સંવૃદ્ધિ, તેના વિવિધ વર્ણાદિ, આકાર–પ્રકારાદિ સર્વ બાબતો જીવોના કર્માનુસાર અને આહાર આદિના સંયોગ અનુસાર જ થાય છે. તેમાં ઈશ્વર આદિ કોઈ નિમિત્ત નથી.

**વૃક્ષયોનિક અધ્યારુહનો આહાર :–**

**૬ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता रुक्खजोणिया रुक्खसंभवा रुक्खवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मणियाणेणं तत्थवक्कमा रुक्ख-**

**जोणिएहिं रुक्खेहिं अज्झारुहत्ताए विउट्टंति । ते जीवा रुक्खजोणियाणं रुक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **सारूवियकडं संतं सव्वप्पणाए आहारं आहारेंति, अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं अज्झारुहाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**શબ્દાર્થ :– अज्झारुहत्ताए** = અધ્યારુહ રૂપે–કલમ કરવાથી ઊગતા વૃક્ષ, લતા આદિ રૂપે.

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકર દેવે વનસ્પતિકાયના સંબંધમાં અન્ય પણ કથન કર્યું છે– આ વનસ્પતિકાયિક જીવોમાંથી કેટલાક વૃક્ષયોનિક જીવો વૃક્ષમાં જ ઉત્પન્ન થાય છે, વૃક્ષમાં જ સ્થિત થાય છે, વૃક્ષમાં જ વૃદ્ધિ પામે છે. આ રીતે વૃક્ષમાં જ ઉત્પન્ન, સ્થિત અને સંવર્ધિત તે વૃક્ષયોનિક જીવો કર્મના ઉદયને વશ થઈને, કર્મના ઉદયથી ત્યાં જ વૃદ્ધિ પામીને વૃક્ષયોનિક વૃક્ષમાં અધ્યારુહ–કલમ કરવાથી ઊગતા વૃક્ષ કે લતા રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો વૃક્ષયોનિક વૃક્ષની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત પૃથ્વી, પાણી ***યાવત્*** વનસ્પતિ શરીરનો આહાર કરે છે ***યાવત્*** તે-તે પુદ્ગલોને સર્વાત્મના પોતાના શરીર રૂપે પરિણત કરે છે.

તે વૃક્ષયોનિક અધ્યારુહ–કલમથી ઊગતા વૃક્ષ-વેલાદિના બીજા પણ શરીરો હોય છે. તે વિવિધ વર્ણાદિવાળા ***યાવત્*** વિવિધ પુદ્ગલોથી બનેલા હોય છે. તે જીવો પોત-પોતાના કર્માનુસાર ત્યાં ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**૭ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता अज्झारुहजोणिया अज्झारुहसंभवा** *जाव* **कम्मणियाणेणं तत्थवक्कमा रुक्खजोणिएसु अज्झारुहेसु अज्झारुहत्ताए विउट्टंति, ते जीवा तेसिं रुक्खजोणियाणं अज्झारुहाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **सारूवियकडं संतं सव्वप्पणाए आहारं आहारेंति, अवरे वि य णं तेसिं अज्झारुहजोणियाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરોએ વનસ્પતિકાયના સંબંધમાં અન્ય પણ કથન કર્યું છે– આ વનસ્પતિકાયિક જીવોમાંથી કેટલાક અધ્યારુહ– વૃક્ષ પર ચઢતી વેલ યોનિક જીવો વેલ રૂપે ઉત્પન્ન થાય છે ***યાવત્*** તે જીવ પોતાના કર્મના ઉદયથી ત્યાં વૃદ્ધિ પામીને વૃક્ષયોનિક વેલમાં વેલ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો વૃક્ષયોનિક વેલની સ્નિગ્ધતાનો આહાર કરે છે. ત્યાર પછી તે જીવો પૃથ્વી આદિના શરીરનો આહાર કરે છે ***યાવત્*** તે-તે પુદ્ગલોને સર્વાત્મના પોતાના શરીર રૂપે પરિણત કરે છે.

તે વેલયોનિક જીવોના અન્ય શરીરો પણ હોય છે. તે વિવિધ વર્ણાદિવાળા હોય છે ***યાવત્*** તે પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**૮ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता अज्झारुहजोणिया अज्झारुहसंभवा** *जाव* **कम्मणियाणेणं तत्थवक्कमा अज्झारुहजोणिएसु अज्झारुहेसु अज्झारुहत्ताए विउट्टंति, ते जीवा तेसिं अज्झारुहजोणियाणं अज्झारुहाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **सारूवियकडं संतं आहारे सव्वप्पणाए आहारेंति, अवरे वि य णं तेसिं अज्झारुहजोणियाणं अज्झारुहाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકર દેવે વનસ્પતિકાયના સંબંધમાં અન્ય કથન પણ કર્યું છે. આ વનસ્પતિકાયિક જીવોમાંથી કેટલાક જીવો અધ્યારુહ–વેલયોનિક, વેલમાંથી ઉત્પન્ન ***યાવત્*** પોતાના કર્મના ઉદયથી, ત્યાં જ વૃદ્ધિ પામીને વેલયોનિક વેલમાં અન્ય વેલરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો વેલયોનિક વેલની સ્નિગ્ધતાનો આહાર કરે છે. ત્યાર પછી તે જીવો ક્રમશઃ વૃદ્ધિ પામતાં પૃથ્વી આદિના શરીરનો આહાર કરે છે ***યાવત્*** તે-તે પુદ્ગલોને સર્વાત્મના પોતાના શરીર રૂપે પરિણત કરે છે.

તે અધ્યારુહયોનિક અધ્યારુહના(વેલયોનિક વેલના) બીજા પણ શરીરો હોય છે. તે વિવિધ વર્ણવાળા ***યાવત્*** પોત-પોતાના કર્માનુસાર ત્યાં ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**૯ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता अज्झारुहजोणिया अज्झारुहसंभवा** *जाव* **कम्म- णियाणेणं तत्थवक्कमा अज्झारुहजोणिएसु अज्झारुहेसु मूलत्ताए** *जाव* **बीयत्ताए विउट्टंति, ते जीवा तेसिं अज्झारुहजोणियाणं अज्झारुहाणं सिणेहमाहारेंति** *जाव* **अवरे वि य णं तेसिं अज्झारुहजोणियाणं मूलाणं** *जाव* **बीयाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરોએ વનસ્પતિકાયના સંબંધમાં અન્ય પણ કથન કર્યું છે કે આ વનસ્પતિકાયિક જીવોમાંથી કેટલાક અધ્યારુહયોનિક જીવો અધ્યારુહમાં ઉત્પન્ન થાય છે ***યાવત્*** કર્મના ઉદયથી ત્યાં વૃદ્ધિ પામીને અધ્યારુહયોનિક અધ્યારુહમાં(કલમથી થતાં વૃક્ષમાં) મૂળપણે ***યાવત્*** બીજપણે ઉત્પન્ન થાય છે. તે જીવો તે અધ્યારુહયોનિક અધ્યારુહની સ્નિગ્ધતાનો આહાર કરે છે ***યાવત્*** અધ્યારુહયોનિક મૂળ ***યાવત્*** બીજના અન્ય શરીરો પણ હોય છે. તે વિવિધ વર્ણવાળા ***યાવત્*** પોત-પોતાના કર્માનુસાર ત્યાં ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૃક્ષયોનિક અધ્યારુહના આહારનું નિરૂપણ છે.

**अज्झारुह :– वृक्षेषु उपर्युपरि अध्यारोहन्तीत्यध्यारुहाः । वृक्षोपरिजाता वृक्षा इत्यभिधीयन्ते, ते च वल्लीवृक्षाभिधाना ।–** વૃક્ષની ઉપર ચઢનારા વૃક્ષ કે લતાઓને અધ્યારુહ કહે છે અર્થાત્ વૃક્ષની ઉપર કલમથી ઊગતા વૃક્ષ તથા વેલાઓને અધ્યારુહ કહે છે. તેના પણ ચાર આલાપક થાય છે– (૧) વૃક્ષયોનિક અધ્યારુહ રૂપે (૨) વૃક્ષયોનિક અધ્યારુહમાં અધ્યારુહ રૂપે (૩) અધ્યારુહયોનિક અધ્યારુહમાં અધ્યારુહ રૂપે (૪) અધ્યારુહ યોનિક અધ્યારુહના મૂળ, કંદ, સ્કંધાદિ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવ પોતાના યોનિ–ઉત્પત્તિસ્થાન પ્રમાણે સર્વ પ્રથમ ઓજ આહાર ગ્રહણ કરે છે અને ત્યાર પછી તે જીવોની યોગ્યતા પ્રમાણે પૃથ્વી આદિ કોઈ પણ જીવોના શરીરના પુદ્ગલોને, લોમાહાર રૂપે ગ્રહણ કરીને પોતાના શરીરની પુષ્ટિ કરે છે.

### પૃથ્વીયોનિક તૃણાદિનો આહાર :–

**૧૦ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता पुढविजोणिया पुढविसंभवा** *जाव* **णाणाविह जोणियासु पुढवीसु तणत्ताए विउट्टंति । ते जीवा तेसिं णाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति** *जाव* **ते जीवा कम्मोववण्णगा भवंतीति मक्खायं ।**

**एवं पुढविजोणिएसु तणेसु तणत्ताए विउट्टंति** *जाव* **मक्खायं । एवं तणजोणिएसु तणेसु तणत्ताए विउट्टंति** *जाव* **मक्खायं । एवं तणजोणिएसु तणेसु मूलत्ताए** *जाव* **बीयत्ताए विउट्टंति, ते जीवा** *जाव* **एवमक्खायं ।**

**एवं ओसहीण वि चत्तारि आलावगा । एवं हरियाण वि चत्तारि आलावगा।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરદેવે વનસ્પતિકાયિક જીવોના સંબંધમાં અન્ય પણ કથન કર્યું છે– (૧) આ વનસ્પતિકાયિક જીવોમાંથી કેટલાક પૃથ્વીયોનિક હોય છે. તે પૃથ્વીથી જ ઉત્પન્ન થાય છે, પૃથ્વીમાં જ સ્થિત થઈને, તેમાં વૃદ્ધિ પામે છે. આ રીતે પૃથ્વીમાં જ ઉત્પન્ન, સ્થિત અને સંવૃદ્ધ તે જીવ પોતાના કર્મના ઉદયને વશ થઈને વિવિધ જાતિવાળી પૃથ્વીઓ પર તૃણરૂપે ઉત્પન્ન થાય છે. તે તૃણના જીવો તે વિવિધ જાતિવાળી પૃથ્વીની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત ક્રમશઃ વૃદ્ધિ પામતા તે જીવો પૃથ્વીથી લઈને વનસ્પતિ સુધીના શરીરોનો આહાર કરે છે ***યાવત્*** પોત-પોતાના કર્માનુસાર ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ સર્વ કથન પૂર્વવત્ જાણવું. આ પ્રમાણે શ્રી તીર્થંકર પ્રભુએ કહ્યું છે.

(૨) કેટલાક વનસ્પતિકાયિક જીવો પૃથ્વીયોનિક તૃણોમાં તૃણ રૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં સ્થિત અને સંવૃદ્ધ થાય છે. તે પૃથ્વીયોનિક તૃણોના શરીરની સ્નિગ્ધતાનો આહાર કરે છે, ઈત્યાદિ સમસ્ત વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ.

(૩) કેટલાક વનસ્પતિકાયિક જીવો તૃણ યોનિક તૃણોમાં તૃણરૂપે ઉત્પન્ન થાય છે, ત્યાં સ્થિત રહે છે અને ત્યાં જ સંવૃદ્ધ થાય છે. તે જીવ તૃણયોનિક તૃણોના શરીરની સ્નિગ્ધતાનો આહાર ગ્રહણ કરે છે. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ.

(૪) કેટલાક વનસ્પતિકાયિક જીવો તૃણયોનિક તૃણોનાં મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજરૂપે ઉત્પન્ન થાય છે, ત્યાં સ્થિત અને સંવૃદ્ધ થાય છે. તે જીવો તે તૃણયોનિક તૃણોની સ્નિગ્ધતાનો આહાર કરે છે. શેષ સમસ્ત વર્ણન પણ પૂર્વવત્ જાણવું જોઈએ.

આ રીતે ઔષધિ(ધાન્ય) રૂપમાં ઉત્પન્ન(વનસ્પતિકાયિક) જીવોના પણ ચાર આલાપક જાણવા. આ રીતે હરિતકાય(ભાજી) રૂપે ઉત્પન્ન વનસ્પતિકાયિક જીવોના પણ ચાર આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૃથ્વીયોનિક તૃણ, ઔષધિ અને હરિતકાયના આહારનું કથન છે. તેમાં પણ પૂર્વવત્ ચાર-ચાર આલાપક છે– (૧) કેટલાક જીવો પૃથ્વીયોનિક ઔષધિ રૂપે(ધાન્યની ફસલ રૂપે) ઉત્પન્ન થાય છે. તે જીવ સહુ પ્રથમ પૃથ્વીની સ્નિગ્ધતાનો આહાર કરે છે. (૨) કેટલાક જીવો પૃથ્વીયોનિક ઔષધિમાં ઔષધિરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો સહુ પ્રથમ પૃથ્વીયોનિક ઔષધિની સ્નિગ્ધતાનો આહાર કરે છે. (૩) કેટલાક જીવો ઔષધિયોનિક ઔષધિમાં ઔષધિરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો સહુ પ્રથમ ઔષધિયોનિક ઔષધિની સ્નિગ્ધતાનો આહાર કરે છે. (૪) કેટલાક જીવો ઔષધિયોનિક ઔષધિમાં મૂળ, કંદ, સ્કંધ, આદિ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો સહુ પ્રથમ ઔષધિયોનિક ઔષધિની સ્નિગ્ધતાનો આહાર કરે છે.

**૧.** અનેકવિધ પૃથ્વીયોનિક હરિતકાયરૂપે, **૨.** પૃથ્વીયોનિક હરિતકાયમાં હરિતકાયરૂપે **૩.** હરિતયોનિક હરિતકાયમાં હરિતકાયરૂપે અને **૪.** હરિત યોનિક હરિતકાયના મૂળ, કંદ, આદિ રૂપે ઉત્પન્ન

થાય છે. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ. ત્યાર પછી તે જીવો પૃથ્વી આદિ કોઈ પણ જીવોના શરીરનો આહાર ગ્રહણ કરીને પોતાના શરીરને પુષ્ટ કરે છે.

**પૃથ્વીયોનિક કુહણાદિનો આહાર :–**

**૧૧ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता पुढविजोणिया पुढविसंभवा** *जाव* **कम्म-णियाणेणं तत्थवक्कमा णाणाविहजोणियासु पुढवीसु आयत्ताए वायत्ताए कायत्ताए कुहणत्ताए कंदुकत्ताए उव्वेहणियत्ताए णिव्वेहणियत्ताए सच्छत्ताए छत्तगत्ताए वासाणियत्ताए कूरत्ताए विउट्टंति । ते जीवा तेसिं णाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं पुढवि-जोणियाणं आयाणं** *जाव* **कूराणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं । एक्को चेव आलावगो, सेसा तिण्णि णत्थि ।**

**શબ્દાર્થ :– आयत्ताए** = આય નામની વનસ્પતિમાં **उव्वेहणियत्ताए** = ઉપેહણી નામની વનસ્પતિમાં.

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરદેવે વનસ્પતિકાયના સંબંધમાં અન્ય પણ કથન કર્યું છે કે આ વનસ્પતિકાયિક જીવોમાંથી કેટલાક જીવો પૃથ્વીયોનિક હોય છે, તે પૃથ્વીથી ઉત્પન્ન થાય છે, પૃથ્વી પર જ રહે છે અને તેના પર વૃદ્ધિ પામે છે. તે પૃથ્વીયોનિક વનસ્પતિના જીવો સ્વકર્મોદયવશ, કર્મના ઉદયથી જ ત્યાં આવીને ઉત્પન્ન થાય છે. તે વિવિધ જાતિવાળી પૃથ્વીઓ પર આય, વાય, કાય, કુહણા, કંદુક, ઉપેહણી, નિર્વેહણી, સછત્રક, છત્રક, વાસાની અને કૂર નામની વનસ્પતિ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો વિવિધ યોનિઓવાળી પૃથ્વીની સ્નિગ્ધતાનો આહાર કરે છે, તે ઉપરાંત ક્રમશઃ વૃદ્ધિ પામતા તે જીવો પૃથ્વીકાય આદિ છએ કાયના જીવોના શરીરનો આહાર કરે છે. પહેલા તેનો રસ ખેંચીને તેને અચેત કરે છે, પછી તેને પોતાના રૂપમાં પરિણત કરે છે. તે પૃથ્વીયોનિક (વિવિધ પૃથ્વીઓથી ઉત્પન્ન) આય નામની વનસ્પતિથી લઈને કૂર વનસ્પતિ સુધીના જીવોના વિભિન્ન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આકાર-પ્રકારવાળા તથા વિવિધ પુદ્ગલોથી રચિત બીજા શરીરો પણ હોય છે. તે જીવો પોત-પોતાના કર્મના ઉદયથી જ જન્મ ધારણ કરે છે. આ પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે. આ જીવોનો એક જ આલાપક છે, શેષ ત્રણ આલાપક નથી.

**વિવેચન :–**

પૃથ્વીયોનિક આય, વાય, કુહણક આદિ વનસ્પતિ સર્વ પ્રથમ પૃથ્વીનો આહાર કરે છે. તે વનસ્પતિના આશ્રયે કોઈ વનસ્પતિ જીવ ઉત્પન્ન થતા ન હોવાથી તેનો એક જ આલાપક છે.

સૂત્રોક્ત વનસ્પતિના નામો અપરિચિત છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં પણ વનસ્પતિના આવા પ્રકારના નામો પ્રાપ્ત થાય છે.

**ઉદકયોનિક વૃક્ષનો આહાર :–**

**૧૨ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता उदगजोणिया उदगसंभवा** *जाव* **कम्म-णियाणेणं तत्थवक्कमा णाणाविहजोणिएसु उदएसु रुक्खत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं उदगजोणियाणं रुक्खाणं सरीरा णाणावण्णा**

*जाव* **मक्खायं, जहा पुढविजोणियाणं रुक्खाणं चत्तारि गमा । अज्झारुहाण वि तहेव, तणाणं, ओसहीणं, हरियाणं चत्तारि आलावगा भाणियव्वा एक्केक्के ।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરપ્રભુએ વનસ્પતિકાય સંબંધી અન્ય પણ કથન કર્યું છે કે આ વનસ્પતિકાયિક જીવોમાંથી કેટલીક ઉદકયોનિક(જળમાં ઉત્પન્ન થનારી) વનસ્પતિઓ હોય છે, જે જળમાં જ ઉત્પન્ન થાય છે, જળમાં જ રહે છે અને તેમાં જ વધે છે. તે ઉદકયોનિક વનસ્પતિ જીવ પૂર્વકૃત કર્મોદયવશ, કર્મોના ઉદયથી જ તેમાં આવે છે અને વિવિધ પ્રકારની જાતિઓવાળા પાણીમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો વિવિધપ્રકારની જાતિવાળા જળની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત તે જીવો પૃથ્વી, જળ, તેજ, વાયુ અને વનસ્પતિકાયનાં શરીરોનો આહાર કરે છે. તે જલયોનિક વૃક્ષોનાં વિભિન્ન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળા તથા વિવિધ પુદ્ગલોથી રચિત બીજા શરીરો પણ હોય છે. તે જીવો સ્વકર્મોદયવશ જ જલયોનિક વૃક્ષોમાં ઉત્પન્ન થાય છે. જેમ પૃથ્વીયોનિક વૃક્ષના ચાર ભેદના ચાર-ચાર આલાપક કહ્યા છે. તેમ જલયોનિક વૃક્ષોના પણ ચાર આલાપક થાય. તે જ રીતે અધ્યારુહ, તૃણ, ઔષધિ અને હરિતના પણ ચાર-ચાર આલાપક કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઉદકયોનિક વૃક્ષ વગેરેના ભેદ તથા તેના આહારનું કથન છે.

જલને આશ્રયે ઉત્પન્ન થતી વનસ્પતિ ઉદકયોનિક વૃક્ષાદિ કહેવાય છે. પૃથ્વીયોનિક વૃક્ષાદિની જેમ ઉદકયોનિક વૃક્ષાદિના પાંચ ભેદ છે– (૧) ઉદકયોનિક વૃક્ષ (૨) ઉદકયોનિક અધ્યારુહ (૩) ઉદકયોનિક તૃણ (૪) ઉદકયોનિક ઔષધિ અને (૫) ઉદકયોનિક હરિતકાય. દરેકના પૂર્વવત્ ચાર-ચાર આલાપક છે, જેમ કે– **૧.** ઉદકયોનિક વૃક્ષ રૂપે ઉત્પન્ન થતાં જીવો સર્વ પ્રથમ જલની સ્નિગ્ધતાનો આહાર કરે છે. **૨.** ઉદકયોનિક વૃક્ષમાં વૃક્ષ રૂપે ઉત્પન્ન થતાં જીવો સર્વ પ્રથમ ઉદકયોનિક વૃક્ષની સ્નિગ્ધતાનો આહાર કરે છે. **૩.** વૃક્ષયોનિક વૃક્ષમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થતાં જીવો સર્વ પ્રથમ વૃક્ષની સ્નિગ્ધતાનો આહાર કરે છે **૪.** તે વૃક્ષમાં મૂળ, કંદ, સ્કંધાદિ રૂપે ઉત્પન્ન થતાં જીવો સર્વ પ્રથમ વૃક્ષની સ્નિગ્ધતાનો આહાર કરે છે.

ત્યાર પછી તે જીવો પોત-પોતાની યોગ્યતા અનુસાર પૃથ્વી આદિ કોઈ પણ શરીરના પુદ્ગલોને ગ્રહણ કરીને પોતાના શરીરની પુષ્ટિ કરે છે.

તે જ રીતે ઉદકયોનિક અધ્યારુહ આદિના ચાર-ચાર આલાપક તથા તેનો આહાર જાણવો જોઈએ.

**ઉદકયોનિક સેવાળાદિનો આહાર :–**

**१३** **अहावरं पुरक्खायं– इहेगइया सत्ता उदगजोणिया** *जाव* **कम्मणियाणेणं तत्थवक्कमा णाणाविहजोणिएसु उदगत्ताए अवगत्ताए पणगत्ताए सेवालत्ताए कलंबुगत्ताए हढत्ताए कसेरुयत्ताए कच्छभाणियत्ताए उप्पलत्ताए पउमत्ताए कुमुदत्ताए णलिणत्ताए सुभगत्ताए सोगंधियत्ताए पोंडरियत्ताए महापोंडरियत्ताए सयपत्तत्ताए सहस्सपत्तत्ताए एवं कल्हारत्ताए कोकणयत्ताए अरविंदत्ताए तामरसत्ताए भिसत्ताए भिसमुणालत्ताए पुक्खलत्ताए पुक्खलच्छिभगत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं उदगाणं**

*जाव* **पुक्खलच्छिभगाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं, एक्को चेव आलावगो ।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકર ભગવાને વનસ્પતિકાયના સંબંધમાં અન્ય પણ કથન કર્યું છે– આ વનસ્પતિકાયિક જીવોમાંથી કેટલાક જીવો ઉદકયોનિક હોય છે. જે જળમાં ઉત્પન્ન થાય છે, ત્યાં જ રહે છે અને ત્યાં જ સંવૃદ્ધિ પામે છે. તે જીવો પોતાના કર્મોને વશ થઈને, કર્મોના ઉદયથી અનેક પ્રકારની જાતિવાળા પાણીમાં ઉદક, અવક, પનક, સેવાળ, કલમ્બુક, હડ, કસેરૂક, કચ્છભાણિક, ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, કલ્હાર, કોકનદ, અરવિન્દ, તામરસ, ભિસ, ભિસમૃણાલ, પુષ્કર, પુષ્કરાક્ષિભગના રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો વિવિધ જાતિવાળા જળની સ્નિગ્ધતાનો આહાર કરે છે તે ક્રમશઃ વૃદ્ધિ પામતાં પૃથ્વીકાય આદિનાં શરીરોનો પણ આહાર કરે છે. તે જલયોનિક વનસ્પતિઓના ઉદકથી લઈને પુષ્કરાક્ષિભગ સુધી જે નામ બતાવવામાં આવ્યા છે, તેનાં વિભિન્ન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન(અવયવ રચના)થી યુક્ત તથા અનેકવિધ પુદ્ગલોથી રચિત બીજાં શરીરો પણ હોય છે. તે બધા જીવો સ્વકૃત કર્માનુસાર આ જીવોમાં ઉત્પન્ન થાય છે, આ પ્રમાણે તીર્થંકરદેવે કહ્યું છે. આમાં કેવળ એક જ આલાપક હોય છે.

**વિવેચન :–**

જલને આશ્રિત ઉત્પન્ન થતી સેવાળ આદિ વનસ્પતિઓની જલ યોનિ હોવાથી તે જીવ સર્વ પ્રથમ જલનો આહાર કરે છે. તે જીવોને આશ્રિત અન્ય વનસ્પતિઓ ઉગતી ન હોવાથી તેમાં એક જ આલાપક થાય છે.

**વૃક્ષયોનિકાદિ ત્રસ જીવોનો આહાર :–**

**१४ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता तहिं चेव पुढविजोणिएहिं रुक्खेहिं रुक्ख- जोणिएहिं रुक्खेहिं, रुक्खजोणिएहिं मूलेहिं** *जाव* **बीएहिं । रुक्खजोणिएहिं अज्झारुहेहिं, अज्झारुहजोणिएहिं अज्झारुहेहिं, अज्झारुहजोणिएहिं मूलेहिं** *जाव* **बीएहिं, पुढवि- जोणिएहिं तणेहिं, तणजोणिएहिं तेणेहिं तणजोणिएहिं मूलेहिं** *जाव* **बीएहिं। एवं ओसहीहिं तिण्णि आलावगा, एवं हरिएहिं वि तिण्णि आलावगा, पुढविजोणिएहिं आएहिं काएहिं** *जाव* **कूरेहिं, उदगजोणिएहिं रुक्खेहिं, रुक्खजोणिए हिं रुक्खेहिं, रुक्खजोणिएहिं मूलेहिं** *जाव* **बीएहिं, एवं अज्झारुहेहिं वि तिण्णि, तणेहिं वि तिण्णि आलावगा, ओसहीहिं वि तिण्णि, हरिएहिं वि तिण्णि, उदगजोणिएहिं उदएहिं अवएहिं** *जाव* **पुक्खलच्छिभगेहिं तसपाणत्ताए विउट्टंति ।**

**ते जीवा तेसिं पुढविजोणियाणं उदगजोणियाणं रुक्खजोणियाणं अज्झारुह- जोणियाणं तणजोणियाणं ओसहिजोणियाणं हरियजोणियाणं रुक्खाणं अज्झारुहाणं तणाणं ओसहीणं हरियाणं मूलाणं** *जाव* **बीयाणं आयाणं कायाणं** *जाव* **पुक्खलच्छिभगाणं सिणेहमारेंति । ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं रुक्ख- जोणियाणं अज्झारुहजोणियाणं तणजोणियाणं ओसहिजोणियाणं हरियजोणियाणं मूलजोणियाणं कंदजोणियाणं** *जाव* **बीयजोणियाणं आयजोणियाणं**

**कायजोणियाणं** *जाव* **कूरजोणियाणं उदगजोणियाणं अवगजोणियाणं** *जाव* **पुक्खलच्छिभगजोणियाणं तसपाणाणं सरीरा णाणाविण्णा** *जाव* **मक्खायं ।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરદેવે જીવોના સંબંધમાં અન્ય પણ કથન કર્યું છે– ત્રસ જીવોમાંથી કેટલાક જીવો પૃથ્વીયોનિક વૃક્ષોમાં, કેટલાક વૃક્ષયોનિક વૃક્ષોમાં, કેટલાક વૃક્ષયોનિક મૂળથી લઈને બીજપર્યંતના અવયવોમાં, કેટલાક વૃક્ષયોનિક અધ્યારુહમાં, કેટલાક અધ્યારુહયોનિક અધ્યારુહોમાં, કેટલાક અધ્યારુહયોનિક મૂળથી લઈને બીજ પર્યંતના અવયવોમાં, કેટલાક પૃથ્વીયોનિક તૃણોમાં, કેટલાક તૃણયોનિક તૃણોમાં, કેટલાક તૃણયોનિક મૂળથી લઈને બીજપર્યંતના અવયવોમાં ઉત્પન્ન થાય છે. આ રીતે ઔષધિ અને હરિતકાય સંબંધિત ત્રણ-ત્રણ આલાપક છે; કેટલાક પૃથ્વીયોનિક આય, કાયથી લઈને કૂર સુધીના વનસ્પતિકાયિક અવયવોમાં, કેટલાક ઉદકયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક વૃક્ષોમાં તથા વૃક્ષયોનિક મૂળથી લઈને બીજ સુધીના અવયવોમાં, આ રીતે અધ્યારુહો, તૃણો, ઔષધિ તથા હરિતોમાં પૂર્વોક્ત ત્રણ-ત્રણ આલાપક છે તથા કેટલાક ઉદકયોનિક ઉદક, અવકથી લઈને પુષ્કરાક્ષિભગોમાં ત્રસપ્રાણી રૂપે ઉત્પન્ન થાય છે.

તે ત્રસ જીવો પૃથ્વીયોનિક વૃક્ષોની, જલયોનિક વૃક્ષોની, વૃક્ષયોનિક વૃક્ષોની, અધ્યારુહ યોનિક, તૃણયોનિક, ઔષધયોનિક, હરિતયોનિક વૃક્ષોના તથા અધ્યારુહોના તેમજ તૃણ, ઔષધિ, હરિતના મૂળથી લઈને બીજ સુધીના અને આય, કાયથી લઈને પુષ્કારાક્ષિભગ વનસ્પતિ સુધીના સ્નેહનો આહાર કરે છે. તે જીવો ક્રમશઃ વૃદ્ધિ પામતાં પૃથ્વી આદિના શરીરોનો પણ આહાર કરે છે. તે વૃક્ષયોનિક, અધ્યારુહયોનિક, તૃણયોનિક, ઔષધયોનિક, હરિતયોનિક, મૂળયોનિક, કંદયોનિકથી લઈને બીજયોનિક તથા આય, કાયથી લઈને કૂરયોનિક અને ઉદકયોનિક, અવકયોનિક ***યાવત્*** પુષ્કરાક્ષિભગયોનિક પર્યંતના ત્રસજીવોના વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનથી યુક્ત તથા વિવિધ પુદ્ગલોથી રચિત બીજા શરીરો પણ હોય છે. આ બધા જીવો પોત-પોતાના કર્માનુસાર વિવિધ યોનિમાં ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે તીર્થંકરદેવે કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિવિધ યોનિવાળા ત્રસ જીવોના આહારનું નિરૂપણ છે.

ત્રસ જીવોની ઉત્પત્તિ પૃથ્વી આદિ વિવિધ સ્થાનોમાં થઈ શકે છે. પ્રસ્તુત પ્રસંગમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓને આશ્રિત ઉત્પન્ન થતાં ત્રસ જીવોનું કથન છે. પૂર્વોક્ત સૂત્રોમાં પૃથ્વીયોનિક વૃક્ષાદિથી લઈને જેટલી વનસ્પતિ અને તેના વિભાગોનું કથન છે, તે દરેક વનસ્પતિને આશ્રિત બેઇન્દ્રિયાદિ ત્રસ જીવો ઉત્પન્ન થાય છે.

તે ત્રસ જીવો જ્યાં ઉત્પન્ન થાય, ત્યાં રહેલાં પુદ્ગલોને જ સર્વ પ્રથમ આહાર રૂપે ગ્રહણ કરે છે. ત્યાર પછી તે જીવ પૃથ્વીકાયાદિના શરીરોનો યથાયોગ્ય આહાર કરે છે. શેષ કથન પૂર્વવત્ જાણવું.

**મનુષ્યોની ઉત્પત્તિ અને આહાર :–**

**१५ अहावरं पुरक्खायं– णाणाविहाणं मणुस्साणं, तं जहा– कम्मभूमगाणं अकम्म-भूमगाणं अंतरदीवगाणं आरियाणं मिलक्खूणं, तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणीए एत्थ णं मेहुणवत्तिए णामं संजोगे समुप्पज्जइ, ते दुहओ वि सिणेहं संचिणंति, तत्थ णं जीवा इत्थित्ताए पुरिसत्ताए णपुंसगत्ताए**

**विउट्टंति, ते जीवा माउओयं पिउसुक्कं तदुभय संसट्ठं कलुसं किब्बिसं तप्पढमयाए आहारमाहारेंति, तओ पच्छा जं से माया णाणाविहाओ रसवईओ आहारमाहारेइ, ततो एगदेसेणं ओयमाहारेंति । अणुपुव्वेणं वुड्ढा पलिपागमणुपवण्णा तओ कायाओ अभिणिव्वट्टमाणा इत्थि वेगया जणयंति, पुरिसं वेगया जणयंति, णपुंसगं वेगया जणयंति । ते जीवा डहरा समाणा माउक्खीरं सप्पिं आहारेंति, आणुपुव्वेणं वुड्ढा ओयणं कुम्मासं तस-थावरे य पाणे, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **सारूवियकडं संतं, अवरे वि य णं तेसिं णाणाविहाणं मणुस्साणं कम्मभूमगाणं अकम्मभूमगाणं अंतरदीवगाणं आरियाणं मिलक्खूणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**શબ્દાર્થઃ– अंतरदीवगाणं** = અંતરદ્વીપમાં જન્મેલા **आरियाणं** = આર્ય **मिलक्खूणं** = મ્લેચ્છ **मेहुणवत्तियाए** = મૈથુન પ્રત્યયિક(હેતુક) **सिणेहं** = સ્નેહનો, સ્નિગ્ધતાનો **कलुसं** = કલુષ, મલિન **किव्विसं**= કિલ્વિષ, ઘૃણિત **ओयं** = ઓજ **आहारेंति** = આહાર કરે છે **पलिपागमणुपवण्णा** = પરિપાક થવાપર **माउक्खीरं**= માતાનું દૂધ **सप्पिं** = સ્નેહનો **ओयणं** = ઓદન, ચોખાનો **कुम्मासं** = કુલ્માષ–પલાળેલા અડદ અથવા મગ.

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકરદેવે અનેક પ્રકારના મનુષ્યોના ભેદ કહ્યા છે, જેમ કે– કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા કર્મભૂમિજ મનુષ્યો, અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા અકર્મભૂમિજ મનુષ્યો, અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલા અંતરદ્વીપજ મનુષ્યો, આર્ય મનુષ્યો, મ્લેચ્છ–અનાર્ય મનુષ્યો. તે મનુષ્યોની ઉત્પત્તિ યથાશુક્ર અને શોણિત રૂપ બીજ પ્રમાણે તથા યથાવકાશ–અવિધ્વસ્ત યોનિ આદિ અનુકૂળ સંયોગો પ્રમાણે થાય છે.

સ્ત્રી-પુરુષનો કર્મકૃત યોનિમાં મૈથુન નિમિત્તક સંયોગ થાય છે. સંયોગ પછી તે સ્ત્રી-પુરુષ બંનેની સ્નિગ્ધતાનો સંચય થાય છે. ત્યાર પછી તેમાં જીવ સ્ત્રી રૂપે, પુરુષ રૂપે અથવા નપુંસક રૂપે ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થતાં જ તે જીવ સર્વ પ્રથમ માતાના રજ અને પિતાના વીર્ય તે બંનેના સંમિશ્રિત, મલિન અને ઘૃણિત પુદ્‌ગલોનો આહાર કરે છે. ત્યાર પછી તે જીવ માતાએ ગ્રહણ કરેલા અનેક પ્રકારના રસયુક્ત આહારમાંથી એક દેશના ઓજનો આહાર કરે છે. ક્રમશઃ ગર્ભની વૃદ્ધિ થતાં, ગર્ભકાલ પરિપક્વ થતાં તદનંતર શરીરની નિષ્પત્તિ થઈ જવા પર તે જીવ માતાના શરીરમાંથી સ્ત્રી, પુરુષ કે નપુંસક રૂપે બહાર નીકળે છે. ત્યાર પછી તે જીવ બાલ્યાવસ્થામાં માતાના દૂધ અને સ્નેહનો આહાર કરે છે, ક્રમશઃ મોટા થતાં તે જીવ ઓદન, કુલ્માષ આદિ તેમજ ત્રસ-સ્થાવર જીવોના શરીરનો આહાર કરે છે, તથા પૃથ્વી આદિ જીવોના શરીરનો આહાર કરીને પોતાના શરીર રૂપે પરિણત કરે છે.

તે ઉપરાંત કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલા આર્ય-અનાર્ય આદિ અનેક વિધ મનુષ્યોનાં શરીર વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળા, વિવિધ પુદ્‌ગલોથી બનેલા હોય છે. આ પ્રમાણે શ્રી તીર્થંકર દેવે કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મનુષ્યોની ઉત્પત્તિ, વૃદ્ધિ અને તેના આહારનું વિશ્લેષણ છે.

ગર્ભજ મનુષ્યોની ઉત્પત્તિમાં તેના માતા-પિતા કારણ બને છે અને તે જીવોના કર્મોદય પણ તેના જન્મનું કારણ બને છે.

જીવની ઉત્પત્તિ માટે મુખ્ય બે કારણ છે– યથાબીજ અને યથાવકાશ. (૧) અહીં શુક્ર અને શોણિતના મિશ્રણને બીજ કહેલ છે. સામાન્ય રીતે સ્ત્રી, પુરુષ અથવા નપુંસકની ઉત્પત્તિ ભિન્ન-ભિન્ન બીજ પ્રમાણે થાય છે. (૨) સ્ત્રીનું રજ અને પુરુષનું વીર્ય, બંને અવિધ્વસ્ત હોય, સંતાનોત્પત્તિની યોગ્યતાવાળું તથા દોષરહિત હોય તેને યથાવકાશ કહેવાય છે.

૫૫ વર્ષથી નાની ઉંમરની સ્ત્રીની અને ૭૦ વર્ષથી ઓછી ઉંમરના પુરુષની અવિધ્વસ્તયોનિ સંતાનોત્પત્તિનું કારણ બને છે. તે ઉપરાંત શુક્ર-શોણિત બાર મુહૂર્ત સુધી જ સંતાનોત્પત્તિની યોગ્યતા ધરાવે છે, તેનું ગ્રહણ યથાવકાશ શબ્દમાં થાય છે. ત્યાર પછી તે શક્તિહીન અને વિધ્વસ્તયોનિ થઈ જાય છે.

રજની અપેક્ષાએ વીર્યની માત્રા અધિક હોય તો **પુરુષની ઉત્પત્તિ,** રજની માત્રા અધિક અને વીર્યની માત્રા ઓછી હોય તો **સ્ત્રીની ઉત્પત્તિ** અને બંને સમાન માત્રામાં હોય તો **નપુંસકની ઉત્પત્તિ** થાય છે.

આ સર્વ બાહ્ય સંયોગોની સાથે સ્ત્રી, પુરુષ કે નપુંસક થવાનું મુખ્ય કારણ જીવના પોતાના કર્મો છે, તેથી સ્ત્રી મરીને સ્ત્રી જ થાય, પુરુષ મરીને પુરુષ જ થાય, તે પ્રમાણે નથી, પરંતુ પોત-પોતાના કર્માનુસાર અને તથાપ્રકારના બીજ અને અવકાશના સંયોગ પ્રમાણે સ્ત્રી, પુરુષ કે નપુંસક થાય છે.

**સ્થિતિ, વૃદ્ધિ અને આહાર :–** ગર્ભસ્થ જીવ સર્વ પ્રથમ શુક્ર-શોણિતથી સંમિશ્રિત, મલિન અને ઘૃણિત પુદ્ગલોનો આહાર કરે છે. ત્યાર પછી ગર્ભમાં માતાએ ગ્રહણ કરેલા આહારમાંથી એક અંશના ઓજને ગ્રહણ કરે, ગર્ભમાંથી બહાર આવ્યા પછી તે બાળક માતાનું સ્તનપાન કરે છે. ત્યાર પછી મોટા થતાં દૂધ, દહીં, ઘી, ચોખા વગેરે પદાર્થોનો અને પોતાના આહારને યોગ્ય ત્રસ અથવા સ્થાવર પ્રાણીઓના શરીરના પુદ્ગલોનો આહાર કરે છે, શરીર રૂપે પરિણમન કરે છે, પરિણત કરીને શરીરની વૃદ્ધિ અને પુષ્ટિ કરે છે.

**તિર્યંચ પંચેન્દ્રિયોની ઉત્પત્તિ અને આહાર :–**

**૧૬ अहावरं पुरक्खायं– णाणाविहाणं जलचरपंचिंदियतिरिक्खजोणियाणं, तं जहा– मच्छाणं** *जाव* **सुंसुमाराणं, तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणिए तहेव** *जाव* **ततो एगदेसेणं ओयमाहारेंति अणुपुव्वेणं वुड्ढा पलिपाग-मणुपवण्णा तओ कायाओ अभिणिव्वट्टमाणा अंडं वेगया जणयंति, पोयं वेगया जणयंति, से अंडे उब्भिज्जमाणे इत्थिं वेगया जणयंति पुरिसं वेगया जणयंति णपुसगं वेगया जणयंति, ते जीवा डहरा समाणा माउसिणेहमाहारेंति, अणुपुव्वेणं वुड्ढा वणस्सइकायं तस थावरे य पाणे, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **आहारेंति, अवरे वि य णं तेसिं णाणाविहाणं जलचरपंचिंदियतिरिक्खजोणियाणं मच्छाणं** *जाव* **सुंसुमाराणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**શબ્દાર્થ :– पोयं** = પોતજ જન્મથી ઉત્પન્ન થનારા, હાથીનું બચ્ચું વગેરે **उब्भिज्जमाणे** = ફૂટી જવા પર.

**ભાવાર્થ :–** ત્યાર પછી અનેક પ્રકારના જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોનું વર્ણન આ પ્રમાણે છે, જેમ કે મત્સ્યથી લઈને સુંસુમાર સુધીના જીવો જલચર તિર્યંચ પંચેન્દ્રિય છે. તે જીવોની ઉત્પત્તિ યથાબીજ–શુક્ર શોણિતરૂપ બીજ પ્રમાણે તથા યથાવકાશ–અવિધ્વસ્તયોનિ આદિ અનુકૂળ સંયોગો પ્રમાણે થાય છે.

સ્ત્રી-પુરુષનો કર્મકૃત યોનિમાં મૈથુન નિમિત્તક સંયોગ થાય, તે નિમિત્તથી થયેલા રજ-વીર્યરૂપ

સ્નેહના સંચયમાં તિર્યંચ જળચર જીવો ઉત્પન્ન થાય છે. તે જીવ સ્ત્રી-પુરુષ બંનેની સ્નિગ્ધતાનો આહાર કરે છે, ઈત્યાદિ વર્ણન મનુષ્યના આહારની સમાન છે ***યાવત્*** તે જીવ માતાએ ગ્રહણ કરેલા આહારના એક દેશમાંથી ઓજ આહાર કરે છે. ક્રમશઃ ગર્ભની વૃદ્ધિ થતાં, ગર્ભકાલ પરિપકવ થતાં તે જીવ શરીરમાંથી ઈંડારૂપે અથવા પોતજ–બચ્ચા રૂપે બહાર નીકળે છે. જ્યારે તે ઈંડું સેવાય જાય ત્યારે કોઈ જીવ સ્ત્રી(માદા) રૂપે, કોઈ પુરુષ(નર) રૂપે અને કોઈ નપુંસક રૂપે ઉત્પન્ન થાય છે. તે જલચર જીવ બાલ્યાવસ્થામાં જળની સ્નિગ્ધતાનો આહાર કરે છે. ત્યાર પછી ક્રમશઃ મોટા થતાં વનસ્પતિકાય તથા ત્રસ-સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે. તે જીવ પૃથ્વી આદિના શરીરોનો પણ આહાર કરે છે અને તે પુદ્ગલોને સર્વાત્મના પોતાના શરીર રૂપે પરિણત કરે છે. તે માછલી આદિ જલચર પંચેન્દ્રિયતિર્યંચ જીવોના વિવિધ વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શવાળા, વિવિધ આકૃતિ અને અવયવોની રચનાવાળાં વિવિધ પુદ્ગલોથી રચિત અન્ય અનેક શરીરો હોય છે, આ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

**૧૭ अहावरं पुरक्खायं– णाणाविहाणं चउप्पयथलचरपंचिंदियतिरिक्खजोणियाणं, तं जहा– एगखुराणं दुखुराणं गंडीपयाणं सणप्फयाणं, तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणिए** *जाव* **मेहुणवत्तिए णामं संजोगे समुप्पज्जइ, ते दुहओ सिणेहं संचिणंति, संचिणित्ता तत्थ णं जीवा इत्थित्ताए पुरिसत्ताए णपुंसगत्ताए विउट्टंति, ते जीवा माउओयं पिउसुक्कं एवं जहा मणुस्साणं** *जाव* **इत्थिं वेगया जणयंति, पुरिसं वेगया जणयंति, णपुंसगं वेगया जणयंति । ते जीवा डहरा समाणा माउक्खीरं सप्पिं आहारेंति, अणुपुव्वेण वुड्ढा वणस्सइकायं तसथावरे य पाणे, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **आहारेंति । अवरे वि य णं तेसिं णाणाविहाणं चउप्पयथलचरपंचिंदिय तिरिक्खजोणियाणं एगखुराणं** *जाव* **सणप्फयाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं।**

**શબ્દાર્થ :– एगखुराणं** = એકખુરવાળા, **गंडीपयाणं** = ગંડીપદ-સોનીની એરણની જેમ, **सणप्फयाणं**= સનખપદ-નખયુક્ત પગવાળા, નહોરયુક્ત પંજાવાળા પશુ, હિંસક પશુ.

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકરદેવે અનેકજાતિવાળા સ્થલચર ચતુષ્પદ તિર્યંચપંચેન્દ્રિયનું કથન કર્યું છે, જેમ કે– ગધેડાં, ઘોડાં આદિ એક ખરીવાળા; ગાય, ભેંસ આદિ બે ખરીવાળા; હાથી, ગેંડા વગેરે ગંડીપદ અને સિંહ, વાઘ વગેરે નહોરયુક્ત પગવાળા સ્થલચર જીવો હોય છે.

તે જીવો શુક્ર-શોણિત રૂપ પોત-પોતાના બીજ પ્રમાણે અને યથાવકાશ–અવિધ્વસ્ત યોનિ વગેરે અનુકૂળ સંયોગો પામીને ઉત્પન્ન થાય છે.

સ્ત્રી-પુરુષનો કર્મકૃત યોનિમાં મૈથુન નિમિત્તક સંયોગ થાય ત્યારે તે બંનેના સ્નેહનું(રજ-વીર્યનું) સંચય– સંમિશ્રણ થાય છે ત્યાં સ્થલચર જીવો સ્ત્રી, પુરુષ કે નપુંસકરૂપે જન્મ ધારણ કરે છે. તે જીવ સર્વ પ્રથમ માતાના રજ અને પિતાના શુક્રના સંમિશ્રિત, મલિન અને ઘૃણિત પુદ્ગલોનો આહાર કરે છે. શેષ કથન મનુષ્યની ઉત્પત્તિ પ્રમાણે જાણવું ***યાવત્*** ગર્ભકાલ પૂર્ણ થતાં તે જીવ માતાની કુક્ષીમાંથી સ્ત્રી, પુરુષ કે નપુંસકરૂપે બહાર નીકળે છે. ત્યાર પછી બાલ્યવસ્થામાં તે જીવ માતાના દૂધ અને સ્નેહનો આહાર કરે છે. ક્રમશઃ મોટા થતાં તે જીવ વનસ્પતિ,ઓદન, કુલ્માષ આદિ તથા ત્રસ-સ્થાવર જીવોના શરીરનો આહાર કરે છે. તે ઉપરાંત પૃથ્વી આદિ જીવોના શરીરના પુદ્ગલોનો આહાર કરીને સર્વાત્મના પોતાના શરીર રૂપે પરિણત કરે છે.

તે ઉપરાંત અનેકવિધ ચતુષ્પદ સ્થલચર તિર્યંચયોનિક એક ખરીવાળા ***યાવત્*** નહોર યુક્ત પગવાળા જીવોના શરીરો વિવિધ વર્ણાદિવાળા, વિવિધ પુદ્ગલોથી બનેલા હોય છે. આ પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**१८ अहावरं पुरक्खायं– णाणाविहाणं उरपरिसप्पथलयरपंचिंदियतिरिक्ख-जोणियाणं, तं जहा– अहीणं अयगराणं आसालियाणं, महोरगाणं । तेसिं च णं अहाबीएणं, अहावगासेणं इत्थीए पुरिसस्स** *जाव* **एत्थ णं मेहुणे एवं तं चेव, णाणत्तं– अंडं वेगया जणयंति, पोयं वेगया जणयंति, से अंडे उब्भिज्जमाणे इत्थिं वेगया जणयंति, पुरिसं पि णपुंसगं पि वेगया जणयंति, ते जीवा डहरा समाणा वाउकायमाहारेंति अणुपुव्वेणं वुड्ढा वणस्सइकायं तस-थावरे य पाणे, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं णाणाविहाणं उरपरिसप्प-थलयरपंचिंदिय तिरिक्खजोणियाणं अहीणं** *जाव* **महोरगाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**શબ્દાર્થ :–** **अहीणं** = સર્પ **अयगराणं** = અજગર **आसालियाणं** = આસાલિક(સર્પની એક જાત).

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકર દેવે અનેક પ્રકારની જાતિવાળા ઉરપરિસર્પ–છાતીના બળે સરકીને ચાલનારાં-લપસનારાં, સ્થળચર પંચેન્દ્રિય, તિર્યંચયોનિક જીવોનું વર્ણન કર્યું છે, જેમ કે– સર્પ, અજગર, આસાલિક– સર્પવિશેષ અને મહોરગ– મોટા વિશાળ કાય સાપ આદિ ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવો છે. તે જીવો પોત-પોતાના યથાયોગ્ય બીજ અને અવકાશ દ્વારા ઉત્પન્ન થાય છે. તે જીવોમાં પણ સ્ત્રી અને પુરુષનો પરસ્પર મૈથુન નિમિત્તક સંયોગ થાય છે, તે સંયોગથી બંનેના સ્નેહનો સંચય થાય છે. ત્યાં તે જીવ પોતાના કર્માનુસાર, નિયત યોનિમાં ઉત્પન્ન થાય છે. શેષ કથન પૂર્વવત્ જાણવું ગર્ભકાલ પૂર્ણ થતાં તે જીવ માતાના શરીરમાંથી ઈંડા રૂપે અથવા બચ્ચા રૂપે બહાર નીકળે છે. તે ઈંડા સેવાય જાય ત્યારે તેમાંથી કોઈ સ્ત્રી રૂપે, કોઈ પુરુષ રૂપે અને કોઈક નપુંસક રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવ બાલ્યાવસ્થામાં વાયુકાયનો આહાર કરે છે. ક્રમશઃ મોટા થાય ત્યારે તે વનસ્પતિકાય તથા અન્ય ત્રસ-સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે. તે ઉપરાંત તે જીવ પૃથ્વી આદિ જીવોના શરીરનો પણ આહાર કરીને તેને પોતાના શરીરના રૂપમાં પરિણત કરે છે. તે ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચના અનેક વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળા અન્ય શરીરો પણ હોય છે, એ પ્રમાણે શ્રી તીર્થંકર પ્રભુએ કહ્યું છે.

**१९ अहावरं पुरक्खायं– णाणाविहाणं भुयपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणियाणं, तं जहा– गोहाणं णउलाणं सेहाणं सरडाणं सल्लाणं सरवाणं खाराणं घरकोइलियाणं विस्संभराणं मूसगाणं मंगुसाणं पयलाइयाणं बिरालियाणं जोहाणं चाउप्पाइयाणं, तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए पुरिसस्स य जहा उरपरिसप्पाणं तहा भाणियव्वं** *जाव* **सारूवियकडं संतं, अवरे वि य णं तेसिं णाणाविहाणं भुयपरिसप्प-पंचिंदियथलयरतिरिक्खाणं तं चेव** *जाव* **गोहाणं** *जाव* **जोहाणं चाउप्पाइयाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**શબ્દાર્થ :–** **गोहाणं** = ગોહ– ચંદન ઘો **णउलाणं** = નકુલ-નોળિયો **सरडाणं** = સરટ–કાકીડો **खाराणं**= ખર-નોળિયાની જેમ ચાલતું પ્રાણી **घरकोइलियाणं** = ગૃહકોકિલા, ઢેઢગરોળી.

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકર ભગવાને અનેક પ્રકારની જાતિવાળા ભુજાને સહારે પૃથ્વી પર ચાલનારા ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોનું વર્ણન કર્યું છે, જેમ કે– ચંદનઘો, નોળિયો, સેહ, કાકીડો, સલ્લક, સરવણ, ખર–નોળિયાની જેમ ચાલતું પ્રાણી, ગરોળી, વિશ્વંભર, ઊંદર, મંગુસ, પદલાતિક, બિલાડો, ગોધિક આદિ ચતુષ્પદ ભુજપરિસર્પ છે. તે જીવોની ઉત્પત્તિ પણ પોતપોતાના યોગ્ય બીજ અને અવકાશ પ્રમાણે સ્ત્રી-પુરુષના મૈથુન નિમિત્તક સંયોગથી ઉત્પન્ન થાય છે. શેષ સર્વ કથન ઉરપરિસર્પની સમાન જાણવું. આ જીવો પણ ગ્રહણ કરેલા આહારને પોતાના શરીર રૂપે પરિણત કરે છે. ચંદન ઘો આદિ પૂર્વોક્ત અનેક જાતિવાળા ભુજપરિસર્પ સ્થળચર તિર્યંચપંચેન્દ્રિય જીવોના વિવિધ વર્ણાદિયુક્ત અનેક શરીરો હોય છે. એ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

**૨૦ अहावरं पुरक्खायं– णाणाविहाणं खहयरपंचिंदियतिरिक्खजोणियाणं, तं जहा– चम्मपक्खीणं लोमपक्खीणं समुग्गपक्खीणं विततपक्खीणं । तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए जहा उरपरिसप्पाणं, णाणत्तं ते जीवा डहरा समाणा माउगायसिणेहं आहारेंति; अणुपुव्वेणं वुड्ढा वणस्सइकायं तस-थावरे य पाणे, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं णाणाविहाणं खहयर-पंचिंदियतिरिक्खजोणियाणं चम्मपक्खीणं** *जाव* **विततपक्खीणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકરદેવે અનેક પ્રકારની જાતિવાળા ખેચર પંચેન્દ્રિય તિર્યંચનું વર્ણન કર્યું છે, જેમ કે– ચામાચીડીયું વગેરે ચર્મપક્ષી; હંસ, સારસ વગેરે રોમપક્ષી; અઢી દ્વીપની બહાર પાંખોને ડબ્બીની સમાન બંધ રાખનારા સમુદ્ગપક્ષી અને પાંખોને હંમેશાં ફેલાવીને જ રાખનારા વિતતપક્ષી આદિ ખેચર તિર્યંચ પંચેન્દ્રિય હોય છે. તે પ્રાણીઓની ઉત્પત્તિ પણ પોતાને યોગ્ય બીજ અને અવકાશ પ્રમાણે માદા અને નરના સંયોગથી થાય છે. શેષ કથન ઉરપરિસર્પની સમાન જાણવું જોઈએ. તે જીવ ગર્ભમાંથી બહાર નીકળી માતાના શરીરના સ્નેહનો આહાર કરે છે. ક્રમશઃ મોટા થતાં વનસ્પતિકાય તથા ત્રસ-સ્થાવર પ્રાણીઓના આહાર કરે છે. તે ઉપરાંત તે જીવો પૃથ્વી આદિનાં શરીરોનો પણ આહાર ગ્રહણ કરીને પોતાના શરીર રૂપે પરિણત કરે છે. આ અનેક પ્રકારની જાતિવાળા ચર્મપક્ષી આદિ ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોના બીજા પણ અનેક પ્રકારનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળા શરીરો હોય છે, આ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચે પ્રકારના તિર્યંચપંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ, સ્થિતિ, સંવૃદ્ધિ અને આહારાદિની પ્રક્રિયાનું નિરૂપણ છે.

પંચેન્દ્રિયતિર્યંચના પાંચ પ્રકાર છે– જલચર, સ્થલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચર. આ પાંચેયના કેટલાંક નામ પણ શાસ્ત્રકારે બતાવ્યા છે. તેમાંથી કેટલાક નામો લોકપ્રસિદ્ધ છે અને કેટલાક અપ્રસિદ્ધ છે.

તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, આ બે પ્રકારના જીવો હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ ગર્ભજ જન્મથી થાય છે. તેની ઉત્પત્તિની પ્રક્રિયા ગર્ભજ

મનુષ્યોની ઉત્પત્તિની સમાન છે. ગર્ભમાં ઉત્પન્ન થનારો તે જીવ સર્વ પ્રથમ મનુષ્યોની જેમ શુક્ર-શોણિતના સંમિશ્રિત પુદ્‌ગલોને જ ગ્રહણ કરીને શરીરનું નિર્માણ કરે છે, ગર્ભમાં માતાએ ગ્રહણ કરેલા આહારમાંથી એક દેશના ઓજને ગ્રહણ કરે છે. ગર્ભજ તિર્યંચોની ગર્ભમાંથી બહાર નીકળવાની–જન્મની રીત જુદી-જુદી હોય છે. કેટલાક જીવો ઈંડા રૂપે, કેટલાક જીવો પોતજ–બચ્ચા રૂપે જન્મ પામે છે અને ત્યાર પછીની તે જીવોની આહાર ગ્રહણની પદ્ધતિ પણ ભિન્ન-ભિન્ન હોય છે.

૧. જલચર જીવ ઈંડામાંથી અથવા પોતજ–બચ્ચાં રૂપે બહાર નીકળીને સર્વપ્રથમ જન્મ લેતાં જ પાણીના જીવોની સ્નિગ્ધતાનો આહાર કરે છે.
૨. સ્થલચર જીવ મનુષ્યની જેમ ગર્ભમાંથી બહાર નીકળીને સર્વપ્રથમ માતાના દૂધનો આહાર કરે છે.
૩. ઉરપરિસર્પ જીવ ઈંડારૂપે અથવા પોતજ–બચ્ચાં રૂપે ગર્ભમાંથી બહાર નીકળીને સર્વપ્રથમ વાયુકાયનો આહાર કરે છે.
૪. ભુજપરિસર્પ જીવ ઉરપરિસર્પની જેમ વાયુકાયનો આહાર કરે છે.
૫. ખેચર જીવ ઈંડા રૂપે ગર્ભમાંથી બહાર નીકળીને માતાના શરીર સ્નેહનો(ગરમીનો) આહાર કરે છે. શેષ સમગ્ર પ્રક્રિયા પ્રાયઃ મનુષ્યોની સમાન છે.

**વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને આહાર :–**

**૨૧ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता णाणाविहजोणिया णाणविहसंभवा णाणा-विहवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मणियाणेणं तत्थवक्कमा णाणाविहाणं तसथावराणं पोग्गलाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा अणुसूयत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहाणं तसथावराणं पाणाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं तस-थावरजोणियाणं अणुसूयाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**एवं दुरूवसंभवत्ताए । एवं खुरदुगत्ताए ।** [अहावरं पुरक्खायं– इहेगइया सत्ता णाणाविहजोणिया ***जाव*** कम्मणिदाणेणं खुरदुगत्ताए वक्कमंति ।]

**શબ્દાર્થ :– अणुसूयत्ताए** = અન્ય આશ્રયે ઉત્પન્ન **दुरूवसंभवत्ताए** = પંચેન્દ્રિયના મળ-મૂત્રમાં ઉત્પન્ન થતાં જીવ **खुरदुगत्ताए** = ગાય-ભેંસ આદિની ચામડીમાં ઉત્પન્ન થતાં કીડા આદિ.

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકર દેવે અન્ય વિકલેન્દ્રિયાદિ જીવોની ઉત્પત્તિ અને આહારનાં સંબંધમાં નિરૂપણ કર્યું છે. તે જીવો વિવિધ પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાય છે, અનેક પ્રકારની યોનિઓમાં રહે છે, વિવિધ યોનિઓમાં આવીને સંવર્ધન પામે છે. વિવિધ પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન, સ્થિત અને સંવર્દ્ધિત તે જીવ પોતાનાં પૂર્વોક્ત કર્માનુસાર, કર્મોના જ પ્રભાવથી વિવિધ યોનિઓમાં આવીને વિકલેન્દ્રિય ત્રસ જીવ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો અનેક પ્રકારના ત્રસ-સ્થાવર-જીવોના સચેત-અચેત શરીરોમાં તેને આશ્રિત થઈને રહે છે. તે જીવો અનેકવિધ ત્રસ-સ્થાવર પ્રાણીઓના સ્નેહનો આહાર કરે છે. તે ઉપરાંત તે જીવ પૃથ્વીથી લઈને વનસ્પતિ સુધીના શરીરોનો પણ આહાર કરે છે. તે ત્રસ-સ્થાવર યોનિઓમાં ઉત્પન્ન અને તેને આશ્રિત રહેનારા જીવોના વિભિન્ન વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા, વિવિધ સંસ્થાન–આકાર તથા રચનાવાળા બીજા પણ અનેક પ્રકારનાં શરીરો હોય છે. આ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

આ રીતે વિષ્ટા અને મૂત્ર આદિમાં ઉત્પન્ન થતાં વિકલેન્દ્રિય જીવો અને ગાય ,ભેંસ આદિના શરીરમાં ઉત્પન્ન થતાં ચર્મકીટ વગેરે જીવો પણ પોત-પોતાના કર્માનુસાર જન્મ ધારણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વિકલેન્દ્રિયોના વિવિધ પ્રકારના ઉત્પત્તિ સ્થાનો તથા તેના આહારનું નિરૂપણ છે.

વિકલેન્દ્રિય જીવો ત્રસ કે સ્થાવર જીવોના આશ્રયે ઉત્પન્ન થાય છે, જેમ કે– મનુષ્યો અને તિર્યંચ પંચેન્દ્રિયોના સચેત શરીરમાં અર્થાત્ પસીના આદિમાં જૂ, લીખ આદિ ઉત્પન્ન થાય છે, મનુષ્યના અને વિકલેન્દ્રિય પ્રાણીઓના અચેત કલેવરમાં કૃમિ આદિ ઉત્પન્ન થાય છે. સચેત અગ્નિકાય તથા વાયુકાયથી પણ વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. પૃથ્વીમાંથી અળસિયા આદિ ઉત્પન્ન થાય છે. વર્ષાઋતુમાં ગરમીના કારણે જમીનમાંથી કંથવા, માખી, મચ્છર આદિ જીવોની ઉત્પત્તિ થાય છે. જળથી પણ અનેક વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. વનસ્પતિકાયથી ભમરા આદિ; પંચેન્દ્રિય પ્રાણીઓના મળમૂત્ર, પરુ આદિમાં પણ કીડા આદિ; ઉત્પન્ન થાય છે. સચેત-અચેત વનસ્પતિઓમાં પણ ધુણ-કીડા આદિ ઉત્પન્ન થાય છે. તે જીવો જ્યાં-જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં-ત્યાં આશ્રયદાયી સચેત કે અચેત પ્રાણીઓનાં શરીરોમાંથી મળ, મૂત્ર, પસીના, રક્ત, જળ, પરુ આદિનો સર્વ પ્રથમ આહાર કરે છે. આ સર્વ જીવો સંમૂર્ચ્છિમ અને અસજ્ઞી કહેવાય છે.

**અપ્કાયની ઉત્પત્તિ અને આહારાદિ :–**

**૨૨** **अहावरं पुरक्खायं– इहेगइया सत्ता णाणाविहजोणिया** *जाव* **कम्मणियाणेणं तत्थवक्कमा णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा उदगत्ताए विउट्टंति । तं सरीरगं वायसंसिद्धं वा वायसंगहियं वा वायपरिगयं उड्ढं वाएसु उड्ढंभागी भवइ, अहे वाएसु अहेभागी भवइ, तिरियं वाएसु तिरियभागी भवइ, तं जहा– ओसा हिमए महिया करए हरतणुए सुद्धोदए । ते जीवा तेसिं णाणा-विहाणं तस-थावराणं पाणाणं सिणेहमाहारेंति । ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **आहारेंति । अवरे वि य णं तेसिं तस-थावर जोणियाणं उस्साणं** *जाव* **सुद्धोदगाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**શબ્દાર્થ :– वायसंसिद्धं** = વાયુથી યુક્ત **वायसंगहियं** = વાયુ દ્વારા સંગૃહિત **वायपरिगयं** = વાયુમાં સ્થિત, વાયુ દ્વારા ધારણ કરાયેલો **उड्ढं वाएसु** = ઊર્ધ્વવાયુ થવા પર **उड्ढंभागी** = ઉપર જનારો **ओसा** = ઓસ, ઝાકળ **महिया** = મહિકા **हरतणुए** = હરતનુ–ઘાસ ઉપર જામી જતાં જલબિંદુ **सुद्धोदए** = શુદ્ધ જળ.

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરોએ કહ્યું છે કે આ લોકમાં કેટલાક જીવો વિવિધ પ્રકારની યોનિઓમાં ***યાવત્*** પોત-પોતાના કર્મના ઉદયથી ત્યાં આવીને વિવિધ પ્રકારના ત્રસ-સ્થાવર જીવોના સચેત કે અચેત શરીરમાં અપ્કાય રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવોના શરીરો વાયુથી યુક્ત, વાયુથી ગ્રહણ કરાયેલા, વાયુથી ધારણ કરાયેલા હોય છે. તે જીવો વાયુ ઉપર જતાં ઉપર જાય છે; વાયુ નીચે જાય ત્યારે નીચે જાય છે; વાયુ તિરછો જાય ત્યારે તિરછા જાય છે. તે વાયુયોનિક અપ્કાયિક જીવો આ પ્રમાણે છે– ઝાકળ, હીમ, ધુમ્મસ, કરા, હરતનુ, શુદ્ધોદક વગેરે. તે જીવો અનેક પ્રકારના ત્રસ-સ્થાવર જીવોની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત પૃથ્વી આદિના શરીરોનો પણ આહાર કરીને પોતાના શરીર રૂપે પરિણત કરે છે. તે ઓસ ***યાવત્*** શુદ્ધોદક વગેરે

જીવોના શરીરો વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળા હોય છે. આ પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**૨૩ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता उदगजोणिया** *जाव* **कम्मणियाणेणं तत्थ-वक्कमा तस-थावरजोणिएसु उदएसु उदगत्ताए विउट्टंति, ते जीवा तेसिं तस-थावर-जोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं तस-थावरजोणियाणं उदगाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**ભાવાર્થ :–** ત્યારપછી શ્રી તીર્થંકરપ્રભુએ અપ્કાયથી ઉત્પન્ન થનારા વિવિધ અપ્કાયિક જીવોનું કથન કર્યું છે. આ જગતમાં કેટલાંક અપ્કાયિક જીવો જળમાં જ રહે છે અને જળમાં જ વધે છે ***યાવત્*** તે પોતાના પૂર્વકૃત કર્મના પ્રભાવથી ત્રસ-સ્થાવર યોનિક જળમાં જળરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો ત્રસ-સ્થાવર યોનિક જલની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત તે જીવો પૃથ્વી આદિનાં શરીરોનો પણ આહાર કરે છે તથા તેને પોતાના શરીર રૂપે પરિણત કરે છે. તે ત્રસ-સ્થાવર યોનિક અપ્કાયિક જીવોના અનેક વર્ણાદિવાળા બીજા શરીરો પણ હોય છે, એ પ્રમાણે શ્રી તીર્થંકરપ્રભુએ કહ્યું છે.

**૨૪ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता उदगजोणियाणं** *जाव* **कम्मणियाणेणं तत्थ-वक्कमा उदगजोणिएसु उदएसु उदगत्ताए विउट्टंति, ते जीवा उदगजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं उदगजोणियाणं उदगाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકરદેવે જલયોનિક જલકાયનાં સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. આ જગતમાં કેટલાક જીવો ઉદકયોનિક જલમાં પોતાના પૂર્વકૃત કર્મોને વશીભૂત થઈને આવે છે તથા ઉદકયોનિક અપ્કાયિક જીવોમાં જલરૂપે જન્મ ધારણ કરે છે. તે જીવ ઉદકયોનિક જલની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત તે પૃથ્વી આદિ શરીરોનો પણ આહાર ગ્રહણ કરે છે અને તેને પોતાના શરીરરૂપે પરિણત કરે છે. તે અપ્કાયિક જીવોના અનેક વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળા બીજા પણ શરીરો હોય છે, આ પ્રમાણે શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

**૨૫ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता उदगजोणिया** *जाव* **कम्मणियाणेणं तत्थ-वक्कमा उदगजोणिएसु उदगेसु तसपाणत्ताए विउट्टंति । ते जीवा तेसिं उदगजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं । अवरे वि य णं तेसिं उदगजोणियाणं तसपाणाणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકરદેવે ઉદકયોનિક ત્રસકાયના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. આ લોકમાં કેટલાક જીવો પોતાના પૂર્વકૃત કર્મના ઉદયથી ઉદકયોનિક જલમાં ત્રસ જીવ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવ તે ઉદકયોનિવાળા ઉદકના સ્નેહનો આહાર કરે છે. તે ઉપરાંત તે પૃથ્વી આદિના શરીરોનો પણ આહાર કરે છે. તે ઉદકયોનિક ત્રસ પ્રાણીઓના વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનથી યુક્ત અન્ય અનેક શરીરો પણ હોય છે, આ પ્રમાણે શ્રી તીર્થંકરપ્રભુએ કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અપ્કાયિક જીવોની ઉત્પત્તિ અને તેના આહારનું કથન છે. અપ્કાયિક જીવોની ઉત્પત્તિ વિવિધ પ્રકારે થાય છે. સૂત્રોમાં તેના ચાર આલાપક કહ્યા છે.

**(૧) ત્રસ-સ્થાવર યોનિક અપ્કાય**(ઓસ યાવત્ સુદ્ધોદક)– જે અપ્કાયિક જીવો ત્રસ કે સ્થાવર જીવોના શરીરમાં રહેલા વાયુના આધારે ઉત્પન્ન થાય છે, તે જીવો સર્વ પ્રથમ પોતાના ઉત્પત્તિ સ્થાનાનુસાર ત્રસ કે સ્થાવર જીવોની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે જીવો ત્રસ-સ્થાવર યોનિક હોવા છતાં તેની સ્થિતિ અને સંવૃદ્ધિ વાયુના આધારે થાય છે. આકાશમાં રહેલા અપ્કાયિક જીવો વાયુના આધારે ગમનાગમન કરે છે અને ભૂમિ પર રહેલા અપ્કાયિક જીવો ભૂમિના આધારે વાયુમાં ગમનાગમન કરે છે.

**(૨) ત્રસ-સ્થાવર યોનિક ઉદકમાં અપ્કાય :–** જે જીવો પૂર્વકૃત કર્માનુસાર ત્રસ-સ્થાવર યોનિક અપ્કાયમાં જ બીજા અપ્કાય રૂપે ઉત્પન્ન થાય છે, તે ઉદકયોનિક અપ્કાય કહેવાય છે. જેમાં શુદ્ધ પાણીમાં પાણીના આશ્રયે બીજા અપ્કાયના જીવોની ઉત્પત્તિ થતી રહે છે.

**(૩) ઉદક યોનિક ઉદકમાં અપ્કાય :–** ઉદક યોનિક અપ્કાયમાં અપ્કાયિક જીવો ઉત્પન્ન થાય છે, તે ઉદક યોનિક કહેવાય છે.

**(૪) ઉદકયોનિક ઉદકમાં ત્રસકાય :–** ઉદકયોનિક ઉદકમાં કીડા, પોરા આદિ રૂપે કેટલાક જીવો ઉત્પન્ન થાય છે, તે ઉદક યોનિક ત્રસકાય છે. આ સર્વ જીવો પોત-પોતાના ઉત્પત્તિ સ્થાન અનુસાર આહાર ગ્રહણ કરીને પોતાના શરીરની પુષ્ટિ કરે છે.

**અગ્નિકાયિક જીવોની ઉત્પત્તિ અને આહાર :–**

**૨૬ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता णाणाविहजोणिया** *जाव* **कम्मणियाणेणं तत्थवक्कमा णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा अगणिकायत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहाणं तस-थावराणं पाणाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **संतं, अवरे वि य णं तेसिं तस-थावरजोणियाणं अगणीणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खायं । सेसा तिण्णि आलावगा जहा उदगाणं ।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરદેવે કહ્યું છે કે આ કેટલાક જીવો વિવિધ યોનિવાળા ***યાવત્*** પોત-પોતાના કર્મના ઉદયથી ત્યાં આવીને વિવિધ પ્રકારના ત્રસ-સ્થાવર પ્રાણીઓનાં સચેત તથા અચેત શરીરમાં અગ્નિકાય રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવ તે વિભિન્ન પ્રકારના ત્રસ-સ્થાવર પ્રાણીઓના સ્નેહનો–સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત તે જીવો પૃથ્વી આદિના શરીરોનો પણ આહાર કરે છે. તે ત્રસ-સ્થાવરયોનિક અગ્નિકાયના વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળા બીજા પણ શરીરો હોય છે. શેષ ત્રણ આલાપક અપ્કાયના આલાપકોની જેમ સમજી લેવા જોઈએ અર્થાત્ (૧) ત્રસ-સ્થાવર યોનિક અગ્નિકાયમાં અગ્નિ જીવ રૂપે (૨) અગ્નિ યોનિક અગ્નિકાયમાં અગ્નિ જીવ રૂપે (૩) અગ્નિ યોનિક અગ્નિમાં ત્રસ જીવ રૂપે ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અગ્નિકાય જીવોની ઉત્પત્તિ અને આહાર સંબંધી અતિદેશાત્મક કથન છે. અપ્કાયિકની જેમ અગ્નિકાય સંબંધી પણ ચાર આલાપક છે.

**(૧) ત્રસ-સ્થાવર યોનિક અગ્નિકાય–** જે અગ્નિકાયિક જીવો ત્રસ-સ્થાવર જીવોના સચેત કે અચેત શરીરના આશ્રયે ઉત્પન્ન થાય, તે ત્રસ-સ્થાવર યોનિક અગ્નિકાય છે, જેમ કે– હાથી દાંત, ભેંસ વગેરેના

શીંગડા વગેરે સચેત શરીરના પરસ્પરના ઘર્ષણથી, અચેત હાડકાંના ઘર્ષણથી, અરણીકાષ્ઠના ઘર્ષણથી, પથ્થરના ઘર્ષણથી અગ્નિકાયિક જીવો ઉત્પન્ન થાય, તે ત્રસ-સ્થાવર યોનિક અગ્નિકાય છે.

**(૨) ત્રસ-સ્થાવર યોનિક અગ્નિમાં અગ્નિકાય–** જે અગ્નિકાયિક જીવો વાયુના આધારે જન્મ ધારણ કરે, વાયુના આધારે જ તેની સ્થિતિ અને સંવૃદ્ધિ થાય, તે વાયુયોનિક અગ્નિકાય છે.

**(૩) અગ્નિકાય યોનિક અગ્નિકાય–** અગ્નિકાયિક જીવોના આશ્રયે બીજા અગ્નિના જીવોની ઉત્પત્તિ થાય, તે અગ્નિયોનિક અગ્નિકાય છે.

**(૪) અગ્નિયોનિક અગ્નિમાં ત્રસ-સ્થાવરકાય–** અગ્નિના આશ્રયે અન્ય ત્રસ કે સ્થાવર જીવોની ઉત્પત્તિ થાય, તે અગ્નિયોનિક ત્રસ-સ્થાવરકાય છે. જેમ પાણીમાં ત્રસ જીવો ઉત્પન્ન થાય છે તેમ ૨૪ કલાક રહેનારી ભટ્ટીની અગ્નિમાં અગ્નિયોનિક ત્રસ જીવો ઉત્પન્ન થાય છે.

**વાયુકાયિક જીવોની ઉત્પત્તિ અને આહાર :–**

**૨૭ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता णाणाविहजोणिया** *जाव* **कम्मणियाणेणं तत्थवक्कमा णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा वाउक्कायत्ताए विउट्टंति, जहा अगणीणं तहा भाणियव्वा चत्तारि गमा ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રી તીર્થંકરદેવે કહ્યું છે કે આ લોકમાં કેટલાક જીવો વિવિધ પ્રકારની યોનિઓમાં પોત-પોતાના પૂર્વકર્મના ઉદયથી ત્યાં આવીને વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણીઓનાં સચેત અથવા અચેત શરીરોમાં વાયુકાય રૂપે ઉત્પન્ન થાય છે. અહીં પણ વાયુકાયના સંબંધમાં ચાર આલાપક અગ્નિકાયના આલાપકની સમાન કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વાયુકાયની ઉત્પત્તિ સંબંધી ચાર આલાપકનું અતિદેશાત્મક કથન છે. વાયુકાયિક જીવોની ઉત્પત્તિ વિવિધ રીતે થાય છે.

(૧) ત્રસ-સ્થાવર યોનિક વાયુકાય– ત્રસ-સ્થાવર જીવોના સચેત-અચેત શરીરના આશ્રયે ઉત્પન્ન થતો વાયુ (૨) ત્રસ-સ્થાવર યોનિક વાયુમાં વાયુકાય. (૩) વાયુયોનિક વાયુમાં ઉત્પન્ન વાયુકાય. (૪) વાયુયોનિક વાયુકાયમાં ઉત્પન્ન ત્રસ-સ્થાવર જીવો અર્થાત્ વાયુના આશ્રયે ઉત્પન્ન થતાં ત્રસ-સ્થાવર જીવો.

દરેક જીવો પોત-પોતાના ઉત્પત્તિ સ્થાન પ્રમાણે અને પોતાના શરીરને યોગ્ય પુદ્ગલો આહાર રૂપે ગ્રહણ કરે છે.

**પૃથ્વીકાયિક જીવોની ઉત્પત્તિ અને આહાર :–**

**૨૮ अहावरं पुरक्खायं– इहेगइया सत्ता णाणाविहजोणिया** *जाव* **कम्मणियाणेणं तत्थवक्कमा णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा पुढवित्ताए सक्करत्ताए वालुयत्ताए, इमाओ गाहाओ अणुगंतव्वाओ–**

**पुढवी य सक्करा वालुया य, उवले सिला य लोणूसे ।**
**अय तउय तंब सीसग, रुप्प सुवण्णे य वइरे य ॥१॥**

हरियाले हिंगुलए, मणोसिला सासगंजण पवाले ।
अब्भपडलब्भवालुय, बायरकाए मणिविहाणा ॥२॥
गोमेज्जए य रुयगे, अंके फलिहे य लोहियक्खे य ।
मरगय मसारगल्ले, भुयमोयग इंदणीले य ॥३॥
चंदण गेरुय हंसगब्भे, पुलए सोगंधिए य बोधव्वे ।
चंदप्पह वेरुलिए, जलकंते सूरकंते य ॥४॥

**एयाओ एएसु भाणियव्वाओ** *जाव* **सूरकंतत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहाणं तस-थावराणं पाणाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं** *जाव* **आहारेंति, अवरे वि य णं तेसिं तस-थावरजोणियाणं पुढवीणं** *जाव* **सूरकंताणं सरीरा णाणावण्णा** *जाव* **मक्खाया, सेसा तिण्णि आलावगा जहा उदगाणं ।**

**શબ્દાર્થ :–** **अणुगंतव्वाओ** = જાણવું જોઈએ. **उवले** = ઉપલ-પત્થર **लोणूसे** = નમક **तउय** = કથીર **तंब** = તાંબુ **सीसग** = સીસુ **वइरे** = વજ્ર **हरियाले** = હરતાલ **हिंगुलए** = હિંગળો **मणोसिला** = મણશીલ **सासगंजणपवाले** = શાસક, અંજન, પરવાળા **अब्भपडलब्भवालुय** = અભ્રપટલ–અબરખ, અભ્રવાલુકા **गोमेज्जए** = ગોમેદક રત્ન **फलिहे** = સ્ફટિક **मरगयमसारगल्ले** = મરકતરત્ન અને મસારગલ્લરત્ન **चंदप्पह वेरुलिए** = ચન્દ્રપ્રભ અને વૈડૂર્ય **जलकंते** = જલકાંત રત્ન **सूरकंते** = સૂર્યકાંત રત્ન.

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકર ભગવાને કહ્યું છે કે આ લોકમાં કેટલાક જીવો વિવિધ પ્રકારની યોનિઓમાં પોત-પોતાના કર્મના ઉદયથી આવીને અનેક પ્રકારના ત્રસ-સ્થાવર પ્રાણીઓનાં સચેત કે અચેત શરીરોમાં પૃથ્વી, શર્કરા–કાંકરા અથવા રેતી રૂપે ઉત્પન્ન થાય છે. આ ગાથાઓ અનુસાર તેના ભેદ જાણવા જોઈએ–

પૃથ્વી, શર્કરા–કાંકરા, રેતી, પત્થર, શિલા, મીઠું, લોઢું, રાંગા(કથીર), તાંબુ, સીસુ, ચાંદી, સોનું અને વજ્ર (હીરા) તથા હરતાલ, હિંગળો, મણસિલ, સાસક, અંજન, પરવાળા, અબરખ, અભ્રવાલુકા; આ બધાં પૃથ્વીકાયના ભેદો છે. રત્નોના ભેદ આ પ્રમાણે છે– ગોમેદક રત્ન, રૂચકરત્ન, અંકરત્ન, સ્ફટિકરત્ન, લોહિતાક્ષરત્ન, મરકતરત્ન, મસારગલ્લ, ભુજમોચકરત્ન તથા ઇંદ્રનીલમણિ, ચંદન, ગેરૂક, હંસગર્ભ, પુલક, સૌગંધિક, ચન્દ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત અને સૂર્યકાંત, આ મણિઓના ભેદ છે. ઉપર્યુક્ત ગાથાઓમાં કથિત પૃથ્વીથી સૂર્યકાંત મણિરૂપે જે ઉત્પન્ન થાય છે, તે જીવો અનેક પ્રકારના ત્રસ-સ્થાવર પ્રાણીઓની સ્નિગ્ધતાનો આહાર કરે છે. તે ઉપરાંત તે જીવો પૃથ્વી આદિ શરીરોનો પણ આહાર કરે છે. તે ત્રસ અને સ્થાવર જીવોથી ઉત્પન્ન પૃથ્વીથી લઈને સૂર્યકાંતમણિ પર્યંતના પૃથ્વીકાયિક જીવોના બીજા શરીરો પણ વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન યુક્ત હોય છે. શેષ ત્રણ આલાપક જલકાયિક, જીવના આલાપકની સમાન સમજી લેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પૃથ્વીકાયના અનેક ભેદો, તેની ઉત્પત્તિ તથા આહારનું નિરૂપણ છે. પૃથ્વીકાયિકની ઉત્પત્તિ સંબંધી ચાર આલાપક અપ્કાય પ્રમાણે થાય છે–

**(૧)** ત્રસ-સ્થાવર યોનિક પૃથ્વીકાયિક જીવો– ત્રસ-સ્થાવર જીવોના સચેત કે અચેત શરીરના

આશ્રયે ઉત્પન્ન થતાં પૃથ્વીકાયિક જીવો ત્રસ-સ્થાવર યોનિક પૃથ્વીકાય છે, જેમ કે– હાથીના ગંડસ્થલમાં ઉત્પન્ન થતાં મોતી, સર્પના મસ્તક પર ઉત્પન્ન થતો મણિ, છીપમાં ઉત્પન્ન થતું મોતી, પાણીમાં ઉત્પન્ન થતું મીઠું વગેરે પૃથ્વીકાયિક જીવો ત્રસ-સ્થાવર યોનિક પૃથ્વીકાય છે. **(૨)** વાયુયોનિક પૃથ્વીકાય. **(૩)** પૃથ્વી યોનિક પૃથ્વીકાય– પૃથ્વીના આધારે ઉત્પન્ન થતાં બીજા પૃથ્વીકાયિક જીવો. **(૪)** પૃથ્વીયોનિક ત્રસ-સ્થાવરકાય– માટીમાં ઉત્પન્ન થતાં અળસિયા આદિ ત્રસ જીવો, પત્થરના ઘર્ષણથી ઉત્પન્ન થતાં અગ્નિકાયિક આદિ સ્થાવર જીવો પૃથ્વીયોનિક ત્રસ-સ્થાવરકાય છે.

**ઉપસંહાર :–**

**૨૯ अहावरं पुरक्खायं– सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता णाणाविह-जोणिया णाणाविहसंभवा णाणाविहवक्कमा, सरीरजोणिया सरीरसंभवा सरीरवक्कमा, सरीराहारा कम्मोवगा कम्मणियाणा कम्मगइया कम्मठिइया कम्मुणा चेव विप्परिया-सुवेंति । से एवमायाणह, से एवमायाणित्ता आहारगुत्ते समिए सहिए सया जए । त्ति बेमि।**

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકરદેવે કહ્યું છે કે સર્વ પ્રાણીઓ, સર્વ ભૂતો, સર્વ જીવો, સર્વ સત્ત્વો વિવિધ પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાય છે, ત્યાં તે સ્થિત રહે છે, ત્યાં વૃદ્ધિ પામે છે. તે શરીરથી જ ઉત્પન્ન થાય છે, શરીરમાં જ રહે છે તથા શરીરમાં જ વૃદ્ધિ પામે છે અને તે શરીરનો જ આહાર કરે છે. દરેક જીવો પોત-પોતાના કર્મનું જ અનુસરણ કરે છે, કર્મના ઉદયથી જ તેની ઉત્પત્તિ થાય છે. તેની ગતિ અને સ્થિતિ પણ કર્મ પ્રમાણે થાય છે. તે કર્મના પ્રભાવથી ભિન્ન-ભિન્ન અવસ્થાઓને પ્રાપ્ત કરતાં દુઃખના ભાગી બને છે.

હે શિષ્યો ! સર્વ કર્મોને આધીન છે. આ પ્રમાણે જાણો અને આ પ્રકારે જાણીને સદા આહારગુપ્ત, સમિતિયુક્ત, જ્ઞાન-દર્શન-ચારિત્ર સહિત અને સંયમપાલનમાં સદા યત્નશીલ બનો.

**વિવેચન :–**

આ જગતના સૂક્ષ્મ કે સ્થૂલ, ત્રસ કે સ્થાવર સર્વ જીવો કર્માધીન છે. એક જીવનું શરીર અન્ય જીવની ઉત્પત્તિનું નિમિત્ત બને છે, એક જીવ અન્ય જીવોના શરીરોનો આહાર કરીને પોતાના શરીરની પુષ્ટિ કરે છે. આ રીતે જગજ્જીવો પોત-પોતાના કર્માનુસાર ગતિ, સ્થિતિ, સંવૃદ્ધિ કરતા હોવા છતાં પરસ્પર સંબંધિત છે. એક જીવનું જીવન પ્રાયઃ અન્ય જીવોના આધારે ટકી રહ્યું છે, તેથી સાધકે અહિંસાધર્મની આરાધના માટે હંમેશાં આહાર સંયમ કેળવીને જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધનામાં લીન રહેવું, તે જ હિતાવહ છે.

**॥ ત્રીજું અધ્યયન સંપૂર્ણ ॥**

# ચોથું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'પ્રત્યાખ્યાન ક્રિયા' છે.

**પ્રત્યાખ્યાન–** અઢાર પાપની પ્રવૃત્તિઓ અને ચારે ય પ્રકારના આહારને ત્યાગવાનો સંકલ્પ કરવો અને તેને માટે વ્રતપ્રતિજ્ઞા ગ્રહણ કરવી તે પ્રત્યાખ્યાન કહેવાય છે.

**પ્રત્યાખ્યાનના પ્રકાર–** તેના મુખ્ય બે પ્રકાર છે– દ્રવ્ય પ્રત્યાખ્યાન અને ભાવ પ્રત્યાખ્યાન. (૧) કોઈ પણ પ્રકારના લક્ષ્ય વિના, અવિધિપૂર્વક પાપપ્રવૃત્તિનો ત્યાગ કરવો, તે **દ્રવ્ય પ્રત્યાખ્યાન** છે. (૨) આત્મશુદ્ધિના લક્ષ્યપૂર્વક, ગુરુજનો આદિ સમક્ષ વિધિસહિત પાપપ્રવૃત્તિનો કે આહારાદિનો ત્યાગ કરવો, તે **ભાવ પ્રત્યાખ્યાન** છે.

શ્રી ભગવતી સૂત્રમાં પ્રત્યાખ્યાનના મૂળગુણ પ્રત્યાખ્યાન અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન રૂપ બે ભેદ અને તેના પ્રભેદોનું વિસ્તૃત વર્ણન છે.

પ્રત્યાખ્યાન આત્માના દઢતમ સંકલ્પ રૂપ છે તેમ છતાં સૂત્રકારે તેની સાથે ક્રિયા શબ્દનો પ્રયોગ કરીને પ્રત્યાખ્યાનનો વિશિષ્ટ અર્થ પ્રગટ કર્યો છે. પ્રત્યાખ્યાન માનસિક સંકલ્પ સ્વરૂપ હોવા છતાં તેની સાથે સંકલ્પના પ્રગટીકરણની એક ચોક્કસ ક્રિયા જરૂરી છે, જેમ કે– (૧) કોઈ પણ પ્રત્યાખ્યાનનો સંકલ્પ ગુરુજનો આદિ સમક્ષ પ્રગટ કરવો અને તેમના શ્રીમુખે તે પ્રતિજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કરવો. (૨) પ્રતિજ્ઞાના સ્વીકાર સમયે મનને દઢતમ બનાવવું, ગુરુજનો વોસિરે વોસિરે શબ્દ બોલે ત્યારે શિષ્યે વચનથી 'વોસિરામિ–વોસિરામિ' શબ્દનું ઉચ્ચારણ કરવું. કાયાથી તે પ્રતિજ્ઞાને અનુકૂળ વ્યવહાર કરવો. (૩) ગ્રહણ કરેલા પ્રત્યાખ્યાનમાં કોઈ પણ પ્રકારે સ્ખલના ન થાય તે માટે જાગૃત રહેવું.

ઉપરોક્ત વિધિપૂર્વક પ્રત્યાખ્યાનનો સ્વીકાર થવાથી સાધકની દઢતા વધે છે, અન્ય જીવોને ત્યાગની પ્રેરણા મળે છે અને શાસન પ્રભાવનાનું મહત્તમ કાર્ય થાય છે.

પ્રત્યાખ્યાનથી અનાદિકાલીન પાપપ્રવાહ રોકાઈ જાય છે. ત્યારે જ સાધકોની આત્મશુદ્ધિની કે સંવરની આરાધનાનો પ્રારંભ થાય છે. ગુણસ્થાનની અપેક્ષાએ ચોથા ગુણસ્થાનમાં સાધકની સાધનાની ભૂમિકા બને છે અને દેશ વિરતિ કે સર્વવિરતિ રૂપ પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને સાધનાનો પ્રારંભ થાય છે.

પ્રસ્તુત અધ્યયનમાં પ્રત્યાખ્યાનના ભેદ-પ્રભેદ કે પ્રત્યાખ્યાનની ગ્રહણ વિધિ વગેરે વિષયોનું કથન નથી, પરંતુ વિવિધ પ્રશ્ન અને પ્રતિ પ્રશ્ન દ્વારા અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની જીવનું સ્વરૂપ સ્પષ્ટ કરીને પ્રત્યાખ્યાન ગ્રહણની વિશેષ મહત્તા દર્શાવી છે.

❖ ❖ ❖ ❖ ❖

# ચોથું અધ્યયન : પ્રત્યાખ્યાન ક્રિયા

**અપ્રત્યાખ્યાની આત્માનું સ્વરૂપ :–**

**१ सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं– इह खलु पच्चक्खाणकिरिया णामज्झयणे, तस्स णं अयमट्ठे– आया अपच्चक्खाणी यावि भवइ, आया अकिरिया-कुसले यावि भवइ, आया मिच्छासंठिए यावि भवइ, आया एगंतदंडे यावि भवइ, आया एगंतबाले यावि भवइ, आया एगंतसुत्ते यावि भवइ, आया अवियारमण-वयण-काय-वक्के यावि भवइ, आया अप्पडिहय-अपच्चक्खायपावकम्मे यावि भवइ, एस खलु भगवया अक्खाए असंजए-अविरए अप्पडिहयपच्चक्खायपावकम्मे सकिरिए असंवुडे एगंतदंडे एगंतबाले एगंतसुत्ते । से बाले अवियारमण-वयण-काय-वक्के सुविणमवि ण पस्सइ, पावे य से कम्मे कज्जइ ।**

**શબ્દાર્થ :– पच्चक्खाणकिरियाणाम** = પ્રત્યાખ્યાન ક્રિયા નામનું **अज्झयणे** = અધ્યયન **आया** = આત્મા, જીવ **अपच्चक्खाणी** = અપ્રત્યાખ્યાની **अकिरियाकुसले** = શુભ ક્રિયા કરવામાં અકુશળ **मिच्छासंठिए** = મિથ્યા સંસ્થિત **एगंतसुत्ते** = એકાંત સુપ્ત **अवियारमणवयणकायवक्के** = મન, વચન, કાયા અને વાક્યના વિચારથી રહિત **अप्पडिहय** = પાપ કર્મને ન રોકનાર **अपच्चक्खायपावकम्मे** = પાપ કર્મના પ્રત્યાખ્યાન ન કરનાર **सुविणं** = સ્વપ્ન, **यावि** = પણ.

**ભાવાર્થ :–** હે આયુષ્માન ! મેં સાંભળ્યું છે કે તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું છે કે– આ નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રત્યાખ્યાનક્રિયા નામનું અધ્યયન છે. તેનો અર્થ(ભાવ) આ પ્રમાણે છે– આ લોકમાં આત્મા અપ્રત્યાખ્યાની–સાવદ્યકર્મોનો ત્યાગ ન કરનારા પણ હોય છે; આત્મા અક્રિયાકુશળ–શુભક્રિયા કરવામાં અકુશળ પણ હોય છે; આત્મા મિથ્યાત્વ ભાવમાં સ્થિત પણ હોય છે; આત્મા એકાંતે બીજા પ્રાણીઓને દંડ દેનાર પણ હોય છે અર્થાત્ દિન-રાત પ્રાયઃ પાપમાં વ્યસ્ત હોય છે અથવા આત્મા એકાંતે કર્મના ભોગવનાર હોય છે. આત્મા એકાંતે બાલ અજ્ઞાની પણ હોય છે; આત્મા એકાંતે સુષુપ્ત પણ હોય છે; આત્મા પોતાના મન, વચન, કાયા અને વાક્યની પ્રવૃત્તિ પર વિચાર ન કરનાર અર્થાત્ અવિચારી પણ હોય છે. આત્મા પોતાના પાપ કર્મોનો નાશ ન કરનાર તથા પાપ કર્મોના પ્રત્યાખ્યાન ન કરનાર પણ હોય છે. આ પ્રકારના આત્માને ભગવાને અસંયત–સંયમહીન, અવિરત–વ્રતરહિત, પાપકર્મ નહીં રોકનાર અને પાપોના ત્યાગ ન કરનાર, ક્રિયાસહિત, સંવરરહિત, પ્રાણીઓને એકાંત દંડ દેનારા, એકાંત બાળ, એકાંત સુપ્ત કહ્યા છે. તે અજ્ઞાની જીવ મન, વચન, કાયા અને વાક્ય પ્રયોગના વિચારથી રહિત હોય, તે સ્વપ્ન પણ ન જોતાં હોય અર્થાત્ અત્યંત અવ્યક્ત વિજ્ઞાનથી યુક્ત હોવા છતાં પણ તે જીવ પાપકર્મનો બંધ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અપ્રત્યાખ્યાની આત્માના સ્વરૂપનું નિરૂપણ છે.

**आया :–** પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે અપ્રત્યાખ્યાની જીવનું સ્વરૂપ સમજાવવા માટે જ 'જીવ'ને બદલે 'આત્મા' શબ્દનો પ્રયોગ કર્યો છે.

જૈન દર્શનની દષ્ટિએ આત્મા પરિણામી(પરિણમનશીલ) અને નિત્ય છે. તેના મૂળભૂત સ્વરૂપમાં સદાય એક સમાનતા જ હોવા છતાં તેની અવસ્થાઓમાં–પર્યાયોમાં સતત પરિવર્તન થયા જ કરે છે.

જો આત્માને એકાંતે ક્ષણિક માનીએ કે કૂટસ્થ નિત્ય માનીએ તો તેમાં પ્રત્યાખ્યાન-અપ્રત્યાખ્યાન આદિ કોઈ પણ પ્રકારનું પરિવર્તન શક્ય નથી. આત્મા પર્યાયોની અપેક્ષાએ પરિણામી અને દ્રવ્યની અપેક્ષાએ નિત્ય હોવાથી જ તેમાં પર્યાયોનું પરિવર્તન થાય છે અને તેથી જ અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન આદિ સર્વ અવસ્થાઓ સંભવે છે.

**अपच्चक्खाणी :–** અપ્રત્યાખ્યાની. જેણે પાપકર્મનો ત્યાગ કે ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો નથી, તે અપ્રત્યાખ્યાની કહેવાય છે. અનાદિકાલથી આત્મા મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગથી યુક્ત હોવાથી પાપનો પ્રવાહ સતત આવી રહ્યો છે. જ્યાં સુધી જીવ પાપપ્રવાહને રોકવા માટે સમજણ પૂર્વક પાપસ્થાનના ત્યાગનો સંકલ્પ ન કરે, ત્યાં સુધી તે અપ્રત્યાખ્યાની જ કહેવાય છે.

અપ્રત્યાખ્યાનીપણું તે જીવની અનાદિકાલીન અશુદ્ધ અવસ્થા છે. જીવ જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પાપસ્થાનના ત્યાગ માટે પુરુષાર્થશીલ બને ત્યારે જ તે પ્રત્યાખ્યાની થઈ શકે છે.

અપ્રત્યાખ્યાની જીવના સ્પષ્ટીકરણ માટે સૂત્રકારે અન્ય વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**अकिरियाकुसले :–** અક્રિયાકુશળ. પ્રસ્તુતમાં શુભ ક્રિયા, શુભ અનુષ્ઠાનોને ક્રિયા કહી છે. શુભક્રિયામાં કુશળ હોય, તે ક્રિયાકુશળ કહેવાય છે અને જે શુભક્રિયામાં કુશળ નથી તે અક્રિયાકુશળ છે. અપ્રત્યાખ્યાની જીવ વ્રત પચ્ચક્ખાણથી રહિત હોવાથી અક્રિયાકુશળ હોય છે.

**मिच्छासंठिए :–** મિથ્યા ભાવમાં સંસ્થિત. મિથ્યાત્વના ઉદયથી તે જીવ વિપરીત વિચાર ધારામાં જ સ્થિત હોય છે.

**एगंत दंडे :–** તે સ્વયં કર્મરૂપ દંડથી દંડિત છે અથવા અન્ય પ્રાણીઓને દંડ દેનારા હોય છે. તે જીવોમાં જીવદયાના પરિણામ ન હોવાથી અન્ય જીવોને ત્રાસિત કરવામાં જ તેનું ચિત્ત સંલગ્ન હોય છે. તે જ રીતે તે પોતાના આત્માને પણ દંડિત કરનાર હોય છે.

**एगंत बाले :–** એકાંતે બાલ. તે જીવ બાળકની જેમ આત્માના હિતાહિતના વિવેક રહિત હોવાથી બાલ અર્થાત્ અજ્ઞાની છે.

**एगंत सुत्ते :–** એકાંતે સુપ્ત. તે જીવ મિથ્યા ભાવોથી ગ્રસિત હોવાથી દ્રવ્યથી જાગૃત હોવા છતાં ભાવ નિદ્રામાં સુપ્ત હોય છે.

**अवियारमणवयकायवक्के :–** જે જીવ પાપ-પુણ્યનો વિચાર કર્યા વિના જ મન, વચન, કાયાની પ્રવૃત્તિ તથા વાક્ય પ્રયોગ કરે છે. 'વાક્ય પ્રયોગ' આ શબ્દ દ્વારા સૂત્રકાર જીવના કર્મબંધમાં વાક્ય પ્રયોગની પ્રધાનતાને સૂચિત કરે છે.

ઉપરોક્ત વિશેષણોથી યુક્ત જીવને પાપકર્મના આવતા પ્રવાહને રોકવાની, પાપનો ત્યાગ કરવાની ઈચ્છા થતી જ નથી, તે જીવ **અપ્રત્યાખ્યાની** કહેવાય છે.

અપ્રત્યાખ્યાની જીવ પાપકારી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત હોવાથી **અસંયત** છે, તે પાપપ્રવૃત્તિથી વિરામ પામ્યા ન હોવાથી **અવિરત** છે, તેણે પૂર્વકૃત પાપકર્મોની સ્થિતિ અને અનુભાગનો તપસ્યાદિ દ્વારા નાશ ન કર્યો હોવાથી **અપ્રતિહત પાપકર્મા** છે, ભવિષ્યકાલીન પાપકર્મોનો ત્યાગ કર્યો ન હોવાથી **અપ્રત્યાખ્યાની** છે, સાવદ્યક્રિયા સંપન્ન હોવાથી **સક્રિય** છે અને પાપકર્મના નિરોધ રહિત હોવાથી **અસંવૃત્ત** છે.

**यावि(अपि) :–** પણ. આત્માની અવસ્થાઓ પરિવર્તનશીલ હોવાથી વર્તમાને જે અપ્રત્યાખ્યાની હોય તે આત્મા જ, અવસ્થાનું પરિવર્તન થતાં પ્રત્યાખ્યાની પણ થઈ શકે છે; અક્રિયાકુશળ હોય, તે ક્રિયાકુશળ પણ થઈ શકે છે. આ રીતે આત્મામાં સર્વ ભાવોની સંભાવનાને સૂત્રકારે **यावि** એટલે 'પણ' શબ્દ દ્વારા સૂચિત કરી છે. તેથી જ સૂત્રમાં **अपच्चक्खाणी** આદિ દરેક શબ્દો સાથે **यावि** શબ્દનો પ્રયોગ છે.

**પ્રત્યાખ્યાનની મહત્તા :–**

**२ तत्थ चोयए पण्णवगं एवं वयासी– असंतएणं मणेणं पावएणं असंतियाए वईए पावियाए असंतएणं काएणं पावएणं अहणंतस्स अमणक्खस्स अवियार मण-वयण-काय-वक्कस्स सुविणमवि अपस्सओ पावे कम्मे णो कज्जइ ।**

**कस्स णं तं हेउं ? चोयए एवं वयासी– अण्णयरेणं मणेणं पावएणं मणवत्तिए पावे कम्मे कज्जइ, अण्णयरीए वईए पावियाए वइवत्तिए पावे कम्मे कज्जइ, अण्णयरेणं काएणं पावएणं कायवत्तिए पावे कम्मे कज्जइ । हणंतस्स समणक्खस्स सवियार मण-वयण-काय-वक्कस्स सुविणमवि पासओ एवं गुणजाईयस्स पावे कम्मे कज्जइ।**

**पुणरवि चोयए एवं वयासी– तत्थं णं जे ते एवामाहंसु– असंतएणं मणेणं पावएणं, असंतियाए वईए पावियाए, असंतएणं काएणं पावएणं, अहणंतस्स अमणक्खस्स अवियारमण-वयण-काय-वक्कस्स सुविणमवि अपस्सओ पावे कम्मे कज्जइ, जे ते एवमाहंसु मिच्छा ते एवमाहंसु ।**

**શબ્દાર્થ :–** **चोयए** = પ્રેરક, પ્રશ્નકર્તા **पण्णवगं** = પ્રજ્ઞાપક-ઉપદેશક **असंतएणं** = ન થવા પર **पावएणं** = પાપયુક્ત **अहणंतस्स** = હિંસા ન કરતા થકા **अमणक्खस्स** = અમનસ્ક(મનથી પણ વિચાર રહિત).

**ભાવાર્થ :–** (ઉપદેશક–આચાર્યના અભિપ્રાયને જાણીને તેનો નિષેધ કરતા) પ્રશ્નકર્તાએ આચાર્યને આ પ્રમાણે કહ્યું કે– જે પ્રાણી મન, વચન કે કાયા દ્વારા પાપ કર્મ કરતા નથી, જે હિંસા કરતા નથી, જે મનરહિત છે, જેના મન, વચન, કાયા અને વાક્ય પ્રયોગ પાપકર્મના વિચારથી રહિત છે. જે સ્વપ્ન પણ જોતાં નથી અર્થાત્ જે જીવો અત્યંત અવ્યક્ત ચેતનાવાળા છે, તે જીવોને પાપકર્મનો બંધ થતો નથી.

આચાર્યે પૂછ્યું– તેનું શું કારણ છે ?

પ્રશ્નકર્તાએ આ પ્રમાણે કહ્યું કે મન પાપયુક્ત હોય, તો જ માનસિક પાપકર્મ થાય છે, વચન પાપયુક્ત હોય, તો જ વાચિક પાપકર્મ થાય છે. કાયા પાપયુક્ત હોય, તો જ કાયિક પાપકર્મ થાય છે. જે જીવ હિંસા કરે છે, જે મન સહિત છે, જેના મન, વચન, કાયા અને વાક્ય પ્રયોગ પાપકર્મના વિચારયુક્ત હોય છે. જે સ્વપ્ન જુએ છે અર્થાત્ જે જીવો પ્રગટ–સ્પષ્ટ ચેતનાવાળા છે, આ પ્રકારના વિશેષણ યુક્ત જીવ જ પાપકર્મ કરે છે.

પ્રશ્નકર્તાએ પુનઃ આ પ્રમાણે કહ્યું કે જે લોકો આ પ્રમાણે કહે છે કે જે પ્રાણી મન, વચન કે કાયા દ્વારા પાપકર્મ કરતા નથી, જે હિંસા કરતા નથી, જે મનરહિત અસંજ્ઞી છે, જેના મન-વચન-કાયા અને વાક્ય પ્રયોગ પાપકર્મના વિચારથી રહિત છે, જે જીવો અત્યંત અવ્યક્ત ચેતનાવાળા છે, તે જીવો પણ પાપકર્મનો બંધ કરે છે, આ પ્રકારનું કથન મિથ્યા છે.

**૩ तत्थ पण्णवए चोयगं एवं वयासी– जं मए पुव्वं वुत्तं असंतएणं मणेणं पावएणं असंतियाए वईए पावियाए, असंतएणं काएणं पावएणं, अहणंतस्स, अमणक्खस्स, अवियारमण-वयण-काय-वक्कस्स, सुविणमवि अपस्सओ पावे कम्मे कज्जइ, तं सम्मं । कस्स णं तं हेउं ? आयरिए आह– तत्थ खलु भगवया छज्जीवणिकायहेऊ पण्णत्ता, तं जहा– पुढविकाइया** *जाव* **तसकाइया । इच्चेएहिं छहिं जीवणिकाएहिं आया अप्पडिहयपच्चक्खायपावकम्मे णिच्चं पसढविओवायचित्तदंडे, तं जहा– पाणाइवाए** *जाव* **परिग्गहे, कोहे** *जाव* **मिच्छादंसणसल्ले ।**

**શબ્દાર્થ :– सम्मं** = સમ્યક છે, યથાર્થ છે **छज्जीवणिकायहेउं** = છ જીવનિકાયને કારણે(કર્મબંધનું કારણ) **पसढविओवायचित्तदंडे** = તીવ્રતાપૂર્વક પ્રાણીઓની ઘાતમાં ચિત્ત લગાવનાર, દુર્ભાવપૂર્વક પ્રાણીઓની ઘાતમાં ચિત્ત લગાવનાર(ભવ પરંપરાની અપેક્ષાએ).

**ભાવાર્થ :–** ત્યારે ઉપદેશક આચાર્યે પ્રશ્નકર્તાને આ પ્રમાણે કહ્યું કે– જે મેં પહેલાં કહ્યું હતું કે મન પાપયુક્ત ન હોય, વચન પણ પાપયુક્ત ન હોય તથા કાયા પણ પાપયુક્ત ન હોય, તે જીવ કોઈ પ્રાણીની હિંસા કરતા ન હોય, મનોવિકલ હોય, ભલે તે મન, વચન, કાયા અને વાક્યનો વિચારપૂર્વક પ્રયોગ કરતા ન હોય અને સ્વપ્ન પણ ન જોતાં હોય અર્થાત્ અવ્યક્ત ચેતનાવાળા હોય, એવા જીવ પણ પાપકર્મ કરે છે, તે સત્ય છે. તેનું શું કારણ છે ? સાંભળો.....

આચાર્યે કહ્યું– આ વિષયમાં શ્રી તીર્થંકર ભગવંતોએ પૃથ્વીકાય ***યાવત્*** ત્રસકાય રૂપ ષટ્જીવનિકાયને કર્મબંધના હેતુ રૂપ કહ્યા છે. આ છ પ્રકારના જીવનિકાયના જીવોની હિંસાથી ઉત્પન્ન થયેલા પાપને જે આત્માએ પ્રતિહત કર્યા નથી તથા ભાવી પાપને પ્રત્યાખ્યાન દ્વારા રોક્યા નથી, જે હંમેશાં તીવ્રતાપૂર્વક(ભવ પરંપરાએ) પ્રાણીઓની ઘાતમાં ચિત્તને જોડેલું રાખે છે, તે જીવોને દંડ આપે છે, પ્રાણાતિપાતથી લઈને પરિગ્રહ પર્યંત તથા ક્રોધથી લઈને મિથ્યાદર્શનશલ્ય સુધીના પાપસ્થાનોથી નિવૃત્ત થતા નથી, તે જીવ કોઈ પણ અવસ્થામાં, અવશ્યમેવ પાપકર્મનો બંધ કરે છે, આ સત્ય છે.

**૪ आयरिए आह– तत्थ खलु भगवया वहए दिट्ठंते पण्णत्ते– से जहाणामए वहए सिया गाहावइस्स वा गाहावइपुत्तस्स वा रण्णो वा रायपुरिसस्स वा खणं णिदाए पविसिस्सामि खणं लद्धूण वहिस्सामि त्ति मणं संपहारेमाणे, से किं णु हु णाम से वहए तस्स वा गाहावइस्स, तस्स वा गाहावइपुत्तस्स, तस्स वा रण्णो, तस्स वा रायपुरिसस्स, खणं णिदाए पविसिस्सामि खणं लद्धूण वहिस्सामि त्ति मणं संपहारेमाणे दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए णिच्चं पसढविओवायचित्तदंडे भवइ ? एवं वियागरेमाणे समियाए वियागरे ? चोयए– हंता भवइ ।**

**ભાવાર્થ :–** આચાર્ય પુનઃ કહે છે– આ વિષયમાં ભગવાન મહાવીર સ્વામીએ વધક– હત્યારાનું દષ્ટાંત કહ્યું છે, જેમ કે– કોઈ હત્યારો હોય, તે ગાથાપતિની અથવા ગાથાપતિપુત્રની, રાજાની અથવા રાજપુરુષની હત્યા કરવા ઇચ્છે છે. તે વિચાર કરે છે કે યોગ્ય અવસર જોઈને હું ઘરમાં પ્રવેશ કરીશ અને તક મળશે ત્યારે તેના ઉપર પ્રહાર કરીને તેની હત્યા કરીશ. તે પુરુષ ગાથાપતિ, ગાથાપતિપુત્ર, રાજા અથવા રાજપુરુષના ઘરમાં પ્રવેશ કરવાનો સતત વિચાર કરતાં, દિવસે કે રાત્રે, સૂતા કે જાગતા હંમેશાં ગાથાપતિ આદિનો દુશ્મન બનીને તેનાથી પ્રતિકૂળ માનસિક વ્યવહાર કરે છે.તે સદાય તીવ્રતાપૂર્વક તેની ઘાતનો જ વિચાર કરે છે.(તે વ્યક્તિ ઘાત ન કરી શકે, તો પણ) શું આ વ્યક્તિ ગાથાપતિ આદિનો વધક છે કે નહીં ?

આચાર્ય શ્રીએ આ પ્રમાણે કહ્યું ત્યારે પ્રશ્નકર્તાએ સમભાવ પૂર્વક કહ્યું કે હા, ભગવન્ ! તે વ્યક્તિ ગાથાપતિ આદિનો વધક જ કહેવાય છે.

**૫ आयरिए आह– जहा से वहए तस्स वा गाहावइस्स, तस्स वा गाहावइपुत्तस्स, तस्स वा रण्णो, तस्स वा रायपुरिसस्स, खणं णिदाए पविसिस्सामि, खणं लद्धूण वहिस्सामि त्ति मणं संपहारेमाणे दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए णिच्चं पसढविओवायचित्तदंडे एवामेव बाले वि सव्वेसिं पाणाणं** *जाव* **सव्वेसिं सत्ताणं दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए णिच्चं पसढ-विओवाय-चित्तदंडे, तं जहा– पाणाइवाए** *जाव* **मिच्छादंसणसल्ले, एवं खलु भगवया अक्खाए अस्संजए अविरए अप्पडिहयपच्चक्खायपावकम्मे सकिरिए असंवुडे एगंतदंडे एगंतबाले एगंतसुत्ते यावि भवइ, से बाले अवियार-मण-वयण-काय-वक्के सुविणमवि ण पस्सइ, पावे य से कम्मे कज्जइ ।**

**ભાવાર્થ :–** આચાર્યે (પૂર્વોક્ત દષ્ટાંતને સ્પષ્ટ કરવાના હેતુથી) કહ્યું– જેમ તે ગાથાપતિ કે ગાથાપતિના પુત્રને અથવા રાજા કે રાજપુરુષને મારવાની ઇચ્છાવાળો તે વધક પુરુષ વિચારે છે કે હું અવસર મેળવીને તેના ઘરમાં પ્રવેશ કરીશ, અને તક મળતાં જ તેના પર પ્રહાર કરીને વધ કરીશ; આવા કુવિચારથી તે દિવસે કે રાતે, સૂતા કે જાગતા સદા તેનો શત્રુ બનીને પ્રતિકૂળ માનસિક વ્યવહાર કરે છે, તે સદાય તીવ્રતાપૂર્વક(ભવ પરંપરાએ) તેની ઘાતનો જ વિચાર કરે છે. ભલે તે ઘાત ન કરી શકે, પરંતુ તે ઘાતક જ છે. તે જ રીતે અપ્રત્યાખ્યાની, અજ્ઞાની જીવ પણ સમસ્ત પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વોના દિવસે કે રાતે, સૂતા કે જાગતા સદા શત્રુ થઈને રહે છે, તે મિથ્યા બુદ્ધિથી ગ્રસ્ત રહે છે, તે સદાય નિષ્ઠુરતાપૂર્વક તેની ઘાતનો જ વિચાર કરે છે. તે જીવ પ્રાણાતિપાતથી લઈને મિથ્યાદર્શન શલ્ય સુધીના અઢારે પાપસ્થાનોમાં તલ્લીન રહે છે.

તે અસંયત, અવિરત, પાપકર્મોનો તપ આદિથી નાશ અને પ્રત્યાખ્યાન ન કરનારા, પાપક્રિયાથી યુક્ત, સંવરરહિત, એકાંતરૂપે પ્રાણીઓને દંડ દેનારા, સર્વથા અજ્ઞાની અને સર્વથા સુપ્ત પણ હોય, તે અજ્ઞાની જીવ ભલે મન, વચન, કાયા અને વાક્યનો વિચારપૂર્વક પાપકર્મમાં પ્રયોગ કરતા ન હોય, સ્વપ્ન પણ જોતાં ન હોય અર્થાત્ તેની ચેતના અત્યંત અસ્પષ્ટ હોય, તો પણ તે અપ્રત્યાખ્યાની હોવાથી પાપકર્મનો બંધ કરે છે.

**૬ जहा से वहए तस्स वा गाहावइस्स वा** *जाव* **रायपुरिसस्स पत्तेयं-पत्तेय चित्त सामादाय दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए णिच्चं**

**पसढविओवायचित्तदंडे भवइ, एवामेव बाले सव्वेसिं पाणाणं** *जाव* **सव्वेसिं सत्ताणं पत्तेयं चित्त समादाय दिया वा राओ सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए णिच्चं पसढविओवायचित्तदंडे भवइ ।**

**ભાવાર્થ :–** જેમ વધનો વિચાર કરનારો ઘાતક પુરુષ તે ગાથાપતિ કે ગાથાપતિ પુત્રની અથવા રાજા કે રાજપુરુષની પ્રત્યેકની અલગ-અલગ હત્યા કરવાનો કુવિચાર કરીને, રાત્રે કે દિવસે, સૂતા કે જાગતા તેના શત્રુ જેવો બની જાય છે, તે મિથ્યાભાવમાં, દગો કરવાના દુષ્ટ વિચારમાં જ હોય છે, તે સદૈવ તેની હત્યા કરવાની ધૂનમાં રહે છે. તે જ રીતે અજ્ઞાની જીવ પણ સમસ્ત પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વોમાંથી, પ્રત્યેક જીવની હિંસા કરવાના કુવિચારમાં જ રહે છે. રાત્રે કે દિવસે, સૂતા કે જાગતા તે તેના શત્રુ જેવો બની જાય છે. તે મિથ્યાભાવમાં અર્થાત્ દગો કરવાના દુષ્ટ વિચારમાં જ હોય છે. તે સદાય તેની હત્યા કરવાની ધૂનમાં જ રહે છે. આ રીતે અજ્ઞાની જીવ જ્યાં સુધી પ્રત્યાખ્યાન ન કરે ત્યાં સુધી તે પાપકર્મથી વિરત થતા નથી, તેને પાપકર્મનો બંધ થતો રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રશ્ન અને પ્રતિપ્રશ્ન તેમજ દષ્ટાંતના માધ્યમે પ્રત્યાખ્યાનની મહત્તા સમજાવી છે.

જીવ અનાદિકાલથી કર્મયુક્ત છે, કર્મમુક્ત થવા માટે તેણે સમજણ પૂર્વક કોઈ વિશેષ પુરુષાર્થ કર્યો નથી, તેથી કોઈ પણ ગતિ કે જાતિનો જીવ અનાદિકાલથી અપ્રત્યાખ્યાની જ હોય છે.

તે જીવ સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય, પાપપ્રવૃત્તિ કરતો હોય કે ન કરતો હોય, તેને પાપવૃત્તિનું સ્પષ્ટ જ્ઞાન હોય કે ન હોય પરંતુ જ્યાં સુધી અનાદિકાલીન પાપપ્રવૃત્તિનો સ્વેચ્છાથી સમજણપૂર્વક ત્યાગ ન થાય, ત્યાં સુધી  તે જીવ સહજ રીતે અપ્રત્યાખ્યાની જ રહે છે અને તજ્જન્ય કર્મબંધ પણ તેને થતો જ રહે છે.

જેમ કોઈ હત્યારો અન્ય પુરુષની હત્યાનો વિચાર કરે, હત્યા માટે તક શોધતો રહે પરંતુ તે કોઈ પણ કારણથી અન્ય પુરુષની હત્યા ન કરી શકે. તો પણ જ્યાં સુધી તે હત્યાની વિચારધારાનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે હત્યારો જ કહેવાય છે. તે તેનો શત્રુ જ કહેવાય છે.

તે પુરુષે વર્તમાનમાં તક ન મળવાથી હત્યા કરી નથી પરંતુ તેને હત્યાની વિચારધારાનો ત્યાગ ન હોવાથી ક્યારે હત્યા કરી નાંખે તે કહી શકાતું નથી.

તે જ રીતે હિંસાદિ પાપપ્રવૃત્તિનું સેવન થાય કે ન થાય પરંતુ જ્યાં સુધી પાપપ્રવૃત્તિનો સમજણપૂર્વક ત્યાગ ન થાય ત્યાં સુધી તે જીવ અપ્રત્યાખ્યાની જ કહેવાય છે.

તે જીવ વર્તમાનમાં મન, વચનાદિ અંતરંગ સાધનો તથા શસ્ત્ર-અસ્ત્રાદિ બાહ્ય સાધનોના અભાવે કદાચ પાપપ્રવૃત્તિનું સેવન કરી શકતો ન હોય, પરંતુ તેને પાપકારી સાધનોનો સંયોગ થતાં ક્યારે પાપપ્રવૃત્તિનું સેવન કરે તે કહી શકાતું નથી;

તેથી જ અત્યંત અલ્પ ચેતનાવાળા નિગોદાદિ જીવો કે વિકસિત ચેતનાવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પ્રગટપણે પાપપ્રવૃત્તિનું સેવન કરતા ન હોય છતાં પણ પાપપ્રવૃત્તિનો ત્યાગ-પ્રત્યાખ્યાન ન કરે ત્યાં સુધી તે અપ્રત્યાખ્યાની જ કહેવાય છે. જ્યાં સુધી તે સર્વ જીવોની હિંસાદિનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે સર્વ જીવોનો શત્રુ જ કહેવાય છે.

સ્વેચ્છાથી સમજપૂર્વક પાપપ્રવૃત્તિનો ત્યાગ કરે, પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે, ત્યારે જ તેનો તજજન્ય કર્મબંધ અટકે છે.

**પ્રત્યાખ્યાનની મહત્તા : સંજ્ઞી–અસંજ્ઞીના દષ્ટાંત :–**

**૭** **चोयए– णो इणट्ठे समट्ठे । इह खलु बहवे पाणा जे इमेणं सरीरसमुस्सएणं णो दिट्ठा वा सुया वा णाभिमया वा विण्णाया वा जेसिं णो पत्तेयं-पत्तेयं चित्त समादाय दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए णिच्चं पसढ-विओवायचित्तदंडे, तं जहा– पाणाइवाए** *जाव* **मिच्छादंसणसल्ले ।**

**શબ્દાર્થ :– सरीरसमुस्सएणं** = શરીરપ્રમાણ **अभिमया** = અભિમત-જ્ઞાત.

**ભાવાર્થ :–** પ્રશ્નકર્તાએ કહ્યું– આપની પૂર્વોક્ત વાત યોગ્ય નથી. આ જગતમાં ઘણાં એવા પ્રાણી છે, જેનું શરીર પ્રમાણ અત્યંત સૂક્ષ્મ છે, જે જીવોને ક્યારેય જોયા નથી, સાંભળ્યા નથી, તે જીવો શત્રુ છે કે મિત્ર છે, તેનું જ્ઞાન નથી, વિજ્ઞાન નથી. તેવા પ્રત્યેક જીવમાં હિંસક વૃત્તિ થાય, દિવસે કે રાત્રે, સૂતા કે જાગતા તેના શત્રુ બનીને તેની સાથે પ્રતિકૂળ વ્યવહાર કરાય, હંમેશાં નિષ્ઠુરતાપૂર્વક તેના ઘાતનું ચિંતન થાય અને પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય સુધી પાપ સ્થાનનું સેવન થાય છે, તે વાત યોગ્ય નથી.

**૮** **आयरिए आह– तत्थ खलु भगवया दुवे दिट्ठंता पण्णत्ता, तं जहा– सण्णिदिट्ठंते य असण्णिदिट्ठंते य ।**

**से किं तं सण्णिदिट्ठंते ? सण्णिदिट्ठंते– जे इमे सण्णिपंचिंदिया पज्जत्तगा । एएसिं णं छज्जीवणिकाए पडुच्च तं जहा– पुढविकायं** *जाव* **तसकायं, से एगइओ करेमि वि कारवेमि वि । णो चेव णं से पुढविकाएण किच्चं करेमि वि कारवेमि वि, तस्स णं से एवं भवइ– एवं खलु अहं पुढविकाएणं किच्च करेमि वि कारवेमि वि, णो चेव णं से एवं भवइ इमेण वा, इमेण वा से य तेणं पुढविकाएणं किच्चं करेइ वा कारवेइ वा, से य तओ पुढविकायाओ असंजयविरय-अपडिहयपच्चक्खायपावकम्मे यावि भवइ ।**

**एवं** *जाव* **तसकाएत्ति भाणियव्वं, से एगइओ छहिं जीवणिकाएहिं किच्चं करेइ वि कारवेइ वि । तस्स णं एवं भवइ– एवं खलु छहिं जीवणिकाएहिं किच्चं करेमि वि कारवेमि वि । णो चेव णं से एवं भवइ– इमेहिं वा इमेहिं वा । से य तेहिं छहिं जीवणिकाएहिं किच्चं करेइ वि कारवेइ वि । से य तेहिं छहिं जीवणिकाएहिं असंजय अविरयअपडिहयपच्चक्खायपावकम्मे, तं जहा– पाणाइवाए** *जाव* **मिच्छादंसणसल्ले, एस खलु भगवया अक्खाए असंजए अविरए अपडिहयपच्चक्खायपावकम्मे सुविणमवि अपस्सओ पावे य कम्मे कज्जइ । से तं सण्णिदिट्ठंते ।**

**ભાવાર્થ :–** આચાર્યે પૂર્વોક્ત પ્રતિપ્રશ્નનું સમાધાન કરતા કહ્યું– આ વિષયમાં ભગવાન મહાવીર સ્વામીએ બે દષ્ટાંત કહ્યાં છે, તે આ પ્રમાણે છે– (૧) સંજ્ઞીદષ્ટાંત અને (૨) અસંજ્ઞી દષ્ટાંત.

**પ્રશ્ન–** તે સંજ્ઞીનું દૃષ્ટાંત શું છે ?

**ઉત્તર–** સંજ્ઞીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે– જે આ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે, તે સંજ્ઞી જીવોમાંથી કોઈ પુરુષ પૃથ્વીકાયથી લઈને ત્રસકાય પર્યંતના છ કાયના જીવોમાંથી પૃથ્વીકાયથી જ પોતાના આહારાદિ કાર્યો કરે છે અને કરાવે છે, તો તેના મનમાં એવો વિચાર આવે છે કે હું પૃથ્વીકાયથી મારું કાર્ય કરું છું અને કરાવું છું. તે સમયે તેને એવો વિચાર આવતો નથી કે હું અમુક પૃથ્વીકાયથી જ કાર્ય કરું છું અને કરાવું છું, તેના સંબંધમાં અન્ય જીવો પણ એ પ્રમાણે જ કહે છે કે તે પુરુષ પૃથ્વીકાયથી કાર્ય કરે છે અને કરાવે છે તેથી તે પુરુષ પૃથ્વીકાયનો અસંયમી, તેની હિંસાથી અવિરત, હિંસાજન્ય પાપ કર્મના અનાશક અને તેના પ્રત્યાખ્યાનથી રહિત છે.

આ રીતે ત્રસકાય સુધીના જીવોના વિષયમાં જાણવું જોઈએ. કોઈ પુરુષ છ કાયના જીવોથી કાર્ય કરતા હોય, કરાવતા પણ હોય, તો તે પુરુષ એવો વિચાર કરે છે કે હું છ કાયના જીવોથી કાર્ય કરું છું, કરાવું છું. તે વ્યક્તિને એવો વિચાર આવતો નથી કે હું અમુક જીવોથી જ કાર્ય કરું છું અને કરાવું છું. તેના સંબંધમાં અન્ય જીવો પણ આ જ પ્રમાણે કહે છે કે તે પુરુષ છ કાયના જીવોથી કાર્ય કરે છે અને કરાવે છે, તેથી તે પુરુષ છ કાય જીવોનો અસંયમી, અવિરત, હિંસા આદિ જન્ય પાપના નાશ અને પ્રત્યાખ્યાનથી રહિત કહેવાય છે.

શ્રી તીર્થંકરોએ તેવા જીવોને અસંયત, અવિરત, પાપકર્મના અનાશક અને પાપકર્મના પ્રત્યાખ્યાન રહિત કહ્યા છે. તે જીવો સ્વપ્ન પણ ન જોતાં હોય અર્થાત્ અત્યંત અસ્પષ્ટ ચેતનાવાળા હોવા છતાં પણ તે પાપકર્મનો બંધ કરે છે. આ સંજ્ઞીનું દૃષ્ટાંત છે.

**९ से किं तं असण्णिदिट्ठंते ? असण्णिदिट्ठंते– जे इमे असण्णिणो पाणा, तं जहा– पुढविकाइया** *जाव* **वणस्सइकाइया छट्ठा वेगइया तसा पाणा, जेसिं णो तक्का इ वा सण्णा इ वा पण्णा इ वा मणे इ वा वई इ वा सयं वा करणाए, अण्णेहिं वा कारवेत्तए करेंतं वा समणुजाणित्तए ते वि णं बाला सव्वेसिं पाणाणं** *जाव* **सत्ताणं दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूया मिच्छासंठिया णिच्चं पसढ-विओवायचित्तदंडा, तं जहा– पाणाइवाए** *जाव* **मिच्छादंसणसल्ले । इच्चेवं जाणे, णो चेव मण्णे णो चेव वई पाणाणं** *जाव* **सत्ताणं दुक्खणयाए सोयणयाए जूरणयाए तिप्पणयाए पिट्टणयाए परितप्पणयाए ते दुक्खण-सोयण** *जाव* **परितप्पण-वहबंधण परिकिलेसाओ अप्पडिविरया भवंति । इति खलु ते असण्णिणो वि संता अहोणिसं पाणाइवाए उवक्खाइज्जंति** *जाव* **मिच्छादंसणसल्ले उवक्खाइज्जंति ।**

**શબ્દાર્થ :– असण्णिदिट्ठंते** = અસંજ્ઞીનું દૃષ્ટાંત **अपस्सओ** = જોતો ન હોય(દેખતો ન હોય.) **तक्का** = તર્ક **सण्णा** = સંજ્ઞા **पण्णा** = પ્રજ્ઞા **अहोणिसिं** = દિનરાત **उवक्खाइज्जंति** = પાપ કરનાર કહેવાય છે, પાપકાર્યમાં પ્રવૃત્ત થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** અસંજ્ઞીનું દૃષ્ટાંત શું છે ?

**ઉત્તર–** અસંજ્ઞીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે– પૃથ્વીકાયથી લઈને વનસ્પતિકાય સુધીના પાંચ સ્થાવર જીવો અને છઠ્ઠા મનરહિત કેટલાક ત્રસ જીવો હોય છે, તે અસંજ્ઞી છે. તે જીવોમાં તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા, મન કે

વાણી નથી. તે સ્વયં કોઈ પણ કાર્ય કરી શકતા નથી, બીજા પાસે કરાવી શકતા નથી કે કરનારની અનુમોદના પણ કરતા નથી. તોપણ તે અજ્ઞાની જીવ સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોના દિવસે કે રાત્રે, સૂતા કે જાગતા (અમિત્ર) શત્રુ બનીને રહે છે, મિથ્યાભાવમાં– તે જીવોની સાથે દુર્ભાવમાં રહે છે, તેના પ્રતિ સદૈવ હિંસાત્મક ચિત્તવૃત્તિ રાખે છે. તે જીવ પ્રાણાતિપાતથી લઈને મિથ્યાદર્શનશલ્ય સુધીના અઢારે પાપમાં લિપ્ત રહે છે.

આ જ રીતે અસંજ્ઞી જીવોને મન કે વચન ન હોવા છતાં પણ તે જીવો સમસ્ત પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વોને દુઃખ આપવા, શોક ઉત્પન્ન કરવા, વિલાપ કરાવવા, રડાવવા, પીડા આપવા, વધ કરવા તથા પરિતાપ આપવા અથવા તેને એક જ સાથે(સામુહિકરૂપે) દુઃખ, શોક, વિલાપ, રુદન, પીડન, સંતાપ, વધ-બંધન, પરિક્લેશ આદિ કરવાથી વિરત નથી. તે પ્રાણી અસંજ્ઞી હોવા છતાં પણ અહર્નિશ(દિવસ-રાત) પ્રાણાતિપાતમાં પ્રવૃત્ત કહેવાય છે તથા મૃષાવાદથી લઈને પરિગ્રહ સુધીના તથા મિથ્યાદર્શનશલ્ય સુધીના સમસ્ત પાપસ્થાનોમાં પ્રવૃત્ત કહેવાય છે.

**૧૦ सव्वजोणिया वि खलु सत्ता सण्णिणो हुच्चा असण्णिणो होंति, असण्णिणो हुच्चा सण्णिणो होंति, होच्चा सण्णी अदुवा असण्णी । तत्थ से अविविचित्ता अविधूणिया असमुच्छिया अणणुताविया असण्णिकायाओ सण्णिकायं संकमंति, सण्णिकायाओ वा असण्णिकायं संकमंति, सण्णिकायाओ वा सण्णिकायं संकमंति, असण्णिकायाओ वा असण्णिकायं संकमंति ।**

**जे एए सण्णी वा असण्णी वा सव्वे ते मिच्छायारा णिच्चं पसढविओवायचित्त-दंडा, तं जहा– पाणाइवाए *जाव* मिच्छादंसणसल्ले । एवं खलु भगवया अक्खाए– असंजए अविरए अप्पडिहयपच्चक्खायपावकम्मे सकिरिए असंवुडे एगंतदंडे एगंतबाले एगंतसुत्ते । से बाले अवियार-मण-वयण-काय-वक्के, सुविणमवि ण पासइ, पावे य से कम्मे कज्जइ ।**

**શબ્દાર્થ :–** **अविविचित्ता** = કર્મોને પોતાનાથી અલગ કર્યા વિના **अविधूणिया** = ખંખેર્યા વિના **असमुच्छिया** = છેદ્યા વિના **अणणुताविया** = પશ્ચાત્તાપ કર્યા વિના **संकमंति** = સંક્રમણ કરે છે.

**ભાવાર્થ :–** સર્વ યોનિઓના પ્રાણી નિશ્ચિતરૂપે સંજ્ઞી થઈને અસંજ્ઞી પર્યાયમાં ઉત્પન્ન થાય છે તથા અસંજ્ઞી થઈને ફરી સંજ્ઞી પર્યાયમાં ઉત્પન્ન થાય છે. સંજ્ઞી કે અસંજ્ઞી પર્યાયને પ્રાપ્ત કરીને જે જીવો પાપકર્મોને પોતાનાથી પૃથક્ કરતા નથી, તપસ્યાદિથી પ્રક્ષાલન કરતા નથી, તેનો નાશ–નિર્જરા કરતા નથી, આલોચનાદિ દ્વારા તેનો પ્રશ્ચાતાપ કરતા નથી, તે જીવો (૧) અસંજ્ઞી પર્યાયથી સંજ્ઞી પર્યાયમાં, (૨) સંજ્ઞી પર્યાયથી અસંજ્ઞી પર્યાયમાં, (૩) સંજ્ઞી પર્યાયથી સંજ્ઞી પર્યાયમાં અને (૪) અસંજ્ઞી પર્યાયથી અસંજ્ઞી પર્યાયમાં સંક્રમણ કરે છે.

જે આ સંજ્ઞી અથવા અસંજ્ઞી પ્રાણીઓ છે, તે બધા મિથ્યાચારી અને સદૈવ શઠતાપૂર્ણ હિંસાત્મક ચિત્તવૃત્તિ ધારણ કરે છે. તે પ્રાણાતિપાતથી લઈને મિથ્યાદર્શન શલ્ય સુધી અઢારે ય પાપસ્થાનોનું સેવન કરે છે, તેથી જ ભગવાન મહાવીરે તે જીવોને અસંયત, અવિરત, પાપ કર્મોનો નાશ અને પ્રત્યાખ્યાન ન કરનારા, અશુભક્રિયાયુક્ત, સંવરરહિત, એકાંત હિંસક, એકાંત અજ્ઞાની અને એકાંત ભાવનિદ્રામાં સુપ્ત કહ્યા છે. તે અજ્ઞાની–અપ્રત્યાખ્યાની જીવ મન, વચન, કાયા અને વાક્યનો પ્રયોગ વિચારપૂર્વક કરતા ન હોય

તથા સ્વપ્ન પણ જોતા ન હોય અર્થાત્ અવ્યક્ત ચેતનાયુક્ત હોય તો પણ તે જીવ પાપકર્મનો બંધ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંજ્ઞી-અસંજ્ઞીના દષ્ટાંતથી પુનઃ પ્રત્યાખ્યાનની મહત્તા સમજાવી છે.

પ્રશ્ન થાય કે જે જીવો ક્ષેત્ર અને કાળથી અત્યંત દૂર, અત્યંત સૂક્ષ્મ, સર્વથા અપરિચિત હોય, આંખે દેખાતા ન હોય, જેના નામ પણ સાંભળ્યા ન હોય, જેની સાથે કોઈ સંબંધ કે વ્યવહાર પણ ન હોય, તેવા જીવો પ્રતિ હિંસાત્મક વૃત્તિ કેવી રીતે થાય ? અપ્રત્યાખ્યાની જીવને સર્વ જીવોનો શત્રુ કેમ કહેવાય ?

જેમ એક સંજ્ઞી જીવે પૃથ્વીકાયના આરંભ-સમારંભની છૂટ રાખીને અન્ય જીવોના આરંભ-સમારંભનો ત્યાગ કર્યો હોય, પૃથ્વીકાયમાં પણ દૂરવર્તી પૃથ્વીકાયનો આરંભ તે કરતો નથી, તે અમુક પૃથ્વીનો જ આરંભ કરે છે. તેમ છતાં તેને પૃથ્વીકાયના આરંભ-સમારંભના પ્રત્યાખ્યાન ન હોવાથી તે સમગ્ર પૃથ્વીકાયનો ઘાતક કહેવાય છે.

જેમ પૃથ્વીકાય આદિ કોઈ પણ અસંજ્ઞી જીવોમાં તર્ક, સમ્યગ્જ્ઞાન, વિકસિત ચેતના, મનન કરવાની શક્તિ, તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા આદિ નથી. પાપ કરવાના પ્રગટ સાધનો પણ તેની પાસે નથી. તે જીવ અન્ય જીવોને પ્રગટપણે દુઃખ, શોક કે સંતાપ આપતા નથી, તેમ છતાં તેને અઢારે પાપસ્થાનનો ત્યાગ ન હોવાથી તે જીવને સતત પાપકર્મનો બંધ થયા જ કરે છે.

સંક્ષેપમાં સંજ્ઞી કે અસંજ્ઞી જીવ કોઈ પણ અવસ્થામાં હોય, તે સ્વયં પાપકર્મ કરતો કે કરાવતો હોય કે ન હોય, તેને પાપપ્રવૃત્તિનું સ્પષ્ટ જ્ઞાન હોય કે ન હોય, વધ્ય જીવો દેશ-કાળથી દૂર હોય કે નિકટ હોય, જીવ પરિચિત હોય કે અપરિચિત હોય, તેની સાથે કોઈ પણ સંબંધ કે વ્યવહાર હોય કે ન હોય પરંતુ તે જીવ જ્યાં સુધી પાપપ્રવૃત્તિના ત્યાગરૂપ પ્રત્યાખ્યાનનો સ્વીકાર ન કરે, ત્યાં સુધી તે પાપકર્મનો બંધ કરે છે.

સંજ્ઞી કે અસંજ્ઞી જીવો પાપકર્મનો બંધ કરીને પોત-પોતાના કર્માનુસાર સંજ્ઞી કે અસંજ્ઞીમાં પરિભ્રમણ કર્યા કરે છે. કર્મ પ્રમાણે તેની અવસ્થાઓ સતત પરિવર્તિત થયા જ કરે છે.

**પ્રત્યાખ્યાની જીવનું સ્વરૂપ :–**

**११ चोयए पण्णवगं एवं वयासी– से किं कुव्वं ? किं कारवं ? कहं संजयविरयपडिहय-पच्चक्खायपावकम्मे भवइ ?**

**आयरिय आह– तत्थ खलु भगवया छज्जीवणिकाया हेऊ पण्णत्ता, तं जहा– पुढविकाइया *जाव* तसकाइया । से जहाणामए मम अस्सायं, दंडेण वा अट्ठीण वा मुट्ठीण वा लेलुणा वा कवालेण वा आतोडिज्जमाणस्स वा हम्ममाणस्स वा तज्जिज्ज-माणस्स वा ताडिज्जमाणस्स वा परिताविज्जमाणस्स वा किलामिज्जमाणस्स वा उद्दविज्जमाणस्स वा जाव लोमुक्खणणमायमवि हिंसाकारगं दुक्खं भयं पडिसंवेदेमि, इच्चेवं जाण– सव्वे पाणा *जाव* सव्वे सत्ता दंडेण वा *जाव* कवालेण वा आतोडिज्जमाणा वा *जाव* उद्दविज्जमाणा वा जाव लोमुक्खणणमायमवि हिंसाकारगं दुक्खं भयं पडिसंवेदेंति ।**

**एवं णच्चा सव्वे पाणा *जाव* सव्वे सत्ता ण हंतव्वा *जाव* ण उद्दवेयव्वा, एस धम्मे धुवे णिइए सासए समिच्च लोगं खेयण्णेहिं पवेइए । एवं से भिक्खु विरए पाणाइवायाओ *जाव* मिच्छादंसणसल्लाओ । से भिक्खू णो दंतपक्खालणेणं दंते पक्खालेज्जा, णो अंजणं, णो वमणं, णो धूवणेत्तं पि आइए । से भिक्खू अकिरिए अलूसए अकोहे अमाणे अमाए अलोभे उवसंते परिणिव्वुडे ।**

**एस खलु भगवया अक्खाए संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे अकिरिए संवुडे एगंतपंडिए यावि भवइ त्ति बेमि ।**

**શબ્દાર્થ :– किं कुव्वं** = શું કરવું **किं कारवं** = શું કરાવવું **संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे**= સંયત, વિરત, પાપકર્મનો નાશ અને પ્રત્યાખ્યાન કરનારા **दंतपक्खालणेणं** = દાંતોને ધોવાના સાધનોથી. **णो दंतपक्खालेज्जा** = દાંત સાફ કરે નહીં.

**ભાવાર્થ :–** પ્રશ્નકર્તાએ ફરી પોતાની જીજ્ઞાસા પ્રસ્તુત કરી કે મનુષ્યે શું કરવું ? શું કરાવવું ? તથા તે કેવી રીતે સંયત, વિરત તથા પાપકર્મનો નાશ અને પ્રત્યાખ્યાન કરનારા થાય છે ?

આચાર્યે કહ્યું – તીર્થંકર ભગવાને પૃથ્વીકાયથી લઈને ત્રસકાય સુધીના ષટ્‌જીવનિકાયને સંયમ અનુષ્ઠાનના કારણ કહ્યા છે– જેમ કોઈ વ્યક્તિ મને દંડાથી, હાડકાથી, મુક્કાથી, ઠીકરાંથી ***યાવત્*** પીડિત કરે કે મારો કેવળ એક રોમ પણ ખેંચે તો હું હિંસાજનિત દુઃખ, ભય અને અશાતાનો અનુભવ કરું છું, તેવીજ રીતે સમસ્ત પ્રાણીઓને ***યાવત્*** સમસ્ત સત્ત્વોને દંડા ***યાવત્*** ઠીકરાંથી મારવામાં આવે અને પીડિત કરવામાં આવે, કે એક રોમ પણ ખેંચવામાં આવે, તો તે પણ હિંસાજનિત દુઃખ, ભય અને અશાતાનો અનુભવ કરે છે. આ પ્રમાણે જાણીને સમસ્ત પ્રાણીઓ ***યાવત્*** સત્ત્વોને મારવા ન જોઈએ ***યાવત્*** તેમને પીડિત કરવા ન જોઈએ. આ અહિંસા ધર્મ જ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે તથા લોકના સ્વભાવને સમ્યક પ્રકારે જાણનારા ખેદજ્ઞ અથવા ક્ષેત્રજ્ઞ તીર્થંકરદેવો દ્વારા પ્રતિપાદિત છે.

આ પ્રમાણે જાણીને સાધુ પ્રાણાતિપાતથી લઈને મિથ્યાદર્શનશલ્ય સુધીના અઢારે ય પાપસ્થાનોથી વિરત થાય છે. તે દાંત સાફ કરવાના સાધનોથી દાંત સાફ ન કરે; નેત્રોમાં અંજન ન લગાવે, દવા લઈને વમન ન કરે અને ધૂપ દ્વારા પોતાનાં વસ્ત્રો કે કેશને સુવાસિત ન કરે. તે સાધુ સાવદ્યક્રિયા રહિત, હિંસારહિત, ક્રોધ, માન, માયા અને લોભથી રહિત, ઉપશાંત અને પાપથી નિવૃત્ત થઈને રહે.

આ પ્રકારના પ્રત્યાખ્યાની સાધુને તીર્થંકર ભગવંતોએ સંયત, હિંસાદિ પાપોથી વિરત, પાપકર્મોનાં પ્રતિઘાતક અને પ્રત્યાખ્યાનકર્તા, અક્રિય–સાવદ્ય ક્રિયાથી રહિત, સંવૃત્ત–સંવરયુક્ત અને એકાંત પંડિત કહ્યા છે. શ્રી તીર્થંકર દેવે કહ્યું છે. તે પ્રમાણે હું કહું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રત્યાખ્યાની જીવનું સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે.

સમસ્ત સંસારી જીવો અનાદિકાળથી અપ્રત્યાખ્યાની જ છે, તેને પાપપ્રવૃત્તિનું સેવન ન કરવા છતાં પણ પાપકર્મોનો બંધ થાય છે, તો શું કરવાથી જીવ સંયત, વિરત, પાપકર્મનાશક અને પ્રત્યાખ્યાની થઈ શકે છે?

સંયત, વિરત આદિ અવસ્થાઓ જીવના જાગૃતિપૂર્વકના સમ્યક પુરુષાર્થજન્ય છે. સાધક સ્વયં હિંસાદિ પાપપ્રવૃત્તિનું સ્વરૂપ સમજીને સ્વેચ્છાથી વિધિપૂર્વક પાપ સેવનના પ્રત્યાખ્યાન કરે છે તે પાપપ્રવૃત્તિનું સેવન ન કરતા હોવાથી **સંયત** છે, પાપપ્રવૃત્તિનો ત્યાગ કર્યો હોવાથી **વિરત** છે, તપસ્યાદિ દ્વારા પૂર્વકૃત કર્મોની સ્થિતિ તથા અનુભાગના નાશક હોવાથી **પાપકર્મનાશક** અને ભવિષ્ય કાલીન પાપ સેવનના પ્રત્યાખ્યાન કર્યા હોવાથી **પ્રત્યાખ્યાની** થાય છે.

સંયતાદિ અવસ્થાઓ પ્રાપ્ત કરવા માટે સૂત્રકારે અંતે સાધકોને વ્યવહાર શુદ્ધિ માટેની હિતશિક્ષાઓ આપી છે– (૧) સમસ્ત પ્રાણીઓને આત્મતુલ્ય સમજીને તેની કોઈ પણ પ્રકારે હિંસા ન કરે, ન કરાવે, અને તેનું અનુમોદન ન કરે.(૨) પ્રાણાતિપાતથી મિથ્યાદર્શન શલ્ય સુધીનાં અઢાર પાપસ્થાનોથી વિરત થાય, (૩) દંતમંજન, અંજન, વમન, ધૂપ આદિ અનાચારોનું સેવન ન કરે. (૪) સાવદ્યક્રિયારહિત, અહિંસક, ક્રોધાદિ ચારે કષાય રહિત, ઉપશાંત, અને પાપથી પરિનિવૃત્ત થઈને રહે.

સંક્ષેપમાં સાધકો સર્વ પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરીને આત્મભાવમાં સ્થિર થવાનો પુરુષાર્થ કરે.

**।। ચોથું અધ્યયન સંપૂર્ણ ।।**

# પાંચમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'આચારશ્રુત' છે.

સંયમી જીવનની શુદ્ધિ માટે આચરવા યોગ્ય વ્યવહારને **આચાર** કહે છે. તેના પાંચ ભેદ છે– જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આ પાંચ પ્રકારના આચારને પ્રદર્શિત કરતા શાસ્ત્રને **આચારશ્રુત** કહે છે. આ અધ્યયનમાં મુખ્યતયા આચારશુદ્ધિના ઉદ્દેશથી અનાચાર ત્યાગનો ઉપદેશ હોવાથી તેનું નામ **આચારશ્રુત** છે. આ અધ્યયનમાં કથિત આચાર-અનાચાર અણગારોથી સંબંધિત હોવાથી કેટલાક આચાર્યોના મતાનુસાર આ અધ્યયનનું નામ **અણગારશ્રુત** છે.

આ અધ્યયનમાં દષ્ટિ, શ્રદ્ધા, પ્રરૂપણા, માન્યતા અને ભાષા પ્રયોગ આદિથી સંબંધિત અનાચારોના નિષેધાત્મક વર્ણન દ્વારા આચારશુદ્ધિનો સંકેત છે.

જ્યાં સુધી સાધક સમગ્ર અનાચારોનો ત્યાગ  કરીને શાસ્ત્રોક્ત જ્ઞાનાચારાદિ પંચવિધ આચારોમાં સ્થિર થઈને તેનું પાલન ન કરે, ત્યાં સુધી તે મોક્ષ માર્ગનો આરાધક થતો નથી.

જ્યાં સુધી આચાર અને અનાચારનું સમ્યગ્જ્ઞાન ન થાય ત્યાં સુધી આચાર-અનાચારનો વિવેક કે અનાચારનો ત્યાગ થઈ શકતો નથી.

સાધનાની સફળતાનો આધાર શ્રદ્ધાની દઢતા છે, તેથી પ્રસ્તુત અધ્યયનમાં સૂત્રકારે દર્શનાચારની વિશુદ્ધિ માટે દર્શનાચાર સંબંધિત અનાચારોનું વિવિધ પ્રકારે વર્ણન કર્યું છે.

લોક-અલોક, જીવ-અજીવ, પુણ્ય-પાપ આશ્રવ-સંવર, બંધ-મોક્ષ આદિ તત્ત્વોના સમ્યગ્જ્ઞાન માટે તદ્વિષયક અનેકાંતિક વિચારધારાનો સ્વીકાર, તે પણ આચારશુદ્ધિનું કારણ બને છે.

સાધુ જીવનમાં પ્રત્યેક વ્યવહારમાં વચન સંયમ અથવા નિરવદ્ય ભાષા પ્રયોગથી ચારિત્રાચારની વિશુદ્ધિ થાય છે. સૂત્રકારે પ્રસ્તુત વિષયના સ્પષ્ટીકરણ માટે સાધુને બોલવા અને ન બોલવા યોગ્ય ભાષા પ્રયોગોના કેટલાક ઉદાહરણો આપ્યા છે.

સંક્ષેપમાં સાધક સર્વ અનાચારોને સમ્યક પ્રકારે જાણીને, તેનો ત્યાગ કરીને પંચાચાર પાલનમાં પરિપકવ બની આત્મભાવમાં સ્થિર થાય, તે જ આ અધ્યયનનો ઉદ્દેશ છે.

❖ ❖ ❖ ❖ ❖

# પાંચમુ અધ્યયન : આચારશ્રુત

**ઉત્થાનિકા :–**

**૧** आदाय बंभचेरं च, आसुपण्णे इमं वइं ।
अस्सिं धम्मे अणायारं, णायरेज्ज कयाइ वि ॥

**શબ્દાર્થ :–** **आदाय** = ગ્રહણ કરીને, સ્વીકાર કરીને **बंभचेरं** = બ્રહ્મચર્યને **आसुपण्णे** = આશુપ્રજ્ઞ, કુશાગ્ર બુદ્ધિવાન **इमं वइं** = આ વચનોને **अस्सिं धम्मे** = આ ધર્મમાં **अणायारं** = અનાચારનું **ण** = નહીં **आयरेज्ज** = સેવન કરે.

**ભાવાર્થ :–** કુશાગ્ર બુદ્ધિવાન સાધક આ અધ્યયનમાં કથિત વચનોને તથા બ્રહ્મચર્યને ધારણ કરીને આ જિનેશ્વર પ્રરૂપિત ધર્મમાં સ્થિત રહીને કદાપિ અનાચારનું સેવન ન કરે ॥૧॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અનાચારોના ત્યાગની પવિત્ર પ્રેરણા આપી છે.

**आसुपण्णे :–** આશુપ્રજ્ઞ, કુશાગ્ર બુદ્ધિમાન. જેમ હંસની ચાંચ ક્ષીર-નીરનો ભેદ કરે, તેમ જે જડ-ચૈતન્યનો, સત્-અસત્નો, હેય-ઉપાદેયનો વિવેક કરી શકે તે કુશાગ્રબુદ્ધિવાન કહેવાય છે. તેવા સાધકો જ હેય તત્ત્વનો ત્યાગ અને ઉપાદેય તત્ત્વનો સ્વીકાર કરીને આત્મભાવમાં સ્થિર થઈ શકે છે.

**बंभचेरं :–** બ્રહ્મચર્ય. **ब्रह्मणि, आत्मनि चरति इति ब्रह्मचर्यः ।** આત્મ સ્વરૂપમાં વિચરણ–રમણ કરવું, તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યની પ્રાપ્તિ માટેના મુખ્ય ચાર ઉપાયોને પણ બ્રહ્મચર્ય કહે છે.

**सत्यं ब्रह्म, तपो ब्रह्मः, ब्रह्म इन्द्रियनिग्रहः ।
सर्वभूतदया ब्रह्म, एतद् ब्रह्मलक्षणः ॥**

**અર્થ–** સત્ય, તપ, ઈન્દ્રિયનિગ્રહ અને સમસ્ત જીવો પ્રત્યે દયાભાવ, આ ચાર ગુણોની આરાધનાથી સાધક ક્રમશઃ વિભાવથી દૂર થઈને બ્રહ્મ સ્વરૂપી આત્મભાવમાં સ્થિર થાય છે, તેથી તે ચાર ગુણો બ્રહ્મચર્ય રૂપ છે.

આ નિર્ગ્રંથ પ્રવચનમાં સ્થિત થયેલા કુશાગ્ર બુદ્ધિવાન સાધકો આત્મભાવમાં સ્થિર થવા માટે આ અધ્યયનમાં કથિત ઉપદેશનો તથા બ્રહ્મચર્યનો સ્વીકાર કરીને અનાચારનો ત્યાગ કરે.

**એકાંતવાદ–અનાચાર :–**

**૨** अणाइयं परिण्णाय, अणवदग्गे ति वा पुणो ।
सासयमसासए वा, इइ दिट्ठिं ण धारए ॥

**૩** एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥

**શબ્દાર્થ :–** **अणाइयं** = અનાદિ **परिण्णाय** = જાણીને **अणवदग्गे** = જેનો અવદગ્ર એટલે અંત ન હોય તે અનંત **सासयं** = શાશ્વત(નિત્ય) **असासए** = અશાશ્વત **दिट्ठिं** = દષ્ટિને **ववहारो** = વ્યવહાર.

**ભાવાર્થ :–** આ ચતુર્દશરજ્જ્વાત્મક અથવા ષટ્ દ્રવ્યાત્મક લોક અનાદિ અનંત છે, આ પ્રમાણે જાણીને વિવેકી પુરુષ આ લોક એકાંત નિત્ય છે અથવા એકાંત અનિત્ય છે; આ પ્રકારની એકાંત દષ્ટિ ન રાખે ॥૨॥

એકાંત નિત્ય તથા એકાંત અનિત્ય, આ બંને સ્થાનથી વ્યવહાર થતો નથી, તેથી આ બંને એકાંત પક્ષોનો સ્વીકાર કરવો, તે અનાચાર રૂપ છે, તેમ જાણવું જોઈએ ॥૩॥

**૪** **समुच्छिज्जिहिंति सत्थारो, सव्वे पाणा अणेलिसा ।**
**गंठिगा वा भविस्संति, सासयं ति य णो वए ॥**

**૫** **एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जइ ।**
**एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥**

**શબ્દાર્થ :–** **समुच्छिज्जिहिंति** = ઉચ્છિન્ન–નાશ થશે. **सत्थारो** = પ્રશાસ્તા, સર્વજ્ઞ તીર્થંકર **अणेलिसा**= અનીદશ, અસમાન, **गंठिगा** = ગ્રંથિક, કર્મબંધનથી યુક્ત.

**ભાવાર્થ :–** (૧) શાસનપ્રવર્તક તીર્થંકર વિચ્છેદને પ્રાપ્ત થશે. (૨) સર્વ જીવો પરસ્પર એક સમાન નથી. (૩) સર્વ જીવો કર્મગ્રંથિથી બદ્ધ રહેશે.(૪) તીર્થંકર સદૈવ શાશ્વત રહેશે. (૫) સર્વ જીવો સદા એકરૂપ રહેશે. (૬) સર્વ જીવો કાળક્રમથી મોક્ષ પ્રાપ્ત કરશે, ઈત્યાદિ એકાંત વચન બોલવા ન જોઈએ ॥૪॥ આ બંને એકાંત વચનોથી વ્યવહાર થતો નથી. આ બંને એકાંત વચનો અનાચાર રૂપ છે, તેમ જાણવું જોઈએ ॥૫॥

**૬** **जे केइ खुड्डगा पाणा, अदुवा संति महालया ।**
**सरिसं तेहिं वेरं ति, असरिसं ति य णो वए ॥**

**૭** **एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जइ ।**
**एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥**

**શબ્દાર્થ :–** **खुड्डगा** = ક્ષુદ્ર(નાના) **महालया** = મહાકાયવાળા **सरिसं** = સમાન **असरिसं** = અસમાન **वेरं** = વેર થાય છે.

**ભાવાર્થ :–** આ સંસારમાં એકેંદ્રિય આદિ ક્ષુદ્ર પ્રાણી અથવા હાથી, ઊંટ, મનુષ્ય આદિ મહાકાય પ્રાણીઓ છે, આ બંને પ્રકારના પ્રાણીઓની હિંસાથી, બંનેની સાથે સમાન જ વેર થાય છે અથવા સમાન વેર થતું નથી આ પ્રમાણે એકાંત વચન બોલવા ન જોઈએ ॥૬॥ આ બંને એકાંત વચનોથી વ્યવહાર થતો નથી. આ બંને એકાંત વચનો અનાચાર રૂપ છે, તેમ જાણવું જોઈએ ॥૭॥

**૮** **अहाकडाइं भुंजंति, अण्णमण्णे सकम्मुणा ।**
**उवलित्ते ति जाणिज्जा, अणुवलित्ते त्ति वा पुणो ॥**

९ एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥

**શબ્દાર્થ :–** **अहाकडाइं** = આધાકર્મી આહારાદિ **भुंजंति** = ખાય છે, સેવન કરે છે **अण्णमण्णे** = પરસ્પર **उवलित्ते** = ઉપલિપ્ત **अणुवलित्ते** = ઉપલિપ્ત થતા નથી.

**ભાવાર્થ :–** જે સાધુ પરસ્પર મળીને આધાકર્મદોષ યુક્ત આહારાદિનો ઉપભોગ કરે છે, તે સર્વે પાપ કર્મથી લિપ્ત થાય છે અથવા લિપ્ત થતા નથી, આ પ્રમાણે એકાંત વચનો બોલવા ન જોઈએ ॥૮॥ આ બંને એકાંત વચનોથી વ્યવહાર થતો નથી. આ બંને એકાંત વચનો અનાચાર રૂપ છે, તેમ જાણવું જોઈએ ॥૯॥

१० जमिदं ओरालमाहारं, कम्मगं च तहेव य ।
सव्वत्थ वीरियं अत्थि, णत्थि सव्वत्थ वीरियं ।।१०।।

११ एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ।।११॥

**શબ્દાર્થ :–** **ओरालं** = ઔદારિક **आहारं** = આહારક **कम्मगं** = કાર્મણશરીર **वीरियं** = વીર્યશક્તિ.

**ભાવાર્થ :–** જે આ પ્રત્યક્ષ જોઈ શકાય છે, તેવું ઔદારિક શરીર, આહારક શરીર, કાર્મણ શરીર અને ઉપલક્ષણથી વૈક્રિય અને તૈજસ શરીર, આ પાંચેય શરીર એકાંતે ભિન્ન નથી અથવા સર્વથા ભિન્ન જ છે, બધા પદાર્થોમાં બધા પદાર્થોની શક્તિ વિદ્યમાન છે અથવા બધા પદાર્થોમાં બધાની શક્તિ નથી. આવા એકાંતવચન બોલવા ન જોઈએ ॥૧૦॥ આ બંને એકાંત વચનોથી વ્યવહાર થતો નથી. આ બંને એકાંત વચનો અનાચાર રૂપ છે, તેમ જાણવું જોઈએ ॥૧૧॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓ દ્વારા શાસ્ત્રકારે જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી એકાંત દષ્ટિકોણ રૂપ અનાચારનું કથન કરીને તેનો વિવેક કરવાનો ઉપદેશ આપ્યો છે.

**अणायारं :–** અનાચાર. આચરવા યોગ્ય ન હોય, તેવા કૃત્યો અનાચાર કહેવાય છે. અનાચારનો શબ્દાર્થ સમ્યક્ચારિત્રથી સંબંધિત છે, પરંતુ તેનો ભાવાર્થ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર, તે રત્નત્રયીથી સંબંધિત છે. સાધકોને માટે વિપરીત શ્રદ્ધા, વિપરીત બોધ અને વિપરીત આચરણ, આ ત્રણેય અનાચારરૂપ છે.

અનાચારનું મૂળભૂત કારણ એકાંત દષ્ટિકોણ છે. જૈન દર્શન અનેકાંત દષ્ટિકોણને સ્વીકારે છે. કોઈ પણ પદાર્થોનું અનેક દષ્ટિથી અવલોકન કરતાં તેનું વાસ્તવિક દર્શન થાય છે, એકાંત દષ્ટિથી વાસ્તવિક દર્શન થતું નથી. એકાંત દષ્ટિકોણથી જ જ્ઞાન દર્શન અને ચારિત્રમાં વિપરીતતા આવે છે, તેથી પ્રસ્તુતમાં સૂત્રકારે વિવિધ પ્રકારના એકાંત દષ્ટિકોણને અનાચાર રૂપ કહીને તેના ત્યાગનું કથન કર્યું છે.

**(૧) નિત્ય–અનિત્ય :–** લોક એકાંતે નિત્ય છે અથવા એકાંતે અનિત્ય છે– તે અનાચાર વચન છે. જ્યાં છ દ્રવ્યો સ્થિત છે તેને લોક કહે છે. તે છએ દ્રવ્યો, દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. પ્રત્યેક વસ્તુમાં ધ્રુવ અને અધ્રુવ, આ બે અંશ છે. ધ્રુવ અંશ હંમેશાં નિત્ય રહે છે, અધ્રુવ અંશમાં ઉત્પાદ

અને વ્યય થાય છે. આ રીતે કોઈ પણ વસ્તુમાં પોતાનું મૂળભૂત સ્વરૂપ છોડ્યા વિના સતત ઉત્પત્તિ અને વિનાશ થયા જ કરે છે, જેમ કે– આત્મા દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને તેની મનુષ્ય, તિર્યંચાદિ ભિન્ન-ભિન્ન અવસ્થાઓ બદલાયા કરે છે. આ રીતે પ્રત્યેક પદાર્થ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

સાંખ્ય તથા નૈયાયિકો લોકને એકાંતે નિત્ય અને બૌદ્ધો એકાંતે અનિત્ય–ક્ષણિક કહે છે. લોક એકાંતે નિત્ય હોય, તો તેમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન થઈ શકતું નથી અને એકાંત અનિત્ય–ક્ષણિક હોય, તેમાં ધ્રુવ અંશ ન હોય તો કર્મ, પુનર્જન્મ, બંધ, મોક્ષ વગેરે સિદ્ધાંતો ઘટિત થતા નથી.

લોકને એકાંતે નિત્ય કે અનિત્ય કહેવાથી લૌકિક કે લોકોત્તર, આ લોક સંબંધી કે પરલોક સંબંધી પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ વ્યવહાર થતો નથી. બંને એકાંત વચન સત્ય ન હોવાથી અનાચાર છે.

**(૨) તીર્થંકર વિચ્છેદ–અવિચ્છેદ :–** સર્વ તીર્થંકરોનો વિચ્છેદ થશે અથવા થશે નહીં, આ પ્રમાણે એકાંત વચન કહેવું, તે અનાચાર છે.

એક તીર્થંકરનું આયુષ્ય પૂર્ણ થતાં તે સિદ્ધ થાય છે અર્થાત્ તેના તીર્થંકરપણાનો વિચ્છેદ થાય છે. તે ભરત–ઐરવતક્ષેત્રની અપેક્ષાએ સમજવું જોઈએ અને મહાવિદેહક્ષેત્રમાં એક તીર્થંકર નિર્વાણ પામે ત્યાં અન્ય તીર્થંકર કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. આ રીતે ત્યાં પ્રવાહની અપેક્ષાએ તીર્થંકરો શાશ્વત છે, મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરોનો વિચ્છેદ કદાપિ થતો નથી.

આ રીતે એક તીર્થંકરની અપેક્ષાએ તીર્થંકરોનો વિચ્છેદ થાય છે અને અનેક તીર્થંકરોની અપેક્ષાએ તેનો વિચ્છેદ થતો નથી. આ પ્રકારનું અનેકાંત વચન યથાર્થ છે.

**(૩) ભવી જીવ નાશ–અનાશ :–** સર્વ ભવી જીવોનો નાશ થશે અથવા થશે નહીં, આ પ્રમાણે એકાંત વચન કહેવું, તે અનાચાર છે.

મોક્ષગમનને યોગ્ય જીવોને ભવી કહે છે. ભવી જીવ રત્નત્રયીની સાધના દ્વારા મોક્ષગતિને પામે છે. ત્યારે તેના ભવીપણાનો નાશ થાય છે, કારણ કે સિદ્ધ થયેલો જીવ નોભવી નોઅભવી કહેવાય છે.

ભવી જીવો અનંત છે. ભૂતકાલમાં અનંત ભવી જીવો મોક્ષે ગયા છે અને ભવિષ્યકાલમાં અનંત ભવી જીવો મોક્ષે જશે, તેમ છતાં ભવી જીવો અનંત હોવાથી તેનો અંત કદાપિ થતો નથી. આ લોકમાં ભવી અને અભવી બંને પ્રકારના જીવો શાશ્વત છે. લોક ક્યારેય ભવી કે અભવી જીવોથી રહિત થતો નથી.

**(૪) જીવોની સમાનતા–અસમાનતા :–** સર્વ જીવો એક સમાન છે અથવા સર્વ જીવો અસમાન છે. આ કથન પણ એકાંતિક હોવાથી યથાર્થ નથી.

સર્વ જીવો ચૈતન્ય લક્ષણની અપેક્ષાએ એક સમાન છે. નરક-નિગોદના જીવોથી લઈને સર્વ સંસારી અને સિદ્ધ જીવોનું આત્મતત્ત્વ એક સમાન છે, પરંતુ પ્રત્યેક જીવોની વર્તમાન પરિસ્થિતિ એક સમાન નથી. કર્મની અપેક્ષાએ તથા ગતિ, જાતિ આદિ અપેક્ષાએ સંસારી જીવોની વિભિન્નતા પ્રત્યક્ષ જોઈ શકાય છે. તે-તે જીવોના કર્મ પ્રમાણે તેની અવસ્થાઓમાં પરિવર્તન થયા જ કરે છે. એક જીવની અવસ્થાઓ પણ પરિવર્તન પામે છે. આ રીતે સર્વ જીવો ચૈતન્યની અપેક્ષાએ સમાન છે અને મનુષ્યાદિ ગતિ, એકેન્દ્રિયાદિ જાતિની અપેક્ષાએ અસમાન છે.

**(૫) જીવ કર્મ સહિત–કર્મ રહિત :–** સર્વ જીવો હંમેશાં સકર્મક રહેશે અથવા સર્વ જીવો અકર્મક થઈ જશે. આ કથન પણ એકાંતિક હોવાથી યથાર્થ નથી.

અનંત જીવો અનાદિકાલથી સકર્મક જ હોય છે, પરંતુ કેટલાક જીવોમાં અકર્મક થવાની યોગ્યતા હોય છે. તેવા ભવી જીવો સમ્યક પુરુષાર્થ દ્વારા સકર્મક અવસ્થામાંથી અકર્મક અવસ્થાને પ્રાપ્ત કરે છે. અભવી જીવોમાં અકર્મક થવાની યોગ્યતા નથી, તેથી તે જીવો હંમેશાં સકર્મક જ રહે છે. તેવા જીવો પણ અનંત છે.

અનંત અભવી જીવો હંમેશાં સકર્મક જ રહે છે. અનંત ભવી જીવોએ પુરુષાર્થ દ્વારા સકર્મક અવસ્થામાંથી અકર્મક અવસ્થાને પ્રાપ્ત કરી છે અને અનંત ભવી જીવો સકર્મકપણે સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે. તેથી સર્વ જીવો હંમેશાં સકર્મક જ રહેશે તેમ પણ નથી અને અનંત કાલે સર્વ જીવો અકર્મક થઈ જશે તેમ પણ નથી. સકર્મક અને અકર્મક બંને પ્રકારના જીવો શાશ્વત છે.

આ રીતે તીર્થંકરો, ભવી જીવો, સર્વ જીવની સમાનતા અને જીવોના વિષયમાં કોઈ પણ પ્રકારનું એકાંતિક વચન અનાચાર રૂપ છે, તેથી સાધુએ તેવા વચન પ્રયોગનો ત્યાગ કરવો જોઈએ.

**(૬) વૈરાનુબંધ સમાન–અસમાન :–** નાના અથવા મોટા જીવોની હિંસામાં સમાન વૈરનો બંધ થાય છે અથવા સમાન વૈરનો બંધ થતો જ નથી. આ પ્રકારના વચન, અનાચાર વચન છે.

પ્રાણીઓ મોટા શરીરવાળા હોય, તો તેની હિંસાથી અધિક કર્મબંધ થાય અને નાના શરીરવાળા હોય, તો તેની હિંસાથી કર્મબંધ અલ્પ થાય, આ કથન યથાર્થ નથી. કર્મબંધની ન્યૂનાધિકતાનો આધાર પ્રાણીઓના પરિણામ પર છે. પ્રાણીઓના તીવ્રભાવ, મંદભાવ, મહાવીર્યતા, અલ્પવીર્યતા વગેરેથી કર્મબંધજનિત વેરબંધમાં ભિન્નતા થાય છે. વેરબંધનો આધાર હિંસા અને હિંસાના ભાવોની તીવ્રતા-મંદતા છે. જીવોની સંખ્યા અથવા જીવોના શરીરની સ્થૂલતા કે સૂક્ષ્મતા વેરભાવની સમાનતા-અસમાનતાનું મુખ્ય કારણ થતું નથી, ઘાતક પ્રાણીઓના ભાવોની અપેક્ષાથી વેર બંધમાં સમાનતા અથવા અસમાનતા થાય છે.

**(૭) આધાકર્મી સેવનથી કર્મબંધ–અબંધ :–** આધાકર્મી આહારાદિનું સેવન કરનાર પાપકર્મથી લિપ્ત થાય છે અથવા પાપકર્મથી લિપ્ત થતા નથી. આ પ્રકારના વચન, અનાચાર વચન છે.

સાધુના ઉદ્દેશથી તૈયાર થયેલા ભોજન, વસ્ત્ર, પાત્ર, મકાનાદિ આધાકર્મ દોષથી દૂષિત છે. સાધુને માટે આધાકર્મી દોષથી દૂષિત આહારાદિ સર્વથા વર્જ્ય છે. શ્રી દશવૈકાલિક સૂત્ર, આચારાંગ સૂત્ર, સૂયગડાંગ સૂત્ર, ભગવતી સૂત્ર, પ્રશ્ન વ્યાકરણ સૂત્ર આદિ અનેક આગમ સૂત્રોમાં સાધુને આધાકર્મી આહારાદિ ગ્રહણ કરવાનો નિષેધ દર્શાવ્યો છે. આધાકર્મી આહારાદિ તૈયાર કરવામાં છ કાય જીવોનો આરંભ-સમારંભ થાય છે, તેથી તેનું સેવન સાધુ માટે સર્વથા ત્યાજ્ય છે.

તેમ છતાં આધાકર્મી આહારનું સેવન કરનાર બે સાધુઓની વૃત્તિમાં, પરિસ્થિતિમાં ભિન્નતા હોય છે. તેથી તેના સંબંધી કર્મબંધમાં પણ ભિન્નતા થાય છે. જેને છદ્મસ્થ સાધુ જાણી શકતા નથી. તેથી તેઓના કર્મબંધ સંબંધી એકાંત વચન પ્રયોગ કરવો યોગ્ય નથી કારણ કે કર્મબંધમાં, પ્રવૃત્તિ કરતાં આશયની(ભાવની), મુખ્યતા હોય છે. માટે પ્રવૃત્તિના આધારે કોઈના વ્યક્તિગત કર્મબંધ વિષયક નિર્ણય આપવો તે એકાંત વચન હોવાથી અનાચાર રૂપ છે.

શ્રી ભગવતી સૂત્ર, શતક–૧, ઉદ્દેશક–૯માં આધાકર્મી આહારનું સેવન કરનાર માટે દીર્ઘકાલીન સંસાર પરિભ્રમણનું નિરૂપણ છે. આધાકર્મી આહારનું સેવન કર્મબંધનું કારણ છે, તે એક સિદ્ધાંત છે. પ્રસ્તુત પ્રસંગમાં જિનેશ્વર કથિત કોઈ પણ સિદ્ધાંતના કથનનો નિષેધ નથી, પરંતુ કોઈ ચોક્કસ વ્યક્તિના કર્મબંધ વિષયક નિર્ણય આપવો, તે છદ્મસ્થો માટે અનાચારરૂપ છે.

**(૮) શરીરની ભિન્નતા–અભિન્નતા :–** ઔદારિક આદિ શરીરો સર્વથા ભિન્ન છે અથવા અભિન્ન છે, આ પ્રકારનું વચન, અનાચાર વચન છે.

ઔદારિક આદિ પાંચ શરીરનાં કારણો તથા લક્ષણાદિમાં ભેદ હોવાથી તેમાં એકાંત અભેદ નથી, જેમ કે ઔદારિક શરીર ઉદાર પુદ્ગલોથી બન્યું છે. તેમાં હાડ-માંસ આદિ હોય છે. કાર્મણ શરીર, કાર્મણ વર્ગણાના પુદ્ગલોથી તથા તૈજસ શરીર, તૈજસ વર્ગણાના પુદ્ગલોથી બન્યું છે. તૈજસ-કાર્મણ શરીર સૂક્ષ્મ છે. આ રીતે તેના કારણોમાં અને લક્ષણોમાં ભિન્નતા હોવાથી તે એકાંતે અભિન્ન નથી, તેમ છતાં બધાં શરીરો સામાન્ય રીતે પુદ્ગલ પરમાણુઓથી નિર્મિત છે, તેથી તેમાં સર્વથા ભેદ માનવો, તે પણ ઉચિત નથી. ક્યારેક ઔદારિક, તૈજસ-કાર્મણ, આ ત્રણે શરીર એક સ્વરૂપ બનીને સાથે રહે છે. ક્યારેક ઔદારિક શરીર કલેવરની અપેક્ષાએ તૈજસ-કાર્મણ વિના પણ રહે છે અને જીવની વિગ્રહગતિમાં તૈજસ-કાર્મણ શરીર ઔદારિક શરીર વિના જ રહે છે. આ રીતે પાંચે શરીર ક્યારેક ભિન્ન અને ક્યારેક અભિન્ન બંને રીતે અનુભવાય છે. માટે અનેકાંત દૃષ્ટિથી આ શરીરોમાં કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ માનવો, તે જ વ્યાવહારિક રાજમાર્ગ છે.

**(૯) સવીર્ય–અવીર્ય :–** સર્વ પદાર્થોમાં સર્વ શક્તિ વિદ્યમાન છે અથવા નથી તેવું એકાંત વચન અનાચાર વચન છે. સાંખ્યમતાનુસાર જગતના સર્વ પદાર્થો પ્રકૃતિજન્ય છે, પ્રકૃતિ જ સમસ્ત પદાર્થોનું કારણ છે. પ્રકૃતિ એક હોવાથી સર્વ પદાર્થો સર્વાત્મક છે અને સર્વ પદાર્થોમાં સર્વ શક્તિ વિદ્યામાન છે.

સાંખ્યમતાનુયાયીનું ઉપરોક્ત કથન સંગત નથી, કારણ કે સર્વ પદાર્થો પોત-પોતાના સ્વરૂપમાં સ્થિત છે, પદાર્થોની શક્તિ પણ પરસ્પર વિલક્ષણ છે. પદાર્થોની વિભિન્નતા પ્રત્યક્ષ સિદ્ધ છે. જગતના જીવોમાં પણ સુખ-દુઃખ, જન્મ-મરણ, સુરૂપ-કુરુપ આદિ અનેક પ્રકારે વિવિધતા જોઈ શકાય છે. તેથી "સર્વ પદાર્થો સર્વાત્મક છે અને સર્વ પદાર્થોમાં સર્વ પદાર્થોની શક્તિ વિદ્યમાન છે" આ પ્રકારનું એકાંત વચન મિથ્યા છે.

સર્વ પદાર્થ સત્ ધર્મની અપેક્ષાએ સમાન છે. સર્વ પદાર્થોમાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ સામાન્ય ગુણો એક સમાન છે અને પ્રત્યેક પદાર્થ અનંત ગુણાત્મક છે. તેથી જગતના જડ અને ચૈતન્યવંત પદાર્થો વિશેષ ગુણોની અપેક્ષાએ અસમાન પણ છે.

સંક્ષેપમાં કોઈ પણ વિષયમાં એકાંત દૃષ્ટિકોણથી કે એકાંત વચન પ્રયોગથી વાસ્તવિકતાનું દર્શન થતું નથી, પરંતુ અનેકાંતિક દૃષ્ટિકોણથી કે અનેકાંતિક વચન પ્રયોગથી જ વાસ્તવિકતાનું દર્શન થાય છે. તેથી પ્રસ્તુતમાં એકાંત વચનને અનાચાર રૂપે સૂચિત કરીને તેના ત્યાગનો સંદેશ આપ્યો છે.

**લોક અલોક સંબંધી આસ્તિકતા :–**

**૧૨** **णत्थि लोए अलोए वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि लोए अलोए वा, एवं सण्णं णिवेसए ॥**

**શબ્દાર્થ :–** **सण्णं** = સંજ્ઞા, જ્ઞાન **णिवेसए** = રાખે.

**ભાવાર્થ :–** લોક નથી અથવા અલોક નથી, તેવી સંજ્ઞા-બુદ્ધિ ન રાખવી જોઈએ. લોક પણ છે અને અલોક પણ છે, તેવી બુદ્ધિ રાખવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં નાસ્તિકતાનો નિષેધ કરીને આસ્તિકતાનું વિધાન કરવામાં આવ્યું છે. આસ્તિકતા જ આચાર છે અને નાસ્તિકતા અનાચાર છે. તેથી સાધકે કેટલાક વિષયો સંબંધી નાસ્તિકતાનો ત્યાગ કરી તેના સ્વતંત્ર અસ્તિત્વને સ્વીકારી, તેના પર શ્રદ્ધા રાખવી જોઈએ. જે આ પદાર્થના સ્વતંત્ર અસ્તિત્વને સ્વીકારતા નથી, તે નાસ્તિક છે અને જૈનધર્મની પરિભાષામાં તે મિથ્યાત્વી કહેવાય છે. પ્રસ્તુતમાં તેવી મિથ્યા માન્યતાનો સ્વીકાર કરનાર પુરુષને દર્શનાચારથી રહિત હોવાથી અનાચાર સેવી કહ્યા છે.

સૂત્રકારે ક્રમશઃ પંદર મિથ્યા માન્યતાનું કથન કરીને તેનું નિરાકરણ કર્યું છે.

સર્વશૂન્યતાવાદી લોક અને અલોક બંનેનું અસ્તિત્વ સ્વીકારતા નથી. તેઓના મતાનુસાર સ્વપ્ન, ઈન્દ્રજાળ અને માયામાં પ્રતીત થનારા પદાર્થોની જેમ લોક અને અલોક બધું મિથ્યા છે. તેમનો આ સિદ્ધાંત ભ્રાંતિમૂલક હોવાથી યુક્તિ સંગત નથી. પ્રત્યક્ષ દશ્યમાન ચૌદ રજ્જુ પરિમાણ, ષટ્ દ્રવ્યાત્મક લોકનું અસ્તિત્વ સ્વતઃ સિદ્ધ છે અને જ્યાં ધર્માસ્તિકાય આદિ ષટ્દ્રવ્ય નથી, કેવળ આકાશ છે, તે અલોકનું અસ્તિત્વ પણ અનુમાન અને આગમ પ્રમાણથી સિદ્ધ છે.

**જીવ–અજીવ સંબંધી આસ્તિકતા :–**

**૧૩** **णत्थि जीवा अजीवा वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि जीवा अजीवा वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** જીવ અને અજીવ પદાર્થો નથી, એવી સંજ્ઞા ન રાખવી જોઈએ, પરંતુ જીવ અને અજીવ પદાર્થો છે એવી સંજ્ઞા(બુદ્ધિ) રાખવી જોઈએ.

**વિવેચન :–**

પંચમહાભૂતવાદી જીવ (આત્મા)નું પૃથક્ અસ્તિત્વ માનતા નથી. તેઓના મતાનુસાર પૃથ્વી, પાણી અગ્નિ, વાયુ અને આકાશ, આ પાંચ મહાભૂત જ્યારે શરીરાકારે પરિણત થાય ત્યારે તેમાં ચૈતન્ય ઉત્પન્ન થાય છે અને પાંચ મહાભૂતના વિનાશથી ચૈતન્ય તત્ત્વનો પણ નાશ થાય છે. આત્મા નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી.

અદ્વૈતવાદી(વેદાંતી) અજીવનું પૃથક્ અસ્તિત્વ માનતા નથી, તેઓના મતાનુસાર– આખું જગત બ્રહ્મ રૂપ છે, ચેતન-અચેતન સર્વ પદાર્થો બ્રહ્મરૂપ છે, તે સર્વ બ્રહ્મના કાર્ય છે. બ્રહ્મથી ભિન્ન જીવ-અજીવ પદાર્થને માનવા તે ભ્રમ છે.

ઉપરોક્ત બંને મત પ્રમાણ વિરુદ્ધ છે. જૈનદર્શનના મતાનુસાર ઉપયોગ લક્ષણવાળા જીવનું સ્વતંત્ર અસ્તિત્વ પ્રત્યક્ષ, અનુમાન, આગમ આદિ પ્રમાણોથી સિદ્ધ છે, તે અનાદિ છે અને તે પંચમહાભૂતનું કાર્ય નથી, જડ પંચમહાભૂતોથી ચૈતન્યની ઉત્પત્તિ સંભવ નથી. તે જ રીતે અજીવ દ્રવ્યનું પણ સ્વતંત્ર અસ્તિત્વ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ છે, જો જીવાદિ પદાર્થો એક આત્મા(બ્રહ્મ)થી ઉત્પન્ન થયા હોત તો તેમાં પરસ્પર સમાનતા હોય, સંસારમાં આત્મા એક જ હોય, તો કોઈ સુખી, કોઈ દુઃખી, કોઈ બદ્ધ, કોઈ મુક્ત આદિ વિભિન્ન અવસ્થાઓ દષ્ટિગોચર ન થાય. એક જીવનાં સુખથી સમસ્ત જીવ સુખી અને એકના દુઃખે સર્વ

જીવો દુઃખી થઈ જાય, પરંતુ આ પ્રકારે થતું નથી. તેથી પ્રત્યેક જીવનું પૃથક્-પૃથક્ અસ્તિત્વ અને ધર્માસ્તિકાયાદિ અજીવ દ્રવ્યનું સ્વતંત્ર અસ્તિત્વ માનવું તે જ યુક્તિ સંગત છે.

**ધર્મ–અધર્મ સંબંધી આસ્તિકતા :–**

**૧૪** णत्थि धम्मे अधम्मे वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि धम्मे अधम्मे वा, एवं सण्णं निवेसए ॥

**ભાવાર્થ :–** ધર્મ-અધર્મ નથી એવી માન્યતા ન રાખવી જોઈએ, પરંતુ ધર્મ પણ છે અને અધર્મ પણ છે, એવી માન્યતા રાખવી જોઈએ.

**વિવેચન :–**

સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર તે આત્માના ગુણો છે, તેથી તે ધર્મ કહેવાય છે. તેનાથી વિપરીત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તે આત્માના વૈભાવિક પરિણામો અથવા અશુદ્ધ ગુણો છે અને તે શુદ્ધ ધર્મના વિરોધી છે, તેથી તે અધર્મ કહેવાય છે. ધર્મ અને અધર્મના કારણે સંસારી જીવોના કર્મબંધમાં ભિન્નતા અને તેનાથી જ સંસારની વિચિત્રતા પ્રતીત થાય છે, તેથી ધર્મ અને અધર્મ, આ બંનેનાં સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ. ઉપર્યુક્ત કથન સત્ય હોવા છતાં પણ કેટલાક દાર્શનિકો કાળ, સ્વભાવ, નિયતિ અથવા ઈશ્વર આદિને જ જગતની વિચિત્રતાઓનાં કારણ માનીને ધર્મ,અધર્મનાં સ્વતંત્ર અસ્તિત્વને સ્વીકારતા નથી, પરંતુ ધર્મ-અધર્મને સ્વીકાર્યા વિના વ્યક્તિઓમાં વિભિન્નતાઓ થઈ શકતી નથી, તેથી જીવોની વિભિન્નતાના કારણભૂત કર્મનો અને શુભાશુભ કર્મબંધના કારણભૂત ધર્મ-અધર્મનો સ્વીકાર કરવો, તે યુક્તિસંગત છે.

**બંધ–મોક્ષ સંબંધી આસ્તિકતા :–**

**૧૫** णत्थि बंधे व मोक्खे वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि बंधे व मोक्खे वा, एवं सण्णं णिवेसए ॥

**ભાવાર્થ :–** બંધ અને મોક્ષ નથી એ પ્રમાણે ન માનવું જોઈએ પરંતુ બંધ અને મોક્ષ છે, એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

**વિવેચન :–**

કર્મપુદ્ગલનો જીવ સાથે દૂધ પાણીની જેમ સંબંધ થવો, તે **બંધ** છે અને સમસ્ત કર્મોનો ક્ષય થવો અર્થાત્ આત્માથી કર્મોનું સર્વથા પૃથક્ થવું તે **મોક્ષ** છે. બંધ અને મોક્ષનું અસ્તિત્વ પ્રત્યક્ષાદિ પ્રમાણથી સિદ્ધ થાય છે. આ બંનેના અસ્તિત્વ પર અશ્રદ્ધાનો ભાવ, વ્યક્તિને નિરંકુશપણે પાપાચાર કે અનાચારનું સેવન કરાવે છે.

કેટલાક સાંખ્યાદિ દાર્શનિકો આત્માનો બંધ અને મોક્ષ માનતા નથી. તેઓના મતાનુસાર આત્મા અરૂપી છે અને કર્મપુદ્ગલ રૂપી છે. અરૂપી આત્માની સાથે રૂપી કર્મપુદ્ગલોનો બંધ થતો નથી અને આત્મા બદ્ધ થઈ શકતો ન હોવાથી મોક્ષની વાત નિરર્થક બની જાય છે. બંધના અભાવમાં મોક્ષ પણ અસંભવિત થાય છે.

વસ્તુતઃ ઉપરોક્ત માન્યતા યથાર્થ નથી. આત્મામાં મદ્ય આદિ પદાર્થના સેવનથી થતી વિકૃતિ સ્પષ્ટ જોઈ શકાય છે. સંસારી આત્મા એકાંતે અરૂપી નથી, તે કથંચિત્ રૂપી છે, તેથી તેનો કર્મ પુદ્ગલોની સાથે સંબંધ થાય છે. જેનો બંધ થાય છે તેનો એક દિવસ મોક્ષ પણ સંભવે છે. સંક્ષેપમાં બંધનું અસ્તિત્વ ન

માનવાથી સંસારી વ્યક્તિનો સંયમ-તપનો પુરુષાર્થ વ્યર્થ થાય અને મોક્ષ ન માનવાથી સાધ્ય અથવા અંતિમ લક્ષ્યની દિશામાં પુરુષાર્થ થતો નથી, તેથી બંનેનું અસ્તિત્વ માનવું અનિવાર્ય છે.

**પુણ્ય–પાપ સંબંધી આસ્તિકતા :–**

**૧૬** णत्थि पुण्णे व पावे वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि पुण्णे व पावे वा, एस सण्णं णिवेसए ॥

**ભાવાર્થ :–** પુણ્ય અને પાપ નથી એવી બુદ્ધિ રાખવી ન જોઈએ પરંતુ પુણ્ય પણ છે અને પાપ પણ છે, એવી બુદ્ધિ રાખવી જોઈએ.

**વિવેચન :–**

શુભકર્મ પુણ્ય છે અને અશુભકર્મ પાપ છે. આ બંને તત્ત્વોના પૃથક્-પૃથક્ સ્વતંત્ર અસ્તિત્વ છે. કેટલાક અન્યતીર્થિકો કહે છે કે આ જગતમાં પુણ્ય નામનું કોઈ તત્ત્વ નથી, એકમાત્ર પાપ જ છે. પાપ ઓછાં થવાથી સુખ ઉત્પન્ન થાય છે અને પાપ વધી જવાથી દુઃખ ઉત્પન્ન થાય છે.

કેટલાક દાર્શનિકો કહે છે – જગતમાં પાપ નામનો કોઈ પદાર્થ નથી, એકમાત્ર પુણ્ય જ છે. પુણ્ય ઘટી જાય ત્યારે દુઃખોત્પત્તિ અને પુણ્ય વધી જાય ત્યારે સુખોત્પત્તિ થાય છે.

કેટલાક દાર્શનિકો કહે છે – પુણ્ય અને પાપ બંને ય પદાર્થ મિથ્યા છે, કેમ કે જગતની વિચિત્રતા નિયતિ, સ્વભાવ આદિના કારણે થાય છે.

વાસ્તવિક રીતે વિચારતાં શુભાશુભ કર્મોના પરિપાક સ્વરૂપ પુણ્ય અને પાપ બંને સ્વતંત્ર તત્ત્વો છે. એકનું અસ્તિત્વ સ્વીકારતાં બીજાનો સહજ સ્વીકાર થઈ જાય છે. જો જગતની વિચિત્રતા નિયતિ કે સ્વભાવથી જ થતી હોય તો સત્કાર્યમાં પ્રવૃત્તિ અને દુષ્કૃત્યોથી નિવૃત્તિ માટે ઉપદેશાદિ વ્યર્થ જાય, પરંતુ આ પ્રમાણે થતું નથી, તેથી પુણ્ય અને પાપ બંનેનું સ્વતંત્ર અસ્તિત્વ માનવું, તે જ યથોચિત છે.

**આશ્રવ–સંવર સંબંધી આસ્તિકતા :–**

**૧૭** णत्थि आसवे संवरे वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि आसवे संवरे वा, एवं सण्णं णिवेसए ॥

**ભાવાર્થ :–** આશ્રવ અને સંવર નથી એવી શ્રદ્ધા ન રાખવી જોઈએ, પરંતુ આશ્રવ પણ છે અને સંવર પણ છે, એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

**વિવેચન :–**

જેના દ્વારા આત્મામાં કર્મનું આગમન થાય તે આશ્રવ. બંધના કારણ રૂપ પ્રાણાતિપાત આદિ પાપપ્રવૃત્તિ આશ્રવ છે અને તે આશ્રવનો નિરોધ કરવો તે સંવર છે. આ બંને તત્ત્વ અવશ્યંભાવી અને શાસ્ત્રસંમત છે.

કેટલાક દાર્શનિકો આશ્રવ અને સંવર બંનેને મિથ્યા માને છે. તેઓનો તર્ક છે કે આશ્રવ આત્માથી ભિન્ન હોય તો ઘટપટાદિ પદાર્થની જેમ આશ્રવ કર્મ બંધનું કારણ થઈ શકે નહીં અને જો તે આત્માથી

અભિન્ન હોય તો મુક્તાત્મામાં પણ તેની સત્તા માનવી પડશે, પરંતુ તે યોગ્ય નથી, તેથી આશ્રવની કલ્પના મિથ્યા છે અને તે આશ્રવ ન હોય, તો તેના નિરોધરૂપ સંવર પણ માની શકાય નહીં.

ઉપરોક્ત માન્યતા યુક્તિસંગત નથી. આશ્રવનું અસ્તિત્વ ન માનવાથી સાંસારિક જીવોની વિચિત્રતા સિદ્ધ થઈ શકતી નથી અને સંવર ન માનવાથી કર્મોનો નિરોધ ઘટિત થઈ શકતો નથી, તેથી બંનેનું અસ્તિત્વ માનવું જ ઉચિત છે. આશ્રવ સંસારી આત્માથી સર્વથા ભિન્ન કે સર્વથા અભિન્ન નથી. આશ્રવ અને સંવર બંનેને સંસારી આત્માથી કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન માનવા તે જ ન્યાયસંગત છે.

**વેદના–નિર્જરા સંબંધી આસ્તિકતા :–**

**૧૮** **णत्थि वेयणा णिज्जरा वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि वेयणा णिज्जरा वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** વેદના અને નિર્જરા નથી, એવી બુદ્ધિ રાખવી ન જોઈએ પરંતુ વેદના અને નિર્જરા છે, એવી બુદ્ધિ રાખવી જોઈએ.

**વિવેચન :–**

કર્મનું ફળ ભોગવવું તે 'વેદના' છે અને કર્મોનું આત્મપ્રદેશોથી છૂટી જવું તે 'નિર્જરા' છે.

કેટલાક દાર્શનિકોના મતાનુસાર વેદના અને નિર્જરા આ બંને પદાર્થ નથી, કારણ કે અજ્ઞાની પુરુષ અનેક કોટિ વર્ષોમાં જે કર્મોનો ક્ષય કરે છે, તેને જ્ઞાનીપુરુષ એક ઉચ્છ્વાસ માત્રમાં ક્ષય કરે છે. આ સિદ્ધાંતાનુસાર સેંકડો સાગરોપમ કાળમાં ભોગવવા યોગ્ય કર્મો ભોગવ્યા વિના અંતર્મુહૂર્તમાં ક્ષય થઈ જાય છે, તેથી સિદ્ધ થાય છે કે બદ્ધકર્મોનું વેદન ક્રમશઃ થતું નથી. આ રીતે વેદના નામના કોઈ તત્ત્વને માનવાની આવશ્યક્તા નથી અને જો વેદનાનો અભાવ સિદ્ધ થાય, તો નિર્જરાનો અભાવ, સ્વતઃ સિદ્ધ થાય છે.

અનેકાંતવાદી જૈન દર્શનના સિદ્ધાંત અનુસાર કેટલાક કર્મો પ્રદેશોદયથી ભોગવાઈને ખરી જાય છે અને કેટલાક કર્મો વિપાકોદયથી ભોગવાઈને નાશ પામે છે. જે કર્મો પ્રદેશોદયથી ભોગવાય છે તેનું પ્રગટ વેદન થતું નથી અને વિપાકોદયથી ભોગવાતાં કર્મોનું પ્રગટ વેદન થાય છે. કર્મોનું વેદન પ્રગટ કે અપ્રગટ પણે થાય, પરંતુ પૂર્વકૃત કર્મોને ભોગવ્યા વિના કોઈ પણ જીવનો મોક્ષ થતો નથી. આ રીતે વેદનાનું અસ્તિત્વ સિદ્ધ હોવાથી નિર્જરાનું અસ્તિત્વ સ્વતઃ સિદ્ધ થઈ જાય છે.

**ક્રિયા–અક્રિયા સંબંધી આસ્તિકતા :–**

**૧૯** **णत्थि किरिया अकिरिया वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि किरिया अकिरिया वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** ક્રિયા અને અક્રિયા નથી એવી સંજ્ઞા ન રાખવી જોઈએ, પરંતુ ક્રિયા પણ છે અને અક્રિયા પણ છે, એવી સંજ્ઞા રાખવી જોઈએ.

**વિવેચન :–**

ચાલવું, ફરવું આદિ ક્રિયા છે અને ક્રિયાનો અભાવ તે અક્રિયા છે. મન, વચન, કાયા સંબંધી સર્વ પ્રવૃત્તિઓ ક્રિયા છે, યોગનિરોધની અવસ્થા અક્રિયા છે.

સાંખ્યમતવાદી આત્માને આકાશ સમાન વ્યાપક માનીને તેમાં ક્રિયાનું અસ્તિત્વ માનતા નથી. તેઓ આત્મા–પુરુષને નિષ્ક્રિય કહે છે. બૌદ્ધો સમસ્ત પદાર્થોને ક્ષણિક માને છે તેથી તેઓ પદાર્થમાં ઉત્પત્તિ સિવાય અન્ય કોઈ ક્રિયા સ્વીકારતા નથી.

આત્મામાં ક્રિયાનો સર્વથા અભાવ માનવાથી બંધ-મોક્ષની વ્યવસ્થા થઈ શકતી નથી. તેમજ આત્મા સુખ-દુઃખનો ભોક્તા બની શકતો જ નથી. તે જ રીતે આત્મા ક્ષણિક હોવાથી તેમાં ઉત્પત્તિ સિવાયની ક્રિયા થતી, નથી તે કથન પણ યોગ્ય નથી કારણ કે પદાર્થોમાં ઉત્પત્તિ સિવાયની ક્રિયાઓ પ્રત્યક્ષ પ્રતીત થાય છે.

આ રીતે ક્રિયા અને અક્રિયા, બંનેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. સયોગી અવસ્થામાં આત્મા સક્રિય છે. અયોગી અવસ્થામાં આત્મા અક્રિય બની જાય છે.

**ક્રોધાદિ ચાર કષાયો સંબંધી આસ્તિકતા :–**

**૨૦** **णत्थि कोहे व माणे वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि कोहे व माणे वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** ક્રોધ અને માન નથી એવી માન્યતા ન રાખવી જોઈએ, ક્રોધ પણ છે અને માન પણ છે, એવી માન્યતા રાખવી જોઈએ.

**૨૧** **णत्थि माया व लोभे वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि माया व लोभे वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** માયા અને લોભ નથી, આ પ્રકારની માન્યતા ન રાખવી જોઈએ, માયા પણ છે અને લોભ પણ છે, એવી માન્યતા રાખવી જોઈએ.

**વિવેચન :–**

પોતાના અથવા બીજાના પર અપ્રીતિ કરવી ક્રોધ છે, ગર્વ કરવો માન છે, કપટ કરવું માયા છે અને તૃષ્ણા રાખવી તેને લોભ કહે છે.

ચારે ય કષાયોનું અસ્તિત્વ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ છે. દસમા ગુણસ્થાન સુધી જીવ સકષાયી છે ત્યાર પછી આત્મા કષાયરહિત અકષાયી બની જાય છે.

**રાગ–દ્વેષ સંબંધી આસ્તિકતા :–**

**૨૨** **णत्थि पेज्जे व दोसे वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि पेज्जे व दोसे वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** રાગ અને દ્વેષ નથી એવી બુદ્ધિ રાખવી ન જોઈએ, પરંતુ રાગ પણ છે અને દ્વેષ પણ છે, એવી બુદ્ધિ રાખવી જોઈએ.

**વિવેચન :–**

પોતાનાં ધન, સ્ત્રી, પુત્ર, આદિ પદાર્થો પ્રતિ પ્રીતિ, આસક્તિનો ભાવ થવો તે રાગ છે અને ઈષ્ટ

વસ્તુને હાનિ પહોંચાડનાર વ્યક્તિ પ્રત્યે ચિત્તમાં અપ્રીતિ, ઘૃણા થવી, તે દ્વેષ છે. કેટલાક લોકોના મતે માયા તથા લોભમાં રાગ અને ક્રોધ તથા માનમાં દ્વેષ અંતર્ગત થઈ જાય છે, તેથી રાગ અથવા દ્વેષને અલગ પદાર્થ માનવાની આવશ્યક્તા નથી, પરંતુ આ માન્યતા એકાંતતઃ સત્ય નથી. સમુદાય(અવયવી) પોતાના અવયવોથી કથંચિત્ ભિન્ન તથા કથંચિત્ અભિન્ન હોય છે. તે અપેક્ષાએ રાગ અને દ્વેષ ચારે કષાયથી ભાવની દૃષ્ટિએ અભિન્ન પણ છે અને ભિન્ન સ્વરૂપી હોવાથી ભિન્ન પણ છે.

**ચાતુર્ગતિક સંસાર સંબંધી આસ્તિકતા :-**

**૨૩** **णत्थि चाउरंते संसारे, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि चाउरंते संसारे, एवं सण्णं णिवेसए ।।२३।।**

**ભાવાર્થ :–** ચાર ગતિવાળો સંસાર નથી, એવી શ્રદ્ધા રાખવી ન જોઈએ, પરંતુ ચાતુર્ગતિક સંસાર પ્રત્યક્ષ સિદ્ધ છે, એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

**વિવેચન :-**

નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, આ ચાર ગતિઓ છે. જીવ સ્વ કર્માનુસાર આ ચારે ય ગતિઓમાં જન્મ-મરણ રૂપે સંસરણ-પરિભ્રમણ કરતો રહે છે, આ ચાતુર્ગતિક સંસાર છે. જો ચાતુર્ગતિક સંસાર માનવામાં ન આવે તો શુભાશુભ કર્મ-ફળ ભોગવવાની વ્યવસ્થા થઈ શકતી નથી, તેથી ચાર ગતિયુક્ત સંસાર માનવો અનિવાર્ય છે.

કેટલાક લોકોના મતાનુસાર– આ જગતમાં મનુષ્ય અને તિર્યંચ, આ બે જ પ્રકારના પ્રાણીઓ દૃષ્ટિગોચર થાય છે, દેવ અને નારકી દેખાતા નથી, તેથી સંસાર બે જ ગતિવાળો છે. આ બે ગતિમાં કર્માનુસાર જ સુખ-દુઃખની ન્યૂનાધિક્તા થાય છે. આ માન્યતા, અનુમાન અને આગમ પ્રમાણોથી ખંડિત થાય છે. નારકી અને દેવ છદ્મસ્થોને પ્રત્યક્ષ પ્રતીત થતા નથી, પરંતુ અનુમાન અને આગમ પ્રમાણથી આ બંને ગતિની સિદ્ધિ થાય છે. દેવ ઉત્કૃષ્ટ પુણ્યફળના ભોક્તા અને નારકી ઉત્કૃષ્ટ પાપફળના ભોક્તા છે. આ રીતે ચારે ય ગતિઓનું અસ્તિત્વ સિદ્ધ થવાથી ચાતુર્ગતિક સંસાર સહજ રીતે સિદ્ધ થઈ જાય છે.

**દેવ–દેવી સંબંધી આસ્તિકતા :-**

**૨૪** **णत्थि देवो व देवी वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि देवो व देवी वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** દેવી અને દેવ નથી એવી માન્યતા રાખવી નહીં અને દેવ-દેવી છે એવી માન્યતા રાખવી.

**વિવેચન :-**

ચાતુર્ગતિક સંસારમાં દેવગતિની સિદ્ધિ થવાથી દેવો અને દેવીઓનું પણ પૃથક્ અસ્તિત્વ સિદ્ધ થઈ જાય છે. તો પણ કેટલાક મતવાદી મનુષ્યોની અંતર્ગત જ રાજા, ચક્રવર્તી અથવા ધનપતિ આદિ પુણ્યશાળી પુરુષોને દેવ અને પુણ્યશાળી સ્ત્રીઓને દેવી માને છે અથવા બ્રાહ્મણ કે વિદ્વાનોને દેવ અને વિદુષી સ્ત્રીઓને દેવી માને છે, પૃથક્ દેવગતિમાં ઉત્પન્ન દેવ અથવા દેવીને માનતા નથી. તેમની આ ભ્રાંત માન્યતાનું નિરાકરણ કરવા માટે શાસ્ત્રકારે કહ્યું છે– દેવ કે દેવીનું પૃથક્ અસ્તિત્વ માનવું જોઈએ. ભવનપતિ, વ્યંતર,

જ્યોતિષ્ક અને વૈમાનિક, આ ચારે ય પ્રકારના દેવ પૃથક્-પૃથક્ નિકાયના હોવા છતાં પણ દેવપદથી સર્વનું ગ્રહણ થઈ જાય છે. જ્યોતિષ્કદેવ તો પ્રત્યક્ષ છે, શેષ દેવ અને દેવી પણ અનુમાન અને આગમ પ્રમાણથી સિદ્ધ છે.

**સિદ્ધિ–અસિદ્ધિ સંબંધી આસ્તિકતા :–**

**૨૫** **णत्थि सिद्धी असिद्धी वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि सिद्धी असिद्धी वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** સિદ્ધિ અથવા અસિદ્ધિ રૂપ સંસાર નથી, એવી બુદ્ધિ રાખવી ન જોઈએ, પરંતુ સિદ્ધિ પણ છે અને અસિદ્ધિ–સંસાર પણ છે, એવી બુદ્ધિ રાખવી જોઈએ.

**૨૬** **णत्थि सिद्धी णियं ठाणं, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि सिद्धी णियं ठाणं, एवं सण्णं णिवेसए ॥**

**શબ્દાર્થ :– णियं** = નિજ, પોતાનું **ठाणं** = સ્થાન.

**ભાવાર્થ :–** સિદ્ધિ(મુક્તિ) જીવનું નિજ સ્થાન નથી, એવી ખોટી માન્યતા ન રાખવી જોઈએ, પરંતુ સિદ્ધિ જીવનું નિજસ્થાન છે, એવી માન્યતા રાખવી જોઈએ.

**વિવેચન :–**

સમસ્ત કર્મોનો ક્ષય થઈ જાય ત્યારે અનંતજ્ઞાન, દર્શન ગુણરૂપ આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થવી તે **સિદ્ધિ** છે, તેને મોક્ષ અથવા મુક્તિ પણ કહે છે. સિદ્ધિથી જે વિપરીત હોય તે અસિદ્ધિ છે અર્થાત્ શુદ્ધસ્વરૂપની ઉપલબ્ધિ ન થવી, સંસારમાં પરિભ્રમણ કરવું, તે અસિદ્ધિ સંસારરૂપ છે.

**અસિદ્ધિ–** સંસાર તો પ્રત્યક્ષ સિદ્ધ છે અને તેથી તેના પ્રતિપક્ષ રૂપ સિદ્ધિ પણ સત્ય છે. દરેક પદાર્થોના પ્રતિપક્ષી પદાર્થો અવશ્ય હોય છે. સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપશ્ચરણરૂપ મોક્ષમાર્ગની આરાધના કરવાથી સમસ્ત કર્મોનો ક્ષય થાય છે અને જીવને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અનુમાન, આગમ આદિ પ્રમાણોથી તથા મહાપુરુષો દ્વારા સિદ્ધિને માટે પ્રવૃત્તિ થતી હોવાથી સિદ્ધ ગતિ સિદ્ધ થઈ જાય છે.

કેટલાક દાર્શનિકોના મતાનુસાર સિદ્ધિ નથી, કારણ કે સમગ્ર લોક જીવોથી વ્યાપ્ત છે. તે જીવો જે કોઈ ક્રિયા કરે, તેમાં જીવ હિંસા થાય છે અને તે જીવહિંસાનો દોષ સર્વ જીવોને લાગે છે, તેથી કોઈ પણ સાધક હિંસાના દોષથી સર્વથા નિવૃત્ત થઈને પૂર્ણ અહિંસક બની શકતા નથી. આ રીતે સમસ્ત દોષ નિવૃત્તિ જ શક્ય ન હોવાથી સર્વ કર્મક્ષય રૂપ સિદ્ધિ નથી.

ઉપરોક્ત માન્યતા યથાર્થ નથી, કારણ કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સંપન્ન સાધુ નિર્દોષ ભિક્ષાથી જીવન નિર્વાહ કરે છે, ઈર્યાસમિતિપૂર્વક ગમનાગમનાદિ ક્રિયા કરે છે, તેની સર્વ પ્રવૃત્તિઓ ઉપયોગપૂર્વક, અહિંસાના લક્ષે થતી હોવાથી તે સાધુ પૂર્ણ અહિંસક જ કહેવાય છે. તે સમસ્ત પાપપ્રવૃત્તિથી સર્વથા નિવૃત્ત થઈ ગયા હોય છે અને સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનાથી પૂર્વકૃત કર્મોનો પૂર્ણ રૂપે ક્ષય કરીને સિદ્ધ થઈ શકે છે.

કેટલાક દાર્શનિકોના મતાનુસાર શુદ્ધ થયેલો મુક્ત જીવ સમસ્ત લોક વ્યાપી બને છે. મુક્ત જીવને સ્થિર થવા માટે કોઈ નિજસ્થાન નથી. આ કથન પ્રમાણ વિરુદ્ધ છે. મુક્ત જીવ આકાશની જેમ વ્યાપક

હોય તેમ શક્ય નથી. આકાશ લોકાલોક વ્યાપી છે અને અલોકમાં આકાશદ્રવ્ય સિવાય અન્ય કોઈ પણ દ્રવ્ય નથી તેવું આગમ પ્રમાણથી સિદ્ધ છે, તેથી મુક્ત જીવ અલોકમાં હોય શકે નહીં.

મુક્ત થયેલો જીવ પોતાના ઊર્ધ્વગતિના સ્વભાવથી ધર્માસ્તિકાયના નિમિત્તથી ઊર્ધ્વગતિ કરે છે અને લોકાંતે પહોંચી જાય છે. અલોકમાં ધર્માસ્તિકાય ન હોવાથી ત્યાં મુક્ત જીવની ગતિ થતી નથી. ઊર્ધ્વલોકમાં સિદ્ધશિલાની ઉપર લોકાંતે ૩૩૩ ધનુષ અને ૩૨ અંગુલ પ્રમાણનું સિદ્ધક્ષેત્ર છે. ત્યાં મુક્ત થયેલા અનંત જીવો સ્થિત છે અને અનંતકાલ સુધી ત્યાં જ રહે છે, તે જીવનું નિજસ્થાન છે.

**સાધુ–અસાધુ સંબંધી આસ્તિકતા :–**

**૨૭** **णत्थि साहू असाहू वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि साहू असाहू वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** સંસારમાં કોઈ સાધુ નથી અને અસાધુ નથી, એવી માન્યતા રાખવી ન જોઈએ, સાધુ અને અસાધુ બંને છે, એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

**વિવેચન :–**

જે સ્વ-પરના હિતને સિદ્ધ કરે છે, પ્રાણાતિપાત આદિ ૧૮ પાપસ્થાનોથી વિરત થઈને પંચમહાવ્રતોનો સ્વીકાર કરે છે, રત્નત્રય રૂપ મોક્ષમાર્ગની આરાધના કરે છે, તે સાધુ છે. જેનામાં સાધુતા નથી, તે અસાધુ છે. આ જગતમાં સાધુ પણ છે, અસાધુ પણ છે, એમ માનવું જોઈએ.

કેટલાક લોકો કહે છે– રત્નત્રયનું પૂર્ણરૂપે પાલન અસંભવ હોવાથી જગતમાં કોઈ સાધુ નથી અને સાધુ જ નથી, તો તેના પ્રતિપક્ષી અસાધુ પણ હોઈ શકે નહીં.

આ માન્યતા ઉચિત નથી. જે સાધક હંમેશાં યતનાપૂર્વક સમસ્ત પ્રવૃત્તિ કરે છે, સુસંયમી અને ચારિત્રવાન છે, શાસ્ત્રોક્ત વિધિથી શુદ્ધ નિર્દોષ આહાર કરે છે, તેવા પુરુષો સાધુ છે. સાધુ પુરુષથી કદાચ કોઈ પણ વ્રત-નિયમમાં આંશિક દોષનું સેવન થઈ જાય, તેટલા માત્રથી તે અસાધુ થઈ જતા નથી, તે પ્રાયશ્ચિત્તાદિથી શુદ્ધ થઈ શકે છે.

આ રીતે સાધુનું અસ્તિત્વ સિદ્ધ હોવાથી તેના પ્રતિપક્ષી અસાધુનું અસ્તિત્વ પણ સિદ્ધ થઈ જાય છે.

**કલ્યાણ–પાપ સંબંધી આસ્તિકતા :–**

**૨૮** **णत्थि कल्लाणे पावे वा, णेवं सण्णं णिवेसए ।**
**अत्थि कल्लाणे पावे वा, एवं सण्णं णिवेसए ॥**

**ભાવાર્થ :–** કોઈ પણ પુણ્યાત્મા અને પાપાત્મા નથી, એવી માન્યતા ન રાખવી જોઈએ, પુણ્યાત્મા અને પાપાત્મા બંને છે, એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

**વિવેચન :–**

અભીષ્ટ અર્થની પ્રાપ્તિને કલ્યાણ અને હિંસા આદિને પાપ કહેવામાં આવે છે, જે પુરુષ કલ્યાણ અને પાપની પ્રવૃત્તિ કરતા હોય, તેને ક્રમશઃ કલ્યાણવાન તથા પાપવાન કહે છે. જગતમાં કલ્યાણ અને પાપ, બંને પ્રકારની પ્રવૃત્તિ કરનારા પુરુષો પ્રત્યક્ષ દૃશ્યમાન છે.

બૌદ્ધોના મતાનુસાર સર્વ પદાર્થો અશુચિમય અને અનાત્મ સ્વરૂપ છે, તેથી જગતમાં કલ્યાણ નામનો કોઈ પદાર્થ નથી અને કલ્યાણ જ ન હોવાથી કલ્યાણવાન પણ નથી. આત્માદ્વૈતવાદીના મતાનુસાર સર્વ પદાર્થો એક આત્મસ્વરૂપ છે તેથી કલ્યાણ કે પાપ, આ દ્વૈતની સંભાવના નથી.

વિવેકી પુરુષે આ માન્યતા સ્વીકારવી ન જોઈએ કારણ કે બૌદ્ધોના મતે સર્વ પદાર્થો અશુચિમય જ હોય, તો તેમના ઉપાસ્ય દેવ પણ અશુચિમય થઈ જાય, પરંતુ તે યોગ્ય નથી. તે જ રીતે સર્વ પદાર્થો અનાત્મ સ્વરૂપ પણ નથી કારણ કે સર્વ પદાર્થો સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ સત્ છે અને પર દ્રવ્ય ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ અસત્ છે, તેથી અનાત્મવાદનો સિદ્ધાંત યુક્તિ સંગત નથી.

આ જગતની વિચિત્રતાને જોતાં આત્માદ્વૈતવાદનો સિદ્ધાંત પણ પ્રમાણ વિરુદ્ધ સિદ્ધ થાય છે. આ લોકમાં પુણ્ય અને પાપ, આ બંને તત્ત્વ સ્વતંત્ર છે. તે જ રીતે કલ્યાણવાન અને પાપવાન જીવો પણ સ્વતંત્ર છે.

સાધકે સૂત્રોક્ત વિવિધ મિથ્યા માન્યતાનો ત્યાગ કરીને અનેકાંતવાદના આશ્રયે પોતાની શ્રદ્ધાને દઢતમ બનાવી દર્શનાચારની શુદ્ધિ કરવી જોઈએ.

**વચનસંયમ–આચાર સંબંધી આસ્તિકતા :–**

**૨૯** **कल्लाणे पावए वा वि, ववहारो ण विज्जइ ।**
**जं वेरं तं ण जाणंति, समणा बालपंडिया ॥**

**ભાવાર્થ :–** આ વ્યક્તિ એકાંત કલ્યાણવાન (પુણ્યવાન) છે અને આ વ્યક્તિ એકાંત પાપી છે, આવો વ્યવહાર થતો નથી, તથાપિ બાલપંડિત– સદ્-અસદ્‌ના વિવેકથી રહિત હોવા છતાં પણ સ્વયંને પંડિત માનનાર શાક્ય આદિ શ્રમણો એકાંત પક્ષનાં અવલંબનથી ઉત્પન્ન થનાર વેર–કર્મબંધનને જાણતા નથી.

**૩૦** **असेसं अक्खयं वा वि, सव्वदुक्खे त्ति वा पुणो ।**
**वज्झा पाणा अवज्झ त्ति, इति वायं ण णीसिरे ॥**

**શબ્દાર્થ :–** **अक्खयं** = અક્ષય, એકાંત નિત્ય **वज्झा** = વધ્ય મારવા યોગ્ય **ण णीसिरे** = વચન ન બોલે.

**ભાવાર્થ :–** જગતના સમસ્ત પદાર્થો અક્ષય–એકાંત નિત્ય છે, એકાંત અનિત્ય છે તથા આખું જગત એકાંતે દુ:ખમય છે, અમુક પ્રાણી વધ્ય છે, અમુક અવધ્ય છે, એવા વચન સાધુએ બોલવા ન જોઈએ.

**૩૧** **दीसंति समियायारा, भिक्खुणो साहुजीविणो ।**
**एए मिच्छोवजीवि त्ति, इइ दिट्ठिं ण धारए ॥**

**શબ્દાર્થ :–** **समियायारा** = યતના પૂર્વક આચરણ કરનારા **साहुजीविणो** = નિર્દોષ–પાપ રહિત જીવન જીવનારા **मिच्छोवजीवी** = મિથ્યોપજીવી–કપટ પૂર્વક આજીવિકા ચલાવનારા.

**ભાવાર્થ :–** લોકમાં જે સાધુતાપૂર્વક જીવનારા, સમ્યક આચારના પરિપાલક, નિર્દોષ ભિક્ષાજીવી સાધુ દષ્ટિગોચર થાય છે, તેઓ માટે ''આ સાધુ કપટથી જીવનનિર્વાહ કરે છે,'' એવી દષ્ટિ રાખવી ન જોઈએ.

**૩૨** **दक्खिणाए पडिलंभो, अत्थि णत्थि त्ति वा पुणो ।**
**ण वियागरेज्ज मेहावी, संतिमग्गं च बूहए ॥**

**શબ્દાર્થ :–दक्खिणाए** = દક્ષિણા, અન્ન વગેરે દાનની **पडिलंभो** = પ્રાપ્તિ **संतिमग्गं** = શાંતિમાર્ગ, મોક્ષ માર્ગ.

**ભાવાર્થ :–** દાનની પ્રાપ્તિ અમુક વ્યક્તિ પાસેથી થશે, અમુક વ્યક્તિ પાસેથી થશે નહીં, આ પ્રકારનું કથન બુદ્ધિમાન સાધકે કરવું ન જોઈએ. બુદ્ધિમાન સાધકે તો મોક્ષમાર્ગની વૃદ્ધિ થાય, તેવા વચનો બોલવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સાધુઓ માટે વચનસંયમના પાલનથી આચાર શુદ્ધિનું કથન છે.

**(૧) એકાંતે પુણ્યવાન છે કે પાપી છે,** તે પ્રમાણે ન કહેવું. કોઈ પણ વિષયમાં એકાંતિક કથન યોગ્ય નથી. વ્યક્તિની પરિસ્થિતિઓ પરિવર્તનશીલ છે. પુણ્યશાળી પાપી બની જાય અને પાપી પુણ્યશાળી બની જાય તે પ્રમાણે પરિવર્તનની સંભાવના હોવાથી સાધુ નિશ્ચયકારી ભાષા ન બોલે. 'આ પુરુષ પુણ્યવાન છે, તે પ્રમાણે કહેવાથી લોકો તેના તરફ ખેંચાઈને તેનો ગેરલાભ ઉઠાવે, તેવી સંભાવના છે અને આ પુરુષ પાપી છે, તે પ્રમાણે કહેવાથી તે પુરુષ સાથે વૈરનો બંધ થાય છે, તે ભાષા કઠોર અને અપ્રિયકારી છે તેથી સાધુ તેવા પ્રકારનો વચન પ્રયોગ ન કરે.

**(૨) જગત એકાંતે નિત્ય કે અનિત્ય છે,** તેવું કથન ન કરવું. જગતના પ્રત્યેક પદાર્થો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે. તે દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે. કથંચિત્ નિત્યાનિત્ય પદાર્થોથી જ સર્વ વ્યવહાર થાય છે.

**(૩) જગત એકાંતે દુઃખમય છે, સુખમય છે,** આ પ્રકારે ન બોલવું, કારણ કે આ લોકના સંસારી જીવો જન્મ-મરણ, આધિ-વ્યાધિ-ઉપાધિના દુઃખથી પીડિત છે તેમ છતાં તેમાં પણ કેટલાક ઉચ્ચ કોટિના સાધકો જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના દ્વારા આત્મિક સુખની, અખંડ આનંદની અનુભૂતિ કરી રહ્યા છે. જગતને એકાંતે દુઃખમય માનવાથી સુખ પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ થઈ શકતો નથી, તેથી જ સાધુએ નિશ્ચયકારી ભાષાનો પ્રયોગ કરવો ન જોઈએ.

**(૪) અમુક પ્રાણી વધ્ય છે કે વધ્ય નથી,** આ પ્રકારનું વચન ન બોલવું. કોઈ અપરાધી ચોર, ડાકુ વગેરેને અથવા સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીને જોઈને, આ પ્રાણી વધ્ય છે, તે પ્રમાણે ન બોલવું. તેમ બોલવાથી કોઈ તે પ્રાણીને પકડીને મારી નાંખે, તેથી સાધુનું અહિંસાવ્રત ખંડિત થાય છે. કોઈ અપરાધી પુરુષને દંડ દેવાતો હોય તેને જોઈને તે પુરુષને બચાવવાના દષ્ટિકોણથી 'આ પુરુષ વધ્ય નથી', તેમ ન કહે, તેમ બોલવાથી સાધુનું સત્ય વ્રત ખંડિત થાય છે.

સાધુ સર્વ જીવો પર સમભાવ રાખીને મધ્યસ્થભાવ ધારણ કરે.

**(૫) ભિક્ષાજીવી સાધુને આ કપટી છે,** તેમ ન કહેવું. સાધ્વાચારનું યથાર્થ રીતે પાલન કરનારા, ગુણસંપન્ન સાધુને ઠગભગત કે માયાવી ન કહેવા. આ પુરુષ વર્ષોથી સાધના કરે છે તેમ છતાં તેને વીતરાગતા પ્રાપ્ત થઈ નથી, તે માત્ર વીતરાગનો દેખાવ કરે છે, તે માયાવી છે, આ પ્રકારે ન કહવું.

અન્ય વ્યક્તિના મનોભાવો સામાન્ય વ્યક્તિ જાણી શકતી નથી, તેથી કોઈ પણ વ્યક્તિના વિષયમાં ગમે તેવો અભિપ્રાય આપવો તે યોગ્ય નથી.

**(૬) આ વ્યક્તિ પાસેથી ધન પ્રાપ્ત થશે કે નહીં થશે,** તે પ્રમાણે ન કહેવું. દાન પ્રાપ્તિના વિષયમાં

સાધુના કથનથી વિપરીત પરિસ્થિતિનું સર્જન થાય, તો લોકોને સાધુ પ્રતિ અશ્રદ્ધાનો ભાવ થાય છે. સાધુને નિશ્ચયકારી ભાષાપ્રયોગનો દોષ લાગે છે. દાનનો નિષેધ કરવાથી પ્રશ્નકર્તાના મનમાં નિરાશા, દુઃખ અને અપ્રીતિનો ભાવ થાય છે. દાનની અનુમોદના કરવાથી સાધુને અધિકરણાદિ દોષોની સંભાવના છે.

એકાંતિક ભાષા પ્રયોગથી મોક્ષ માર્ગની વિરાધના થાય છે અનેકાંતિક ભાષા પ્રયોગથી મોક્ષ માર્ગની આરાધના થાય છે, તેથી સાધુ મોક્ષ માર્ગની વૃદ્ધિ થાય, તે પ્રમાણે અનેકાંતિક, નિરવદ્ય ભાષા પ્રયોગ દ્વારા આચારશુદ્ધિ કરે.

**ઉપસંહાર :–**

**૩૩** **इच्चेएहिं ठाणेहिं, जिणदिट्ठेहिं संजए ।**
**धारयंते उ अप्पाणं, आमोक्खाए परिव्वएज्जासि ॥**

**–त्ति बेमि ॥**

**ભાવાર્થ :–** આ રીતે આ અધ્યયનમાં જિનેશ્વર દ્વારા ઉપદિષ્ટ સ્થાનોને ધારણ કરી તેના દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય ત્યાં સુધી સમ્યક રીતે તેનું પરિપાલન કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અધ્યયનનો ઉપસંહાર કરતાં શાસ્ત્રકારે જિનોપદિષ્ટ અનાચરણીય માર્ગોને છોડીને આચરણીય સમ્યગ્ શ્રદ્ધા અને ભાષા વિવેકને ધારણ કરવાનો નિર્દેશ કર્યો છે.

**॥ પાંચમુ અધ્યયન સંપૂર્ણ ॥**

# છઠ્ઠું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **આર્દ્રકીય** છે.

તેમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પરંપરામાં સ્વયં દીક્ષિત થયેલા આર્દ્રક મુનિના સંબંધમાં કથન હોવાથી આ અધ્યયનનું નામ 'આર્દ્રકીય' રાખવામાં આવ્યું છે.

મૂળ પાઠમાં આર્દ્રક મુનિનું કથાનક નથી, પરંતુ નિર્યુક્તિ ભાષ્ય આદિમાં આર્દ્રક મુનિના પૂર્વભવ સહિતનું કથાનક જોવા મળે છે.

**આર્દ્રકકુમારનો પૂર્વભવ : સામાયિક નામના ગાથાપતિ :–** મગધ દેશમાં વસંતપુર નામનું નગર હતું. ત્યાં 'સામાયિક' નામના એક ગૃહસ્થ રહેતા હતા. તેમને મુહપત્તિ, આસન, પૂંજણી વગેરે સામાયિકના ઉપકરણો અત્યંત પ્રિય હતા. તેઓ પોતાના પારિવારિકજનો સહિત પ્રતિદિન ઉભયકાલ સામાયિકની આરાધના કરતા હતા. સમય વ્યતીત થતાં, સંસારની અસારતાનો બોધ પ્રાપ્ત થતાં સામાયિક ગાથાપતિએ તથા તેમની પત્નીએ સમન્તભદ્ર નામના આચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. સામાયિક મુનિ સંતો સાથે અને તેમની પત્ની સાધ્વીજીઓ સાથે વિચરતા સંયમ-તપની આરાધના કરવા લાગ્યા.

એકદા સામાયિક મુનિને, પોતાના સાધ્વી પત્નીને ભિક્ષા માટે ભ્રમણ કરતા જોઈને મોહકર્મના ઉદયથી રાગભાવ જાગૃત થયો. અન્ય સાધુઓએ સામાયિક મુનિના ભાવને જાણીને પ્રવર્તિની સાધ્વીને સૂચના આપી. પ્રવર્તિની સાધ્વીજીએ પત્ની સાધ્વીને સર્વ વૃત્તાંત કહ્યો. સાધ્વીજી પોતાના બ્રહ્મચર્યવ્રતમાં દઢ હતા. તેણે વ્રતમાં આંશિક પણ દોષ સેવન ન કરવાના હેતુથી અનશનનો સ્વીકાર કરીને શરીરનો ત્યાગ કર્યો અને મૃત્યુ પામી દશમા દેવલોકમાં ઉત્પન્ન થયા.

સામાયિક મુનિને જ્યારે આ વૃત્તાંતની જાણ થઈ ત્યારે તેણે પણ ગુરુની આજ્ઞાપૂર્વક ભક્ત પ્રત્યાખ્યાન અનશનનો સ્વીકાર કરી શરીરનો ત્યાગ કર્યો. તે પણ દશમા દેવલોકમાં દેવ થયા.

**આર્દ્રકકુમાર–** દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં તે દેવે આર્દ્રક નગરમાં રિપુમર્દન રાજા અને આર્દ્રકવતી રાણીની કુક્ષીએ પુત્રપણે જન્મ ધારણ કર્યો. તેનું નામ આર્દ્રકકુમાર રાખ્યું.

તેની પત્નીએ પણ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી, ધનપતિ નામના શ્રેષ્ઠીને ત્યાં પુત્રીપણે જન્મ ધારણ કર્યો. તેનું નામ કામમંજરી રાખવામાં આવ્યું, તે અદ્‌ભુત રૂપ-લાવણ્યથી યુક્ત હતી.

કોઈ સમયે આર્દ્રકકુમારના પિતા રિપુમર્દન રાજાએ મગધાધિપતિ શ્રેણિક રાજા સાથેના સ્નેહસંબંધને ગાઢ બનાવવા માટે કેટલીક વસ્તુઓ ભેટ સ્વરૂપે મોકલી. તેની સાથે રાજકુમાર આર્દ્રકે પણ શ્રેણિક રાજાના પુત્ર અભયકુમાર માટે મૂલ્યવાન વસ્તુઓ ભેટરૂપે મોકલી. અભયકુમારે વિચાર્યું કે આર્દ્રકકુમાર કોઈ ભવી

અને નિકટ મોક્ષગામી જીવ હશે તેથી જ તે મારી સાથે સ્નેહ સંબંધ ગાઢ બનાવવા ઈચ્છે છે. આ પ્રમાણે વિચાર કરીને અભયકુમારે મોક્ષ સાધનામાં સહાયક એવા સામાયિકના ઉપકરણો આર્દ્રકકુમારને ભેટ રૂપે મોકલ્યા. આર્દ્રકકુમાર તે ઉપકરણો જોતાં જ ગહન ચિંતનમાં ઉતરી ગયા અને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના પૂર્વભવની સાધનાનું સ્મરણ થતાં જ તે પ્રતિબોધ પામી ગયા અને તેમને સંયમ સ્વીકારવાની ભાવના જાગૃત થઈ. પુત્ર મોહના કારણે તેમના પિતાએ, આર્દ્રકકુમાર ક્યાંય ભાગી ન જાય તેનું ધ્યાન રાખવા ૫૦૦ યોદ્ધાઓની નિમણૂક કરી. તેમ છતાં સંયમ ભાવનાની તીવ્રતા અને પિતાની સહમતિની શક્યતા ન હોવાથી આર્દ્રકકુમાર અશ્વશાળામાંથી એક અશ્વ લઈને નાસી ગયા. તેઓ અનાર્ય ક્ષેત્રમાંથી નીકળીને આર્યક્ષેત્રમાં આવીને સ્વયં દીક્ષિત થવા કટિબદ્ધ થયા. ત્યાં દેવોએ દિવ્યવાણી દ્વારા સૂચન કર્યું કે– હે મિત્ર ! તારું ભોગાવલી કર્મ બાકી છે, પરંતુ આર્દ્રકકુમાર દિવ્યવાણીની અવગણના કરીને સ્વયં દીક્ષિત થઈ ગયા અને એકાકીપણે વિચરવા લાગ્યા.

**આર્દ્રકમુનિ–** એકદા આર્દ્રકમુનિ વસંતપુર નગરના રમ્યક નામના ઉદ્યાનમાં ભિક્ષુપ્રતિમાનો સ્વીકાર કરીને કાયોત્સર્ગમાં સ્થિત હતા.

તે ઉદ્યાનમાં કામમંજરી પોતાની સખીઓ સાથે ક્રીડા કરી રહી હતી. તે સમયે સખીઓ રમતમાં વરપસંદગીમાં એક-બીજાને વર રૂપે સ્વીકારવા લાગી, તે સમયે કામમંજરીએ ધ્યાનસ્થ મુનિ તરફ સંકેત કરીને સખીઓને કહ્યું 'આ મારા પતિ છે.

કામમંજરીએ આ પ્રમાણે કહ્યું, ત્યાં જ દેવે સાડા બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી. રાજા તેને લેવા ગયા, ત્યારે દેવે રાજાને રોકીને કહ્યું કે આ સોનૈયાની હકદાર આ કન્યા છે. ત્યારે કામમંજરીના પિતાએ સોના મહોરો ગ્રહણ કરી. આર્દ્રકમુનિ અનુકૂળ ઉપસર્ગ સમજીને ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

આ તરફ કામમંજરીને વરવા માટે અનેક શ્રેષ્ઠી પુત્રો આવવા લાગ્યા પરંતુ મનથી આર્દ્રકમુનિને જ વરી ગયેલી કામમંજરીએ એક પણ કુમારનો સ્વીકાર ન કર્યો. ત્યાર પછી કામમંજરી દાનશાળા ખોલીને ભિક્ષુકો અને યાચકોને દાન આપવા લાગી. બાર વર્ષ પછી આર્દ્રકમુનિ ગ્રામાનુગ્રામ વિચરતાં ત્યાં પધાર્યા. કામમંજરી આર્દ્રકમુનિના પદ ચિહ્નોથી તેમને ઓળખી ગઈ. પોતાના સ્વજનોની સાથે મુનિની પાછળ ગઈ. યોગાનુયોગ મુનિ પણ દિવ્યવાણીનું સ્મરણ થતાં કર્મના ઉદયને આધીન બનીને સંયમભાવથી પતિત થઈ ગયા અને પૂર્વભવના સ્નેહ સંબંધથી આકર્ષિત થઈ કામમંજરી સાથે કામભોગનું સેવન કરવા લાગ્યા.

**સંયમ ભ્રષ્ટ આર્દ્રકમુનિ–** કામમંજરી અને આર્દ્રકકુમારને ગૃહસ્થ જીવન વ્યતીત કરતાં એક પુત્રની પ્રાપ્તિ થઈ, એકવાર નિષ્પાપ સંયમી જીવનની મસ્તી માણી હોવાથી આર્દ્રકને પુનઃ પુનઃ સંયમી જીવનનું સ્મરણ થવા લાગ્યું. પોતાની પ્રિયતમાને કહ્યું, 'હવે તારો નિર્વાહ કરનાર પુત્રની પ્રાપ્તિ થઈ ગઈ છે તેથી હું પુનઃ સંયમભાવમાં સ્થિર થવાની ઈચ્છા રાખું છું, પરંતુ રાગના બંધનો સહજતાથી છૂટી શકતા નથી. કામમંજરીએ પુત્રને સમજાવવા માટે સૂતર કાંતવાનો પ્રારંભ કર્યો અને પુત્રને કહ્યું, તારા પિતા સંયમી જીવનનો સ્વીકાર કરવાની ઈચ્છા રાખે છે. આપણા નિર્વાહ માટે હું આ કાર્ય કરું છું. પિતાના અનુરાગથી તે જ ક્ષણે પિતાને રોકવા માટે બાળકે એક યુક્તિ કરી. પિતા ખાટલા પર સૂતા હતા. પુત્રે માતાએ કાંતેલા સૂતરને લઈને પિતાને

વીંટાળી દીધા. પિતાએ વિચાર્યું કે પુત્ર જેટલા આંટા વીંટશે તેટલા વર્ષ હું સંસારમાં રહીશ. પુત્રે બાર આંટા વીંટ્યા હોવાથી આર્દ્રકકુમાર બાર વર્ષ સંસારમાં રહ્યા અને ત્યાર પછી પુનઃ સંયમધર્મનો સ્વીકાર કર્યો.

**સંયમસ્થિર આર્દ્રકમુનિ–** આર્દ્રક મુનિ સ્વયં પ્રતિબોધ પામી સંયમભાવમાં સ્થિર થઈ ગયા. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તેઓ રાજગૃહ નગર તરફ જઈ રહ્યા હતા. તેના પિતાએ નિમણૂક કરેલા ૫૦૦ યોદ્ધાઓ આર્દ્રકકુમારના ભાગી ગયા પછી રાજાના ડરથી જંગલમાં ચાલ્યા ગયા હતા, ત્યાં ચોરી આદિ કરીને પોતાનો જીવન નિર્વાહ કરતા હતા. તેઓ આર્દ્રકમુનિને જતાં જોયા અને ઓળખી ગયા. તેઓ આર્દ્રકમુનિને પકડવાનો પ્રયત્ન કરવા લાગ્યા, ત્યારે આર્દ્રકમુનિએ તે ૫૦૦ પુરુષોને પ્રતિબોધ પમાડી દીક્ષિત કર્યા.

પોતાના ૫૦૦ શિષ્યો સાથે આર્દ્રકમુનિ પ્રભુ મહાવીર સ્વામીના દર્શન માટે જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં તેમને ક્રમશઃ ગોશાલક, બૌદ્ધ ભિક્ષુઓ, વેદાંતપાઠી બ્રાહ્મણો, સાંખ્ય મતવાદીઓ અને હસ્તિતાપસોનો સમાગમ થયો.

દરેક દાર્શનિકોએ આર્દ્રકમુનિને પોત-પોતાના દર્શનમાં આકર્ષિત કરવા માટે વિવિધ પ્રયત્નો કર્યા, પરંતુ આર્દ્રક મુનિ સ્વધર્મમાં દઢ શ્રદ્ધાવાન, જ્ઞાન સંપન્ન અને ચારિત્રમાં પરિપકવ હોવાથી અન્ય દાર્શનિકોને યુક્તિથી તથા નિર્ગ્રંથધર્મના મૌલિક સિદ્ધાંતોથી પરાજિત કર્યા.

આ અધ્યયનમાં આર્દ્રકમુનિનો અન્ય દાર્શનિકો સાથે થયેલો વાદ-પ્રતિવાદ રોચક શૈલીમાં છે, તેના દ્વારા અન્ય દાર્શનિકોના સિદ્ધાંતો, તેની અપૂર્ણતા તથા નિર્ગ્રંથ ધર્મના સિદ્ધાંતોની ત્રૈકાલિક સત્યતા તથા પૂર્ણતા તેમજ નિર્ગ્રંથમુનિનો આચાર સ્પષ્ટ થઈ જાય છે, જે સાધકોની શ્રદ્ધાની દઢતા માટે અત્યંત ઉપયોગી છે.

❖ ❖ ❖ ❖ ❖

# છઠ્ઠું અધ્યયન : આર્દ્રકીય

**આર્દ્રકમુનિ અને ગોશાલક :–**

**૧** **पुराकडं अद्द ! इमं सुणेह, एगंतयारी समणे पुरासी ।**
**से भिक्खुणो उवणेत्ता अणेगे, आइक्ख इण्हिं पुढो वित्थरेणं ॥**

**શબ્દાર્થ :– पुराकडं** = પૂર્વે જે આચરણ કર્યુ હતું. **अद्द !** = હે આર્દ્રક **एगंतयारी** = એકલા વિચરણ કરનારા **पुरासी** = પહેલાં હતા **उवणेत्ता** = અનેક મુનિઓને એકત્રિત કરીને **वित्थरेणं** = વિસ્તારથી **आइक्खइ** = ઉપદેશ આપે છે.

**ભાવાર્થ :–** (ગોશાલકે આર્દ્રકમુનિને કહ્યું–) હે આર્દ્રક ! મહાવીર સ્વામીએ પહેલાં જે આચરણ કર્યું હતું, તે મારી પાસેથી સાંભળો. પહેલાં તેઓ એકાંત નિર્જન પ્રદેશમાં એકાકીપણે વિચરણ કરતા હતા. હવે તેઓ અનેક ભિક્ષુઓને એકઠા કરીને અથવા પોતાની સાથે રાખીને વિસ્તાર પૂર્વક જુદો જુદો ધર્મોપદેશ આપે છે.

**૨** **आजीविया पट्ठवियाथिरेणं, समागओ गणओ भिक्खु मज्झे ।**
**आइक्खमाणो बहुजण्णमत्थं, ण संधयाइ अवरेण पुव्वं ॥२॥**

**શબ્દાર્થ :– आजीविया** = આજીવિકા **पट्ठविया** = સ્થાપિત કરી છે **अथिरेणं** = અસ્થિર ચિત્તવાળા **बहुजण्णमत्थं** = ઘણા લોકોના હિતને માટે **ण संधयाइ** = અનુસંધાન થતું નથી **अवरेण** = વર્તમાનનો વ્યવહાર **पुव्वं** = પૂર્વના વ્યવહારનું.

**ભાવાર્થ :–** હે આર્દ્રક ! તે અસ્થિર–ચંચળ ચિત્તવાળા મહાવીરે તો પોતાની આજીવિકા સ્થાપિત કરી લીધી છે. તે સભામાં જઈને અનેક ભિક્ષુઓની વચ્ચે બેસીને ઘણાં લોકોના હિતને માટે ધર્મોપદેશ આપે છે, આ તેમનો વર્તમાન વ્યવહાર અને પૂર્વ વ્યવહારનું અનુસંધાન થતું નથી અર્થાત્ પહેલાંનો અને અત્યારનો વ્યવહાર પરસ્પર વિરુદ્ધ છે.

**૩** **एगंतमेव अदुवा वि इण्हिं, दो वण्णमण्णं ण समेंति जम्हा ।**
**पुव्विं च इण्हिं च अणागयं च, एगंतमेव पडिसंधयाइ ॥३॥**

**ભાવાર્થ :–** હે આર્દ્રક ! આ રીતે મહાવીરસ્વામીનો શું ભૂતકાલીન એકાકી વિચરણરૂપ વ્યવહાર સારો છે કે વર્તમાન કાલીન અનેક લોકો સાથે રહેવા રૂપ વ્યવહાર પણ સારો છે ? પરંતુ આ બંને ય પરસ્પર વિરુદ્ધ વ્યવહાર હોવાથી, આ બંને સારા છે, તેમ અનુસંધાન થતું નથી.

ગોશાલકના આક્ષેપનું આર્દ્રકમુનિએ આ પ્રમાણે સમાધાન કર્યું કે હે ગોશાલક ! શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી પૂર્વકાળમાં, વર્તમાન કાળમાં અને ભવિષ્યમાં એકત્વનું જ અનુભવ કરે છે, તેથી તેમના ભૂતકાલીન અને વર્તમાન કાલીન આચરણમાં પરસ્પર વિરોધ નથી.

**૪** **समेच्च लोगं तस-थावराणं, खेमंकरे समणे माहणे वा ।**
**आइक्खमाणो वि सहस्समज्झे, एगंतयं सारयइ तहच्चे ॥**

**શબ્દાર્થ :– समेच्च** = જાણીને **खेमंकरे** = ક્ષેમંકર, કલ્યાણ કરનારા **सहस्स मज्झे** = હજારોની વચ્ચે **एगंतयं** = એકાંતનો જ **सारयइ** = અનુભવ કરી રહ્યા છે.

**ભાવાર્થ :–** હે ગોશાલક ! બાર પ્રકારની તપ સાધના દ્વારા આત્મશુદ્ધિ માટે શ્રમ કરનારા શ્રમણ અને 'કોઈ જીવોને ન મારો' તેવો ઉપદેશ દેનારા માહણ સ્વરૂપી ભગવાન મહાવીર સ્વામી કેવળજ્ઞાન દ્વારા સંપૂર્ણ ચરાચર જગતને જાણીને ત્રસ-સ્થાવર જીવોના કલ્યાણને માટે હજારો લોકોની વચ્ચે ધર્મોપદેશ આપી રહ્યા છે છતાં પણ તેઓ રાગ-દ્વેષ રહિત એકાંત આત્મસ્વરૂપનો જ અનુભવ કરી રહ્યા છે કારણ કે તેમની ચિત્તવૃત્તિ સદૈવ એકત્વભાવમાં જ લીન રહે છે.

**૫** **धम्मं कहंतस्स उ णत्थि दोसो, खंतस्स दंतस्स जिइंदियस्स।**
**भासा य दोसे य विवज्जगस्स, गुणे य भासा य णिसेवगस्स ॥**

**શબ્દાર્થ :– धम्मं** = ધર્મનું **कहंतस्स** = કથન કરનાર **विवज्जगस्स** = ત્યાગ કરનારા, **णिसेवगस्स** = સેવન કરનારા.

**ભાવાર્થ :–** શ્રુત-ચારિત્ર ધર્મનો ઉપદેશ કરનારા ભગવાન મહાવીર સ્વામીને કોઈ દોષ લાગતો નથી, કારણ કે ભગવાન ક્ષમાશીલ, મનોવિજેતા અને જિતેન્દ્રિય છે, તેમજ તેઓ ભાષાના દોષોનો ત્યાગ કરનારા અને ભાષાના ગુણોનું સેવન કરનારા છે, તેથી તેઓમાં કોઈ દોષ નથી.

**૬** **महव्वए पंच अणुव्वए य, तहेव पंचासव संवरे य ।**
**विरइं इह सामणियम्मि पुण्णे, लवावसक्की समणे त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– विरइं** = વિરતિને, **सामणियम्मि** = સાધુપણામાં, **लवावसक्की** = ઘાતી કર્મથી દૂર રહેનારા.

**ભાવાર્થ :–** ઘાતી કર્મોથી દૂર રહેનારા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી શ્રમણો માટે પંચ મહાવ્રત અને શ્રાવકો માટે પાંચ અણુવ્રત તથા પાંચ પ્રકારના આશ્રવ અને પાંચ પ્રકારના સંવરનો ઉપદેશ આપે છે, પૂર્ણ શ્રમણત્વના પાલનાર્થે તેઓ સર્વ વિરતિનો ઉપદેશ આપે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં આજીવિક મતપ્રવર્તક ગોશાલક દ્વારા ભગવાન મહાવીર સ્વામી પર કરાયેલા કેટલાક આક્ષેપો અને આર્દ્રકમુનિ દ્વારા આપેલા સમાધાનોનું નિરૂપણ છે.

મૂળ પાઠમાં ગોશાલકનું નામ ક્યાંય નથી, પરંતુ નિર્યુક્તિકાર અને વૃત્તિકાર તેનો સંબંધ ગોશાલક સાથે જોડે છે, કારણ કે સૂત્રોક્ત આક્ષેપોને જોતાં પ્રતીત થાય છે કે જે વ્યક્તિ ભગવાન મહાવીર સ્વામીથી પરિચિત હોય, તે જ ભગવાનના પવિત્ર જીવન પર કટાક્ષ કરી શકે અને તે વ્યક્તિ ગોશાલક સિવાય બીજી કોઈ ન હોય શકે.

આર્દ્રકમુનિ ભગવાન મહાવીરના સાંનિધ્યમાં જઈ રહ્યા હતા, તેથી આજીવિક મતાનુયાયી

ગોશાલકે આર્દ્રકમુનિને પોતાના સંઘમાં આકર્ષિત કરવા માટે ભગવાન પર મિથ્યા દોષારોપણ કર્યા.

**ગોશાલકના આક્ષેપો–** (૧) ભગવાન મહાવીર પહેલાં જન સંપર્ક રહિત એકાકીપણે વિચરતા હતા, હવે તેઓ જનસમૂહમાં રહે છે, અનેક શિષ્યોને પોતાની સાથે રાખે છે. (૨) પહેલાં તેઓ પ્રાયઃ મૌન રહેતા હતા, હવે દેવો, મનુષ્યો અને તિર્યંચોની પરિષદમાં ધર્મોપદેશ આપે છે. (૩) પહેલાં તેઓ કઠોર તપસાધના કરતા હતા, હવે તેઓએ તપસાધનાનો ત્યાગ કર્યો છે.

(૪) મહાવીરે પોતાની આજીવિકા ચલાવવા માટે જ એકાકી રહેવા રૂપ અને જનસમૂહમાં રહેવા રૂપ પૂર્વાપર વિરોધી આચારનો સ્વીકાર કર્યો છે. (૫) પૂર્વાપર વિરોધી વ્યવહારને સ્વીકારવાથી મહાવીર અસ્થિર ચિત્તવાળા લાગે છે.

**આર્દ્રકમુનિ દ્વારા સમાધાન–** ભગવાન મહાવીર સ્વામીએ આત્મશુદ્ધિ માટે સંયમનો, એકાંત ધ્યાન સાધનાનો, કઠોર તપસાધનાનો અને મૌનનો સ્વીકાર કર્યો હતો. તેઓએ સંયમ અને તપની સાધના દ્વારા ઘાતીકર્મોનો ક્ષય કરીને વીતરાગતા અને સર્વજ્ઞતાને પ્રાપ્ત કરી. સર્વજ્ઞ થયા પછી તીર્થંકર નામકર્મના ઉદયે ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને તીર્થંકર થયા. ત્યાર પછી તીર્થંકર નામ કર્મના ઉદયે જગજ્જીવોના કલ્યાણને માટે સાધુ ધર્મ અને શ્રાવક ધર્મનો ઉપદેશ આપી રહ્યા છે. ભગવાનના વ્યવહારમાં બાહ્ય દષ્ટિએ પૂર્વાપર વિરોધ જણાય પરંતુ પરમાત્માના ભાવો સદાય સમભાવ યુક્ત જ રહ્યા છે. તેમાં કોઈ વિરોધ થયો નથી અને થશે પણ નહીં. ગોશાલકના પાંચે તર્કનો જવાબ આપતા આર્દ્રક મુનિએ કહ્યું કે–

(૧) તેઓ એકાકીપણે વિચરતા હોય કે કરોડો લોકો વચ્ચે ધર્મોપદેશ આપી રહ્યા હોય કે હજારો શિષ્યો પ્રભુના ચરણોની સેવા કરી રહ્યા હોય, પરંતુ આ સર્વ પરિસ્થિતિમાં પ્રભુ હંમેશાં એકાંતનો જ અનુભવ કરે છે. તેઓ એક માત્ર પોતાના આત્મગુણોમાં જ વિચરણ કરી રહ્યા છે.

(૨) પહેલાં ધ્યાન સાધના માટે પ્રાયઃ મૌનનું પાલન કરતા હતા, પરંતુ હવે કાર્યસિદ્ધિ પછી, કેવળજ્ઞાન દ્વારા લોકાલોકના ભાવોને જાણ્યા પછી જિનનામકર્મના ઉદયે નિષ્કામ કરુણાભાવે ધર્મોપદેશ દ્વારા જગજ્જીવોને સન્માર્ગનું દર્શન કરાવી રહ્યા છે. પરમાત્મા વીતરાગ હોવાથી તેમના ભાષાપ્રયોગમાં કોઈ પણ દોષની સંભાવના નથી, તેથી જ પ્રભુનો ભાષાપ્રયોગ દોષનું નહીં, પરંતુ ગુણનું જ કારણ બને છે. ધર્મોપદેશ દ્વારા પરમાત્માના જિનનામ કર્મનો ક્ષય થાય છે અને જગજ્જીવોને મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય છે.

(૩) પહેલાં તેઓ ઈન્દ્રિય વિજય કરી, અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવા માટે કઠોર તપ સાધના કરતા હતા. હવે સર્વજ્ઞતાની પ્રાપ્તિ પછી પરમાત્માના પ્રકૃષ્ટ પુણ્યોદયે દેવો સમવસરણની કે અષ્ટ પ્રાતિહાર્યની રચના કરે છે, બાહ્ય દષ્ટિએ પ્રભુનો વૈભવ પ્રદર્શિત થાય, પરંતુ વીતરાગી પરમાત્મા તેમાં અંશ માત્ર પણ લિપ્ત થતા નથી. પરમાત્માને કઠોર તપસાધનાની હવે આવશ્યકતા નથી. તપ કર્મની નિર્જરા માટે છે. તેઓને ઘાતી કર્મોનો ક્ષય થઈ ગયો છે અને સમવસરણ, પ્રાતિહાર્ય વગેરે પ્રભુનો પુણ્ય પ્રભાવ છે.

(૪) પ્રભુએ પોતાની આજીવિકા ચલાવવા માટે પોતાના વ્યવહારમાં પરિવર્તન કર્યું નથી. કેવળજ્ઞાન પ્રાપ્તિની પહેલાં કે પછી, તેમની પ્રત્યેક પ્રવૃત્તિ આજીવિકા માટે નહીં, પરંતુ કર્મક્ષય માટે જ થતી હતી અને થાય છે. પ્રભુ વીતરાગ હોવાથી તેમને બાહ્ય ઋદ્ધિ કે શિષ્ય પરિવારનો કોઈ રાગ નથી.

(૫) પરમાત્માના પૂર્વાપર વ્યવહારોમાં વિસંવાદિતા જણાતા પ્રભુને અસ્થિર ચિત્તવાળા કહેવા, તેમાં કહેનારનું અજ્ઞાન સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે.

બાહ્ય વ્યવહાર, તે કોઈ પણ વ્યક્તિનો માપદંડ નથી. ભગવાન એકલા હોય કે પરિષદમાં હોય, ગામમાં હોય કે જંગલમાં હોય, દિવસ હોય કે રાત્રિ હોય, ગમે તે પરિસ્થિતિમાં રાગ-દ્વેષ રહિત અખંડ વીતરાગ ભાવોમાં જ સ્થિત હોય છે. તેમની પહેલાં કે પછીની પ્રત્યેક પ્રવૃત્તિ કર્મક્ષયના એક લક્ષે જ થાય છે, તેથી તેમાં અસ્થિરતા કે ચંચળતાને કોઈ સ્થાન નથી.

**ગોશાલક અને આર્દ્રકમુનિની વ્યવહારધર્મની ચર્ચા :–**

**૭** सीओदगं सेवउ बीयकायं, आहायकम्मं तह इत्थियाओ ।
एगंतचारिस्सिह अम्ह धम्मे, तवस्सिणो णाभिसमेइ पावं ॥

**શબ્દાર્થ :– सीओदगं** = શીતોદક, કાચું પાણી **सेवउ** = સેવન કરવામાં **आहायकम्मं** = આધાકર્મ દોષ યુક્ત આહારાદિ **इत्थियाओ** = સ્ત્રીઓ **एगंतचारिस्सिह** = એકાકીપણે વિચરણ કરનારા **अम्ह** = અમારા **धम्मे** = ધર્મમાં **णाभिसमेइ** = લાગતું નથી **पावं** = પાપ.

**ભાવાર્થ :–** (ગોશાલકે પોતાના આજીવિક ધર્મસંપ્રદાયના આચાર સમજાવવા માટે આર્દ્રક મુનિને કહ્યું–) કોઈ કાચું જળ, બીજકાય, આધાકર્મ દોષયુક્ત આહારાદિ તથા સ્ત્રીઓનું સેવન કરતા હોય, પરંતુ તે એકાકીપણે નિર્જનપ્રદેશમાં વિચરણ કરનારા તપસ્વી સાધક હોય, તો તેને અમારા ધર્મમાં પાપ લાગતું નથી.

**૮** सीओदगं वा तह बीयकायं, आहायकम्मं तह इत्थियाओ ।
एयाइं जाणं पडिसेवमाणा, अगारिणो अस्समणा भवंति ॥

**ભાવાર્થ :–** (ગોશાલકના સિદ્ધાંતનું ખંડન કરતાં આર્દ્રકમુનિએ કહ્યું) સચેત જળ, બીજકાય, આધાકર્મ દોષ યુક્ત આહારાદિ તથા સ્ત્રીઓનું સેવન કરનાર ગૃહસ્થ હોય છે, તે શ્રમણ થઈ શક્તા નથી.

**૯** सिया य बीओदग इत्थियाओ, पडिसेवमाणा समणा भवंतु ।
अगारिणो वि समणा भवंतु, सेवंति उ ते वि तहप्पगारं ॥

**ભાવાર્થ :–** હે ગોશાલક ! જો બીજકાય, સચેત જળ અને સ્ત્રીઓનું સેવન કરનાર પુરુષ પણ શ્રમણ હોય તો ગૃહસ્થો પણ શ્રમણ કહેવાય, કારણ કે તેઓ પણ પૂર્વોક્ત વિષયોનું સેવન કરે છે.

**૧૦** जे यावि बीओदगभोई भिक्खू, भिक्खं विहं जायइ जीवियट्ठी ।
ते णाइसंजोगमविप्पहाय, काओवगाणंतकरा भवंति ॥

**શબ્દાર્થ :– बीओदगभोई** = સચેત બીજ, જલ આદિનો ઉપભોગ કરનાર **जीवियट्ठी** = જીવન રક્ષાને માટે **भिक्खं विहं** = ભિક્ષાવૃત્તિ **जायइ** = કરે છે **णाइसंजोगं** = જ્ઞાતિના સંયોગને, સંસર્ગને **काओवगा**= શરીરનું પોષણ કરનારા **अवि** = પણ **प्पहाय** = છોડીને **काओवगा** = શરીરનું જ પોષણ કરનારા **ण** = નહીં **अंतकरा** = કર્મોનો નાશ કરનારા.

**ભાવાર્થ :–** હે ગોશાલક ! જે ભિક્ષુ થઈને પણ સચેત બીજકાય, સચેત જળ અને આધાકર્મદોષ યુક્ત આહારાદિનો ઉપભોગ કરે છે, તેઓ માત્ર આજીવિકા માટે ભિક્ષાવૃત્તિ કરે છે. તેઓ પોતાના જ્ઞાતિજનોનો સંયોગ છોડીને પણ પોતાના શરીરનું જ પોષણ કરે છે. તેઓ પોતાનાં કર્મોનો નાશ કરનારા નથી.

**૧૧** **इमं वयं तु तुम पाउकुव्वं, पावाइणो गरिहसि सव्व एव ।**
**पावाइणो उ पुढो किट्टयंता, सयं सयं दिट्ठिं करेंति पाउं ॥**

**શબ્દાર્થ :– पाउकुव्वं** = પ્રગટ કરતા થકા **पावाइणो** = પ્રાવાદુક એટલે કે વાદ કરનારા-વાદી **गरिहसि**= નિંદા કરો છો **दिट्ठिं** = ઈષ્ટ-દર્શનને **पाउं करेंति** = પ્રગટ કરે છે.

**ભાવાર્થ :–** ગોશાલકે પુનઃ આર્દ્રક મુનિને કહ્યું– હે આર્દ્રક ! આ પ્રકારના વચન કહીને તમે સમસ્ત પ્રાવાદુકો– વિભિન્ન ધર્મના વ્યાખ્યાતાઓની નિંદા કરો છો. વિભિન્ન ધર્મવ્યાખ્યાકારો પોત-પોતાના ધર્મસિદ્ધાંતોની પૃથક્-પૃથક્ વ્યાખ્યા કરતાં-કરતાં પોત-પોતાની દષ્ટિ કે માન્યતા પ્રગટ કરે છે.

**૧૨** **ते अण्णमण्णस्स वि गरहमाणा, अक्खंति उ समणा माहणा य ।**
**सतो य अत्थि असतो य णत्थि, गरहामो दिट्ठिं ण गरहामो किंचि ॥**

**શબ્દાર્થ :– सतो य अत्थि** = સ્વધર્મની આરાધનાથી પુણ્ય, મોક્ષ છે **असतो य णत्थि** = પરધર્મની આરાધનાથી પુણ્ય કે મોક્ષ નથી **गरहामो दिट्ठिं** = એકાંત દષ્ટિની નિંદા કરીએ છીએ **ण गरहामो किंचि** = કોઈ વ્યક્તિની નિંદા કરતા નથી.

**ભાવાર્થ :–** આર્દ્રકમુનિ ગોશાલકને કહે છે– અન્યધર્મતીર્થિક શ્રમણ અને બ્રાહ્મણ પરસ્પર એક બીજાની નિંદા કરીને પોત-પોતાના ધર્મની પ્રશંસા કરે છે. પોતાના ધર્મના કહેલા અનુષ્ઠાનથી જ પુણ્ય, ધર્મ અથવા મોક્ષ થાય છે, બીજા ધર્મમાં કહેલા ક્રિયાના અનુષ્ઠાનથી નહીં, તેમ કહે છે. અમે તેની એકાંત દષ્ટિની નિંદા કરીએ છીએ, કોઈ વ્યક્તિ વિશેષની નિંદા કરતા નથી.

**૧૩** **ण किंचि रूवेणभिधारयामो, स दिट्ठिमग्गं तु करेमो पाउं ।**
**मग्गे इमे किट्टिए आरिएहिं, अणुत्तरे सप्पुरिसेहिं अंजू ॥**

**શબ્દાર્થઃ– स दिट्ठिमग्गं** = પોતાના દર્શનના માર્ગની **सप्पुरिसेहिं** = સત્ પુરુષો દ્વારા **अंजू** = સરળ.

**ભાવાર્થ :–** અમે કોઈનાં રૂપ, વેશ આદિની નિંદા કરતા નથી, પરંતુ અમે અમારા દર્શનના માર્ગને અમારી દષ્ટિથી પ્રગટ કરીએ છીએ. આ માર્ગ અનુત્તર છે અને આર્ય સત્પુરુષોએ આ માર્ગને જ સરળ-નિર્દોષ કહ્યો છે.

**૧૪** **उड्ढं अहे य तिरियं दिसासु, तसा य जे थावर जे य पाणा ।**
**भूयाभिसंकाए दुगुंछमाणे, णो गरहइ वुसिमं किंचि लोए ॥**

**શબ્દાર્થ :– भूयाभिसंकाए** = પ્રાણીઓની હિંસાથી **दुगुंछमाणे** = દુર્ગંછા-ઘૃણા રાખનારા **वुसिमं** = સંયમી.

**ભાવાર્થ :–** ઊર્ધ્વદિશા, અધોદિશા અને તિર્યક્ દિશાઓમાં જે જે ત્રસ અથવા સ્થાવર પ્રાણીઓ છે, તે પ્રાણીઓની હિંસાના પાપની દુર્ગંછા કરનારા સંયમી પુરુષો આ લોકમાં કોઈની નિંદા કરતા નથી.

**૧૫** **आगंतगारे आरामगारे, समणे उ भीए ण उवेइ वासं ।**
**दक्खा हु संती बहवे मणुस्सा, ऊणातिरित्ता य लवालवा य ॥**

**શબ્દાર્થ :– आगंतगारे** = ધર્મશાળાઓમાં **आरामगारे** = આરામગૃહોમાં (બગીચાઓમાં) **भीए** = ડરપોક

**ण उवेइ वासं** = વાસ કરતા નથી **दक्खा** = દક્ષ **ऊणातिरित्ता** = હીનાધિક **लवालवा** = વાચાળ કે મૌની.

**ભાવાર્થ :–** ગોશાલકે પુનઃ આર્દ્રકમુનિને કહ્યું– તમારા શ્રમણ મહાવીર અત્યંત ભીરુ-ડરપોક છે, તેથી તે ધર્મશાળાઓમાં તથા આરામગૃહોમાં અર્થાત્ ઉદ્યાનમાં બનાવેલાં ઘરોમાં નિવાસ કરતા નથી, કારણ કે ઉક્ત સ્થાનમાં ઘણા દક્ષ મનુષ્યો ધર્મ-ચર્ચામાં ઊતરે છે, તેમાંથી કોઈ ઓછા અથવા કોઈ અધિક વાચાળ હોય છે, કોઈ મૌની હોય છે.

**૧૬** **मेहाविणो सिक्खिय बुद्धिमंता, सुत्तेहि अत्थेहि य णिच्छियण्णा ।**
**पुच्छिंसु मा णे अणगार अण्णे, इति संकमाणो ण उवेइ तत्थ ॥**

**શબ્દાર્થ :–** **णिच्छयण्णा** = નિશ્ચય કરાયેલા **पुच्छिंसु** = પૂછી લે **संकमाणो** = આશંકા કરતાં **ण उवेइ**= જતા નથી.

**ભાવાર્થ :–** ધર્મશાળા આદિ સ્થાનોમાં કેટલાક મેધાવી, કેટલાક શિક્ષાપ્રાપ્ત, કેટલાક બુદ્ધિમાન તથા કેટલાક સૂત્રો અને અર્થનો પૂર્ણરૂપે નિશ્ચય કરનારા હોય છે, બીજા અણગારો મને કોઈ પ્રશ્ન ન પૂછે, આ પ્રકારની આશંકાથી શ્રમણ ભગવાન મહાવીર ત્યાં જતા નથી.

**૧૭** **णाकामकिच्चा ण य बालकिच्चा, रायाभिओगेण कुओ भएणं।**
**वियागरेज्जा पसिणं ण वावि, सकामकिच्चेणिह आरियाणं ॥**

**શબ્દાર્થ :–** **ण अकामकिच्चा** = કામકૃત્ય પ્રયોજન વિના કામ નથી કરતા **ण बालकिच्चा** = બાલકૃત્ય– બાળકની જેમ વિચાર્યા વિના કામ કરનારા નથી **पसिणं** = પ્રશ્નનો **वियागरेज्जा** = કહે **ण वावि** = અથવા ન કહે **सकामकिच्चेण** = સકામકૃત્ય–તીર્થંકર નામકર્મના ક્ષય માટે **इह** = આ લોકમાં.

**ભાવાર્થ :–** (આર્દ્રકમુનિએ ગોશાલકને જવાબ આપ્યો–) ભગવાન મહાવીર સ્વામી પ્રયોજન વિના કોઈ કાર્ય કરતા નથી, તેઓ બાળકોની જેમ વિચાર્યા વિના કાર્ય કરતા નથી, તેઓ રાજભયથી પણ ધર્મોપદેશ આપતા નથી. તો પછી અન્ય લોકોના ભયની વાત જ ક્યાં? ભગવાન ક્યારેક પ્રશ્નનો ઉત્તર આપે છે અને ક્યારેક આપતા નથી. તેઓ આર્ય લોકો માટે તથા પોતાના તીર્થંકર નામકર્મના ક્ષય માટે ધર્મોપદેશ આપે છે.

**૧૮** **गंता व तत्था अदुवा अगंता, वियागरेज्जा समियासुपण्णे ।**
**अणारिया दंसणओ परित्ता, इइ संकमाणो ण उवेइ तत्थ ॥**

**શબ્દાર્થ :–** **गंता** = જઈને **अगंता** = ગયા વિના **समिया** = સમતાભાવથી **आसुपण्णे** = આશુપ્રજ્ઞ, જેને તત્કાલ બુદ્ધિ ઉત્પન્ન થઈ જાય છે તે પુરુષ **दंसणओ** = દર્શનથી **परित्ता** = ભ્રષ્ટ.

**ભાવાર્થ :–** સર્વજ્ઞ(આશુપ્રજ્ઞ) ભગવાન મહાવીર સ્વામી ત્યાં શ્રોતાઓ પાસે જઈને અથવા શ્રોતા પાસે ગયા વિના સ્વસ્થાને રહીને જ સમભાવથી ધર્મોપદેશ કરે છે, પરંતુ અનાર્ય લોકો દર્શનથી ભ્રષ્ટ હોય છે, એવી શંકાથી ભગવાન તેઓની પાસે જતા નથી.

**૧૯** **पण्णं जहा वणिए उदय अट्ठी, आयस्स हेउं पगरेइ संगं ।**
**तओवमे समणे णायपुत्ते, इच्चेव मे होइ मई वियक्का ॥**

**શબ્દાર્થ :–** **पण्णं** = ક્રયવિક્રયની વસ્તુઓ **उदयट्ठी** = ઉદયાર્થી-લાભાર્થી **वणिए** = વણિક **आयस्स हेउं**= પોતાના લાભ માટે **संगं** = જનસંપર્ક **पगरेइ** = કરે છે **वियक्का** = તર્ક **मई** = મતિ.

**ભાવાર્થ :–** (ગોશાલકે ફરી આર્દ્રક મુનિને કહ્યું–) જેમ લાભાર્થી વણિક ક્રય-વિક્રયને યોગ્ય વસ્તુને લઈને લાભ માટે મહાજનોનો સંપર્ક કરે છે, તે જ રીતે જ્ઞાતપુત્ર મહાવીરનો પણ વ્યવહાર છે. તે પોતાની સ્વાર્થસિદ્ધિ માટે જન સમૂહમાં જઈને ધર્મોપદેશ આપે છે. આ પ્રમાણે મારી બુદ્ધિ તથા તર્ક છે.

**૨૦** **णवं ण कुज्जा विहुणे पुराणं, चिच्चामइं ताई य साह एवं ।**
**एतावता बंभवइ त्ति वुत्ते, तस्सोदयट्ठी समणे त्ति बेमि ॥**

**શબ્દાર્થ :–** **णवं ण कुज्जा** = નવા કર્મો કરતા નથી **विहुणे** = નષ્ટ કરે છે **चिच्चा** = ત્યાગ કરે છે **अमइं** = દુર્મતિ **ताई** = રક્ષક **बंभवई** = બ્રહ્મવ્રતી-મોક્ષના વ્રતવાળો **स** = તે, ભગવાન **आह** = કહે છે.

**ભાવાર્થ :–** (આર્દ્રક મુનિએ ગોશાલકને ઉત્તર આપ્યો–) ભગવાન મહાવીર સ્વામી નવા કર્મોનો બંધ કરતા નથી, પરંતુ તેઓ જૂના કર્મોનો ક્ષય કરે છે. ષડ્જીવનિકાયના ત્રાતા, તે ભગવાન સ્વયં આ પ્રમાણે કહે છે કે પ્રાણી કુબુદ્ધિનો ત્યાગ કરીને જ મોક્ષ પ્રાપ્ત કરે છે. કુમતિનો ત્યાગ જ બ્રહ્મવ્રત– મોક્ષવ્રત કહેવાય છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી મોક્ષના લાભાર્થી છે– એ પ્રમાણે હું કહું છું.

**૨૧** **समारभंते वणिया भूयगामं, परिग्गहं चेव ममायमाणा ।**
**ते णाइसंजोगमविप्पहाय, आयस्स हेउं पकरेंति संगं ॥**

**શબ્દાર્થ :–** **भूयगामं** = ભૂતગ્રામ, પ્રાણીઓનો સમૂહ **समारभंते** = આરંભ કરે છે **ममायमाणा** = મમત્વ રાખતા થકા **आयस्स** = લાભના.

**ભાવાર્થ :–** હે ગોશાલક ! વ્યાપારી લોકો તો અનેક જીવોનો આરંભ કરે છે, પરિગ્રહ ઉપર મમતા પણ રાખે છે અને જ્ઞાતિજનો સાથે મમત્વયુક્ત સંબંધ છોડ્યા વિના લાભને માટે ન કરવા યોગ્ય બીજા લોકોનો સંગ પણ કરે છે.

**૨૨** **वित्तेसिणो मेहुणसंपगाढा, ते भोयणट्ठा वणिया वयंति ।**
**वयं तु कामेसु अज्झोववण्णा, अणारिया पेमरसेसु गिद्धा ॥**

**શબ્દાર્થ :–** **वित्तेसिणो** = ધનના શોધક **मेहुणसंपगाढा** = મૈથુનમાં આસક્ત **पेमरसेसु** = પ્રેમરસમાં.

**ભાવાર્થ :–** હે ગોશાલક ! વ્યાપારી ધનના લોભી અને સ્ત્રી સંબંધી કામભોગમાં ગાઢ આસક્ત હોય છે તથા તેઓ ભોગ સામગ્રીની પ્રાપ્તિ માટે ગમે ત્યાં ભટકે છે. અમે તો આવા વણિકોને કામભોગમાં અત્યધિક આસક્ત, પ્રેમ રસમાં ગ્રસ્ત અને અનાર્ય કહીએ છીએ.(ભગવાન મહાવીર આ પ્રકારના વણિક નથી.)

**૨૩** **आरंभगं चेव परिग्गहं च, अविउस्सिया णिस्सिय आयदंडा ।**
**तेसिं च से उदए जं वयासी, चउरंतणंताय दुहाय णेह ॥**

**શબ્દાર્થ :–** **अविउस्सिया** = છોડ્યા વિના **णिस्सिय** = આસક્ત થાય છે **आयदंडा** = આત્માને દંડ

દેનારા **उदए** = ઉદય-લાભ **चउरंत** = ચાતુરંત-ચારગતિમાં જેનો અંત છે એવો સંસાર **अणंताय** = અનંત સંસારને માટે **दुहाय** = દુઃખને માટે.

**ભાવાર્થ :–** હે ગોશાલક ! વણિકો આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરતા નથી, પરંતુ પરિગ્રહનો ત્યાગ કર્યા વિના જ તેમાં અત્યંત આસક્ત રહે છે તથા તે આત્માને દંડે છે. તેનો ઉદય–લાભ, જેને તું લાભ કહે છે તે વાસ્તવિક લાભ નથી, પરંતુ ચાતુર્ગતિક સંસારને પ્રાપ્ત કરાવનાર અને દુઃખનું કારણ છે તેથી તે ઉદય– લાભનું કારણ નથી.

**૨૪** **णेगंत णच्चंतिय तओदए से, वयंति ते दो वि गुणोदयंमि ।**
**से उदए साइमणंतपत्ते, तमुद्दयं साहयइ ताई णाई ॥**

**શબ્દાર્થ :– ण** = નહીં **एगंत** = એકાંત **अच्चंतिय** = આત્યન્તિક **तओदए** = તે ઉદય, લાભ **साइं** = સાદિ, જેની આદિ છે **अणंतपत्ते** = અનંત પ્રાપ્ત **ताई** = રક્ષક **णाई** = જ્ઞાતા-જાણનાર **साहयइ** = ઉપદેશ આપે છે.

**ભાવાર્થ :–** હે ગોશાલક ! વ્યાપારીઓનો પૂર્વોક્ત ધનલાભ વગેરે રૂપ ઉદય(લાભ) એકાંતિક કે આત્યંતિક નથી, તેમ જ્ઞાનીજનો કહે છે. જે ઉદયમાં આ બંને ગુણો ન હોય, તે વાસ્તવિક રીતે લાભ નથી અર્થાત્ તે લાભ ગુણહીન છે. તીર્થંકર ભગવાનનો લાભ સાદિ અનંત છે અને છકાય જીવોના રક્ષક સર્વજ્ઞ ભગવાન સાદિ અનંત લાભનો જ ઉપદેશ આપે છે.

**૨૫** **अहिंसयं सव्वपयाणुकंपी, धम्मे ठियं कम्मविवेगहेउं ।**
**तमायदंडेहिं समायरंता, आबोहिए ते पडिरूवमेयं ।।२५।।**

**શબ્દાર્થ :– सव्वपयाणुकंपी** = સમસ્ત પ્રાણીઓ પર અનુકંપા કરનારા **कम्मविवेगहेउं** = કર્મ વિવેક, કર્મ ક્ષયના કારણ ભૂત **आयदंडेहिं समायरंता** = આત્માને દંડ દેનારા **अबोहिए** = અજ્ઞાનને **पडिरूवं** = પ્રતિરૂપ, અનુરૂપ.

**ભાવાર્થ :–** ભગવાન પ્રાણીઓની હિંસાથી સર્વથા રહિત છે તથા સમસ્ત પ્રાણીઓ પર અનુકંપા કરે છે; આવા કર્મ-નિર્જરાના હેતુભૂત સંયમ ધર્મમાં સ્થિત વીતરાગ સર્વજ્ઞ મહાપુરુષને, તમારા જેવા આત્માને દંડ દેનાર વ્યક્તિ જ વણિક સદશ કહી શકે, આ કાર્ય તમારા અજ્ઞાનને અનુરૂપ જ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ગોશાલક તથા આર્દ્રક મુનિ વચ્ચે થયેલી ધર્મચર્ચાનું પ્રતિપાદન છે.

સર્વજ્ઞ પરમાત્મા પ્રભુ મહાવીરના વીતરાગ ધર્મના પ્રભાવની સાથે આજીવિક મતના સિદ્ધાંતો કે તેના વ્યવહારની તુલના કરવી તે સર્વથા અનુચિત છે. તેમ છતાં ગોશાલક ખોટા તર્ક-વિતર્કથી પ્રભુ મહાવીર સ્વામી તથા જિનેશ્વર કથિત જૈનધર્મના આચાર-વિચાર પર ભિન્ન-ભિન્ન રીતે દોષારોપણ કરે છે.

(૧) ગોશાલકના મતાનુસાર કોઈ વ્યક્તિ સચિત્ત જલાદિનું, સ્ત્રી સંગાદિનું સેવન કરે પરંતુ જો જન સંપર્ક છોડીને એકાંતમાં નિવાસ કરે, તો તેને પાપકર્મનો બંધ થતો નથી.

ગોશાલક મતાનુયાયીની આ માન્યતા કેવળ સુવિધાનું જ પોષણ કરે છે. કર્મબંધનો આધાર

એકાંતવાસ કે જનસંપર્ક નથી. ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ જ કર્મબંધનું મુખ્ય કારણ છે. કોઈ વ્યક્તિ કેવળ સંન્યાસીનો વેશ પહેરીને એકાંતવાસનો સ્વીકાર કરે, એકાંતમાં રહીને સચિત્ત જલાદિનું સેવન કે સ્ત્રી સંગ આદિ પાપપ્રવૃત્તિ કરે, તો તેનો એકાંતવાસ લાભનું કારણ નથી. તે શ્રમણવેશમાં પણ ગૃહસ્થ તુલ્ય છે, તેવા પાખંડી સાધુ દેહાનુરાગી જ હોવાથી આત્મસાધના કરીને સર્વ કર્મોનો ક્ષય કરી શકતા નથી.

(૨) ગોશાલક આર્દ્રક મુનિને કહે છે કે વિભિન્ન દાર્શનિકો પોત-પોતાની દષ્ટિથી ધર્મ, પુણ્ય-પાપ કે મોક્ષનો માર્ગ બતાવે છે. તમે તે સહુનું ખંડન કરતાં તેમની નિંદા કરીને પોતાનો અહંકાર પ્રદર્શિત કરો છો.

આ પ્રકારના દોષારોપણમાં પોતાની તુચ્છતાનું જ પ્રદર્શન છે. વીતરાગ ધર્મનું કથન ત્રૈકાલિક સત્ય છે. તેમાં કોઈ પર રાગ દ્વેષનો કે નિંદા-પ્રશંસાનો ભાવ નથી. વીતરાગધર્મ રાગ-દ્વેષ કે નિંદા-પ્રશંસા છોડીને સમભાવની પ્રાપ્તિનો ધર્મ છે, તેથી સત્યધર્મનું પ્રગટીકરણ તે એકમાત્ર અમારો ઉદ્દેશ છે.

(૩) પ્રભુ મહાવીર ડરપોક છે અને બુદ્ધિમાનના પ્રશ્નોના ઉત્તર આપવાના ભયથી તેઓ સહુની સાથે સાર્વજનિક સ્થાનોમાં રહેતા નથી. ગોશાલકનું આવું કથન પણ પાયા વિનાનું જ છે.

ભગવાન મહાવીર સ્વામી સંપૂર્ણ રીતે નિર્ભય તથા સર્વજ્ઞ છે. તેઓ લોકાલોકના જ્ઞાતા છે. તેઓ કોઈ પણ વિષયથી અજ્ઞાત નથી. તેમની પ્રત્યેક પ્રવૃત્તિ પ્રયોજનપૂર્વક થાય છે. અન્ય વ્યક્તિના લાભને જોઈને તેઓ નિષ્પક્ષભાવે પ્રશ્નનો ઉત્તર આપે છે, અન્યથા મૌન રહે છે. સંક્ષેપમાં પ્રભુ ઉપદેશ આપે કે ન આપે, લોકોની સાથે વાદ-વિવાદ કરે કે ન કરે, તેમાં રાગ-દ્વેષ કે ભયની આંશિક પણ સંભાવના નથી.

(૪) જેમ લાભાર્થી વણિક પોતાના માલના વેચાણ માટે દેશ-વિદેશમાં ફરે છે. મહાજનોનો સંપર્ક કરે છે. તેમ મહાવીર પણ પોતાની પૂજા-પ્રતિષ્ઠા તથા આહારાદિના લાભ માટે ગ્રામાનુગ્રામ વિચરે છે. ત્યાં રાજા વગેરે લોકોનો સંપર્ક કરે છે તેથી તેઓ વણિક તુલ્ય છે. ગોશાલકના આ વિધાનનો જવાબ આપતા આર્દ્રક મુનિ કહે છે– ભગવાન એક દષ્ટિકોણથી વણિકની સમાન છે કારણ કે તેઓની પ્રત્યેક પ્રવૃત્તિ આત્મલાભ માટે જ થાય છે. પ્રભુ નિષ્પ્રયોજન કોઈ પણ પ્રવૃત્તિ કરતા નથી.

તેમ છતાં **૧.** વણિક છદ્મસ્થ છે, **૨.** તેની દષ્ટિ ધનાદિ ભૌતિક પદાર્થો પર હોય છે, **૩.** તે જીવહિંસા આદિ પાપકારી પ્રવૃત્તિ દ્વારા પોતાનો વ્યાપાર કરે છે, **૪.** તે કામાસક્ત હોય છે, **૫.** ધન-દોલત, પરિવારાદિના મમત્વથી બંધાયેલા હોય છે, **૬.** તે આરંભ–પરિગ્રહનો ત્યાગ કરતા નથી, તેથી કર્મદંડથી આત્માને દંડિત કરે છે અને તેના પરિણામે ચારગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે, **૭.** વણિકને થતો ધનાદિનો લાભ એકાંતિક કે આત્યંતિક નથી. તેનો લાભ નાશવંત છે, ક્યારેક તે નુકશાન રૂપે પરિવર્તન પામે છે.

પરમાત્મા મહાવીર સ્વામી સર્વજ્ઞ છે. તેમની દષ્ટિ એક માત્ર આત્મવિશુદ્ધિ અને કર્મક્ષય પર છે. તેમની ઉપદેશાદિની ક્રિયા સંપૂર્ણતઃ પાપ રહિત છે. તેઓ નિરારંભી, નિષ્પરિગ્રહી અને મમત્વ ભાવથી સર્વથા મુક્ત છે. પરમાત્મા પાપથી સર્વથા મુક્ત હોવાથી પોતાના આત્માને કર્મદંડથી મુક્ત કરીને ચારગતિ રૂપ સંસાર પરિભ્રમણથી મુક્ત થઈ જાય છે.

પરમાત્માને થયેલો કર્મક્ષય રૂપ લાભ અથવા કેવળજ્ઞાન આદિ અનંત ગુણલક્ષ્મી રૂપ લાભ એકાંતિક અને આત્યંતિક લાભ છે, કારણ કે તે લાભ ક્યારેય નાશ પામતો નથી, તે શાશ્વત કાલ પર્યંત ટકી રહે છે.

આ રીતે સંપૂર્ણ અહિંસક, સર્વ જીવો પ્રતિ અનુકંપાશીલ, વીતરાગી પરમાત્માની તુલના વણિક સાથે કરવી, તે આપની અજ્ઞાનતાને પ્રગટ કરે છે.

**આર્દ્રકમુનિ અને બૌદ્ધ ભિક્ષુકો :–**

**२६** पिण्णागपिंडिमवि विद्धसूले, केई पएज्जा पुरिसे इमे त्ति ।
अलाउयं वावि कुमारग त्ति, स लिप्पइ पाणिवहेण अम्हं ॥

**શબ્દાર્થ :– पिण्णागपिंडि** = ખોળના પિંડને **विद्धसूले** = શૂળીથી વિંધે **अवि** = પણ **पएज्जा** = પકાવે **अलाउयं** = તુંબડી (દૂધી)ને **कुमारग त्ति** = બાળક માનીને **पाणिवहेण** = પ્રાણી વધના પાપથી **लिप्पइ**= લિપ્ત થાય છે **अम्हं** = અમારા મતમાં.

**ભાવાર્થ :–** (શાક્યભિક્ષુ આર્દ્રક મુનિને કહેવા લાગ્યા–) કોઈ વ્યક્તિ ખોળના પિંડને, 'આ પુરુષ છે' એમ માનીને શૂળીથી વીંધીને અગ્નિમાં પકાવે અથવા તુંબડાને બાળક માનીને પકાવે, તો અમારા મતે તે પ્રાણીવધનાં પાપથી લિપ્ત થાય છે.

**२७** अहवा वि विद्धूण मिलक्खू सूले, पिण्णागबुद्धीए णरं पएज्जा ।
कुमारगं वा वि अलाउए त्ति, ण लिप्पइ पाणिवहेण अम्हं ॥

**શબ્દાર્થ :– मिलक्खू** = મ્લેચ્છ **अलाउए** = અલાબુ, તુંબડું.

**ભાવાર્થ :–** અથવા તે કોઈ મ્લેચ્છાદિ પુરુષ, મનુષ્યને ખોળ(પિંડ) સમજીને તેને શૂળીથી વિંધીને પકાવે અથવા બાળકને તૂંબડું સમજીને પકાવે, તો તે અમારા મતે પ્રાણીવધના પાપથી લિપ્ત થતા નથી.

**२८** पुरिसं च विद्धूण कुमारगं वा, सूलम्मि केई पए जायतेए ।
पिण्णागपिंडिं सतिमारुहेत्ता, बुद्धाण तं कप्पइ पारणाए ॥

**શબ્દાર્થ :– पुरिसं** = પુરુષને **कुमारगं** = કુમારને **सूलम्मि** = શૂળીથી **विद्धूण** = વીંધીને **जायतेए** = અગ્નિમાં **पए** = પકવે **सतिम्** = પુરુષ કે કુમાર વિદ્યમાન હોવા છતાં **पिण्णाग पिंडिं** = ખોળ પિંડનું **आरुहेत्ता** = આરોપણ કરીને **तं** = તે માંસ **बुद्धाण** = બુદ્ધ પુરુષોના **पारणाए** = પારણાને માટે **कप्पइ** = કલ્પનીય છે.

**ભાવાર્થ :–** કોઈ પુરુષ, મનુષ્યને અથવા બાળકને ખોળનો પિંડ માનીને શૂળીથી વિંધીને આગમાં પકાવે તો અમારા મતે તે માંસપિંડ પવિત્ર છે, તે બુદ્ધોનાં પારણાને યોગ્ય છે.

**२९** सिणायगाणं तु दुवे सहस्से, जे भोयए णिइए भिक्खुयाणं ।
ते पुण्णखंधं सुमहज्जिणित्ता, भवंति आरोप्प महंतसत्ता ॥

**શબ્દાર્થ :– सिणायगाणं** = સ્નાતક **दुवे सहस्से** = બે હજાર **भोयए** = ભોજન કરાવે છે **सुमह** = મહાન **ज्जिणित्ता** = ઉપાર્જન કરે છે **णिइए** = નિત્ય **पुण्णखंधं** = પુણ્યસ્કંધને **महंतसत्ता** = મહાસત્વ **आरोप्प**= આરોપ્ય નામના દેવ, **भवंति** = થાય છે.

**ભાવાર્થ :–** જે પુરુષ બે હજાર સ્નાતક ભિક્ષુઓને પ્રતિદિન ભોજન કરાવે છે, તે મહાન પુણ્યરાશિનું ઉપાર્જન કરીને મહાસત્ત્વશાળી-મહાપરાક્રમી આરોપ્ય નામના દેવ થાય છે.

**૩૦** **अजोगरूवं इह संजयाणं, पावं तु पाणाण पसज्झ काउं ।**
**अबोहिए दोण्ह वि तं असाहु, वयंति जे यावि पडिस्सुणंति ॥**

**શબ્દાર્થ :–** **अजोगरूवं** = અયોગ્ય રૂપ **पसज्झ** = જબરદસ્તી **काउं** = કરીને **पाणाण** = પ્રાણીવધ કરવો **पावं** = પાપજનક છે.

**ભાવાર્થ :–** (આર્દ્રકમુનિએ બૌદ્ધ ભિક્ષુઓને પ્રત્યુત્તર આપ્યો કે) આપનો આ પૂર્વોક્ત સિદ્ધાંત, (સંયમીઓને માટે) અયોગ્ય છે. પ્રાણીઓની જબરદસ્તીથી હિંસા કરવી, તે પાપજનક છે. આપના સિદ્ધાંતનું જે મનુષ્ય કથન કરે છે કે સાંભળે છે, તે બંને(કથન અને શ્રવણ) તેને માટે અબોધિલાભનું કારણ છે અને ખરાબ છે.

**૩૧** **उड्ढं अहे य तिरियं दिसासु, विण्णाय लिंगं तस-थावराणं ।**
**भूयाभिसंकाए दुगुंछमाणे, वए करेज्जा व कुओ विहत्थी ॥**

**શબ્દાર્થ :–** **विण्णाय** = જાણીને **लिंगं** = લિંગ(લક્ષણ)ને **भूयाभिसंकाए** = જીવ હિંસાની આશંકાથી **दुगुंछमाणे** = ઘૃણા કરતો થકો **वए** = બોલે **करेज्जा** = કાર્ય કરે **कुओ** = ક્યાંથી **वि** = પણ **इह** = આ જિનશાસનમાં **अत्थि** = છે.

**ભાવાર્થ :–** (આર્દ્રકમુનિ જૈન ધર્મના ગુણોનું કથન કરતા કહે છે કે) ઊંચી-નીચી અને તિરછી દિશાઓમાં ત્રસ અને સ્થાવર જીવોનાં અસ્તિત્વનાં હલન-ચલન આદિ ચિન્હોને જાણીને જીવહિંસાની આશંકાથી વિવેકી પુરુષ હિંસાની ઘૃણા કરતો, વિચાર કરીને બોલે અથવા કાર્ય કરે, તો તેને પાપ-દોષ કેવી રીતે લાગે ?

**૩૨** **पुरिसे त्ति विण्णत्ति ण एवमत्थि, अणारिए से पुरिसे तहा हु ।**
**को संभवो पिण्णगपिंडियाए, वाया वि एसा बुइया असच्चा ॥**

**શબ્દાર્થ :–** **विण्णत्ति** = વિજ્ઞપ્તિ-જ્ઞાન **अणारिए** = અનાર્ય **असच्चा** = અસત્ય.

**ભાવાર્થ :–** ખોળ પિંડમાં પુરુષ-બુદ્ધિ તો મૂર્ખને પણ થતી નથી. તેથી જે પુરુષ ખોળ પિંડમાં પુરુષબુદ્ધિ અથવા પુરુષમાં ખોળ પિંડની બુદ્ધિ રાખે છે, તે અનાર્ય છે. ખોળના પિંડમાં પુરુષ(માનવ)ની બુદ્ધિ કેવી રીતે સંભવે ? તેથી આપના દ્વારા કહેવાયેલી આ વાણી પણ અસત્ય છે.

**૩૩** **वायाभिओगेण जमावहेज्जा, णो तारिसं वायमुदाहरेज्जा ।**
**अट्ठाणमेयं वयणं गुणाणं, णो दिक्खिए बूयमुरालमेयं ॥**

**શબ્દાર્થ :–** **वायाभिओगेण** = વચન પ્રયોગથી **जं** = જે **आवहेज्जा** = જીવઘાત થાય **दिक्खिए** = દીક્ષિત **उरालं** = સ્થૂલ-નિઃસાર **एयं** = આ **वयणं** = વચન **गुणाणं** = ગુણોનું **अट्ठाणं** = સ્થાન નથી.

**ભાવાર્થ :–** જે વચન પ્રયોગથી જીવોનો ઘાત થતો હોય તેવા વચન, વિવેકી પુરુષ કદાપિ ન બોલે, આ પ્રકારના વચનો ગુણોનું સ્થાન નથી, તેથી દીક્ષિત વ્યક્તિ એવા નિઃસાર વચન બોલે નહીં.

**૩૪** **लद्धे अट्ठे अहो एव तुब्भे, जीवाणुभागे सुविचिंतिए य ।**
**पुव्वं समुद्दं अवरं च पुट्ठे, उलोइए पाणितले ट्ठिए वा ॥**

**શબ્દાર્થ :– जीवाणुभागे** = જીવોના કર્મફળનો **सुविचिंतए** = વિચાર કર્યો છે **पाणितले** = હથેળીમાં **ठिए** = સ્થિત **उलोइए** = જોઈ લીધું છે.

**ભાવાર્થ :–** અહો બૌદ્ધો ! તમે પદાર્થોને ઉપલબ્ધ કરી લીધા છે ! તમે પણ જીવોનાં કર્મફળનું સારી રીતે ચિંતન કર્યું છે ! તમારો પણ યશ પૂર્વ સમુદ્રથી લઈને પશ્ચિમ સમુદ્ર સુધી ફેલાઈ ગયો છે ! તમે પણ હથેળીમાં રાખેલા પદાર્થની જેમ આ જગત ને જોઈ લીધું છે.

તેમ છતાં તમે પુરુષને ખોળપિંડ અને ખોળપિંડને પુરુષ માનીને થતી પ્રવૃત્તિમાં દોષ નથી વગેરે વાતો કરો છે, તે જ આશ્ચર્ય છે.

**३५** **जीवाणुभागं सुविचिंतयंता, आहारिया अण्णविहीअ सोहिं ।**
**ण वियागरे छण्णपओपजीवी, एसोणुधम्मो इह संजयाणं ॥**

**શબ્દાર્થ :– जीवाणुभागं** = જીવાનુભાગ, જીવોની પીડાનું **सुविचिंतयंता** = સમ્યક પ્રકારે ચિંતન કરીને **आहारिया** = આહાર કરનારા **अण्णविहीअ** = વિધિપૂર્વક પ્રાપ્ત કરેલું નિર્દોષ અન્ન **सोहिं** = શુદ્ધ **छण्ण-पओपजीवी** = કપટથી આજીવિકા કરનારા.

**ભાવાર્થ :–** જૈનશાસનના અનુયાયી સાધકો જીવોની પીડાનું સમ્યક પ્રકારે ચિંતન કરીને આહારગ્રહણ કરવાની વિધિથી શુદ્ધ આહાર ગ્રહણ કરે છે; તેઓ કપટથી આજીવિકા મેળવતા નથી અને માયા કપટ યુક્ત વચન બોલતા નથી. જૈન શાસનમાં સંયમીપુરુષોનો આ જ ધર્મ છે.

**३६** **सिणायगाणं तु दुवे सहस्से, जे भोयए णितिए भिक्खुयाणं ।**
**असंजए लोहियपाणि से ऊ, णियच्छइ गरहमिहेव लोए ।।३६।।**

**શબ્દાર્થ :– णितिए** = નિત્ય **भिक्खुयाणं** = ભિક્ષુકોને **भोयए** = ભોજન કરાવે છે **लोहियपाणि** = લોહીથી ખરડાયેલા હાથવાળો **गरहं** = નિંદાને.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ પ્રતિદિન બે હજાર સ્નાતક ભિક્ષુઓને પૂર્વોક્ત માંસપિંડનું ભોજન કરાવે છે, તે અસંયમી લોહીથી રંગાયેલા હાથવાળો પુરુષ આ લોકમાં નિંદાપાત્ર બને છે.

**३७** **थूलं उरब्भं इह मारियाणं, उद्दिट्ठभत्तं च पगप्पइत्ता ।**
**तं लोणतेल्लेण उवक्खडेत्ता, सपिप्पलीयं पकरेंति मंसं ॥**

**३८** **तं भुंजमाणा पिसियं पभूयं, ण लिप्पयामो वयं रएणं ।**
**इच्चेवमाहंसु अणज्जधम्मा, अणारिया बाल रसेसु गिद्धा ॥**

**શબ્દાર્થ :– थूलं** = સ્થૂલ– જાડા શરીરવાળો **उरब्भं** = ઘેટાને **उद्दिट्ठभत्तं** = ઉદ્દિષ્ટભક્ત, સાધુઓના નિમિત્તે બનાવેલા આહારાદિ **लोण** = લવણ, મીઠું **तेल्लेण** = તેલથી **उवक्खडेत्ता** = રાંધે, પકાવે **सपिप्पलीयं** = પીપરીમૂળ આદિ દ્રવ્યો સહિત **पिसियं** = માંસને **पभूयं** = વધારે માત્રામાં **ण लिप्पयामो**= લિપ્ત થતાં નથી, લેપાતા નથી **रएणं** = કર્મરજથી.

**ભાવાર્થ :–** (આર્દ્રકમુનિ શાક્ય–બૌદ્ધ ભિક્ષુઓને કહે છે કે) આપના મતાનુયાયીઓ મોટા ઘેટાને મારીને ભિક્ષુઓના ભોજનના ઉદ્દેશ્યથી, તે ઘેટાનાં માંસને મીઠું અને તેલ નાંખી પકાવે અને પીપર આદિ મસાલાથી વઘારીને તૈયાર કરે, તો તે માંસ બૌદ્ધ ભિક્ષુઓના ભોજનને યોગ્ય માને છે.

ઉપરોક્ત પ્રકારે તૈયાર કરેલા, માંસને અધિક માત્રામાં ખાવા છતાં 'અમે કર્મરજથી લિપ્ત થતાં નથી', આ પ્રમાણે કહેનારા વ્યક્તિ અનાર્ય ધર્મી, અનાર્ય, અજ્ઞાની અને રસમાં ગૃદ્ધ છે.

**૩૯** **जे यावि भुंजंति तहप्पगारं, सेवंति पावमजाणमाणा ।**
**मणं ण एयं कुसला करेंति, वाया वि एसा बुइया उ मिच्छा ॥**

**શબ્દાર્થ :–** **वाया** = વાણી **बुइया** = કહેલી.

**ભાવાર્થ :–** જે લોકો આ પ્રકારનાં માંસનું સેવન કરે છે, તે અજ્ઞાની પાપનું સેવન કરે છે, પરંતુ કુશળ પુરુષ (તત્ત્વજ્ઞાનમાં નિપુણ પુરુષ) આ પ્રકારના માંસને ખાવાની ઈચ્છા જ કરતા નથી તેમજ માંસ ભક્ષણમાં દોષ નથી, તેવા વચન પ્રયોગને પણ મિથ્યા માને છે.

**૪૦** **सव्वेसिं जीवाण दयट्ठयाए, सावज्जदोसं परिवज्जयंता ।**
**तस्संकिणो इसिणो णायपुत्ता, उद्दिट्ठभत्तं परिवज्जयंति ॥**

**શબ્દાર્થ :–** **दयट्ठयाए** = દયા કરવા માટે **सावज्जदोसं** = સાવદ્ય દોષને **परिवज्जयंतो** = ત્યાગ કરનારા, **उद्दिट्ठभत्तं** = મુનિઓના નિમિત્તે બનાવેલા આહારાદિ.

**ભાવાર્થ :–** સર્વ જીવોની દયા માટે, સાવદ્ય દોષોથી દૂર રહેનારા તથા પાપકર્મની આશંકા કરનારા, જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શિષ્યો સાધુના નિમિત્તે આરંભ કરીને તૈયાર કરેલા ભોજનનો ત્યાગ કરે છે.

**૪૧** **भूयाभिसंकाए दुगुंछमाणा, सव्वेसिं पाणाणणिहाय दंडं ।**
**तम्हा ण भुंजंति तहप्पगारं, एसोणुधम्मो इह संजयाणं ॥**

**શબ્દાર્થ :–** **णिहाय** = ત્યાગ કરીને **अणुधम्मो** = અનુધર્મ, તીર્થંકર પરંપરાગત ધર્મ.

**ભાવાર્થ :–** જીવહિંસાની આશંકાથી સાવદ્ય અનુષ્ઠાનથી વિરક્ત રહેનારા શ્રમણ નિર્ગ્રંથો સર્વ પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરે છે, તેથી તેઓ દોષયુક્ત આહારાદિનો ઉપયોગ કરતા નથી, જિન શાસનમાં સંયમી સાધકોનો આ જ પરંપરાગત ધર્મ છે.

**૪૨** **णिग्गंथधम्मम्मि इमं समाहिं, अस्सिं सुठिच्चा अणिहे चरेज्जा।**
**बुद्धे मुणी सीलगुणोववेए इच्चत्थयं पाउणइ सिलोगं ॥**

**શબ્દાર્થ :–** **णिग्गंथ धम्मम्मि** = નિર્ગ્રંથ ધર્મમાં **सुठिच्चा** = સ્થિત થઈને **सीलगुणोववेए** = શીલગુણોથી યુક્ત **सिलोगं** = શ્લાઘા(પ્રશંસા)ને. **इच्चत्थयं** = આ લોકમાં.

**ભાવાર્થ :–** આ નિર્ગ્રંથ ધર્મમાં આહાર વિશુદ્ધિ રૂપ સમાધિમાં સમ્યક પ્રકારે સ્થિત થઈને, માયારહિત

થઈને નિર્ગ્રંથ ધર્મમાં જ વિચરણ કરે છે, તે પ્રબુદ્ધ મુનિ શીલ અને ગુણોથી યુક્ત થઈને આ લોકમાં પણ પૂજા-પ્રશંસાને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં આર્દ્રકમુનિ અને શાક્ય ભિક્ષુઓનો વાર્તાલાપ છે.

આજીવિકાનુયાયીઓને પરાજિત કરીને આર્દ્રકમુનિ આગળ વધી રહ્યા હતા ત્યારે તેમને બૌદ્ધ મતવાદી ભિક્ષુઓનો સમાગમ થયો. તેમણે આર્દ્રકમુનિને પોતાના સંપ્રદાયમાં લેવા માટે પ્રયત્નો શરૂ કર્યા.

હે આર્દ્રક ! આપે આજીવિક મતાનુયાયીઓએ આપેલા વણિકના દષ્ટાંતનું ખંડન કર્યું તે શ્રેષ્ઠ કાર્ય થયું, કારણ કે આંતરિક અનુષ્ઠાન જ બંધ અને મોક્ષનું કારણ છે, અમે પણ તે જ સિદ્ધાંતનો સ્વીકાર કરીએ છીએ.

અમારા મતાનુસાર કોઈ મનુષ્ય ઉપદ્રવ આદિથી પીડિત થઈને અનાર્ય દેશમાં પહોંચી જાય તે અનાર્ય પુરુષો બીજા મનુષ્યોને મારીને તેનું માંસ ખાય છે, તેથી આર્ય મનુષ્ય ભયથી કોઈ ખોળના ઢગલા ઉપર પોતાના વસ્ત્રો ઢાંકીને કોઈ જગ્યાએ છુપાઈ જાય, મ્લેચ્છ–અનાર્ય પુરુષો તેને શોધતાં-શોધતાં ખોળના ઢગલાને મનુષ્ય સમજીને તેને શૂળીથી વીંધે, અગ્નિમાં પકવે, તે જ રીતે વસ્ત્રથી ઢાંકેલાં તુંબડાંને બાળક સમજીને કોઈ મારી નાંખે, તો તે અનાર્ય પુરુષને મનુષ્યવધનું જ પાપ લાગે છે કારણ કે તેનો ભાવ મનુષ્યવધનો જ હોય છે. દ્રવ્યથી પ્રાણીની ઘાત ન થવા છતાં તેનું ચિત્ત હિંસક ભાવોથી મલિન હોવાથી તે જીવને પ્રાણીઘાતનો દોષ લાગે છે અને કોઈ મ્લેચ્છ પુરુષ મનુષ્યને ખોળપિંડ અને બાળકને તુંબડું સમજીને તેને મારી નાંખે તો તેને પ્રાણી હિંસાનો દોષ લાગતો નથી કારણ કે તેની પ્રવૃત્તિ મનુષ્ય કે બાળકને મારવાની ન હતી પરંતુ ખોળપિંડ કે તુંબડાને મારવાની હતી.

આ રીતે ભૂલથી કોઈ મનુષ્યનો ઘાત થઈ જાય તો તે મનુષ્ય દોષિત નથી અને તે માંસ પણ અશુદ્ધ ન હોવાથી તેનું ભોજન બુદ્ધ પુરુષોને પણ કલ્પનીય છે અને તે કર્મબંધનું કારણ નથી. બૌદ્ધ મતવાદીઓમાં શાક્ય ભિક્ષુઓનું મહત્ત્વ હોવાથી તેમના મતાનુસાર કોઈ વ્યક્તિ પ્રતિદિન બે હજાર શાક્યભિક્ષુઓને માંસનું ભોજન કરાવે તે વ્યક્તિ મહાન પુણ્ય ઉપાર્જન કરીને આરોપ્ય જાતિના સર્વોત્તમ દેવતા થાય છે.

બૌદ્ધમતવાદીઓના ઉપરોક્ત સિદ્ધાંત સંયમી પુરુષોને ગ્રહણ કરવા યોગ્ય નથી, કારણ કે સંયમી પુરુષો ત્રણ કરણ ત્રણ યોગથી અહિંસા મહાવ્રતની આરાધના કરે છે.

જે પુરુષ અજ્ઞાની છે, મોહગ્રસ્ત છે, તેને જ ખોળપિંડમાં મનુષ્ય અને તુંબડામાં બાળકની બુદ્ધિ થાય છે. તે ઉપરાંત ભૂલથી પણ થયેલો પ્રાણીઘાત હિંસા જ છે અને તે હિંસાજન્ય ભોજનને નિર્દોષ કહેવું તે કથન આર્ય પુરુષો માટે સર્વથા અનુચિત છે. અધ્યાત્મ સાધનામાં ભાવવિશુદ્ધિનું જ મહત્ત્વ હોવા છતાં વ્યવહારશુદ્ધિ પણ અનિવાર્ય છે. વિશુદ્ધ ભાવપૂર્વક કોઈ પણ હિંસક કાર્યની સંભાવના નથી. તેમજ જો વ્યવહારશુદ્ધિની આવશ્યકતા ન જ હોય તો બૌદ્ધો પણ શિરમુંડન, ભિક્ષાવૃત્તિ વગેરે બાહ્ય ક્રિયાઓનો સ્વીકાર શા માટે કરે છે? જે મનુષ્યો મનુષ્યને ખોળપિંડ સમજીને મારી નાંખે, તેને અગ્નિમાં પકાવે, વગેરે ક્રિયાઓ તેમની ક્રૂરતાને જ પ્રગટ કરે છે. તેમાં મિથ્યાભાવોની જ પુષ્ટિ થાય છે, તેથી તેને નિર્દોષ કદાપિ કહી શકાતું નથી. તે જ રીતે પ્રતિદિન બે હજાર શાક્ય ભિક્ષુઓને માંસાદિ ભોજન કરાવવા માત્રથી ઉત્તમ દેવલોકની પ્રાપ્તિ થવી, તે કથન પણ યથોચિત નથી.

કારણ કે તે શાક્ય ભિક્ષુકો માંસભક્ષક છે. તેને ભોજન કરાવનાર પુરુષ અસંયમી અને હિંસક છે. તેના હાથ લોહીથી રંગાયેલા રહે છે તેવા ઘાતક પુરુષ આ લોકમાં નિંદાને પાત્ર બને છે તેથી તેને પુણ્ય-કર્મનું ઉપાર્જન અને દેવલોકની પ્રાપ્તિ થવી, તે સર્વથા અશક્ય છે. ઉત્તમ દેવલોકની પ્રાપ્તિ સંયમ-તપની આરાધનાથી થયેલા પુણ્યકર્મબંધથી થાય છે. અન્યને માંસ-ભોજન કરાવવા માત્રથી ઉત્તમ દેવલોકની પ્રાપ્તિ થતી નથી.

આ રીતે બૌદ્ધોના સિદ્ધાંતો પૂર્ણતઃ અહિંસા ધર્મની પુષ્ટિ કરતા નથી, તેથી તે યોગ્ય નથી.

વાસ્તવિક રીતે વિચારતા સંયમી પુરુષોને સાવદ્યકારી ભાષાનો પ્રયોગ કરવો, તે પણ શોભનીય નથી, તેથી જ નિર્ગ્રંથ મુનિઓ સાવદ્યકારી ભાષા બોલતા નથી. આધાકર્મી આદિ દોષથી દૂષિત આહાર ગ્રહણ કરતા નથી. તેઓ નિર્દોષપણે પોતાની આજીવિકા ચલાવે છે. નિર્ગ્રંથમુનિઓ જગતના સર્વ જીવોને પોતાના આત્મા સમાન જાણે છે તેથી જગતના સર્વ જીવોના સુખ-દુઃખનો વિચાર કરીને, સર્વના કલ્યાણની કામનાપૂર્વક પોતાની પ્રવૃત્તિ કરે છે. નિર્ગ્રંથ ધર્મ સર્વ પ્રકારના માયા–કપટથી પૂર્ણપણે રહિત છે, તેથી તે નિર્ગ્રંથધર્મ કહેવાય છે. **निर्गतः ग्रन्थेभ्यः कपटेभ्यः इति निर्ग्रंथः** । જે ધર્મ, કપટ રૂપ ગ્રંથીથી રહિત છે તે નિર્ગ્રંથ ધર્મ છે. તેમાં આત્મસમાધિ અને જગજ્જીવોને પણ અભયદાન પ્રાપ્ત થાય તેવા વ્રત-નિયમોના પાલનનો ઉપદેશ છે. અનંત તીર્થંકરોએ આ અહિંસા ધર્મની આરાધના કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેમની શિષ્ય પરંપરામાં પણ અહિંસાધર્મનો ઉપદેશ છે. પૂર્ણ અહિંસા ધર્મની આરાધના જ મોક્ષમાર્ગ છે. જે ધર્મમાં સર્વ જીવોના હિતની, સુખની દષ્ટિ સમાહિત છે. તે જ ધર્મ પૂર્ણપણે આદરણીય, અનુમોદનીય અને પ્રશંસનીય છે.

**अणुधम्मो :–** તેના બે અર્થ થાય છે– (૧) પહેલાં તીર્થંકરે આ નિર્ગ્રન્થ ધર્મનું આચરણ કર્યું ત્યાર પછી તેમનો શિષ્યવર્ગ તે નિર્ગ્રંથ ધર્મનું આચરણ કરવા લાગ્યા, તેથી આ ધર્મને અનુધર્મ કહે છે. (૨) અણુધર્મ સૂક્ષ્મધર્મ છે, તેમાં સૂક્ષ્મ-સ્થૂલ સર્વ જીવોની રક્ષાનું કથન છે. કોઈ પણ જીવોની કોઈ પણ પ્રકારે થતી હિંસા તેમાં ક્ષમ્ય નથી. હિંસાથી ધર્મ નષ્ટ થાય છે. તેથી પણ તેને અણુધર્મ કહે છે.

**णिग्गंथधम्मो :–** નિર્ગ્રંથ ધર્મ. સર્વ પ્રકારના ગ્રંથ = કપટથી રહિત હોય, તેવો ધર્મ નિર્ગ્રંથ ધર્મ છે.

**આર્દ્રકમુનિ અને વેદાંત પાઠી બ્રાહ્મણો :–**

**૪૩** **सिणायगाणं तु दुवे सहस्से, जे भोयए णितिए माहणाणं ।**
**ते पुण्णखंधं सुमहज्जणित्ता, भवंति देवा इइ वेयवाओ ॥**

**શબ્દાર્થ :–** **सिणायगाणं** = સ્નાતકોને **पुण्णखंधं** = પુણ્યસ્કંધ **सुमहं** = મહાન **अज्जणित्ता** = અર્જન કરીને, મેળવીને **देवा** = દેવ **भवंति** = થાય છે **वेयवाओ** = વેદનું કથન છે.

**ભાવાર્થ :–** બૌદ્ધભિક્ષુઓને પરાજિત કરીને આર્દ્રકમુનિ આગળ વધ્યા, ત્યાં તો બ્રાહ્મણો તેમની પાસે આવીને કહેવા લાગ્યા કે, હે આર્દ્રક ! જે પુરુષ હંમેશાં બે હજાર સ્નાતક બ્રાહ્મણોને ભોજન કરાવે છે, તે મહાન પુણ્યપુંજ ઉપાર્જિત કરીને દેવ થાય છે, આ વેદોનું કથન છે.

**૪૪** **सिणायगाणं तु दुवे सहस्से, जे भोयए णितिए कुलालयाणं ।**
**से गच्छइ लोलुवसंपगाढे, तिव्वाभितावी णरगाभिसेवी ॥**

**શબ્દાર્થ :– कुलालयाणं** = જુદા-જુદા કુળોમાં ભોજનને માટે ફરનારા-બ્રાહ્મણોને **तिव्वाभितावी** = તીવ્રતાપને સહન કરનાર **णरगाभिसेवी** = નરક સેવી **लोलुवसंपगाढे** = ભયંકર વેદનાથી યુક્ત માંસ પ્રાપ્તિને માટે.

**ભાવાર્થ :–** (બ્રાહ્મણોનાં મંતવ્યનો પ્રતિકાર કરતાં આર્દ્રક મુનિએ કહ્યું) ક્ષત્રિય આદિ કુળોમાં ભોજન માટે પરિભ્રમણ કરતા બે હજાર સ્નાતક બ્રાહ્મણોને જે હંમેશાં ભોજન કરાવે છે, તે વ્યક્તિ માંસલોલુપ, પ્રાણીઓ (પક્ષીઓ)થી વ્યાપ્ત(પ્રગાઢ) નરકમાં જઈને નિવાસ કરે છે, જ્યાં તે તીવ્રતમ તાપ ભોગવતા રહે છે.

**૪૫** **दयावरं धम्म दुगुंछमाणो, वहावहं धम्मं पसंसमाणो ।**
**एगं पि जे भोययइ असीलं, णिहो णिसं जाइ कओ सुरेहिं ।।૪૫।।**

**શબ્દાર્થ :– दयावरं** = દયાપ્રધાન **धम्म** = ધર્મની **दुगुंछमाणो** = નિંદા કરનાર **वहावहं** = હિંસાપ્રધાન **पसंसमाणो** = પ્રશંસા કરતા થકા **असीलं** = શીલ રહિત(બ્રાહ્મણોને) **भोययइ** = ભોજન કરાવે છે **णिहो** = યાતના સ્થળ, નરક **णिसं** = અંધકારયુક્ત.

**ભાવાર્થ :–** જે દયાપ્રધાન ધર્મની નિંદા અને હિંસાપ્રધાન ધર્મની પ્રશંસા કરનાર, શીલરહિત વ્યક્તિ એક પણ બ્રાહ્મણને ભોજન કરાવે તે અંધકારયુક્ત નરકમાં જાય છે, તો પછી દેવલોકમાં જવાની વાત જ ક્યાં રહે ?

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં આર્દ્રક કુમારનો **વેદાંત પાઠી બ્રાહ્મણો** સાથે થયેલો વાર્તાલાપ છે.

બૌદ્ધોને પરાજિત કરીને આર્દ્રક મુનિ આગળ વધી રહ્યા હતા ત્યાં કેટલાક બ્રાહ્મણોએ તેમની પાસે આવીને, પોતાના મતની પ્રરૂપણા કરીને પોતાના તરફ આકર્ષિત કરવાનો પ્રયત્ન કર્યો.

બ્રાહ્મણોના મતાનુસાર ચારે વર્ણમાં બ્રાહ્મણો જ સર્વ શ્રેષ્ઠ છે, તેથી ક્ષત્રિય પુરુષોએ બ્રાહ્મણોની જ સેવા કરવી જોઈએ. ક્ષુદ્ર પુરુષોની સેવા કરવી યોગ્ય નથી, તેથી તેઓ આર્દ્રક મુનિને વૈદિક ધર્મનો સ્વીકાર કરીને યજ્ઞ યાગ આદિ અનુષ્ઠાનો તથા બ્રાહ્મણોની સેવા કરવાની પ્રેરણા આપવા લાગ્યા અને કહ્યું કે શાક્યભિક્ષુઓને ભોજન કરાવવાથી દેવલોકની પ્રાપ્તિ થતી નથી, પરંતુ યજ્ઞ યાગાદિ કર્મો કરનારા વેદપાઠી, બ્રહ્મચારી, બે હજાર બ્રાહ્મણોને જે પ્રતિદિન જમાડે છે તે મહાન પુણ્ય-પુંજને ઉપાર્જન કરીને દેવલોકમાં જાય છે.

આર્દ્રકમુનિ નિર્ગ્રંથ ધર્મમાં દઢ શ્રદ્ધાવાન હતા. તેઓ ધર્મની વાસ્તવિકતાને સમજતા હતા. તેથી તેમણે કહ્યું કે જેમ બિલાડી માંસને માટે ઘર-ઘરમાં ફર્યા કરે છે તે જ રીતે જે બ્રાહ્મણો માંસપ્રાપ્તિ માટે ક્ષત્રિયોના ઘરોમાં ફરે છે, જે સ્વયં બીજાની કમાણી પર નિંદનીય આજીવિકા ચલાવે છે; તે બ્રાહ્મણ કુપાત્ર, વ્રતરહિત અને શીલ રહિત છે, તેવી વ્યક્તિને ભોજન કરાવવું, તે દુરાચારને, લોલુપતાને પોષણ આપવાનું કાર્ય છે. તેવા દુરાચારીને પ્રોત્સાહન આપનાર વ્યક્તિ પણ કુકર્મોનો બંધ કરીને નરકગતિમાં જાય છે.

દયાપ્રધાન ધર્મની નિંદા અને હિંસામય ધર્મની પ્રશંસા કરનારા વ્યક્તિ તથાપ્રકારના બ્રાહ્મણોને ભોજન કરાવીને તેના દુષ્કૃત્યોની અનુમોદના કરીને અંધકારમય નરકગતિમાં જાય છે.

સંક્ષેપમાં જીવહિંસા આદિ પાપપ્રવૃત્તિ સ્વયં કરવી, કરાવવી અથવા તેની અનુમોદના કરવી, તે દુર્ગતિનું કારણ છે.

પાપવૃત્તિની અનુમોદના કરનારા કદાપિ દેવાદિ સદ્ગતિને પ્રાપ્ત કરી શકતા નથી. તેમજ જાતિ આદિનું અભિમાન કરવું, તે પણ યોગ્ય નથી. શુભાશુભ કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલી બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ જાતિ પરિવર્તનશીલ છે. કોઈ પણ જાતિમાં જન્મેલી વ્યક્તિ પોતાના સંસ્કારથી, આત્મગુણોથી મહાન બની શકે છે, તેથી જ જાતિનું અભિમાન છોડીને સર્વત્ર સમભાવ ધારણ કરવો, તે જ શ્રેષ્ઠ છે.

બ્રાહ્મણકુળમાં જન્મ ધારણ કરીને યજ્ઞ-યાગાદિ નિમિત્તે હિંસા કરવી, તે પણ બ્રાહ્મણ જાતિ માટે યોગ્ય કાર્ય નથી. મનુસ્મૃતિ આદિ વૈદિક ગ્રંથોમાં પણ માંસ ભોજન આદિનો નિષેધ છે. તેમાં હિંસાની પ્રેરણા આપનારા પ્રેરક બ્રાહ્મણોને ભોજન કરાવનારા તથા કરનારા બંનેને નરકગામી કહ્યા છે.

સર્વત્ર અહિંસા ધર્મ જ સર્વોત્તમ છે.

**આર્દ્રકમુનિ અને સાંખ્યમતવાદી :–**

**૪૬** **दुहओ वि धम्मम्मि समुट्ठियामो, अस्सिं सुठिच्चा तह एसकाले ।**
**आयारसीले बुइएह णाणे, ण संपरायम्मि विसेसमत्थि ॥**

**૪૭** **अव्वत्तरूवं पुरिसं महंतं, सणातणं अक्खयमव्वयं च ।**
**सव्वेसु भूएसु वि सव्वओ से, चंदोव्व ताराहिं समत्तरूवे ॥**

**શબ્દાર્થ :–** **दुहओ वि** = આપણે બંને **धम्मम्मि** = ધર્મમાં **समुट्ठियामो** = સમુપસ્થિત **एसकाले** = સર્વકાલમાં **संपरायम्मि** = સંપરાય–સંસારમાં **आयारसीले** = આચારશીલ **अव्वत्तरूवं** = અવ્યક્તરૂપ **सणातणं** = સનાતન **अक्खयं** = અક્ષય અને **अव्वयं** = અવ્યય **सम्मत्तरूवे** = સમસ્તરૂપ.

**ભાવાર્થ :–** ત્યાર પછી સાંખ્યમતવાદી આર્દ્રકમુનિને કહેવા લાગ્યા તમે અને અમે બંને ધર્મમાં સમ્યક પ્રકારે ઉદ્યત છીએ, ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં ધર્મમાં સારી રીતે સ્થિત છીએ, આપણા બંનેના મતમાં આચારશીલ પુરુષને જ્ઞાની કહ્યા છે. આપના અને અમારા દર્શનમાં સંસારના સ્વરૂપમાં પણ કોઈ વિશેષ અંતર નથી. ॥૪૬॥ આ પુરુષ(જીવાત્મા) અવ્યક્તરૂપ–મન અને ઈન્દ્રિયોથી અગોચર છે તથા સર્વલોકવ્યાપી, સનાતન, અક્ષય તેમજ અવ્યય છે. જે રીતે ચન્દ્રમા સમસ્ત તારાગણની સાથે સંપૂર્ણરૂપે સંબંધિત રહે છે. તે જ રીતે આ જીવાત્મા સમસ્ત પ્રાણીઓમાં સંપૂર્ણરૂપે વ્યાપ્ત છે. ॥૪૭॥

**૪૮** **एवं ण मिज्जंति ण संसरंति, ण माहणा खत्तिय वेस पेसा ।**
**कीडा य पक्खी य सरीसिवा य, णरा य सव्वे तह देवलोगा ।।४८।।**

**શબ્દાર્થ :–** **मिज्जंति** = માપ, તુલ્યતા, સંગતિ **संसरंति** = પરિભ્રમણ કરે છે **वेस** = વૈશ્ય(વણિક) **पेसा** = પ્રેષ્ય-શુદ્ર **कीडा** = કીટ, કીડો **पक्खी** = પક્ષી **सरीसिवा** = સરીસૃપ.

**ભાવાર્થ :–** આર્દ્રકમુનિ કહે છે કે આ રીતે આત્માને એકાંત નિત્ય તેમજ સર્વવ્યાપક માનવાથી સુખ-દુઃખ આદિ ભેદોની સંગતિ થઈ શકતી નથી, જીવોનું પોતાના કર્માનુસાર વિવિધગતિઓમાં સંસરણ-ગમનાગમન, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર રૂપ ભેદો તથા કીડા, પક્ષી, સરીસૃપ ઈત્યાદિ યોનિઓની વિવિધતા તેમજ મનુષ્ય, દેવલોકના દેવ આદિ બધી ગતિઓ પણ સિદ્ધ થતી નથી.

**૪૯** **लोयं अयाणित्तिह केवलेणं, कहिंति जे धम्ममजाणमाणा ।**
**णासेंति अप्पाण परं च णट्ठा, संसार घोरम्मि अणोरपारे ॥**

**શબ્દાર્થ :–** **अयाणित्ता** = જાણ્યા વિના **केवलेणं** = કેવળ જ્ઞાનથી **अणोरपारे** = આરપાર રહિત.

**ભાવાર્થ :–** આ લોકને કેવળજ્ઞાન દ્વારા જાણ્યા વિના, વસ્તુનાં સત્યસ્વરૂપથી અજાણ વ્યક્તિ જો ધર્મનો ઉપદેશ આપે તો, તે સ્વયં નષ્ટ થાય છે અને બીજાઓનો પણ અપાર, ઘોર સંસારમાં નાશ કરે છે.

**૫૦** **लोयं विजाणंतिह केवलेणं, पुण्णेण णाणेण समाहिजुत्ता ।**
**धम्मं समत्तं च कहिंति जे उ, तारेंति अप्पाण परं च तिण्णा ॥**

**શબ્દાર્થ :–** **विजाणंति** = જાણે છે **समाहिजुत्ता** = સમાધિયુક્ત **तारेंति** = તારે છે **तिण्णा** = તરી ગયા છે.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ સમાધિયુક્ત છે, પૂર્ણ કેવળજ્ઞાન દ્વારા આ લોકને વિવિધ પ્રકારે યથાવસ્થિત રૂપે જાણે છે, તેઓ જ શુદ્ધ, સમ્યક ધર્મનું પ્રતિપાદન કરે છે, તેઓ સ્વયં સંસારસાગરથી પાર થયેલા છે અને બીજાઓને પણ(સદુપદેશ આપીને) સંસારસાગરથી પાર કરે છે.

**૫૧** **जे गरहियं ठाणमिहावसंति, जे यावि लोए चरणोववेया ।**
**उदाहडं तं तु समं मईए, अहाउसो ! विप्परियासमेव ॥**

**શબ્દાર્થ :–** **गरहियं** = ગર્હિત **ठाणं** = સ્થાનમાં **चरणोववेया** = ચારિત્ર સંપન્ન **इह** = અહીં **आवसंति**= રહે છે. **उदाहडं** = કહેલું **मइए** = પોતાની બુદ્ધિથી.

**ભાવાર્થ :–** આ લોકમાં જે વ્યક્તિ નિંદનીય સ્થાનનું સેવન કરે છે અને જે સાધક ઉત્તમ આચરણોથી યુક્ત છે, તે બંનેના આચરણોને અસર્વજ્ઞ વ્યક્તિ પોતાની બુદ્ધિથી એક સમાન કહે છે અથવા હે આયુષ્યમાન્! તેઓ શુભઆચરણ કરનારાઓને અશુભ આચરણ કરનારા અને અશુભ આચરણ કરનારાઓને શુભ આચરણ કરનારા કહીને વિપરીત પ્રરૂપણા કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં આર્દ્રક મુનિનો સાંખ્યમતવાદીઓ સાથે થયેલો વાર્તાલાપ છે.

આર્દ્રકમુનિ જ્યારે બ્રાહ્મણોને પરાજિત કરીને આગળ વધી રહ્યા હતા ત્યારે તેમની પાસે સાંખ્ય-મતવાદીઓ– એકદંડી લોકો આવ્યા. તેઓ આર્દ્રકમુનિને પોતાના મતમાં આકર્ષિત કરવા માટે કહેવા લાગ્યા.

સાંખ્ય મતાનુસાર સત્ત્વ, રજસ અને તમસ, આ ત્રણે ગુણોની સામ્ય અવસ્થા પ્રકૃતિ છે. આ પ્રકૃતિથી મહત્–બુદ્ધિની ઉત્પત્તિ થાય છે. બુદ્ધિથી અહંકાર ઉત્પન્ન થાય છે, અહંકારથી પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ તન્માત્રા તથા મન, આ સોળ ગુણ ઉત્પન્ન થાય છે. શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, આ પાંચ તન્માત્રાથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ, આ પાંચ મહાભૂતની ઉત્પત્તિ થાય છે. આ રીતે પ્રકૃતિ + બુદ્ધિ + અહંકાર + ૧૬ ગુણ + પાંચ મહાભૂત = ૨૪ પદાર્થો છે અને પચીસમો પુરુષ છે. તે ચૈતન્ય સ્વરૂપ છે. આ પચીસ તત્ત્વના યથાર્થ જ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

સાંખ્ય મતાનુયાયીઓ પોતાના સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરીને તેને જૈન સિદ્ધાંતોની સમાન હોવાનું કથન કર્યું. તેઓ પોતાનું મંતવ્ય પ્રગટ કરતા કહ્યું કે તમે જીવ, પુણ્ય, પાપ, બંધ અને મોક્ષનો સ્વીકાર કરો છો, અમે પણ તે તત્ત્વનો સ્વીકાર કરીએ છીએ. અમે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને પાંચ યમ કહીએ છીએ. તમે તેને પંચ મહાવ્રત કહો છો. આ રીતે ઈન્દ્રિય અને મનને સંયમમાં રાખવા, તે બંનેનો સિદ્ધાંત છે. તમે અને અમે બંને સત્ય ધર્મમાં સ્થિત છીએ, ભૂત, વર્તમાન અને ભવિષ્ય, આ ત્રણે કાલમાં પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરીએ છીએ. આપણે બંને આચાર પ્રધાન શીલને ઉત્તમ માનીએ છીએ. આપણા બંનેના શાસ્ત્રમાં જ્ઞાનને મોક્ષનું કારણ કહ્યું છે, તે જ રીતે સંસારનું સ્વરૂપ પણ બંને દર્શનમાં સમાન છે. અમારા મતાનુસાર અત્યંત અસત્ વસ્તુ ઉત્પન્ન થતી નથી, પરંતુ કારણ રૂપે કથંચિત્ સત્ પદાર્થો હોય, તે જ ઉત્પન્ન થાય છે. તમે પણ દ્રવ્યની અપેક્ષાએ સંસારને નિત્ય માનો છો અમે પણ નિત્ય માનીએ છીએ. તમે પર્યાય દૃષ્ટિએ ઉત્પત્તિ અને નાશ માનો છો અને અમે સંસારના આર્વિભાવ અને તિરોભાવને માનીએ છીએ.

અમે અને તમે ચૈતન્ય સ્વરૂપ આત્મ તત્ત્વને સ્વીકારીએ છીએ. અમારા મતાનુસાર આત્મા ઈન્દ્રિય અને મનથી જાણી શકાતો ન હોવાથી અવ્યક્ત છે. તે સ્વતઃ હાથ, પગ આદિ અવયવોથી યુક્ત નથી, પરંતુ તે સર્વલોક વ્યાપી અને નિત્ય છે. વિવિધ ગતિમાં જન્મ-મરણ થવા છતાં આત્માનો નાશ થતો ન હોવાથી તે નિત્ય છે. તેના પ્રદેશો ખંડિત થતા ન હોવાથી અક્ષય છે. અનંતકાલ વ્યતીત થવા છતાં તેનો અંશ પણ નાશ થતો ન હોવાથી અવ્યય છે.

જેમ ચંદ્રની ગતિ અશ્વિની આદિ નક્ષત્રોની સાથે પૂર્ણ રૂપે સંબંધિત છે, તેમ આત્મા શરીર રૂપે પરિણત પંચ મહાભૂતો સાથે પૂર્ણ રૂપે સંબંધિત છે. તે નિરંશ હોવાથી એક અંશથી સંબંધિત નથી.

આ રીતે આત્માના આ વિશેષણો અમારા દર્શનની જ વિશેષતા છે. તેથી હે આર્દ્રક ! તમારે અમારા ધર્મનો જ સ્વીકાર કરવો જોઈએ, કારણ કે અમારો ધર્મ સર્વશ્રેષ્ઠ છે.

આર્દ્રકમુનિએ સાંખ્ય મતવાદીઓનું ખંડન કરતા કહ્યું કે અમારા અને તમારા બંનેના સિદ્ધાંતોમાં તુલ્યતા નથી. તમે એકાંતવાદી છો, અમે અનેકાંતવાદી છીએ. તમે આત્માને સર્વ વ્યાપક માનો છો અને અમે શરીર વ્યાપક માનીએ છીએ. તમે આત્માને કૂટસ્થ નિત્ય માનો છો. અમે આત્માને પરિણામી નિત્ય માનીએ છીએ. આ રીતે ચૈતન્ય સ્વરૂપી આત્માનો સ્વીકાર બંને દર્શનમાં હોવા છતાં બંનેના સ્વરૂપમાં તફાવત છે. તે જ રીતે સંસારના સ્વરૂપમાં પણ તફાવત છે. તમારા મતાનુસાર સમગ્ર સંસાર પ્રકૃતિનું જ પરિણામ હોવાથી પ્રકૃતિથી અભિન્ન છે. અમારા મતાનુસાર પ્રત્યેક પદાર્થો સ્વતંત્ર છે અને પ્રત્યેક સત્ પદાર્થો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે. તમે સત્ પદાર્થોને કેવળ ધ્રૌવ્ય સ્વરૂપ જ કહો છો.

આ રીતે બંને દર્શનોમાં આત્મ સ્વરૂપ અને સંસાર સ્વરૂપમાં બહુ મોટો તફાવત છે. તે ઉપરાંત આપના દાર્શનિક સિદ્ધાંતો અનેક રીતે ભ્રામક સિદ્ધ થાય છે. જે રીતે આકાશ દ્રવ્ય સર્વ વ્યાપક છે, તેથી તેમાં ગતિ આદિ કોઈ પણ ક્રિયા અથવા કોઈ પણ પ્રકારનું પરિવર્તન થતું નથી. તે જ રીતે આત્મા કૂટસ્થ નિત્ય અને સર્વવ્યાપક હોય, તો તેમાં પણ ગમનાગમન આદિ ક્રિયાઓ, જન્મ-મરણ, સુખ-દુઃખ, બાલ્યાવસ્થા, યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થા વગેરે પરિવર્તનશીલતા પ્રતીત થાય નહીં, પરંતુ આ જગતની વિચિત્રતા, પરિવર્તનશીલતા પ્રત્યક્ષ છે. આત્માનો ગુણ ચૈતન્ય છે. તે ચૈતન્ય તત્ત્વ શરીરમાં જ પ્રતીત થાય છે. શરીરથી બહાર ચૈતન્ય તત્ત્વ ન હોવાથી તે-તે વિભાગમાં સુખ-દુઃખનો અનુભવ થતો નથી, તેથી તે સર્વ વ્યાપક નથી, પરંતુ શરીર માત્ર વ્યાપક છે. આત્મા

દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે, પર્યાયની અપેક્ષાએ અનિત્ય હોવાથી તેમાં ઉત્પાદ્ અને વ્યય થયા જ કરે છે, તેથી જ તેમાં જન્મ-મરણ, સુખ-દુઃખ, બાલ-યુવાનાદિ, બ્રાહ્મણ- ક્ષત્રિયાદિ, તિર્યંચોમાં પશુ, પક્ષી, કીડા-મંકોડા આદિ પરિસ્થિતિઓ પરિવર્તન થઈ રહી છે.

તે જ રીતે આપની દષ્ટિએ સ્વીકૃત સંસારનું સ્વરૂપ પણ યથોચિત નથી. સમગ્ર રીતે જોતાં કેવળી પ્રરૂપિત આર્હત સિદ્ધાંતો ત્રૈકાલિક સત્ય છે. કેવળી ભગવાન સર્વજ્ઞ હોવાથી લોકાલોકના ભાવોને યથાર્થ રૂપે જાણે છે અને તેઓ વીતરાગી હોવાથી યથાર્થ રૂપે પ્રરૂપણા કરે છે, તેથી જે કેવળી પ્રરૂપિત ધર્મનો સ્વીકાર કરીને, તેનું યથાતથ્ય આરાધન કરે છે, તે સાધક સ્વયં સંસાર સાગરને તરી જાય છે અને અન્ય જીવોને પણ તરવાનો માર્ગ બતાવે છે.

છદ્મસ્થોના સિદ્ધાંતો ત્રૈકાલિક સત્ય હોતા નથી. તેમનું જ્ઞાન અલ્પ હોવાથી અને સ્વયં પણ રાગ-દ્વેષ યુક્ત હોવાથી તેમની પ્રરૂપણા યથાર્થ હોતી નથી. તે ધર્મનો સ્વીકાર કરનાર વ્યક્તિ સ્વયં સંસાર સાગરમાં ડૂબી જાય અને અન્ય જીવોને પણ ડૂબાડે છે.

કેવળી પ્રરૂપિત ધર્મ અને છદ્મસ્થ કથિત ધર્મમાં આસમાન જમીનનો તફાવત છે. તેમાં પરસ્પર તુલના કરવી અથવા ઐક્યતા સ્થાપિત કરવી તે પોતાનું અજ્ઞાન છે.

**આર્દ્રકમુનિ અને હસ્તિતાપસો :–**

**૫૨** **संवच्छरेणावि य एगमेगं, बाणेण मारेउ महागयं तु ।**
**सेसाण जीवाण दयट्ठयाए, वासं वयं वित्तिं पकप्पयामो ॥**

**શબ્દાર્થ :– संवच्छरेण** = વર્ષભરમાં **बाणेण** = બાણથી **महागयं** = મોટા હાથીને **मारेउ** = મારીને **सेसाण** = શેષ **जीवाण** = જીવોની **दयट्ठयाए** = દયાને માટે **वासं** = એક વર્ષ સુધી **वित्तिं** = આજીવિકા **पकप्पयामो** = કરીએ છીએ.

**ભાવાર્થ :–** હસ્તિતાપસો આર્દ્રકમુનિને કહે છે કે અમે લોકો અમારી તાપસ પરંપરાનુસાર શેષ જીવોની દયા માટે વર્ષમાં એક મોટા હાથીને બાણથી મારીને એક વર્ષસુધી તેના માંસથી આજીવિકા કરીએ છીએ.

**૫૩** **संवच्छरेणावि य एगमेगं, पाणं हणंता अणियत्तदोसा ।**
**सेसाण जीवाण वहेण लग्गा, सिया य थोवं गिहिणो वि तम्हा ॥**

**શબ્દાર્થ :– अणियत्तदोसा** = દોષથી નિવૃત્ત નથી **वहेण** = જીવોની ઘાતથી **लग्गा** = સંલગ્ન.

**ભાવાર્થ :–** આર્દ્રકમુનિ યુક્તિપૂર્વક પ્રતિવાદ કરતા હસ્તિતાપસોને કહે છે કે જે પુરુષ વર્ષમાં માત્ર એક પંચેન્દ્રિય પ્રાણીને મારે છે, તેઓ પણ દોષોથી નિવૃત્ત થતા નથી, કારણ કે તે માંસને પકાવવામાં વઘારવામાં અગ્નિ, પાણી, વનસ્પતિ આદિ અન્ય જીવોની હિંસા થાય અથવા અલ્પ જીવોને મારનારા મર્યાદાવાન ગૃહસ્થો પણ દોષરહિત માનવામાં આવશે.

**૫૪** **संवच्छरेणावि य एगमेगं, पाणं हणंते समणव्वएसु ।**
**आयाहिए से पुरिसे अणज्जे, ण तारिसा केवलिणो भवंति ॥**

**શબ્દાર્થ :– समणव्वएसु** = શ્રમણોના વ્રતમાં **अणज्जे** = અનાર્ય **केवलिणो** = કેવળી **आयाहिए** = આત્મા + અહિતે = આત્માનું અહિત કરનાર.

**ભાવાર્થ :–** જે પુરુષ સાધુઓનાં વ્રતમાં સ્થિત થઈને એકવર્ષમાં એક-એક પ્રાણીને મારે છે અને તે પ્રમાણે ઉપદેશ કરે છે, તે પુરુષને અનાર્ય કહ્યા છે, તે સ્વ-પરનું અહિત કરનાર છે. તે પુરુષો કેવળજ્ઞાની થઈ શકતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં હસ્તિતાપસોની માન્યતા તથા તેનું નિરાકરણ છે.

**હસ્તિ-તાપસોની માન્યતા** અનુસાર ઘણાં જીવોના વધથી ઘણી હિંસા અને અલ્પસંખ્યાવાળા જીવોના વધથી અલ્પહિંસા થાય છે, કંદમૂળ, ફળ આદિ ખાનારા અથવા અનાજ ખાનારા સાધક ઘણા સ્થાવર જીવો તથા તેના આશ્રયે રહેલા અનેક ત્રસ જીવોની હિંસા કરે છે. ભિક્ષાજીવી સાધકપણ ભિક્ષા માટે ફરતા હોય ત્યારે કીડી આદિ અનેક પ્રાણીઓની હિંસા થવાની સંભાવના છે, ભિક્ષાના લાભ-અલાભમાં તેઓનું ચિત્ત રાગદ્વેષથી મલિન પણ થાય છે, આવા પ્રપંચોથી દૂર રહીને વર્ષમાં એકવાર માત્ર એક મોટા હાથીને મારીને, તેના માંસથી આખું વર્ષ નિર્વાહ કરવો, તે શ્રેષ્ઠ છે.

આર્દ્રકમુનિ પૂર્ણ અહિંસાના ઉપાસક હતા, તેથી તેમણે હસ્તિતાપસોની અહિંસા સંબંધી ભ્રાન્તિનું નિરાકરણ બે પ્રકારે કર્યું છે– (૧) હિંસા-અહિંસાની ન્યૂનાધિકતાનો માપ દંડ મૃત જીવોની સંખ્યા નથી, પરંતુ તેનો આધાર જીવોની ચેતના, ઇન્દ્રિયો, મન, શરીર આદિનો વિકાસ તેમજ મારનાર વ્યક્તિની તીવ્ર-મંદ ભાવના છે અર્થાત્ સ્થાવર જીવોની હિંસાથી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોની હિંસામાં ક્રમશઃ પરિણામોમાં તીવ્રતા અધિક થવાથી કર્મબંધ અધિક થાય છે. અહિંસા મહાવ્રતની આરાધના કરનાર સાધુની ભાવના સંપૂર્ણતઃ અહિંસક જ હોય છે. તે પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ અહિંસાની ભાવના સાથે યતના પૂર્વક જ કરે છે, તેથી જે હાથી જેવા વિશાળકાય, વિકસિત ચેતનાયુક્ત, પંચેન્દ્રિય પ્રાણીને મારે છે તે ઘોર હિંસાના દોષથી લિપ્ત થાય છે. (૨) આખા વર્ષમાં એક મહાકાય પ્રાણીની હિંસા કરીને નિર્વાહ કરવાથી માત્ર એક જીવની જ હિંસા થતી નથી, પરંતુ તે જીવના આશ્રયે રહેનારા તથા માંસ, રક્ત, ચરબી આદિમાં રહેનારા અથવા તેમાં ઉત્પન્ન થનારા અનેક ત્રસ તથા સ્થાવર જીવોની પણ હિંસા થાય છે, તેમજ માંસને પકવતાં અગ્નિ જીવોની અને તેને સંસ્કારિત કરતાં વનસ્પતિના જીવોની તથા ત્રસ જીવોની હિંસા થાય જ છે. તેથી પંચેન્દ્રિય જીવોનો વધ કરનાર પુરુષ ઘોર હિંસક, અનાર્ય તેમજ નરકગામી છે. તેઓ-સ્વપરનું અહિત કરે છે– તેઓ સમ્યગ્જ્ઞાનથી રહિત છે. જો અલ્પ જીવોની હિંસા કરનાર અહિંસાનો આરાધક કહેવાય, તો મર્યાદિત હિંસા કરનાર ગૃહસ્થને પણ હિંસાદોષ રહિત માનવો પડશે, પરંતુ ગૃહસ્થો હિંસાદોષથી રહિત કહેવાતા નથી.

આ રીતે ઈર્યાસમિતિ યુક્ત, ગૌચરીના બેંતાળીસ દોષોથી રહિત ભિક્ષા ગ્રહણ કરનારા, જે મળે તેનાથી સંતોષપૂર્વક નિર્વાહ કરનારા, અહિંસા મહાવ્રતી ભિક્ષુઓ અહિંસાની પૂર્ણ આરાધના કરી શકે છે.

**ઉપસંહાર :–**

**૫૫** **बुद्धस्स आणाए इमं समाहिं, अस्सिं सुठिच्चा तिविहेण ताई ।**
**तरिउं समुद्दं व महाभवोघं आयाणवं धम्ममुदाहरेज्जासि ॥त्ति बेमि॥**

**શબ્દાર્થ :–** **बुद्धस्स** = તીર્થંકરની **आणाए** = આજ્ઞામાં **तरिउं** = તરીને **महाभवोघं** = ભવરૂપી મહાન પ્રવાહવાળા. **आयाणवं** = આદન–ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ધર્મને.

**ભાવાર્થ :–** તત્ત્વદર્શી, કેવળજ્ઞાની ભગવાનની આજ્ઞાથી આ સમાધિયુક્ત–ધર્મને અંગીકાર કરીને તથા આ ધર્મમાં સમ્યક પ્રકારે સ્થિત થઈને ત્રણ કરણ અને ત્રણ યોગથી છકાય જીવોના રક્ષક બને છે અને મહાદુસ્તર સમુદ્ર જેવા સંસારસમુદ્રને પાર કરવા માટે મોક્ષ પ્રદાયક ચારિત્રરૂપધર્મનું નિરૂપણ કરે છે. – એમ હું કહું છું.

**વિવેચન :–**

અંતિમ ગાથા અધ્યયનના ઉપસંહાર રૂપ છે. અન્ય દાર્શનિકોના ભિન્ન-ભિન્ન અભિપ્રાયોને જોતાં સ્પષ્ટ થાય છે કે કેવળી પ્રરૂપિત ધર્મ જ શુદ્ધ અને સંપૂર્ણ છે. તેમાં જગતના સમસ્ત જીવોની કલ્યાણ કામના છે તેથી જ સાધકે વિવિધ તર્ક-વિતર્કને છોડીને કેવળી પ્રરૂપિત ધર્મનો સ્વીકાર કરીને તેમાં જ ઓતપ્રોત થવું જોઈએ. તે જ ધર્મ સ્વ-પરને માટે એકાંતે લાભદાયી છે.

**।। છઠ્ઠું અધ્યયન સંપૂર્ણ ।।**

# સાતમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ નાલંદીય(નાલંદકીય) છે.

આ અધ્યયન નાલંદા નગરીમાં કહેવાયું હોવાથી તેનું **નાલંદીય** નામ સાર્થક છે.

ભગવાન મહાવીર સ્વામીના ચૌદ ચાતુર્માસથી પવિત્ર થયેલી રાજગૃહી નગરીના નાલંદા નામના ઉપનગરમાં પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના ઉદક પેઢાલપુત્ર અણગાર અને ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી જ્યેષ્ઠ અણગાર ગૌતમ સ્વામી વચ્ચે થયેલો વાર્તાલાપ, આ અધ્યયનનો મુખ્ય વિષય છે.

તેની પૂર્વભૂમિકા રૂપે ચર્ચાના સ્થાનભૂત રાજગૃહીનગરી, નાલંદા ઉપનગરી, શ્રમણોપાસક લેપ ગાથાપતિ, તેના દ્વારા નિર્મિત શેષદ્રવ્યા નામની ઉદકશાળા, તેનો નિકટવર્તી હસ્તિયામ નામનો વનખંડ અને તેના મનોરમ નામવાળા ઉદ્યાનનું સંક્ષિપ્ત વર્ણન છે.

ત્યાર પછી ઉદક નિર્ગ્રંથ અને ગૌતમ સ્વામીના વાર્તાલાપનો પ્રારંભ પ્રશ્નોત્તર રૂપે થાય છે. પ્રશ્નોત્તરમાં મુખ્ય બે મુદ્દા ઉદક નિર્ગ્રંથે પ્રસ્તુત કર્યા છે– (૧) શ્રાવકો અહિંસા વ્રતના સ્વીકાર સમયે ત્રસ જીવોની હિંસાના પ્રત્યાખ્યાન કરે છે, પરંતુ ત્રસ જીવો સ્થાવર રૂપે જન્મ ધારણ કરે ત્યારે તેની હિંસાનો ત્યાગ કરી શકતા નથી તેથી તથાપ્રકારના પ્રત્યાખ્યાન કરનાર અને કરાવનારને પ્રતિજ્ઞાભંગનો દોષ લાગે અને તે પ્રત્યાખ્યાન દુષ્પ્રત્યાખ્યાન થઈ જાય છે, માટે તેવા પ્રત્યાખ્યાન કરવા ન જોઈએ.

તે શ્રાવકો વ્રત સ્વીકાર સમયે "ત્રસભૂત જીવોની અર્થાત્ વર્તમાનમાં ત્રસ પર્યાયમાં વર્તી રહેલા જીવોની હિંસાનો ત્યાગ કરું છું", આ પ્રમાણે ભાષા પ્રયોગ કરે, તો તેમાં દોષની સંભાવના રહેતી નથી. (૨) જગતના જીવો પરિવર્તનશીલ હોવાથી ક્યારેક બધા જ ત્રસ જીવો સ્થાવર થઈ જાય, તો શ્રાવકના પ્રત્યાખ્યાન નિર્વિષય બની જાય છે.

ઉદક નિર્ગ્રંથના આ બંને મુદ્દાનો પ્રત્યુત્તર આપતા ગૌતમ સ્વામીએ વિસ્તારપૂર્વક સ્પષ્ટીકરણ કર્યું છે અને અંતે ઉદક નિર્ગ્રંથને ગૌતમ સ્વામીનું મંતવ્ય યથાર્થ લાગ્યું ત્યારે તેણે પોતાનો આગ્રહ છોડીને, ચાતુર્યામ ધર્મનો ત્યાગ કરીને, પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો. પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના સાધુનું પ્રભુ મહાવીર સ્વામીની પરંપરામાં અવતરણ થયું. તે પ્રસંગના વર્ણન સાથે અધ્યયન અને શ્રુતસ્કંધ પૂર્ણ થાય છે.

❖ ❖ ❖ ❖ ❖

# સાતમું અધ્યયન : નાલંદીય

**લેપ શ્રમણોપાસક :–**

**१ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था, रिद्धित्थिमियसमिद्धे वण्णओ** *जाव* **पडिरूवे । तस्स णं रायगिहस्स णयरस्स बहिया उत्तरपुरत्थिमे दिसिभाए, एत्थ णं णालंदा णामं बाहिरिया होत्था अणेगभवणसयसण्णिविट्ठा** *जाव* **पडिरूवा ।**

**શબ્દાર્થ :– रिद्धित्थिमियसमिद्धे** = ઋદ્ધિ સમૃદ્ધિથી સંપન્ન **बाहिरिया** = બાહ્ય ઉપનગર, પરુ, નાનું ગામ **अणेगभवणसयसण्णिविट्ठा** = અનેક સેંકડો ભવનોથી સુશોભિત.

**ભાવાર્થ :–** તે કાલે–આ અવસર્પિણી કાલના ચોથા આરામાં, તે સમયે–ભગવાન મહાવીર સદેહે બિરાજમાન હતા, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. તે નગર ધનસંપત્તિથી સંપન્ન, સ્વ-પર ચક્રના ભય રહિત તથા સુખપૂર્ણ સામગ્રીથી સમૃદ્ધ ***યાવત્*** મનોહર હતું.

તે રાજગૃહ નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં(ઈશાન કોણમાં) નાલંદા નામનું ઉપનગર હતું. તે સેંકડો ભવનોથી સુશોભિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતું.

**२ तत्थ णं णालंदाए बाहिरियाए लेवे णामं गाहावई होत्था, अड्ढे दित्ते वित्ते विच्छिण्ण-विउल-भवण-सयणासण-जाण-वाहणाइण्णे बहुधण-बहुजायरूवरयए आओगपओग-संपउत्ते विच्छड्डियपउरभत्तपाणे बहुदासी-दास-गो-महिस-गवेलगप्पभूए बहुजणस्स अपरिभूए यावि होत्था । से णं लेवे गाहावई समणोवासए यावि होत्था–अभिगय-जीवाजीवे** *जाव* **विहरइ ।**

**શબ્દાર્થ :– लेवे गाहावइ** = લેપ નામના ગાથા પતિ **अड्ढे** = આઢ્ય,શ્રીમંત **दित्ते** = તેજસ્વી **वित्ते** = પ્રસિદ્ધ **विच्छिण्णविउलभवण-सयणासणजाणवाहणाइण्णे** = વિશાળ અને વિપુલ ભવનો, શયન, આસન, યાન–રથ આદિ, વાહનો–ઘોડા આદિ, તેનાથી સંપન્ન **बहुधणबहुजायरूवरयए** = ઘણું ધન અને ઘણાં સોના-ચાંદીવાળા **जायरूवं** = સુવર્ણ **रयए** = ચાંદી **आओगपओगसंपउत्ते** = આયોગ પ્રયોગ–ધનના આદાન-પ્રદાન રૂપ વ્યાજના ધંધામાં પ્રવૃત્ત **विच्छड्डियपउरभत्तपाणे** = પ્રચુરમાત્રામાં ભોજન, પાણીનું વિતરણ કરનાર **बहुदासीदास-गोमहिसगवेलगप्पभूए** = ઘણાં દાસી, દાસ, ગાય, ભેંસ, ઘેટાં વગેરે દ્વિપદ-ચઉપદ પ્રાણીઓવાળા.

**ભાવાર્થ :–** તે નાલંદા નામના ઉપનગરમાં લેપ નામના એક ગાથાપતિ રહેતા હતા, તે બહુ ધનાઢ્ય, તેજસ્વી અને પ્રસિદ્ધ પુરુષ હતા. તે અનેક વિશાળ અને વિપુલ ભવન, શયન, આસન, રથ-પાલખી વગેરે યાન અને સવારી યોગ્ય ઘોડા આદિ વાહનોથી સંપન્ન હતા. તેની પાસે પ્રચુર ધનસંપત્તિ તેમજ પુષ્કળ સોનું અને ચાંદી હતાં. તે ધન ઉપાર્જન માટે સંપત્તિના આદાન-પ્રદાન રૂપ વ્યાજના ધંધામાં પ્રવૃત્ત હતા. તેમને

ત્યાંથી ઘણાં ભોજન-પાણી લૂલા, લંગડા, આંધળા, ઠૂંઠા વગેરે લોકોને વહેંચવામાં આવતાં હતાં. તેઓ ઘણાં દાસ-દાસીઓ, ગાય, ભેંસ, અને ઘેટાં વગેરે દુપદ અને ચઉપદ પ્રાણીઓના સ્વામી હતા ***યાવત્*** અનેક લોકોથી સન્માનિત હતા. તે લેપ નામના ગાથાપતિ વ્રતધારી શ્રમણોપાસક પણ હતા. તે જીવ-અજીવના જ્ઞાતા ***યાવત્*** શ્રી ઉપાસકદશાંગ સૂત્ર કથિત શ્રાવકોના ગુણોથી યુક્ત હતા.

**૩ तस्स णं लेवस्स गाहावइस्स णालंदाए बाहिरियाए बहिया उत्तरपुरत्थिमे दिसिभाए एत्थ णं सेसदविया णामं उदगसाला होत्था– अणेगखंभसयसण्णिविट्ठा पासाईया** *जाव* **पडिरूवा । तीसे णं सेसदवियाए उदगसालाए उत्तरपुरत्थिमे दिसीभाए, एत्थ णं हत्थिजामे णामं वणसंडे होत्था– किण्हे किण्होभासे, वण्णओ वणसंडस्स ।**

**શબ્દાર્થ :– सेसदविया णामं** = શેષદ્રવ્યા નામની **उदगसाला** = પાણીશાળા, પાણીનું પરબ **अणेग-खंभसयसण्णिविट्ठा** = સેંકડો થાંભલાઓ ઉપર સંસ્થિત.

**ભાવાર્થ :–** તે નાલંદા નગરીની બહાર ઈશાન કોણમાં લેપ ગાથાપતિની શેષદ્રવ્યા નામની એક ઉદકશાળા હતી, તે ઉદકશાળા સેંકડો થાંભલાઓ પર સંસ્થિત, મનોરમ અને અત્યંત સુંદર હતી. તે શેષદ્રવ્યા નામની ઉદકશાળાના ઈશાન કોણમાં હસ્તિયામ નામનો એક વન ખંડ હતો. તે વનખંડ કૃષ્ણવર્ણવાળો, કૃષ્ણ કાંતિવાળો વગેરે વનખંડનું વર્ણન ઔપપાતિક સૂત્ર અનુસાર જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત અધ્યયનનો મુખ્ય વિષય ભગવાન ગૌતમ અને પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના ઉદક પેઢાલપુત્ર મુનિ વચ્ચે થયેલી તત્ત્વચર્ચા છે. તેની પૂર્વ ભૂમિકા રૂપે સૂત્રકારે તે ચર્ચાના સ્થાનભૂત રાજગૃહ નગરી, નાલંદા નામની ઉપનગરી, ત્યાંના નિવાસી લેપ નામના શ્રમણોપાસક, તેની શેષદ્રવ્યા નામની ઉદકશાળા–પરબ અને તેની બાજુમાં આવેલા હસ્તિયામ નામના વનખંડનું ક્રમશઃ વર્ણન કર્યું છે.

**सेसदविया उदगसाला :– શેષદ્રવ્યોથી બનેલું પરબ.** લેપ ગાથાપતિએ પોતાના ભવનના નિર્માણ પછી શેષ વધેલી ધન સંપત્તિથી ઉદકશાળા–પરબનું નિર્માણ કરાવ્યું હતું, તેથી તેનું 'શેષદ્રવ્યા ઉદકશાળા' નામ સાર્થક હતું.

લેપ શ્રમણોપાસકનું ઉપરોક્ત કાર્ય શ્રાવકોની અસંગ્રહવૃત્તિને પ્રગટ કરે છે. શ્રાવકો પોતાના ભોગોપભોગથી અધિક ધનસંપત્તિ હોય, તો તેનો સંગ્રહ ન કરતાં તેનો ઉપયોગ પરોપકારના કાર્યોમાં કરે તે શ્રાવકાચારને યોગ્ય છે.

### ઉદક નિર્ગ્રંથની પ્રત્યાખ્યાન વિષયક જીજ્ઞાસા : ગણધર ગૌતમ દ્વારા સમાધાન :–

**૪ तस्सिं च णं गिहपदेसंसि भगवं गोयमे विहरइ, भगवं च णं अहे आरामंसि। अहे णं उदए पेढालपुत्ते पासावच्चिज्जे णियंठे मेयज्जे गोत्तेणं जेणेव भगवं गोयमे तेणेव उवागच्छइ, उवागच्छित्ता भगवं गोयमं एवं वयासी– आउसंतो गोयमा ! अत्थि खलु मे केइ पएसे पुच्छियव्वे, तं च मे आउसो ! अहासुयं अहादरिसियमेयं वियागरेहिं सवायं । भगवं गोयमे उदयं पेढालपुत्तं एवं वयासी– अवियाइं आउसो ! सोच्चा णिसम्म जाणिस्सामो ।**

**શબ્દાર્થ:–** **गिहपदेसंसि** = ગૃહપ્રદેશમાં, કોઈક રૂમ(ઓરડા)માં **पासावच्चिज्जे** = પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના શિષ્ય **मेयज्जे** = મેતાર્ય **पएसे** = પ્રદેશ, સ્થળ, પ્રશ્ન **पुच्छियव्वे** = પૂછવાના છે **अहादरिसियं**= યથાદર્શિત-જેવો આપે નિશ્ચય કર્યો છે **सवायं** = વાદસહિત, તર્ક-પ્રતિતર્ક યુક્ત.

**ભાવાર્થ :–** તે વનખંડના કોઈ એક ગૃહપ્રદેશમાં એટલે કે કોઈ મકાન(ઓરડા)માં ભગવાન ગૌતમ ગણધર વિચરતા હતા. તે સમયે ભગવાન મહાવીર સ્વામી બગીચામાં બિરાજમાન હતા. તે સમયે મેતાર્ય ગોત્રીય ભગવાન પાર્શ્વનાથ સ્વામીની પરંપરાના શિષ્ય નિર્ગ્રંથ ઉદક પેઢાલપુત્ર ભગવાન ગૌતમ સ્વામી પાસે આવ્યા. તેઓએ ભગવાન ગૌતમસ્વામી પાસે આવીને આ પ્રમાણે કહ્યું– હે આયુષ્યમન્ ગૌતમ ! મારે આપને કેટલાક પ્રશ્નો પૂછવા છે, તે પ્રશ્નોને આપે જે રીતે પ્રભુ મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યા છે, જે રીતે નિશ્ચય કર્યો છે, તે જ રીતે મને તર્ક-પ્રતિતર્કના સમાધાન પૂર્વક કહેશો ? ત્યારે ભગવાન ગૌતમે ઉદક પેઢાલપુત્રને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમન્ ઉદક ! આપના પ્રશ્નો સાંભળી-સમજીને પછી જ કહીશ અર્થાત્ પ્રશ્ન સાંભળ્યા પછી યોગ્ય લાગશે તો અવશ્ય ઉત્તર આપીશ.

**૫ सवायं उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी– आउसंतो गोयमा ! अत्थि खलु कुमारपुत्तिया णाम समणा णिग्गंथा तुम्हाणं पवयणं पवयमाणा गाहावइं समणोवासगं उवसंपण्णं एवं पच्चक्खावेंति– णण्णत्थ अभिओगेणं गाहावइचोरग्गहण-विमोक्खणयाए तसेहिं पाणेहिं णिहाय दंडं । एवं ण्हं पच्चक्खंताणं दुपच्चक्खायं भवइ, एवण्हं पच्चक्खावेमाणाणं दुपच्चक्खावियं भवइ । एवं ते परं पच्चक्खावेमाणा अइयरंति सयं पइण्णं । कस्स णं तं हेउं ? संसारिया खलु पाणा, थावरा वि पाणा तसत्ताए पच्चायंति, तसा वि पाणा थावरत्ताए पच्चायंति, थावरकायाओ विप्पमुच्चमाणा तसकायंसि उववज्जंति, तसकायाओ विप्पमुच्चमाणा थावरकायंसि उववज्जंति, तेसिं च णं थावरकायंसि उववण्णाणं ठाणमेयं घत्तं ।**

**શબ્દાર્થ:–** **पवयमाणा** = નિરૂપણ કરતાં **उवसंपण्णं** = સંપન્ન, યુક્ત **अभिओगेण गाहावइ-चोरग्गहण विमोक्खणयाए** = ગાથાપતિ દ્વારા રાજ્યાપરાધથી ચોરરૂપે પકડાયેલ પોતાના છ પુત્રોને દંડમાં રાખવા– છોડાવવાના ન્યાયે **पइण्णं** = પ્રતિજ્ઞાને **अइयरंति** = ઉલ્લંઘન કરે છે **संसारिया** = સાંસારિક પ્રાણી, સંચરણશીલ–પરિવર્તનશીલ **पच्चायंति** = ઉત્પન્ન થાય છે **विप्पमुच्चमाणा** = છોડીને.

**ભાવાર્થ :–** ઉદક પેઢાલપુત્રે યુક્તિપૂર્વક ભગવાન ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું– હે આયુષ્યમાન ગૌતમ ! કુમારપુત્ર નામના શ્રમણ નિર્ગ્રંથ છે, જે આપના પ્રવચન અનુસાર પ્રરૂપણા કરે છે. જ્યારે કોઈ ગૃહસ્થ શ્રમણોપાસક તેમની પાસે પ્રત્યાખ્યાન ગ્રહણ કરવા જાય છે, ત્યારે તે શ્રમણ નિર્ગ્રંથ **રાજાભિયોગ ગાથાપતિ ચોરવિમોક્ષણ ન્યાયથી** અર્થાત્ ગાથાપતિ દ્વારા રાજ્યાપરાધના કારણે ચોરરૂપે પકડાયેલા પોતાના છ પુત્રોને દંડમાં રાખવા કે છોડાવવાના ન્યાયથી(આ ન્યાય સંબંધી વિસ્તૃત દષ્ટાંત વિવેચનમાં જુઓ.) શ્રમણોપાસકને ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરાવે છે, પરંતુ આ પ્રકારના પ્રત્યાખ્યાન જે લોકો ગ્રહણ કરે છે, તેમના પ્રત્યાખ્યાન દુષ્પ્રત્યાખ્યાન-મિથ્યા પ્રત્યાખ્યાન થઈ જાય છે તથા આ રીતે જે પ્રત્યાખ્યાન

કરાવે છે, તે દુષ્પ્રત્યાખ્યાન કરાવે છે; કારણ કે આ પ્રમાણે બીજાને પ્રત્યાખ્યાન કરાવનાર સાધક પોતાની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તેમની પ્રતિજ્ઞાભંગનું કારણ શું છે ? તે તમે સાંભળો.

સંસારના પ્રાણીઓ પરિવર્તનશીલ છે. સ્થાવર જીવો ત્રસપણે અને ત્રસ જીવો સ્થાવરપણે ઉત્પન્ન થતા રહે છે. સ્થાવર જીવો સ્થાવરકાયને છોડીને ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે અને ત્રસ જીવો ત્રસકાયને છોડીને સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે.

જ્યારે ત્રસ જીવો સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય, ત્યારે ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરનારા પુરુષોને માટે તે જીવો ઘાત કરવા યોગ્ય થઈ જાય છે.(તે પુરુષ દ્વારા ત્રસમાંથી સ્થાવરપણે ઉત્પન્ન થયેલા જીવોની હિંસા થતાં તેની પ્રતિજ્ઞાનો ભંગ થાય છે.)

**६ एवं ण्हं पच्चक्खंताणं सुपच्चक्खायं भवइ, एवं ण्हं पच्चक्खावेमाणाणं सुपच्चक्खावियं भवइ । एवं ते परं पच्चक्खावेमाणा णाइयरंति सयं पइण्णं– णण्णत्थ अभिओगेणं गाहावईचोरग्गहण-विमोक्खणयाए तसभूएहिं पाणेहिं णिहाय दंडं । एवमेयं सइ भासापरक्कमे विज्जमाणे जे ते कोहा वा *जाव* लोहा वा परं पच्चक्खावेंति, अयं पि से उवएसे णो णेयाउए भवइ, आउसो गोयमा ! तुब्भं पि एयं एवं रोयइ?**

**ભાવાર્થ :–** જે શ્રમણોપાસકો આ પ્રમાણે(આગળ કહેવાશે તે વિધિથી) પ્રત્યાખ્યાન કરે કે પ્રત્યાખ્યાન કરાવે તો તેના સુપ્રત્યાખ્યાન થાય છે. તે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી. જો તે ગાથાપતિ દ્વારા રાજ્યાપરાધી ચોર(પુત્ર) ગ્રહણ–વિમોક્ષણ ન્યાયથી ત્રસભૂત–વર્તમાનમાં ત્રસપણાને પ્રાપ્ત જીવોની હિંસાનો અમે ત્યાગ કરીએ છીએ કે કરાવીએ છીએ. આ પ્રકારની યોગ્ય ભાષાનો પ્રયોગ હોવા છતાં તેને ન સ્વીકારતાં જે લોકો ક્રોધ ***યાવત્*** લોભ આદિ કષાયોને વશ થઈ અર્થાત્ પોતાના આગ્રહને વશ થઈને 'ત્રસ' શબ્દની સાથે 'ભૂત' શબ્દ જોડ્યા વિના જ પ્રત્યાખ્યાન કરાવે છે. તેઓનું આ પ્રકારનું કથન(વાક્યપ્રયોગ) ન્યાયયુક્ત નથી ? હે આયુષ્યમન્ ગૌતમ ! શું આપને મારું આ મંતવ્ય રુચિકર લાગે છે ?

**૭ सवायं भगवं गोयमे उदयं पेढालपुत्तं एवं वयासी– णो खलु आउसो उदगा! णो खलु अम्हं एयं एवं रोयइ, जे ते समणा वा माहणा वा एवमाइक्खंति** जाव **परूवेंति । णो खलु ते समणा वा णिग्गंथा वा समियाए भासं भासंति, अब्भाइक्खंति खलु ते समणे समणोवासए वा । जेहिं वि अण्णेहिं पाणेहिं भूएहिं जीवेहिं सत्तेहिं संजमयंति ताणि वि ते अब्भाइक्खंति, कस्स णं तं हेउं ? संसारिया खलु पाणा, तसा वि पाणा थावरत्ताए पच्चायंति, थावरा वि पाणा तसत्ताए पच्चायंति तसकायाओ विप्पमुच्चमाणा थावरकायंसि उववज्जंति, थावरकायाओ विप्पमुच्चमाणा तसकायंसि उववज्जंति, तेसिं च णं तसकायंसि उववण्णाणं ठाणमेयं अघत्तं ।**

**શબ્દાર્થ :–** **अणुताविय** = તાપને ઉત્પન્ન કરનારી **अब्भाइक्खंति** = અભ્યાખ્યાન કરે છે, કહે છે **अघत्तं** = ઘાત કરવા યોગ્ય નથી.

**ભાવાર્થ :–** ભગવાન ગૌતમ સ્વામીએ ઉદક પેઢાલપુત્ર નિર્ગ્રંથને યુક્તિપૂર્વક આ પ્રમાણે કહ્યું– હે આયુષ્યમાન ઉદક ! અમને આ પ્રકારનું ત્રસ પદ સાથે ભૂત પદ જોડીને પ્રત્યાખ્યાન કરાવવાનું મંતવ્ય

રુચિકર લાગતું નથી. જે શ્રમણ કે માહણ આ પ્રમાણે આપના મંતવ્યાનુસાર કહે છે, ઉપદેશ આપે છે અથવા પ્રરૂપણા કરે છે, તે શ્રમણ નિર્ગ્રંથ ભાષા સમિતિથી યુક્ત યથાર્થ ભાષા બોલતા નથી, પરંતુ તે સંતાપ ઉત્પન્ન કરનારી ભાષા બોલે છે. તે લોકો શ્રમણો અને શ્રમણોપાસકો પર મિથ્યા દોષારોપણ કરે છે તથા જે શ્રમણો કે શ્રમણોપાસકો પ્રાણી, ભૂત, જીવો અને સત્ત્વોના વિષયમાં સંયમ ગ્રહણ કરે છે, કરાવે છે, તેના પર પણ તેઓ દોષારોપણ કરે છે. ગૌતમ સ્વામી કહે છે કે મિથ્યાદોષારોપણનું શું કારણ છે ? તે તમે સાંભળો.

સમસ્ત પ્રાણી પરિવર્તનશીલ છે. ત્રસ પ્રાણી સ્થાવર રૂપે અને સ્થાવર જીવ ત્રસ રૂપે જન્મ ધારણ કરે છે. ત્રસજીવ ત્રસકાયને છોડીને સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે તથા સ્થાવર જીવ પણ સ્થાવરકાયનો ત્યાગ કરીને ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે, તેથી જ્યારે સ્થાવર જીવો ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે જીવો ત્રસજીવોની હિંસાનો ત્યાગ કરનારા પુરુષો દ્વારા હનન કરવા યોગ્ય થતા નથી.(જો 'ભૂત' શબ્દ જોડાય તો તે નવા ત્રસ થયેલા જીવો ત્રસ રૂપે હોવા છતાં ઘાત કરવા યોગ્ય થઈ જશે, માટે 'ભૂત' શબ્દનો પ્રયોગ કરવો દોષ પૂર્ણ છે.

**૮** **सवायं उदय पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी– कयरे खलु आउसंतो गोयमा ! तुब्भे वयह तसापाणा तसा आउमण्णहा ?**

**सवायं भगवं गोयमे उदयं पेढालपुत्तं एवं वयासी– आउसंतो उदगा ! जे तुब्भे वयह तसभूया पाणा तसा, ते वयं वयामो तसा पाणा तसा, जे वयं वयामो तसा पाणा तसा, ते तुब्भे वयह तसभूया पाणा तसा, एते संति दुवे ठाणा तुल्ला एगट्ठा । किमाउसो ! इमे भे सुप्पणीयतराए भवइ– तसभूया पाणा तसा ? इमे भे दुप्पणीयतराए भवइ– तसा पाणा तसा ? तओ एगमाउसो ! पलिकोसह, एक्कं अभिणंदह, अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**શબ્દાર્થ :–** **तुल्ला** = तुल्य-સમાન **एगट्ठा** = એકાર્થક **सुप्पणीयतराए** = સુપ્રણીત **दुप्पणीयतराए** = દુષ્પ્રણીત **पलिकोसह** = નિંદા કરો છો **अभिणंदह** = અભિનંદન-પ્રશંસા કરો છો **णेयाउए** = ન્યાયયુક્ત.

**ભાવાર્થ :–** ત્યાર પછી ઉદક પેઢાલપુત્રે યુક્તિપૂર્વક ભગવાન ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું– હે આયુષ્યમાન ગૌતમ ! આપ ત્રસ કોને કહો છો ? શું આપ ત્રસ પ્રાણીને જ ત્રસ કહો છો કે બીજા કોઈ પ્રાણીને ત્રસ કહો છો ? ત્યારે ભગવાન ગૌતમ સ્વામીએ પણ યુક્તિપૂર્વક ઉદક પેઢાલપુત્રને કહ્યું– હે આયુષ્યમન્ ઉદક ! જે પ્રાણીઓને આપ ત્રસભૂત કહો છો, તેને જ અમે ત્રસપ્રાણી કહીએ છીએ અને જેને અમે ત્રસપ્રાણી કહીએ છીએ તેને આપ ત્રસભૂત કહો છો. આ બંને શબ્દ એકાર્થક છે. તો પછી તેનું શું કારણ છે કે આપ ત્રસપ્રાણીને ત્રસભૂત કહેવાનું સુપ્રણીત–યુક્તિયુક્ત સમજો છો અને ત્રસપ્રાણીને ત્રસ કહેવાનું દુષ્પ્રણીત–અયુક્ત સમજો છો. જો બંને શબ્દો સમાનાર્થક છે, તો આપ એક પક્ષની નિંદા કરો છો અને એક પક્ષની પ્રશંસા કરો છો, આ પ્રકારનો આપનો આ ભેદ ન્યાયસંગત નથી.

**૯** **भगवं च णं उदाहु– संतेगइया मणुस्सा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ– णो खलु वयं संचाएमो मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए । वयं णं**

**अणुपुव्वेणं गुत्तस्स लिसिस्सामो । ते एवं संखं सावेंति, ते एवं संखं ठवयंति, ते एवं संखं सोवट्ठवयंति । णण्णत्थ अभिजोगेणं गाहावइचोरग्गहणविमोक्खणयाए तसेहिं पाणेहिं णिहाय दंडं, ते पि तेसिं कुसल मेव भवइ ।**

**ભાવાર્થ :–** ભગવાન ગૌતમસ્વામીએ ઉદક પેઢાલપુત્રને કહ્યું– હે આયુષ્યમન્ ઉદક ! જગતમાં કેટલાય મનુષ્યો એવા હોય છે, જે સાધુ પાસે આવીને પહેલાં જ આ પ્રમાણે કહે છે– હે ભગવન્ ! અમે મુંડિત થઈને અર્થાત્ સમસ્ત જીવોની હિંસાનો ત્યાગ કરીને, ગૃહસ્થ ધર્મને છોડીને અણગારધર્મમાં પ્રવ્રજિત થવામાં હજુ સમર્થ નથી, પરંતુ સાધુત્વનો સ્વીકાર કરતાં પહેલાં અમે ક્રમશઃ ત્રસ પ્રાણીની સ્થૂળ હિંસાના પ્રત્યાખ્યાન કરશું, ત્યાર પછી પ્રાણાતિપાત આદિ સર્વ સૂક્ષ્મ સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરશું. તેઓ મનમાં એવો વિચાર કરે છે, તે વિચારોને નિશ્ચિત કરે છે અને તદનુસાર જ આચરણ પ્રત્યાખ્યાન કરે છે કે અમે ગાથાપતિ દ્વારા રાજ્યાપરાધી ચોરરૂપે ગ્રહિત પોતાના પુત્રોને દંડથી ગ્રહણ વિમોક્ષણ ન્યાયે અર્થાત્ **ન છૂટકે** ત્રસ પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરશું. તેમજ પ્રત્યાખ્યાન કરાવનારા નિર્ગ્રંથ શ્રમણ પણ એમ જાણે છે કે આ વ્યક્તિ સમસ્ત પાપપ્રવૃત્તિને છોડતા નથી, તે જેટલું છોડે તેટલું સારું જ છે, આ પ્રમાણે સમજણ પૂર્વક ત્રસ પ્રાણીઓની હિંસાના પ્રત્યાખ્યાન કરાવે છે. તે ત્રસ પ્રાણી વધનો ત્યાગ પણ તેમને માટે કુશળરૂપ–શ્રેષ્ઠ જ હોય છે.

**૧૦ तसा वि वुच्चंति तसा तससंभारकडेण कम्मुणा, णामं च णं अब्भुवगयं भवइ, तसाउयं च णं पलिक्खीणं भवइ, तसकायट्ठिइया ते तओ आउयं विप्पजहंति, ते तओ आउयं विप्पजहित्ता थावरत्ताए पच्चायंति । थावरा वि वुच्चंति थावरा थावरसंभारकडेणं कम्मुणा, णामं च णं अब्भुवगयं भवइ, थावराउं च णं पलिक्खीणं भवइ, थावरकायट्ठिइया ते तओ आउयं विप्पजहंति, ते तओ आउयं विप्पजहित्ता भुज्जो परलोइयत्ताए पच्चायंति, ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठिईया ।**

**શબ્દાર્થ :– तससंभारकडेण** = ત્રસસંભાર કૃત, ત્રસનામકર્મના ઉદયનો અનુભવ કરવાથી **अब्भुवगयं**= અભ્યુપગત, સ્વીકૃત **पलिक्खीणं** = પરિક્ષીણ **थावरसंभारकडेणं** = સ્થાવર સંભારકૃત, સ્થાવર નામકર્મના ઉદયનો અનુભવ કરવાથી.

**ભાવાર્થ :–** બેઈન્દ્રિયાદિ ત્રસ જીવો પણ ત્રસનામ કર્મના ઉદયથી ત્રસ કહેવાય છે અને ત્રસનામકર્મના કારણે જ તે જીવ ત્રસનામ ધારણ કરે છે. જ્યારે તેનું ત્રસકાયનું આયુ પરિક્ષીણ થાય તથા ત્રસકાયમાં રહેવાના હેતુરૂપ સ્થિતિ ક્ષીણ થાય, ત્યારે તે જીવ તે આયુષ્ય પૂર્ણ કરીને, ત્રસ કાયત્વ છોડીને, સ્થાવરપણાને પ્રાપ્ત કરે છે. તે પૃથ્વીકાયાદિ સ્થાવર જીવો સ્થાવર-નામકર્મના ઉદયથી સ્થાવર કહેવાય છે; જ્યારે તેનું સ્થાવરપણાનું આયુ પરિક્ષીણ થાય અને સ્થાવરકાયમાં રહેવા રૂપ સ્થિતિ પૂર્ણ થાય, ત્યારે તે જીવો સ્થાવરપણાને છોડીને પુનઃ ત્રસપણાને પ્રાપ્ત કરે છે. ત્યારે તે જીવ પ્રાણી પણ કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે. વિશાળ શરીરવાળા તે જીવો ચિરકાળ સુધી ત્રસપણાની સ્થિતિમાં રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉદક નિર્ગ્રંથની પ્રત્યાખ્યાન વિષયક શંકા અને ગૌતમ સ્વામી દ્વારા થયેલું તેનું સયુક્તિક સમાધાન છે.

**ઉદક નિર્ગ્રંથના મતાનુસાર** શ્રાવકો ત્રસ જીવોની હિંસાના પ્રત્યાખ્યાન કરે છે, પરંતુ તે ત્રસ જીવો કર્મોદય વશ સ્થાવર રૂપે ઉત્પન્ન થાય ત્યારે શ્રાવકોએ સ્થાવર જીવોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા ન હોવાથી તે જીવોની હિંસા કરે છે અને તેથી તેના પ્રત્યાખ્યાનનો ભંગ થાય છે, આ પ્રકારના દોષ સેવનથી તે દુષ્પ્રત્યાખ્યાન થઈ જાય છે.

આ પ્રકારે પ્રત્યાખ્યાન કરનાર અને કરાવનાર બંને પોતાની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. તેથી શ્રાવકો અહિંસા વ્રતના સ્વીકાર સમયે 'ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરું છે' આ પ્રમાણે ભાષાનો પ્રયોગ ન કરતાં ત્રસભૂત– વર્તમાનમાં ત્રસપણે વર્તી રહેલા જીવોની હિંસાનો ત્યાગ કરું છું, આ પ્રમાણે ભાષા પ્રયોગ કરે, તો તેના પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. 'ત્રસ' શબ્દ સાથે 'ભૂત' શબ્દના પ્રયોગથી જીવની વર્તમાન પર્યાયનું જ ગ્રહણ થવાથી તે જીવ જ્યારે સ્થાવરપણે ઉત્પન્ન થઈ જાય ત્યારે તેના પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી.

**ગૌતમ સ્વામીએ** યુક્તિપૂર્વક તેમના કથનનું ખંડન આ પ્રમાણે કર્યું– 'ત્રસ' શબ્દ સાથે 'ભૂત' શબ્દનો પ્રયોગ નિરર્થક છે કારણ કે જે જીવોને ત્રસનામ કર્મનો ઉદય હોય, તે જ ત્રસ કહેવાય છે અને તે જીવોની હિંસાનો જ શ્રાવકોને ત્યાગ હોય છે. ત્રસ અને ત્રસભૂત બંને શબ્દો સમાનાર્થક છે.

ભૂત શબ્દપ્રયોગથી ઘણીવાર સંશય ઉત્પન્ન થવાની સંભાવના છે. ભૂત શબ્દ ઉપમા અર્થમાં પ્રયુક્ત થાય છે. જેમ કે– **देवलोकभूतं नगरमिदम् ।** આ નગર દેવલોક જેવું છે. તે જ રીતે ત્રસભૂત શબ્દપ્રયોગથી ત્રસ જીવોની હિંસાના નહીં પરંતુ ત્રસજીવોની સમાન હોય તેવા જીવોની હિંસાનો ત્યાગ કરું છું, તેવો અર્થ થાય, પરંતુ તે અર્થ અહીં ઈષ્ટ નથી.

ક્યારેક ભૂત શબ્દનો કોઈ વિશિષ્ટ અર્થ જ થતો નથી. જેમ કે– **शीतलीभूतमुदकम्** = ઠંડું પાણી. અહીં ભૂત શબ્દનો કોઈ અર્થ જ નથી. તે જ રીતે ત્રસભૂત શબ્દમાં ભૂત શબ્દ નિરર્થક પણ બને છે.

અમે જેને ત્રસ જીવો કહીએ છીએ, તેને જ તમે ત્રસભૂત કહો છો. આ રીતે ત્રસ કે ત્રસભૂત, આ બંને શબ્દ પ્રયોગ સમાન અર્થને સૂચિત કરે છે. તેમ છતાં ''ત્રસ શબ્દ પ્રયોગ દ્વારા પ્રત્યાખ્યાન કરનાર કે કરાવનાર પ્રત્યાખ્યાનનો ભંગ કરે છે અથવા તેના દુષ્પ્રત્યાખ્યાન છે,'' આ પ્રમાણેનું આપનું કથન કેવળ મિથ્યાદોષારોપણ છે.

જે જીવને ત્રસનામ કર્મનો ઉદય હોય, તે જીવ જ્યાં સુધી ત્રસપણાનું આયુષ્ય ભોગવતા હોય, ત્યાં સુધી જ તેને ત્રસ કહેવાય, જ્યારે તે જીવના ત્રસ આયુષ્યની સ્થિતિ પૂર્ણ થઈ જાય, ત્યારે તે જીવ ત્રસપણાને છોડીને સ્થાવરપણાને પામે છે, ત્યાર પછી તે ત્રસ કહેવાતા નથી, તે જીવની પર્યાયનું–અવસ્થાનું પરિવર્તન થયા પછી તે સ્થાવર કહેવાય છે.

કોઈ પણ પ્રત્યાખ્યાનનો સંબંધ ત્રસ-સ્થાવર આદિ પર્યાય સાથે જ હોય છે. શ્રાવકોનું અહિંસાવ્રત જીવોની ત્રસ પર્યાય સાથે સંબંધિત છે. ત્રસ પર્યાયનું પરિવર્તન થયા પછી સ્થાવર પર્યાયને પામેલા તે જીવો શ્રાવકોના પ્રત્યાખ્યાનની મર્યાદામાં સમાવિષ્ટ થતા નથી.

શ્રાવકો અહિંસા વ્રતનો સ્વીકાર કરે છે, ત્યારે જ ગુરુજનો સમક્ષ પ્રગટ કરે છે કે– હું સર્વ જીવોની હિંસાનો ત્યાગ કરવામાં સમર્થ નથી, પરંતુ હું સ્થૂલ પ્રાણાતિપાતનો ત્યાગ કરીશ. તેમાં પણ **ગાથાપતિ ચોર ગ્રહણ-વિમોક્ષણ ન્યાયથી** એટલે કે આગાર સહિત **ન છૂટકે** આગાર સહિત ત્રસ જીવોની હિંસાનો જ ત્યાગ કરે છે.

જ્યારે સર્વનો સ્વીકાર અશક્ય હોય, ત્યારે સર્વનાશ થાય, તેના કરતાં અંશનો પણ સ્વીકાર કરી લેવો, તે હિતાવહ છે. તેથી જ શ્રાવકોના અહિંસાવ્રતના સ્વીકારમાં 'ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરું છું' આ પ્રકારનો ભાષાપ્રયોગ યથોચિત, ન્યાયસંગત, સાર્થક અને સફળ છે, તેમાં આંશિક પણ દોષની સંભાવના નથી.

**रायाभिओगेण गाहावइचोरग्गहण-विमोक्खणयाए :–** રાજ્યાપરાધી ગૃહપતિ-ચોર વિમોક્ષણ ન્યાય. આ સૂત્રાંશ વિશે દષ્ટાંતનું સ્પષ્ટીકરણ કરતાં વ્યાખ્યાકારે કથાનક પ્રસ્તુત કર્યું છે.

**રાજ્યાપરાધી ગૃહપતિ-ચોર વિમોક્ષણ ન્યાય :–** એક વાર એક રાજાએ આજ્ઞા કરી કે સમસ્ત નાગરિકો સાંજે નગરની બહાર આવીને કૌમુદી મહોત્સવમાં ભાગ લે. જે નાગરિક નગરમાં રહેશે, તેને મૃત્યુદંડની સજા આપવામાં આવશે. એક વણિકના છ પુત્રો પોતાના કાર્યની વ્યસ્તતાથી નગરની બહાર જવાનું ભૂલી ગયા. સૂર્યાસ્ત થતાં જ નગરનાં બધા મુખ્યદ્વાર બંધ કરવામાં આવ્યા. પ્રાતઃકાળે તે છ વણિક પુત્રોને રાજપુરુષોએ પકડી લીધા. રાજા દ્વારા મૃત્યુદંડની ઘોષણા સાંભળીને વણિક અત્યંત ચિંતિત થયા. પુત્રોની સુરક્ષા માટે તેણે રાજાને વિનમ્રભાવે વિનંતિ કરી પરંતુ રાજાએ તેનો સ્વીકાર કર્યો નહીં. ત્યારે તેણે ક્રમશઃ પાંચ, ચાર, ત્રણ, બે અને અંતે વંશની સુરક્ષા માટે એક મોટા પુત્રને છોડી દેવાની પ્રાર્થના કરી. રાજાએ તેની પ્રાર્થના સ્વીકારીને એક સહુથી મોટા પુત્રને છોડી દીધો. આ દષ્ટાંતમાં વૃદ્ધ વણિક પોતાના છએ પુત્રોને રાજદંડથી મુક્ત કરાવવા માગે છે, પરંતુ જ્યારે તે શક્ય ન બન્યું ત્યારે તેણે એક મોટા પુત્રને છોડાવીને સંતોષ માન્યો, તે જ રીતે સાધુ કોઈ પણ મનુષ્યોને છ કાય જીવોની હિંસાના સંપૂર્ણ પ્રત્યાખ્યાન કરાવવાની ઈચ્છા રાખે છે. એક પણ જીવની હિંસા થાય, તેવું સાધુ ઈચ્છતા નથી. તેમ છતાં શ્રાવક જ્યારે સર્વ જીવોની હિંસાના પ્રત્યાખ્યાન કરવામાં પોતાની અસમર્થતા પ્રગટ કરે, ત્યારે સાધુ યથાશક્ય ત્યાગ કરાવે છે. શ્રાવક પણ પોતાની પરિસ્થિતિ વશ સર્વ જીવોની હિંસાનો ત્યાગ કરી શકતા નથી તેથી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરે છે, સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરતા નથી. જેમ માત્ર એક જ મોટા પુત્રને બચાવી શકનાર પિતા અન્ય નાના પાંચ પુત્રોની હિંસાને ઈચ્છતા નથી, તેમ છતાં એક પુત્રની રક્ષા માટે તે પાંચ પુત્રોની હિંસાને દુઃખિત હૃદયે સ્વીકારી લે છે. તેમ સાધુ કે શ્રાવકને સર્વ જીવો પ્રતિ દયાભાવ હોવા છતાં યથાશક્ય જેટલા જીવોની રક્ષા થાય તેનાથી સંતોષ માને છે. આ દષ્ટાંતમાં ગાથાપતિ સમજણપૂર્વક ન છૂટકે આંશિક હિંસાને સ્વીકારી આંશિક રક્ષા કરે છે. તેમ શ્રાવક પણ સમજણપૂર્વક ન છૂટકે આંશિક હિંસાને સ્વીકારીને શક્ય જેટલો ત્યાગ કરે છે અને સાધુ પણ સમજપૂર્વક આંશિક ત્યાગ કરાવે છે. તેમ કરનાર શ્રાવક અને શ્રમણ બંને નિર્દોષ છે.

**પ્રત્યાખ્યાન નિર્વિષયતા વિષયક શંકા–સમાધાન :–**

**૧૧ सवायं उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी– आउसंतो गोयमा ! णत्थि णं से केइ परियाए जण्णं समणोवासगस्स एगपाणाइवायविरए वि दंडे णिक्खित्ते, कस्स णं तं हेउ ? संसारिया खलु पाणा, थावरा वि पाणा तसत्ताए पच्चायंति, तसा वि पाणा थावरत्ताणं पच्चायंति, थावरकायाओ विप्पमुच्चमाणा सव्वे तसकायंसि उववज्जंति, तेसिं च णं थावरकायंसि उववण्णाणं ठाणमेयं घत्तं ।**

**શબ્દાર્થ :– णत्थि एगपाणाइवायविरए** = એક પણ જીવના પ્રાણાતિપાતથી વિરતિ એટલે કે પ્રાણીઓને ન મારવાનો ત્યાગ થશે નહીં **णिक्खित्ते** = નિક્ષિપ્ત **वत्तव्वएणं** = વક્તવ્ય અનુસાર **परियाए** = પર્યાય.

**ભાવાર્થ :–** પુનઃ ઉદક પેઢાલપુત્રે યુક્તિ પૂર્વક ભગવાન ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમાન ગૌતમ ! જીવનો એક પણ પર્યાય એવો નથી કે શ્રાવક કોઈ પણ પ્રાણીની હિંસાના ત્યાગ રૂપ પ્રત્યાખ્યાનને સફળ કરી શકે. તેનું શું કારણ છે ? તે તમે સાંભળો– સર્વ પ્રાણી પરિવર્તનશીલ છે, ક્યારેક સ્થાવર પ્રાણી ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે અને ક્યારેક ત્રસપ્રાણી સ્થાવરમાં ઉત્પન્ન થાય છે. ક્યારેક બધાં જીવો સ્થાવરકાયને છોડીને ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે અને ક્યારેક બધા જીવો ત્રસકાયને છોડીને સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે. જ્યારે તે બધાં જ જીવો સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય, ત્યારે ત્રસ જીવોની હિંસાના ત્યાગી શ્રાવકો માટે સ્થાવરકાયમાં ઉત્પન્ન થયેલા બધા જીવો ઘાતને યોગ્ય થઈ જાય છે.

**૧૨ सवायं भगवं गोयमे उदगं पेढालपुत्तं एवं वयासी– णो खलु आउसो ! [एवं] अम्हाणं वत्तव्वएणं, तुब्भं चेव अणुप्पवाएणं अत्थि णं से परियाए जं णं समणोवासगस्स सव्वपाणेहिं सव्वभूएहिं सव्वजीवेहिं सव्वसत्तेहिं दंडे णिक्खित्ते भवइ । कस्स णं तं हेउं ? संसारिया खलु पाणा, तसा वि पाणा थावरत्ताए पच्चायंति, थावरा वि पाणा तसत्ताए पच्चायंति, तसकायाओ विप्पमुच्चमाणा सव्वे थावरकायंसि उववज्जंति, थावरकायाओ विप्पमुच्चमाणा सव्वे तसकायंसि उवज्जंति, तेसिं च णं तसकायंसि उववण्णाणं ठाणमेयं अघत्तं । ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठिइया, ते बहुयरगा पाणा जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते अप्पयरगा पाणा जेहिं समणोवासगस्स अपच्चक्खायं भवइ, से महया तसकायाओ उवसंतस्स उवट्ठियस्स पडिविरयस्स जण्णं तुब्भे वा अण्णो वा एवं वयह– णत्थि णं से केइ परियाए जम्मि समणोवासगस्स एगपाणाए वि दंडे णिक्खित्ते । अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** ભગવાન ગૌતમ સ્વામીએ ઉદક પેઢાલપુત્રને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમન્ ઉદક ! અમારા વકતવ્ય અનુસાર તો આ પ્રશ્ન જ ઉઠતો નથી. પરંતુ આપના વકતવ્ય અનુસાર (આપના સિદ્ધાંત અનુસાર) પણ તે પર્યાય અવશ્ય હોય છે જેમાં શ્રમણોપાસક સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોની હિંસાનો ત્યાગ કરી શકે છે. તેનું શું કારણ છે ? સાંભળો– આ સંસારના પ્રાણીઓ પરિવર્તનશીલ છે, તેથી સ્થાવર પ્રાણીઓ ત્રસ રૂપે અને ત્રસ પ્રાણી સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે. સર્વ ત્રસ જીવો ત્રસકાયનો ત્યાગ કરીને સ્થાવર કાયમાં અને સ્થાવર જીવો સ્થાવરકાયનો ત્યાગ કરીને ત્રસ કાયમાં ઉત્પન્ન થાય છે.

જ્યારે સર્વ જીવો ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે સ્થાન શ્રાવકોને માટે ઘાત યોગ્ય રહેતું નથી. તે પ્રાણી પણ કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે. તે મહાન શરીરવાળા તથા દીર્ઘકાલની સ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ ઘણા હોય છે. જેમાં શ્રમણોપાસકોના પ્રત્યાખ્યાન સફળ થાય છે. તે પ્રાણીઓ અલ્પ હોય છે કે જે જીવોની હિંસાના પ્રત્યાખ્યાન શ્રમણોપાસકને હોતા નથી.

આ રીતે તે શ્રાવક મહદ્ પ્રમાણમાં હિંસાથી ઉપશાંત, પ્રત્યાખ્યાનમાં ઉપસ્થિત તથા વિરત થાય છે. તેમ છતાં તમે અથવા બીજા લોકો જે આ પ્રમાણે કહે છે કે ''એવા એક પણ પર્યાય નથી જે જીવોની

હિંસાના પ્રત્યાખ્યાન શ્રાવકોને થાય અર્થાત્ શ્રાવકોના પ્રત્યાખ્યાન નિર્વિષય થાય છે'', આ આપનું કથન ન્યાયસંગત નથી.

**૧૩ भगवं च णं उदाहु– णियंठा खलु पुच्छियव्वा । आउसंतो णियंठा ! इह खलु संतेगइया मणुस्सा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ– जे इमे मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइया, एएसिं च णं आमरणंताए दंडे णिक्खित्ते; जे इमे अगारमावसंति एएसि णं आमरणंताए दंडे णो णिक्खित्ते । केई च णं समणा** *जाव* **वासाइं चउपंचमाइं छद्दसमाइं अप्पयरो वा भुज्जयरो वा देसं दूइज्जित्ता अगारं वएज्जा ? हंता वएज्जा । तस्स णं तं गारत्थं वहमाणस्स से पच्चक्खाणे भग्गे भवइ ? णेति । एवमेव समणोवासगस्स वि तसेहिं पाणेहिं दंडे णिक्खित्ते, थावरेहिं पाणेहिं दंडे णो णिक्खित्ते, तस्सं णं तं थावरकायं वहेमाणस्स से पच्चक्खाणे णो भग्गे भवइ, से एवं आयाणह णियंठा ! सेवमायाणियव्वं ।**

**શબ્દાર્થ :–** **णियंठा** = નિર્ગ્રંથ **आमरणंताए** = મરણપર્યંત **देसं** = દેશમાં **दूइज्जित्ता** = વિચરીને **अगारमावएज्जा** = ગૃહસ્થ બની જાય છે **गारत्थं** = ગૃહસ્થોને **आयाणह** = સમજો **आयाणियव्वं** = સમજવું જોઈએ.

**ભાવાર્થ :–** ભગવાન ગૌતમ સ્વામીએ ઉપરોક્ત કથનને જ સ્પષ્ટ કરવાના હેતુથી ઉદક પેઢાલપુત્રના સ્થવિર નિર્ગ્રંથોને પૂછ્યું કે હે આયુષ્યમન્ નિર્ગ્રંથો ! આ જગતમાં કેટલાક મનુષ્યો એવા હોય છે કે જે તેઓ આ પ્રકારે પ્રતિજ્ઞાબદ્ધ હોય છે કે જે મનુષ્યો મુંડિત થઈને, ગૃહત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત છે, તેમની હિંસાનો હું જીવન પર્યંત ત્યાગ કરું છું ; પરંતુ જે લોકો ગૃહસ્થ છે, તેમની હિંસાનો ત્યાગ હું કરતો નથી. હવે તે પ્રવ્રજિત શ્રમણોમાંથી કેટલાક શ્રમણો ચાર, પાંચ, છ અથવા દસ વર્ષ સુધી થોડા ઘણા દેશોમાં વિચરણ કરીને શું પુનઃ ગૃહસ્થ બની શકે છે ?

**નિર્ગ્રંથ :–** હા, તે પુનઃ ગૃહસ્થ બની શકે છે.

**ગૌતમ સ્વામી :–** શ્રમણોની હિંસાનો ત્યાગ કરનાર તે વ્યક્તિ ગૃહસ્થ બનેલા ભૂતપૂર્વ શ્રમણની હિંસા કરે, તો શું તેના પ્રત્યાખ્યાનનો ભંગ થાય છે ?

**નિર્ગ્રંથ :–** ના, તેમ સાધુની હિંસાનો ત્યાગ હોવાથી તેના પ્રત્યાખ્યાન ભંગ થતા નથી.

**ગૌતમ સ્વામી :–** આ રીતે શ્રમણોપાસકે ત્રસ પ્રાણીઓને દંડ દેવાનો ત્યાગ કર્યો છે, સ્થાવર પ્રાણીઓને દંડ દેવાનો ત્યાગ કર્યો નથી, તેથી વર્તમાનમાં સ્થાવરકાયમાં રહેલા ભૂતપૂર્વ ત્રસનો વધ કરવાથી તેના પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી, તેથી હે નિર્ગ્રંથો ! આ વિષયને આ રીતે જાણવો જોઈએ.

**૧૪ भगवं च णं उदाहु– णियंठा खलु पुच्छियव्वा– आउसंतो णियंठा ! इह खलु गाहावइणो वा गाहावइपुत्ता वा तहप्पगारेहिं कुलेहिं आगम्म धम्मसवणवत्तियं उवसंकमेज्जा ? हंता उवसंकमेज्जा । तेसिं च णं तहप्पगाराणं धम्मे आइक्खियव्वे ? हंता आइक्खियव्वे, किं ते तहप्पगारं धम्मं सोच्चा णिसम्म एवं वएज्जा– इणमेव**

**णिग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलियं पडिपुण्णं णेयाउयं संसुद्धं सल्लकत्तणं सिद्धिमग्गं मुत्तिमग्गं णिज्जाणमग्गं णिव्वाणमग्गं अवितहं असंदिद्धं सव्वदुक्खप्प-हीणमग्गं, इत्थं ठिया जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिणिव्वायंति सव्वदुक्खाणं अंतं करेंति, तमाणाए तहा गच्छामो तहा चिट्ठामो तहा णिसीयामो तहा तुयट्टामो तहा भुंजामो तहा भासामो तहाब्भुट्ठेमो तहा उट्ठाए उट्ठेत्ता पाणाणं भूयाणं जीवाणं सत्ताणं संजमेणं संजममाणो त्ति वएज्जा ? हंता वएज्जा । किं ते तहप्पगारा कप्पंति पव्वावेत्तए ? हंता कप्पंति । किं ते तहप्पगारा कप्पंति मुंडावेत्तए ? हंता कप्पंति । किं ते तहप्पगारा कप्पंति सिक्खावेत्ताए ? हंता कप्पंति । किं ते तहप्पगारा कप्पंति उवट्ठावेत्तए ? हंता कप्पंति । तेसिं च णं तहप्पगाराणं सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं दंडे णिक्खित्ते ? हंता णिक्खित्ते । से णं एयारूवेणं विहारेणं विहरमाणा** *जाव* **वासाइं चउपंचमाइं छद्दसमाइं वा अप्पयरो वा भुज्जयरो वा देसं दूइज्जित्ता अगारं वएज्जा ? हंता वएज्जा । तस्स णं सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं दंडे णिक्खित्ते ? णेति। से जे से जीवे जस्स परेणं सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं दंडे णो णिक्खित्ते, से जे से जीवे जस्स परेणं सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं दंडे णो णिक्खित्ते, से जे से जीवे इदाणिं जस्स सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं दंडे णो णिक्खित्ते भवइ, परेणं अस्संजए आरेणं संजए, इयाणिं अस्संजए, अस्संजयस्स णं सव्वपाणेहिं** *जाव* **सव्व सत्तेहिं दंडे णो णिक्खित्ते भवइ, से एवमायाणह णियंठा! सेवमायाणियव्वं।**

**શબ્દાર્થ :– सवणवत्तियं** = સાંભળવા માટે **उवसंकमेज्जा** = આવી શકે છે **अवितहं** = અવિતથ-મિથ્યાત્વ રહિત **असंदिद्धं** = સંદિગ્ધતા રહિત, સંદેહરહિત **सव्वदुक्खप्पहीणमग्गं** = સમસ્ત દુઃખોના નાશનો માર્ગ. **तं** = તેની, તે ધર્મની **आणाए** = આજ્ઞા અનુસાર **पव्वावित्तए** = પ્રવ્રજિત થવા માટે **णिक्खित्ते** = નિક્ષિપ્ત, છોડી દીધું.

**ભાવાર્થ :–** ભગવાન શ્રી ગૌતમ સ્વામીએ તે નિર્ગ્રંથોને પૂછ્યું કે હે આયુષ્યમન્ નિર્ગ્રંથો ! આ લોકમાં ગૃહપતિ કે ગૃહપતિપુત્રો તથાપ્રકારના ઉત્તમ કુળમાં જન્મ ધારણ કરીને ધર્મશ્રવણ માટે સાધુઓ પાસે આવી શકે છે ?

**નિર્ગ્રંથ–** હા, તેઓ આવી શકે છે.

**ગૌતમ સ્વામી–** શું ઉત્તમકુળોત્પન્ન તે પુરુષોને ધર્મનો ઉપદેશ કરવો જોઈએ ?

**નિર્ગ્રંથ–** હા, તેમને ધર્મોપદેશ કરવો જોઈએ.

**ગૌતમ સ્વામી–** શું તેઓ તથાપ્રકારના ધર્મને સાંભળીને, તેના પર વિચાર કરીને એ પ્રમાણે કહી શકે છે કે આ નિર્ગ્રંથ પ્રવચન જ સત્ય છે, અનુત્તર છે, કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવનાર છે, પરિપૂર્ણ છે, ન્યાયયુક્ત છે સમ્યક પ્રકારથી શુદ્ધ છે, માયા-નિદાન-મિથ્યા-દર્શનરૂપ શલ્યને કાપનાર છે. સિદ્ધિનો માર્ગ છે, મુક્તિમાર્ગ છે, નિર્યાણ– નીકાળવાનો માર્ગ અર્થાત્ સર્વ કર્મોને આત્માથી દૂર કરવાનો માર્ગ છે, નિર્વાણમાર્ગ છે,

અવિતથ– મિથ્યાત્વરહિત અથવા સંદેહ રહિત છે, સમસ્ત દુઃખોને નાશ કરનારનો માર્ગ છે ; આ ધર્મમાં સ્થિર થઈને અનેક જીવ સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે તથા સમસ્ત દુઃખોનો અંત કરે છે તેથી અમે નિર્ગ્રંથ પ્રવચનની આજ્ઞા અનુસાર ગતિ કરશું, ઊભા રહેશું, બેસશું, પડખાં બદલશું, ભોજન કરશું તથા ઊઠશું, ઘર-બારનો ત્યાગ કરીને સંયમપાલન માટે અભ્યુદ્યત થઈશું તથા સમસ્ત પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વોની રક્ષા માટે સંયમ ધારણ કરશું, શું તેઓ આ પ્રમાણે કહી શકે છે ?

**નિર્ગ્રંથ–** હા, તેઓ આ પ્રમાણે કહી શકે છે.

**ગૌતમ સ્વામી–** શું આ પ્રકારના વિચારવાળા પુરુષ દીક્ષા દેવા યોગ્ય છે ?

**નિર્ગ્રંથ–** હા, તે દીક્ષા દેવા યોગ્ય છે.

**ગૌતમ સ્વામી–** શું આ પ્રકારના વિચારવાળી તે વ્યક્તિ મુંડિત કરવા યોગ્ય છે ?

**નિર્ગ્રંથ–** હા, તે મુંડિત કરવા યોગ્ય છે.

**ગૌતમ સ્વામી–** શું આ પ્રકારના વિચારવાળા પુરુષ ગ્રહણ અને આસેવનારૂપ શિક્ષાને યોગ્ય છે ?

**નિર્ગ્રંથ–** હા, તેઓ શિક્ષાને યોગ્ય છે.

**ગૌતમ સ્વામી–** શું આ પ્રકારના વિચારવાળા સાધક ઉપસ્થાપન–મહાવ્રત આરોપણ કરવા યોગ્ય છે ?

**નિર્ગ્રંથ–** હા, તેઓ મહાવ્રત આરોપણ યોગ્ય છે.

**ગૌતમ સ્વામી–** તેઓએ પ્રવ્રજિત થઈને શું સમસ્ત પ્રાણીઓની તથા સર્વસત્ત્વોની હિંસાનો ત્યાગ કર્યો છે ?

**નિર્ગ્રંથ–** હા, તેઓએ સર્વપ્રાણીની હિંસાનો ત્યાગ કર્યો છે.

**ગૌતમ સ્વામી–** તેઓ આ પ્રકારની દીક્ષા પર્યાયમાં વિચરણ કરતાં-કરતાં ચાર, પાંચ, છ કે દસ વર્ષ સુધી થોડા કે ઘણા દેશોમાં વિચરણ કરી શું પુનઃ ગૃહસ્થાવાસમાં જઈ શકે છે ?

**નિર્ગ્રંથ–** હા, તેઓ જઈ શકે છે.

**શ્રી ગૌતમ સ્વામી–** શું તે ભૂતપૂર્વ અણગાર ગૃહસ્થાવસ્થામાં સમસ્ત પ્રાણીઓની ***યાવત્*** સમસ્ત સત્ત્વોની હિંસાનો ત્યાગ કરી શકે છે ?

**નિર્ગ્રંથ–** ના, તે શક્ય નથી ! (તે ગૃહસ્થાવસ્થામાં સમસ્ત પ્રાણીઓની હિંસોનો ત્યાગ કરી શકતા નથી.)

**ગૌતમ સ્વામી–** હે નિર્ગ્રંથો ! આ તે જ જીવ છે જેણે દીક્ષાગ્રહણ પૂર્વે સમસ્ત પ્રાણીઓને ***યાવત્*** સત્ત્વોને દંડ દેવાનો ત્યાગ કર્યો ન હતો, આ તે જ જીવ છે, જેણે દીક્ષાગ્રહણ કર્યા પછી સમસ્ત પ્રાણી **યાવત્** સર્વસત્ત્વોને દંડ દેવાનો ત્યાગ કર્યો હતો અને અત્યારે પણ આ તે જ જીવ છે, જે આ સમયે પુનઃ ગૃહસ્થભાવ અંગીકાર કરીને સમસ્ત પ્રાણીઓ તેમજ સમસ્ત સત્ત્વોની હિંસાનો ત્યાગ કરી શકતા નથી. તે પહેલાં અસંયમી હતા, પછી સંયમી થયા અને હવે પુનઃ અસંયમી થઈ ગયા છે. અસંયમી જીવ સમસ્ત પ્રાણીઓ તેમજ સમસ્ત સત્ત્વોની હિંસાનો ત્યાગ કરી શકતા નથી. હે નિર્ગ્રંથો ! આ વિષયને આ પ્રકારે સમજો, આ વિષયને આ પ્રકારે સમજવો જોઈએ.

**૧૫ भगवं च णं उदाहु णियंठा खलु पुच्छियव्वा– आउसंतो णियंठा ! इह खलु परिव्वायया वा परिव्वाइयाओ वा अण्णयरेहिंतो तित्थाययणेहिंतो आगम्म धम्म-सवणवत्तियं उवसंकमेज्जा ? हंता उवसंकमेज्जा । किं तेसिं तहप्पगाराणं धम्मे**

**आइक्खियव्वे ? हंता आइक्खियव्वे । ते चेव** *जाव* **उवट्ठावेत्तए । किं ते तहप्पगारा कप्पंति संभुंज्जित्तए ? हंता कप्पंति । ते णं एयारूवेणं विहारेणं विहरमाणा तहेव** *जाव* **अगारं वएज्जा । हंता वएज्जा । ते णं तहप्पगारा कप्पंति संभुज्जित्तए ? णो इणट्ठे समट्ठे, से जे से जीवे जे परेणं णो कप्पंति संभुज्जित्तए। से जे से जीवे जे आरेणं कप्पंति संभुज्जित्तए । से जे से जीवे जे इयाणिं णो कप्पंति संभुज्जित्तए, परेणं अस्समणे, आरेणं समणे, इयाणिं अस्समणे, अस्समणेणं सद्धिं णो कप्पंति समणाणं णिग्गंथाणं संभुज्जित्तए, सेवमायाणह णियंठा । से एवं आयाणियव्वं ।**

**શબ્દાર્થ :–** **परिव्वायया** = પરિવ્રાજક **परिव्वाइयाओ** = પરિવ્રાજિકાઓ **तित्थाययणेहिंतो** = તીર્થ સ્થાનમાંથી **संभुंज्जित्तए** = સંભોગને માટે, સાથે આહાર કરાવવા માટે **अस्समणे** = જે સાધુ નથી તે **आरेणं** = પાછળથી.

**ભાવાર્થ :–** ભગવાન શ્રી ગૌતમ સ્વામીએ પુનઃ નિર્ગ્રંથોને પૂછ્યું– હે આયુષ્મન્ નિર્ગ્રંથો ! આ લોકમાં પરિવ્રાજક અથવા પરિવ્રાજિકાઓ કોઈ બીજા તીર્થસ્થાનમાંથી વિચરણ કરતાં-કરતાં ધર્મશ્રવણ માટે શું નિર્ગ્રંથ સાધુઓ પાસે આવી શકે છે ?

**નિર્ગ્રંથ–** હા, આવી શકે છે.

**ગૌતમ સ્વામી–** શું તે વ્યક્તિને ધર્મોપદેશ દેવો જોઈએ ?

**નિર્ગ્રંથ–** હા, તેમને ધર્મોપદેશ દેવો જોઈએ.

**ગૌતમ સ્વામી–** ધર્મોપદેશ સાંભળીને જો તેમને વૈરાગ્ય થઈ જાય તો શું તેઓ દીક્ષા દેવા, મુંડિત કરવા, શિક્ષણ આપવા તથા મહાવ્રત આરોપણ કરવાને યોગ્ય છે ?

**નિર્ગ્રંથ :–** હા, તે યોગ્ય છે.

**ગૌતમ સ્વામી–** શું દીક્ષા ગ્રહણ કરીને તથાપ્રકારના તે સાધુઓ સાથે પરસ્પર વંદના, આસન પ્રદાન, અભ્યુત્થાન, આહારાદિનું આદાન-પ્રદાન ઈત્યાદિ વ્યવહારને પાત્ર છે ?

**નિર્ગ્રંથ–** હા, તે સાધુઓ વ્યવહાર યોગ્ય છે ?

**ગૌતમ સ્વામી–** તેઓ દીક્ષાપાલન કરતાં કરતાં ચાર, પાંચ, છ કે દસ વર્ષ સુધી થોડા કે વધુ દેશોમાં ભ્રમણ કરીને શું પુનઃ ગૃહવાસમાં જઈ શકે છે ?

**નિર્ગ્રંથ–** હા, તેઓ ગૃહવાસમાં જઈ શકે છે.

**ગૌતમ સ્વામી–** સાધુપણાને છોડીને ગૃહસ્થપર્યાયમાં આવેલી તે વ્યક્તિઓ સાથે સાધુએ સાંભોગિક વ્યવહાર રાખવો યોગ્ય છે ?

**નિર્ગ્રંથ–** ના, હવે તેમની સાથે તેવો વ્યવહાર રાખવો યોગ્ય નથી.

**ગૌતમ સ્વામી–** આયુષ્મન્ નિર્ગ્રંથો ! આ તે જ જીવ છે કે જેની સાથે દીક્ષાગ્રહણ પહેલાં સાધુએ સાંભોગિક વ્યવહાર કરવો ઉચિત ન હતો અને આ તે જ જીવ છે કે જેની સાથે દીક્ષાગ્રહણ કર્યા પછી સાધુએ સાંભોગિક વ્યવહાર કરવો ઉચિત હોય છે તથા આ તે જ જીવ છે, જેણે હવે સાધુપણું છોડી દીધું છે, ત્યારે તેની સાથે સાધુએ

સાંભોગિક વ્યવહાર રાખવો યોગ્ય નથી. આ જીવ પહેલાં ગૃહસ્થ હતા, ત્યારે અશ્રમણ હતા, પછી શ્રમણ થયા અને આ સમયે પુનઃ અશ્રમણ થઈ ગયા છે તેથી શ્રમણ નિર્ગ્રંથોએ સાંભોગિક વ્યવહાર રાખવો ઉચિત નથી. હે નિર્ગ્રંથો ! આ વિષયને યથાર્થ જાણો અને આ વિષયને આ રીતે જાણવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉદક પેઢાલ પુત્રની પ્રત્યાખ્યાનની નિર્વિષયતા વિષયક શંકા અને તેનું સમાધાન છે.

**ઉદક નિર્ગ્રંથની** માન્યતા અનુસાર સંસારના સર્વ પ્રાણીઓની અવસ્થાઓ પરિવર્તનશીલ છે અને શ્રાવકોના પ્રત્યાખ્યાનનો સંબંધ જીવની અવસ્થાઓ સાથે હોય છે. ક્યારેક સર્વ ત્રસ જીવો ત્રસપણું છોડીને સ્થાવરકાયમાં ઉત્પન્ન થઈ જાય અને એક પણ ત્રસ જીવ રહે નહીં કે જેની હિંસાનો ત્યાગ કરીને શ્રાવકો પોતાના પ્રત્યાખ્યાનને સફળ બનાવે. આમ ત્રસ જીવો ન રહેવાથી શ્રાવકોના પ્રત્યાખ્યાન નિર્વિષયક થઈ જાય છે.

જેમ કોઈ વ્યક્તિ પ્રતિજ્ઞા કરે કે હું નગરવાસી કોઈ પણ મનુષ્યને મારીશ નહીં, પરંતુ દૈવયોગે નગરવાસીઓ નગર છોડીને વનવાસી થઈ જાય, આખું નગર ઉજ્જડ થઈ જાય, તેમાં એક પણ મનુષ્ય રહે નહીં, તો નગરવાસીને ન મારવાની પ્રતિજ્ઞા કરનાર વ્યક્તિની પ્રતિજ્ઞા નિર્વિષય થઈ જવાથી તે નિષ્ફળ જાય છે. તે જ રીતે જ્યારે આ સૃષ્ટિ પર એક પણ ત્રસ જીવ ન રહે, ત્યારે શ્રાવકના પ્રત્યાખ્યાન પણ નિર્વિષય થઈ જાય છે.

ઉપરોક્ત કલ્પના સંગત નથી. આ લોકમાં ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવસ્થાનો શાશ્વત છે. ક્યારે ય ત્રસ કે સ્થાવર જીવોનો અભાવ થયો નથી અને ભવિષ્યમાં થવાનો પણ નથી. કદાચ માની લઈએ કે સર્વ ત્રસ જીવો સ્થાવરકાયમાં ઉત્પન્ન થઈ જાય, તો ત્રસ જીવોનો અભાવ થઈ જાય. તો તે જ રીતે ક્યારેક એવું પણ થાય કે સર્વ સ્થાવર જીવો ત્રસમાં ઉત્પન્ન થાય, ત્યારે એક પણ સ્થાવર જીવ રહેશે નહીં. સર્વ જીવો ત્રસ થઈ જવાથી શ્રાવકોના પ્રત્યાખ્યાનનો વિષય વિશાળ થઈ જાય છે. તેથી શ્રાવકના પ્રત્યાખ્યાન વિશેષ સફળ થાય છે.

આ વિષયની પુષ્ટિ માટે ગૌતમ સ્વામીએ ત્રણ દૃષ્ટાંતો આપ્યા છે– **(૧)** કોઈ વ્યક્તિ સાધુની હિંસાનો ત્યાગ કરે છે, ગૃહસ્થની હિંસાનો ત્યાગ કરતા નથી. હવે કોઈક સાધુ બે, પાંચ વર્ષ પછી સાધુપણાનો ત્યાગ કરીને ગૃહસ્થ બની જાય, ત્યાર પછી તે ભૂતપૂર્વ શ્રમણની હિંસા કરે, તો તે વ્યક્તિની પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી.

**(૨)** કેટલાક ગૃહસ્થો સંસાર ત્યાગ કરીને સાધુ બની જાય, ત્યાર પછી સર્વ જીવોની હિંસાનો ત્યાગ કરે છે. તે સાધુ બે પાંચ વર્ષે સાધુપણાનો ત્યાગ કરીને ગૃહસ્થ બની જાય, ગૃહસ્થપણામાં તે સર્વ જીવોની હિંસાનો ત્યાગ કરી શકતા નથી.

**(૩)** કેટલાક પરિવ્રાજકો, સંન્યાસીઓ શ્રમણ દીક્ષાનો સ્વીકાર ન કરે ત્યાં સુધી શ્રમણો તેની સાથે કોઈ વ્યવહાર કરતા નથી. જ્યારે તેઓ શ્રમણ દીક્ષાનો સ્વીકાર કરે ત્યારે તે શ્રમણો સાથે રહેવું, આહાર-પાણી, આસનાદિ પ્રદાન કરવા વગેરે દરેક વ્યવહારો થાય છે. ક્યારેક તે શ્રમણો કર્મોદયવશ શ્રમણપણાનો ત્યાગ કરીને પુનઃ પરિવ્રાજક બની જાય, તો પુનઃ તે શ્રમણો તેની સાથે કોઈ પણ વ્યવહાર કરતા નથી.

આ ત્રણે દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે કે શ્રાવકોને વર્તમાનમાં ત્રસ પર્યાયમાં વર્તી રહેલા જીવોની

હિંસાનો જ ત્યાગ હોય છે. કર્મોદયવશ તેની પર્યાયનું પરિવર્તન થાય, તે સ્થાવર પર્યાયને પ્રાપ્ત કરે, તો તે ભૂતપૂર્વ ત્રસ જીવોની હિંસાનો ત્યાગ શ્રાવકોની વ્રતમર્યાદામાં થતો નથી.

ત્રસ પર્યાયની પૂર્વ-પશ્ચાત્ અવસ્થા સાથે શ્રાવકોના પ્રત્યાખ્યાનનો કોઈ સંબંધ નથી. પ્રત્યાખ્યાનનો સંબંધ વર્તમાન પર્યાય સાથે જ હોય છે અને ત્રસ-સ્થાવર કોઈ પણ પર્યાયનો ક્યારેય સર્વથા નાશ થતો નથી.

**પ્રત્યાખ્યાનની નિર્વિષયતાનું દષ્ટાંતો દ્વારા નિરાકરણ :–**

**૧૬ भगवं च णं उदाहु– संतेगइया समणोवासगा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ– णो खलु वयं संचाएमो मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए, वयं णं चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा विहरिस्सामो, थूलगं पाणाइवायं पच्चक्खाइस्सामो, एवं थूलगं मुसावायं थूलगं अदिण्णादाणं, थूलगं मेहुणं, थूलगं परिग्गहं पच्चक्खाइस्सामो, इच्छापरिमाणं करिस्सामो दुविहं तिविहेणं। मा खलु मम अट्ठाए किंचि वि करेह वा कारावेह वा, तत्थ वि पच्चाइक्खिस्सामो, ते णं अभोच्चा अपिच्चा असिणाइत्ता आसंदीपेढियाओ पच्चोरुहित्ता, ते तह कालगया किं वत्तव्वं सिया ? सम्मं कालगय त्ति वत्तव्वं सिया । ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठिइया, ते बहुतरगा पाणा जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते अप्पयरगा पाणा जेहिं समणोवासगस्स अपच्चक्खायं भवइ, से महया तसकायाओ उवसंतस्स उवट्ठियस्स पडिविरयस्स जं णं तुब्भे वा अण्णो वा एवं वयह– णत्थि णं से केइ परियाए जंसि समणोवासगस्स एगपाणाए वि दंडे णिक्खित्ते । अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** ભગવાન શ્રી ગૌતમ સ્વામીએ પ્રકારાંતરથી ઉદક નિર્ગ્રંથને સમજાવવા માટે કહ્યું– કેટલાક શ્રમણોપાસકો બહુ શાંત હોય છે. તેઓ સાધુના સાંનિધ્યમાં આવીને સર્વ પ્રથમ એમ કહે છે કે અમે મુંડિત થઈને ગૃહવાસનો ત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થવામાં સમર્થ નથી. અમે તો ચતુર્દશી, અષ્ટમી અને પૂર્ણિમાના દિવસે પરિપૂર્ણ પૌષધવ્રતનું સમ્યક પ્રકારે પાલન કરશું. અમે કરવું નહીં– કરાવવું નહીં, આ બે કરણ અને મન-વચન-કાયા, આ ત્રણ યોગથી સ્થૂલ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદન, મૈથુન, પરિગ્રહના પ્રત્યાખ્યાન કરશું. અમે અમારી ઈચ્છાનું પરિમાણ કરશું. અમે પૌષધાદિ વ્રતની આરાધના સમયે અમારા માટે કોઈ પણ પાપપ્રવૃત્તિ કરવાનો કે કરાવવાનો ત્યાગ કરશું. પૌષધવ્રતમાં સ્થિત તે શ્રાવક આહાર–પાણીનો ત્યાગ કરીને, સ્નાનાદિ શરીરની શોભા-વિભૂષાનો ત્યાગ કરીને, આરામ ખુરશી, પલંગ આદિ સુખાકારી સાધનોથી નીચે ઉતરીને સમ્યક પ્રકારે પોષધવ્રતનું પાલન કરીને આયુષ્ય પૂર્ણ થતાં કાલધર્મ પામે, તો તેના મૃત્યુના વિષયમાં શું કહેવું ? તેના વિષયમાં આ પ્રમાણે કહેવું જોઈએ કે તે સમાધિપૂર્વક કાલધર્મ પામી સુગતિ-દેવગતિ પામ્યા હોવાથી ત્રસપણાને પામે છે.

તે જીવ પ્રાણ ધારણ કરવાથી પ્રાણી, ત્રસનામકર્મનો ઉદય થવાથી ત્રસ, એક લાખ યોજનનું શરીર બનાવવાની વૈક્રિય શક્તિ હોવાથી મહાકાય, તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોવાથી

ચિરસ્થિતિક કહેવાય છે. જે જીવોની હિંસાનો શ્રાવકોને ત્યાગ છે, તેવા જીવો ઘણા છે તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય છે. જે જીવોની હિંસાનો શ્રાવકોને ત્યાગ નથી, તેવા જીવો થોડા છે.

આ રીતે શ્રાવક મહદ્ પ્રમાણમાં ત્રસકાયની હિંસાથી ઉપશાંત–નિવૃત્ત, પ્રત્યાખ્યાનમાં ઉપસ્થિત તથા પૂર્ણ રૂપે સ્થૂલ હિંસાથી વિરત હોય છે; આ સ્થિતિમાં તમે અથવા બીજા લોકો જે આ પ્રમાણે કહો છો કે ''એવા એક પણ પર્યાય(જીવ) નથી કે જેની હિંસાના પ્રત્યાખ્યાન શ્રાવકોને થાય અર્થાત્ શ્રાવકોના પ્રત્યાખ્યાન નિર્વિષય થાય છે.'' આ આપનું કથન ન્યાયસંગત નથી.

**૧૭ भगवं च णं उदाहु– संतेगइया समणोवासगा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ– णो खलु वयं संचाएमो मुंडे भवित्ता आगाराओ** *जाव* **पव्वइत्तए, णो खलु वयं संचाएमो चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु** *जाव* **अणुपालेमाणा विहरित्तए । वयं णं अपच्छिममारणंतियसंलेहणाझूसणाझूसिया भत्तपाणपडियाइक्खिया कालं अणवकंखमाणा विहरिस्सामो, सव्वं पाणाइवायं पच्चक्खाइस्सामो** *जाव* **सव्वं परिग्गहं पच्चक्खाइस्सामो तिविहं तिविहेणं, मा खलु मम अट्ठाए किंचि वि** *जाव* **आसंदी-पेढियाओ पच्चोरुहित्ता ते तह कालगया किं वत्तव्वं सिया? सम्मं कालगया त्ति वत्तव्वं सिया । ते पाणा वि वुच्चंति** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ।**

**ભાવાર્થ :–** પુનઃ ભગવાન ગૌતમસ્વામીએ(ઉદક નિર્ગ્રંથને) કહ્યું– કેટલાક શ્રમણોપાસકો એવા પણ હોય છે જે પહેલેથી આ પ્રમાણે કહે છે કે અમે મુંડિત થઈને ગૃહસ્થાવાસને છોડીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થવામાં સમર્થ નથી. અમે ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમા, આ પર્વતિથિઓમાં પ્રતિપૂર્ણ પૌષધવ્રતનું પાલન કરવામાં સમર્થ નથી. અમે તો અંતિમ સમયે મૃત્યુનો સમય આવે ત્યારે અપશ્ચિમ મારણાંતિક સંલેખના–જીવનના અંતે કર્મક્ષય કરવાની આરાધના કરતાં આહાર-પાણીનો સર્વથા ત્યાગ કરીને દીર્ઘકાળ સુધી જીવવાની કે મૃત્યુની આકાંક્ષા ન કરતાં વિચરણ કરશું. તે સમયે અમે ત્રણ કરણ અને ત્રણ યોગથી સમસ્ત પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને સર્વપરિગ્રહના પ્રત્યાખ્યાન કરશું. અમે કુટુંબીજનોને આ પ્રમાણે કહેશું કે– 'અમારે માટે પચન-પાચનાદિ કાંઈ પણ આરંભ કરશો નહિ અને કરાવશો પણ નહીં.' તે સંલેખના વ્રતમાં અમે અનુમોદનાના પણ પ્રત્યાખ્યાન કરશું. આ પ્રમાણે સંલેખના વ્રતમાં સ્થિત સાધક આહાર પાણીનો ત્યાગ કરીને, સ્નાનાદિ શરીરની શોભા-વિભૂષાનો ત્યાગ કરીને, આરામ ખુરશી, પલંગ આદિ સુખાકારી સાધનોથી નીચે ઉતરીને સમ્યક પ્રકારે સંલેખનાની આરાધના કરતાં કાલધર્મ પામે, તો તેના મૃત્યુના વિષયમાં શું કહેવું ? તેના વિષયમાં આ પ્રમાણે કહેવું જોઈએ કે તે સમાધિપૂર્વક કાલધર્મ પામી સુગતિ-દેવગતિ પામ્યા હોવાથી ત્રસપણાને પામે છે. તે જીવ પ્રાણ ધારણ કરવાથી પ્રાણી કહેવાય છે ***યાવત્*** આપ શ્રાવકના પ્રત્યાખ્યાનને નિર્વિષય કહો છો, તે આપનું કથન ન્યાયસંગત નથી.

**૧૮ भगवं च णं उदाहु– संतेगइया मणुस्सा भवंति, तं जहा– महिच्छा महारंभा महापरिग्गहा अहम्मिया** *जाव* **दुप्पडियाणंदा** *जाव* **सव्वाओ परिग्गहाओ अप्पडिविरया जावज्जीवाए, जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते भवइ; ते तओ आउगं विप्पजहंति, विप्पजहित्ता भुज्जो सकम्ममादाय दोग्गइगामिणो भवंति। ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठिईया, ते बहुतरगा**

**पाणा जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते अप्पयरगा पाणा जेहिं समणोवासगस्स अपच्चक्खायं भवइ । से महया तसकायाओ उवसंतस्स उवट्ठियस्स पडिविरयस्स जं णं तुब्भे वा अण्णो वा एवं वयह– णत्थि णं केइ परियाए जंसि समणोवासगस्स एगपाणाए वि दंडे णिक्खित्ते । अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**શબ્દાર્થ :– दुप्पडियाणंदा** = દુષ્પ્રત્યાનંદ = પાપમાં આનંદ માનનારા **अप्पडिविरया** = અપ્રતિવિરત **सकम्ममादाय** = પોતાના કર્મોને પોતાની સાથે લઈને.

**ભાવાર્થ :–** ભગવાન ગૌતમ સ્વામીએ પુનઃ આ પ્રમાણે કહ્યું– આ જગતમાં ઘણા મનુષ્યો અપરિમિત ઈચ્છાઓવાળા, મહારંભી, મહાપરિગ્રહી અધાર્મિક, પાપકારી પ્રવૃત્તિમાં આનંદ માનનારા, જીવન પર્યંત પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત ન થનારા હોય છે. શ્રમણોપાસકોએ વ્રત ગ્રહણ સમયે તે જીવોની હિંસાનો જીવનપર્યંત ત્યાગ કર્યો હોય છે. તે પુરુષ મૃત્યુ સમયે પોતાના આયુષ્યને પૂર્ણ કરે છે અને પોતાના પાપકર્મોને સાથે લઈને દુર્ગતિને–નરક કે તિર્યંચ ગતિને પ્રાપ્ત કરે છે. (તે જીવ નરક કે તિર્યંચ ગતિમાં ત્રસ રૂપે ઉત્પન્ન થાય છે.)

તે જીવ પ્રાણ ધારણ કરવાથી પ્રાણી, ત્રસ નામકર્મનો ઉદય હોવાથી ત્રસ, મહાકાય અને દીર્ઘકાલીન સ્થિતિવાળા કહેવાય છે. જે જીવોની હિંસાનો શ્રાવકોને ત્યાગ હોય છે, તેવા જીવો ઘણા છે, તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય છે. જે જીવોની હિંસાનો શ્રાવકોને ત્યાગ નથી, તે જીવો થોડા છે.

આ રીતે શ્રાવક મહાન ત્રસકાયની હિંસાથી ઉપશાંત, પ્રત્યાખ્યાનમાં ઉપસ્થિત તથા સ્થૂલહિંસાથી વિરત થાય છે. આ સ્થિતિમાં તમે અથવા બીજા જે લોકો એમ કહે છે કે "ત્રસ જીવોના એક પણ પર્યાય નથી, તેથી શ્રમણોપાસકોના ત્રસપ્રાણીની હિંસાના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન સફળ થતા નથી," આ આપનું કથન ન્યાયસંગત નથી.

**૧૧ भगवं च णं उदाहु– संतेगइया मणुस्सा भवंति तं जहा– अणारंभा अपरिग्गहा धम्मिया धम्माणुया** *जाव* **सव्वाओ परिग्गहाओ पडिविरया जावज्जीवाए जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, ते तओ आउगं विप्पजहंति, विप्पजहित्ता ते तओ भुज्जो सकम्ममादाय सोग्गइगामिणो भवंति, ते पाणा वि वुच्चंति** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**શબ્દાર્થ :– धम्माणुया** = ધર્મનું અનુસરણ કરનારા **सोग्गइगामिणो** = સદ્ગતિમાં જનારા.

**ભાવાર્થ :–** ભગવાન શ્રી ગૌતમ સ્વામીએ કહ્યું કે– આ વિશ્વમાં ઘણા મનુષ્યો આરંભ અને પરિગ્રહથી સર્વથા રહિત, ધાર્મિક, ધર્મનું અનુસરણ કરનારા હોય છે. તેઓ સર્વ પ્રકારે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહથી ત્રણ કરણ, ત્રણ યોગથી જીવનપર્યંત નિવૃત્ત હોય છે. શ્રાવકોએ વ્રત ગ્રહણ સમયે તે જીવોની હિંસાનો જીવન પર્યંત ત્યાગ કર્યો હોય છે. તે પુરુષ મૃત્યુ સમયે પોતાનું આયુષ્ય પૂર્ણ કરે છે અને પોતાના પુણ્ય(શુભ) કર્મોને સાથે લઈને સ્વર્ગ આદિ સુગતિને પ્રાપ્ત કરે છે,(તે ઉચ્ચ સાધક શ્રમણપર્યાયમાં પણ ત્રસ હતા અને હવે દેવાદિપર્યાયમાં પણ ત્રસ છે;) તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** "ત્રસ જીવોનો સર્વથા અભાવ થવાથી શ્રમણોપાસકોનાં વ્રત-પ્રત્યાખ્યાન નિર્વિષય થઈ જાય છે," આ આપનું કથન ન્યાયસંગત નથી.

**२० भगवं च णं उदाहु– संतेगइया मणुस्सा भवंति, तं जहा– अप्पिच्छा अप्पारंभा अप्प- परिग्गहा धम्मिया धम्माणुया** *जाव* **एगच्चाओ परिग्गहाओ अप्पडिविरया जेहिं समणो- वासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, ते तओ आउयं विप्पजहंति, विप्पजहित्ता भुज्जो सकम्ममादाए सोग्गइगामिणो भवंति, ते पाणा वि वुच्चंति** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** ભગવાન શ્રી ગૌતમસ્વામીએ કહ્યું– 'આ જગતમાં ઘણા મનુષ્યો અલ્પ ઈચ્છાવાળા, અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહવાળા, ધાર્મિક, અને ધર્માનુસારી ***યાવત્*** તેઓ પ્રાણાતિપાતથી લઈને પરિગ્રહ સુધીના પાપસ્થાનમાં એક દેશથી વિરત થાય છે અને એક દેશથી વિરત થતાં નથી અર્થાત્ તેઓ સ્થૂળ પ્રાણાતિપાત આદિના પ્રત્યાખ્યાન કરે છે. અન્ય શ્રાવકોએ વ્રત ગ્રહણ સમયે તે જીવોની હિંસાનો જીવન પર્યંત ત્યાગ કર્યો હોય છે. તે પુરુષ મૃત્યુ સમયે પોતાનું આયુષ્ય પૂર્ણ કરે છે અને પોતાના પુણ્યકર્મો સાથે લઈ જઈને(પરલોકમાં) સદ્ગતિ પ્રાપ્ત કરે છે. તેઓ પહેલાં અણુવ્રતી શ્રાવકપણામાં પણ ત્રસ હતા અને દેવગતિમાં દેવ થયા ત્યારે પણ ત્રસ જ થાય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** ત્રસ જીવોનો સર્વથા અભાવ થવાથી શ્રમણોપાસકોના પ્રત્યાખ્યાન નિર્વિષય થઈ જાય છે. આ આપનું કથન ન્યાયસંગત નથી.

**२१ भगवं च णं उदाहु– संतेगइया मणुस्सा भवंति, तं जहा– आरण्णिया आवसहिया गामणियंतिया कण्हुईरहस्सया जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते भवइ, ते णो बहुसंजया णो बहुपडिविरया सव्व पाण-भूय-जीव-सत्तेहिं, ते अप्पणा सच्चामोसाइं एवं विप्पडिवेदेंति– अहं ण हंतव्वो अण्णे हंतव्वा** *जाव* **कालमासे कालं किच्चा अण्णयराइं आसुरियाइं किव्विसियाइं** *जाव* **उववत्तारो भवंति, तओ विप्पमुच्चमाणा भुज्जो एलमूयत्ताए तमोरूवत्ताए पच्चायंति, ते पाणा वि वुच्चंति** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**શબ્દાર્થ :– आसुरियाइं** = અસુર સંબંધી **किव्विसियाइं** = કિલ્વિષીમાં **विप्पमुच्चमाणा** = મુક્ત થતા થકા **एलमूयत्ताए** = બકરા આદિ મૂંગા પ્રાણી રૂપે **तमोरूवत्ताए** = તામસી.

**ભાવાર્થ :–** ભગવાન શ્રી ગૌતમ સ્વામીએ ફરી કહ્યું– આ વિશ્વમાં કેટલાક મનુષ્યો એવા પણ હોય છે, જે આરણ્યક– વનવાસી, આવસથિક– કુટિર, ઝૂંપડી વગેરે બનાવીને રહેનારા, ગ્રામનિમંત્રિત–ગામમાં જઈને કોઈનાં નિમંત્રણથી ભોજન કરનારા, કોઈ એકાંત સ્થાનમાં રહીને સાધના કરનારા હોય છે. શ્રમણોપાસકોએ વ્રતગ્રહણ સમયે તે જીવોની હિંસાનો જીવનપર્યંત ત્યાગ કર્યો હોય છે. પૂર્વોક્ત વનવાસી આદિ મનુષ્યો સંયમી નથી, સમસ્ત સાવદ્ય કર્મોથી નિવૃત્ત નથી, તે પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોની હિંસાથી વિરત નથી. તેઓ પોતાના મનની કલ્પનાથી મિશ્રભાષાનો પ્રયોગ કરતાં આ પ્રમાણે વિપરીત પ્રરૂપણા કરે છે કે– મને ન મારવો જોઈએ, બીજાને મારવા જોઈએ; ઈત્યાદિ પ્રકારનો ઉપદેશ દેનારા આ લોકો મૃત્યુના સમયે મૃત્યુ પામીને કોઈ અસુર સંજ્ઞક કિલ્વિષી દેવ રૂપે ઉત્પન્ન થાય છે. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતાં તે શરીરનો ત્યાગ કરીને બકરા આદિ મૂંગા પ્રાણીરૂપે તિર્યંચ યોનિમાં અથવા તામસી મનુષ્યરૂપે ઉત્પન્ન થાય છે, તેઓ ભલે મનુષ્ય હોય કે દેવ હોય, કોઈ પણ અવસ્થામાં ત્રસરૂપે જ હોય છે. તે પ્રાણી પણ કહેવાય છે **યાવત્**

શ્રમણોપાસકોના ત્રસજીવોને ન મારવાના પ્રત્યાખ્યાન નિર્વિષય છે, આ આપનું કથન ન્યાયયુક્ત નથી.

**૨૨ भगवं च णं उदाहु– संतेगइया पाणा दीहाउया जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते भवइ । ते पुव्वामेव कालं करेंति, करेत्ता पारलोइयत्ताए पच्चायंति, ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठिईया, ते दीहाउया, ते बहुयरगा पाणा जेहिं समणोवासगस्स** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** ભગવાન શ્રી ગૌતમ સ્વામીએ કહ્યું– 'આ સંસારના ઘણા પ્રાણીઓ દીર્ઘાયુ હોય છે. શ્રમણોપાસકોએ વ્રતગ્રહણ સમયે તે જીવોની હિંસાનો જીવન પર્યંત ત્યાગ કર્યો હોય છે. આ પ્રાણીઓનું મૃત્યુ પહેલાં જ થઈ જાય અને તેઓ અહીંથી મરીને પરલોકમાં જાય છે, ત્યાં તે પ્રાણી પણ કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે; તે મહાકાય અને ચિરસ્થિતિક– દીર્ઘાયુ હોય છે. તે પ્રાણીઓ સંખ્યામાં પણ ઘણા હોય છે, તેથી ત્રસ જીવોની હિંસાના શ્રમણોપાસકોના પ્રત્યાખ્યાન નિર્વિષય થાય છે, આ કથન ન્યાયોચિત નથી.

**૨૩ भगवं च णं उदाहु– संतेगतिया पाणा समाउया जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते भवइ, ते सममेव कालं करेंति, करेत्ता पारलोइयत्ताए पच्चायंति, ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति ते, समाउया, ते बहुयरगा** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** ભગવાન શ્રી ગૌતમસ્વામીએ ફરી કહ્યું– આ જગતમાં ઘણા પ્રાણીઓ સમાયુષ્યવાળા હોય છે. શ્રમણોપાસકે વ્રત ગ્રહણ સમયે તે જીવોની હિંસાનો જીવન પર્યંત ત્યાગ કર્યો હોય છે. તે પ્રાણીઓ સ્વયંમેવ મૃત્યુ પામે છે અને પરલોકમાં જાય છે, ત્યાં તે પ્રાણી કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે અને તે મહાકાય પણ હોય છે અને સામાયુષ્ક પણ હોય છે. તે પ્રાણી સંખ્યામાં ઘણા હોય છે ***યાવત્*** ત્રસ જીવોનો સર્વથા અભાવ થવાથી શ્રમણોપાસકોના પ્રત્યાખ્યાન નિર્વિષય થઈ જાય છે, આપનું આ કથન ન્યાય સંગત નથી.

**૨૪ भगवं च णं उदाहु– संतेगइया पाणा अप्पाउया जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते भवइ, ते पुव्वामेव कालं करेंति, करेत्ता, पारलोइयत्ताए पच्चायंति । ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते अप्पाउया, ते बहुयरगा पाणा जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ:–** ભગવાન ગૌતમ સ્વામીએ કહ્યું, સંસારમાં કેટલાક પ્રાણીઓ અલ્પાયુ હોય છે. શ્રમણોપાસકોએ વ્રતગ્રહણ સમયે તે જીવોની હિંસાનો જીવનપર્યંત ત્યાગ કર્યો હોય છે. તે પ્રાણી પહેલાં જ મૃત્યુ પામે છે અને પરલોકમાં જાય છે. પરલોકમાં પણ તે પ્રાણી કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે. તે મહાકાય તથા અલ્પાયુષ્ય-વાળા હોય છે. તે જીવો ઘણા છે, તેથી શ્રમણોપાસકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન થાય છે ***યાવત્*** ત્રસ જીવોના સર્વથા અભાવથી શ્રમણોપાસકોના પ્રત્યાખ્યાન નિર્વિષય થાય છે, આપનું આ કથન ન્યાયસંગત નથી.

**૨૫ भगवं च णं उदाहु– संतेगइया समणोवासगा भवंति, तेसिं च णं वुत्तपुव्वं**

**भवइ– णो खलु वयं संचाएमो मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए, णो खलु वयं संचाइमो चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं अणुपालित्तए । णो खलु वयं संचाएमो अपच्छिम** *जाव* **विहरित्तए, वयं णं सामाइयं देसावगासियं पुरत्था पाईणं पडीणं दाहिणं उदीणं एत्तावताव सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं दंडे णिक्खित्ते सव्वपाण-भूय-जीव-सत्तेहिं खेमंकरे अहमंसि ।**

**ભાવાર્થ :–** ભગવાન ગૌતમસ્વામીએ કહ્યું– આ જગતમાં કેટલાક શ્રમણોપાસકો એવા હોય છે કે જે સાધુની સમક્ષ પ્રતિજ્ઞાબદ્ધ થાય છે કે ગુરુદેવ ! અમે મુંડિત થઈને ઘરબાર છોડીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થવામાં સમર્થ નથી, અમે ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે પ્રતિપૂર્ણ પૌષધવ્રતનું વિધિ અનુસાર પાલન કરવામાં સમર્થ નથી. અમે અંતિમ સમયમાં અપશ્ચિમ મારણાંતિક સંલેખના-સંથારાની આરાધના કરતાં-કરતાં વિચરણ કરવામાં પણ સમર્થ નથી. અમે તો સામાયિક અને દેશાવગાસિક વ્રત ગ્રહણ કરશું, અમે પ્રતિદિન પ્રાતઃકાલે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશામાં ગમનાગમનની મર્યાદા કરીને તે મર્યાદાથી બહારના સર્વ પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વોની હિંસાનો ત્યાગ કરશું. આ પ્રમાણે અમે સમસ્ત પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોને માટે કલ્યાણકારક બનશું.

**૨૬ तत्थ आरेण जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते; ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं चेव जे तसा पाणा, जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते पाणा वि वुच्चंति,** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** તે સમીપવર્તી ક્ષેત્રમાં– શ્રાવકોની મર્યાદાભૂમિમાં જે ત્રસ પ્રાણીઓ છે. વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત શ્રાવકોએ તે જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોય છે. તે જીવો પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને, શ્રાવકોની મર્યાદાભૂમિમાં જે ત્રસ પ્રાણીઓ છે, તે જીવોમાં ઉત્પન્ન થાય છે. શ્રાવકો વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત તે જીવોની હિંસાનો ત્યાગ કરે છે, તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે, તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** શ્રાવકોના પ્રત્યાખ્યાન નિર્વિષય થાય, તે પ્રમાણેનું આપનું આ કથન ન્યાયસંગત નથી.

**૨૭ तत्थ आरेणं जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं चेव जे थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए दंडे णिक्खित्ते, तेसु पच्चायंति । तेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए दंडे णिक्खित्ते, ते पाणा वि वुच्चंति,** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** શ્રાવકોની મર્યાદાભૂમિમાં જે ત્રસ પ્રાણીઓ છે, વ્રત ગ્રહણ સમયથી જીવનપર્યંત શ્રાવકોએ તે જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોય છે. તે જીવો આયુષ્ય પૂર્ણ કરીને શ્રાવકોની મર્યાદાભૂમિમાં જે સ્થાવર જીવો છે, જે જીવોની પ્રયોજન પૂર્વક થતી હિંસાનો શ્રાવકો ત્યાગ કરતા નથી, પરંતુ નિષ્પ્રયોજન થતી હિંસાનો શ્રાવકો ત્યાગ કરે છે, તે જીવોમાં ઉત્પન્ન થાય છે.

શ્રાવકો તે જીવોની પ્રયોજન પૂર્વકની હિંસાનો ત્યાગ કરતા નથી, પરંતુ નિષ્પ્રયોજન થતી હિંસાનો ત્યાગ કરે છે, તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે, તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** આપનું કથન ન્યાયસંગત નથી.

**૨૮ तत्थ जे ते आरेणं तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ परेणं चेव जे तसा-थावरपाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ । ते पाणा वि वुच्चंति** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** તે મર્યાદાભૂમિમાં જે ત્રસ પ્રાણીઓ છે. વ્રત ગ્રહણ સમયથી જીવનપર્યંત શ્રાવકોએ તે જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોય છે. તે જીવો આયુષ્ય પૂર્ણ કરીને શ્રાવકોની મર્યાદાભૂમિથી દૂરના ક્ષેત્રમાં ત્રસ-સ્થાવર જીવોમાં તે ઉત્પન્ન થાય છે. શ્રાવકો વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત તે જીવોની હિંસાનો ત્યાગ કરે છે, તેથી શ્રમણોપાસકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે. તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** આપનું કથન ન્યાયસંગત નથી.

**૨૯ तत्थ जे ते आरेणं थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए दंडे णिक्खित्ते, ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं चेव जे तसा पाणा, जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चखायं भवइ, ते पाणा वि वुच्चंति** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** તે મર્યાદાભૂમિમાં જે સ્થાવર પ્રાણીઓ છે. તે જીવોની પ્રયોજનપૂર્વક થતી હિંસાનો શ્રાવકોને ત્યાગ નથી, પરંતુ નિષ્પ્રયોજન થતી હિંસાનો શ્રાવકોને ત્યાગ હોય છે. તે જીવો આયુષ્ય પૂર્ણ કરીને તે મર્યાદાભૂમિમાં જે ત્રસ જીવો છે કે જેની હિંસાનો ત્યાગ શ્રાવકો વ્રત ગ્રહણ સમયથી જીવનપર્યંત કરે છે, તે જીવોમાં ઉત્પન્ન થાય છે, તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે. તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** આપનું કથન ન્યાયસંગત નથી.

**૩૦ तत्थ जे ते आरेणं थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए णिक्खित्ते, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता ते तत्थ आरेणं चेव जे थावरा पाणा, जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए दंडे णिक्खित्ते तेसु पच्चायंति । तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवंति । ते पाणा वि** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** તે મર્યાદાભૂમિમાં જે સ્થાવર પ્રાણીઓ છે તે જીવોની પ્રયોજનપૂર્વકની થતી હિંસાનો શ્રાવકોને ત્યાગ નથી, પરંતુ નિષ્પ્રયોજન થતી હિંસાનો ત્યાગ હોય છે. તે જીવો આયુષ્ય પૂર્ણ કરીને તે મર્યાદાભૂમિમાં જે-જે સ્થાવર પ્રાણીઓ છે, જે જીવોની પ્રયોજન પૂર્વકની હિંસાનો શ્રાવકો ત્યાગ કરતા નથી, પરંતુ નિષ્પ્રયોજન હિંસાનો ત્યાગ કરે છે, તે જીવોમાં ઉત્પન્ન થાય છે. તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે. તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** આપનું કથન ન્યાયસંગત નથી.

**૩૧** **तत्थ जे ते आरेणं थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए णिक्खित्ते, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ परेणं चेव जे तस-थावरा-पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, तेसु पच्चायंति । तेसु समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते पाणा वि** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** તે મર્યાદાભૂમિમાં જે સ્થાવર પ્રાણીઓ છે. તે જીવોની પ્રયોજન પૂર્વકની થતી હિંસાનો શ્રાવકોને ત્યાગ નથી, પરંતુ નિષ્પ્રયોજન થતી હિંસાનો ત્યાગ હોય છે. તે જીવો આયુષ્ય પૂર્ણ કરીને મર્યાદાભૂમિથી દૂરવર્તી ક્ષેત્રમાં જે ત્રસ-સ્થાવર પ્રાણીઓ છે, તે જીવોમાં ઉત્પન્ન થાય છે. વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત શ્રાવકોએ તે જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોવાથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે. તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** આપનું કથન ન્યાયસંગત નથી.

**૩૨** **तत्थ जे ते परेणं तस-थावरा पाणा, जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं जे तसा पाणा, जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते पाणा वि** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** તે મર્યાદાભૂમિથી દૂરવર્તી ક્ષેત્રમાં જે ત્રસ-સ્થાવર પ્રાણીઓ છે. વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત શ્રાવકોએ તે જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોય છે. તે જીવો આયુષ્ય પૂર્ણ કરીને મર્યાદાભૂમિમાં જે ત્રસ જીવો છે કે જેની હિંસાનો ત્યાગ શ્રાવકો વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત કરે છે, તે જીવોમાં ઉત્પન્ન થાય છે. તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે. તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** તેથી આપનું કથન ન્યાયસંગત નથી.

**૩૩** **तत्थ जे ते परेणं तस-थावरा पाणा, जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते; ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं जे थावरा पाणा, जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते, अणट्ठाए दंडे णिक्खित्ते तेसु पच्चायंति । तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते पाणा वि** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** તે મર્યાદાભૂમિથી દૂરવર્તી ક્ષેત્રમાં જે ત્રસ-સ્થાવર પ્રાણીઓ છે. વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત શ્રાવકોએ તે જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોય છે. તે જીવો આયુષ્ય પૂર્ણ કરીને મર્યાદાભૂમિમાં જે સ્થાવર જીવો છે તે જીવોમાં ઉત્પન્ન થાય છે. જે જીવોની પ્રયોજન પૂર્વકની હિંસાનો શ્રાવકો ત્યાગ કરતા નથી, પરંતુ નિષ્પ્રયોજન હિંસાનો ત્યાગ કરે છે. તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે. તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** તેથી આપનું કથન ન્યાયસંગત નથી.

**૩૪** **तत्थ जे ते परेणं तसथावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए**

**दंडे णिक्खित्ते, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता ते तत्थं परेणं चेव जे तस-थावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते पाणा वि** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** તે મર્યાદાભૂમિથી દૂરવર્તી ક્ષેત્રમાં જે ત્રસ-સ્થાવર પ્રાણીઓ છે. વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત શ્રાવકોએ તે જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોય છે. તે જીવો આયુષ્ય પૂર્ણ કરી મર્યાદાભૂમિથી દૂરવર્તી ક્ષેત્રમાં જે ત્રસ-સ્થાવર પ્રાણીઓ છે, તે જીવોમાં ઉત્પન્ન થાય છે, વ્રત ગ્રહણ સમયથી જીવન પર્યંત શ્રાવકો તે જીવોની હિંસાનો ત્યાગ કરે છે, તેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે. તે પ્રાણી પણ કહેવાય છે ***યાવત્*** તેથી આપનું કથન ન્યાયસંગત નથી.

**૩૫ भगवं च णं उदाहु– ण एयं भूयं ण एयं भव्वं ण एयं भविस्सं, जण्णं– तसा पाणा वोच्छिज्जिहिंति थावरा पाणा भविस्सइ, थावरा पाणा वोच्छिज्जिहिंति तसा पाणा भविस्संति, अव्वोच्छिण्णेहिं तस-थावरेहिं पाणेहिं जण्णं तुब्भे वा अण्णो वा एवं वयह– णत्थि णं से केइ परियाए** *जाव* **अयं पि भे उवएसे णो णेयाउए भवइ ।**

**ભાવાર્થ :–** ભગવાન ગૌતમે કહ્યું– હે ઉદક નિર્ગ્રંથ ! ભૂતકાળમાં એવું ક્યારે ય બન્યું નથી, વર્તમાનમાં એવું થતું નથી અને ભવિષ્યકાળમાં એવું થશે નહિ કે ત્રસ-પ્રાણી સર્વથા સમાપ્ત થઈ જાય અથવા સર્વ જીવો સ્થાવર થઈ જાય અથવા સર્વ સ્થાવર જીવો આ રીતે સમાપ્ત થઈ જાય અને બધા જીવો ત્રસ થઈ જાય. ત્રસ અને સ્થાવર જીવોનો સર્વથા ઉચ્છેદ થતો નથી તેથી તમે કે બીજા જો કોઈ પણ આ પ્રમાણે કહે છે કે એવો કોઈ પણ પર્યાય રહેતો નથી જેથી શ્રાવકોના પ્રત્યાખ્યાન સફળ થાય, તે આપનું કથન ન્યાયસંગત નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શ્રી ગૌતમ સ્વામીએ વિભિન્ન અભિપ્રાયો, યુક્તિઓ અને દષ્ટાંતો દ્વારા શ્રમણોપાસકના પ્રત્યાખ્યાનની નિર્વિષયતાના તર્કનું નિરાકરણ કર્યું છે.

ત્રસ અને સ્થાવર બંને પર્યાયો પરિવર્તનશીલ છે. જીવોની પર્યાયો–અવસ્થાઓનું પરિવર્તન થવા છતાં તે ત્રસ જીવ પુનઃ પુનઃ ત્રસપણાને પામે છે.

આ લોકમાં વિવિધ પ્રકારના મનુષ્યો હોય છે. કેટલાક શ્રાવકવ્રતનું, કેટલાક મહાવ્રતોનું પાલન કરે, વિવિધ પ્રકારે પાપસ્થાનથી નિવૃત્ત થઈને અંતિમ આરાધનાપૂર્વક મૃત્યુ પામે, તો તે જીવ મૃત્યુ પામીને દેવગતિને પ્રાપ્ત કરે છે. દેવો ત્રસ છે, તેથી તે જીવો આ લોક અને પરલોક, એમ ઉભયલોકમાં ત્રસ પર્યાયમાં જ હોય છે.

કેટલાક મનુષ્યો આ લોકમાં મહારંભ, મહાપરિગ્રહ આદિ વિવિધ પાપસ્થાનનું સેવન કરીને અંતિમ આરાધના કર્યા વિના જ મૃત્યુ પામે, તો તે જીવ નરક-તિર્યંચાદિ દુર્ગતિને પામે છે અને તેઓ ત્રસ જ રહે છે.

કેટલાક મનુષ્યો વ્રત ધારણ કરનાર શ્રાવકથી દીર્ઘાયુ હોય અને કેટલાક અલ્પાયુષ્ક કે સમાયુષ્ક હોય છે, તે જીવો પોત-પોતાના કર્માનુસાર સુગતિ કે દુર્ગતિ પામે ત્યારે તે પણ ત્યાં ત્રસપણાને પામે છે.

કેટલાક મનુષ્યો શ્રાવકના દેશાવગાસિક વ્રતની આરાધના કરે છે તેમાં તેઓ મર્યાદિત ક્ષેત્રમાં રહેલા ત્રસ જીવોની હિંસાનો સર્વથા ત્યાગ કરે છે અને સ્થાવર જીવોની હિંસાની મર્યાદા કરે છે અર્થાત્ મર્યાદિત ક્ષેત્રમાં સ્થાવર જીવોની પણ પ્રયોજન પૂર્વક થતી હિંસાની છૂટ રાખીને નિષ્પ્રયોજન થતી હિંસાનો ત્યાગ કરે અને મર્યાદિત ક્ષેત્રની બહાર રહેલા ત્રસ-સ્થાવર જીવોની હિંસાનો સંપૂર્ણ ત્યાગ કરે છે.

સંસારી જીવોમાં વિવિધ પ્રકારે પરિવર્તન થતાં શ્રાવકોના પ્રત્યાખ્યાનના વિષયભૂત જીવો રહે છે. તે જીવોનો સર્વથા અભાવ થતો નથી અને તેથી શ્રાવકના પ્રત્યાખ્યાન નિર્વિષયભૂત થતા નથી. સૂત્રકારે તેને નવ વિકલ્પો દ્વારા સિદ્ધ કરી દર્શાવ્યું છે.

(૧) કેટલાક જીવો મર્યાદિત ભૂમિની અંદર ત્રસપણામાં હોય અને તે મરીને તે જ મર્યાદિત ભૂમિની અંદર ત્રસરૂપે ઉત્પન્ન થાય છે. તે શ્રાવકવ્રતના વિષયભૂત રહે છે.

(૨) કેટલાક જીવો મર્યાદિત ભૂમિની અંદર ત્રસપણામાં હોય અને તે મરીને તે જ મર્યાદિત ભૂમિની અંદર સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે; જ્યાં શ્રાવકને સ્થાવર જીવોની નિષ્પ્રયોજન હિંસાનો ત્યાગ હોય છે.

(૩) કેટલાક  જીવો મર્યાદિત ભૂમિની અંદર ત્રસ હોય છે, પરંતુ મરીને તે મર્યાદિત ભૂમિની બહાર ત્રસ અથવા સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે. જ્યાં શ્રાવકને ત્રસ-સ્થાવર સર્વ જીવોની હિંસાનો ત્યાગ હોય છે.

(૪) કેટલાક જીવો મર્યાદિત ભૂમિની અંદર સ્થાવર હોય છે, પરંતુ તે જ મર્યાદિત ભૂમિની અંદર મરીને ત્રસપણે ઉત્પન્ન થાય છે. ત્યાં ત્રસ જીવોની હિંસાનો શ્રાવકને ત્યાગ હોય છે.

(૫) જે જીવો મર્યાદિત ભૂમિની અંદર સ્થાવર હોય છે, તે મરીને ફરીથી તે જ મર્યાદિત ભૂમિની અંદર સ્થાવર પ્રાણીઓમાં ઉત્પન્ન થાય છે. ત્યાં શ્રાવકને નિષ્પ્રયોજન તે જીવોની હિંસાનો ત્યાગ હોય છે.

(૬) જે જીવો મર્યાદિત ભૂમિની અંદર સ્થાવર હોય છે, પરંતુ મરીને મર્યાદિત ભૂમિની બહાર ત્રસ અથવા સ્થાવર પ્રાણીઓમાં ઉત્પન્ન થાય છે. ત્યાં શ્રાવકને તે સર્વ જીવોની હિંસાનો ત્યાગ હોય છે.

(૭) જે જીવો મર્યાદિત ભૂમિની બહાર ત્રસ અથવા સ્થાવર હોય છે, પરંતુ મરીને મર્યાદિત ભૂમિની અંદર ત્રસ પ્રાણીઓમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ત્રસ જીવોની હિંસાનો શ્રાવકને ત્યાગ હોય છે.

(૮) જે જીવો મર્યાદિત ભૂમિની બહાર ત્રસ અથવા સ્થાવર હોય છે, પરંતુ મરીને મર્યાદિત ભૂમિની અંદર સ્થાવર પ્રાણીઓમાં ઉત્પન્ન થાય છે. ત્યાં શ્રાવકને નિષ્પ્રયોજન તે જીવોની હિંસાનો ત્યાગ હોય છે.

(૯) જે જીવો મર્યાદિત ભૂમિની બહાર ત્રસ અથવા સ્થાવર હોય છે અને મરીને મર્યાદિત ભૂમિની અંદર ત્રસ અથવા સ્થાવર જીવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ઉત્પન્ન થતા ત્રસ જીવોની હિંસાનો શ્રાવકને ત્યાગ હોય છે અને સ્થાવર જીવોની નિષ્પ્રયોજન હિંસાનો ત્યાગ હોય છે.

આ રીતે જીવોની અવસ્થાઓમાં ગમે તે પ્રકારે પરિવર્તન થવા છતાં પણ શ્રાવકોની પ્રતિજ્ઞા પ્રમાણે કોઈક જીવોની હિંસાનો ત્યાગ અવશ્ય થાય છે. તેથી તેમના અહિંસાવ્રતની આરાધનાને સફળ બનાવે છે.

સંક્ષેપમાં શ્રાવકોના પ્રત્યાખ્યાનનો વિષય અત્યંત વિશાળ દષ્ટિથી જ્ઞાનીઓ દ્વારા નિયોજિત કરેલો છે અને ત્રસ કે સ્થાવર જીવોનો ક્યારેય સર્વથા ઉચ્છેદ થતો નથી, તેથી ''ત્રસ જીવોનો સર્વથા અભાવ થઈ જાય અને શ્રાવકના પ્રત્યાખ્યાન નિર્વિષય બની જાય,'' આ પ્રકારની કલ્પના વ્યર્થ સિદ્ધ થાય છે.

**आरेणं**– સમીપવર્તી ક્ષેત્ર, મર્યાદિત ભૂમિ. શ્રાવકો વ્રત ગ્રહણ સમયે જેટલા ક્ષેત્રની મર્યાદા કરે, તે

સમીપવર્તી ક્ષેત્રને મર્યાદિત ભૂમિ કહે છે. જેમ કે કોઈ શ્રાવક ભરત ક્ષેત્રમાં રહેલા ત્રસ જીવોની હિંસાના પ્રત્યાખ્યાન કરે, તો તે શ્રાવકને માટે ભરત ક્ષેત્ર મર્યાદિત ભૂમિ કહેવાય છે.

**परेणं**– દૂરવર્તી ક્ષેત્ર. શ્રાવકની મર્યાદાથી બહારનું ક્ષેત્ર દૂરવર્તી ક્ષેત્ર કહેવાય છે. જેમ કે ભરત ક્ષેત્રમાં રહેલા ત્રસ જીવોની હિંસાના પ્રત્યાખ્યાન કરનાર શ્રાવકને માટે ભરત ક્ષેત્રની બહારનું ક્ષેત્ર દૂરવર્તી ક્ષેત્ર કહેવાય છે.

### ઉદક નિર્ગ્રંથનું જીવન પરિવર્તન :–

**૩૬ भगवं च णं उदाहु– आउसंतो उदगा ! जे खलु– समणं वा माहणं वा परिभासइ, इति मण्णइ; आगमित्ता णाणं आगमित्ता दंसणं आगमित्ता चरित्तं पावाणं कम्माणं अकरणयाए से खलु परलोगपलिमंथत्ताए चिट्ठइ । जे खलु– समणं वा माहणं वा णो परिभासइ, इति मण्णइ; से आगमित्ता णाणं आगमित्ता दंसणं आगमित्ता चरित्तं पावाणं कम्माणं अकरणयाए से खलु परलोगविसुद्धीए चिट्ठइ ।**

**ભાવાર્થ :–** ઉદક નિર્ગ્રંથ નિરૂત્તર થયા પછી ભગવાન ગૌતમસ્વામીએ તેમને કહ્યું– હે આયુષ્યમન્ ઉદક! જે વ્યક્તિ(પૂર્વોક્ત વિષયમાં) ''શ્રમણ અથવા માહણ મિથ્યા કથન કરે છે'' તેમ માને છે; તે જ્ઞાન, દર્શન અને ચારિત્રને પ્રાપ્ત કરીને હિંસાદિ પાપો ન કરવા માટે પ્રત્યનશીલ હોવા છતાં પણ(મિથ્યા માન્યતાના કારણે) પોતાના પરલોકના વિનાશ માટે ઉદ્યમવંત છે અર્થાત્ પરલોકના વિરાધક બને છે. તે સિવાય જે વ્યક્તિ ''શ્રમણ અથવા માહણ ઉપરોક્ત વિષયમાં મિથ્યા કથન કરનાર નથી,'' તેમ માને છે અર્થાત્ તેઓના પ્રત્યાખ્યાન સંબંધી કથનને યોગ્ય સમજે છે; તે જ્ઞાન, દર્શન અને ચારિત્રને પ્રાપ્ત કરીને હિંસાદિ પાપો ન કરવા માટે પ્રયત્નશીલ રહે છે, તે નિશ્ચયથી પોતાના પરલોકની વિશુદ્ધિમાં સ્થિત છે અર્થાત્ પર લોકના આરાધક છે.

**૩૭ तए णं से उदगे पेढालपुत्ते भगवं गोयमं अणाढायमाणे जामेव दिसं पाउब्भूए तामेव दिसं संपहारेत्थ गमणाए ।**

**भगवं च णं उदाहु– आउसंतो उदगा ! जे खलु तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आरियं धम्मयं सुवयणं सोच्चा णिसम्म अप्पणो चेव सुहमाए पडिलेहाए अणुत्तरं जोगखेमपयं । लंभिए समाणे सो वि ताव तं आढाइ परिजाणइ वंदइ णमंसइ सक्कारेइ सम्माणेइ कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासइ।**

**ભાવાર્થ :–** શ્રી ગૌતમસ્વામીનું તાત્ત્વિક તેમજ યથાર્થ કથન સાંભળ્યા પછી ઉદક પેઢાલપુત્ર નિર્ગ્રંથ ભગવાન ગૌતમ સ્વામીનો આદર કર્યા વિના જ જે દિશામાંથી આવ્યા હતા તે જ દિશામાં જવા માટે તત્પર થઈ ગયા.

ત્યારે ભગવાન ગૌતમ સ્વામીએ કહ્યું– હે આયુષ્યમન્ ઉદક ! જે વ્યક્તિ તથારૂપના શ્રમણ અથવા માહણ પાસે હેય તત્ત્વોથી દૂર રાખનાર અથવા સંસારસાગરથી પાર ઉતારનાર એક પણ ધાર્મિક સુવચન સાંભળીને તેને હૃદયંગમ કરે છે, પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી તે સમ્યક પ્રકારે વિચારણા કરીને સર્વોત્તમ,

અપ્રાપ્તની પ્રાપ્તિ રૂપ યોગ અને પ્રાપ્ત થયેલાના સંરક્ષણરૂપ ક્ષેમ–કલ્યાણકારી માર્ગને પ્રાપ્ત કરે છે, ત્યારે તે વ્યક્તિ ઉપકારી તથા યોગક્ષેમ પદના ઉપદેશકનો આદર કરે છે, વંદન નમસ્કાર કરે છે, સત્કાર કરે છે, સન્માન કરે છે, કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ માનીને તેમની પર્યુપાસના કરે છે.

**૩૮ तए णं से उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी– एएसि णं भंते ! पयाणं पुव्विं अण्णाणयाए असवणयाए अबोहीए अणभिगमेणं अदिट्ठाणं असुयाणं अमुयाणं अविण्णायाणं अणिज्जूढाणं अव्वोगडाणं अव्वोच्छिण्णाणं अणिसट्ठाणं अणिवूढाणं अणुवहारियाणं एयमट्ठं णो सद्दहियं णो पत्तियं णो रोइयं, एएसि णं भंते ! पदाणं एण्हिं जाणयाए सवणयाए बोहीए** *जाव* **अवधारियाणं एयमट्ठं सद्दहामि पत्तियामि रोएमि एवमेयं जहा णं तुब्भे वदह ।**

**શબ્દાર્થ :–** **अण्णाणयाए** = જ્ઞાન ન હોવાથી **असवणयाए** = ન સાંભળવાથી **अबोहिए** = બોધ ન હોવાથી **अणभिगमेणं** = અભિગમ અર્થાત્ હૃદયંગમ ન હોવાથી **अदिट्ठाणं** = નહીં જોયેલા **असुयाणं** = નહીં સાંભળેલા **अमुयाणं** = સ્મૃતિમાં ન રાખેલા **अविण्णायाणं** = અવિજ્ઞાત એટલે કે વિશેષ પ્રકારે નહીં જાણેલા **अव्वोगडाणं** = અવ્યાકૃત અર્થાત્ વિશેષ સ્પષ્ટ નહીં કરેલા તેમજ ગુરુમુખે ગ્રહણ નહીં કરેલા **अणिगूढाणं** = ગૂઢ અર્થાત્ પ્રગટ નહીં જાણેલા **अविच्छिणाणं** = સંશય રહિત થઈને જ્ઞાત નહીં કરાયેલા **अणिसट्ठाणं** = હૃદયૂર્વક નિશ્ચય નહીં કરાયેલા **अणिवूढाणं** = સારી રીતે નિશ્ચય નહીં કરાયેલા અર્થાત્ પાલન નહીં કરાયેલા **अणुवहारियाणं** = અવધારણ-ધારણ નહીં કરાયેલા.

**ભાવાર્થ :–** ત્યાર પછી ઉદક નિર્ગ્રંથે ભગવાન ગૌતમ સ્વામીને કહ્યું– હે ભગવન્ ! મેં આપના દ્વારા નિરૂપિત પરમ કલ્યાણકારી યોગક્ષેમ રૂપ પદો પહેલાં ક્યારે ય જાણ્યા ન હતાં, સાંભળ્યા ન હતાં, સમજ્યા પણ ન હતાં, ક્યારે ય હૃદયંગમ કર્યા ન હતાં, મેં સ્વયં સાક્ષાત્ જોયાં ન હતાં કે બીજા પાસેથી પણ સાંભળ્યા ન હતાં. આ પદોને મેં સ્મૃતિમાં રાખ્યા ન હતાં, આ રીતે આ પદો અત્યાર સુધી મારા માટે અજ્ઞાત હતાં. તેની વ્યાખ્યા મેં ગુરુમુખે સાંભળી ન હતી, આ પદો મારા માટે પ્રગટ ન હતાં, નિઃસંશયપણે મારા વડે જાણેલાં ન હતા, હૃદયપૂર્વક તેનો નિશ્ચય કર્યો ન હતો, મારા વડે તેનું પાલન કરેલું ન હતું, આ પદોના અર્થોની ધારણા પણ કરી ન હતી, આ પદોના અર્થની મેં શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરી ન હતી. હે ભંતે ! આ પદોને મેં હવે આપની પાસેથી જાણ્યાં છે, સાંભળ્યાં છે, સમજ્યાં છે ***યાવત્*** અર્થની ધારણા કરી છે તેથી હવે હું આપના દ્વારા કહેવાયેલાં આ અર્થોમાં શ્રદ્ધા કરું છું, પ્રતિતી કરું છું, રુચિ કરું છું. આ કથન આપ જેમ કહો છો તેમજ છે.

**૩૯ तए णं भगवं गोयमे उदगं पेढालपुत्तं एवं वयासी– सद्दहाहि णं अज्जो ! पत्तियाहि णं अज्जो ! रोएहि णं अज्जो ! एवमेयं जहा णं अम्हे वदामो ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ઉદક નિર્ગ્રંથના હૃદય પરિવર્તન પછી શ્રી ભગવાન ગૌતમસ્વામીએ ઉદક પેઢાલ પુત્રને આ પ્રમાણે કહ્યું– હે આર્ય ઉદક ! સંપૂર્ણ શ્રદ્ધા રાખો, હે આર્ય ! તેના પર પ્રતીતિ કરો, હે આર્ય ! તેની રુચિ કરો, હે આર્ય ! મેં આપને જે કહ્યું છે, તે જ સત્ય-તથ્યરૂપ છે.

**૪૦ तए णं से उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भं**

**अंतिए चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**શબ્દાર્થ :– चाउज्जामाओ** = ચાતુર્યામથી **पंचमहव्वइयं** = પાંચ મહાવ્રત યુક્ત **सपडिक्कमणं** = પ્રતિક્રમણ સહિત.

**ભાવાર્થ :–** ત્યાર પછી ઉદક પેઢાલ પુત્રે ભગવાન ગૌતમસ્વામીને કહ્યું– હે ભંતે ! હવે હું આપની સમક્ષ ચાતુર્યામ ધર્મમાંથી હવે પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રત રૂપ ધર્મમાં ઉપસ્થિત થઈને અર્થાત્ તેને સ્વીકારીને વિચરણ કરવાની ઈચ્છા રાખું છું.

**૪૧ तए णं भगवं गोयमे उदगं पेढालपुत्तं गहाय जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ । तए णं से उदए पेढालपुत्ते समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भं अंतियं चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।**

**तए णं से उदए पेढालपुत्ते समणस्स भगवओ महावीरस्स अंतिए चाउज्जामाओ धम्मओ पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ताणं विहरइ ॥ त्ति बेमि ॥**

**ભાવાર્થ :–** આ પ્રમાણે કહ્યા પછી ભગવાન ગૌતમ સ્વામી ઉદક પેઢાલપુત્રને સાથે લઈને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા, ત્યાં ગયા. ભગવાનની પાસે જઈને ત્યાં ઉદક પેઢાલપુત્રે શ્રમણ ભગવાન મહાવીરને જમણી તરફથી પ્રદક્ષિણા કરી, વંદના, નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું, હે ભગવન્ ! હું આપની સમક્ષ ચાતુર્યામ રૂપ ધર્મમાંથી પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મમાં આવીને અર્થાત્ તેને સ્વીકારીને વિચરણ કરવા ઈચ્છું છું.

આ સાંભળીને ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું– હે દેવાનુપ્રિય ઉદક ! તમને જેમ સુખ ઉપજે, તેમ કરો ! પરંતુ આવા શુભકાર્યમાં વિલંબ ન કરો.

ત્યારે ઉદક પેઢાલ પુત્રે શ્રમણ ભગવાન મહાવીર પાસે ચાતુર્યામ ધર્મમાંથી પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રતરૂપ ધર્મનો સ્વીકાર કર્યો અને પ્રભુની આજ્ઞામાં વિચરણ કરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શંકાના સમાધાન પછી ઉદક નિર્ગ્રંથના જીવનમાં થયેલા પરિવર્તનનું નિરૂપણ છે.

ઉદક નિર્ગ્રંથના તર્ક-વિતર્કોનું સમાધાન શ્રી ગૌતમ સ્વામીએ વિવિધ યુક્તિ અને દષ્ટાંતોથી કર્યું.

ત્યારે ઉદક નિર્ગ્રંથ નિરુત્તર થઈ ગયા તેમને સત્ય સમજાઈ ગયું તેમજ ગૌતમ સ્વામી દ્વારા ટકોર થતાં અવિનયને છોડીને વિનય ભાવનો સ્વીકાર કર્યો. સરળતા અને નમ્રતાપૂર્વક પોતાની મિથ્યા માન્યતાનો

ત્યાગ કરી ગૌતમ સ્વામીને સમર્પિત ભાવે નિવેદન કર્યું કે હું પ્રભુ પાર્શ્વનાથના શાસનથી હવે પ્રભુ મહાવીરના શાસનમા ભળી જવા ઇચ્છું છું એટલે મને આપ શિષ્ય રૂપે સ્વીકાર કરવા કૃપા કરો. ત્યારે ગૌતમ સ્વામી પોતાના અભિમાનનું પોષણ ન કરતાં પ્રભુ મહાવીર પાસે લઈ જઈને તેઓનું શિષ્યત્વ ગ્રહણ કરાવે છે. ઉદક પેઢાલ પુત્રે પ્રભુ મહાવીર સ્વામીને વિનયપૂર્વક વંદન-નમસ્કાર કરીને પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મનો સ્વીકાર કર્યો અને પ્રભુની આજ્ઞામાં વિચરણ કરવા લાગ્યા.

ઉપરોક્ત પ્રસંગથી સ્પષ્ટ થાય છે કે કોઈ પણ વિષયમાં શંકા થાય ત્યારે સંતો પાસે જઈને, તેનું સમાધાન કરીને, સત્યનો સ્વીકાર કરવો તેમજ ધર્મ શ્રદ્ધાને દઢ અને દઢતમ કરવી, તે જ સાધકોનું કર્તવ્ય છે, તે જ સાધનાનો વિકાસ છે.

॥ સાતમું અધ્યયન સંપૂર્ણ ॥

॥ બીજો શ્રુતસ્કંધ સંપૂર્ણ ॥

**॥ સૂયગડાંગ સૂત્ર સંપૂર્ણ ॥**

## પરિશિષ્ટ–૧

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | અધ્ય. | પૃષ્ટ | | વિષય | અધ્ય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| અ | અકસ્માત પ્રત્યયિક ક્રિયા સ્થાન | ૨ | ૫૧ | આ | આચારશ્રુત | ૫ | ૧૩૬ |
| | अकंडुयक | ૨ | ૮૫ | | આત્માદ્વૈતવાદી | ૧ | ૨૬ |
| | अकिरियाकुशले | ૪ | ૧૨૫ | | આત્મષષ્ઠવાદ | ૧ | ૨૨ |
| | અગ્રબીજ આદિ ચાર પ્રકારની વનસ્પતિ | ૩ | ૯૯ | | આધાકર્મી સેવનથી કર્મબંધ–અબંધ | ૫ | ૧૪૧ |
| | अज्झत्थिए | ૨ | ૫૪ | | આયંબિલ | ૨ | ૮૫ |
| | अज्झारूह | ૩ | ૧૦૫ | | आया | ૩ | ૯૭ |
| | अणायारं | ૫ | ૧૩૯ | | આર્દ્રકમુમિઃ પૂર્વભવાદિ | ૬ | ૧૫૪ |
| | अणुधम्मो | ૬ | ૧૭૧ | | आसुपण्णे | ૫ | ૧૩૭ |
| | अतत्ताए संवुडस्स | ૨ | ૬૨ | | આહારના વિવિધ પ્રકાર | ૩ | ૯૭ |
| | અદત્તાદાન પ્રત્યયિક ક્રિયાસ્થાન | ૨ | ૫૪ | ઈ | ઈર્યાપથિક ક્રિયા | ૨ | ૪૪ |
| | અદૃષ્ટલાભિક | ૨ | ૮૫ | | ઈર્યાપથિક ક્રિયા સ્થાન | ૨ | ૬૧ |
| | અધ્યાત્મ પ્રત્યયિક ક્રિયાસ્થાન | ૨ | ૫૪ | | ઈશ્વરકર્તૃત્વવાદ | ૧ | ૨૬ |
| | અધર્મ પક્ષ | ૨ | ૭૩ | ઉ | ઉત્ક્ષિપ્તચરક | ૨ | ૮૪ |
| | અનર્થ દંડ પ્રત્યયિક ક્રિયા સ્થાન | ૨ | ૪૯ | | ઉત્ક્ષિપ્ત–નિક્ષિપ્ત ચરક | ૨ | ૮૪ |
| | અન્નગ્લયાક | ૨ | ૮૫ | | ઉપનિહિત | ૨ | ૮૫ |
| | અનાહારક | ૩ | ૯૭ | | ઉપાયક્રિયા | ૨ | ૪૪ |
| | અનિષ્ઠિવક | ૨ | ૮૫ | એ | એકાંતિક ભાષા | ૫ | ૧૫૨ |
| | अपच्चक्खाणी | ૪ | ૧૨૫ | | एगंत दंडे | ૪ | ૧૨૫ |
| | અપૃષ્ટલાભિક | ૨ | ૮૫ | | एगंत बाले | ૪ | ૧૨૫ |
| | અપ્રાવૃત્ત | ૨ | ૮૫ | | एगंत सुत्ते | ૪ | ૧૨૫ |
| | અભિક્ષાલાભિક | ૨ | ૮૫ | | एगच्चाओ पडिविरया–अपडिविरया | ૩ | ૯૦ |
| | અરસાહારી | ૨ | ૮૫ | | एलमूयत्ताए | ૨ | ૬૦ |
| | અર્થદંડ પ્રત્યયિક ક્રિયાસ્થાન | ૨ | ૪૭ | ક | कम्मोवगा–कम्मणियाणेणं | ૩ | ૧૦૨ |
| | अवियारमणवयकायवक्के | ૪ | ૧૨૫ | | કરણીય ક્રિયા | ૨ | ૪૪ |
| | अहाबीएणं | ૩ | ૧૦૨ | | ક્રિયા | ૨ | ૪૪ |
| | अहावगासेणं | ૩ | ૧૦૨ | | ક્રિયા સ્થાન | ૨ | ૪૬ |
| | અજ્ઞાતચરક | ૨ | ૮૫ | ગ | गाहावईचोरग्गहण विमोक्खणयाए | ૭ | ૧૮૭ |
| | અંતજીવી | ૨ | ૮૫ | જ | જીવ કર્મ સહિત–કર્મ રહિત | ૬ | ૧૪૦ |
| | અંતાહારી | ૨ | ૮૪ | | જીવોની સમાનતા–અસમાનતા | ૬ | ૧૪૦ |
| | અસંસૃષ્ટચરક | ૨ | ૮૫ | ણ | ण हंतव्वा ण अज्जावेयव्वा | ૧ | ૪૨ |

| | વિષય | અધ્ય. | પૃષ્ટ | | વિષય | અધ્ય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | णिग्गंथ धम्मो | ૬ | ૧૭૧ | | ભાવ પ્રત્યાખ્યાન | ૪ | ૧૨૩ |
| ત | તજ્જત સંસૃષ્ટચરક | ૨ | ૮૫ | | ભિક્ષાલાભિક | ૨ | ૮૫ |
| | તજ્જીવતત્શરીરવાદી | ૧ | ૧૮ | મ | માન પ્રત્યયિક ક્રિયા સ્થાન | ૨ | ૫૫ |
| | ત્રણસો ત્રેસઠ પાસંડમતો | ૨ | ૯૪ | | मिच्छासंठिए | ૪ | ૧૨૫ |
| | તીર્થંકર વિચ્છેદ – અવિચ્છેદ | ૫ | ૧૪૦ | | મિથ્યાત્ત્વક્રિયા | ૨ | ૪૪ |
| દ | દષ્ટલાભિક | ૨ | ૮૫ | | મિત્રદોષ પ્રત્યયિક ક્રિયા સ્થાન | ૨ | ૫૭ |
| | દષ્ટિ વિપર્યાસ દંડ ક્રિયા | ૨ | ૫૨ | | મિશ્ર ક્રિયા | ૨ | ૪૪ |
| | દ્રવ્યક્રિયા | ૨ | ૪૪ | | મિશ્રપક્ષ | ૨ | ૭૬ |
| | દ્રવ્ય પ્રત્યાખ્યાન | ૪ | ૧૨૩ | | મુનિઆહાર વિધિ | ૧ | ૪૨ |
| | દંડાયતિક | ૨ | ૮૫ | | મૃષા પ્રત્યયિક ક્રિયાસ્થાન | ૨ | ૫૩ |
| | दंड समादाणं | ૨ | ૪૬ | ર | રુક્ષાહારી | ૨ | ૮૫ |
| ધ | ધર્મ પક્ષ | ૨ | ૭૫ | લ | લકુટશાયી | ૨ | ૮૫ |
| ન | નગ્નભાવાદિ ૨૩ શ્રમણ ગુણો | ૨ | ૮૬ | | લોભપ્રત્યયિક ક્રિયા સ્થાન | ૨ | ૬૦ |
| | નવ વિકલ્પોથી પ્રત્યાખ્યાનનો વિષય | ૭ | ૨૦૩ | | लेवे गाहावइ | ૭ | ૧૮૦ |
| | નિકામરસભોજી | ૨ | ૮૫ | વ | विण्णु वेयणं वेदंति | ૧ | ૧ |
| | નિત્ય – અનિત્ય | ૫ | ૧૩૯ | | વિરસાહારી | ૨ | ૮૫ |
| | નિયતિવાદ | ૧ | ૨૯ | | વૈરાનુબંધ સમાન–અસમાન | ૫ | ૧૪૧ |
| | નિર્વિકૃતિક | ૨ | ૮૫ | શ | શરીર ની ભિન્નતા–અભિન્નતા | ૫ | ૧૪૨ |
| | નૈષધિક | ૨ | ૮૫ | | શ્રમણોની ૨૧ ઉપમા | ૨ | ૮૩ |
| પ | પડિમાસ્થાયી | ૨ | ૮૫ | | શુદ્ધૈષણિક | ૨ | ૮૫ |
| | પરિમિત પિંડ પાતિકા | ૨ | ૮૫ | સ | સમ્યક્ત્વ ક્રિયા | ૨ | ૪૪ |
| | પરિજ્ઞા | ૩ | ૯૭ | | સમાદાન ક્રિયા | ૨ | ૪૪ |
| | પ્રત્યાખ્યાન | ૪ | ૧૨૩ | | સવીર્ય–અવીર્ય | ૫ | ૧૪૨ |
| | પ્રત્યાખ્યાન પરિજ્ઞા | ૩ | ૯૭ | | સ્થાન સ્થિતિક | ૨ | ૮૫ |
| | પ્રયોગક્રિયા | ૧ | ૪૪ | | સામુદાન ચરક | ૨ | ૮૫ |
| | पुरिमड्ढ | ૨ | ૮૫ | | સિદ્ધિ–અસિદ્ધિ | ૫ | ૧૪૯ |
| | પૃષ્ટલાભિક | ૨ | ૮૫ | | સ્ત્રી–પુરુષ–નંપુસકની ઉત્પતિ | ૩ | ૧૨૨ |
| | પંચ મહાભૂતવાદ | ૧ | ૨૨ | | सेसदविया उदगसाला | ૭ | ૧૮૧ |
| | પ્રાંતજીવી | ૨ | ૮૫ | | સંખ્યાદત્તિક | ૨ | ૮૫ |
| | પ્રાંતાહારી | ૨ | ૮૫ | | સંયત, વિરત આદિ | ૪ | ૧૩૫ |
| | પાસંઠ પાપ વિદ્યાઓ | ૨ | ૬૩ | | સંસૃષ્ટ ચરક | ૨ | ૮૫ |
| | પુંડરીક શબ્દપર નિક્ષેપ | ૧ | ૧ | | સાંખ્યમત ના ૨૪ પદાર્થો | ૭ | ૧૭૪ |
| | પુષ્કરિણી આદિમાં ઉપમા–ઉપમેય | ૧ | ૧૧ | હ | હિંસાદંડ પ્રત્યયિક ક્રિયા સ્થાન | ૨ | ૫૦ |
| બ | बंभ चेरं | ૫ | ૧૩૭ | જ્ઞ | જ્ઞપરિજ્ઞા | ૩ | ૯૭ |
| ભ | ભવી જીવ નાશ– અનાશ | ૫ | ૧૪૦ | | | | |
| | ભાવક્રિયા | ૨ | ૪૪ | | | | |

**પરિશિષ્ટ–૨**

# પાસંડીના ૩૬૩ ભેદ

પાસંડ એટલે ભિન્ન–ભિન્ન મત–મતાંતર. શાસ્ત્રમાં તેના મુખ્ય ચાર પ્રકાર વર્ણિત છે– (૧) ક્રિયાવાદી (૨) અક્રિયાવાદી (૩) અજ્ઞાનવાદી (૪) વિનયવાદી. વિસ્તારથી તે ચારેયના ક્રમશઃ ૧૮૦ + ૮૪ + ૬૭ + ૩૨ = ૩૬૩ ભેદ થાય છે.

**ક્રિયાવાદી –** ક્રિયાવાદીઓ જ્ઞાનની ઉપેક્ષા કરીને એકાંતે ક્રિયાને જ સ્વીકારે છે. તેમના મતાનુસાર ક્રિયા જ પ્રધાન છે. ક્રિયાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. વિશુદ્ધ અને નિર્મળ ચિત્તથી કરેલી ક્રિયા મોક્ષ સાધનાનું અંગ છે અને મલિન ચિત્તથી થયેલી ક્રિયા કર્મબંધનું કારણ છે. તેઓના મતે આ જીવ છે, તેવું જ્ઞાન હોય, જીવને મારવાનો સંકલ્પ હોય અને કાયા દ્વારા મારવાની ક્રિયા થાય અને જીવ મરી જાય, તો જ કર્મબંધ થાય છે. આ રીતે કર્મનો બંધ અને મોક્ષ ક્રિયાથી જ થાય છે.

ક્રિયાવાદીના ૧૮૦ ભેદ આ પ્રમાણે થાય છે– કાલ, સ્વાભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ, આ પાંચ સમવાય છે. તે પાંચ સ્વાત્મામાં કાર્યશીલ છે અને તે જ પાંચ પર–આત્મામાં કાર્યશીલ નથી, આમ સ્વ પરના ભેદથી ૫ X ૨ = ૧૦ ભેદ થાય છે. તે દશે ભેદ શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. તેથી ૧૦ X ૨ = ૨૦ ભેદ થાય છે. આ વીસે ભેદને નવ તત્ત્વ પર ઘટિત કરતા ૨૦ X ૯ = ૧૮૦ ભેદ થાય છે. જેમ કે–

(૧) જીવ તત્ત્વમાં કાલ નામનો સમવાય સ્વની અપેક્ષાએ શાશ્વતપણે કાર્યશીલ છે.
(૨) જીવ તત્ત્વમાં કાલ નામનો સમવાય સ્વની અપેક્ષાએ અશાશ્વતપણે કાર્યશીલ છે.
(૩) જીવ તત્ત્વમાં કાલ નામનો સમવાય પરની અપેક્ષાએ શાશ્વતપણે કાર્યશીલ છે.
(૪) જીવ તત્ત્વમાં કાલ નામનો સમવાય પરની અપેક્ષાએ અશાશ્વતપણે કાર્યશીલ છે.

આ રીતે **જીવ** તત્ત્વના **કાલ** નામના સમવાયના સંયોગે ચાર ભંગ થયા. તે જ રીતે **પાંચે** સમવાયના સંયોગે ચાર–ચાર ભંગ થતાં ૪ X ૫ = ૨૦ ભંગ થાય. જીવ તત્ત્વના વીસ ભંગ થયા. તે જ રીતે નવે તત્ત્વના વીસ–વીસ ભંગ થતાં ૨૦ X ૯ = ૧૮૦ ભેદ થાય છે.

ક્રિયાવાદીઓ એકાંતે ક્રિયાની જ પ્રધાનતાને સ્વીકારે છે તે યથાર્થ નથી, કારણ કે જ્ઞાન વિનાની ક્રિયા પૂર્ણપણે સફળ થતી નથી. ક્રિયા વિષયક જ્ઞાન હોય, તો જ ક્રિયાનું આચરણ થઈ શકે છે, જ્ઞાનપૂર્વકની ક્રિયા જ સફળ થાય છે. જ્ઞાન વિનાની ક્રિયા અંધ સમાન છે. અને ક્રિયા વિનાનું જ્ઞાન પંગુ સમાન છે. જ્ઞાન અને ક્રિયાનો સુયોગ્ય સમન્વય થાય, તો જ તે મોક્ષ માર્ગનું અંગ બને છે. જેમ જંગલમાં લાગી રહેલો દાવાનળ અંધ પુરુષ દૂરથી જોઈ શકતો ન હોવાથી દાવાનળથી બચવા માટે પ્રયત્ન કરતો નથી અને પંગુ દાવાનળને દૂરથી જોવા છતાં ભાગવાની શક્તિ ન હોવાથી લાચાર બનીને તે દાવાનળમાં હોમાઈ જાય છે, પરંતુ જો અંધ અને પંગુ બંને સાથે મળી જાય, તો પંગુને દૂરથી જોયેલા દાવાનળથી બચવા માટે અંધ પુરુષના ખંભા પર બેસવું પડે છે અને અંધ પુરુષે પંગુના ચીંધેલા માર્ગે ચાલવું પડે છે. દાવાનળથી બચવા

માટે દાવાનળનું જ્ઞાન અને ચાલવાની ક્રિયા, બંનેની અનિવાર્યતા છે. તે જ રીતે સાધનાના ક્ષેત્રમાં હિતાહિતનું જ્ઞાન અને અહિતકારી પ્રવૃત્તિને છોડવાની ક્રિયા, બંનેનો સમન્વય થાય, તો જ સર્વ કર્મોથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

**અક્રિયાવાદી –** ક્રિયાને નહીં સ્વીકારનારા. તેઓના મતાનુસાર જ્ઞાન જ પ્રકાશ કરનાર છે. તેનાથી જ ભાવોની શુદ્ધિ થાય છે અને ભાવ શુદ્ધિ જ કલ્યાણનો માર્ગ છે. માટે બાહ્ય ક્રિયાઓ આવશ્યક છે.

બીજી અપેક્ષાએ સાંખ્યમતાનુયાયીઓ અક્રિયાવાદી છે. તેઓના મતાનુસાર આત્મા સ્વયં કોઈ ક્રિયા કરતો નથી, બીજા પાસે કરાવતો પણ નથી. આત્મા કોઈ પણ ક્રિયાનો કર્તા નથી. આત્મા અક્રિય છે.

અક્રિયાવાદના ૮૪ ભેદ આ પ્રમાણે છે– જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ સાત તત્ત્વો સ્વ અપેક્ષાએ સત્ સ્વરૂપ છે અને પર અપેક્ષાએ અસત્ સ્વરૂપ છે અર્થાત્ નથી. તેથી ૭ X ૨ = ૧૪ ભેદ છે. આ ચૌદે ભેદને કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ, આ પાંચ સમવાય તથા યદચ્છા આ છ બોલથી ગુણતાં ૧૪ X ૬ = ૮૪ ભેદ થાય.

અક્રિયાવાદની માન્યતામાં આત્મા અકર્તા છે, તે યોગ્ય નથી, કારણ કે આત્મા સ્વયં પોતાના કર્મોનો કર્તા અને તે જ કર્મોના ફળનો ભોક્તા છે.

**ચેતન જો નિજભાવમાં કર્તા આપ સ્વાભાવ,**
**વર્તે નહીં નિજભાવમાં કર્તા કર્મ પ્રભાવ.**

આત્મા જ્યારે પોતાના સ્વભાવમાં સ્થિત હોય, તો તે પોતાના સ્વભાવનો કર્તા છે અને જ્યારે તે સ્વભાવમાં સ્થિત ન હોય અર્થાત્ રાગ–દ્વેષાદિ વિભાવમાં હોય, ત્યારે કર્મોનો કર્તા છે. જીવ સ્વયં પુણ્ય–પાપ આદિ જે કર્મો કરે છે. તેનું ફળ તે ભોગવે છે, માટે એકાંત અક્રિયાવાદ અયોગ્ય છે.

**અજ્ઞાનવાદ**–તેમના મતાનુસાર સર્વ અનર્થોનું મૂળ જ્ઞાન છે. જ્ઞાન હોય, તો વાદ–વિવાદ, કલહ, સંઘર્ષ, અહંકાર, કષાયોની વૃદ્ધિ થાય છે. જ્ઞાન જ ન હોય તો વાદ–વિવાદથી દૂર રહી શકાય છે. જ્ઞાન હોવા છતાં અપરાધ કરે, તો તેનો દંડ વિશેષ થાય છે. અજાણતાં અપરાધ થાય, તો દંડ ઓછો મળે છે.

આ જગતમાં ભિન્ન–ભિન્ન દાર્શનિકો પોતાના મતની પૃષ્ટિ માટે વિવિધ તર્ક–વિતર્કો અને યુક્તિઓ પ્રગટ કરે છે પરસ્પર એક બીજાનું ખંડન–મંડન કરે છે. તેમાં સત્ય શું છે તે જાણી શકાતું નથી, તેથી અજ્ઞાન જ સર્વશ્રેષ્ઠ છે.

જેમ ઔષધિના જ્ઞાન વિના પણ ઔષધ સેવનથી વ્યક્તિ નિરોગી થાય છે. નિરોગી થવા માટે ઔષધના જ્ઞાનની જરૂર નથી. તેમજ કર્મથી મુક્ત થવા માટે જ્ઞાનની જરૂર નથી. અજ્ઞાનવાદીના ૬૭ ભેદ છે. જેમ કે– જીવાદિ નવ તત્ત્વ છે અને સ્વાદવાદ–અનેકાંતવાદની સપ્તભંગી છે, તેને ગુણતાં ૭ X ૯ = ૬૩ ભેદ થાય છે અને ઉત્પત્તિના સદ્, અસદ્, અવક્તવ્ય તથા સદ્ અસદ્ અવક્તવ્ય આ ચાર ભંગ મળતાં ૬૭ ભેદ થાય છે.

બીજી અપેક્ષાએ નવ તત્ત્વના સાત–સાત ભંગ થતાં ૯ X ૭ = ૬૩ ભંગ છે અને (૧) સાંખ્યમત (૨) શૈવમત (૩) વેદાંતવાદ અને (૪) વૈષ્ણવમત, આ ચારે મત ભક્તિપ્રધાન છે. તેમાં પણ જ્ઞાન–ક્રિયાની વિશેષ અપેક્ષા નથી, તેથી તેની ગણના અજ્ઞાનવાદમાં થાય છે. જેથી ૬૩ + ૪ = ૬૭ ભેદ થાય છે.

અજ્ઞાનવાદીની માન્યતા ન્યાયોચિત નથી, કારણ કે અજ્ઞાનવાદનું પ્રવર્તન કરવા માટે પણ જ્ઞાનની જ જરૂર પડે છે. આ રીતે અજ્ઞાનવાદ સ્વવચનથી જ બાધક બને છે.

જ્ઞાનથી વાદ–વિવાદ આદિ થાય તેમ પણ એકાંતે નથી. કદાચ પોપટીયા જ્ઞાનથી વાદ–વિવાદ થાય, પરંતુ સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન આત્માને ક્રમશઃ સમ્યક્ ચારિત્રમાં, સમભાવમાં સ્થાપિત કરે છે. અજ્ઞાની બાળક અગ્નિનો સ્પર્શ કરે, તો પણ તે દાઝે જ છે. અજ્ઞાની પુરુષ હિંસાદિ પાપકર્મનું સેવન કરે, તો તેને પણ કર્મનો બંધ થાય જ છે અને અજ્ઞાનજન્ય કર્મોનું ફળ અજ્ઞાનીને ભોગવવું જ પડે છે તેથી અજ્ઞાન શ્રેષ્ઠ છે, તેમ નથી.

અજ્ઞાની વ્યક્તિ જીવ–અજીવને કે પુણ્ય–પાપને, ધર્મ–કર્મને જાણતા ન હોવાથી કલ્યાણકારી માર્ગનો સ્વીકાર કરી શકતા નથી. મોક્ષ માર્ગની સાધના માટે જ્ઞાન આંખ સમાન છે. જ્ઞાની વ્યક્તિ જ ચારિત્ર માર્ગનો સ્વીકાર કરીને કર્મક્ષયની સાધના કરીને મુક્ત થઈ શકે છે.

**વિનયવાદ :–** માત્ર વિનયને જ કલ્યાણનો માર્ગ માનનારા. તેમના મતાનુસાર સમસ્ત ગુણોમાં વિનય સર્વ શ્રેષ્ઠ ગુણ છે. વિનયનું આચરણ કરનાર વ્યક્તિ ક્રમશઃ સર્વ ગુણોને પામે છે, તેથી સર્વનો વિનય કરવો, જે સામે હોય તેને નમસ્કાર કરવા, તે જ સાધના છે, સામી વ્યક્તિ ગમે તેવી હોય, ઉચ્ચ કક્ષાની હોય કે નિમ્મતમ કક્ષાની હોય, ધર્મની આરાધના કરે કે ન કરે પરંતુ તેને જોયા કે જાણ્યા વિના આપણે સર્વને એક સમાન માનીને નમસ્કાર કરવા તે જ સર્વ શ્રેષ્ઠ છે. તેના ૩૨ ભેદ છે–

(૧) રાજાનો (૨) જ્ઞાની પુરુષનો (૩) વૃદ્ધનો (૪) માતાનો (૫) પિતાનો (૬) ગુરુનો (૭) ધર્મનો અને (૮) સૂર્યનો; આ આઠનો મન, વચન અને કાયાથી વિનય કરવો અને બહુમાનપૂર્વક તેની ભક્તિ કરવી. આ રીતે ૮ X ૪ = ૩૨ ભેદ થાય છે.

ઉપરોક્ત એકાંતિક કથન મિથ્યા છે. વિનય ધર્મનું મૂળ છે. તેમ છતાં વિનય સાથે વિવેક હોવો જરૂરી છે. વિવેકપૂર્વક વિનયગુણની આરાધના કરનાર ક્રમશઃ અન્ય ગુણોને પામે છે. ખરેખર વ્યક્તિની કક્ષા પ્રમાણે વિનય થાય, તે જ શ્રેષ્ઠ છે.

આ રીતે ક્રિયાવાદીના ૧૮૦ ભેદ + અક્રિયાવાદના ૮૪ ભેદ, અજ્ઞાનવાદના ૬૭ ભેદ + વિનયવાદના ૩૨ ભેદ, સર્વ મળીને પાસંડીઓના ૩૬૩ ભેદ થાય છે.

આ સર્વ મતવાદીઓ પોત–પોતાની માન્યતાઓ એકાંતે રજુ કરે છે, એકાંતે તે–તે માન્યતાને સ્વીકારીને તે પ્રમાણે આચરણ કરતા હોવાથી તે સર્વ કાર્યની સિદ્ધિ કે સર્વ કર્મોથી મુક્તિ રૂપ ફળને પ્રાપ્ત કરી શકતા નથી.

જ્યારે વ્યક્તિ કોઈપણ પદાર્થને અનેક દષ્ટિકોણથી જાણે, ત્યારે જ તેનું યથાર્થ દર્શન થાય છે. જૈન દર્શન વીતરાગી અને સર્વજ્ઞ દ્વારા કથિત અનેકાંતિક દષ્ટિકોણને સ્વીકારનારું હોવાથી પૂર્ણ છે અને આત્મશુદ્ધિનો શ્રેષ્ઠતમ માર્ગ છે.

❖❖❖❖❖

પરિશિષ્ટ–૩

# પાંચ સમવાય : અનેકાંત દષ્ટિ

સમવાય એટલે સુમેળ. પાંચ કારણોના સુમેળને પાંચ સમવાય કહે છે. તે આ પ્રમાણે છે – (૧) કાલ (૨) સ્વભાવ (૩) નિયતિ (૪) પૂર્વકૃત કર્મ (૫) પુરુષાર્થ. જૈન દર્શનાનુસાર કોઈ પણ કાર્યની નિષ્પત્તિ પ્રત્યક્ષ દેખાતા એક કારણથી થતી નથી. કાર્ય નિષ્પત્તિમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રહેલા પાંચે સમવાય સહાયક બને છે. તે પાંચે સમવાયનો સમન્વય થાય, ત્યારે કાર્ય સંપન્ન થાય છે. જેમ હાથના પંજાની પાંચે આંગળીઓ સાથે મળીને પોતાનું કાર્ય કરે છે. તેમાં ક્યારેક અંગુઠાની, તો ક્યારેક અનામિકા કે મધ્યમા આંગળીની પ્રધાનતા પ્રતીત થાય છે, તેમ છતાં મુખ્ય કે ગૌણપણે તેમાં પાંચે આંગળીઓનો સહયોગ હોય છે. તે જ રીતે કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને વર્તમાનનો પુરુષાર્થ, આ પાંચે સમવાયના સમન્વયથી કાર્યસિદ્ધિ થાય છે. ક્યારેક કાલ–સ્વભાવ આદિ એકાદ કારણથી પ્રધાનતા કે એકાદ કારણની ગૌણતા પ્રતીત થાય, પરંતુ પ્રગટ કે અપ્રગટપણે તેમાં પાંચે સમવાય કાર્યશીલ હોય છે.

**કાલ–** કાલ દ્રવ્ય સર્વ પ્રદાર્થો પર વર્તી રહ્યું છે. પદાર્થની પરિણતિમાં તે નિમિત્ત છે. જેમ અવસર્પિણી કાલમાં પદાર્થના વર્ણાદિનો ક્રમશઃ હ્રાસ થાય અને ઉત્સર્પિણી કાલમાં ક્રમશઃ વૃદ્ધિ થાય છે. કાલ પ્રમાણે ઋતુમાં પરિવર્તન થાય છે. આંબાની ગોઠલી વાવ્યા પછી આમ્રવૃક્ષ ફલિત થાય અર્થાત્ આંબામાં કેરી આવે ત્યારે કાર્યસિદ્ધ થયું કહેવાય છે. છ–સાત વર્ષનો કાલ વ્યતીત થાય, ત્યાર પછી તે વૃક્ષ ફલિત થાય છે. ખેડૂત ગમે તેવું ખાતર નાંખે, પાણીનું સિંચન કરે, રાત–દિવસ પુરુષાર્થ કરે તેમ છતાં આજે વાવેલી ગોઠલી આજે ફલિત થતી નથી. તે તેના કાલ પ્રમાણે ક્રમશઃ પાકે છે. આ રીતે વસ્તુની પરિણતિમાં કાલ સહાયભૂત છે. બાળકના ચાલવાનો, બોલવાનો, ભણવાનો પ્રારંભ યથાકાળે થાય છે. આ રીતે કેટલાક કાર્યોમાં કાલની પ્રધાનતા હોય છે.

**સ્વભાવ–** વસ્તુની તથાપ્રકારની યોગ્યતાને સ્વભાવ કહે છે. પ્રત્યેક કાર્ય જીવ અને પુદ્ગલના સ્વભાવ પ્રમાણે થાય છે. જેમ ગાય અને બળદને એક સમાન ખાદ્ય પદાર્થો ખવડાવવા છતાં ગાયને દૂધ રૂપે પરિણત થાય છે, બળદને થતું નથી. લીંબોળીમાં લીંબડારૂપે પરિણત થવાનો સ્વભાવ છે. આંબાની ગોઠલીમાંથી આંબાનું ઝાડ થાય છે. આંબાની ગોઠલીને અન્ય સમવાયનો સંયોગ થાય, ત્યારે તે પોતાના સ્વભાવ પ્રમાણે વિકસિત થાય છે. સ્વભાવમાં કોઈ પણ પ્રકારે પરિવર્તન થતું નથી. પ્રત્યેક પદાર્થો પોત–પોતાના સ્વભાવને આધીન છે. આ રીતે કેટલાક પદાર્થોના પરિણામનમાં સ્વભાવની મુખ્યતા સ્પષ્ટ જણાય છે.

**નિયતિ–** નિયતિ એટલે ભવિતવ્યતા. પદાર્થોમાં વિવિધ પ્રકારની પરિણતિની ચોક્કસ પ્રકારની નિશ્ચિતતા હોય છે, તેને નિયતિ કે ભવિતવ્યતા કહે છે. નિયતિ પહેલેથી જ નિયત હોય છે. જીવના પુરુષાર્થથી તેમાં ફેરફાર થતો નથી. જે હોનહાર છે તે થઈને જ રહે છે. આંબાની ગોઠલીમાં આમ્રવૃક્ષ રૂપે પરિણત થવાની

ભવિતવ્યતા હોય, તો જ તે વૃક્ષપણે પરિણત થાય છે. ઘણીવાર બે ગોઠલીનું એક સાથે વાવેતર થાય, સમાન રીતે તેનું ખાતર, પાણી વગેરેથી પોષણ થાય, તેમ છતાં બંને ગોઠલી સમાન રૂપે વિકસિત થતી નથી. બંને વૃક્ષો પર સમાન ફળ આવતા નથી. જે ગોઠલીની જેવી ભવિતવ્યતા હોય, તે જ પ્રમાણે તેની વૃદ્ધિ થાય છે. આ રીતે પ્રત્યેક પદાર્થની પરિણતિ તેની નિયતિ કે ભવિતવ્યતાને આધીન હોય છે. જગત્સ્વભાવની કેટલીક પ્રવૃત્તિઓ નિયતિની પ્રધાનતાએ નિષ્પન્ન થાય છે. તેમાં પણ વરસાદ, સુકાળ, દુષ્કાળ, ભૂકંપ વગેરે પ્રાકૃતિક પરિવર્તનમાં નિયતિની પ્રધાનતા દેખાય છે.

**પૂર્વકૃત કર્મ–** પૂર્વ ભવોમાં કે વર્તમાન ક્ષણની પૂર્વે જીવે બાંધેલા કર્મો પૂર્વકૃત કર્મ કહેવાય છે. જીવ દ્વારા કરાયેલા કર્મો સત્તામાં હોય છે અને તે–તે કર્મોના ઉદય પ્રમાણે તેની પર્યાયોમાં–અવસ્થામાં પરિવર્તન થયા કરે છે. આંબાની ગોઠલી સજીવ છે. તે જીવ આઠ કર્મયુક્ત છે. તેના ગતિ–જાતિ આદિ નામ–ગોત્ર કર્મ પ્રમાણે તે ગોઠલીનું પરિણમન થાય, તે ગોઠલી પ્રત્યેક વનસ્પતિ નામ કર્મના ઉદયે વૃક્ષરૂપે પરિણત થાય, તેના નામકર્મ પ્રમાણે તે ફળના વર્ણાદિ પ્રાપ્ત થાય છે. તેના આયુષ્યકર્મની સ્થિતિ પ્રમાણે તેની સ્થિતિ રહે છે. તેની સ્થિતિ પૂર્ણ થતાં તે જીવ ત્યાંથી અન્યત્ર ચાલ્યો જાય છે.

આ રીતે પ્રત્યેક જીવ પોત–પોતાના કર્મને આધીન છે. પોતાના કર્મ પ્રમાણે જ તેને પોતાનું શરીર, બાહ્ય સંયોગો, અનુકૂળતા, પ્રતિકૂળતા, શાતા–અશાતા આદિ પ્રાપ્ત થાય છે. એક જ આમ્રવૃક્ષના ફળાદિમાં વર્ણાદિની ભિન્નતા દેખાય છે, તે પણ તે–તે જીવના કર્માધીન છે. કર્મના સિદ્ધાંત અનુસાર જીવ પોતાના પુરુષાર્થથી પૂર્વકૃત કર્મોમાં ઉદ્વર્તન–અપવર્તન, સંક્રમણ આદિ ફેરફાર કરી શકે છે. તેમ છતાં જીવોની પર્યાયો અને અવસ્થાઓમાં કર્મોનું પ્રભુત્વ હોય છે.

**પુરુષાર્થ–** કાર્યસિદ્ધિ માટે થતો શ્રમ, મહેનત કે પ્રયત્નને પુરુષાર્થ કહે છે. સંસારના પ્રત્યેક વ્યવહારો પુરુષાર્થથી સિદ્ધ થતાં જોઈ શકાય છે. કાલ, સ્વભાવ, નિયતિ કે પૂર્વકૃત કર્મનો સુયોગ થવા છતાં જીવ વર્તમાનમાં યોગ્ય પુરુષાર્થ ન કરે, તો પૂર્વોક્ત ચારે સમવાય સફળતા પ્રાપ્ત કરાવી શકતા નથી. ગોઠલીમાં વૃક્ષ થવાની યોગ્યતા છે, ખેડૂત ખાતર, પાણી વગેરે નાંખે છે, ગોઠલીનો જીવ આત્મ પુરુષાર્થથી પોતાને યોગ્ય આહારના પુદ્ગલોને ખેંચી તેને પોતાના પુરુષાર્થથી શરીર રૂપે પરિણત કરે, ત્યારે તેનો ક્રમશઃ વિકાસ થાય છે. જો ગોઠલીનો જીવ તથા પ્રકારનો પુરુષાર્થ ન કરે, તો તેનો વિકાસ થતો નથી.

આ રીતે ગોઠલી તેના સમયે, સ્વભાવ અનુસાર, તેની નિયતિ કે ભવિતવ્યતા પ્રમાણે, પૂર્વકૃત કર્મોના યોગે અને વર્તમાનના વિવિધ પુરુષાર્થના સંયોગે આમ્રવૃક્ષ રૂપે પરિણત થઈને ફલિત થાય છે. આ રીતે કાર્યસિદ્ધિમાં કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ, આ પાંચ સમવાયમાંથી એક પણ સમવાયનો નિષેધ કે ઉપેક્ષા કરી શકાય તેમ નથી અને એક પણ સમવાયનો એકાંતે સ્વીકાર કરી શકાય તેમ નથી. ક્યારેક કોઈ એકની પ્રધાનતા અને અન્યની ગૌણતા સંભવે છે, પરંતુ પાંચ સમવાય પ્રધાન અને ગૌણ ભાવે કારણરૂપ બને છે.

એક સાધક સર્વ કર્મક્ષય કરી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે, તેમાં પાંચ સમવાય કઈ રીતે કાર્યશીલ બને છે તે જોઈએ....

જીવની **કાલલબ્ધિનો** પરિપાક થાય ત્યારે તે અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળે છે. તે જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા રૂપ ભવીપણાનો **સ્વભાવ** હોય, તો તે રત્નત્રયીની આરાધના કે આત્મસાધના કરે છે. મોક્ષમાં જવાની યોગ્યતા હોવા છતાં દરેક ભવી જીવો મોક્ષે જતાં નથી. જેની ભવિતવ્યતા **નિયતિ** હોય અર્થાત્ જે જીવમાં મોક્ષ પ્રાપ્તિની નિયતિ હોય, તે જીવ તથાપ્રકારના કાલ, સ્વભાવ આદિના સંયોગે પુરુષાર્થ કરે છે. અન્ય જીવો તથાપ્રકારનો પુરુષાર્થ કરી શકતા નથી અને કદાચ કરે તો સફળ થતાં નથી.

જે જીવની **કાલલબ્ધિ**, **સ્વભાવ** અને **નિયતિ** મોક્ષ ગમનને યોગ્ય હોય, તે જીવ **પૂર્વકર્મના ઉદયે** સાધનાને યોગ્ય સાધનો પ્રાપ્ત કરે છે. સાધનાને યોગ્ય સાધનો પામીને પણ સાધક વર્તમાનમાં સમ્યક્ **પુરુષાર્થ** કરે, ત્યારે તે યથાક્રમે સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષ ગતિને પ્રાપ્ત કરે છે. જો પુરુષાર્થ ન કરે, તો પૂર્વના ચાર સમવાય સફળ થતાં નથી. આ રીતે કોઈપણ કાર્ય પાંચે સમવાયના સમન્વયથી થતાં રહે છે. છદ્મસ્થોની દૃષ્ટિમાં કે અનુભવમાં ક્યારેક પાંચે સમવાય નજરે પડે અને ક્યારેક એક–બે સમવાય જ કાર્ય સિદ્ધિમાં નજરે પડે છે, પરંતુ વાસ્તવમાં પાંચે સમવાય કાર્યશીલ હોય છે.

જીવ વર્તમાને વિવિધ પ્રકારની પ્રવૃત્તિરૂપ પુરુષાર્થ કરે છે. તેમાં તેની વૃત્તિ અને પ્રવૃત્તિ અનુસાર તેને નવા કર્મોનો બંધ થાય છે. તે કર્મોનો ઉદય થતાં તેનું શુભાશુભ ફળ જીવને ભોગવવું પડે છે. તે કર્મફળ ભોગવતા જીવ પુનઃ કર્મબંધ કરે છે...

આ રીતે કર્મનો બંધ, ઉદય, પુનઃ બંધ, ઉદય આ ચક્ર ચાલ્યા કરે છે. તેથી પાંચ સમવાયમાંથી પૂર્વકૃત કર્મો અને વર્તમાન પુરુષાર્થની મુખ્યતા પ્રાયઃ પ્રતીત થાય, પરંતુ પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ સાથે કાલ, સ્વભાવ અને નિયતિ પણ કામ કરે છે. કાલ, સ્વભાવ અને નિયતિને આધીન થઈને જીવનો અંતર્મુખી સમ્યક્ પુરુષાર્થ બલવત્તર બને, ત્યારે જીવ કર્મબંધ–ઉદયના ચક્રને તોડીને સર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

સંક્ષેપમાં પ્રગટપણે કે અપ્રગટપણે, મુખ્યપણે કે ગૌણપણે પાંચે સમવાય સામૂહિક રૂપે કાર્યની સફળતામાં સહાયક બને છે. પ્રત્યેક કાર્યમાં પાંચે સમવાયનું યોગદાન હોય છે. એક સમવાયનો આગ્રહ અને અન્ય સમવાયનો તિરસ્કાર કરવો યોગ્ય નથી. એક સમવાયનો સ્વીકાર અને અન્યનો અસ્વીકાર કરવો, તે મિથ્યાદર્શન છે. અનેકાંત દૃષ્ટિકોણથી પાંચે સમવાયનો સ્વીકાર કરવો, તે સમ્યગ્દર્શન છે.

એકાંતે કાલ, સ્વભાવ કે નિયતિને જ મહત્તા આપવાથી જીવનો પુરુષાર્થ મંદ થઈ જાય છે, તેનાથી જીવ નિરુદ્યમી કે આળસુ બની જાય છે અને એકાંતે પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થને જ સ્વીકારવાથી ક્યારેક પરિણામોમાં કર્મફળમાં વિચિત્રતા જોઈને શ્રદ્ધા ચલિત થઈ જાય, તેના અંતરમાં રાગ–દ્વેષ આદિ વિષમભાવ પ્રગટ થાય છે. તેથી સમભાવની સાધના માટે નિયતિ, કાલ, સ્વભાવને તથા જીવન વ્યવહારની સફળતા માટે કર્મ અને પુરુષાર્થને, એમ સર્વ મળી પાંચે સમવાયનો સ્વીકાર કરવો, તે જ મોક્ષ સાધનામાં પૂર્ણતયા હિતાવહ છે.

**–મુકુંદભાઈ પારેખ (ગોંડલ)**

❖❖❖❖❖

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડૉ. ભારતીબેન – ડૉ. રશ્મિકાંત કાંતીલાલ શાહ U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડૉ. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.

www.parasdham.org
www.jainaagam.org